॥ ॐ श्रीं ॥

સૂતસંહિતા.

પ્રથમ પુસ્તક.

પ્રયોજક.

દુર્ગેશ્વર નટવરજી—ત્રિવેદી બી. એ.

હજુર ડેપ્યુટી કલેક્ટર સુરત.

પ્રસિદ્ધ કર્તા

સત્યેશ્વર પ્રભુશંકરની કંપનીના મેનેજર

પ્રભુશંકર નરભેરામ વ્યાસ

ચંદ્ર પ્રકાશ ઓફીસ ખપાટીયા ચકલા-સુરત.

મૂલ્ય રૂા. બે.

શા. ખુ. અ. ના ધી સુરત જૈન એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે મુદ્રણ કર્યું. ઠે ખપાટીઆ ચકલા—સુરત.

A

ग्रंथार्पण.

परमप्रिय दैवीसंपद्विभूषित श्रीमान्

श्रीभगवद्‌गीतामां कह्युं छे के, आपणा सर्वना हृदयमां ईश्वरतत्व विराजी रहेलुं छे. तेओश्री जीवनतत्वना स्वरूपे मायावडे उत्तरोत्तर क्रममां आपणने सर्वने पोतपोताना अधिकारानुसार विकास क्रममां योजवारूप अनुग्रह करी रह्या छे. अने दुःखनी आत्यंतिकी निवृत्ति अने निरतिशय सुखनी प्राप्तिना मार्गप्रति वहन करावी रह्या छे आ कार्यनी सिद्धि अर्थे सजातीयत्वना कारणथी निमित्तरूप बनवानुं कोइ कोइ महात्माओने बने छे तेवा स्वरूपे ईश्वरथी अभिन्न आप छो ए प्रमाणे आ अंतःकरणमां एज ईश्वर तत्व आघोष करी रह्युं अनुभवाय छे. आ पुस्तकमां एज परमप्राप्तव्यनी सिद्धिना उपायोमां आपणा अधिकारी बंधु जनोने सुखपूर्वक प्रयाण करवानुं सरळतार्थी बनी आवे तेवुं थवाना पुण्य निमित्तरूप आपनाप्रति एज परमतत्वनी प्रेरणाथी आ ग्रंथ आपना हृदयमंदिरमां परम प्रेमपूर्वक समर्पाय छे. परमात्मा आपना द्वारा ए परमप्रयोजनने सिद्ध करो ए संकल्पपूर्वक विरमाय छे.

॥ ॐ શ્રી ॥

પ્રકાશન.

પરમાત્મસ્વરૂપ શ્રીહરિભગવાનની આનંદપ્રદ આજ્ઞાથી શ્રીઆનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલીમાં છપાઈને પ્રસિદ્ધ થએલાં '**સૂતસંહિતા**'નાં ત્રણ વૉલ્યુમ વાંચીને મનન કરવાનો સુયોગ મને આશરે દશેક વર્ષ ઉપર મળ્યો હતો. એ ગ્રંથની અપૂર્વ સંકલનાથી મારા અંતઃકરણને કાંઈક વિલક્ષણ તૃપ્તિનું ભાન થતું ગયું. તેથી અસલ ગ્રંથ અવલોકવા માટે હાલના અત્યંત પ્રવૃત્તિશીલ સમયમાં જેમને યોગ સંસ્કૃત ભાષાના જ્ઞાનની ખામી વીગેરેને લીધે ન આવે તેવા મિત્રોને માટે આ પણ ગુજરાતી ભાષામાં મારી સમજ પ્રમાણે મેં નોટ કરી હતી. મારા કેટલાક મિત્રોના વાંચવામાં એ નોટ આવતાં તેમણે એ નોટને હાલ પ્રસિદ્ધ થાય છે તે સ્વરૂપમાં લખાવીને બહાર પાડવા આગ્રહ કર્યો હતો પણ નોકરી વગેરે અનેક પ્રકારની ઉપાધિથી તેમની ઇચ્છાનુસાર કરવાનું બની શકયું નહોતું. એટલામાં દૈવકૃપાથી મારો પુત્ર રા. સત્યેશ્વર યુનિવર્સીટીની પરિક્ષામાં નપાસ થવાથી ખેદમાં પડયો. તે સમયે તેણે આ ગ્રંથની નોટો વાંચવા માંડી અને સત્વર ખેદ મુક્ત થઈ ગયો. તે પછી મેં આ ગ્રંથ પુસ્તકના રૂપમાં તેને તે સમયે તે નોટમાંથી તેની ઇચ્છા થવાથી હાલમાં છે તે સ્વરૂપે વિસ્તારથી લખાવ્યો હતો. તેને આજે રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ અને સત્યેશ્વરે મળીને છપાવીને પ્રસિદ્ધ કરવાની યોજનાને સિદ્ધ કરી છે.

આ ગ્રંથમાં ગ્રંથાવતાર નામક જે પ્રથમ અધ્યાય છે તેની સંકલના એવા પ્રકારથી કરાઈ છે કે સ્વતંત્રરૂપે ભિન્ન પ્રસ્તાવનાની જરૂર રહેતી નથી. પરંતુ મારા વડીલ મિત્ર સુપ્રસિદ્ધ વિદ્વદ્વર્ય રા. રા. મધુવચરામ બળવચરામ વહોરા જેઓશ્રી બ્રીટીશ રાજ્યના ન્યાયખાતામાં ઉચ્ચ ઓદ્ધો ભોગવી હાલ પેનશન ઉપર નિવૃત્ત થઈ પોતાનું તન મન અને ધન પરમાર્થપ્રતિ અપૂર્વ વેગથી લોકહિતાર્થે વાળી રહ્યા છે તેમણે આ ગ્રંથ પ્રસિદ્ધ થતાં પહેલાં અવલોકી પ્રસ્તાવના લખવા કૃપા કરી છે. તે મને ખાસ ઉપયોગની જણાયાથી ભિન્ન પ્રસ્તાવના લખવાનો મ્હારો વિચાર નહોતો છતાં આ નીચે આપવી યોગ્ય ધારી છે. તેની સાથેજ મારા અત્યંત પ્રિય યુવકમિત્ર

રા. રા. મંજુલાલ જમનારામ દવે એમ. એ. એમણે પણ આ ગ્રંથ પ્રતિ પોતાનો ઉત્સાહ જણાવીને પ્રસ્તાવનારૂપે લખી મોકલ્યું છે. એમણે લીધેલો શ્રમ જનસમૂહમાં એટલોજ ઉપયોગી થઈ પડશે એમ લાગવાથી તેને પણ એ નીચે મૂક્યો છે. જ્યાં એક પણ પ્રસ્તાવના લખવાનો વિચાર નહોતો ત્યાં અદૃષ્ટ સત્તાથી મારા વાચક બંધુઓને માટે સાચા વિદ્વાન બે વૃદ્ધયુવા મિત્રો તરફથી બે પ્રસ્તાવનારૂપે બે દીપકો ગ્રંથ સમીપ ધરવામાં આવે છે તો સહજ વૃત્તિને ખાસ આનંદ થાય છે કે આ ગ્રંથને જે જે ભાગ્યશાળી બંધુઓ ઉપાસશે તેમને એજ પ્રમાણે અનાયાસેજ અદૃષ્ટ સત્તા પરમહિતની સિદ્ધિ સત્વર કરી આપશેજ.

વિશેષ અનુકૂળતા મળ્યેથી આ પુણ્ય સૂતસંહિતાનો છેલ્લો **યજ્ઞવૈભવ ખંડ,** હવે પછી બહાર પડશે.

વ્યવહારપ્રવૃત્તિને લઈ અવકાશના અભાવે આ ગ્રંથના પ્રુફ બરાબર ધ્યાન આપી જોવા વખત મળ્યો નથી તેથી મુદ્રણાલયની કેટલીક ભુલો રહી જવા પામી છે. સદ્વિવેકી વાંચકો તે સુધારીને વાંચવા કૃપા કરશે એવી આશા છે.

સુરત તા. ૧-૬-૧૬.
ગુરૂવાર.
જેઠ શુકલ-૧ ૧૯૭૨.

દુર્ગેશ્વર નટવરજી ત્રિવેદી.
બી. એ.

પ્રસ્તાવના.

જનમંડળની સમક્ષ શ્રીસૂતસંહિતા નામનો આ ગ્રંથ જે મુકવામાં આવે છે તે શ્રીમદ્ સ્કંદ પુરાણનો એક અતિ અગત્યનો ભાગ છે. સર્વ પુરાણોમાં એ ઘણું મોટું અને સર્વ માન્ય ગણાય છે. તત્પુરૂષ કલ્પમાં જે જે અગત્યના પ્રસંગો થઈ ગયલા તે તે પ્રસંગોની કથા મહેશ્વરના પુત્ર શ્રી સ્કંદજીએ એટલે શ્રી કાર્તિકસ્વામીએ કથન કરેલી તેનો સંગ્રહ શ્રીમદ્ સ્કંદ પુરાણ છે. તેમાં **સુત સંહિતા, સનત્કુમાર સંહિતા, સૌર સંહિતા, કપિલ સંહિતા,** આદિ સંહિતાઓ સમાયલી છે. એ સર્વ સંહિતામાં ધર્મ, નીતિનો ઉત્તમ પ્રકારનો કલ્યાણકારી ઉપદેશ જોવામાં આવે છે. સ્કંદ પુરાણમાં પાછળથી ઘણો નવીન ઉમેરો થયો છે એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. પરંતુ ઉપર કહેલી સંહિતાઓને માટે પ્રખ્યાત પંડિત કર્નલવાન્સ કેનેડી કહે છે કે તે શુદ્ધ, ને અમિશ્રિત છે. સૂતસંહિતાનો પ્રથમ અધ્યાય કેવળ સંહિતાના સારરૂપ છે અને તેથી એમાં કિયા કિયા વિષયો સમાયલા છે તેનું દિગ્દર્શન આ સ્થળે ઘટીત નથી.

પુરાણોની રચના ક્યારે થઈ તે પ્રશ્નનો સંતોષકારક નિર્ણય સાંપ્રત સમયના પશ્ચિમ પ્રદેશના વિદ્વાનો અને તેઓને અનુસરનારા આપણા આ દેશના વિદ્વાનો આજ સુધી કરી શક્યા નથી. ઈ. સ. ની પહેલાં ચોથા સતક પછી તે લખાયલાં છે એમ સામાન્ય માન્યતા છે. શાંખાયન સૂત્રમાં અશ્વમેધના સંબંધમાં કથન કરેલું છે કે નવમે દિવસે તાર્ક્ષ્ય વૈપાશ્યત અથવા વૈપશ્ચિતથી આરંભ થતી કથા કહેવામાં આવે છે અને કથા કર્તા કહે છે કે આ પુરાણ તે વેદ છે. તૈત્તિર્ય આરણ્યકમાં (૨-૯) ब्राह्मणा = नीतीहासान्पुराणानि कल्पान् गाथा नाराशंसी અથર્વ સંહિતામાં इतिहासश्च पुराणं च गाथाश्च नारशंसाश्च (૧-૧૬) સતપથ બ્રાહ્મણમાં અને અન્ય ગ્રંથમાં એજ પ્રમાણેનાં વચનો જોવામાં આવે છે અને તેથી પુરાણો જુનાં નહિં પણ નવીન ગ્રંથો છે એમ માનવું કઠિન લાગે છે પુરાણ શબ્દનો અર્થ "જૂનું" છે. ત્યારે પુરાણ તે શું. સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ પ્રણવથી એટલે ઓંકારથી છે. એજ પ્રણવથી મહાવાક્ય અને ગાયત્રી છે, અને એ મહાવાક્ય, અને ગાયત્રીથી વેદ છે. વેદના અધિકારી સર્વ મનુષ્યો હોતા

નથી. સર્વ મનુષ્યો જ્યારે અધિકારી નથી ત્યારે જેઓને અધિકાર નથી તેઓએ શું સદાય અજ્ઞાનમાં સડયાં કરવું? તેઓને એ અધિકારની પ્રાપ્તિ થાય તેને માટે કાંઈ પણ ઘટનાની આવશ્યક્તા હતી. લખચોરાશીમાં ક્યાંહી ક્યાંહી ભટકતાં જ્યારે સદ્‌ભાગ્યે મનુષ્યયોનિમાં જીવ આવે છે ત્યારે જીવનનો ખરો હેતુ પાર પાડવાનો પ્રથમ પ્રસંગ ઉદય થાય છે. મનની શક્તિ, મનના વિકાસનો આરંભ મનુષ્યયોનિમાંજ થાય છે. સંસારના સર્વ અનુભવો લઇને જીવે સાર વસ્તુ શોધી કહાડવાની છે. જ્યાં સુધી સંસારના સર્વ અનુભવો મળે નહિં ત્યાં સુધી તે સાર છે કે અસાર છે તે સંપૂર્ણ સમજી શકાતું નથી. એ અનુભવ લેવો એ પણ મનને એક પ્રકારની કેળવણી છે. જીવ માત્ર સુખને શોધે છે તો ખરૂં સુખ ક્યાં રહેલું છે તે જાણવું જોઇએ. સંસારમાં નાના પ્રકારના વિષયોમાં સુખનો આભાસ થાય છે ને તે આભાસથી છેતરાઇને જીવ તેની ભણી દોડે છે. આ પ્રમાણે પ્રથમ જે ગતિ થાય છે તે ગતિ જે માર્ગે થાય છે તે પ્રવૃત્તિ માર્ગ છે, એ માર્ગમાં અહંકાર, હુંપણું, સ્વાર્થની દિનપ્રતિદિન વૃદ્ધિ થઈ ખીલવણી થાય છે. બાહ્ય સૃષ્ટિમાંથી સઘળું પોતાને માટે ગ્રહણ કરવાનીજ તેમાં જીવને વૃત્તિ રહે છે. એ સર્વ ગ્રહણ કીધા છતાં જ્યારે સંતોષ થતો નથી, જ્યારે સાચું સુખ મળતું નથી, ત્યારે જીવ વિચારમાં પડે છે અને તેની દૃષ્ટિ અન્ય માર્ગે વળે છે. આ માર્ગ તે નિવૃત્તિ માર્ગ છે જેમાં સંગ્રહ કરેલી બહારની સર્વ વસ્તુઓ—વિનાશિ અને દુઃખદાઈ વસ્તુઓનો પરિત્યાગ થાય છે. કઠોપનિષદના બિજા વલ્લીમાં કહ્યું છે કે મનુષ્યની આગળ શ્રેય અને પ્રેય, બન્ને છે. શ્રેય એટલે કલ્યાણકરતા અને પ્રેય એટલે સ્વાદિષ્ટ. ધીર, વિવેકબુદ્ધિવાળા સ્વાદિષ્ટથી લોભાતા નથી કેમકે તેનો સ્વાદ મિથ્યા છે અને શ્રેયમાંજ સાચો મીઠો સ્વાદ રહેલો છે એમ સમજીને તેને તેઓ સ્વિકારે છે.

સાચું સુખ, સાચું તત્વ, બહાર શોધવાનું નથી, પણ તે પ્રત્યેક પ્રાણીના અંતરમાં પ્રકાશે છે. તેનો અનુભવ કેમ કરવો તે આત્મવિદ્યા અથવા ધર્મ શિખવે છે. સ્વરૂપનું જ્ઞાન એટલે હું તે કોણ એ જ્ઞાન તેજ આત્મજ્ઞાન છે અને એ આત્મજ્ઞાન થતાંજ પરમાત્માનું જ્ઞાન થાય છે.

એકમાંથીજ અનેકનું પ્રગટ થવું સૃષ્ટિનો નિયમ છે. એજ નિયમને અનુસરીને પૂર્વે એક વેદમાંથી ચાર વેદ થયા. વૃક્ષના એક થડમાંથી અનેક શાખા અને પત્રો પ્રગટ પડે છે. એજ પ્રમાણે આદિ અનાદિ ધર્મ પ્રથમતો એકજ હોય છે પણ કાળની ગતિ થતાં અનેક માર્ગો અને પંથો

વિસ્તાર પામે છે. વિશ્વનું કારણ, પરમેશ્વર તો એકજ છે. પૃથ્વી ઉપર જેટલા ધર્મો પ્રવર્તે છે તેમાંનો એક પણ ધર્મ એમ કહેતો નથી કે પર· મેશ્વર એક નથી પણ એકથી વિશેષ છે. તે છતાં સર્વમાં તેનાં નામ જુદાં છે. પરમાત્મા એકજ છે અને તે મન વાણી, અને બુદ્ધિથી પર છે. તેને નામ નથી, રૂપ નથી, રંગ નથી. ગુણ નથી, ભિન્ન ભિન્ન સ્વભાવના માણસો, પોતપોતાની ભિન્ન ભિન્ન રૂચિ પ્રમાણે ભિન્ન ભિન્ન સ્વરૂપે તેને કલ્પી લે છે, અને તે સ્વરૂપને ઓળખવા માટે તેની અમુક શક્તિનું પ્રાધાન્ય સ્વિકારી, અમુક નામથી તેને ભજે છે. શૈવો તેને શિવ, શંકર, મહાદેવ, મહેશ્વર કહે છે. વૈશ્નવો તેને વિશ્નુ, નારાયણ, કૃષ્ણ, રામ કહે છે. સર્વ સ્થળે જે વ્યાપી રહે છે તે વિષ્ણુ કહેવાય છે. ઇશ્વર રૂપે શિવને જે માને છે તેને આપણે પૂછી શું કે તમારા શિવજી સર્વ વ્યાપક છે કે નહિં? જો છે તો તે વિશ્નુ છે. તેમજ શંકર શબ્દ કલ્યાણ વાચક છે. કૃષ્ણ, રામ, એજે કલ્યાણ કર્તા છે તો તેઓ શંકર છે. આપણે જાણીએ છીએ કે પરમેશ્વર પુરૂષ પણ નથી અને સ્ત્રી પણ નથી. ઘણા મનુષ્યો તે છતાં તેને પુરૂષ રૂપે ભજે છે અને શક્તિના ઉપાસકો તેને શક્તિરૂપે ભજે છે. આવી રીતે વિચાર કરીને નામથી ઉત્પન્ન થતી ભેદ ભ્રમણાને દૂર કરીને સર્વ માર્ગ અને સર્વ પંથના અનુયાયીઓ આ અમુલ્ય પુસ્તકનો લાભ લેશે આવી આશા છે. આ ગ્રંથમાં આગળ કહ્યું છે તેમ વાંચનારે જ્યાં શિવનું નામ આવે ત્યાં પોતાના ઇષ્ટનું નામ વાંચી લેવું એટલુંજ કરવાનું છે. જુદાં જુદાં પુરાણોમાં જુદા જુદા દેવોનાં માહાત્મ્ય છે પણ તે સર્વ પુરાણોનો આધાર વેદ છે અને તેના કર્તા વ્યાસ ભગવાન છે એ લક્ષમાં રાખવાનું છે.

શ્રી વ્યાસભગવાન સાક્ષાત શ્રી નારાયણ ભગવાનનો અવતાર મનાય છે. માણસ માત્ર ઇશ્વિરના અંશ છે. તો કોઇમાં તે વિશેષ પ્રકાશે છે, અને કોઇમાં પ્રકાશ ઓછો હોય છે. વ્યાસ ભગવાનની કૃતિથી તે મોટા અંશિજન, મહાન્ પ્રકાશવાળા હતા એમતો સર્વ કોઇએ માન્ય કરવું પડશે. અવતારના વિષયમાં—વાદવિવાદના વિષયમાં અહિં ઉતરવાની જરૂર નથી. જગતના કલ્યાણને અર્થે ઇશ્વિર બે સ્વરૂપે દર્શણ દે છે, અને તેમાં બિજું સ્વરૂપ પરંમ ગુરૂ રૂપે છે. એ ગુરૂ મૂર્તિનું સ્થાન પવિત્ર બદ્રિકાશ્રમ છે. એજ એક મૂર્તિને કેટલાક નારાયણ ભગવાન, કેટલાક દક્ષિણામૂર્તિ, અને કેટલાક બિજે નામે સેવે છે અને સ્તવે છે. પૃથ્વી

ઉપર ચાલતા સર્વ ધર્મનું મૂળ કારણ તે છે. સર્વ ધર્મ પ્રવર્તકો તેમની આજ્ઞાથી આવે છે, અને પાત્રને ઘટતો ઉપદેશ આપે છે.

વ્યાસજી એક નહિં પણ અનેક થઈ ગયા છે. તેમની શક્તિ સાધારણ મનુષ્યનાં કરતાં ઘણી વિશેષ હતી, તેમનાં રચેલાં પુરાણોમાં ભવિષ્ય વાતોનું વર્ણન છે. ભવિષ્ય જ્ઞાનની શક્તિની માન્યતા જેને નથી તેઓ ભવિષ્ય કથન ઉપરથી એમ અનુમાન કરી લે છે કે તે બનાવો બની ગયા પછી એ પુસ્તકોની રચના થયલી હોવી જોઇયે. પશ્ચિમ પ્રદેશમાં જે મહાભારત રણસંગ્રામ હાલમાં મચી રહેલો છે તેના સંબંધમાં આગળ થઈ ગયલા ઘણા નામાંકિત પુરૂષોની ભવિષ્યવાણી પત્રોદ્વારાએ પ્રસિધ્ધ થયલી છે. તેમાંનાં કેટલાકની કથેલી વાર્તા આજ પર્યંત બનેલા બનાવોથી ખરી પડેલી છે—સાચી ઠરેલી છે. આ ઉપરથી હવે પછી થનારી પ્રજા જો એમ અનુમાન ઉપર આવે કે એ ભવિષ્ય ઉચ્ચરનારા આ મહાભારત યુધ્ધ થઈ રહ્યા પછી થયલા હોવા જોઇયે તો એ અનુમાનને આપણે સાચું સ્વિકારવું? સ્વપ્નમાં ઘણીવાર ભવિષ્યની વસ્તુસ્થિતિનાં દર્શન થાય છે અને તે ખરાં પડે છે. એ અવલોકન કિયાં નયનો કરે છે? આપણા ચર્મચક્ષુ તો નહિજ એ વાત નિશ્ચય છે. પશ્ચિમ પ્રદેશમાં વિદ્યાની વૃધ્ધિ ઘણી થઈ છે એમાં તો શક નથી પણ તે સર્વ વિદ્યા જડ અથવા સ્થુળ ભૂમિની છે. થોડો સમય થયાં સૂક્ષ્મ ભૂમિકાની સહજ ઝાંખી થવા માંડેલી છે, પરંતુ આપણા ભારત વર્ષના મહાન્ રૂપ મુનિઓને ઉપલી ભૂમિકાઓ અજાણી નહોતી. તેઓ પૂર્વે જે કંઈ કહી ગયાછે, તેમાંનું ઘણું જે ગપાષ્ટ ગણાતું હતું તે આજ પ્રત્યક્ષ અનુભવ સિધ્ધ અને સત્ય ઠરેલું આપણે જોઇએ છૈએ. પૃથ્વી ઉપરના સર્વે દેશોમાં એક પણ એવો દેશ નથી કે જે અધ્યાત્મિક વિદ્યામાં આપણા ભારતવર્ષની સાથે મુકાબલો કરી શકે. આ વાત સર્વ પ્રજા હવે સ્વિકારે છે. સૂક્ષ્મ દૃષ્ટિ, મનુષ્ય માત્રમાં ગુપ્ત શક્તિરૂપે રહેલી છે, અને ભવિષ્યમાં એક સમય એવો આવશે કે એ શક્તિનો થતો ઉપયોગ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થશે આવો સમય આવશે ત્યારેજ શ્રી વ્યાસભગવાનના સમયનો અને તેમની કૃતિનો ખરો નિર્ણય થશે.

સૃષ્ટિનો બિજો એક નિયમ સુજ્ઞ પુરૂષોએ અંતરમાં કોતરી રાખવાનો છે અને તે એ છે કે ઐતિહાસિક વસ્તુ સ્થિતિ અથવા પ્રસંગો અમુક અમુક કાળ ચક્રો ફરીફરીને આવતાં તેવાંને તેવાંજ અથવા તેને મળતાં સ્વરૂપે પુનઃ પુનઃ દૃષ્ટિગોચર થાય છે. અંગ્રેજીમાં કહેવત છે કે **His**

tory repeats itself એનો સાધારણ અર્થ જે મનાય છે તેનાં કરતાં વિશેષ મર્મ તેમાં રહેલો છે. પૂર્વના ઇતિહાસનું જેને સારૂં જ્ઞાન છે તે ભવિષ્યકથન કરવાને શક્તિમાન થઈ શકે છે. એકજ વ્યક્તિના વારંવાર અવતાર થાય તેનું કારણ શું? પૂર્વજન્મની સ્મૃતિ ધરાવનારા દૃષ્ટાંતો દિવસે દિવસે વધતાં જાય છે, અને તે ભણી વિદ્વાનોનું લક્ષ ખેંચાવવા માંડેલું છે. મહાપુરૂષો વારંવાર પૃથ્વી ઉપર જન્મ લે તો તેઓની સ્મૃતિમાં શું પૂર્વે થઈ ગયલી વસ્તુસ્થિતિ નહિં હોઈ શકે? સાધારણ જીવને જો એક ગતજન્મનું ભાન રહેલું આપણે જોઈએ છીએ તો મહાન્ પુરૂષોને અનેક ગતજન્મનું જ્ઞાન હોય એમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી. શ્રી વ્યાસ ભગવાનના સંબંધમાં આ સઘળા વિચારો નિરાંતે કરવાની આપણી ફરજ છે, તે પ્રમાણે કરીશું ત્યારેજ ખરૂં શું તે જાણવાને આપણે શક્તિમાન થઈશું.

સૃષ્ટિ રચના અને કથા વાર્તાની પુરાણોમાં વિશેષ સમજ આપવામાં આવેલી હોય છે. સામાન્ય જન મંડળને કોઈ પણ પ્રકારે જ્ઞાન મળે એજ પુરાણોના મુખ્ય હેતુ છે. તું પોતાને ઓળખ (know thy self) એજ ઉપદેશ જ્યાં ત્યાં જોવામાં આવે છે. મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमे वैष वृणुते तेन लभ्य स्तस्येष आत्मा विवृणुते तनु स्वाम्" (૩ મુંડક. ખંડ ૨ મંત્ર ૩) આ આત્મા પ્રવચન વડે લભ્ય નથી બુદ્ધિથી લભ્ય નથી, બહુ સાંભળ્યાથી લભ્ય નથી, અને ચોથા મંત્ર પ્રમાણે જે બળહીન છે, પ્રમાદી છે, સદ્‌ગુણ રહિત છે, તેને પણ પ્રાપ્ત થતો નથી. ત્યારે તે પ્રાપ્ત શાથી થાય છે.? એ પ્રશ્નનો ઉત્તર એજ ઉપનિષદમાં છે કે "सत्यैन लभ्य स्तपसा ह्येष आत्मा सम्य = ग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम्" આ સર્વ શિક્ષણ આત્મ વિદ્યાનું છે. વિદ્યામાં શ્રેષ્ટ વિદ્યા તે એ વિદ્યા છે, અને એજ વિદ્યાનું ઉચ્ચ શિક્ષણ આપનારૂં આ પુસ્તક છે. વિશ્વ વિખ્યાત ઉપનિષદો અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાંથી જે શિક્ષણ મળે છે તેજ શિક્ષણ અહિં આપણને પ્રાપ્ત થાય છે. કર્મ, ઉપાસના, જ્ઞાન, ભક્તિનાં સ્વરૂપ તેમજ વર્ણાશ્રમ આદિ ધર્મનાં લક્ષણો ઉત્તમ પ્રકારે આ સૂતસંહિતામાં આલેખ્યાં છે. જે જે નિયમો એમાં આપેલા છે તે તે સર્વ નિયમો અમુક માર્ગ અથવા પંથને માટે નથી પણ સમસ્ત જનમંડળને સ્વિકારવા યોગ્ય અને લાભકરી છે.

આવાં ધર્મનાં ઉપદેશક પુસ્તકોની સાંપ્રત સમયમાં કેટલી આવશ્યક્તા છે તે કહેવાની જરૂર નથી. મારા પરંમસ્નેહી રા. રા. દુર્ગેશ્વર નટવરજી ત્રિવેદીએ મહાન્ પરિશ્રમ કરીને પોતાના અમુલ્ય સમયનો, પોતાના તનનો, મનનો અને ધનનો ભોગ આપી સંસ્કૃત ભાષાથી અજ્ઞાન વર્ગના હિતાર્થે આ પુસ્તકને ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવાને જે પ્રયાસ કર્યો છે તે ખરેખર સ્તુતીપાત્ર છે. એમણે આપેલો ભોગ વ્યર્થ નહિં જશે એમ તો નિઃસંશય છે. પરંતુ આપણે આશા રાખીશું કે તેનો લાભ માત્ર થોડાજ નહિં પણ ઘણા મનુષ્યો લઇને પોતાનું જીવન સફળ કરશે. **અસ્તુ.**

સુરત વૈશાખ વદી ૪
રવિવાર સંવત ૧૯૭૨ } મધુરવચરામ બળવચરામ.



મુખબંધ.

કરકંકણને આદર્શની આવશ્યકતા હોય? તેમજ સૂતસંહિતા જેવા પુસ્તકના અનુવાદનેય પ્રસ્તાવના વા ઇતર લોકમાન્ય ઉલ્લેખની આવશ્યકતા નજ હોય! તો પણ શિષ્ટાચારને સન્માની જણાવવું યોગ્ય લાગે છે કે પ્રસ્તુત પુસ્તકના અનુવાદક શ્રીયુત્ દુર્ગેશ્વરભાઇના પોતાનાજ મનમાનતા જીવન્ત આદર્શો, આશયોને આદેશોનુંજ તેમાં યથેચ્છ નિરૂપણ થયેલ છે. કારણ અનુવાદ્ય પુસ્તક પ્રતિ જ્યાં સુધી અનુવાદકર્તાની ઐકાન્તિકભક્તિ જેવું ન હોય ત્યાં સુધી અનુવાદમાં ઉક્ત પુસ્તકના રસની, પ્રતિભાની, શૈલીની, અને વિચારપરંપરાની યથેચ્છ રમઝટ જામી શકતી નથી. અને આ પ્રકારની અનુવાદકની ભક્તિ સામાન્યતઃ તે પુસ્તકમાં વસેલ પોતાના ચિત્તનેયોગ્ય ભાવનાઓ અને રહસ્યોપરજ આધાર રાખે છે. પ્રસ્તુત અનુવાદમાં પણ તેવુંજ છે, એમ સર્વ કોઈ અનુવાદકના પરિચયમાં આવેલ વ્યક્તિ વિનાસંકોચે કબુલ્યા વિના નહિજ રહે.

" इह चेद वेदी दथ, सत्य मस्ति
न चेदि हा वेदी न्महती विनष्ठिः॥
भूतेषु भूतेषु विचित्य धीराः
मेत्या स्माल्लो काद मृता भवन्ति॥ " सामवेद

સામવેદની ઉક્ત મહાવાણી અનુવાદકની દિવ્ય અનુભવસિદ્ધ માન્યતા છે—અને તેથીજ જીવન કેમ જીવવું ને જીતવું–અર્થાત્ જીવનનાં નીતિ ક્રિયા ને નિષ્ઠતા કર્તાએ ચિત્રવિચિત્ર દૃષ્ટાંતોદ્વારા આપણી સમક્ષ ધર્યાં છે. પ્રિયપ્રેયસીના યોગાયોગથી ભરચ્છક નવલકથાઓ અને નાટકોના આ યુગમાં ગુજરાતના આધ્યાત્મિક જીવનનેય વીસરવા જેવું નથી. કારણ એ જીવનની ક્ષતિ અધુના ઓછી જણાતી નથી. જ્ઞાતિઓ સામે સતત ફેંકાતા પ્રચંડ પ્રહારો વચ્ચે, ને ધર્મ અધર્મના વિશાળ યુધ્ધો વચ્ચે, શુદ્ધ સત્ય ને સાત્વિક આધ્યાત્મિક ભાવનાઓ—ક્રિયાઓ પ્રક્રિયા સહિત—આપણા સમક્ષ દર્શાવે તેવા તો વિરલજ છે. બુદ્ધિનાં પ્રાબલ્ય વધતાં હૃદયના સમભાવ

કદીક કદીક ઘટતા જાય ત્યાં તો એકાદેક આધ્યાત્મિક નેતાની ખોટ પડવાનીજ. અને એ ખોટ કેટલે અંશે આ પુસ્તકના કર્તાએ પૂરી છે તે તો વાચકના પોતાના અંતઃકરણની સામગ્રી અનુસાર જે કથાય તે ખરૂં.

અનુવાદકનું પોતાનુંજ આધ્યાત્મિક જીવન અને કવન અત્રે આપી શકાત અને તે દ્વારા તેમને સવિશેષ ઓળખાવી શકત. પરંતુ સમીપસ્થ ચળકતા કેટલાક છૂટાછવાયા તારાઓના પ્રકાશને બાદ કરતાં આ દૂર સુંદર તારકમણિને એની પોતાની સાક્ષરપ્રિય ને લોકપ્રિય ભાવનાઓથીજ ગુજરાત ઓળખી શકશે એમ ધારણા રાખી છે. કારણ ગુજરાતનાં સર્જન સર્જનીઓના સદ્‌ભાવમાં એટલી તો શ્રદ્ધા છેજ કે જે ખુલ્લે કંઠે લલકારશે તેને તો તેઓ જરૂર સત્કારશે ને સાંભળશે. અને આ કંઠે પૂર્વ પશ્ચિમના તત્વવિદોમાંના એક મહાજનનો છે એતો નિઃશંકજ છે.

आभरणस्य आभरणम् જેવા આ પુસ્તકમાં કયું સારૂં અને તે કેવું અને કેટલું સારૂં એ તો નજ કહી શકાય, કારણ આખા એ પુસ્તકમાં અધિભૌતિક અને આધ્યાત્મિક ઉભય દ્રષ્ટિ ઓતપ્રોત થયેલ છે અને તેમ થતાં અર્થવિહોણાં મનાતાં કર્મકાંડો અને યમ નિયમોપરની આ જમાનાની અરૂચિને અધ્યાત્મિક દ્રષ્ટિથી સાર્થ દાખવી તેમને રૂચિકર બનાવવાનો આ પુસ્તકનો ઉદ્દેશ છે. અને શરીર મન ને હૃદય એ પ્રત્યેકનાં સ્વાસ્થ્ય, સામર્થ્ય ને નિર્મળતા જળવાતાંજ 'જીવન સળંગ જીવન છે' એ ભાવના સિધ્ધ થઈ શકે. આટલા માટે અનાદ્યનંત બ્રહ્મ અને અનાદિસાન્ત માયા સાથે અનાધનંત જીવનના ભાવો સ્થળે સ્થળે દાખવાયાછે, અને એને માટે રસશાસ્ત્રના આધ્યાત્મિક દૃષ્ટિથી અપાયલા અર્થાન્વયો દ્વારા અખૂટ જીવન–પ્રાપ્તિનું સુચન થયેલ છે.

એમની પોતાની આલેખેલીજ નહિ પરંતુ જીવનમાં વણી દીધેલી આ નીચેની વિદ્યુન્મયી ભાવનાઓમાંજ યથેચ્છ પાન પીવાય તો યે શું? એ ભાવોને જીવનમાં ઘટાવી રસશાસ્ત્રની દૃષ્ટિથી જે નવજીવન પ્રાપ્તિ અને અમરત્વની ભાવના અનુવાદક પાન ૩૯ માં આંકે છે તેના જેવીજ આ દુનિયાના આધ્યાત્મિક ઉદ્ધરણની દૃષ્ટિથી આંકેલ **शिवोऽहम्–ब्रह्मास्मि** ભાવ પચાવાય તો પછી સમસ્ત વિશ્વનાં અક્ષરામૃત સ્વામીત્વ ઘેર બેઠાં ન આવે વારૂં? એ ભાવનાઓ જોઈએ:—

શિવોઽહમ્.

1. I am Life.

હું છું જીવન.

2. Life is Youth. ∴ I am Youth.

જીવન છે યૌવન, માટે હું છું યૌવન.

3. Youth is Eternity ∴ I am Eternity.

યૌવન છે અવિનાશિત્વ અથવા અનંતત્વ, માટે હું છું અનંતત્વ.

4. Eternity is Happiness ∴ I am Happiness.

અનંતત્વ છે સુખિત્વ, માટે હું છું સુખિત્વ.

5. Happiness is Love ∴ I am Love.

સુખિત્વ છે પ્રેમ, માટે હું છું પ્રેમ.

6. Love is Presence ∴ I am Presence.

પ્રેમ છે વ્યાપ્તિ માટે હું છું વ્યાપ્ત.

7. Presence is Knowledge ∴ I am Knowledge.

વ્યાપ્તિ છે જ્ઞપ્તિ, માટે હું છું જ્ઞપ્તિ.

8. Knowledge is Potency. ∴ I am Potency.

જ્ઞપ્તિ છે શક્તિ, માટે હું છું શક્તિ.

9 Potency is Completeness. ∴ I am Completeness.

શક્તિ છે સંભૂતિ, માટે હું છું સંભૂતિ.

10 Completeness is Wholeness ∴ I am Wholeness.

સંભૂતિ છે અખિલત્વ, માટે હું છું અખિલત્વ.

11. Wholeness is Perfectness ∴ I am Perfectness

અખિલત્વ છે પૂર્ણત્વ, માટે હું પૂર્ણત્વ.

12. Perfectness is Blessedness ∴ I am Blessedness

પૂર્ણત્વ છે શિવ, માટે હું છું શિવ.

શિવોऽहम् *

હવે આ શિવોऽहम्, अहंब्रह्मास्मि ।।ભાવ કાંઈ સ્થિર અપ્રગતિમાન વિનાશ (extinction) નથી પરંતુ શાશ્વત ને સનાતન વિકાસ (Denetoment) છે. બ્રહ્મ શબ્દજ વિકાસની સંજ્ઞા ને પ્રતીક છે. મહર્ષી ટગોરે 'સાધના' માં દાખવેલ 'બ્રહ્મવિહાર'જ આ પુસ્તકના અનુવાદકને પ્રિય છે.

અન્તમાં એટલુંજ લખી વિરમશું કે આવાં અનેક જીવનોદીપક પુસ્તકોની વર્ષા તેમને હાથે વર્ષી રહો અને ગુજરાતીઓના આધ્યાત્મિક જીવનમાં તેનાં અમૃત જલ સીંચાઈ અમૃત ફાલ અર્પી રહો. इतिशम्.

મંજુલાલ જમનારામ દવે એમ. એ.



---

* આ ભાવનાઓ 'ચંદ્ર પ્રકાશ'ના આ વર્ષના કાર્તિકના અંકમાં આવેલ છે.

શ્રી સૂતસંહિતા.

દ્વિતીય પુસ્તક

યજ્ઞ વૈભવખંડ.

મૂલ્ય રૂા. બે.

ટુંકસમયમાં
બહાર પડશે

॥ ॐ श्रीं ॥

શ્રી સૂત સંહિતા

(સવિસ્તર રહસ્ય અને વિસ્તીર્ણ ટીકા સાથે)

અર્થાત્

સમગ્ર ધર્મશાસ્ત્રાર્થનો સંગ્રહ.

શ્રી શિવ માહાત્મ્ય ખંડ

૧.

हरिः ॐ । शं नो॑ मि॒त्रः शं वरु॑णः । शं नो॑ भवत्वर्य॒मा ।
शं न॒ इन्द्रो॒ बृह॒स्पतिः॑ । शं नो॒ विष्णु॑रुरुक्र॒मः ।
नमो॒ ब्रह्म॑णे । नम॑स्ते वायो । त्वमे॒व प्र॒त्यक्षं॒ ब्रह्मा॑सि ।
त्वमे॒व प्र॒त्यक्षं॒ ब्रह्म॑ वदिष्यामि । ऋ॒तं व॑दिष्यामि ।
स॒त्यं व॑दिष्यामि । तन्माम॑वतु । तद्व॒क्तार॑मवतु । अव॑तु
माम् । अव॑तु व॒क्तार॑म् । ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

सह॒ नौ॒ यशः । सह नौ ब्रह्मवर्चसम् ।

हा३वु हा३वु हा३वु (१) अ॒हम॒न्नमहम-
न्न॒मह॒मन्नम् । अ॒हम॒न्नादो३ऽहम॒न्नादो३ऽह-
मन्नादः । अ॒हꣳ श्लोक॒कृद॒हꣳ श्लोक॒कृद॒हꣳ
श्लोक॒कृत् । अ॒हम॑स्मि प्रथम॒जा ऋ॒ता३स्य॒ ।
पूर्वं॑ दे॒वेभ्यो॑ अ॒मृत॑स्य ना३भा॒यि ।
यो मा॒ ददा॑ति॒ स इदे॒व मा३ऽऽ-
वाः॒ । अ॒हमन्न॒मन्न॑म॒दन्त॑मा३द्मि ।
अ॒हं॒ विश्वं॒ भुव॑न॒मभ्य॑भवा३म् ।
सु॒वर्न ज्यो॒तीः । य ए॒वं वेद॑ ।
इ॒त्यु॒प॒नि॒ष॑त् ॥

तैत्तिरीयोपनिषत्.

॥ ૐ શ્રી ॥



શ્રી સૂત સંહિતા.

(સવિસ્તર રહસ્ય અને વિસ્તીર્ણ ટીકા સાથે)

અર્થાત્

સમગ્ર ધર્મશાસ્ત્રાર્થનો સંગ્રહ.

૧ શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય ૧. ગ્રંથાવતાર.

શ્રી

પરબ્રહ્મ પરમાત્માની જે ચમત્કૃતિ તેમના અસ્તિત્વની પ્રતીતિ વિવિધ પ્રકારે કરાવી રહી છે, તેને માયા એવું નામ આપેલું છે. માયા શબ્દમાં આ ચમત્કૃતિની ખુબીની લક્ષણા ઘણી સારી રીતે કરાવી છે. એ માયા શબ્દ **મા** અને **યા** એમ બે અંગોનો બનેલો છે. તેમાં પ્રથમનું અંગ **મા** માપવું એવા અર્થનો વાચક છે. જે અનંત સ્વરૂપ બ્રહ્મ તેમાં માપ એટલે મર્યાદાની પ્રતીતિ તેના વડે થાય છે. આ મર્યાદા દેશ કાલ અને વસ્તુ રૂપે ત્રિવિધ પરિચ્છેદમય છે. અને તેજ બંધનનું સ્વરૂપ છે. એ પ્રકારના બંધનના સ્વરૂપને અનાદિ કાલથી પ્રતીત કરાવી રહી છે. તેથી તેને અવિદ્યા નામની જીવાત્માની ઉપાધિ કહે છે. આ સ્વરૂપે તે અનાદિ એટલે આરંભ વિનાની છે. માયા શબ્દનું બીજું

અંગ **या** છે, અને તે ગતિ વાચક છે. બંધનના સ્વરૂપનો અનુભવ કરાવતું માયાનું સ્વરૂપ વિવિધ પ્રકારનું હોવાથી એક પ્રકારનો અનુભવ કરાવીને તે વહી જાય છે. અને તેનો વિલય થવા પૂર્વેજ બંધનનો અન્ય પ્રકાર ખડો થએલો હોય છે. આ પ્રમાણે એક પછી એક એ પ્રકારે ગતિ કરતાં છેવટે જયારે આત્મ સ્વરૂપના જ્ઞાનની પ્રતીતિ તે કરાવે છે ત્યારે તેને વિદ્યા કહે છે. અને તે સમયે અવિદ્યાનું સ્વરૂપ અદૃશ્ય થઈ જાય છે. એને મુક્તિ કહે છે. એ જીવ માત્રનો અન્તિમ પ્રાપ્તવ્ય ઉદ્દેશ છે. તે સમયે માયા પણ પોતાના માયાપણાને ત્યજીને પરબ્રહ્મરૂપે સ્થિર થાય છે. આમ હોવાથી **मा** અંગ વડે જે સર્વેની માપનાર રૂપે અનાદિ છે તે પોતેજ પરબ્રહ્મ વડે મપાઈ રહેતાં તેમાં પ્રતીતિને વિરામ આપી જતી રહે છે. તેથી તે સાન્ત છે. તે પ્રમાણે **या** જવું અંગ વડે સાંતપણું સૂચવ્યું છે. હવે આ પ્રકારની શ્રીપરમાત્માની માયા અવિદ્યારૂપે પ્રતીતિ કરાવી રહી છે. સમષ્ટિ વિશ્વની અપેક્ષાથી એ પરમાત્માની ચમત્કૃતિને માયા કહી છે **मनएव मनुष्याणां कारणं बंध मोक्षयोः** મનુષ્યના બંધન તથા મોક્ષનું કારણ તેનું મન છે, એવું વ્યક્તિ રૂપે જીવને માટે કહે છે. જે માયા અવિદ્યારૂપે બંધન કરાવી રહી છે તેજ માયા વિદ્યારૂપે બંધનથી મુક્ત કરે છે. આ અવિદ્યા એક ભાવાત્મક તત્વ છે, અને તેના કાર્યરૂપે જીવનું સ્વરૂપ અલ્પ મર્યાદાવાળું અનુભવાય છે. તેના પરિણામે જીવના જ્ઞાનની હદ ટુંકી જણાય છે. તે કારણથી જીવની શક્તિ અલ્પ બની રહી છે. તેથી પરતંત્રતાનું ભાન નિરંતર થયા કરે છે

ત્રિલોકી રૂપે જેનું શાસ્ત્રમાં વર્ણન કરેલું છે, તેનાં નામઃ–૧ પાતાલ અથવા નરકલોક ૨ અંતરિક્ષ એટલે મૃત્યુ લોક અને ૩ સ્વર્ગ એટલે દેવ લોક, એ રીતે કહેલા છે. જેમાં ઉપર કહેલી પરતંત્રતા છે, એવું કેવલ દુઃખનું સ્વરૂપ નરકલોક શબ્દ વડે કહેલું છે. નરકલોકમાં દુઃખનો ભોગ કરીને કૃતકર્મમાંથી છુટવાનું હોય છે. જેમાં કેવલ સુખ છે, તેને સ્વર્ગ લોક કહેલો છે. એ સુખ પણ મર્યાદાવાળું હોય છે. સ્વર્ગ લોક પણ કૃત કર્મના પુણ્યાંશના ભોગાર્થે છે. મૃત્યુ લોકમાં સુખ દુઃખનું મિશ્રણ હોય છે. અને એ લોકના કૃતકર્મના સુખ દુઃખરૂપે પ્રતીત થતા ભોગોને ભોગવવા ઉપરાંત ભાવિ સમયને માટે કર્મ કરાય છે. કર્મના ફળનો ભોગ, ત્રણે લોકમાં સામાન્ય છે. મૃત્યુલોકમાં વિશેષતા એ છે કે તેમાં કર્મ કરાય છે અને તેથી તેને કર્મ લોક પણ કહેલો છે.

કર્મ કરવામાં ઉદ્દેશ એક હોય છે. અમુક સમયથી અનાદિ અવિદ્યામાંથી વિકાસ થતાં થતાં પરતંત્રતા તથા તે પરતંત્રતાનાં પરિણામ રૂપે વિવિધ પ્રકારનાં દુઃખોનું ભાન થવા માંડયું છે. અને તે ભાન ઘાડું થતું જાય છે, તેમ તેમ તેમાંથી છુટવાની ઇચ્છા અધિક આધક તીવ્ર થતી જાય છે. તે ઇચ્છાને તૃપ્ત કરવી, અને તેની સાથે સુખના અનુભવનું ભાન વિશેષ વિશેષ થતું જાય છે, તેની અભિવૃદ્ધિ કરવી. દુઃખની પૂર્ણ નિવૃત્તિને સુખની પૂર્ણ પ્રાપ્તિ એ ઉદ્દેશ કર્મ માત્રનો છે, એટલે કોઈ પણ સત્કાર્ય કરવામાં પ્રથમ કાર્ય દુઃખની પૂર્ણ નિવૃત્તિના ઉદ્દેશને સૂચવે છે, મોટાં પુરૂષાર્થોનાં કાર્યો કરવામાં વિઘ્નો ઘણાં આવે છે. એ એક પ્રકારનું ઉપર કહ્યા પ્રમાણેનું દુઃખ છે. તેને દૂર કરવા અર્થે શ્રુતિ ભગવતી તથા શિષ્ટ પુરૂષો કર્તવ્ય આચાર રૂપે મંગલાચરણથીજ આરંભ કરવાની આજ્ઞા કરે છે. અને તે આચારને કરી બતાવતા આવ્યા છે. મંગલ શબ્દમાં બે અંશો છે. મંગ, અને લ, મંગ શબ્દનો અર્થ, અનિષ્ટ દુઃખ છે, ને લ, લય વાચક છે. એટલે ભયાદિ દુઃખોનો લય કરવો એવા ઉદ્દેશવાળુ જે આચરણ છે. તેને મંગલાચરણ કહેલું છે. આ પ્રમાણેંજ લગ્નાદિ શુભ પ્રસંગોમાં પ્રથમ મંગલ ક્રિયાથી આરંભ થાય છે.

આ પ્રકારના મંગલ આચાર રૂપે પરમેશ્વરના સ્વરૂપનું તથા જે જે મહાત્માએએ તે સ્વરૂપનો અનુભવ કર્યો છે તેમનું સ્મરણ–કીર્તન કરવું, એવો શિષ્ટાચાર સ્થપાયો છે. પરમેશ્વર એ કયું તત્વ છે તે સંબંધમાં અંતઃકરણની અમુક પ્રકારની સ્થિતિને ધારણ કરવી આ ગ્રંથાવલોકનમાં આવસ્યક. છે તેમ કરવામાં ન આવે તો કેટલો અનર્થ થવાનો સંભવ રહે છે.

પરમેશ્વર જે ઐશ્વર્ય માત્રની પરમ અવધિ રૂપ છે તે એકજ છે. બે કે અધિક સંખ્યા તેની નથી. આપણે જીવ રૂપે સંકુચિત સામર્થ્યવાળા છીએ તેથી વ્યવહારમાં પણ કોઈ નહાના પદાર્થ લેવા હોય છે તો તેનો સર્વાંગે સ્પર્શ કરીને લઈ શકતા નથી. એક નહાનાં પાત્રને લેતા કોઈ તેને તળીએથી પકડે છે, તો કોઇ તેને કાનેથી પકડે છે. કોઇ કાનાના એક ભાગને પકડે છે તો બીજો તેજ કાનાના બીજા ભાગથી તેને પકડેછે. વળી સૂર્યનો પ્રકાશ એકજ છે છતાં ભિન્નભિન્ન રંગના કાચની તકતીઓવાળી ભિન્ન ભિન્ન બારીઓ એ ઉભાં રહીને જોનારા તેજ પ્રકાશને પોત પોતાની બારીની તકતીના રંગને અનુરૂપ રંગવાળો દેખે છે. તો પરમેશ્વર જેવા અમર્યાદિત તત્વનું

ગૃહણુ સર્વાંશે આપણી વૃત્તિ કરી શકે એવો સંભવ છેજ નહિ. છતાં તે પકડનાર વ્યક્તિ તે પાત્રના જે ભાગ વડે તેને પકડે છે તે ભાગ ઉપર પોતાની પકડવાની દ્દઢતાને કાયમ રાખવાથીજ તે પાત્રનો જે ઉપયોગ કરવાનો હોય તે કરી શકે છે અને પોતાના અંતઃકરણુ રૂપી કાચની તક્તીની નિર્મળતા તથા રંગ દ્વારા દેખાતા સૂર્યનું દ્દઢતાથી અવલોકન કરતાં સૂક્ષ્મ વિચારથી પોત પોતાની બારીના દેખાતા રંગને તે રૂપે વિવેકથી ઓળખીને દેખાતા ભેદ સૂર્યમાં નથી એવી ખાત્રી કરીને સૂર્ય નામની જોવાની વસ્તુ સર્વ બારીએથી જોનારાઓને માટે એકજ છે, અને તે એકજ સર્વને દેખાય છે તેમાં કોઈ સંશય ધરતું નથી. આમ છે માટે આ અનંત રૂપ પરમેશ્વર જૂદા જૂદા નામો તથા ગુણવાળા સ્વરૂપો વડે આપણા ઉપર અનુગ્રહ કરવા અર્થે વખતો વખત પ્રતીત થાય છે. તેમાંથી જે સ્વરૂપ ઉપર આપણા અંતકરણોની સામગ્રી આદિ પ્રસંગોથી આપણો પ્રેમ બંધાયો હોય, તે સ્વરૂપને ટેકવડે ધારણ કરી રાખવાનું છે. અને એજ નામ તથા એજ અભ્યાસ આપણે માટે સર્વોત્તમ છે એ નિશ્ચયમાંથી ડગવાનું નથી.

એ આપણા સર્વોત્તમ પરમેશ્વર છે. તેમને નિષ્કલ શિવ એવા શબ્દ વડે આ ગ્રંથમાં કહ્યા છે. આથી આ ગ્રંથે શૈવોનોજ પક્ષ કર્યો છે વૈષ્ણવો શાક્ત આદિ ઓળખાતા બીજા મહા ભાગ્યશાળી અનુગ્રહ પાત્રોની ઉપેક્ષા કરી છે એવી ભ્રાંતિમાં પડવાનું નથી એકજ વ્યક્તિને પુત્ર "પિતા" શબ્દોથી પ્રબોધે છે અને પોતાના અંતઃકરણમાં એક વ્યવહારિક દૃષ્ટિથી એક પુત્રરૂપે પોતાને સ્થાપેલો છે. તે પિતાની બહેનનો દીકરો પણ એજ વ્યક્તિને સર્વોત્તમ રૂપે માને છે અને કહે છે કે "મામા" સર્વોત્તમ છે. આ "મામા" શબ્દને સાંભળી ને પુત્ર ભાણેજ સાથે વિગ્રહને લઈને બેસતો નથી અને "મામા" સર્વોત્તમ નથી અને "પિતા" સર્વોત્તમ છે, પણ ઉલટો હર્ષને પામે છે, તેનું કારણ એટલુંજ છે કે તે સમજે છે કે "મામા" રૂપે જેની સ્તુતિ થાય છે તે "પિતા" નામથી જેને હું સંબોધું છું તેજ છે, અને આ પ્રકારના જ્ઞાનનો અભાવ હોય ત્યાં સુધી માત્ર શબ્દ વિરોધથી યુદ્ધ મચી રહે છે.

સારાંશ એ છે કે અનંત રૂપ પરમેશ્વરનું ભાન કરવાને માટે તેમની શક્તિ દ્વારા જે વિવિધ ધર્મોની પ્રતીતિ થઈ રહી છે, તેમાંથી વિવિધ અંશોનું ગૃહણુ કરી કરીને એ એકજ પરમેશ્વરનું ભાન ગ્રંથમાં કરાવ્યું છે. એ

ભાન અત્યંત દૃઢ થાય એટલાજ માટે—એ ધર્મ રૂપે ધારણ કરેલી પકડ છૂટી ન જાય અને જે પરમેશ્વરનું ભાન કરાવવાના સાધન રૂપેજ તે ધર્મને કથન કરાયલો છે તે ઉદ્દેશ સંપૂર્ણ સિદ્ધ થાય માટે તે સ્વરૂપને તે સ્થાને સર્વોત્તમ કહેલું છે અને તેની અપેક્ષાથી તે સમયે અન્ય ધર્મને ગૌણ સ્થાન આપેલું છે તેમાં એ વિરોધ લેવાનો નથી. પણ એજ ઉદ્દેશને અનેક પ્રકારે સિદ્ધ કરવાનો છે. માટે એ પરમેશ્વર તત્વને શ્રી કૃષ્ણચંદ્ર, રામ, જગદંબા, ગણપતિ આદી જે સ્વરૂપથી આપણા પોતપોતાના અંતઃકરણને અનુરૂપ સર્વોતમ રૂપે લીધેલા છે તેજ સ્વરૂપને દૃઢ ટેકથી કાયમ રાખવું. એટલે જે જે પ્રકારના વર્ણનો આ ગ્રંથમાં જ્યારે જ્યારે આવે ત્યારે ત્યારે તે તે વર્ણન આપણા ઈષ્ટનુંજ વિવિધ નામોથી આવ્યું છે તે પ્રકારની વૃત્તિને ધારણ કરવી અને જે જે ગૌણરૂપે વર્ણન તેની અપેક્ષાથી અપાયાં હોય તે વડે એ ટેકને દૃઢ કરવો. પિતાનો ભાણેજ મામા શબ્દથી ઉત્કૃષ્ટતા સૂચવે તેનો આનંદ લેવો અને તે ભાણેજ એજ પિતા શબ્દ વડે પુત્રના ફુવાને સમજે છે તે ફુવાની મામાની અપેક્ષાથી નિકૃષ્ટતા સૂચવીને "પિતા ગૌણ છે" એવો ભાવ દર્શાવે તેથી વિરોધ આવતો નથી, માટે શૈવો જેને શિવ કહે છે તેજ પરમેશ્વરને વૈશ્નવ આદિ શ્રી કૃષ્ણચંદ્ર વગેરે નામથી ભજે છે, તેથી વિરોધ આવતો નથી, અને શૈવ એજ પરમેશ્વરના સ્વરૂપને શિવ આદિ શબ્દોથી કહે છે અને વિષ્ણુ આદિ શબ્દો વડે તેમનુંજ ગૌણ સ્વરૂપ વર્ણવે છે. તે સમયે વૃત્તિમાં પોતપોતાના ઈષ્ટનું સર્વોત્તમ સ્વરૂપ તેમાં વર્ણવ્યું છે અને અન્ય સ્વરૂપ ગૌણ વર્ણવ્યું છે એ પ્રકારનો ભાવ ટેકપૂર્વક ધારણ કરીને સર્વ મતાનુયાયી મુમુક્ષુજનોએ આ ગ્રંથાવલોકન કરવું. વળી ઈષ્ટના સ્વરૂપને અનુસરીને ઈષ્ટ સાથે સંબંધ કરાવનાર મહાત્માઓમાં પણ ઉપરના કારણથી વિવિધતા દેખાય છે છતાં પરમાત્મ ઈષ્ટ વસ્તુ એક હોવાથી તેમાં તે સર્વની એકતા રહેલી છે, તે એકતા ઉપર આપણું નીશાન કાયમ રાખવું.

આ મહાત્માઓ પોતે કૃતકૃત્ય હોય છે એટલે, તેમના પોતાના સ્વાર્થ અર્થે કાંઈ કરવાનું તેમને શેષ હોતું નથી, છતાં જગતમાં ગ્રંથ લખવા, ઉપદેશ કરવા, આદિ ક્રિયાઓ કરતા તેઓ જણાય છે. તેમાં બે ઉદ્દેશો હોય છે. એક ઉદ્દેશ એવો હોય છે કે પરમતત્વ રૂપ જે પરમેશ્વર તેમના પ્રતિ તેમનો પ્રેમભક્તિ ભાવ બંધાયલો છે. અને આ કાર્યદ્વારા એ ભાવની પ્રતીતિ કરાય છે બીજો ઉદ્દેશ એજ પરમાત્માના વિકાસમાં

મંદતાથી પ્રયાણ કરે છે એવાં જગતના બંધુજનો રૂપે ગણાતાં પાત્રો ઉપર એજ પ્રેમથી અનુગ્રહ કરવો એ હોય છે.

આ પ્રમાણે હોવાથી ભગવાન બાદરાયણ સૂતસંહિતાનો આરંભ કરે છે, અને તેમાં મંગલાચરણ રૂપે પરશિવ પ્રતિ ભક્તિ પુરઃસર પ્રણામ કરે છે. આ સૂતસંહિતામાં એક અપૂર્વ પ્રકારની સંકલના છે. શ્રી બાદરાયણ વ્યાસ મુનિએ અઢાર પુરાણો પોતાના શિષ્ય સૂત તથા મુનિમંડલને કહ્યાં છે. છતાં તત્વવિદ્યાનો અતિશય પ્રભાવ દર્શાવવાના હેતુથી આ રચના કરી છે. પોતાના શિષ્ય શ્રી સૂતપુરાણીના મુખથી આ સંહિતા એટલે તત્વશાસ્ત્રમાંથી વીણી વીણીને તત્વ જેમાં એકત્ર કર્યું છે, એ પ્રકારનો ગ્રંથ આ કરી આપ્યો છે. પંચદશી આદિ વેદાન્ત શાસ્ત્રના સમર્થ ગ્રંથોના પ્રણેતા શ્રી વિદ્યારણ્ય મુનિ પોતાની પૂર્વાવસ્થામાં શ્રીમાન માધવમંત્રી નામે ઓળખાતા હતા. ક્રિયાશક્તિના પતિ શ્રીમત્કાશીવિલાસ તથા શ્રી ત્ર્યમ્બકેશ્વરનાં ચરણકમળની સેવામાં નિપૂણ ચિત્તવાળા તેઓ શ્રી હતા. તેમણે વેદ તથા શાસ્ત્રની પ્રતિષ્ઠા કરી છે. આ સૂતસંહિતા ગ્રંથ ઉપર તેમનો અત્યંત પ્રેમ ભાવ સ્થપાયો હતો તેથી સામાન્ય મતિના જનસમૂહના ઉપયોગમાં લાવવાની આવશ્યકતા એમને જણાઈ. અસલ ગ્રંથમાં અનેક પ્રકરણો છે, તેમના તાત્પર્યના ખુલાસા સાથે એક બીજાના સંબંધને પોતે જેમાં સમજાવ્યોછે, તથા તેમાં પ્રવર્તતા કઠીણ શબ્દો તથા વાકયોનું સરળતાથી સમજાય તેવું સ્પષ્ટીકરણ જેમાં કર્યું છે, એ પ્રકારની અન્ધારામાં પ્રકાશ પાડનાર દીપવત તાત્પર્ય દીપિકા નામે રચના એઓશ્રીએ કરેલી છે તે સહિત અસલ ગ્રંથના અવલોકન ઉપરથી આ ગ્રંથ બનેલો છે.

વ્યવહારમાં કુશલ વૈદ્ય હોય છે તેમને વૈદ્યકશાસ્ત્રનો મહાન નિયમ ॥ **मर्दनं गुणवर्धनम्** ॥ જ્ઞાત હોય છે. તે પોતાના આશ્રયમાં આવેલા દર્દીઓને માટે આ નિયમનો ઉપયોગ કરે છે. માત્રાઓને જેમ જેમ અધિક ઘુંટવામાં આવે છે તેમ તેમ તેના રજકણોની મધ્યમાં પુરાયલું સત્વ વિશેષવિશેષ મુકત થઇને બહાર નીકળી આવે છે, અને રોગીના રોગનાં કારણોને દૂર કરીને એમનામાં જીવનને પૂરે છે. આજ પ્રમાણે તૈલાદિનું શરીર સાથે ઘર્ષણ કરાય છે, તેમાં પણ એજ નિયમ પ્રવર્તે છે. તે પ્રમાણે રોગ માત્રમાં જે અનેક જન્મોથી આપણને વળગી રહ્યો છે તેવો ભવભ્રમણ નામનો મહા રોગ છે. એ રોગની મહત્તાના પ્રમાણમાં પરશિવ સ્વરૂપના જ્ઞાનરૂપ એકજ ઔષધી આ મહા વૈદ્યોએ આપણને આપી છે, અને તે

માત્રાને આ ગ્રન્થમાં રોગની મહત્તાના પ્રમાણમાં અત્યંત શ્રમ લઇને ઘુંટીઘુંટીને અનેકવાર અમૃત રૂપે પાયા કરી છે. છતાં પીનારને કંટાળો ન આવે તે અર્થે વખતોવખત જુદી જુદી આખ્યાયિકાઓ તથા પ્રક્રિયાઓ રૂપ અનુપાનોરૂચી ઉત્પન્ન કરે એવાં બદલતા રહ્યા છે. આટલી કુશળતા વાપરી છે છતાં કોઇ સ્થાને આપણા અંતઃકરણનો યોગ અત્યંત અશ્રદ્ધારૂપમાં વધી ગયો હોય તે કારણથી “ જાતિ નિર્ણય ” “ તીર્થમાહાત્મ્ય ” જેવા અધ્યાયો વાંચતાં જે પ્રમાણે હઠીલા બાળકને દવાના નામથીજ કંટાળો આવે છે અને મુખ કટાણું કરે છે તેવા ભાવનું પ્રદર્શન થઈ જાય, તો તેવે સમયે ધૈર્યને રાખીને તેવા અધ્યાયમાં શું રહસ્ય રહેલુ છે તેને શોધવાને માટે પ્રયત્ન કરવો. છતાં રસિક રહસ્ય હસ્તગત ન થાય ત્યાં સુધી વિશેષ મનન કરવું, એ ઉચિત ગણાશે. તેમ કર્યા પછી પણ ધૈર્ય ન રહી શકે તો તે માત્રાઓ આપણા રોગને માટે નથી. અન્ય તેના પાત્રોને માટે યોગ્ય હશે એવી અનુકૂલ બુદ્ધિ કરીને આ ગ્રંથમાં જે જે માત્રાઓ અંતઃકરણમાંની સામગ્રીને અનુરૂપ પ્રતીત થાય તેને પ્રેમથી ગ્રહણ કરવાની તત્પરતાને સેવવાનાપ્રબળ નિશ્ચય પૂર્વક ગ્રંથને શાન્તિથી અવલોકવો. એમ નહિ કરીએ તો આપણા પોતપોતાના અંતઃકરણોને અત્યંત અનુકૂલ થઈ રહે એવા પુષ્કળ ઉપાયો આ ગ્રંથમાં કહ્યા છે, તેનો અમૂલ્ય લાભ અધૈર્યથી ગુમાવાય છે. તેમ ન થવાને માટે સાવધાનતા રાખવાની છે. અને યાદ રાખવાનું છે કે આ ગ્રંથ કેવલ આપણા અંતઃકરણને માટેજ કર્યો છે એવું નથી પરંતુ આપણા સર્વે બંધુઓ જેમના અંતઃકરણ વિવિધ કક્ષાઓમાં છે એ સર્વને માટે ઉપયોગ પુરતો સંગ્રહ કર્યો છે એટલુંજ નહિ પણ ઉપર ઉપરની દૃષ્ટિથી નકામું ભાસે તેજ અંતઃકરણનો અમુક વિકાસ થતાં આપણને અમૂલ્ય લાભપ્રદ થાય એવો સંભવ છે. સોમલ સાક્ષાત વિષ છે એટલાજ જ્ઞાનથી તેનો ત્યાગ થાય તો જ્વરાદિ ટાળવા અર્થે તે અમૃત રૂપે કાર્ય કરે છે તેનો લાભ મળે નહિ. સાક્ષાત વિષના સંબંધમાં જો આવું છે તો આ રહસ્યમય વિષયને ધૈર્યથી જોવાની જરૂર છેજ એમ સમજાશે.

જડ રૂપે પ્રતીત થતા વ્યતિકર માત્રનો આધાર એટલે જેના ઉપર તે પ્રતીતિ થાય છે તેએ છે તે કારણથીજ તેને સત્ અથવા સત્ય રૂપે કહેલો છે. જડનું ભાન એના વડે સિદ્ધ થાય છે તેથીજ એને ચિત્ત કહેલો છે

કદીજ નાશ ન પામે એવા પ્રકારનું પ્રેમનું સ્થાન એ હોવાથી એને આનંદ તથા પરમશિવરૂપ કહેલો છે સર્વ અર્થને સાધી આપનાર તથા સર્વ સાથે સંબંધ વાળો નિરંતર હોવાથી તેને સંપૂર્ણ કહ્યો છે શિવ એ પ્રકારની સંજ્ઞાને ધારણ કરે છે જીવ તથા ઇશના ધર્મોની સીમાને ઉલ્લંઘન કરી રહ્યો છે તેથી તેને કેવલ કહ્યો છે અન્યની અપેક્ષા વિનાજ પોતાના એક-લાના બળથી પ્રકાશી રહેલો છે તેથી એટલે સ્વપ્રભ એટલે સ્વપ્રકાશ શિવ કહેલો છે. એરણ ઉપર સુવર્ણકાર જે પ્રમાણે ઘાટ ઘડે છે. તથા ભાંગી નાંખે છે તે પ્રમાણે પોતે આધાર રૂપ બનીને પોતાના ઉપરના જગતને નિર્માણ કરે છે સ્થિતિમાં રાખે છે પ્રલય સમયે વિનાશ કરે છે અને ભાવી સૃષ્ટિના સમય સુધી જગતનું તિરોધાન કરે છે એ રીતે પોતે એકજ કારણરૂપ હોવાથી તથા ભૂત ભૌતિક ભાવોનાં નિયમને કરતો હોવાથી કૂટસ્થ કહેલો છે વિષયમાત્ર ગુણ અથવા આકાર રૂપ ઉપાધિ રૂપે ઇન્દ્રિય દ્વારા અનુભવ ગોચર થાય છે આ પ્રકારની ઉપાધિ માત્ર જે સ્વરૂપમાં અસ્ત પામી સંતાઈ રહેલી હોય છે એ પ્રકારનું છેવટનું સ્વરૂપ હોવાથી તથા તે સ્વરૂપ શુભ હોવાથી તેને પરમશિવ કહ્યો છે જેને માટે અંતઃક-રણ નિરંતર તલસ્યા કરે છે છતાં વિષય રૂપે જેનું ભાન કરવામાં નિષ્ફળ થઈ થાકી વિરમાય છે એવું અત્યંત કામનાનું સ્વરૂપ હોવાથી તેને તત્વ (તતત્ત્વ) કહે છે વર્તમાન ભૂત તથા ભાવિકાલ તેને બાધીત કરીને મર્યા-દિત કરી શકતો નથી માયા તથા તેનાં કાર્યો મિથ્યા કલ્પિત છે તેથી ઝાંઝવાના જલથી કોઇ પદાર્થ ભીનો થતો નથી તે રીતે તેજ તેનો સ્પર્શ કરી શકતાં નથી. કાલનું સ્વરૂપ અનંત છે. છતાં અમુક વ્યક્તિ રૂપે ઉત્પતિ સ્થિતિ તથા પ્રધ્વંસા એટલે નાશનો અનુભવ આમાં થાય છે તે અનુભવ રૂપ ઉપાધિથી કાલની મર્યાદા કલ્પી છે અમુક પદાર્થ ઉત્પન્ન થાય છે તે પૂર્વનો જે કાલ તેને ભૂતકાલ કહ્યો છે અને તે ભૂતકાલની મર્યાદા અનાદિ સાન્ત છે આ રીતે જે પદાર્થના ભૂતકાલની મર્યાદા તેના પ્રાગભાવ (પૂર્વનો અભાવ) વડે બંધાઈ છે તેને આદિ કહે છે. તેજ પદાર્થની ઉત્પત્તિથી આરંભી ને તેના વિનાશની ક્ષણ સુધીના કાલને સ્થિતિનો કાલ અથવા વર્તમાનકાલ કહે છે. એ રીતના વર્તમાનકાલની મર્યાદા પોતાના ભાવ સ્વરૂપે (છે છે એ રૂપે) બંધાઇ છે, તેને મધ્ય એવા નામથી ઓળખાય છે. તે પદાર્થનો વિનાશ થાય તે ક્ષણથી આરંભી તે અનંત મર્યાદા સુધીના કાલને ભવિષ્યકાલ કહ્યો છે. આ ભવિષ્યકાલની મર્યાદા જેની પોતાના પ્રધ્વંસાભાવ વડે આ રીતે બંધાયલી છે તેને અંત કહે છે, આ

રીતે આદિ મધ્ય તથા અંત નામની ત્રણ કળારૂપ તત્વદ્વારા જે અનુભવ ગોચર થાય છે તે તત્વને કાલ એવું નામ આપેલું છે નિષ્કલ પરમાત્માએ જગતરૂપે પ્રતીત થવા અર્થે માયારૂપને પોતાનામાં ધારણ કર્યું. પછી તે માયામાંથી પંચતત્વોને પ્રતીત કરાવ્યાં. આ પંચતત્વોના નામો નીચે પ્રમાણે છે ૧ કાલ ૨ નિયતિ ૩ ભૂત ૪ યદૃચ્છા અને ૫ સ્વભાવ. એ રીતે ઉત્પતિ પ્રકરણમાં કહેલું છે.

હરેક કાર્યની ઉત્પત્તિ થવા અર્થે આ પાંચે તત્વો આવશ્યક છે, એમ સહજ વિચાર કરતાં જણાય છે. પ્રથમનું તત્વ ૧. કાલ તેની અપેક્ષા વિના કારણમાંથી કાર્ય ઉત્પન થતું જણાતું નથી, જેમકે અમુક ઋતુમાં અમુક ફળ થાય છે, અમુક વયે બાલક આદિનો ગર્ભ ધારણ થાય છે. અમુક માસ આદિ સમયની મુદત સુધી પરિપકવ થયા પછી બાલકનો જન્મ થાય છે, એજ રીતે પ્રલય પછી અમુક સમય સુધી ભાવિ સૃષ્ટિનું કારણ તત્વ, પરબ્રહ્મમાં સુષુપ્ત અવસ્થામાં પડી રહે છે. આ પ્રકારે સમયની અપેક્ષા, તેને કાલ શબ્દ વડે સૂચવેલી છે. બીજું તત્વ નિયતિ કહી છે. અમુક અમુક નિયમોની વ્યવસ્થાપૂર્વક કાર્યની ઉત્પત્તિ અર્થે ક્રિયાઓ થવી એ નિયતિનું સ્વરૂપ છે. જેમકે જમીનમાં હળનું ફરવું, માટીના રજકણો એ છુટા પડી અમુક રીતે ફરીથી વ્યવસ્થાપૂર્વક ગોઠવાવવું, બીજકો એ તેમાં નિવાસ કરવો, બીજકોના રજકણો એ અમુક ક્રિયાપૂર્વક હાલવું ચાલવું વિગેરેનો આમાં સમાવેશ થાય છે. ત્રીજું તત્વ ભૂત છે. પૃથ્વિ, જળ, તેજ, વાયુ, આકાશ આદિ જે ઉપર પ્રમાણે નિયતિના નિયમોને સ્વાધીન રહે છે. અને જેના ઉપર તે નિયમોની ક્રિયાઓ થાય છે, તેના જેવું (material) આ તત્વ છે. ચોથું તત્વ યદૃચ્છા છે. ખેતીના સંબંધમાં ખેડુતની શ્રદ્ધાપૂર્વક ઈચ્છા. ઉપર પ્રમાણે ભૂત તથા નિયતિ એ તત્વો ને કાર્યને ઉત્પન્ન કરવાની ગતિમાં પ્રેરનાર હોય છે. એ પ્રકારની ઇચ્છાપૂર્વક પ્રેરણા શક્તિ યદૃચ્છા નામે કહી છે. સ્વભાવ એ પાંચમું તત્વ છે. ઉપરનાં ચારે તત્વોમાં પોતપોતાનાં અનુરૂપ કાર્યનો ઉત્પન્ન કરવાના સામર્થ્યરૂપ જે ભાવ (સ્વ+ભાવ) તે આ છે. દષ્ટાન્તરૂપે અમુક છોડ ઉત્પન્ન કરવાના સામર્થ્યરૂપે અમુક છોડ ઉત્પન્ન કરવાનો તેના બીજકમાં સ્વભાવ અંતર્ગત રહેલો છે. એ બીજને શેકીએ એટલે તે સ્વભાવ તેમાંથી દૂર થાય છે. જળ, પૃથ્વિની માટી, સૂર્યની ઉષ્ણતા, વિગેરેમાં પણ તે છોડની ઉત્પત્તિ કરવામાં સાહાય્ય કરવાનો સ્વભાવ હોય છે. આ પ્રકારે તે પાંચે તત્વોનાં સ્વરૂપો પ્રલય પછીની

સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે માયામાંથી પરમેશ્વર પ્રતીત કરાવે છે. આથી સ્પષ્ટ થાય છે કે, આ પાંચે તત્વોમાંથી કાલ નામનું પહેલું તત્વ પરમશિવની પૂર્વે નહોતું તો પછી જે હતુંજ નહિ તે પોતાને ઉત્પન્ન કરનારા પરમશિવની મર્યાદા શી રીતે કરે? સારાંશ કે એ નિષ્કલ સ્વરૂપ કાલથી અમર્યાદિત છે. આ પ્રકારે પરમેશ્વરના નિષ્કલ સ્વરૂપમાં લક્ષણા માત્ર કરાય છે. અને એ રીતના સ્મરણપૂર્વક લક્ષણા કરવી એજ નિષ્કલ સ્વરૂપની પૂજા તથા પ્રણામ કરવારૂપ મંગલાચરણ કરૂં છું.

નિષ્કલસ્વરૂપ પરમેશ્વર સકલ સ્વરૂપે માયા ઉપાધિદ્વારા પોતાની પ્રતીતિ કરાવે છે. ગુણ એટલે દોરડીરૂપ બાંધવાનું સાધન, આ તમસ્, રજસ અને સત્વ નામે ઓળખાય છે. તમસ્ ઉપાધિરૂપે પોતે પ્રતીત થાય છે ત્યારે જગતના ઉપાદાન (material cause) રૂપે પોતે બને છે. ત્યારે જગદાત્મક એ નામને ધારણ કરે છે. પોતાનો મહિમા એજ પોતાના આધારરૂપ છે. અન્ય વસ્તુની માફક એમને ગોઠવાવવાને માટે પોતાથી અન્ય સ્થાન આદિ આધારની અપેક્ષા નથી. કોઈ વસ્તુ અદ્ધર હોય તેને પણ આકાશ નામે આધાર હોય છે એવું આકાશ પણ જેમને આધારે રહેલું છે. એવા પરમશિવ છે. તે પરમશિવ રજોગુણની ઉપાધિને ધારણ કરીને તે ઉપાધિ દ્વારા પોતાનાજ જગદાત્મક સ્વરૂપના આધારરૂપ બની રહ્યા છે. સામાન્ય એવો નિયમ પ્રવર્તે છે કે અમુક પદાર્થના ધર્મમાં વિકાર થએ ધર્મવાળો ધર્મી પદાર્થ છે તેમાં પણ તે વિકાર થાય છે. જગત વિકારી ધર્મોવાળું હોવાથી વિવિધ વિકારો થતા ચાલ્યા આવ્યા છે, તો શંકા થશે કે આધારરૂપ જે પરમાત્માનું ધર્મી સ્વરૂપ છે તેમાં પણ તે વિકારો થવા જોઈએ. પરન્તુ તેમ બનતું નથી કારણ કે, જગતનું જગતરૂપે વાસ્તવ સ્વરૂપ નથી પણ માત્ર કલ્પિત છે, તેથી તે કલ્પનાના આશ્રયભૂત પરમશિવના સ્વરૂપમાં તે કલ્પિત ધર્મોની વધઘટથી વિકાર થતો નથી. મારવાડના ઝાંઝવાંના જળથી મારવાડની ભૂમી ભીની કદીજ થવાની શંકા રહેતી નથી.

જીવો પોતાનું ધ્યાન કરી શકે તથા પોતાનું પૂજન કરી શકે અને તે રીતે પોતાનો ઉદ્ધાર કરી શકે તે હેતુથી અવતારરૂપે વ્યક્તિ સ્વરૂપનો પરમશિવ સ્વીકાર કરે છે. આ સ્વરૂપને અવતાર કહે છે. આ રીતે પરમશિવ અવતાર લેઈને ત્રિપુર આદિના દહન આદિ અદ્દભૂત ક્રિયાઓ કરી રહ્યા છે. પોતે અંબિકાનાપતિ બન્યા છે. છતાં આ વિજય તથા

લક્ષ નામની એમની ક્રિયાઓને લીલારૂપે ગ્રહણ કરવાની છે. કારણ કે સંસારી જીવો આવીજ ક્રિયાઓ કરે છે. છતાં સંસારી જીવોના તેજ વ્યાપારો પરતંત્રતાથી કરાયલા દેખાય છે. આ પરતંત્રતાનું સ્વરૂપ એવું છે કે એક તો રાગ દ્વેષ વડેજ તે વ્યાપારો પ્રેરાયલા હોય છે. એ રાગ દ્વેષનો ગંધ પણ શિવમાં નથી. કર્મનું ફલ આપવાનો અધિકાર જેને છે તેને ઇશ્વિર કહેલા છે, તે ઇશ્વિરના નિયમનને તાબે રહીને જીવ માત્રના વ્યાપારો પ્રવર્તે છે. શિવના વ્યાપારોનું તે પ્રકારનું કોઈ નિયમન કરનાર નથી તેથી તેજ વ્યાપારો શિવના સંબંધમાં લીલારૂપે ગણાયા છે. વ્યાવહારિક દૃષ્ટિથી અમર્યાદિત તથા સૌથી મહાન સ્વરૂપનું ભાન કરાવવાને માટે સમુદ્ર વાસ્તવે મર્યાદિત છતાં સાપેક્ષરૂપે સમુદ્રની ઉપમા આપી છે. તે પ્રમાણે હોવાથી આનંદ તથા જ્ઞાનના સમુદ્રરૂપ શિવને કહેલા છે. લૌકિક આનંદ તથા જ્ઞાન મર્યાદિત છે તેજ આનંદ તથા જ્ઞાન શિવમાં અમર્યાદિત છે. વસ્તુ કાલ તથા દેશથી તેમના આનંદ તથા જ્ઞાનની મર્યાદા નથી. તેમનાં આનંદ તથા જ્ઞાન, ઉત્પત્તિ કે વિનાશવાળાં નથી. તેથી તે આનંદ તથા જ્ઞાનને અખંડ એકરસ કહ્યો છે. એ આનંદ તથા જ્ઞાનથી વધી જાય એવી કોઈ પણ વસ્તુ નથી તેથી, તેમને નિરતિશય કહેલાં છે. વ્યાવહારીક જ્ઞાન તથા આનંદ માત્ર સર્વ સ્વરૂપ પરમશિવમાં શમાઈ રહેલાં હોય છે. સાક્ષાત રામચંદ્રજી નારાયણ છતાં પણ અજ્ઞાનથી છવાએલી અવસ્થામાં પોતાનું સ્વરૂપ ભૂલ્યા હતા, તો સંસારી જીવના વ્યાપારો દુઃખમિશ્રિત હોય એમાં નવાઈ નથી. લીલા શબ્દ યોજવામાં આ ભેદ છે. આ સકલસ્વરૂપ સૌમ્ય છે. પોતે મહેશ્વર સાક્ષાત સત્ય, વિજ્ઞાનરૂપ, અદ્વય છે. જનનમરણરૂપ સંસાર નામનો જીવોને મહારોગ વળગેલો છે, તેના પરમ ઔષધરૂપ પોતે છે. જગન્માતા વેદમયી ઉમાદેવી પોતાની શક્તિ છે. શ્રીમાન વિઘ્નેશ્વર (ગણપતિ) તથા વીર્યવાન સ્કંદ નામે બે પુત્રો તેમને છે. જેમના પ્રસાદના લેશના લેશના લેશની કણિકાના અંશથીજ જીવ સત્વર મુક્ત થાય છે એવી તેમની પ્રસાદી એટલે પ્રસન્નતા છે. એમના લિન્ગાર્ચન વડે તેમના પ્રસાદરૂપ પ્રીતિ પ્રાપ્ત કરવાથી બાદરાયણ વ્યાસ સર્વજ્ઞ શ્રેષ્ટ પદવીને પામ્યા છે. તેમના ઇક્ષણ માત્રથી આ માયામય જગત્ ખડું થયું છે. જડચેતનરૂપ સર્વ જગત્‌ના સાક્ષી રૂપે બહારથી નિરીક્ષણ કરતા, તે સર્વની અંદર ઘન રૂપે વ્યાપી રહ્યા છે. વેદાન્તના શ્રવણાદિ વડે જેમને જ્ઞાની મહાપુરુષો પોતાના આત્મરૂપે અનુભવે છે એવા સકલ સ્વરૂપ શ્રી મહેશ્વર છે. પૂજન, ધ્યાન તથા સ્તુતિરૂપે એ સકલ શિવની પૂજા થાય છે.

એ પ્રમાણે પરમેશ્વરનું સકલ તથા નિષ્કલ રૂપે સ્મરણ કરવા રૂપ મંગલાચરણનું બીજું અંગ પૂર્ણ કરીએ છીએ.

શ્રી વ્યાસ મુનિએ અઢાર પુરાણો મુનિઓને કહ્યાં છે. તેમાંના એક પુરાણના ન્હાના ભાગ રૂપે આ સૂતસંહિતા છે. અને આ મંગલાચરણનું સ્વરૂપ જોતાં તેને તો કોઈ નવીન મહાન કાર્યના આરંભમાંજ કરવાનું હોય છે તેથી શંકા થવાની કે આ મંગલાચરણ અસ્થાને થયું છે. સમાધાન એ છે કે આ ગ્રંથમાં અપૂર્વતા રહેલી છે ને તે અપૂર્વતાને સૂચવવાને માટેજ આ મંગલાચરણને સ્થાને કરાયલું છે. વળી બીજી શંકા થવા એ સંભવ છે કે શાસ્ત્રોના ગ્રંથોની થાકી જઈએ એટલી બધી સંખ્યા છે. તો વળી આ નવીન ગ્રંન્થ શા માટે કર્યો ? મહાન્ પુરૂષો મહાન્ પ્રયોજન વિના કોઈ પણ કાર્યને કરતાજ નથી આ ગ્રંથમાં કહેલી તત્વવિદ્યાનો પ્રભાવ એટલો બધો છે કે તેને જૂદી જૂદી વિધિથી અનેકવાર કહ્યા છતાં પણ વિરલ પુરૂષોમાંજ તેનું રહસ્ય યથાવત ઉતરી શકે છે. તે રહસ્ય સરલતાથી ઉતારવાનું બને તથા અન્ય વિષયોની અપેક્ષાથી તત્વવિદ્યાનો પ્રભાવ અતિશય છે તે વાર્તાપર લક્ષ ખેંચાય એ પ્રયોજન આ ગ્રંથ રચવામાં શમાયલું છે. આ પ્રભાવની અતિશયતાનું સ્વરૂપ વિશેષ ઉંડું આપણા અંતઃકરણોમાં ઉતરે, એવા હેતુથી આ ગ્રંથની રચના પણ અપૂર્વ કરી છે. સામાન્ય નિયમ એવો હોય છે કે પોતાનાથી વડીલ પુરૂષો અથવા તો પોતાના બરોબરીઆ જે હોય તેઓ પોતાનાથી અલ્પ વયના બાલકનાં શિષ્યો બને ને તે બાલક તેનો ગુરૂબને એવી વ્યવસ્થા અનિવાર્ય કારણ વિના કરાતી નથી. છતાં આ ગ્રંથમાં શ્રી વ્યાસ મુનિએ તેવી રચના કરી છે. શ્રી સૂતપુરાણી તથા અન્ય બધું મુનિમંડલ શ્રી વ્યાસના શિષ્યો રૂપે છે તેમાં પણ મુનિમંડલ શ્રી સૂતની અપેક્ષાથી વયોવૃધ્ધ છે. છતાં તત્વવિદ્યાનું રહસ્ય શ્રી સૂત પુરાણીને પારંગત થએલું હોવાથી આ મુનિઓએ પોતાનાથી બાલક વયના તથા પોતાના જેવાજ એક ગુરૂબંધુને તત્વ વિદ્યાની સિધ્ધિના કાર્યને અર્થે પોતાના ગુરૂરૂપે સ્થાપીને સૂતપુરાણીના મુખ દ્વારા આ રહસ્યને સાંભળ્યું છે. આ ઉપરાંત આ તત્વવિદ્યાના રહસ્યની મહત્તા ઘણીજ છે. એવું દર્શાવવાને માટે શ્રી વ્યાસ ભગવાન પોતે શ્રી સૂતપુરાણીના સાક્ષાત ગુરૂ છે. છતાં તે શિષ્ય સૂતપુરાણીના મુખદ્વારા આ રહસ્યને કહેવરાવે છે. અને જણાવે છે કે પોતાના મુખથી કહેવાય તેના કરતાં વિશેષ ઉત્તમ પ્રકારે પોતાનો શિષ્ય એ કાર્ય કરી શકે છે.

તો પોતાનું માન વેગળું મૂકીને પણ તે શિષ્ય દ્વારા તે કાર્ય સર્વોત્તમ પ્રકારે કરવું. સારાંશ એ છે કે આ ગ્રંથની મહત્તા જેટલી કહીએ તેટલી ઓછી છે.

આ રીતે મુનિઓને શિષ્ય રૂપે ગ્રહણ કર્યા છે. ઉત્તમ ગુરુ શિષ્યોના અધિકારને જોઈનેજ ઉપદેશ કરે છે આ તત્વવિદ્યાનો પ્રભાવ જેટલો મહાન્ છે તેટલો ભારે અધિકાર એ મુનિગણરૂપ શિષ્યોનો પણ કહી બતાવ્યો છે. વેદમાં બતાવેલી વિધિ અનુસાર યજ્ઞ દાન, તપ, વ્રત આદિ સતકર્મોને શ્રુતિ સ્મૃતિ, ઇતિહાસ તથા પુરાણોમાં વિસ્તારથી કહ્યાં છે આ કર્મો કરવાથી સકળ પાપ પણ ક્ષીણ થઈ જાય છે. પાપો ક્ષીણ થવાથી બુદ્ધિ શુદ્ધ થાય છે. બુદ્ધિ શુદ્ધ થતાં જ્ઞાનની ઇચ્છા પ્રકટે છે ને તેમ થતાં પરમ શિવવિદ્યાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ સતકર્મોમાં જેને યજ્ઞ કહે છે તેમાં એક સોમયાગ છે. તે સોમયાગના ચાર પ્રકાર છે. અગ્નિષ્ટોમાદિ જે યજ્ઞો એક દિવસમાં થાય છે. તેને એકાહ યાગ કહ્યા છે. જે યજ્ઞોમાં બે રાત્રિથી આરંભીને ૧૧ રાત્રિએ પૂર્ણતા થાય છે. તે ને અહીન યાગ છે. બાર દિવસે પૂર્ણ થતા યજ્ઞને સત્ર તથા અહીન એ રીતે ઉભયાત્મક ગણ્યા છે. તેર રાત્રિએ પૂર્ણ થતા યજ્ઞને સત્ર કહે છે. જે યજ્ઞ એક વર્ષે પૂર્ણ થાય છે ત્હેને અયનયાગ કહે છે. અયનયાગને સત્ર પણ કોઇ ઠેકાણે કહેલો છે.

અથર્વ શિરસ્‌માં પાશુપત વ્રતને માટે એવું કહેલું છે કે તેના વડે પરશિવનો સાક્ષાત્કાર થાય છે. **अग्निरितिभस्म** એ મંત્ર વડે ભસ્મ લેઇને ભીની કરીને સર્વાંગે સારી પેઠે પ્રેમપૂર્વકલગાવવી. એ ક્રિયાને પાશુપત વ્રત કહ્યું છે. તે વ્રત કરવાથી સંચિત પાપો નિવૃત્ત થાય છે અને તે પાપોના પરિણામરૂપ દુઃખોનો પણ તેની સાથેજ નાશ થાય છે. એ પ્રકારના યજ્ઞ, દાન, તપ, વ્રત આદિ સતક્રિયાઓ આ મુનિરૂપ શિષ્યોએ કરેલી છે. એ મુનિઓનું નિવાસસ્થાન નૈમિષારણ્ય કહેલું છે. આ નૈમિષારણ્યને માટે એવું કહ્યું છે કે બ્રહ્માએ મનોમયચક્ર એક સમયે છોડયું હતું તે ચક્રની **નેમી** આ અરણ્યમાં તુટી ગઈ હતી તેથી તે અરણ્યનું નામ નૈમિષારણ્ય પડયું છે. તત્વનું અનુસંધાન કરવામાં મનની એકાગ્રતાની જરૂર છે. તમોગુણનું કાર્ય આવરણ કહેવાય છે, એટલે વિષયાદિ બહારના પદાર્થોની અતિ લાલસા વિગેરે તેના વડે ઉત્પન્ન થાય છે. આ પ્રકારનું અજ્ઞાન બુદ્ધિનું આચ્છાદન કરી નાંખે છે તેથી તત્વ પ્રતિ વૃત્તિનું અનુસંધાન

કરવામાં અંતરાય આવે છે. રજોગુણના કાર્યરૂપ વિક્ષેપને કહેલો છે. તે પણ બુદ્ધિ વૃત્તિને હચમચાવી મૂકે છે. એ રીતે આવરણ તથા વિક્ષેપ જે તત્વાનુસંધાન કરવામાં આવી પડતાં વિઘ્નો કરે છે તે સર્વે આ મુનીઓમાં નાશ પામેલાં હતાં તેથી તત્વાનુસંધાન કરવા માટે મનની એકાગ્રતા એમને સિદ્ધ હતી. આ એકાગ્રતા કરવાના સામર્થ્યરૂપ મનની નિર્મલતાને મનના પ્રસાદરૂપે શાસ્ત્રમાં કહેલી છે. ઇન્દ્રિઓ મનની ઇચ્છાનુસાર ન પ્રવર્તતાં પ્રતિકૂલરૂપે સામાન્ય રીતે પ્રવર્તતી જણાય છે. પરંતુ સતકર્મોના પ્રભાવથી આ મુનિઓની ઇન્દ્રિઓએ એ પ્રતિકૂલતાને ત્યજેલી હતી અને તેમના મનને અનુકૂલ રુપેજ પ્રવર્તતી હતી- આ પ્રકારે ઇન્દ્રિયો ઉપર પ્રાપ્ત કરેલા વિજયને ઇન્દ્રિય પ્રસાદ કહેલો છે. આ બન્ને પ્રકારના પ્રસાદોને એ મુનિઓએ પ્રાપ્ત કરેલા છે, તેથી કેવલ પ્રસન્નતાજ તેમના ઉપર છવાઈ રહી છે. મુનિઓ આ પ્રકારના હોવાથી આ અત્યંત પ્રભાવવાળા ઉપદેશને માટે તેવાજ અધિકારવાળા શિષ્ય છે એવું સૂચવ્યું છે.

શ્રવણ કરનારા મુનિરૂપ શિષ્યોના સદ્દગુરૂ રૂપે સ્થપાયલા શ્રી સૂત ભગવાનનું સ્વરૂપ પણ આ મહત્ત્વના કાર્યને યોગ્યજ કહ્યું છે. તેઓ એક મહાત્મા હતા એટલે શ્રી મહાદેવની કૃપાની પ્રાપ્તિ કરાવી આપીને પરશિવના સાક્ષાત્કાર કરાવવારૂપ અનુગ્રહ કરવાનું મહાન્ સામર્થ્ય તેમનામાં હતું. વળી આ મુનિમંડલ જેવા અધિકારીઓ મળતાં માન કે આમંત્રણની અપેક્ષા રાખ્યા વિના જેવી રીતે જનક રાજાને ત્યાં શ્રી યાજ્ઞવલ્કય મુનિ પધાર્યા હતા તે રીતેજ પોતાની મેળેજ આવી પહોંચેલા છે. તેથી દર્શાવ્યું છે કે, અનુગ્રહ કરવાના સામર્થ્યની સાથે પરમ દયાળુપણારૂપ અનુગ્રહશીલતા નામનું બીજું અનિવાર્ય ગુરુનું લક્ષણ તેમનામાં હતું. આવા યોગ્ય ગુરૂની અનાયાસ પ્રાપ્તિ થવાથી અત્યંત પ્રેમપૂર્વક યથાવિધિ રૂડી રીતે મુનિઓએ શ્રી સૂત મહાત્માનું પૂજન કર્યું, તથા ભક્તિપુરઃસર પ્રણામ કર્યા, અને પ્રાર્થના કરી કે આ પુણ્ય સંહિતાનું શ્રવણ અમને કરાવો, એટલે શ્રી સૂત મહાત્માએ ત્રાટક કરીને પોતાના સદ્દગુરુ શ્રી મહાત્મા વ્યાસ ભગવાનનું ભક્તિ વડે પ્રથમ ધ્યાન કર્યું. પછી શ્રી મહાદેવનું ધ્યાન નીચે પ્રમાણે કરવા લાગ્યા.

હે મહેશ્વર! જગત્ આખું જે પદાર્થના લોચા વડે બનાવવામાં આવ્યું છે તે ઉપાદાન આપજ છો. સર્વે જગતને નિયમમાં ચલાવી રહ્યા છો તેથી તમે પરમેશ્વર કહેવાયા છો. શ્રી અંબિકાના પતિ ઇશાનરૂપથી આપ લીલાવતારી

છો. અનંત આનંદ ચિદ્ઘનરૂપ નિષ્કલ છો. આપ અષ્ટમૂર્તિ રૂપે પ્રતીત થયેલા છો.તેમાં ચંદ્ર આપની આઠમી મૂર્તિનું સ્વરૂપ છે. નીરંતર ઉમાસહ વર્તમાન રહો છો, તેથી સોમ શબ્દથી સંબોધાયા છો. "રૂદ" એટલે રડાવનાર અનિષ્ટ તેનો આપ "દ્રવ" એટલે રસ કરી નાંખો છો એવા અનિષ્ટને નિવૃત્ત કરનાર આપ રૂદ્ર છો. તેની સાથે "શં" જે શ્રેયસ્ છે તેને આપ "કર"નારા તેથી શંકર કહેવાયા છો. હજારો માર્ગોથી પ્રયત્નો કર્યા છતાં પણ સાચી ભક્તિ વિના આપની પ્રાપ્તિ થતી નથી. આપનો પ્રભાવ નિરતિશય છે. બ્રહ્મા, વિષ્ણુ તથા ઈન્દ્રને પણ ધ્યાન દ્વારાજ આપની પ્રાપ્તિ છે. જે વખતે દેવોના ઉપર આપે અનુગ્રહ કરીને અસુરોને હરાવ્યા હતા તે વખતે આ પરાક્રમ અમે કર્યું છે એમ માનીને દેવો અભિમાનથી ફુલાઈ ગયા હતા. એ મદ વડે એમનો વિનાશ થાય તેવું હોવાથી તે મદને દૂર કરવા અર્થે આપ તેમનાથી છેટે એક દિવ્ય એટલે જ્યોતિર્મય રૂપે પ્રકાશ થયા હતા. આપ એમને યક્ષ એટલે યજન કરવા લાયક જણાયા હતા, પણ આપના સ્વરૂપનું ભાન તેમને થયું નહોતું. દેવતાઓએ ભેગા મળીને આપનું સ્વરૂપ સમજી લાવવા માટે પ્રથમ અગ્નિને, તે પછી વાયુને આપની પાસે મોકલ્યા હતા, પરન્તુ બન્ને અત્યંત પરિશ્રમ કરીને થાકી હારીને પાછા ફર્યા હતા. તે પછી આપની પાસે ઈન્દ્ર આવ્યો હતો. તેને તો દર્શન સરખાં પણ નહિ આપતાં આપ અંતર્હિત થઈ ગયા, તેથી દેવતાઓનો મદ ઉતરી ગયો ને અંતઃકરણમાં ભક્તિ અત્યંત જાગૃત થઈ. ત્યાંજ સાક્ષાત જગદંબા ઉમા હૈમવતી રૂપે નીચે ઉતરીને ખડાં થયાં, ને દેવતાઓને કહ્યું કે તમારા નાશના હેતુરૂપ મદને દૂર કરવા તથા પરમ મુક્તિરૂપ અનુગ્રહ કરવા માટે મ્હારા પતિ પરબ્રહ્મ મહેશ્વરે આપને દર્શન આપ્યાં હતાં. એ પ્રમાણે દેવોને આપના સ્વરૂપનો ઉપદેશ જગદંબા ઉમાએ પ્રથમ કરેલો છે. દુઃખના હેતુરૂપ પાપ માત્રને સોય વડે કાંટો કહાડી નાખે તેમ દૂર કરનાર ત્રિશૂલને ધારણ કરો છો, તેથી શૂલી છો. આપની ભક્તિના ફલ રૂપે જેમને જ્ઞાનનો યોગ થયો છે એવા વિદ્વાનોને આપ આત્મરૂપે જણાઓ છો. અન્ય પ્રકાશ વિનાજ સ્વસત્તાથી પ્રકાશી રહ્યા છો. સર્વના ભાન માત્રના હેતુરૂપ આપ એકજ છો. સર્વને પોતાના આત્મરૂપનો અનુભવ જે થાય છે એ એકલા અનુભવ વડેજ આપ પ્રસિદ્ધ થયા છો. એવા સર્વના સાક્ષિ શ્રી મહેશ્વર આપ છો.

એ પ્રમાણે શ્રી મહેશ્વરની સ્તુતી કરતાં તથા ધ્યાન ધરતાં પરવશ બની ગયા. તે પછી સાવધાન થઇને એકચિત્ત પોતે થયા. અને શિષ્યરૂપ મુનિમંડલ પ્રતિ દષ્ટિનો પ્રવાહ પ્રેમપૂર્વક વહેવરાવ્યો. આ ક્રિયાને ચાક્ષુષી દીક્ષા

કહી છે. આ દીક્ષાથી મુનિઓમાં જે અધિકાર હતો તેમાં વૃદ્ધિ થતાં શ્રી શ્રુતિ ભગવતીના સંગ્રહરૂપ સૂતસંહિતા શ્રવણ કરવાનો મુખ્ય અધિકાર સિદ્ધ કર્યો.

આ સંહિતામાં સર્વ વેદાન્તનો સંગ્રહ કર્યો છે. પુરાણ વેદને અનુસરતાં હોવાથી વેદના જેટલાંજ માનનીય છે. વેદ તથા પુરાણ એ બન્નેમાં પાંચ લક્ષણો છે. ૧. સર્ગ એટલે ઉત્પત્તિ, ૨. પ્રલય, ૩. વંશ, ૪. મન્વન્તર અને ૫. વંશાનુચરિત. એ પાંચ લક્ષણોમાંનાં છેલ્લાં ત્રણ લક્ષણોને સ્થિતિની અવસ્થારૂપે ગણેલાં છે.

વેદને સમજવાનું કામ ઘણુંજ કઠિન છે. તેથી વેદનું તાત્પર્ય વિસ્તારથી સમજાવનાર પુરાણો કરાએલાં છે. ચારે વેદોને ભણેલો વિપ્ર જોએ વેદોને અર્થસહ સમજાવનાર પુરાણોને જાણનારો હોતો નથી તો તેવા વિપ્રને જોઇને સાક્ષાત્ શ્રી શ્રુતિ ભગવતી પણ ભયને પામે છે કે, આ વિપ્ર મારી મર્યાદાનું ઉલ્લંઘન કરી દેશે. આમ હોવાથી વેદના અર્થને વિકાસપૂર્વક ઇતિહાસ તથા પુરાણ દ્વારા પણ સમજવા જોઇએ.

જેના વચનમાં શંકાનો અવકાશ રાખ્યા વિના સત્ય છેજ એ રીતે અંતકરણમાં તે વચનને મનાય છે તેને પ્રમાણ શબ્દથી ઓળખીએ છીએ પ્રમાણોમાં સર્વથી પ્રથમ પદે સાક્ષાત વેદ નારાયણ વિરાજે છે. અને વાસ્તવે તો સત્ય પ્રમાણરૂપ તે એકજ છે. સ્મૃતિ, પુરાણ, ભારત તથા અન્યશાસ્ત્રો વેદ ઉપરથી રચાએલાં હોવાથી વેદમૂલક કહેવાય છે, અને તેથી જેટલે અંશે જ્યાં જ્યાં વેદથી તે વિરોધી ન હોય ત્યાં ત્યાંને તેટલેજ અંશે તેમને પણ પ્રમાણરૂપ ગણેલા છે. સ્મૃતિ આદિનું મૂળ વેદ છે. અને વેદ પ્રમાણરૂપ છે. તેટલા માટે **અનુમાનથીજ** સ્મૃતિ આદિ પ્રમાણ છે. પણ જ્યાં વેદથી વિરોધી વચનો સ્મૃતિ આદિમાં હોય ત્યાં તે અંશનાં મૂળરૂપ વેદ છે એવું અનુમાન બીલકુલ થઈ શકતું નથી. તેથી તેટલો ભાગ અપ્રમાણ છે.

વેદ તથા તેનો અર્થ એકજ છે. શાખાના ભેદથી માત્ર વેદ તથા વેદાર્થમાં અનેકતા ભાસે છે. વેદ અમાપ છે તેથી તે આખા વેદનું કોઇ એક મનુષ્યને અધ્યયન કરવાનું તથા તેના અર્થનું અનુષ્ઠાન કરવાનું બનવું અશક્ય છે. તેથી ઋગ, યજુર, સામ તથા અથર્વ એ રૂપે તથા તે દરેક ભાગમાં તૈત્તરીય આદિ નામવાળી શાખા રૂપે ભેદ પાડ્યા છે, એ

વેદ દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય શ્રી મહેશ્વર સંબંધી જ્ઞાન તે એકજ છે. છતાં તે એકજ મહેશ્વર લીલાવડે જે માયામય દ્વૈતને કલ્પેલું છે તે દ્વારા અનંતરૂપ પ્રતીત થાય છે. આ અનેકત્વ વાસ્તવનથી પણ માયાથી કલ્પેલું છે. તેથી એકજ તત્વને એક અને અનેક એમ બે રૂપે કહેવામાં વિરોધ આવતો નથી તે છતાં એકજ વસ્તુ એક અને અનેક એમ બે રૂપે દેખાય એવું સૃષ્ટિમાં કાંઇજિ જોવામાં આવતું નથી, તેટલા માટેજ તેને દેવનો ચમત્કાર કહયો છે. આ ચમત્કાર શ્રી મહેશ્વરનું ભૂષણ છે, દૂષણ રૂપે નથી.

સકલ વેદને ગ્રહણ કરવાને સમર્થ એવા બ્રહ્મા રૂપે શ્રી મહેશ્વરે પોતેજ લીલાથી પોતાને રચ્યા. અને વેદો જે પોતાને વિષે નિરાંત કરીને નિત્ય નિવસી રહેલા છે, તે વેદોનું દાન શ્રી બ્રહ્માજીને આપ્યું અન્ય ઉપાધ્યાય રૂપ ગુરૂ પ્રથમ કોઈ બીજા પાસેથી અધ્યયન કરીને વેદોને શીખવે છે અને એ રીતે અન્ય પાસેથી શીખેલા વેદોને શીખવે છે. તેવા સામાન્ય ગુરૂ શ્રી મહેશ્વર નથી. કારણ કે પોતાને વિષે નિત્ય સિદ્ધ વેદોને તેમણે શીખવ્યા છે તેથી પોતે પરમ ગુરૂ કહેવાયા છે.

વેદના બે વિભાગો છે. ૧. કર્મકાણ્ડ અને ૨. જ્ઞાનકાણ્ડ. સાક્ષાત શિવની આજ્ઞાથી વેદ ઉપરથી સ્મૃતિઓ બનાવી છે. સ્મૃતિઓનો પ્રધાન વિષયકર્મ છે. આ કર્મનો પર્યાય શબ્દ ધર્મ છે. ધર્મના વિષયમાં આ કારણથી સ્મૃતિઓ પ્રબળ પ્રમાણરૂપ ગણાય છે. છતાં તેમાં પ્રસંગવશાત્ જ્ઞાનની ચર્ચા પણ આવે છે. એજ રીતે શ્રી મહેશ્વરની આજ્ઞાથી શ્રી વિષ્ણુ ભગવાને મ્હારા સદ્ગુરુ શ્રી બાદરાયણ મુનિનો અવતાર લઇને શ્રી અંબિકાપતિના પ્રસાદ વડે મહાસાગરરૂપ અમાપ વેદને અલ્પમતિવાળા ગ્રહણ કરી શકે એમ નહિ હોવાથી સરળતા કરવા અર્થે સંક્ષેપમાં તેમાંથી સંગ્રહ કરી કરીને તેના ચાર મ્હોટા વિભાગો પડયા અને ઋગ, યજુર, સામ અને અથર્વ એ નામો તેમને આપ્યાં, તેમાં ઋગ્વેદની ૨૧ શાખાઓ કરી, યજુર્વેદની ૧૦૦, અથર્વની ૯, અને ગીતિરૂપ સામવેદની ૧૦૦૦ શાખાઓ કરી. મારા સદ્ગુરુશ્રીએ આ રીતે વેદનેવ્યસ્ત કર્યો, એટલે તેના ભાગ પાડ્યા તેથી તેઓ (વિ×અ સ્=ફેંકવું) વ્યાસ કહેવાયા. એજ સર્વજ્ઞ, ઈશ્વર, મહાયોગી વ્યાસ ભગવાને મહાભારતને રચ્યું છે. જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ સકલ પુરુષાર્થનો પ્રકાશ કરી આપ્યો છે. શ્રી વ્યાસ ભગવાને પૈલ, વૈશંપાયન, જૈમિનિ અને સુમન્તુ એ નામના પોતાના ચારૂ શિષ્યોને એક એક વેદ

આપ્યો. તે વેદનો તેમણે અભ્યાસ કર્યો અને સંપ્રદાય પરંપરા ચલાવી. તથા તેને અનુસરીને વર્ણાશ્રમ ધર્મને પ્રવર્તાવ્યો. એજ શ્રી વ્યાસ મુનિએ મને પુરાણોની કથા કહેવાને માટે નીમેલો છે. તેથી હુ પુરાણો કહું છું, માટે હે મુનિઓ! તમે શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરજો.

પુરાણોના નામો આ પ્રમાણે છે ૧. બ્રહ્મા ૨. પદ્મ, ૩, વિષ્ણુ, ૪. શિવ, ૫. ભાગવત, ૬. ભવિષ્ય, ૭, નારદ, ૮, માર્કંડેય, ૯. અગ્નિ, ૧૦. બ્રહ્મવૈવર્ત, ૧૧ લિંગ, ૧૨. વરાહ, ૧૩. સ્કંદ, ૧૪, વામન, ૧૫. કૂર્મ, ૧૬. મત્સ્ય, ૧૭. ગરૂડ, ૧૮. બ્રહ્માન્ડ. શ્રી સત્યવતીના પૂત્ર વ્યાસ ભગવાને એ પ્રમાણે અરાઢ પુરાણો કર્યાં. તેના શ્લોકોની સંખ્યા ૪ લાખ છે. કામિક, કારણ આદિ આગમ સંહિતાના પ્રણેતા શિવ છે. તે પોતે સર્વજ્ઞ શ્રી મહેશ્વરાવતાર હતા. તેમના જેવાજ તથા તેટલાજ શ્રદ્ધાને યોગ્ય આ પુરાણના પ્રણેતા સાક્ષાત નારાયણાવતારરૂપ શ્રી વ્યાસ ભગવાન છે. એ પુરાણોનાજ આધારે જુદા જુદા મુનિઓએ ઉપપુરાણો રચ્યાં છે. ૧. ભાર્ગવ, ૨. મારીચ, ૩, પારાશર, ૪. સૌર, ૫. સાંબ, ૬. સનત્કુમાર, ૭. નરસિંહ, ૮. નાન્દ, ૯. કાલી, ૧૦. વરુણ, ૧૧. બ્રહ્માન્ડ, ૧૨. ઉશનસ્. ૧૩. માનવ, ૧૪. કપિલ, ૧૫, નારદ, ૧૬. દુર્વાસાનું શિવધર્મ, ૧૭. વસિષ્ઠનું લિંગ અને ૧૮. મહેશ્વર, એ રીતે ઉપપુરાણો રચાએલાં છે તેમાં શ્લોકની સંખ્યા ૧ લાખની છે.

ઉપર જે સ્કંદ પુરાણ અંક ૧૩ થી કહ્યું છે તેમાં છ સંહિતાઓ છે અને પચાસ ખંડ છે. તેમાં સંહિતાઓનાં નામ આ પ્રમાણે છે. ૧. સનત્કુમાર, આ સંહિતાના ૫૫૦૦ શ્લોક છે ૨. સૂત એના ૬૦૦૦ શ્લોક છે. ૩. શાંકરી તેનાં ૩૦૦૦ શ્લોક છે. ૪. વૈષ્ણવી તેના ૫૦૦૦ શ્લોક છે, ૫, બ્રાહ્મી તેનાં ૩૦૦૦ શ્લોક છે અને ૬ સૌરસ એના ૧૦૦૦ શ્લોક છે.

આ પ્રમાણે સૂત સંહિતા સ્કંદ પુરાણની બીજી સંહિતા છે. તેમાં ચાર ખંડ છે.

પૂર્વે મંગળાચરણમાં કહ્યું છે તે પ્રમાણે જીવને અલ્પ જ્ઞાન તથા અલ્પબળના પરિણામ રૂપે બંધન એટલે પરાધીનતાનો અનુભવ પ્રતીત થાય છે. એ પરાધીનતારૂપ દુઃખ ફરીથી કદીજ દેખાવ ન દે તે પ્રકારની તેની આત્યંતિકી નીવૃત્તિ કરવાની અને કદી વિલાય નહિ તેવા પરમાનંદની પ્રાપ્તિ કરવાની પ્રતિજ્ઞા કરી છે. આ પ્રતિજ્ઞાની સફળતાને શ્રેયસ નામે ઓળ-

ખીએ છીએ. એ શ્રેયસના અખૂટ મહોદધિ રૂપ સાક્ષાત તત્વને શિવ નામ આપ્યું છે. અભેદપૂર્વક તે શિવ સ્વરૂપનો સાક્ષાતકાર રૂપ અનુભવ કરાવનાર શ્રુતિ ભગવતી છે. આથી સહજ સમજાય છે. કે વેદ માત્રનું તાત્પર્ય આ પ્રકારનો શિવ સાક્ષાતકાર કરાવવો એવું છે. આ સૂતસંહિતા વેદાનુસાર તેજ તાત્પર્યની સિદ્ધિ અધિક સરલતાથી કરાવી આપે છે, એજ એનો સર્વોત્તમ પ્રભાવ છે. એમ હોવાથી જેના જ્ઞાનની જરૂર છે, એવા સાક્ષાત શિવના સ્વરૂપનું ભાન કરાવવા અર્થે ૧ :શિવ માહાત્મ્યખંડનો આરંભ થાય છે. આ ખંડમાં એકંદર ૧૩ અધ્યાય છે. તેનું સ્વરૂપ પછીથી કહીશું. પ્રથમ ખંડમાં જ્ઞાતા એટલે જ્ઞાનના વિષયરૂપ શિવતત્વનું ૭૦૦ શ્લોકથી ભાન કરાવીને પછી એ તત્વનું જ્ઞાન જે જે ઉપાયો વડે સિદ્ધ થાય છે તેનું વર્ણન આપવા માટે પ્રયત્ન કર્યો છે.

૨. પછી જ્ઞાનયોગખંડનો આરંભ થાયછે. અત્ર જ્ઞાન શબ્દથી આ ગ્રંથનો જ્ઞાતવ્ય વિષય જે શિવતત્વ તેનો સાક્ષાત્કાર સમજવાનોછે. જેના વડે એ પ્રકારના જ્ઞાનનો એમાં આવિર્ભાવ થાય છે. એવાં સાધનો યોગ શબ્દ વડે સમજવાનાંછે. આ ખંડમાં ૨૦ અધ્યાયછે. અને શ્લોક ૭૩૭છે. એ રીતે જ્ઞાતવ્ય, જ્ઞાન તથા જ્ઞાનનાં સાધનો સમજાવીને અધિકારી સાધકની તે સાધનોમાં પ્રવૃત્તિ કેવી રીતે સરળતાથી કરાવવી તેનું ભાન કરાવવા આમાં યત્ન થયો છે.

૩. પછી મુક્તિખંડનું આબેહુબ ચિત્ર આપ્યુંછે. આમાં ૯ અધ્યાય મળીને ૫૬૩ શ્લોકો છે. આ પ્રવૃત્તિ કરવામાં શ્રદ્ધાને ઉત્પન્ન કરવાને અર્થે મુક્તિનું સ્વરૂપ તથા તે પછી જ્ઞાન પ્રાપ્તિના ઉપાયોને આચારમાં કેવી રીતે મૂકવા તે કથા આરંભથી અંત સુધી સાધકનું રક્ષણ કરતા સિદ્ધિને માર્ગે સાથે રહીને નિર્ભયપણે ગતિ કરાવનાર શ્રી સદ્ગુરુ, તથા અંતિમ પ્રાપ્તવ્ય શિવ સ્વરૂપના જાુદા જાુદા અવતાર જે પ્રત્યક્ષ સિદ્ધિ કરાવી આપનારા છે, તે સર્વેનું રસપૂર્વક સ્વરૂપ આલેખ્યું છે. વેદમાં કર્મકાણ્ડ તથા જ્ઞાનકાણ્ડ એ રીતે બે વિભાગ હોવાથી, તથા શ્રી ભગવત્‌ગીતામાં કહ્યું છે કે યજ્ઞ જે કરતા નથી તેમને આ ભૂલોકની સિદ્ધિ પણ પ્રાપ્ત થતી નથી તો પરમ શ્રેયસ્રૂપ મુક્તિની આશા યજ્ઞ વિના રાખવી એ કેવલ ગાંડાઈ છે, આ પ્રકારનાં વચનોથી સહજ શંકા ઉઠે છે. યજ્ઞ શબ્દનો અર્થ તો એવા પ્રકારનાં કર્મો છે કે જેમાં પુણ્ય પાપ બન્ને કંઈ કંઈ અંશે થયા વિના રહેતાં નથી, એટલુંજ નહિ પણ પૂર્વના ત્રણ ખંડોમાં મુક્તિના ઉપાય રૂપે વિસ્તારથી જે જ્ઞાનને કહેલું છે તે જ્ઞાનથી તો યજ્ઞરૂપ કર્મ કેવલ વિરોધિ છે. તો યજ્ઞ મુક્તિના સાધનરૂપે હોઈ શકે નહિ. આ પ્રકારની શંકા કરીને

સાધક ગુંચવાઇને આડે રસ્તે ચડી જાય નહિ તે અર્થે જ્ઞાન સંબંધી વિવેચન કરાયું છે.

૪. પછી યજ્ઞવૈભવખંડ આરંભ્યો છે. આખા ગ્રંથમાં બાકીના ભાગની અપેક્ષાથી આ ખંડ અત્યંત વિસ્તારવાળો છે. છતાં પણ સુતર્કની અપેક્ષાથી વિવિધ સામગ્રીના અંતઃકરણોવાળી અનંત વ્યક્તિઓના સંસર્ગથી સંશયો ઉત્પન્ન થવાના સંસ્કારોના સંભવો જગતમાં એટલા બધા છે કે તેથી સાધકને સત્ય માર્ગમાંથી ગબડી પડતાં વિલંબ થતો નથી. આવા ભયમાંથી ઉગારવાને માટે જેટલો વિસ્તાર થાય તેટલો ઓછો છે, એવું સહજ સુજ્ઞ સમજી શકશે. આમાં યજ્ઞ શબ્દ વડે કેવલ કર્મ યજ્ઞ સમજવાનો નથી પણ જે નિષ્કલ પરમશિવના યજનરૂપ તેમનું જ્ઞાન કહ્યું છે તે જ્ઞાન યજ્ઞનો પણ તેમાં સમાવેશ કર્યો છે, અને તેજ વાસ્તવ સાચો સફલ પરમયજ્ઞ છે. આ જ્ઞાન યજ્ઞની મહત્તાનું સ્વરૂપ પણ એમાં આલેખ્યું છે. આ ખંડના ૧. પૂર્વ અને ૨. ઉત્તર એમ બે ભાગ પાડયા છે. પૂર્વ ભાગમાં ૪૭ અધ્યાય છે. ઉત્તર ભાગમાં ૨૦ અધ્યાય છે, તેમાં પહેલા ૧૨ અધ્યાય બ્રહ્મગીતા નામથી અને છેવટના ૮ અધ્યાય સૂતગીતા નામથી કહેલા છે. આમાં આખો વેદાન્ત વિષય સંપૂર્ણ વિસ્તારથી કહી બતાવ્યો છે એમાં કાંઇજ સંશય નથી. એ રીતે એકંદરે આ ખંડમાં ૬૭ અધ્યાય છે અને તેના શ્લોક ૪૦૦૦ છે.

પોતપોતાના પ્રારબ્ધાનુસાર આપણી સર્વની પાસે ઘણે અંશે ત્રણ પ્રકારનાં સાધનો હોય છે ૧. દ્રવ્ય ૨. આયુષ્યનો સમય અને ૩. શારીરિક તથા માનસ બળ. આ સાધનોનો દુરુપયોગ તથા સદુપયોગ થતો દેખાય છે. દૈવયોગથી કોઈ કોઇનાં અંતઃકરણોની સામગ્રી એવા પ્રકારની પ્રતીત થાય છે કે તેથી જાણ્યા છતાં પણ આ સાધનોનો દુરુપયોગ કરવાની હઠ બંધાઈ ગયેલી છે. તેવાઓને માટે માત્ર દયાની લાગણી શિવાય બીજું કાંઇજ થવાનું નહિ. આ ગ્રંથ એવાઓને માટે નથી એમ કહેવાની જરૂર નથી. બીજાં કોઈ કોઈ પાત્રો એવાં હોય છે કે આ સાધનોનો સદુપયોગ શો છે તેની તેમને ખબર નથી હોતી, છતાં તેમનાં અંતઃકરણો કોમલ હોય છે. તેઓના જાણવામાં આવતાં તેઓની વૃત્તિ સદુપયોગ કરવા પ્રતિ વળે છે. અન્ય સજ્જનો એવા પ્રકારના પણ હોય છે કે આ સાધનોનો સદુપયોગ કરવામાં તેઓ યોજાયલા છે. છતાં કેવી સુવ્યવસ્થાથી તે સદુપયોગ કરવો તેનું ઓછું વત્તું અજ્ઞાન હોય છે. એ બન્ને પ્રકારના અધિકારીઓને ઉદ્દેશીને આ ગ્રંથ રચાયેલો જણાય છે.

આમ હોવાથી પહેલા સાધન રૂપે આ સમયમાં ગણાતું દ્રવ્ય આ ગ્રંથની પ્રાપ્તિ અર્થે ખર્ચવું યોગ્ય છે કે કેમ એ વિચાર સહજ બુદ્ધિમાનના અંતઃકરણમાં સ્ફુરે છે. હાલ સુધીમાં જ્ઞાતવ્ય, કર્તવ્ય તથા પ્રાપ્તવ્યના સંબંધમાં પુસ્તકો ભિન્ન ભિન્ન શાસ્ત્રોનાં તથા તે શાસ્ત્રો ઉપરથી વિચાર કરીને લખાયલાંની સંખ્યા અતિશય મોટી છે. આ બધાંની પ્રાપ્તિ કરવા અર્થે દ્રવ્ય અતિશયની જરૂર પડે છે. આ ગ્રન્થ એવા પ્રકારનો છે કે ભિન્ન ભિન્ન અધિકારવાળા સર્વ અધિકારીઓ માટે કહેલું સર્વ સંક્ષેપમાં તથા સુવ્યવસ્થાથી એકત્ર કરી આણ્યું છે. એટલુંજ નહિ પણ તે સર્વમાં ઉપર ઉપરથી જોનારને જે વિરોધ દૃષ્ટિગોચર થાય છે, તથા તેના પરિણામ રૂપે વાદવિવાદ આદિ કલેશો વ્યર્થ મચી રહે છે તેવા વિરોધ માત્રનું સદ્યુક્તિ ચાતુર્ય વડે પ્રસન્નતા પૂર્વક શમન કરી સાચા શ્રેયસ્રૂપ ઐકયને લાવી મૂકયું છે. છતાં આ ગ્રંથ રૂપે એ સર્વ સામગ્રીનો લાભ માત્ર અલ્પ દ્રવ્યથી મળી શકે એમ છે,

બીજું સાધન આયુષ્યનો સમય તેનો વિચાર કરતાં પણ સમજાય છે કે સંખ્યાબંધ ઘણાં પુસ્તકો વાંચી રહેવાય તથા તેમનું મનન કરાય અને તે રીતે પરસ્પરના તાત્પર્યોની આપણા કર્તવ્યમાં સહાય મળે તે પ્રકારે સંબંધની યોજના થાય અને તે સર્વને આચારમાં મૂકાય તેટલો દીર્ઘ સમય આપણને પ્રાપ્ત નથી. તો આ ગ્રન્થ દ્વારા અલ્પ સમયમાં આ સર્વ સાધી શકાય તેમ છે.

શારીર તથા માનસબળ નામનું ત્રીજું સાધન ઉપર આપણે વિચાર કર્યો તેથી જણાશે કે અન્ય રીતે વિશેષ ફળપ્રદ થવું કઠિન છે. સારાંશ એ પ્રાપ્ત થાય છે કે આ સ્થિતી જે કહી તે પ્રકારનું આ ગ્રંથનું સ્વરૂપ હોય તોજ આપણા સાધનોનો વ્યય યોગ્ય ગણાય. અને તેમ હોવાથી નિર્ભ્રાંત નિશ્ચય ઉપર લાવવા અર્થે આ ગ્રંથના ચાર ખંડોમાં શું શું કહેલું છે તથા તેનો એકબીજા પ્રતિ કેવો સંબંધ છે તે સંક્ષેપમાં પ્રથમથી સમજાવ્યો છે કે જેથી અમૂલ્ય સાધનરૂપ દ્રવ્ય, આયુષ્યનો સમય તથા શારીર અને માનસ્ બળનો વ્યર્થ વ્યય થવાની શંકા સરખી પણ રહી જાય નહિ. એ પ્રકારે સિદ્ધ થાય છે કે આ ગ્રંથ શી વસ્તુ છે તેનું પ્રાસ્તાવિક જ્ઞાન પ્રથમ મેળવવું જોઇએ. તે માટે આ ગ્રંથના અધ્યાયોની નામાવલિ સંક્ષેપમાં વિષયોને સૂચવે તે પ્રકારની છે તે નીચે પ્રમાણે છે.

૧ શિવમાહાત્મ્ય ખંડ.

એ રીતે આ પ્રસ્તુત શિવમાહાત્મ્ય ખંડ પૂર્ણ થાય છે આમાં આવેલી વિષયનામાવલિનો પરસ્પરમાં કેવો સંબંધ છે તેનું સંક્ષિપ્ત વિવેચન બાકીના ખંડોના અધ્યાયોમાં આવેલા વિષયોની નામાવલિ પૂરી થયા પછી અપાશે.

૨ જ્ઞાનયોગ ખંડ.

૧૨ ,, નાડી શુદ્ધિ.
૧૩ ,, યમવિધિ (આ યમ અંગથી અષ્ટાંગયોગ આરંભ્યો છે.)
૧૪ ,, નિયમ વિધિ.
૧૫ ,, આસન વિધિ.
૧૬ ,, પ્રાણાયામ વિધિ.
૧૭ ,, પ્રત્યાહાર વિધિ.
૧૮ ,, ધારણા વિધિ.
૧૯ ,, ધ્યાન વિધિ.
૨૦ ,, સમાધિ.

એ રીતે જ્ઞાનયોગખંડ પુરો કર્યો છે. આ ખંડમાં આપેલા અધ્યાયોમાં કહેલા વિષયોનો પરસ્પરમાં કેવા ક્રમથી તથા કેવી રીતે તાત્પર્ય સંબંધ રહેલો છે તેનું સંક્ષિપ્ત વિવેચન તે ખંડના આરંભમાં અપાશે, અને તેજ પ્રમાણે ત્રીજા તથા ચોથા ખંડને માટે કરાશે.

૩ શ્રીમુક્તિખંડ.

૧ અધ્યાય. મુક્તિ, મુક્તિનો ઉપાય, મોચક (મુક્તિને આપનાર) તથા મોચકપ્રદ (મોચકનો મેળાપ કરાવી આપનાર-ગુરૂ.) એ પ્રકારના ચાર સ્વરૂપ વિષયક પ્રશ્નો.
૨ ,, મુક્તિના પ્રકાર.
૩ ,, મુક્તિના ઉપાય.
૪ ,, મોચક સ્વરૂપ.
૫ ,, મોચકપ્રદ સ્વરૂપ.
૬ ,, જ્ઞાનોત્પત્તિ
૭ ,, ગુરુને ઘેર રહી સેવા કરવાનો મહિમા.
૮ ,, વ્યાઘ્રપુરમાં દેવોને આપેલો ઉપદેશ.
૯ ,, ઇશ્વરના નૃત્યનું દર્શન.

૪. યજ્ઞ વૈભવ ખંડ.

પૂર્વ ભાગ.

૧ અધ્યાય. સર્વ વેદાર્થ પ્રશ્ન.
૨ ,, પર તથા અપર વેદાર્થનો વિચાર.
૩ ,, કર્મયજ્ઞ વૈભવ,

૪૧ ,, પાતક
૪૨ ,, પ્રાયશ્ચિત્ત.
૪૩ ,, પાપશુદ્ધિનો ઉપાય.
૪૪ ,, દ્રવ્ય શુદ્ધિ.
૪૫ ,, અભક્ષ્ય ભક્ષણ પાપની નિવૃત્તિ.
૪૬ ,, મૃત્યુ સૂચક.
૪૭ ,, અવશિષ્ટપાપસ્વરૂપકથન.

એ રીતે પૂર્વ ભાગ પૂર્ણ થાય છે.

ઉત્તર ભાગ.

આ ભાગમાં પ્રથમ બ્રહ્મગીતાના અધ્યાય નીચે પ્રમાણે છે.

૧ અધ્યાય. બ્રહ્મગીતિ.
૨ ,, વેદાર્થ.
૩ ,, સાક્ષી શિવ સ્વરૂપ.
૪ ,, સાક્ષીનું અસ્તિત્વ.
૫ ,, આદેશ.
૬ ,, દહરોપાસના.
૭ ,, વસ્તુ સ્વરૂપ.
૮ ,, તત્વવેદન વિધિ.
૯ ,, આનંદ સ્વરૂપ.
૧૦ ,, આત્મબ્રહ્મ સ્વરૂપ છે એવું પ્રતિપાદન.
૧૧ ,, સર્વ શરીરમાં બ્રહ્મની સ્થિતિ.
૧૨ ,, અહંગ્રહો પાસના.

એ રીતે ઉત્તર ભાગમાં બ્રહ્મ ગીતા કહી છે તે પછી કહેલી સૂત ગીતાના અધ્યાય નીચે પ્રમાણે છે.

૧૩ અધ્યાય. સૂત ગીતિ.
૧૪ ,, આત્માવડે સૃષ્ટિ.
૧૫ ,, સામાન્ય સૃષ્ટિ.
૧૬ ,, વિશેષ સૃષ્ટિ.
૧૭ ,, આત્મ સ્વરૂપ.
૧૮ ,, સર્વ શાસ્ત્રાર્થ સંગ્રહ.
૧૯ ,, રહસ્ય વિચાર.
૨૦ ,, સર્વ વેદાન્ત સંગ્રહ.

એ રીતે સૂત ગીતાથી ઉત્તર ભાગ પૂર્ણ કરીને યજ્ઞ વૈભવ ખંડની સમાપ્તિ કરી છે. આ પ્રકારની સૂતસંહિતાની સંકલના છે. પ્રસ્તુત પ્રથમ ખંડની નામાવલી ઉપર આપી છે તેના વિષયોનો પરસ્પરમાં કેવો સંબંધ ગુંથેલો છે તે હવે વિચારીએ.

૧ અધ્યાય ગ્રંથાવતાર.

આ અધ્યાયમાં આ ગ્રંથનું પ્રાકટ્ય કેવી રીતે થયું તે સમજાવ્યું છે. અને તેજ આ પ્રસ્તુન અધ્યાય છે. એટલે તે વિષે વિવેચન પૂર્ણ વિસ્તારથી સમજાય છે.

૨ અધ્યાય. પાશુપત વ્રત.

પ્રારબ્ધાનુસાર મળી આવતા ભોગરૂપ ચારાને ચરતા જીવોને પશુ કહેલા છે. જ્યાં સુધી ભોગેચ્છાનો અંકુર રહ્યો છે, ત્યાં સુધી તે ઇચ્છારૂપ પાશ વડે બાંધીને ભોગરૂપ ચારો નીરનાર તથા પૂર્ણ તૃપ્ત થતાં નિષ્કામ બનેલાને તે પાશ છોડવારૂપ મુક્તિને આપનાર તે જીવરૂપ પશુઓના પતિ એટલે તેમને નિયમનમાં રાખીને પાળનાર શ્રી મહેશ્વરને પશુપતિ કહેલા છે. એમને ઉદ્દેશીને કરવાનું વ્રત તે પાશુપત વ્રત છે.

અનાદિ અવિદ્યાથી મનોવૃત્તિને અભ્યાસ પડેલો હોવાથી તે તેને કર્તવ્ય માર્ગ પ્રતિ જ્ઞાનપૂર્વક મૂકયા છતાં spring કમાનની માફક છટકી છટકીને ઉન્માર્ગ પ્રતિ વહી જતી અનુભવાય છે. ઉપરથી અનુકૂલતા દેખાડી આપી સુખાભાસનું દર્શન કરાવી મોહ પમાડે છે. એવું પ્રેયસનું સ્વરૂપ છે. તે પ્રતિ ઝટ દોડે છે તેમાંથી એ વૃત્તિને પકડી પકડીને સન્માર્ગમાં એટલે વાસ્તવ હિત જે કદી વિલયને ન પામે એવું સુખ છે અને જેને શ્રેયસ્ કહેલું છે તેમાં વારંવાર વૃત્તિને લાવી મૂકવાથીજ એક પ્રકારનો શ્રેયસ્ પ્રતિનો અભ્યાસ પાડી શકાય છે. તેથી જૂદી જૂદી વિધિથી અને જૂદા જૂદા સ્વરૂપમાં રસ પડે તેવી રીતે એ એકજ શ્રેયસ્‌ને આ ગ્રંથમાં કહેલું છે. આ કૃતિને પુનરૂક્તિ દોષરૂપે આ કારણથી જોવાની નથી, પણ બુદ્ધિ ચાતુર્યથી તે સર્વમાંથી શ્રેયસ્‌ની એકતાને સમજીને તે દ્વારા મનોવૃત્તિનો હાલ સુધીનો કેવલ પ્રેયસ્ પ્રતિનો અભ્યાસ છે તેનો ત્યાગ તથા કેવલ શ્રેયસ પ્રતિના અભ્યાસનું ગ્રહણ આપણે સિદ્ધ કરવાનું છે.

૩. અધ્યાય. શ્રી નન્દીશ્વર તથા શ્રી વિષ્ણુભગવાનના સંવાદદ્વારા ઈશ્વર પ્રતિપાદન.

બીજા અધ્યાયમાં જેમની ભોગેચ્છા તૃપ્ત થએલી છે એવા વિરક્ત અધિકારીઓ પાશુપતવ્રત થી શિવની સેવા કરતા તત્વજ્ઞાનની પ્રાપ્તિ કરીને મુક્ત થાયછે, એ પ્રમાણે કહ્યું છે. પરન્તુ **જેમના અંતઃકરણની સ્થિતિ કેવલ શ્રેયસ્ પ્રતિ નથી જતી પણ ભોગરૂપ પ્રેયસ પ્રતિજ વહેછે અથવા તો બન્ને પ્રતિ વહેછે તેમના પ્રતિ પણ અનુગ્રહ કરી ક્રમે ભોગ તથા મોક્ષ બન્નેને સિદ્ધ કરવા માટે ઉપાસનાની જરૂર છે.** એ ઉપાસના કરવા માટે ઉપાસ્ય દેવતાના સ્વરૂપની જરૂર છે. તે સ્વરૂપ ઈશ્વિર નામથી ઓળખાય છે. તે સ્વરૂપ નન્દીશ્વર નામના શ્રી મહાદેવના એક પરમભક્ત તથા વિષ્ણુ ભગવાનના સંવાદરૂપે આ અધ્યાયમાં કહ્યું છે. ઉપાસ્યના સ્વરૂપના જ્ઞાન વિના ઉપાસનાનું ફલ મંદ હોય છે, તે મંદતાને આ કૃતિથી દૂર કરી છે.

૪. અધ્યાય. ઈશ્વરપૂજા તથા દેવપૂજાની વિધિ.

ઉપાસ્યના સ્વરૂપનું ભાન કરાવ્યા પછી ઉપાસ્ય દેવતાની પ્રીતિ પ્રાપ્ત થાય તે પ્રકારનો પૂજાનો વિધિ આમાં કહેલો છે. કારણ કે ઉપાસ્યના સ્વરૂપના વૈભવ પ્રમાણે તેમના સત્કાર રૂપ પૂજન થવું જોઇએ. આ ઉપાસ્ય આગમ્ય હોવાથી તેમનો સત્કાર સામાન્ય મનુષ્યના જેવો હોઇ શકે નહિ. માટે વેદોક્ત તથા શાસ્ત્રોક્ત વિધિપુરઃસર તે સત્કાર આ અધ્યાયમાં કરવાનો કહ્યો છે.

૫. અધ્યાય શક્તિ પૂજનવિધિ.

ભોગ તથા મોક્ષરૂપ ફલને શંકર પોતાની શક્તિ વડેજ આપી શકે છે. અન્ય રીતે એ કાર્ય થઈ શકતું નથી, તેથી તે શક્તિની ઉપાસના આવસ્યક છે. તે પૂજનનું સ્વરૂપ આ અધ્યાયમાં આપ્યું છે.

૬. અધ્યાય. શિવભક્ત પૂજનવિધિ.

વેદોમાં શક્તિની ઉપાસનાને મુખ્ય સાધન રૂપે કહી છે. પરન્તુ તે ઉપાસના કરવા ઘણા અસમર્થ હોય છે. તેવા અધિકારીઓ વગર આયાસે તે સામાર્થ્યને મેળવે અને તે દ્વારા ઇષ્ટફળની પ્રાપ્તિ કરે તે અર્થે સદ્ગુરૂ આદિ શિવભક્તની પૂજા કરવાની હોય છે. તેનું સ્વરૂપ આ અધ્યાયમાં કહ્યું છે.

૭. અધ્યાય. મુક્તિ સાધન પ્રકાર.

શાસ્ત્રો તથા શિષ્ટ પુરૂષોથી શ્રવણ કરતાં મુક્તિના સાધન રૂપે કોઇ જ્ઞાનને તો કોઈ કર્મને, તો કોઈ દાન કે વ્રતને તથા એ પ્રકારે ઘણાં સાધ-

નોને કહેલાં જોવામાં આવે છે. આથી શ્રવણ કરનારના અંતઃકરણમાં સંશય ઉત્પન્ન થાય છે કે આ બધામાંથી મારે શું કરવું કે શું ન કરવું ? આ પ્રકારની અંતઃકરણની ગુંચવાડા ભરેલી સ્થિતિને દૂર કરવા અર્થે તે સાધનોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આમાં કરાવેલું છે.

૮. અધ્યાય. કાલનું માપ તથા કાલરૂપ પરિચ્છેદથી રહિત તત્વનું સ્વરૂપ.

હરકોઇ સાધના કરવામાં સમયની પહેલી અપેક્ષા રહે છે. સંસારી જીવોની અપેક્ષાથી એ કાલનું સ્વરૂપ મર્યાદિત છે. મુક્ત પુરૂષોના સંબંધે એ કાલ અમર્યાદિત રૂપે દેખાઈ નિરંતર તેમના આનંદમાં વૃદ્ધિ કરતો જાય છે. તેનું સ્વરૂપ આ અધ્યાયમાં આપ્યું છે.

૯. અધ્યાય. પૃથ્વિનો ઉધ્ધાર.

સાધના કરવાને માટે ઉપચાર આદિ દ્રવ્યોએ આપણી પૃથ્વિનો અંશ છે. આપણાં શરીર આદિ પણ તે પૃથ્વિ કૃપા કરીને જે આપેછે તે વડે પોષાઇને સાધના કરવા યોગ્ય બને છે. એ પ્રકારની પૃથ્વિ જે ઉપકાર કરી રહી છે તેના ધ્યાન અર્થે આ ઉપકાર કરવાની સ્થિતિમાં પૃથ્વિ કેવી રીતે મૂકાઈ છે તે આ અધ્યાયમાં લખ્યું છે.

૧૦. અધ્યાય. શ્રી બ્રહ્માજીએ કરેલા સૃષ્ટિ.

પૃથ્વિનો ઉધ્ધાર થયા પછી બ્રહ્માએ ત્રણેલોક તથા તે લોકમાં વસનારરૂપે ચર તથા અચર રૂપ જગતને સૃજ્યું છે એ વાર્તા આ અધ્યાયમાં કહેલી છે.

૧૧. અધ્યાય. હિરણ્ય ગર્ભ કૃત વિશેષ સૃષ્ટિ.

પૃથ્વિનો ઉધ્ધાર થયો તથા તે ઉપર આરંભક સૃષ્ટિ સ્થપાઈ ગઇ તે પછી સૃષ્ટિનો બાકીનો ભાગ કેવી રીતે ઉત્પન્ન થયો તથા આ ક્ષણે સંસાર જે સ્વરૂપે પ્રતીત થાય છે તે સ્વરૂપે આવવાઅર્થે તે સંસારનું પાલન તથા તેની પરંપરા શી રીતે કરાઈ તે વાત આ અધ્યાયમાં આવી છે.

૧૨ અધ્યાય. જાતિ નિર્ણય.

ઉપરના અધ્યાયોથી આપણી આસપાસની સૃષ્ટિનું સ્વરૂપ સાધના કરવા સમયે કેવી રીતે બની રહ્યું છે તે સમજ્યા. હવે આપણે કયાં કર્મ કરવાં તે નિશ્ચય ઉપર આવવાનું છે આપણું જ્ઞાન અલ્પ છે, તેથી યોગ્યાયોગ્યનો નિર્ણય આપણી બુદ્ધિથી વગર ભૂલનો કરવાનું બને તેમ નથી. તે અડ-

ઋણમાંથી મુક્ત કરવા અર્થે શ્રુતિ ભગવતી તથા તે આધારે રચાયલી સ્મૃતિ પુરાણાદિ ધર્મ તથા અધર્મના સ્વરૂપો કહી બતાવે છે, ગમે એટલું દુઃખ પડે તો તેને સહન કરીને તે કરવાનાં છે. આપ્રકારનાં કર્મોની વ્યવસ્થાના ધોરણ રૂપે જાતિ ભેદને સ્થાપેલો છે. તેને આ અધ્યાયમાં સમજાવેલો છે. જેથી આ સાધના કરવાના સાધન રૂપ શરીર વડે કયું કર્મ કરવાનું છે તેનો નિર્ણય આપણે કરી શકીશું. એ વાર્તાને આ અધ્યાયમાં કહી છે.

૧૩. **અધ્યાય. તીર્થ માહાત્મ્ય.**

તત્તજ્ઞાન થયા વિના વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ થાય તો પતિત થવાય છે. પ્રમાદથી એવું થઈ જાયતે વખત તે પાપમાંથી સહેલાઇથી મુક્ત થવાના ઉપાય રૂપે તીર્થ સેવા કહેલી છે. તે આમાં સમજાવી છે.

એ રીતે શિવમાહાત્મ્ય ખંડની સંકલના છે એ રીતે ગ્રંથવતાર નામનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો.



૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય ૨. પાશુપતવ્રત.

અનુભવ પર્યન્ત જ્ઞાનની પ્રાપ્તિ કરવા અર્થે પાશુપતવ્રત પૂર્વક બ્રહ્મોપદેશ લેવાનો હોય છે, તે વ્રતનું સ્વરૂપ અમને કહો એ પ્રકારે મુનિઓ પ્રશ્ન કરે છે.

આ જગત્ પ્રતિ દૃષ્ટિ કરતાં તે વિનાશને પામતું દેખાય છે. જે જે વસ્તુ વિનાશને પામતી દેખાય છે તે બધીજ તેના કારણમાંથી કાર્યરૂપે ઉત્પન્ન થએલી અનુભવ ગોચર થાય છે. અને તે અનિત્ય હોય છે. આખું જગત્ એ પ્રકારનું અનિત્ય છે તેથી તેની ઉત્પત્તિ હોવીજ જોઇએ. એ પ્રમાણે હોવાથી જગતરૂપ કાર્યનું કોઈ પણ તેના પૂર્વ સ્વરૂપે કારણરૂપ ઉપાદાન હોવું જોઇએ. ઘટ પૂર્વે માટીરૂપ કારણ છે તેને ઘટનું ઉપાદાન કહેલું છે. ઘટને બનાવનાર કુંભકાર નામનું તેનું નિમિત્તકારણ પણ હોયજ છે. અને તે કુંભકારને તે માટીનું તથા તેના ગુણનું તથા તેમાંથી ઘટને કયા વિધિથી બનાવવો તે સર્વેનું જ્ઞાન ઘટ બનાવતા પૂર્વે હોય છે, તોજ ઉત્તમ પ્રકારનો ઘટ તે બનાવી શકે છે. તો આ જગતને ઉત્પન્ન કર્યું તે પૂર્વે તેના ઉપાદાન વિગેરે નો સંપૂર્ણ જ્ઞાતા સર્વજ્ઞ કોઈ હોવોજ જોઇએ.

જીવ માત્રનું જ્ઞાન તેના પોતાના અલ્પ અનુભવ વડે બહુજ મર્યાદિત હોય છે. તેથી જીવમાંથી કોઈ પણ આ જગતના કર્તા રૂપે હોઇ શકતું નથી. પ્રકૃતિતત્વ જડ છે તેથી તેમાં તો આ પ્રકારનું જ્ઞાન બીલકુલ નથી તેથી તે પણ જગતનું કર્તા નથી.

જીવ માત્રને ૧. મલ, ૨. માયા તથા ૩. કર્મ એ રીતના ત્રણ પાશોથી બાંધેલા છે, તેથીજ તેઓને પશુ કહેલા છે. આમાંથી જેમને માત્ર એકલો મળ પાશજ રહેલો છે તેમને વિજ્ઞાન કલ એટલે વિશેષ જ્ઞાન

થાય તે વખતે કળા એટલે અંશઅંશીભાવ રૂપે દેખાતા ભ્રમથી તેઓ મુક્ત થાય છે એટલુંજ તેમને બાકી હોય છે. મિથ્યાજ્ઞાન, અધર્મ, આસક્તિ હેતુચ્યુતિને પશુત્વ રૂપે જીવની દક્ ક્રિયા ઉપર ચઢેલા કાટની માફક અનાદિ કાળથી આચ્છાદન કરીને પશુપણાના મૂળ કારણરૂપે મળ રહેલો છે. હવે પૃથ્વિ આદિ પંચતત્ત્વો તથા રૂપાદિપંચ ગુણો મળીને દશકાર્યાખ્યા અને પંચ જ્ઞાનેન્દ્રિય તથા પંચ કર્મેન્દ્રિય તથા મન, બુદ્ધિને અહંકાર મળીને તેર કારણાખ્યા એમ ૨૩ ભોગસામગ્રિને કળા કહી છે. વિજ્ઞાન યોગ કે સંન્યાસ વડે અથવા ભોગે કરીને કર્મ નિર્મૂળ થતાં કેવળ મળ બાકી રહેલો હોય છે. તેવા એ ઉતમ અધિકારી છે. જેમના આ મલ સમાપ્ત થયેલા છે તેમને આઠ વિગ્રેશ કહ્યા છે. ૧ અનંત ૨ સૂક્ષ્મ ૩ શિવોતમ. ૪ એક નેત્ર ૫. એકરૂદ્ર. ૬ ત્રિમૂર્તિક ૭ શ્રીકંઠ ૮ શિખંડી એ નામે બાહુ દૈવત શિવે અનુગ્રહ કરીને તેમને આપ્યું છે, જેમના મલ અસમાપ્ત છે તેઓ સપ્ત કોટિ મહામંત્ર સ્વરૂપ કહેવાયા છે.હવે કેટલાકને મલ તથા કર્મ એટલે ફલાર્થીએ ધર્મ કે અધર્મરૂપે જે કરાય છે તે એમ બંને જે અનાદિ છે તે એ રીતે બે પાશો હોય છે. એ જેમનાં પરિપકવ થયા નથી તેઓ પુર્યષ્ટકયુકત રહેતા નાના યોનિમાં જન્મે છે. એ ઉભય જેમનામાં પરિપકવ થયાં હોય છે તેમના ઉપર ઇશ્વિરનો અનુગ્રહ થતાં તે સત્વર મુક્ત થાય છે. વિશિષ્ટ પુણ્ય સંપંન પુર્યષ્ટકવાળા પશુઓ ઉપર અનુગ્રહ કરીને અનંત ભગવાન આલોકમાં તેમને ભુવનપતિ બનાવે છે. તેઓ પ્રલયાકલ છે એટલે અંશઅંશિભાવરૂપ સંસાર ભ્રમ તેમનો પ્રલય થતા સુધી ટકે છે તેવા તે કહેવાય છે. કલા આદિના સંબંધથી જે ત્રણે પાશવડે બંધાયલા છે તેમને તે કળાની અપેક્ષાથી સકલ કહેલા છે. શિવના અનુગ્રહથી આમાંના ૧૧૮ મંત્રેશ્વરો થયા છે. તેમાં ૧૦૦ રૂદ્રો, ૮ મંડલપતિ, ૮ ક્રોધાદિ તથા ૧ શ્રી કંઠ તથા ૧ વીરેશ્વર થયાછે. બાકી રહ્યા તેમાંથી જેમના ત્રણે મળ પરિપકવ થયા છે તેમના ઉપર અનુગ્રહ કરીને સાક્ષાત શિવ પોતેજ આચાર્યરૂપને ધારણ કરીને તેમની નિકટ આવેછે. અને તેમને દીક્ષા આપેછે. જેમના ત્રણે મલપાકયા નથી તે ત્રણે મલોને પકવવા અર્થે તેઓને ભોગપ્રદાન આપે છે. આ ભોગ ભોગવવાના સાધનરૂપ શરીરો સાથે નાના યોનિયોદ્વારા તેમને જોડે છે, અને તે શરીર વડે તે ભોગવાવે છે. આ સર્વમાં ઓછું વધતું જ્ઞાન હોય છે છતાં તેમાંથી કોઇજિ સર્વજ્ઞ નથી તેથી આ જગત્નું કર્તા તેમાંનું કોઇ નથી. એટલે જડચેતન મિશ્ર જીવ અને જડ જગત્ એ બંનેથી કોઇ અન્ય સર્વજ્ઞ તત્વ જે હોય તેજ આ જગત્નું કર્તા હોવું જોઇએ.

આ પ્રમાણે પરમેશ્વરનું સ્વરૂપ છે. ગુણ અને ધર્મ માત્ર એ મૂલ સ્વરૂપમાંથી નિકળ્યા છે. પોતપોતાની શાખા તથા વંશપરંપરાથી કુલમાં ચાલી આવેલી પ્રથા તથા આસપાસ પ્રવર્તતી રૂઢી આદિ કારણોના પરિણામરૂપે એ પરમેશ્વર એક છે, છતાં તેમાંથી પ્રતીત થતા અમુક ગુણ ધર્મોને વિશેષ રૂપે ગૃહણ કરીને તે ઉપાધિવાળા પરમેશ્વરના સ્વરૂપને મુખ્ય કહે છે, અને અન્ય ગુણ ધર્મ ઉપાધિવાળા તેજ સ્વરૂપને ગૌણ કહે છે. તે પછી તે તે સ્વરૂપો એક બીજા સાથે સંબંધવાળાં જાણે ન હોય પણ પરસ્પરથી વિરોધિ હોય એવા ભાવને હૃદયમાં પ્રકટાવીને ભારે વાદવિવાદ તથા કલેશ ઘણા મચાવી મૂકે છે. વૈષ્ણવો, શૈવો, શાકતો આદિ પોતપોતાના ઇષ્ટને વિષ્ણુ, શિવ, શક્તિ આદિ નામથી સ્વીકારે છે. પરંતુ જે વાસ્તવ પરમેશ્વર તત્વ તે તે નામથી ઇષ્ટરૂપે ગણ્યું છે, તે એકજ છે. પોતપોતાના કુલ ધર્મને અનુસરીને આ એકજ પરમેશ્વરને જે નામ આદિ ઉપાધિપૂર્વક સેવવાનો પ્રચાર ચાલ્યો આવ્યો હોય તે નામ આદિ વડેજ ગૃહણ કરાયલો એકજ પરમેશ્વર છે, તેનેજ આ ગ્રંથમાં પરશિવ, મહેશ્વર આદિ શબ્દો વડે લક્ષણાથી કહેલો છે. બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર એ પ્રકારે રજસ, તમસ અને સત્વની ક્રમે ઉપાધિની અપેક્ષાથી તેજ પરમેશ્વરને કહેલો છે. એ ત્રણ ઇશિકોટીરૂપ ત્રિમૂર્તિ કહેવાય છે. આમાં સત્વ ઉપાધિવાળા પરમેશ્વરના સ્વરૂપને વૈષ્ણવો વિષ્ણુરૂપે ઓળખે છે અને શૈવો શિવરૂપે ઓળખે છે. વસ્તુના અસ્તિત્વને માનવામાં ભેદ નથી પણ જેને અધિકારીઓનો એક સમૂહ વિષ્ણુ નામ વડે કહે છે તેનેજ શૈવો રૂદ્ર કહે છે. અને એજ પ્રમાણે તમસ ઉપાધિવાળા તેજ પરમેશ્વરના સ્વરૂપને વૈષ્ણવો રૂદ્ર કહે છે તો શૈવો તેને વિષ્ણુ કહે છે, આ રીતે વસ્તુથી મતભેદ નથી છતાં એજ વસ્તુનાં જૂદાં જૂદાં નામ પાડીને વિરોધને અનુભવે છે, માટે આ શિવમાહત્મ્ય હોવાથી પરમેશ્વરના સર્વોત્કૃષ્ટ સ્વરૂપને શિવ આદિ શબ્દોથી પ્રબોધ્યું છે. તેમાં સુજ્ઞજને વિરોધને નહિ ધરતાં જે વસ્તુના સ્વરૂપને આલેખેલું છે તે મૂલ વસ્તુને વગર વિરોધે સમજીને આગળ ચાલવાનું છે.

શ્રુતિ ભગવતી અથર્વ શિરસમાં એક આખ્યાયીકા નીચે પ્રમાણે આપે છેઃ—

પૂર્વે વિષ્ણુ આદિ સર્વ દેવો એકત્ર મળીને આ જગત્‌નું શું કારણ છે તેનો વિચાર કરવા મંડ્યા. પરંતુ કોઈ પણ રીતે સંશય નિવૃત્ત નહિ થવાથી રૂદ્ર લોકમાં તે સર્વ ગયા. અન્ય સ્થાનોમાં સુખ દુઃખવડે મિશ્રિત

થયેલું હોય છે, તથા ઉત્તર કાલે અસ્ત થઇ જાય છે. અને અભિલાષા પ્રમાણેજ હાજર રહી શકતું નથી. આ સ્થાનમાં તો કેવલ નિર્મલ નિત્ય તથા યથેચ્છ સ્વરૂપે સુખ ઉભરાઈ જતું હતું. રૂદ નામનો જે સંસાર (રોદન કરાવનાર) તેનો દ્રવીભાવ કરનાર હર મહાદેવ, રૂદ્ર ભગવાન પરમ કરૂણાથી તે સર્વને પ્રત્યક્ષ ત્યાં થયા. પૂર્વે કદી આ રૂદ્ર ભગવાનનાં દર્શન થએલાં નહિ તેવા અપૂર્વ સ્વરૂપને જોઇને સર્વ દેવોએ પ્રણામ કર્યા, અને પૂછ્યું કે આપ કોણ છો? તેનું સ્વરૂપ અમને સમજાવો. તેમણે ઉત્તર આપ્યું કે પશુ માત્ર ઉપર અનુગ્રહ કરીને તેમનું હું પાલન કરૂં છું માટે હું પશુપતિ છું. તેમને નિયમનમાં વર્તાવું છું માટે ઇશ્વરછું. રૂદ્ર ભગવાન હું પોતે છું તેથી અનાદિ મલને હું દૂર કરૂં છું. હું સર્વની ઉત્પત્તિ કરીને તે સર્વનો દૃષ્ટા છું. પશુ માત્રના પાશોમાં વ્યાપાર કરવાનું જે સામાર્થ્ય છે તે મ્હારૂં આપેલું છે. પશુઓને ભોગ તથા અપવર્ગ રૂપ મોક્ષ હું આપું છું, તેથી હું સર્વનો ઇષ્ટ છું. પ્રલયના સમય સુધી માત્ર પોતાના સ્વરૂપમાં જે ટકી રહે છે તેને તત્વ નામ આપેલુંછે. હું પ્રલયમાં પણ શિવરુપેજ રહું છું તેથી હું તત્વોનું તત્વ અથવા મહાતત્વ કહેવાઉં છું. બ્રહ્માથી પણ પૂર્વે હું હતો હાલ છું અને અતઃપર ભાવીમાં પણ નિત્ય રહેનારો છું મને એક અદ્વિતીય કહયો છે, એટલે મારાથી અન્ય કોઇજ નથી તેમજ મારા જેવો પણ અન્ય કોઇજ નથી એવું તાત્પર્ય છે. એક એ શબ્દના પ્રયોગથી એક એ નામની સંખ્યાની મર્યાદા વાળો હું છું એવું તાત્પર્ય ગ્રહણ કરવાનું નથી પરંતુ બે ત્રણ આદિ સંખ્યાના બાધ માત્રને તે દ્વારા સૂચવ્યો છે. અને કાલ તથા સંખ્યાની મર્યાદાથી હું રહિત છું.

શાસ્ત્ર કહે છે કે એકજ પરમાત્મ વસ્તુ છે અન્ય કાંઇજ નથી. અનુભવમાં તો જેમાં અનેક સ્વરૂપો નૃત્ય કરી રહ્યાં છે એવું આ જગત્ ભાસે છે તો ખરૂં શું છે તેનો વિચાર કરતાં આ પ્રકારે જણાય છે. દૃષ્ટાંત રૂપ એક દોરડીમાં સર્પ, દંડ, ધારા એ પ્રકારના ભ્રમથી થએલા અનુભવોપ્રતિ દૃષ્ટિ કરીએ. દોરડીના સ્વરૂપમાં આ (इदम्) એ અંશ રહેલો છે અને તે અંશ સત્ય છે. સર્પ, દંડ અને ધારા એ નામના ભ્રમાત્મક મિથ્યા જ્ઞાનને સમયે પણ એ આ નામનો સત્ય અંશ તે મિથ્યા સ્વરૂપમાં આધાર રૂપે વ્યાપી રહેલો હોય છે. અને તેથીજ તેના ભાસ દ્વારા સર્પ, દંડ, ધારા એવી કલ્પનાબની શકે છે, એ પ્રમાણે ઘટ છે, પટ છે એ રીતે છે એમ દેખાતું સત્ એ

તત્વને આધાર રૂપે જેમાં પરોવી મૂકયું છે, તેવું આ જગત્ ભાસે છે. એ પ્રકારે આખા જગતમાં પરોવાઈ રહેલું કેવલ સત એજ મારૂં સ્વરૂપ છે. અને એ રીતે સત્ રૂપથી જગતને મારા સ્વરૂપ ઉપર કલ્પીને જગતની પ્રતીતિ હું કરાવી રહ્યો છું. એક વસ્તુમાં બીજી વસ્તુ પ્રસરી રહે તે બીજી વસ્તુ તે મિશ્રણથી કહાડી લેવાય તે સમયે અસલ વસ્તુ પોતાને સ્વરૂપે દેખાય છે. હાઇડ્રોજન અને ઓકસીજન મળીને જલ થએલું છે. તેમાં વ્યાપેલું હાઇડ્રોજન કહાડી લઇએ તો ઓકસીજનનું સ્વરૂપ નીરાળું સમજી શકાય છે. તે પ્રકારે સત (છે) રૂપે કેવળ સત માત્ર આ જગતમાં વ્યાપી રહ્યું છે. તેને જૂદું જગતમાંથી કહાડી લઇએ અને તે સત્યમાત્ર શિવાયના કેવલ જગતના સ્વરૂપને સમજીએ તેવું આ નથી. કારણકે સત્યમાત્રનો પ્રકાશ તો સત્વજેજ સદા છેજ. અને તે પ્રકાશને છૂટો કરી શકાય એવું કદિ છેજ નહિ એ સત્ સ્વરૂપને સમજવાને માટે કોઈ તેનાથી અન્ય માટે તે અસત એટલે નથી એવા સ્વરૂપવાળું હોય તો એનો અર્થ એવો થાયછે કે અન્ય પ્રકાશ નથી. અન્ય રૂપે ગ્રહણ થતું સર્વ કલ્પિત હોવાથી જડ છે. અને સત એકલુંજ સ્વપ્રકાશ હોવાથી ચિદ્રુપ છે. તે હું છું આ રીતે વસ્તુ માત્રમાં સતચિત એ રૂપે સત્ય સ્વરૂપે હું એકજ છું અન્ય સર્વ માત્ર કલ્પાયલું છે. તેથી તે કલ્પાએલાનો બાધ કરતાં આત્મરૂપે હું એકલોજ છું અને એ આત્મા અમર્યાદિત પ્રેમનું સ્થાન હોવાથી હું પરમાનંદ રૂપ કહેવાયો છું અને તેથીજ વેદ પરમાનંદ એકરસ કહીને મારૂં ગાન કરી રહ્યો છે.

આ કલ્પિત જગત અનાદિ છે, તેથી તે નિત્ય છે. અને કાદાચિત્ક એટલે કદાચ હોય ને કદાચ ન હોય એવું નથી. છતાં જગતને કાદાચિત્ક માનીએ તો તેને તેના કારણ રૂપે કાદાચિત્ક પદાર્થનીજ અપેક્ષા રહે છે અને તેને અનુરૂપજ કોઈ કલ્પિત ઉપાદાનની અપેક્ષાને રાખે છે. આ ઉપાદાન સત્યપદાર્થરૂપ હોય તો તેના કાર્યરૂપ જગત પણ સત્ય રૂપજ હોય અને કલ્પિત કહેવાય નહિ અને કહે તો વદતો વ્યાઘાત દોષ તેમાં આવે છે. આ દોષોની પ્રક્રિયા નૈયાયિક છે. તેમાં જે વસ્તુનું સ્વરૂપ અજ્ઞાત છે તેનું જ્ઞાન અનુમાન પ્રમાણ વડે થાય છે. જેનું જ્ઞાન કરવાનું હોય છે તે અજ્ઞાત વસ્તુને સાધ્ય કહે છે. અનુમાન કરવાના સાધનરૂપ જે જે વસ્તુઓને લેવામાં આવેછે તે સર્વ જ્ઞાત હોયછે, અને જ્ઞાત વસ્તુઓના જ્ઞાનદ્વારાતે અજ્ઞાત વસ્તુનું જ્ઞાન કરાવાય છે. આ પ્રમાણે અજ્ઞાત વસ્તુનું જ્ઞાન કરાવવાની પ્રક્રિયા જે વસ્તુ પ્રત્યક્ષ નિઃસંશય જ્ઞાનનો વિષય છે ને તેથી જ્ઞાત છે તેની બાબતમાં ઉપયોગમાં લેવાય તેમ નથી. છતાં લેવાય તો જે વસ્તુ જ્ઞાત કોટીમાં છે

તેને તેમાંથી ઉપાડીને અજ્ઞાતકોટીમાં મૂકવારૂપ પરિણામ નામનો ભ્રમ કરીને તે ગાંડાઇથી સ્તબ્ધ થવાય છે. કોઈ મનુષ્ય બોલે છે કે "મારે જીભ નથી." એ વાક્ય શ્રવણ કરનારના મનમાં સંશય લેશ પણ હોતો નથી કે બોલનારના મુખમાં વખતે જીભ ના પણ હોય. કારણ કે તેશબ્દનું પ્રત્યક્ષ શ્રવણ બોલનારની જીભ વિના અસ્તિત્વમાં હોવાનોજ સંભવ નથી છતાં તે મનુષ્ય એ પ્રકારનું બોલે તો તે ઉન્માદ આદિ દોષગ્રસીત હોવો જોઇએ. આ દોષને વ દતોવ્યાઘાત દોષ કહે છે.

જગત કલ્પિત છે એ પ્રમાણે આપણે સ્વીકાર્યુંછે. હવે એ જગત જે ઉપાદાનતત્વનું બન્યુંછે તે તત્વને કલ્પિત નહિ પણ સત્યરૂપ ગણીએ તો સત્યરૂપ પદાર્થ વડે સત્યરૂપ જગત બની શકે, તેથી જગતના કારણને સત્યરૂપ લેવાથી જગત કલ્પિત તથા સત્ય એમ વિરૂદ્ધ ભાવવાળું થાય છે એ વદતો વ્યાઘાત દોષ ઉપર પ્રમાણે આવે છે આ પ્રકારનો કારણ રૂપ ગણેલો પદાર્થ કાદાચિત્ક છે ને આદિવાળોછે. તો એમ હોવાથી તે કારણને માટે પણ એજ પ્રકારનું અન્ય કાદાચિત્ક પદાર્થનું સ્વરૂપ કારણ રૂપે લેવું પડશે તેનું વળી ત્રીજું તે ત્રીજાનું ચોથું એ રીતે કારણ પરંપરાને કલ્પતાં તેનો અંત આવતો નથો, અને જગતનું કારણ રૂપે કલ્પાએલું પહેલું સ્વરૂપ જેટલું અનિશ્ચિત છે, તેટલુંજ જેટલામાં કારણે થાકીને ઉભા રહીએ તેટલામું કારણ તેટલુંજ અનિશ્ચિત રહે છે. એને અનવસ્થા દોષ કહે છે. તેથી જગત્‌નું કારણ કોઈ આદિવાળો પદાર્થ હોય એવું હોઈ શકતું નથી. તેથી જગતનું કારણ અનાદિ છે. અને કાદાચિત્ક નથી. એમ સ્વીકારવું પડે છે. આ કારણને માયા કહી છે. સત્વ. રજસ અને તમસરૂપ હોવાથી તે ત્રિગુણાત્મિકાછે. સાંખ્ય મતવાળા આ તત્વને પ્રધાન શબ્દ વડે ઓળખેછે. અને તે પ્રધાન તત્વને પુરૂષથી સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરનારૂં માનેછેઆપણે પણ આ કારણતત્વને એજ પ્રકારે ત્રિગુણાત્મક સ્વીકાર્યુંછે. પણ એ માયાને આપણે ઇશ્વરને અધીન વર્તનારી પરતંત્રરૂપે ગણી છે. તેથી તેને શક્તિ એવું નામ પણ આપ્યું છે. આ ગુણોનો સ્વભાવ પરસ્પરનો અભિભવ કરવો એવો છે. વિશુદ્ધસત્વા માયા રજસ તથા તમસ સહજ ઉંચા આવે છે એટલે તેમના વડે સત્વ મલિન થાય છે, તે સમયે માયાને મલિનસત્વા કહે છે તમસનું બલ અતિશય વધિ જતાં રજસ તથા સત્વ દબાઇને નહિવત્ થાય છે ત્યારે કેવલ તમોમયી માયા કહેવાય છે. એ પ્રકારની વિશુદ્ધસત્વામાયા હું જે માયી તેને વશ વર્તે છે. અને તે માયાને અધીન

રાખનાર હું પરમશિવ ઈશ્વર છું, એવો હું જગતને બનાવી રહયો છું. સર્વજ્ઞ છું. બહુપ્રદ છું. બીજા પ્રકારની મલિન સત્વામાયા ઉપર કહી તે માયીને વશ કરે છે એ રીતે વશ થએલું ચૈતન્ય સંસારી જીવરૂપે કહેવાય છે. અને તે માયાને વશ વર્તતો કર્તા ભોક્તારૂપે પ્રતીત થાય છે. કેવલ તમોમયી માયા જે ત્રીજા પ્રકારની કહી તે તો પોતાને આશ્રય આપનાર ચૈતન્યને અસતવત એટલે નહિ જેવુંજ કરી મૂકે છે. તે ભૂત ભૌતિક જગતરૂપે ભોગ્ય બની રહે છે. ભોગપ્રદ ઈશ્વરને વશ વર્તનારી જે માયા તેણેજ કેવલ તમોમયી દશાને પ્રાપ્ત ભોગ્ય જડ જગત ચર અચરરૂપે રચ્યું. આ પ્રમાણે ભોગપ્રદ, ભોક્તા તથા ભોગ્ય એવા વિભાગ માયાએ પોતેજ મારે વિષે કલ્પેલા છે. એ માયા પોતેજ કલ્પિત સ્વરૂપછે, તેથી માયાતીત હું જે પરશિવ તેનાથી સ્વતંત્ર વાસ્તવ સત્તાવાળી ભિન્ન માયા છેજ નહિ. બ્રહ્મજ્ઞાન જયાં સુધી થયું નથી ત્યાં સુધી આ ત્રણ પ્રકારનો ભેદ પ્રતીત થાય છે. બ્રહ્મજ્ઞાન સિદ્ધ થતાં એ ત્રણે બ્રહ્મરૂપજ બની રહે છે. શિવજ દાતા, ભોક્તા તથા આ જગતરૂપે છે. શિવજ યજ્ઞો વડે યજન કરે છે. એ રીતે જે શિવનું વેદોએ ગાન કર્યું છે તે હું છું. માયાથી અતીત જે હું શિવ છું તેજ મારી માયા વડે ભોગનો દાતા ભોગનો ભોક્તા તથા ભોગ્ય બનું છું. ભોક્તાને શિવ સાક્ષાતકારરૂપ જ્ઞાન થતાં તે વિભાગની હેતુ ભૂત માયાનો નાશ થાય છે. તે સમયે હું કેવલ શિવરૂપ થઈ રહું છું. તેમ કરવાનો ઉપાય આ પ્રમાણે છે. ભોક્તા પશુરૂપે છે. તેણે મોક્ષની ઉત્કટ ઈચ્છા થતાં સદ્‌ગુરૂરૂપ આચાર્ય પાસે જવું. તેમની પાસેથી વેદવાકયોનું શ્રવણ કરીને પોતે બતાવે તે રીતે તેમનો અભ્યાસ કરવો. એ રીતે વેદવાકયના અભ્યાસદ્વારા જ્ઞાનની ઉત્પત્તિ થશે અને તે થતાં મ્હારા સ્વરૂપનું અનુભવ પર્યન્તનું જ્ઞાન થશે, અને તેથી મુક્ત થવાશે. એ પ્રમાણે સદ્‌ગુરુશ્રીના ઉપદેશ દ્વારાજ પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે, એવો દેવોને ઉપદેશ કરીને શ્રી સાંબસદાશિવ અંતર્ધ્યાન થયા. આ જ્ઞાનના સાધનોમાં પાશુપત વ્રત તથા પ્રણવ પંચાક્ષર આદિ મંત્રોના જપ વિગેરેનું વિધાન તો શાસ્ત્રોમાં કહેલું છે, તેથી તે વાર્તા ઉપદેશરૂપે શિવભગવાને કહેલી નથી. એ રીતનો ઉપદેશ મળવાથી દેવોને બહુજ સંતોષ થયો. જે સ્થિતિને અલભ્ય ગણતા હતા એનો લાભ અમને અવશ્ય મળશેજ એવી શિવના મુખથી ખાત્રી થવાથી અત્યંત હર્ષના આવેશમાં બેઠા, અને ઉંચા હાથ કરીને શ્રી મહાદેવની સ્તુતિ કરવા મંડી પડયા ॥ **યોવૈરૂદ્રઃ સભગવાન્** ॥ ઈત્યાદિ અથર્વ શિરસ વડે

તથા શતરૂદ્રીયાદિ નાના પ્રકારના સૂત્રો તથા પંચાક્ષર મંત્ર વડે શ્રી મહાદેવનું સ્તવન કીર્તન કર્યું. વળી શિવ જ્ઞાનની સિદ્ધિના સંકલ્પ પૂર્વક અત્યંત પ્રેમ તથા આદરથી અગ્નિહોત્રની ભસ્મને લીધી તેને શુદ્ધ પાત્રમાં ભરી જલ વડે હાથ પગ ધોઇને બે વખત આચમન કર્યાં. પવિત્રીને ધારણ કરી અને એકાગ્રચિત્તથી અંતઃકરણને મહાદેવની ભક્તિથી પૂર્ણ કર્યું. પછી ॥ ૐ आपो ज्योति रसो मृतम् । ब्रह्म भूर्भुवस्वरोम् ॥ એ મંત્રને ભણીને જળના અધ્યક્ષ દેવતા શ્રી વિષ્ણુ ભગવાનનું ધ્યાન ધરતાં તે ભસ્મને હાથમાં લીધી તે પછી ॥ ૐ अग्निरिति भस्म । ૐ वायुरिति भस्म । ૐ जल मिति भस्म । ૐ स्थल मिति भस्म । ૐ व्योमेति भस्म । ૐ सर्वंहवाइदं भस्म । ૐ मनएतानि चक्षूंषि भस्मानि ॥ એ જાબાલમંત્રો વડે તે ભસ્મને ભીની કરી, પોતાની વૃત્તિઓ શુદ્ધ તથા એકાગ્ર કરીને તે ભસ્મમાં ભાવના વડે સાક્ષાત શિવ તથા શિવાનું ધ્યાન ધર્યું અને એ રીતે બ્રહ્મ રૂપ થએલી ભસ્મનું પગથી માથા સુધી ખુબ લેપન કર્યું આ ભીની ભસ્મમાં आपः શબ્દથી સૂચવાએલું જગદંબા શિવાનું સ્વરૂપ તેમાં રહેલા જળથી ભાવનાના પ્રદેશમાં ખડું થાય છે. ज्योतिः શબ્દ વડે સૂચવાયલું શુદ્ધ સત્વમય શિવનું સ્વરૂપ શ્વેત ભસ્મ વડે ગ્રહણ થાય છે. એ રીતે શિવ શકિતની એકતારૂપ रस સૂચવાયો છે. છે તેથી તે પ્રકારની ભસ્મ अमृत એટલે મૃત્યુનો જય કરાવી આપનાર ब्रह्म મયી એટલે मृत्युं जय સ્વરૂપ થઇ રહેલી છે આ રહસ્યને ॥ आपो ज्योति रसोमृतम् ब्रह्म ॥ એ મંત્ર સૂચવે છે. હવે પછી કહેવાશે કે આપણા શરીરનાં જૂદા જૂદા અંગો અગ્નિ, વાયુ, જલ, સ્થલ (પૃથ્વિ) તથા વ્યોમ રૂપે કહેલાં છે તથા આપણી બહાર આપણી બહારનું સર્વજગત પંચભૂતાત્મક છે. આ બધુંજ કેવલ તમોમય ભૂત ભૌતિકજડ રચના દેખાય છે તે બ્રહ્મ ભૂત भस्मના સંસર્ગ વડે ભસ્મ જે પરમ શક્તિવાળું શિવતત્વ તેમય બની રહે છે. એ પ્રકારની ભાવના જાબાલ મંત્રથી કરાઇ છે. તે પછી લલાટે, હૃદયે, બન્ને પાસાએ બન્ને ભુજાઓએ ત્રિપુંડ્રોને કર્યાં આ ત્રિપુંડ્રની ત્રણ રેખાઓ બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર રૂપી ઇશત્રયની સ્થાપનાને સૂચવે છે. આ પ્રકારનું પાશુપત વ્રત અથર્વ શિરસમાં આપેલી વિધિ પૂર્વક દેવોએ કર્યું. તેથી તેઓ શમ, દમ તથા વૈરાગ્ય નામના સાધનોથી યુક્ત થયા એ સ્થિતિ પ્રાપ્ત થતાં તેમણે કર્મનો ત્યાગ કર્યો.

હૃદયને કમળ રૂપે ધારવું એ કમળની મધ્યે જે તંતુઓ હોય છે તેમાં સૌથી મધ્યમાં આવેલો કમળનો તંતુ એક ધારવો. એ તંતુને માથે અત્યંત સૂક્ષ્મ પ્રકારની ગોળી એક હોય છે તેવી ગોળી ધારવી. તે ગોળીની મધ્યમાં વાળના અગ્ર જેવડું અર્થાત્ અત્યંતજ સૂક્ષ્મ સ્વરૂપને ધારીને આપણા આત્મારૂપે સકલ વિશ્વના ઈશ રહેલા છે. એ રીતે ધારણા કરવી. એ કમલતંતુની ગોળીને હૃત્પદ્મકર્ણિકા કહેલી છે. તેમાં આ રીતે પ્રતીતિ થતાં જેનું જ્ઞાન થાય છે એવા શંકર છે. પોતાના સાક્ષાતકાર રૂપવાળી સાધકની વૃત્તિ થતાં તે સાધકના સંસારરૂપ બંધનને કારણુસહિત ભસ્મીભૂત કરનાર અગ્નિ સ્વરૂપ, સર્વજ્ઞ, સર્વના કર્તા સમસ્ત જગતના આધાર રૂપ, અદ્ભુત શ્રી મહેશ્વરનું સ્વરૂપ છે. તેસ્વરૂપ નું દેવતાઓએ ધ્યાન કર્યું તે પછી પ્રણવ મંત્રનાજપ સહિત શિવપૂજન કર્યું એમ કરવાથી અનેક જન્મોથી પ્રાપ્ત થએલા સંસ્કારોની જાલરૂપ જે અવિદ્યા તેની નિવૃતિ થઇ. એ અવિદ્યા રૂપ મલ દૂર થતાં ચિત્તની નિર્મળતા થઇ અને પ્રસાદ રૂપે પ્રસન્નતાનો અનુભવ આપવા અર્થે શ્રી રૂદ્ર ભગવાને પુઃન દર્શન આપ્યાં.

વ્રતાદિ વડે સકલશિવનું પૂજનાદિ આ દેવોએ પ્રથમ કર્યું હતું. તેથી પ્રથમ શિવનું સકલ સ્વરૂપ દેવોને પ્રત્યક્ષ થયું હતું તે સમયે શિવના તે સ્વરૂપ દ્વારા મળેલા ઉપદેશ વડે સત્ શબ્દના પ્રયોગથી શિવના નિષ્કલ સ્વરૂપનું પરોક્ષ જ્ઞાન દેવતાઓને પ્રાપ્ત થયું હતું તે સમયે પ્રતિબંધક પાપોના સંસ્કારો જે રહ્યા હતા તે હવે દૂર થયેલા હોવાથી આ સમયે તેજ શિવનું નિષ્કલ સ્વરૂપ પ્રત્યક્ષ થયું. પશુ માત્રના પાલન કરનાર વિશ્વમાત્રને નિયમનમાં રાખનાર. ઉમારૂપ જેમનું અર્ધ અંગ બની રહ્યું છે એવા, શ્રી નામના તેજ વાળા, અર્ધચંદ્ર રૂપ મુકુટ વડે જેમનું લલાટ શોભી રહ્યું છે તેવા, નીલકંઠ, સકલ સ્વરૂપ, શ્રી રૂદ્ર ભગવાન, તેજ પોતે સંસાર રૂપ ભવ ભ્રમણનો નાશ કરતા, પોતાના મહિમા રૂપજ આધારવાળા, અન્ય આધારની અપેક્ષા વિનાના, માયા રૂપ. પરંતુ પરતંત્રરૂપ મળથી રહિત હોવાથી તે માયાના કાર્ય રૂપ સંસાર દુઃખથી નિત્ય મુક્ત, બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્રના ઉપાસ્ય, પરમેશ્વર નિષ્કલ સ્વરૂપે આ સમયે દેવોને પ્રત્યક્ષ થયા.

॥ तत्त्वमसि॥ તે તુંછે. अहं ब्रह्मास्मि॥ હું બ્રહ્મ છું વિગેરે

ને વેદનાં મહાવાકયો કહ્યાં છે. કારણકે તે વાકયો દ્વારા બ્રહ્મ તત્વનું અત્યંત નિકટ જ્ઞાન થાય છે સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ॥ સત્ય જ્ઞાન, અનંત એ સ્વરૂપ બ્રહ્મનાં છે. આ વિગેરે વેદનાં અવાંતર વાકયો કહેવાય છે. એટલે મહાવાકયો વડે બ્રહ્મતત્વની લક્ષણા કરવામાં તેઓ સહાયકરૂપે છે. શબ્દનો પ્રયોગ થતાં જે અર્થનું ભાન શ્રવણ કરનારના હૃદયમાં ખડું થાય છે, એ અર્થને વાચ્ય મુખ્ય અથવા અભિધેય અર્થ કહે છે. આ પ્રકારના અર્થનું ચિત્ર શ્રવણ કરનારના ચિત્તમાં ખડું કરવાનું તે શબ્દમાં રહેલું જે સામર્થ્ય છે તેને અભિધાશક્તિ કહે છે. વેદનાં ઉપર કહેલાં વાકયોના શ્રવણ વડે તેમાં યોજાયલા શબ્દોની અભિધાશક્તિથી સકલ શિવરૂપ જે સગુણ બ્રહ્મ તેમનું જ્ઞાન થાય છે. વાક્યમાં યોજાયલા શબ્દો અભિધા શક્તિથી જે અર્થને પ્રબોધે છે, તેમાં પરસ્પરમાં વિરોધ આવતાં અર્થનો સંબંધ બેસતો નથી. તે સમયે અમુક શબ્દોનો પ્રયોગ કરવામાં પ્રયોગકર્તાનો શો ઉદ્દેશ છે, તે પ્રતિ લક્ષણાવૃત્તિને દોડાવી બંધ બેસતો જે અર્થ હોય તે તે અર્થનું ચિત્ર ખડું થાય છે. શબ્દમાં રહેલી આ શક્તિને લક્ષણા કહે છે, અને તે શબ્દથી પ્રતીત થતા અર્થને લક્ષ્યાર્થ કહે છે. આ પ્રમાણે વેદાંત વાકયો પણ અભિધાશક્તિ વડે જેમના સ્વરૂપને કહેવા અસમર્થ હોવાથી લક્ષણા શક્તિનો ઉપયોગ કરીને દૂરથી બતાવી વિરમે છે, તેવા નિષ્કલ શ્રી શંકર ભગવાન પ્રત્યક્ષ થયા. સત્ય એ શબ્દ વ્યવહારમાં જે જેવું છે તેવુંજ તેને કહેલું હોય તેવા અનેક પદાર્થોનો વાચક છે. તેથી એ પ્રકારની સર્વ વ્યક્તિઓનો તેમાં સમાવેશ થાય છે. એટલે એવી દરેક વ્યક્તિના વાચકરૂપે હોવાથી તેને તે વર્ગમાં આવેલી સર્વ વ્યક્તિયોના સામાન્ય નામરૂપે પ્રથમ ગૃહણ કરાય છે. તેજ રીતે ખુરશીનું ભાન, લાકડીનું ભાન, સુખનું ભાન, દુઃખનું ભાન વિગેરે ભાન પરંપરા થાય છે, તેમાં ભાન રૂપે પ્રતીત થતી દરેક વ્યક્તિનું જે વાચક છે તેનું તેજ સત જ્ઞાન નામેથી ઓળખાવ્યું છે. એ કારણથી જ્ઞાન સામાન્ય નામ રૂપે ગૃહણ કરવાનું છે દેશ અનંત, કાલ અનંત, આકાશ અનંત, માયા અનંત, આદિ પ્રત્યેક વ્યક્તિનો વાચક હોવાથી અનંત શબ્દ પણ સામાન્ય નામ રૂપે ગૃહણ કરવાનો છે. ભોજનનો આનંદ, ગાનનો આનંદ, સુવાનો આનંદ એ પ્રકારની વૃત્તિઓનો વાચક હોવાથી આનંદ શબ્દ પણ જાતિ વાચક છે, એટલે સામાન્ય નામ છે આ પ્રમાણે સત્ય જ્ઞાન, અનંત આનંદ પોત પોતાની જાતિમાં શમાયલી સર્વ વ્યક્તિઓનાં વાચક હોવાથી અભિધા શક્તિ વડે પર કહેવાય છે. આ સર્વ જાતિઓની આધાર ભૂત

એકજ વ્યક્તિ છે. સત્ય જાતેની વ્યક્તિઓમાં એક એવી વ્યક્તિ છે. કે જે જ્ઞાન જાતિની વ્યક્તિઓમાં પણ હાજર છે, વળી તેજ વ્યક્તિ અનંત જાતની વ્યક્તિઓમાં પણ હાજર છે, અને તેજ વ્યક્તિ આનંદ જાતની વ્યક્તિઓમાં પણ હાજર છે. આ પ્રકારની જે એકજ વ્યક્તિ તેને બ્રહ્મ શબ્દથી સૂચવી છે. આવો અર્થ ॥ सत्यं ज्ञानमनंतं ब्रह्म ॥ એ વાક્ય માંથી લક્ષણા વડે સમજવાનોછે, ॥ तत्त्वमसि ॥મહા વાક્યમાં યોજાયલો तत् શબ્દ તથા ॥ सर्वं खल्विदं ब्रह्म ॥ ॥ अहं ब्रह्मास्मि ॥ ॥ अयं मात्मा ब्रह्म ॥ માં યોજાયલો બ્રહ્મ શબ્દ સર્વજ્ઞત્વ, જગત્‌ના કારણરૂપત્વ એ વગેરે ધર્મોને સૂચવે છે. તથા त्वम् (તું) अहम् (હું) વિગેરે શબ્દોમાં સંસારીપણું, અલ્પજ્ઞપણું, વિગેરે ધર્મો સૂચવાય છે. આ પ્રકારે વિરોધી ધર્મવાળાની એકતા અભિધા શક્તિથી નીકળે છે એટલે અલ્પજ્ઞ સર્વજ્ઞ છે એ પ્રકારનો અસંભવિત અર્થ દેખાય છે લક્ષણા વડે તે અસંભવને દૂર કરવાનો છે, એટલે જેવી રીતે ગંગા ઉપર શહેર વસ્યું છે એ વાક્યમાં ગંગા શબ્દનો વાચ્યાર્થ જલનો પ્રવાહ છે. અને તેવા પ્રવાહના ઉપર શહેર હોઈ શકતું નથી, તેથી ગંગા શબ્દનો પ્રવાહરૂપ અર્થ છોડીને તે પ્રવાહનો જે તટ એવો અર્થ લક્ષણા કરીને લેવાય છે. તેજ પ્રમાણે तत्, ब्रह्म શબ્દોમાંથી સર્વજ્ઞત્વ આદિ ધર્મોને તથા त्वम् अहम् આદિમાંથી અલ્પજ્ઞત્વાદિ ધર્મો કહાડી લેતાં વિરોધીપણાને લક્ષણા વડે શમાવાય છે અને તેમ થતાં એ દરેક વાક્યના બંને પક્ષોની વચ્ચે અખંડ એકરસતા જામી રહે છે. આ પ્રકારનું જે અવશેષ તત્વ તેજ નિષ્કલ શિવનું સ્વરૂપ છે, 'સ્વરૂપ' શબ્દમાં 'સ્વ' કેવલ આત્મતત્વને સૂચવે છે સમસ્ત ઉપાધિ માત્ર નિરાંતે શાંત થઇને જેમાં ડુબી ગઈ છે, એ પ્રકારના કેવલ આત્મરૂપ હોવાથી શિવસ્વરૂપભૂત કહેવાયા છે. કોઈ વ્યક્તિ કોઇ કાર્યમાં યોજાય છે તે સમયે તે કાર્યમાં ન યોજાનારો અન્ય પુરૂષ પાસે ઉભો ઉભો જુવે છે તેને સાક્ષિ કહે છે. આ પરમ શિવ સંસારમાં ન જોડાતાં ઉદાસીન રૂપે તેમાં વ્યાપી રહેલા છે તેથી તેઓ સાક્ષી કહેવાય છે. પૂર્વના શુભ કર્મો વડે અનુકૂલતાની પ્રતીતિ કરાવતા વિષયો આપણી સમક્ષ સ્થપાય છે. તે વિષયો સાથે આપણી ઇન્દ્રિયોનો સંબંધ થાય છે. એ પ્રકારનો સંબંધ થતાં સંસારી જીવોનાં અંતઃકરણમાં તૃપ્તિવૃત્તિ નામની ક્ષણિક નિષ્કામાવસ્થા પ્રાપ્ત થાય છે તેથી તે સમયે રજસ તમસ્ ક્ષણિક દબાઈ જાય છે. અને સત્વ બળ ઉપર ધસી આવેછે તે સમયે જે આનંદ

સ્વરૂપ આત્માનો સહેજસાજ પ્રસાદમાં ઝળકારો અનુભવાયછે. તેને સુખ અથવા પર આનંદ કહે છે. તેજ આનંદ વૃત્તિ સંસાર સમૂળ નિવૃત્ત થતાં પૂર્ણ કળાથી પ્રકાશેછે આ પ્રકારના સુખને કરનાર શંકરછે. જેઓ શ્રુતિ સ્મૃતિમાં કહેલા ધર્મોનું પાલન કરતા નથી, તથા તેમાં નિષેધ કરાયલા અધર્મોને ત્યજતા નથી, તેમને આ શંકરના દર્શનનો યોગ કદાજ આવતો નથી. એજ શંકરની પ્રાપ્તિ અર્થે બ્રાહ્મણાદિ ત્રૈવર્ણિક પ્રજા વેદોનું અધ્યયન કરે છે, ઉત્તમ બ્રાહ્મણો એમનું યજન કરે છે. એજ પરમદેવ છે. યોગયો યોગના બળથી પાપને બાળી મૂકે છે ત્યારે એમનુંજ દર્શન કરે છે. એમના પ્રસાદરૂપ સાધન વડેજ બ્રહ્મામાં સૃષ્ટિને રચવાનું સામર્થ્ય છે, તથા વિષ્ણુ ભગવાનમાં પાલન કરવાનું સામર્થ્ય છે. એવા આ શંકર પ્રત્યક્ષ થયા. કારણ કે પ્રથમના ઉપદેશ વડે દેવોનું સત્વ બળ અત્યંત શુદ્ધ થઈ રહ્યું હતું. પ્રથમના ઉપદેશ વડે થએલા પરોક્ષ જ્ઞાનના આનંદથી ઉભરાઇને દેવતાઓએ તે સમયે અથર્વ શિરસ્ આદિ વડે શ્રી મહેશ્વરની સ્તુતિ કરી હતી, તો આ સમયે તો અપરોક્ષ જ્ઞાનનો લાભ થયો. અપરોક્ષ જ્ઞાન થતાં આનંદ નિરતિશય થાય છે. સર્વ કામનાઓ એકજ વખતે સિદ્ધ તે સમયે થઈ રહે છે. તેથી સમસ્ત સુખ માત્રનો તેમાં અંતર્ભાવ થઈ રહેછે. સંસારી સ્થિતિમાં અનેક સુખો એકજ સમયે અનુભવી શકાતાં નથી, પરંતુ એક પછી એક અનુક્રમે ભોગવાય છે અને બીજું ભોગવવાને સમયે પ્રથમનું લોપાઈ જાય છે. તે પ્રકારની ખામી જે સુખમાં નથી તેવા પ્રકારના બનાવીને સર્વ સુખ માત્રનો અનુભવ માત્ર એકી વખતે કરાવનાર શંકર ભગવાન છે. સંસારરૂપી મહારોગના દુઃખને ટાળનારૂં પરમ ઔષધ સાક્ષાત્ પરમ શિવ છે. એવા શંકર ભગવાનની દેવતાઓએ ગદ્ગદ કંઠે પુનઃ સ્તુતિ કરી. કરુણાના સાગર શ્રી મહાદેવે સર્વ દેવો ઉપર વરદ દૃષ્ટિ પ્રસારી. અને પોતે બોલ્યા કે હું પ્રસન્ન થયો છું. કર્તવ્ય કેટલું બાકી હશે અને તે ક્યારે પૂર્ણ થશે એ પ્રકારની ચિંતા માત્રને દૂર કરવા ગંભીર વાણીથી શ્રી મહાદેવજી બોલ્યા કે આ જે સ્વરૂપ તમને પ્રત્યક્ષ થાય છે તે હુંજ પરમશિવ સ્વરૂપ છું. જે જે મોટામાં મોટું તત્વ તે હું છું. જગત્ મારા સ્વરૂપમાંથી નિર્મિત થઇને મારામાંજ વસી રહેલું છે તથા મારા સ્વરૂપમાં શમતું જાય છે. મારાથી અન્ય રૂપે સંસારીઓને અનેક પદાર્થો છે, એ પ્રકારે માયાના બળથી દેખાય છે. છતાં જ્ઞાન વડે મુક્તિ થતાં એ પ્રકારના અન્યત્વનોજ કેવલ અભાવ સમજાય છે. માટે મહારા જેવો અન્યરૂપે કોઈજ નથી. તો મારાથી અધિક તો હોયજ ક્યાંથી? તેથી હું મહાદેવ કહેવાયો છું.

ઉપાધિ રૂપે જે જે દેખાય છે તેની અપેક્ષાથી વાસ્તવે રહિત હુ છું. એ પ્રકારનું મારૂં સ્વ છે તેના જ્ઞાન વડે સંસારથી નિત્ય મુક્ત થવાય છે, પ્રથમ તો આ પ્રકારના જ્ઞાનની ઈચ્છા થવામાંજ કેટલાક પાપો પ્રતિબંધો કરે છે આ પાપોનો નાશ યજ્ઞાદિ કર્મો વડે થાય છે તેમ થતાં જેમના અંતઃકરણોમાં મોક્ષના જ્ઞાનની ઇચ્છા ઉત્પન્ન થાય છે તેમને મુમુક્ષુ કહ્યા છે. જ્ઞાનની ઇચ્છા ઉત્પન્ન થયા છતાં પણ જ્ઞાનની પ્રાપ્તિમાં પ્રતિબંધ કરનાર અન્ય પ્રકારનાં કેટલાંક પાપો છે એ પાપોને વ્રતાદિ વડે બાળી મૂકાયછે એ પ્રકારે પ્રશાંતાવસ્થાને પ્રાપ્ત થએલા મહાત્માઓને વેદાંત શ્રવણ વડે મારા સંબંધી જ્ઞાન થાય છે માટે કર્મ માત્રનું સ્વરૂપ મારા ધ્યાનમાં વિક્ષેપ કરનાર હોવાથી જે સમયે મારા ધ્યાનમાં સ્થિર રહેવાનો એ મહાત્માઓ પ્રયત્ન કરે છે તે સમયે તે સ્થિરતાને માટે કર્મ માત્રનો ત્યાગ કરે છે. મહાપાપના સમુદ્રને ક્ષીણ કરી નાખનાર યજ્ઞ, દાન વિગેરેનો ત્યાગ સામાન્ય મનુષ્યોએ કરવાનો નથી. સર્વ પાપ જેમનાં એ કર્મો વડે ક્ષીણ થએલાં હોય છે, તેવા અધિકારી મહાત્માઓ એકલાજ મારા સંબંધિ જ્ઞાનને કેવલ વેદાંત શ્રવણ વડે પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે જ્ઞાન જેમને થયું છે તેજ સર્વજ્ઞ છે, અન્ય નથી. લોકોને રંજન કરવા સારૂ દંભથી કરાયલાં વ્રતાદિ નિષ્ફલ છે, આદરપૂર્વક પાશુપત વ્રત કરનારનેજ વેદાંત વિજ્ઞાનનો ઉપદેશ કરવો.

એટલું કહીને શંકર ભગવાન અંતર્ધાન થયા. પૂર્વનાં શુભ કર્મોના પરિણામ રૂપે સુખોને ભોગવતાં મનુષ્યોને જોઇને તેઓ આપણા મિત્ર છે. એ પ્રકારની એમના પ્રતિ મૈત્રિની ભાવનાને કરવી એ રીતે થતાં પારકું સુખ તે મારૂંજ છે એવું અભિમાન ટરે છે, અને ચિત્તમાં રહેલા ઇર્ષ્યા મલ તેથી કપાઈ જાયછે. પાપ કર્મથી દુઃખ રૂપ ફળને ભોગવતાં મનુષ્યોને જોતાં તેમનાપ્રતિ કરૂણાની ભાવના કરવી તેમ થતાં અન્યને દુઃખ કરવા રૂપ નિમિત્ત પોતે થવારૂપ દ્વેષમલનો ત્યાગ થાય છે. પુણ્ય કરનાર મનુષ્યો પ્રતિ મુદિતાની ભાવનાથી તેમના ગુણોમાં દોષોનું આરોપણ કરવાની ઇચ્છા રૂપ અસૂયામલ નાશ પામે છે. પાપી મનુષ્યો પ્રતિ ઉપેક્ષાની ભાવના કરતાં તેમનો સંસર્ગ છુટે છે. અને તેમના પાપાચરણના મનનરૂપ સંસર્ગથી પ્રાપ્ત થતા દોષરૂપી મલ અટકે છે. આ પ્રકારે ચિત્ત નિર્મલ થાય છે ત્યારે જગત્‌ના કારણરૂપ શ્રી મહાદેવજીના ઉપર પૂર્ણ શ્રદ્ધા તથા પ્રેમ પ્રકટે છે. માટે હે મુનિઓ! તમે પણ આ પ્રકારેજ કરતા જગત્‌ના કારણરૂપે

એ સર્વજ્ઞ પરમેશ્વરનેજ માનતા શ્રી મહાદેવજીને ભજો. સર્વ જગતના હેતુરૂપ, સોમરૂપ, ઉમા સહિત, લલાટે અર્ધ ચંદ્રવાળા, સર્વેશ્વર શ્રી મહાદેવજી, બ્રહ્મા વિષ્ણુ આદિ સહિત તમારા ઉપર અનુગ્રહ કરવાને માટે પ્રસન્ન થવા તત્પર થઈ રહ્યા છે, અને તમને પણ પ્રકટ દર્શન આપશે. એ રીતે શ્રી મહાદેવજીનો તથા પાશુપતવ્રતનો મહિમા સાંભળીને મુનિઓ અત્યંત હર્ષ પામ્યા. સર્વ અર્થના સાગરરૂપ મહાત્મા શ્રી સૂત ભગવાનને તેમણે પ્રણામ કર્યા. અને વિજ્ઞાનની સિદ્ધિના સંકલ્પપૂર્વક અત્યંત ભક્તિ વડે તેમનું પૂજન કર્યું.

એ રીતે શ્રી શિવ માહાત્મ્ય ખંડના પાશુપતવ્રત નામનો અધ્યાય બીજો સંપૂર્ણ થયો.



૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય ૩.

શ્રી નંદીશ્વર તથા શ્રી વિષ્ણુ ભગવાનના સંવાદદ્વારા ઇશ્વર પ્રતિપાદન.

આપણે જોયું કે ભોગ તથા મોક્ષ આપણાં પ્રાપ્તવ્ય છે. તેમાં અનેક જન્મોમાં કરાએલા પુરૂષાર્થના પરિણામે શ્રી ઇશ્વિરાનુગ્રહથી ભોગરૂપ વિષયો પ્રતિ ધાવન કરતી અંતઃકરણની કામનાવૃત્તિ તૃપ્ત થએલી અનુભવાય છે. તેવા વિરક્ત મહાત્માઓ શ્રી સદાશિવની સેવા કરીને મુક્તિને મેળવે છે. પરંતુ જેઓની તે કામનાવૃત્તિ તૃપ્ત થઈ નથી, તેમની ઇચ્છાનો વિષય વિરક્ત માહાત્માઓની માફક કેવલ મોક્ષ નથી હોતો. એવા અધિકારીઓમાં દેવ, દાનવ, સિદ્ધ, કિંનર, મુનિ, યક્ષ, ગંધર્વ તથા અન્ય અનેક પ્રકારના જંતુઓ હોય છે. એમની ઇચ્છામાં દૃષ્ટિ કરતાં જણાશે કે કેટલાકને કેવલ ભોગનીજ ઇચ્છા થાય છે. કેટલાકને પ્રથમ ભોગની તૃપ્તિ પૂર્ણ કરવી અને પછી મુક્તિને મેળવવી, એવી હોય છે. વળી કેટલાકની ઇચ્છા એવી હોય છે કે ભોગ તથા મોક્ષની પ્રાપ્તિ સાથેજ કરી લેવી એમ હોય છે. તો આવાં પાત્રોએ શું કરવું કે જેથી તેઓ પણ શ્રેયસ્‌ને માર્ગે ચઢે. એ પ્રકારનો મુનિઓએ સૂત ભગવાનને પ્રશ્ન કર્યો. તેના ઉત્તરમાં સૂત ભગવાન કહેછે કે, હે મુનિઓ ! હું જાણું છું કે આપને તો કેવલ મોક્ષની ઇચ્છા છે, છતાં ભોગેચ્છાવાળા જીવોના ઉપર કરૂણાભાવથી જગત્‌ના હિતાર્થે આપે આ બહુજ ઉત્તમ પ્રશ્ન કર્યો છે. શ્રદ્ધાપૂર્વક એનું ઉત્તર શ્રવણ કરો.

પૂર્વે પરમાત્મા સાક્ષાત્ સદાશિવની માયાથી જગત્‌ના નાથ પુરાણ પુરૂષોત્તમ સ્વરૂપ વિષ્ણુ ભગવાન પોતેજ મોહિત બની ગયા હતા. આ જગત્‌નો કર્તા હુંજ છું, આ જગત્ મારે વિષેજ સ્થિતિ કરીને રહેલું છે,

કોઈ પણ સ્થાને કોઈ પણ સમયે મારો બરોબરીઓ અન્ય કોઈજ નથી. તો મારાથી અધિક પ્રતાપવાળો તો કોઈ હોયજ ક્યાંથી. આ જડ ચૈતન્યમય આખું જગત્ મારીજ શક્તિનો વિલાસ છે. સર્વ જંતુઓએ સર્વદા મનેજ આરાધવો જોઇએ. આ પ્રકારે તેઓશ્રી અત્યંત અભિમાનથી છવાઈ ગયા. શ્રી મહેશ્વર, અંબિકાપતિ, અનંત, આનંદ ચિદ્‌ઘન સ્વરૂપ પોતાના આત્મભૂત છે, એ વાર્તાના જ્ઞાનનું તેમને સંપૂર્ણ વિસ્મરણ થઈ ગયું. બ્રહ્માદિ સર્વને અતી અમર્યાદ આજ્ઞા કરવા મંડ્યા. અને તેમાં યોગ્યાયોગ્યની મર્યાદાનો ત્યાગ થયો.

અહંકાર એક પ્રકારનો ઉપાધિ છે. તે ઉપાધિ સહિત અનુભવાતા આત્મામાં અભિમાન રાખનાર તે ઉપાધિની મર્યાદામાં સંકુચિત થએલો હોવાથી તેનામાં સર્વજ્ઞતા હોતી નથી. અહંકારમાં આવેલું અહમમાંથી મર્યાદિત કરનાર તું તેના અમર્યાદિત વાચ્યાર્થનો ત્યાગ કરીને લક્ષ્યાર્થરૂપ ચિદાનંદઘન મહેશ્વરનું અનુસંધાન કરીને તેમાં અભિમાન રાખતાં તે દ્વારાજ સર્વજ્ઞતાનું ભાન સાધકને થાય છે. આ પ્રમાણે હોવાથી શ્રી વિષ્ણુ ભગવાન વ્યામોહને વશ થઈ પડ્યા. આ સ્થિતિ અવિચાર દશામાં પ્રાપ્ત હતી. પરન્તુ બ્રહ્માદિ સર્વ લોકને વ્યામોહ કરવારૂપ અપરાધ નિમિત્તે સર્વના આત્મા તથા સર્વમાં વસી રહેલા શ્રી મહાદેવે વિષ્ણુ ભગવાનની વિવેકશક્તિ હરી લીધી હતી તેથી શ્રી વિષ્ણુભગવાન બ્રહ્માદિ સહ સર્વ શિવની માયાથી અત્યંત મોહમાં પડ્યા. અને વિશેષ વિવશ થઈ પડ્યા. સર્વ પ્રકારના વિજ્ઞાન રત્નો જેમના હૃદય રૂપ સાગરમાં શમાયલાં છે એવા અનુગ્રહ કરવાને સમર્થ તથા કરૂણાનો ભંડાર હોવાથી અનુગ્રહ કરવાને તત્પર શ્રી નંદીશ્વર તે સમયે ત્યાં આવી પહોંચ્યા. શંકર એકલાજ તેમની પ્રીતિનો વિષય છે, એવા નિષ્કલ શિવરૂપ પારમાર્થિક સત્ સ્વરૂપનો તેમણે વિષ્ણુ આદિ દેવતાઓને બોધ કર્યો, તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

શ્રીમાન્ નંદીશ્વર કહે છે કે પરમેશ્વરનું નિષ્કલ સ્વરૂપ સત્ છે. એજ સત્‌ને વિષે સમસ્ત વસ્તુ માત્ર કલ્પાયલી છે. તે દરેક કલ્પાએલી વસ્તુમાં સત્ (છે) સત્ (છે) સત્ (છે) એ રીતે સ્વરૂપ અનુગત એટલે પરોવાઈ રહેલું પ્રતીત થાય છે. તેથી એ પરોવાયલી 'સત્' વસ્તુ એક છતાં તે અનેકની અપેક્ષાથી જાતિ વાચક સત્તા કહેવાઈ છે. જેવી રીતે જળની અનેક લહરીઓમાં એકજ ચંદ્ર પ્રતિબિંબિત થતાં તે દરેક લહરીમાં ભિન્ન ભિન્ન દેખાતા પ્રતિબિંબોને ચંદ્ર નામે કહીએ છીએ, તે પ્રકારની આ વ્યવસ્થા છે. મોજાંરૂપ ઉપાધિવાળો ચંદ્ર અપરરૂપ છે. એ મોજાંની ઉપાધિ

જેમાં ચંદ્ર પ્રતિબિંબિત અવસ્થામાં પરોવાયલો છે તે દરેકમાંથી મોજાંરૂપ ઉપાધિને દૂર કરીએ, તો છેવટે સંખ્યાબંધ દેખાતા અપર ચંદ્રો બંધ થતાં કેવલ એકજ બિંબભૂત પર ચંદ્ર રહે છે, એજ પ્રમાણે આ સમસ્ત વસ્તુઓમાં સત્ (છે) અનુગત છે. તે દરેકમાં સત્ (છે) શિવાયનો બાકીનો બધોજ અંશ છે નહિ પણ કલ્પિત છે, તે કલ્પનાને દૂર કરતાં જે અનેક સત્ દેખાય છે, તે સત્તા નામે જાતિ પ્રતીત થતી હતી તે અપર સતને સ્થાને કેવલ એકજ તે સર્વ ઉપાધિથી રહિત પરસત્ ભાસે છે. તેજ મહેશ્વર છે. શિવનું સકલ સ્વરૂપ પણ વિશ્વથી તો અધિક છે. અન્ય સમસ્ત વસ્તુઓની અપેક્ષાથી પણ તે અતિશય મહાન છે, તે રીતે પણ તેઓશ્રી પરસત્તા રૂપે છે. આમ હોવાથી, આખું વિશ્વ એમનું પોતાનું હોવાથી 'સ્વ' છે, અને તેથીજ એ સ્વના ઉપર અધિકાર ધરાવનાર આખા વિશ્વના પોતે સ્વામિ છે. ભોગ તથા મોક્ષ રૂપ કલ્યાણને આપનારા માટે તેઓ શંકર છે. સર્વનું નિયમન કરવામાં સામર્થ્યવાળા છે માટે પરમેશ્વર છે. સર્વજ્ઞ છે માટે તે સર્વના સાક્ષિ છે. નિત્ય તૃપ્ત છે માટે મહાનંદ છે. પોતાને વિષે કલ્પના વડે આરોપાયલા આખા વિશ્વને સત્તા એટલે તે છે એ પ્રકારનો ભાવ તથા સ્ફૂર્તિ એટલે પોતાનું કાર્ય કરવાનું સામર્થ્ય એ બન્નેને આપનાર પોતે છે, એટલે તેઓ સર્વાત્મા છે. ભોગ્ય રૂપે જડ વર્ગમાં જે આત્મા રૂપે રહેલા છે તેજ પોતે ભોક્તા માત્રમાં પણ આત્મા રૂપે રહેલા છે. તો સર્વનું નિયમન આ રિતે કરવાનો એમને અસંભવ હશે એવી શંકા તેમને માટે થઈ શકતી નથી. કારણ કે વાસ્તવે તો સર્વ સાથે એમનું તાદાત્મ્ય એટલે એકરૂપતા છે. છતાં લીલાથી વિભાગો કલ્પાયલા છે, અને ભિનતા આદિ સ્વરૂપ પણ એ કલ્પનાનુંજ પરિણામ છે. પોતાની સત્તા વડેજ સર્વને સત્તા પ્રાપ્ત રૂપે દેખાડી આપે છે. આ પ્રકારે સદાશિવ ઉત્કૃષ્ટ છે. એમની કૃપાના લેશની કણીકાના લેશની કણીકા વડેજ આપને આ વિષ્ણુપદ પ્રાપ્ત થયું છે. અન્ય કોઈ પણ હેતુથી થએલું નથી. એજ હેતુને લઇને અન્ય સર્વને પોતાના પદ મળ્યાં છે. આ સર્વ જગત્ એમના વડેજ છે. એ જગત્ પોતાની અસત્તાથી કદીજ થયુંજ નથી. સર્વ વસ્તુના પોષક તથા બનાવનાર એ એકલાજ સદા છે. લોહના કડકાને અગ્નિવડે લાલ-લાલચોળ તપાવીએ તો તે કડકો દઝાડવાની તથા પ્રકાશવાની ક્રિયાને કરવા મંડી પડે છે. આ બન્ને ધર્મો લોહના કડકાના નથી. તેના ધર્મો તો શીત સ્પર્શ કરાવવાનો તથા સ્યામ રંગ જે પ્રકાશનો અભાવ સૂચવે છે તે એ રીતે કેવલ વિરોધી છે. તેજ રીતે આ બધું જગત શિવવડે ઉત્પન્ન થાય

છે. તથા પોતાની પ્રતીતિ કરાવી રહ્યું છે. ભૂત માત્રમાં તેમના આનંદના લેશનો લેશ ઝળકારો મારતાંજ સર્વત્ર સર્વદા અત્યંત સંતોષ ઉભરાઈ જાય છે. એનીજ આજ્ઞાના અંશથી આકર્ષાઇને સર્વ જગત નિત્ય પ્રવૃત્તિ કરી રહ્યું છે. એજ તમારા આત્મસ્વરૂપ છે. તેમના સ્વરૂપનું જ્ઞાન જતુ રહેવાથી તમે સર્વ અત્યંત મોહને પામ્યા છો. અહંકારવડે પરાધીનતાને તમે સર્વ પામી ગયા છો, તેથીજ તમારા આધારે રાખેલું જગત્ પણ મોહને વશ થઈ ગયું છે. માટે તમે એ ભ્રાન્તિનો ત્યાગ કરી તમારા આત્મભૂત શ્રી મહેશ્વરની આરાધના કરો તમે સર્વ દેવો ભેગા મળો અને અત્યંત આદરપૂર્વક શ્રી ઉમાપતિની ઉપાસના કરો.

એ રીતે શંકરના અત્યંત પ્રિય ગણુ શ્રી નંદીશ્વર એટલો બોધ કરીને રથમાં બેશીને શ્રી કૈલાસ પર્વતમાં ગયા. વિશ્વથી અધીક હોવાથી મહા અને સર્વજ્ઞ હોવાથી તથા સર્વના દૃષ્ટા હોવાથી ઋષિ પદને જે મણે ધારણ કર્યું છે. એવા મહર્ષિ રૂદ્ર ભગવાનનું આદર સાથે દેવતાઓએ પૂંજન કર્યું. સર્વના હૃદયમાં અંતર્યામિરૂપે પોતે રહેલા છે. સર્વ શરીરરૂપી પુરમાં વસનારા માટે એપુરૂષ કહેવાયા છે. કંઠે કૃષ્ણુ તથા લલાટે પિંગલ છે, લલાટ ઉપર પિંગલતાનું કારણ એ છે કે ત્યાં દ્વિતીયાનો ચન્દ્ર ક્ષિતિજની નિકટમાં હોય એવો હોય છે. એનો રંગ ભુખરો પીળાસ પર દેખાતો લાલ હોય છે. તે ઉપાધિ વડે શિવનું લલાટ પિંગળ દેખાય છે. શ્રી દેવતાઓના પૂજન આદિથી પ્રસન્ન થએલા શ્રી મહાદેવ પ્રત્યક્ષ ત્યાં થયા. શ્રી અંબિકાપતિ ઈશ્વર, વૃષભના વાહનવાળા પશુપતિ શ્રી શંકર ભગવાનને જોઈને વિષ્ણુ આદિ સર્વ દેવતાઓએ ભૂમી ઉપર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ચિત્તને એકાગ્ર કરીને તથા પ્રસન્નતા પૂર્વક માથા સરસા બન્ને હાથ જોડીને ભોગ તથા મોક્ષને આપનાર સંસારના ઔષધિરૂપ શિવ ભગવાનની ભકતિપૂર્વક સ્તુતિ કરી.

દેવો કહે છેઃ—હે દેવના દેવ ઇશિ ! કરૂણાલય ! સર્વ જીવ માત્રને ભોગ તથા મોક્ષરૂપ ફળના આપનારા સર્વ લોકની ઉત્પત્તિ સ્થિતિ તથા નાશના કારણરૂપ સંસારથી ભય પામેલાના અંતરમાંથી સંસારના ભયને તોડનાર, વેદ તથા વેદાન્ત વડે ઉત્તમ દ્વિજો જેમનું અર્ચન કરે છે તેવા, શૂલ તથા અગ્નિને હસ્તમાં ધારણ કરી રહેનારા, વિશ્વનાથ, વિશ્વયોનિ, નીલકંઠ, ચર્માંબરધર, આપ સોમઆદિ અષ્ટ મૂર્તિરૂપે પ્રતીત થાઓ છો. ૧. સોમ. ૨. સૂર્ય, ૩. વહ્નિ. ૪. જલ. ૫. ભૂમિ. ૬. વાયુ. ૭. વ્યોમ. ૮. આત્મા.

એ અષ્ટ મૂર્તિ રૂપને આપે ધારણ કર્યું છે. આપને અનંતાવધિ પ્રણામ કરીએ છીએ. સમસ્ત પ્રપંચ રૂપ જગત્ આપ શિવ સ્વરૂપમાંજ કલ્પાએલું છે, તેથી છીપ ઉપર વિભ્રમથી કલ્પાએલું રૂપું વાસ્તવે બધુંજ છીપ છે, તેવી રીતે વિશ્વ માત્ર રૂપે અમે આપ પરશિવનેજ દેખીએ છીએ. માટે ભાવ તથા અભાવ, સત્ય તથા અસત્ય, જ્ઞાન તથા અજ્ઞાન, પરમ આનંદ રૂપ સુખ તથા અસુખ, અનંત રૂપ પૂર્ણ તથા અપૂર્ણ, બ્રહ્મ તથા અબ્રહ્મ, જીવ એટલે આત્મરૂપ તથા અજીવ, વ્યક્ત તથા અવ્યક્ત, શબ્દ તથા અશબ્દ, સ્પર્શ તથા અસ્પર્શ, રૂપ તથા અરૂપ, રસ તથા અરસ, ગંધ તથા અગંધ, દેહ તથા અદેહ, પ્રાણ તથા અપ્રાણ, શ્રોત્ર તથા અશ્રોત્ર, ત્વચા તથા અત્વચા, દૃષ્ટિ તથા અદૃષ્ટિ, રસના તથા અરસના, ઘ્રાણ તથા અઘ્રાણ, પાદ તથા અપાદ, પાણિ તથા અપાણિ, વાણી તથા અવાણી, લિંગ તથા અલિંગ, પાયુ તથા અપાયુ, ચિત્ત તથા અચિત્ત, પ્રમાણ કરનાર તથા માપીને સમજનાર રૂપ માતા તથા અમાતા માનવાના કારણરૂપ માન, તથા અમાન, માનવાના વિષયરૂપ મેય, તથા અમેય, સમજ એટલે પ્રમાણરૂપ કારણથી થએલું જે જ્ઞાનમિતિ નામથી કહેવાય છે. તે તથા અમિતિ, અને સર્વ તથા અસર્વ આ બધા સ્વરૂપોવાળા હે મહેશ્વર ! આપને નમસ્કાર કરીએ છીએ. હુ કર્તા છું એ પ્રકારે વાણીની પ્રવૃતિ થઈ તથા અન્ય જનોએ તે પ્રકારનું પ્રતિપાદન કર્યું, એ સર્વ અપરાધોની ક્ષમા આપો અને એ અમારા અપરાધરૂપી કારણથી જે મહાન અનર્થ થયો છે તેથી અમારૂં રક્ષણ કરો આપ મહા કરૂણાલય છો. બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ એ ત્રણેના આત્મભૂત આપ છો. આપના ભક્તોના ચિત્તમાં આપ રૂડી રીતે વિરાજી રહો છો.

એ રીતે બ્રહ્માદિ સર્વ દેવતાઓએ જમીન ઉપર દંડવત પ્રણામ કરતાં કરતાં અત્યંત સ્તુતિ કરી અને પરમ શિવ ઉપર અત્યંત પ્રેમનો આવેશ ઉભરાઇ ગયો. તેથી વ્યવહાર માટે ચિત્તને વિષયાન્તરમાં લઈ જવાનો પ્રયત્ન કરતાં પણ ત્યાંથી પાછું વળી વળીને એકલા તે પરમેશ્વરના સ્વરૂપમાંજ નિષ્ઠ એટલે નીરાંત કરીને સ્થિર થવા લાગ્યું. આ પ્રકારના ભક્તિના પારને પામેલા તે દેવો અન્ય વ્યવહાર કરવાને માટે અસમર્થવત્ થઈ ગયા. શ્રી મહાદેવજી ભૂત માત્રના હિતમાં રમણ કરનારા હોવાથી તેમણે આ પ્રકારની અવશ સ્થિતિમાં આવી ગએલા પરમભક્ત દેવોને મુખ્ય અધિકારી ગણીને ફરીથી તેમના ઉપર અનુગ્રહ કર્યો. પોતે અત્યંત આનંદના

આવેશમાં રહેલા હોવાથી, પોતેજ નૃત્ય કરીને પોતાનો દેવાદિ ઉપરનો પ્રેમ તેમને સારી પેઠે દર્શાવ્યો. શ્રી મહાદેવજી, બ્રહ્માદિ સર્વે દેવતાઓને લઈને શ્રીમદ્ વ્યાઘ્રપુર પધાર્યા. મોક્ષનું નામ પર પુરૂષાર્થ છે. ભોગને અપર પુરૂષાર્થ કહ્યો છે. એ બન્નેની પ્રાપ્તિ અર્થે શ્રી મહાદેવના દર્શનની ઈચ્છા કરવી એ ઉત્તમ ઈચ્છા છે. ચાલો! શું છે તે જોઈએ એ પ્રકારના કેવલ ઔત્સુક્યથી જોવા જવું એ ગૌણ ફળ આપનારૂં છે. આ નૃત્યના દર્શનથી ભોગ તથા મોક્ષ બન્ને પ્રાપ્ત થાય છે. માટે તેવા દર્શન અર્થે દેવતાઓ વ્યાઘ્રપુરમાં જઈને વસ્યા. માટે હે મુનિઓ! તમે પણ મહાભક્તિ વડે દયાના સાગર શ્રી મહાદેવનું પૂજન કરીને તેમને પ્રસન્ન કરો. એ પ્રકારના બોલને શ્રવણ કરીને સૂત મહાત્માને તેમણે પ્રણામ કર્યા. આત્માનું જે સાચું હિત છે તેનોજ બોધ શ્રી સૂત મહાત્માએ આપ્યો છે. આથી સર્વે મુનિઓ સમજ્યા કે સર્વદા સર્વ વડે પૂજવા યોગ્ય ઉપાસનાનું સ્વરૂપ શ્રી અંબિકાપતિ શંકર મહાદેવનુંજ છે. એજ પ્રમાણે તેમના શિષ્યો, પ્રશિષ્યો તથા અન્ય જીવોને પણ જ્ઞાન થયું કે સદા બધાએ પૂજવા યોગ્ય ઈષ્ટ શ્રી મહાદેવ છે.

એ રીતે શિવ માહાત્મ્ય ખંડમાં શ્રી નંદીશ્વર તથા શ્રી વિષ્ણુભગવાનના સંવાદદ્વારા ઈશ્વર પ્રતિપાદન નામનો અધ્યાય ૩. સંપૂર્ણ થયો.



૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય. ૪.

ઈશ્વરપૂજા તથા દેવપૂજાની વિધિ.

પૂજ્ય રૂપ જે ઇષ્ટ દેવ તેમના સ્વરૂપના જ્ઞાન વિના પૂજાનું ફળ મંદ હોય છે. તેટલા માટે બીજા તથા ત્રીજા અધ્યાય વડે મુનિઓને પૂજ્ય દેવતાનું સ્વરૂપ કહ્યું. હવે મુનિઓએ પ્રશ્ન કર્યો કે ભુક્તિ તથા મુક્તિ આપે એ પ્રકારનો શ્રી મહાદેવની પૂજાનો વિધિ હોય તે કહો. તેનો ઉત્તર સૂત ભગવાન આપે છે.

શ્રુતિ તથા સ્મૃતિમાં નિત્ય કરવાનાં કર્મોનું વિધાન કરેલું છે. પ્રાયશ્ચિત્તાદિ નિમિત્તથી કરવાનાં નૈમિત્તિક કર્મોને પણ કહ્યાં છે. એ પ્રકારનાં યથાપ્રાપ્ત કર્મો પૂજા કરતા પૂર્વે કરી લેવાં. એ કર્મો કર્યા વિના પૂજાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. શ્રદ્ધા વિના કરાયલાં કર્મોને અસત્ કહ્યાં છે. માટે કર્મ માત્રને કરવાના સમયે અંતઃકરણમાં પૂર્ણ શ્રદ્ધાને રાખવી. શ્રૌત તથા સ્માર્ત નિત્ય નૈમિત્તિક કર્મો કરવા અર્થે પૂર્વે જળ વડે સ્નાન કરેલું હોવું જોઇએ. એ પ્રમાણેનું પ્રથમનું સ્નાન કરેલું હોય તે છતાં પૂજા નિમિત્તે પૂનઃ સ્નાન કરવું. સ્નાન શબ્દમાં જલ સ્નાન તથા તે પછી ભસ્મ લેપન રૂપ ભસ્મ સ્નાન સમજવાનું છે. જ્યારે જળ સ્નાન થાય ત્યારે પણભસ્મસ્નાનને પૂનઃ કરવુંજ જોઇએ પૂજા કરવા પૂર્વે પંચશુદ્ધિ કરવાની કહી છે તે ૧. આત્મરૂપ શરીર. ૧. આસની સહિત બેસવાનું સ્થાન. ૩. પૂજન દ્રવ્ય. ૪. મંત્ર. ૫. શિવલિંગ તેમાં પૂજન કરનારના સંબંધમાં નિત્ય નૈમિત્તિક કર્મપૂર્વક સ્નાનને કહ્યું. બાકીનું છેવટે કહેવાશે. બેસવાના સ્થાનને જળ છાંટી ઉંચા નીચી વિષમતાવાળું ન હોય તેવું સપાટ બનાવી ગોમયથી લીંપીને શુદ્ધ બનાવવું. તે આસન ઉપર રૂડી રીતે સ્થિર થઇને બેસવું અને સ્થિરતાપૂર્વક મૌનને ધારણ કરવું. વૃત્તિને સુખમય રાખવી શિવના

અગ્ર ભાગે પૂર્વ, ઉત્તરે અંબિકા, પશ્ચિમે તેમની પુંઠછે તેથી પૂજકે ઉત્તરાભિમુખેજ બેસવાનું છે. પૂજકને સિદ્ધિની કામના હોય તો તેણે સ્થિર લિંગનું પૂજન કરવું. ભક્તિ તથા મુક્તિની કામના હોય તો ચરલિંગને પૂજવું. ગમે તે સ્વરૂપનું ગમે તે સ્થાને ગમે તે સમયે ગમે તે નામાદિ ગુણવાળા ઇષ્ટની ભાવનાપૂર્વક જે જે પૂજન થાય છે તે સર્વમાં જેનું પૂજન થાય છે તે કેવલ શિવ એકજ છે અને તે પૂજાને પોતે સર્વજ્ઞ છે તેથી પોતાની પૂજારૂપે માની લે છે. છતાં શિવલિંગ સ્વરૂપે કરાએલી પૂજાને વિશેષ પ્રીતિકર રૂપે પોતે ગ્રહણ કરે છે. મંત્ર તથા દ્રવ્યમાં જોઇએ એટલા ઉત્તમ ગુણો ન પ્રાપ્ત થવાથી કાંઈ અધુરાપણું હોય છે તો પણ લિંગ સ્વરૂપે કરાએલી પૂજાને પૂર્ણ રીતે પોતે માની લે છે.

લિંગ શબ્દનો અર્થ એવો છે કે સર્વ ભૂત માત્ર જેમાં લય પામીને શમી જાય છે, તથા સર્ગ સમયે ફરીથી જેમાંથી નીકળી આવે છે એવું પરમતત્વ તે છે. ઉપચારથી આકાશ વાચક વ્યોમ (વિ + ૐ) એટલે વિવિધ રૂપે તે હું છું એ પ્રકારે સર્વનું આત્મભૂત જે તત્વ તેજ એ છે. એ રીતે વાસ્તવે જોતાં નિષ્કલ પરમ શિવ પોતેજ લિંગ સ્વરૂપ છે. યોગીઓ લિંગ વડે લક્ષણાથી અત્યંત પ્રેમપૂર્વક જે પ્રતિકદ્વારા એ પરમ શિવને સમજીને તેમનું ચિંતન કરે છે તે પણ લિંગ કહેવાય છે. આ લિંગ ત્રણ પ્રકારનાં છે. ૧. વ્યક્ત. ૨. અવ્યક્ત અને ૩. વ્યક્તાવ્યક્ત. સકલશિવ ઉભયાત્મક એટલે વ્યકતાવ્યક્ત છે. સ્ફટિક લિંગો ત્રણ પ્રકારનાં છે. ૧. સૂર્ય, ૨. ચંદ્ર અને ૩. અગ્નિ. સૂર્યલિંગ સફેત, ચંદ્રલિંગ લાલ અને અગ્નિલિંગ પીળું હોય છે. ત્રણેમાં સહજ કાળાશની છાયા રહેલી હોય છે, વળી નદીમાંથી કેટલાંક લિંગો હાથ આવે છે. તેમાંથી જે લિંગને ૧૫ વખત તોળી જોતાં તેનું વજન સરખું નહિ થતાં બદલાયા કરે છે, તેજ લિંગને બાણ કહેવાય છે. પૂજનને માટે આવાંજ બાણ લેવાનાં છે. બાકીનાને તો પથ્થરથી થએલાં જાણીને પાછા તેમને નદીમાં પધરાવી દેવાં અને જ્યારે પાછાં બાણ સ્વરૂપને ધારણ કરે ત્યારેજ ઉપાસનામાં લેવાં. રત્નલિંગ દ્વારા શિવનું પૂજન કરીએ, તેનાથી કોટી ગુણ ફળ બાણ લિંગની પૂજાનું છે. બાણલિંગની પૂજાના ફળ કરતાં કોટી ગુણ ફળવાળી રસલિંગની પૂજા છે. અણિમા આદિ અષ્ટ સિદ્ધિઓ રસ લિંગની પૂજા વડેજ પ્રાપ્ત થાય છે.

મનને શાંત રાખીને પૂજનનો આરંભ કરવો. સ્થિર લિંગના પૂજનમાં આધાર શક્તિથી આરંભીને શિવાસન પર્યંતના સર્વ આસનો કરવાં. ચરલિંગને માટે એક સ્થિર આસન તથા સ્નાનને અર્થે ૭ ચર આસનો આપવાં. પછી અગસ્ત્ય આદિ નાના આગમ શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિથી દિક્ષાને મેળવવી અને શ્રદ્ધાપૂર્વક દિક્ષા આપનાર ગુરૂની આજ્ઞાનુંસાર શિવલિંગને લેવું. આપણા હૃદયમાં આપણા આત્મતત્વરૂપેજ શંકર ભગવાન વિરાજી રહેલા છે, અને શ્વાસ પ્રશ્વાસદ્વારા સ્વાભાવિક રીતે ૐ શબ્દ વડે પોતાની પ્રતીતિ નીત્ય કરાવી રહ્યા છે. એવા શંકર ભગવાનનું પ્રણુવ મંત્રવડે ત્યાંથી આવાહન કરીને તે લિંગમાં તેને પધરાવતાજ હોઇએ એ પ્રકારનું અનુસંધાન કરવું, એટલે એ લિંગમાં સાક્ષાત શિવ ભગવાન પ્રકટ થાય છે. મંત્ર માત્ર પ્રણુવમાંથી ઉત્પન થએલા છે, તેથી પ્રણુવ વડે જે પૂજન થાય છે તે પૂજનનું ફલ સર્વ મંત્રો વડે કરાયલા પૂજનની બરોબર છે. આ આવાહન ક્રિયાના અંગે દશ સંસ્કારો કરવાના હોય છે ૧. આવાહન. ૨. સ્થાપન. ૩. સાંનિધ્ય. ૪. સંનિરોધન. ૫. સકલીકાર. ૬. અમૃતીકરણુ. ૭. પાદ્ય. ૮. આચમન. ૯ અર્ઘ્ય અને ૧૦ પુષ્પ. પ્રણુવ તથા પંચાક્ષર મંત્ર વડે અર્ઘ્ય પાદ્ય, તથા આચમન કરાવવાં તે પછી ॥आपो हिष्टा मयो भुवः॥ આદિ મંત્રો પુરૂષ સુક્ત, પંચાક્ષર મંત્ર, શત રૂદ્રીય આદિ ભણીને શ્રીમહાદેવજીના ઉપર અભિષેક અવિચ્છિન્ન ધારાથી (છિન્ન ધારીઆથી) કરવો. પછી સ્નાન કરાવવું. અને સ્નાનાન્તે આચમન કરાવવું, અને આસન ઉપર બેસાડવા. ફરીથી મનને શાન્ત કરીને પ્રણુવ મંત્રના ઉચ્ચારપૂર્વક વસ્ત્ર તથા ઉપવીત ધારણુ કરાવવાં. તે પછી અત્યંત આદરપૂર્વક આભૂષણો વડે અલંકૃત કરવા. તે પછી ગંધ, પુષ્પ, ધૂપ, તથા દીપ નિવેદન કરવાં. તે પછી હવિષ્યાન્નનું નૈવેદ્ય તથા સુગંધાદિયુક્ત જળ પંચાક્ષર મંત્રના ઉચ્ચાર પૂર્વક ધરવાં ફરીથી આચમન કરાવવું. નૈવેદ્યને અંતે સુગંધવાળા મશાલાદાર પાનનું બીડું ધરાવવું. પછી સુવાસવાળાં મનોહર પુષ્પોના હાર પહેરાવવા, તથા અરગજા આદિ પદાર્થો વડે અનુલેપન કરવું. તે પછી ભૂમિ ઉપર લાંબા સુઇને દંડવત્ કાષ્ટનો દંડ જેમ જમીન ઉપર સ્થિરતાથી રહે છે તે પ્રમાણે નિચે જીવે સર્વ અંગને શિથિલ કરીને રહેવું તે ક્રિયા.) પ્રણુામ કરવા. લૌકિક તથા વૈદિક સ્તોત્રોનું પઠન કરતાં શ્રી મહાદેવજીની સ્તુતિ કરવી. એ પ્રકારના પૂજનદ્વારા અત્યંત પ્રસન્ન થએલા શંકર ભગવાનનું વિસર્જન આ પ્રમાણે કરવું. એ સર્વજ્ઞ સર્વના કારણરૂપ મહાદેવને પ્રણુવ

મંત્રનું ઉચ્ચારણ કરતા પાછા પૂજાના આસન ઉપરથી ઉત્થાન કરીને પોતાને રહેવાનું જે આપણા હૃદય મંદીરરૂપ મહાલય તેમાં આપણા આત્મસ્વરૂપે લઈ જઈને તેમને પધરાવતા હોઈએ એમ અને અત્યંત નિરાંત કરીને ત્યાં પોતે વિરાજ્યા છે એ પ્રકારના ચિંતનપૂર્વક આપણા હૃદયમાં તેમની પ્રતિષ્ઠા કરવી. આ પ્રકારનું અનુસંધાન કરવું એ પૂજનની સમાપ્તિરૂપ વિસર્જન ક્રિયા છે.

બ્રહ્મચારિ, વનિ તથા ગૃહસ્થે નિત્ય આ પ્રકારે શિવપૂજન કરવું. સન્યાસિઓએ તો એકલા પ્રણવ મંત્ર વડેજ પૂજન કરવાનું છે. ॥ [illegible]વાયनमः ॥ એ મંત્ર વડે સ્ત્રીઓએ, વૈરાગીઓએ તથા શુદ્રોએ પૂજન કરવાનું છે. ઈતર્ લોકોએ તો શિવાલયના દર્શન કરીને પ્રણામ કરવા એજ એમને માટે પૂજનવિધિ છે. આ પ્રકારે શિવપૂજા કરનારનું જીવન સફળ થાય છે. વળી કોઈ કોઈ શાસ્ત્રોમાં એવું પણ કહ્યું છે કે બ્રહ્મચારી, ગૃહસ્થ, વનિ તથા સન્યાસિએ ॥ ॐ नमःशिवाय ॥ મંત્ર વડે પૂજન કરવું. બ્રાહ્મણ તથા ક્ષત્રિયે એ મંત્ર વડે પૂજન કરવું. વાણીઆ શુદ્ર તથા સ્ત્રીઓએ ॥ नमशिवाय ॥ એ મંત્રના ઉચ્ચારપૂર્વક પૂજન કરવું. વળી એમ પણ કહેલું છે કે ગમે તે મનુષ્ય તે દુર્વૃત્ત હોય. વ્રતહીન હોય, પતિત હોય, અત્યંજ હોય કે ગમે તે હોય તેણે પણ પંચાક્ષરી વિદ્યાનો જપ કરવો. તેમ કરતાં તેને પણ શિવની પ્રાપ્તિ થાય છે. ભોગ તથા મોક્ષ એ બન્નેની પ્રાપ્તિનું સાધન આ શિવપૂજનજ છે.

શિવપૂજનમાં પ્રેમની વૃદ્ધિ થવા અર્થે આ આખ્યાયિકાનું મનન કરવાનું છે ક્ષત્રીય સ્ત્રી સાથે શુદ્ર પુરૂષના સંબંધથી ઉત્પન્ન થએલો પુલ્કસ કહેવાય છે. એવો એક અધમ મહાપાપી પુલ્કસ વૈદેહ નામનો હતો. તેણે બ્રાહ્મણોના કુલોનો સંહાર કર્યો હતો. વૈદિક બ્રાહ્મણોની ગાયો તથા ધનને લુટી લીધાં હતાં. માર્ગમાં જે કોઈ પ્રાણી અડફટમાં આવે તેને તે મારતો હતો. આ પ્રમાણે તે સ્વચ્છંદે તથા ક્રૂરતાથી પૃથ્વિ ઉપર વર્તન કરવા લાગ્યો. અનેક જન્મ પૂર્વે કાંઈક સુકૃત એણે કર્યું હશે તેના ફ્લ રૂપે આવી અધમ સ્થિતિમાં પણ તેને એક ગણિકાને પત્ની રૂપે જેણે રાખી એવા બ્રાહ્મણ સાથે તેનો સમાગમ થયો. તે બ્રાહ્મણ તેનો મિત્ર થયો. એને કાંઈક ધન તેણે આપ્યું. તેથી તે બ્રાહ્મણ સંતુષ્ટ થયો અને આ દુષ્ટને તેણે બોધ આપવાનો આરંભ કર્યો. આટલાજ વ્યતિકરથી અપરિમીત કર્તવ્યનો સંભવ થયો.

તે બ્રાહ્મણે કહ્યું કે હે સુબંધુ ! દુષ્ટ મતિથી ક્રૂર થઇને સદા બહુજ પાપો કર્યાં છે. અરે મૂઢ ! આ પાપો ના ફલ તને કેવાં મળશે? આ વિગેરે અનેક પ્રકારે બોધનું શ્રવણ કરાવ્યું. તેથી ઘણે કાળે પોતાની ઇન્દ્રિયનું દમન કરતાં તે શિખ્યો અને દુષ્ટ વ્યાપારને તેણે બંધ કર્યાં. અને તે બ્રાહ્મણને પુછ્યું. હે મારા સુબંધુ ! મારા નેતા ! સર્વદા જ્યાં ત્યાં મેં મહાઘોર પાપો કર્યાં છે. હું અતિ ક્રૂર છું ઘણોજ મૂઢ છું. મારૂં મન બહુજ ભયભીત થઈ ગયું છે. તો આજ હવે આ લોકમાં મારે શું કરવું તે મને કહો. બ્રાહ્મણે આ પશ્ચાત્તાપનાં વાક્યો શ્રવણ કરીને ધૈર્ય આપતા નીચે પ્રમાણે ઉત્તર આપ્યું કે ભાઈ તું ચિંતા કરતો નહિ. તારા પશ્ચાત્તાપના વચનો સૂચવે છે કે હજારો જન્મ ઉપર તેં કાંઇ પુણ્ય કર્મ કર્યું છે. અને તે કર્મ પોતાનું ફળ આપવાને માટે પાકી ને તત્પર થયું છે. તારા હિતની વાર્તા હું તને કહું છું તેનું શ્રવણ કર. એટલે તારૂં શ્રેયસ થશે. શ્રીવ્યાઘ્રપુર નામનું પુણ્ય એક પુરાણું મહાક્ષેત્ર છે. મુનિ, સિધ્ધ, ગંધર્વ, દેવો. અત્યંત પ્રેમથી તે તીર્થને સેવે છે. શ્રી અંબિકાપતિ ત્યાં નૃત્ય કરી રહ્યા છે. તું તે સ્થાને જા. ત્યાં શાંત થઇને ભક્તિ પૂર્વક નિત્ય પ્રાતઃ સ્નાન કરજે ત્યાં દભ્ર સભામાં શ્રીશંકર ઉમા સહિત વિરાજે છે, તેમનાં દૂરથી દર્શન કરજે. શ્રીશંકરના નૃત્યનું દર્શન કરતો જમીન ઉપર દંડવત્ પ્રણામ કરજે. ત્યાં યોગિ કે ભોગિ જે મનુષ્યો મળે તેમને દાનમાં તારૂં સર્વસ્વ આપી દેજે. અને તે સ્થાનમાં કોઇને ભય પ્રાપ્ત થાય તો ત્હારા શરીરના બળ વડે પ્રયત્નપૂર્વક સર્વનું રક્ષણ કરજે.

આ પ્રમાણે બોધ કર્યા પછી, તે પુલ્કસ તથા બ્રાહ્મણ બંને શ્રદ્ધાપૂર્વક શ્રી વ્યાઘ્રપુર ગયા. તે પુલ્કસ ત્યાં નિત્ય પ્રાતઃસ્નાન કરતો. તેણે પોતાનું સર્વસ્વ જે હતું તે બધુંજ યોગિઓ તથા અન્ય મનુષ્યોને આપી દીધું. નિત્ય દૂરથી શ્રીમદ્ દભ્ર સભાના દર્શન કરી સાષ્ટાંગ પ્રણામ કરતો. ત્યાં બહુજ દીર્ઘ કાલ સુધી રહ્યો. આ પ્રમાણે નિત્ય કરતાં પૂણ્યની વૃદ્ધિ થતી ગઈ. અને અંતે તે સ્થાનના રક્ષણ નિમિત્તે ત્યાં તેનું મૃત્યુ થયું. શ્રી વ્યાઘ્રપુરેશના પ્રસાદથી તે મરણ પછી તેણે અનેક ભોગો અનેક રીતે ભોગવ્યા અને અંતે નિર્વિઘ્ને મુક્ત થયો. તે બ્રાહ્મણે પણ નિત્ય પ્રાતઃકાળમાં શાંત ચિત્તથી સ્નાન કરીને ॥ **ૐ નમઃશિવાય** ॥ એ મંત્ર વડે વિધિપૂર્વક શ્રી મહાદેવની પૂજા કરી. તે એક ગણિકાને રાખ તરીકે રાખીને પાળતો હતો, છતાં દભ્રસભાના દર્શન માત્રથી તેના પાપનું પ્રાયશ્ચિત્ત થતાં તે શુદ્ધ થયો.

અને ગણિકા સહ તે બ્રાહ્મણ પણ મુક્ત થયો. આ પ્રકારે શિવલિંગના અર્ચનથી બહુ જનો સંસારનાં બંધનમાંથી મુક્ત થયા છે.

પુણ્ય ક્ષેત્રોના પ્રભાવ ન્યૂનાધિક હોય છે ખરા તથાપિ તે સર્વમાં પૂજન વિધિનું માહાત્મ્ય એક સરખું હોય છે. નિરતિશય શ્રધ્ધા વડે અપવર્ગ લક્ષણવાળું જે ફ્લ મળવાનું તે તો સર્વમાં સરખુંજ હોય છે. તેથી જૂદા જૂદા મનુષ્યે એ ભિન્ન ભિન્ન સ્થલોમાં એજ વિધિપૂર્વક શ્રીમહાદેવજીનું પૂજન કર્યું છે. અને અલ્પ શ્રમે સંસારથી મુક્ત થયા છે. આ ક્ષેત્રોમાં કાશી, સોમનાથ, કેદાર, શ્રીપર્વત, ગોપર્વત, દક્ષિણ કૈલાસ, અગ્નીશ્વર શ્રીકર તીર્થ, વૃધ્ધાચલ વાલ્મીક, હાલાસ્ય, રામેશ્વર અને કાંતાર એ મુખ્ય સ્થાનો છે. આપણે થાકી જઇએ અને તેથી ચિત્ત પ્રસન્નતાને ત્યજવા માંડે એ પ્રકારે સામર્થ્ય કરતાં અત્યંત અધિક પરિશ્રમ કરવાનો નથી. બીજી રીતે આપણામાં સામર્થ્ય હોય છતાં નથી એ પ્રકારે માનીને આપણે આપણને પોતાને તેમજ અન્યને છેતરવાના પણ નથી. આ પ્રકારના વિચાર પૂર્વક આપણા સામર્થ્યને અનુસરીને પોતપોતાને ઘેર પણ અનેક જણે એજ વિધિએ ઉધ્ધાર મેળવ્યા છે. ભોગની ઇચ્છા વાળાને શ્રધ્ધા પૂર્વક એ મહાદેવજીનું પૂજન કરીને ઇચ્છિત ભોગોને પ્રાપ્ત કર્યા છે. તથા તે દ્વારા મહા સુખને ભોગવ્યું છે. જીવમાત્રને ભોગ તથા મોક્ષની પ્રાપ્તિ અર્થે શિવપૂજન વિના અન્ય કોઇજ માર્ગ નથી માટે હે મુનિઓ ! તમે પણ એજ રીતે શ્રીમહાદેવજીનું પૂજન કરો.

આ બોધને શ્રવણ કરીને મુનિઓએ સૂત ભગવાનને પ્રણામ કર્યા. અને પછી એજ વિધિથી શંકરનું પૂજન કરવા માંડયું. પોતાના પુત્રો, પૌત્રો, જ્ઞાતિજનો, તથા સુહૃદોને પણ એજ પૂજનનો બોધ કર્યો અને તેથી તેમણે પણ તેજ વિધિથી શંકરનું પૂજન કરવા માંડયું. મહાદેવ શંકર, પરમેશ્વર, નીલકંઠ, વિરૂપાક્ષ, શિવ, સદા આ પૂજનથી પ્રસન્ન રહે છે, તેથી ત્રણે લોકમાં આ પૂજનના જેવું અન્ય પુણ્ય નથી. સદાશિવ પુરાણા સર્વના કારણરૂપ, સર્વ દેવના દેવતા ઇષ્ટ છે. તેથી તેમની પૂજા થતાં સર્વ દેવોની પૂજાવળે છે, એ પ્રકારનો શ્રીવેદાન્ત શાસ્ત્રનો નિશ્ચય છે. ભોગ તથા મોક્ષ એજ સાધન વડે મળે છે એમાં કાંઇજ સંશય નથી.

એ રીતે શિવમાહાત્મ્યખંડમાં ઇશ્વરપૂજા તથા દેવપૂજાનો વિધિ નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય ૫.

શક્તિપૂજન વિધિ.

શ્રુતિ ભગવતી કહે છે કે ॥ शक्ति शक्ति मतोर भेदः ॥ (શક્તિ અને શક્તિમાન જે પરમેશ્વર તેમનો અભેદ છે.) આમાં જે તત્વને શક્તિ નામ આપેલું છે તેનો વિચાર આ અધ્યાયમાં થાય છે. શાકતો મહામાયા જગદંબા નામથી આ તત્વનું યજન કરે છે. શ્રીમચ્છંકરાચાર્ય ભગવાને પણ આ તત્વના સ્વરૂપનું અનુસંધાન આનંદ લહરી નામના સ્તોત્રમાં બહુ ઉત્તમ રીતે કરાવ્યું છે. એવી દંતકથા છે કે શ્રીશંકરાચાર્ય ભગવાન પોતાના ઉપાસ્ય દેવતા રૂપે એકલા શિવની ઉપાસના કરતા હતા. જે ઉપાસક શિવને પ્રિય છે તેમના ઉપર સ્વભાવથીજ શિવાની પ્રીતિ હોય છે. છતાં શાસ્ત્રાનુસાર જગદંબાનું જે યજન આવશ્યક છે તે ન થાય તો વાસ્તવ સિદ્ધિમાં અપૂર્ણતા રહી જાય તેમ ન થવા અર્થે આ વૃત્તાંત માયાના બળથી પ્રતીત થયું હતું. શ્રીશંકરાચાર્ય ભગવાન એક સમયે કોઇ નગરની ધર્મશાળામાં મુકામ કરીને રહ્યા હતા. એક દિવસ ત્યાં એમને જ્વર લાગુ પડયો. અને માયાના પ્રભાવથી દહીંની ઇચ્છાનો અંકુર હૃદયમાં ઉઠી આવ્યો. સાક્ષાત જગદંબા પોતેજ માથે દહીંની સુંદર મટુકીને લઇને “ કોઈ દહીં લ્યો દહીં ” એ પ્રકારે ઉચ્ચારણ કરતાં ત્યાં આવી પહોચ્યાં આ સ્વરનું શ્રવણ થતાંજ શંકર ભગવાને તે બાઇને નિકટ આવવા કહ્યું. ધર્મશાલાના ઓટલા ઉપર મટુકીને મૂકીને જગદંબા નીચે ઉભાં રહ્યાં, અને કહ્યું કે “ મહારાજ પધારો અને ઇચ્છા પ્રમાણે આ મટુકીમાંથી દહીંને આરોગવાની કૃપા કરો. આપના જેવા પરમ શિવભક્ત આ દહીંનો સ્વિકાર કરશે તેથી હું મને અહોભાગ્ય માનું છું.” શ્રીશંકરાચાર્યે ઉત્તર

આપ્યું કે આ સ્થાનથી તારી મટુકી નિકટ છે છતાં ત્યાં સુધી આવવાની મારામાં શક્તિ નથી. જગદંબાએ ઉત્તર વાળ્યું કે આપના શ્રીઇષ્ટ શિવ ભગવાનનું સામર્થ્ય ઓછું નથી તો અન્ય શક્તિની આપને શી અપેક્ષા છે ? આ માર્મિક વચનને શ્રવણ કરતાં દયાળુ જગદંબાની દૃષ્ટિનો તેમના ઉપર પ્રસાર થતાં શ્રીશંકર ભગવાનને ભાન થયું કે આ કોઈ સાધારણ મહીઆરી નથી પણ સાક્ષાત શિવનાં શક્તિ જગદંબા પોતેજ છે. એમની ઉપાસના વિના બધું નિરર્થક છે એવું એમને ભાન થયું. તેથી ત્યાંજ તેજ સમયે આનંદ લહરીનું સ્તોત્ર શીઘ્ર બનાવી જગદંબાની સ્તુતિ કરી છે તેમાં આ શ્લોક છે.

॥ शिवः शक्त्यायुक्तो यदि भवतिं शक्तः प्रभवितुम् ॥ ॥नचेदेवंदेवो न खलु कुशलः स्पंदितुमपि ॥ ઇત્યાદિ શિવ, શક્તિનો યોગ જ્યારે કરે છે ત્યારેજ તે યોગદ્વારા પ્રભુ બનીને સર્વનું નિયમન તે કરી શકે છે. તે પ્રકારનો શક્તિ સાથેનો યોગ નથી હોતો તો તેમના વડે સ્પંદન સરખું પણ થઇ શકતું નથી.

આપણે પૂર્વે જોયું કે માયાને પરમશિવ ધારણ કરીને પોતાને વશ વર્તાવે છે, તેથી તેને શક્તિ કહેલી છે, અને પ્રતીતિ માત્રના કારણરૂપે એ મહામાયાને ગણેલી છે. પોતાનું શુદ્ધ નિષ્કલ સ્વરૂપ માયાતીત છે. કાંઈ પણ પ્રતીતિ કરાવવા અર્થે એ માયાના ભિન્ન ભિન્ન ગુણોને ધારણ કરીને સકલ રૂપે પોતે પ્રતીત થાય છે અને ભોગ તથા અપવર્ગરૂપ ફળ તે શક્તિદ્વારાજ શંકર આપે છે. માટે તે પ્રકારના ફળની પ્રાપ્તિ અર્થે શક્તિની પૂજા આવસ્યક છે, ને તેથી મુનિઓએ પ્રશ્ન કર્યો છે. કે અમે એમ સામાન્ય રીતે સાંભળ્યું છે કે કોઈ એક પરાશક્તિ એવી છે કે તેના પૂજનથી શિવપૂજા ફલપ્રદ બને છે. પરંતુ તે શક્તિનું સ્વરૂપ શું છે, તેનાં અંગો કયાં છે તથા તેમની પૂજાનો વિધિ કયો છે તે વિષયક વિશેષ જ્ઞાનની અપેક્ષા છે. દાહ, પાક, પ્રકાશ આદિ સામાન્ય શક્તિઓ અગ્નિ આદિમાં પણ છે. પરંતુ આ જગતને નિર્માણ કરવા આદિ વિષયક શક્તિ શિવની હોવાથી એટલું તેમાં વિશેષ છે. માટે તેને પરાશક્તિ કહી છે. ગત અધ્યાયમાં શિવપૂજાનું જ્ઞાન મળ્યું છે, તો પછી આ શક્તિપૂજાનું જ્ઞાન અનિવાર્ય નથી પણ માત્ર પ્રાસંગિકી જીજ્ઞાસારૂપે એટલે જાણીએ તો ઠીક છે એમ સમજવાનું નથી. કારણ કે શિવપૂજાનું ફળ શક્તિપૂજાને અધીન છે. માટે અત્યંત શ્રદ્ધાથી શક્તિનું પૂજન કરવાનું છે. દંડ, ચક્ર આદિ રૂપે

દેખાતા પદાર્થોને સામાન્ય વિચારથી પોતાને કાર્ય સ્વરૂપે આપણે ઓળખીએ છીએ. છતાં ઘટાદિ કાર્યના પ્રતિયોગિ રૂપે તેમને ઘટના કારણરૂપે પણ ઓળખીએ છીએ. તેજ પ્રમાણે પરશિવને નિષ્કલ સ્વરૂપે, પરશિવરૂપે ઓળખીએ. છતાં કૃત્યપંચકરૂપી શક્ય એટલે જે કરાઈ શકે છે તે દ્વારા નિરુપણ કરતાં તેજ પરશિવ તત્વને પરાશક્તિ કહીએ છીએ. ૧. સૃષ્ટિ ૨. સ્થિતિ ૩. સંહાર ૪. તિરોભાવ ૫. અનુગ્રહ કરણ, એ કૃત્યપંચક છે. અગ્નિની ઉષ્ણતા, સૂર્યનો તડકો, ચંદ્રની ચાંદની, જેવી રીતે તે તેની સહજશક્તિ છે એટલે ઉષ્ણતા અગ્નિથી ભિન્ન નથી, તડકો સૂર્યથી ભિન્ન નથી, ચાંદની ચંદ્રથી ભિન્ન નથી, એ પ્રમાણે આ પરાશક્તિ શ્રી મહેશ્વરથી ભિન્ન નથી. આ પરાશક્તિની પૂજા અધિકાર ભેદથી બે પ્રકારની છે. ૧. બાહ્યા અને ૨. આંતરા. હવે બાહ્યાપૂજા શ્રુતિ, સ્મૃતિ તથા પૂરાણાદિ વેદ મૂલક છે. તે પ્રકારની હોય તેને વૈદિકી કહે છે. શિવા આદિ, તથા કામિક આદિ, આગમશાસ્ત્રો, મૂલ રૂપ જે વેદ તેની અપેક્ષા વિના રચાયલાં છે. માટે તે તે તંત્રોમાં કહેલા વિધિથી કરવાની પૂજા તે તાંત્રિકી છે. કુંડ, મંડપ આદિ કરીને તે તે તંત્રોમાં કહ્યા પ્રમાણે તંત્રદીક્ષાના સંસ્કારો જેણે મેળવ્યા છે તેણે તાંત્રિકી પૂજા કરવાની છે. સ્વગૃહ્યાદિમાં કહેલા વેદોક્ત સંસ્કારો જેને પ્રાપ્ત છે તેણેજ માત્ર વૈદિકી પૂજા કરવાની છે. આ પ્રકારના વૈદિકી તથા તાંત્રિકી નામના જે પૂજાના ભેદ છે, તે ભેદવાળીજ વ્યવસ્થા શ્રી શિવપૂજનમાં, વિષ્ણુપૂજનમાં, વિનાયકપૂજનમાં તથા અન્ય દેવોના પૂજનમાં પણ હોય છે. વગર સમજ્યે કોઈ પોતાના ઘરના દેવતાને ત્યજે છે, તે મનુષ્ય ગૃહદેવતાથી તો પતિત થાય છે, અને અન્ય દેવતાને પ્રાપ્ત કરી શકતો નથી તેથી તે પાપીજ બને છે. શક્તિની પૂજાનો માતૃકા મંત્ર છે. તે મંત્ર વડે ૧ આસન, ૨ આવાહન, ૩ અર્ઘ્ય, ૪ પાદ્ય, ૫ આચમન, ૬ સ્નાન, ૭ વસ્ત્ર તથા ઉપવસ્ત્ર, ૮ આભૂષણ, ૯ ગંધ, ૧૦ પુષ્પ, ૧૧ ધૂપ, ૧૨ દીપ, ૧૩ તૃપ્તિ કરે એવું નૈવેદ્ય, ૧૪ માલ્ય, ૧૫ અનુલેપન, તથા ૧૬ નમસ્કાર, એ રીતે ષોડષોપચારથી પૂજન કરવાનું છે. અને પૂજનને અંતે વિસર્જન કરવાનું છે. મંત્ર માત્રને માતૃકા મંત્રમાંથી કહાડીને આણેલા છે. કોઈજ એવો અક્ષર નથી કે જેનો સમાવેશ માતૃકામાં ન થયેલો હોય. અને જેની બનાવટમાં અક્ષરો ન હોય એવો કોઈ પણ મંત્ર નથી, તેથી માતૃકાના ઉચ્ચારણ પૂર્વક જે જે કાર્ય કરાય છે તે કાર્ય સર્વ મંત્રો વડે કર્યા બરોબર થાય છે.

આ માતૃકા અધિકારીના ભેદથી ત્રણ પ્રકારની છે. ૧. પ્રથમ અધિકારી માટે સ્થૂલ માતૃકા. ૨. મધ્યમ અધિકારી માટે સૂક્ષ્મમાતૃકા અને ઉત્તમ અધિકારી માટે સૂક્ષ્મતર માતૃકાનો પૂજનમાં ઉપયોગ થાય છે.

સૃષ્ટિની સ્થિતિના સમયને અંતે એક પ્રસંગ એવો આવે છે કે પ્રાણી માત્રનાં જે કર્મો ફલ આપવાને તત્પર હોય તેવાં બધાંજ ભોગવાઈ રહેલાં હોય છે. કર્મ માત્ર નિયમિત કાલે પરિપકવ થયા પછીજ પ્રારબ્ધ રૂપને ધારણ કરીને ફલ આપવા તત્પર થાય છે. તે શિવાય બીજી રીતે ફલ આપી શકતાં નથી. આ પ્રમાણે રહેલાં જે સંચિત કર્મો તે ફલ આપવાને તત્પર નથી, અને પ્રાણી માત્રના પ્રારબ્ધ કર્મો તો ભોગવાઈ રહ્યાં છે તેથી તે સમયે ભોગનો અભાવ થાય છે. તેથી ભોગવવા અર્થે સૃષ્ટિનો ઉપયોગ રહેલો હોતો નથી. તેથી માયા સમસ્ત પ્રપંચને તે સમયે ગળી જાય છે. આ વ્યતિકરને પ્રાકૃત પ્રલય કહ્યો છે. આ પ્રકારે પ્રપંચ માત્રને પોતાના ઉદરમાં અનાગત (latent) સ્થિતિમાં રાખીને તેમાં રહેલાં બાકીનાં કર્મો પરિપકવ થતા સુધી સ્વપ્રતિષ્ઠિત, નિષ્કલ પરશિવમાં તે માયા લીન થઈને રહે છે. પ્રલય સમયે આ ચર તથા અચર જગત્ તેમાં સુષુપ્ત અવસ્થામાં રહે છે. જગતના આધારરૂપ પૃથ્વિ, જળમાં ઓગળી જાય છે, જળ તેજમાં, તેજ વાયુમાં, વાયુ આકાશમાં, આકાશ અવ્યક્તમાં અને અવ્યક્ત પુરૂષમાં, પૂર્વ પૂર્વને ગળતાં ઉત્તર ઉત્તર સ્વરૂપમાં લીન થઈ જાય છે, આ પ્રલયને આત્યંતિક નાશ સમજવાનો નથી. માયાનો વાસ્તવ રૂડી રીતે પ્રલય જ્યારે થાય છે, ત્યારે તો મુક્તિ મળેલી હોય છે, તે પ્રકારનો આ નાશ નથી. જેવી રીતે નિદ્રામાં પ્રવૃત્તિનો અભાવ હોય તે પ્રકારે આ પ્રલયના સમયમાં માયાની મર્યાદામાં થતી પ્રવૃત્તિ માત્ર અટકેલી હોય છે. તે સમય અત્યંત નિર્વિકલ્પતાનો હોવાથી એટલે તે સમયે પરમતત્વ વડે જે પ્રકાશને મેળવીને માયા ભાસી રહે છે તે પ્રમાણે માયા તે સમયે ભાસતી નહિ હોવાથી તે પરમ શિવનો પ્રકાશ પણ પોતા વડે ભાસનાર અન્યના અભાવથી પોતાનોજ અભાવ હોય તેવો બની રહે છે. છતાં તે ભાસનો કેવલજ અભાવ તે સમયે પણ નથી. કારણ કે મિથ્યા વસ્તુનું સ્વરૂપ એકલો પ્રતિભાસજ છે. પ્રતિભાસ દેખાતો બંધ થતાં પોતાના આધારભૂત જે સત્ય વસ્તુનો ભાસ તે રૂપેજ તે મિથ્યા વસ્તુ થઈ રહે છે. દોરડીમાં સર્પ નામની મિથ્યા વસ્તુ દોરડીના ભાસ વડેજ અને તે આધાર ઉપરજ પોતાનો પ્રતિભાસ કરે છે. તે દોરડી છે એ

પ્રકારના સત્ય જ્ઞાન વડે તે મિથ્યા સર્પનો ભાસ બંધ થતાં તે મિથ્યા સર્પ વાસ્તવ દોરડી રૂપજ બને છે. અભાવ કે શૂન્યરૂપ તે બનતો નથી. તેજ પ્રમાણે પ્રલય સમયે આ માયા સહિત આખી સૃષ્ટિ જે સત્ય બ્રહ્મ પ્રકાશ વડે પોતે ભાસી રહી હતી તે પોતાનો ભાસ બંધ થતાં અભાવ કે શૂન્યત્વને પામતાં નથી પણ બ્રહ્મપ્રકાશમય થઈ રહે છે. જો તે અભાવ રૂપ થઇ રહેતાં હોય તો તે પછીની ભાવી સૃષ્ટિનો પ્રસંગજ આવી શકે નહિ. પરંતુ પ્રાણીઓનાં બાકી રહેલાં સંચિત કર્મો તે માયામાં વિલાઇને રહેલાં હોય છે. તે કર્મો પોતપોતાના ક્રમ પ્રમાણે પરિપકવ થાય છે. એમ થતાં તે કર્મો ફલ આપવાને માટે તત્પર બને છે. તેથી તે ફલરૂપભોગ ભોગવવા અર્થે સૃષ્ટિની રચનાની જરૂર પડે છે. તેથી તે રચવાની ઇચ્છારૂપી માયાની વૃત્તિ પરમેશ્વરમાં સ્ફુરે છે. માયાની આ અવસ્થાને વેદમાં ઇક્ષિણ કામ, તમસ્, વિચિકિત્સા આદિ શબ્દોથી કહી છે. કર્મો પરિપકવ થએલાં નથી હોતાં તેથી માયાનું જે ભેદને પામ્યા વિનાનું ઘનીભાવને પામી રહેવું તથા તેમ થવા માટે જે વ્યાપારને કરવો તેને વિચિકિત્સા કહે છે. પરિપકવ થાય ત્યારે તેમ થએલાં કર્મો સાથે એકતા રૂપ કર્માકાર પરિણામને પામેલું માયાનું જે સ્વરૂપ તેને બિંદુ કહે છે. આ પમાણે વિભાગને ન પામેલી સ્થિતિમાં તે બિંદુ હોય છે ત્યારે તેને અવ્યકત કહે છે. કહ્યું છે કે " તેમાંથી ત્રિગુણાત્મક અવ્યક્ત ઉત્પન્ન થયું. " એમ કહી શ્રુતિ ભગવતી જણાવે છે કે આ અવ્યકત અનાદિ નથી પણ ઉત્પત્તિ વાળું છે. એજ જગતના અંકુર સ્વરૂપ છે. જ્યારે તે આપણા શરીરોમાં આધાર આદિ ચક્રોમાં અભિવ્યકત થઇને અધ્યાત્મ રૂપે થાય છે. ત્યારે કુન્ડલી આદિ શબ્દોથી તે ઓળખાય છે. વિશ્વજનનના કાર્યમાં આ કુંડલીની અત્યંત ઉદ્યમ કરી રહી છે. તે કુંડલીની સુષુમ્નાની અંદરજ પ્રવેશીને રહેલી છે. એ રીતનું વિદ્યમાન બિંદુ કાલક્રમથી પોતાના અચિદ્દ અંશને પોતાથી જૂદો પાડે છે, ત્યારે તે અંશ સ્થુલ બનીને બીજ રૂપ થાય છે. વળી તેનો ચિદ્દ તથા અચિદ્દ એ પ્રકારનો મિશ્ર અંશ છૂટો પડી ને સૂક્ષ્મ બને છે. તે નાદરૂપને ધારણ કરે છે. અને તેનો બાકીનો પુરૂષ રૂપ જે ચિદ્દ અંશ તે આ પ્રમાણે છૂટો પડયો તે પર બિંદુ છે ને ઇશ્વિર રૂપને ધારણ કરે છે. આ પ્રમાણે તે બિંદુના વિભાગ થાય છે. જે ક્ષણે આ વિભાગ થાય છે, તે ક્ષણે "શબ્દ બ્રહ્મ" એ પ્રકારના અપર નામવાલા સ્વરની ઉત્પત્તિ કહી છે. એ સ્વર વ્યકત સ્વરૂપ છે. અને જગતનું ઉપાદાન કારણ તે છે. તે તત્વની બિંદુ સાથે એકતા હોવાથી તે સર્વગત છે. છતાં વિશેષ રૂપે પ્રાણી મૂલાધારમાં અભિવ્યક્ત થાય છે. મૂલાધાર પ્રદેશમાં

તે અનુસ્યૂત થાય છે. એટલે વ્યાપી રહે છે તે પ્રદેશમાં રહેલા પવનના બળ વડે તે અભિવ્યકત થાય છે. તે પવન પણ ત્યાં મૂલાધારેજ ઉત્પન્ન થાય છે, જાણેલા અર્થની કહેવાની ઇચ્છા થતાં એક પ્રકારનો પ્રયત્ન ઉત્પન્ન થાય છે. મૂલાધારમાં રહેલા પવનને તે રીતે સંસ્કાર મળે છે. સર્વત્ર રહેલો શબ્દ બ્રહ્મ તે પવન દ્વારા મૂલાધારમાં અભિવ્યકત થાય છે. એ પ્રમાણે અભિવ્યકત થયેલો શબ્દબ્રહ્મ " કારણ બિંદુ " નામથી ઓળખાય છે. એનું સ્વરૂપ સ્વપ્રતિષ્ઠિત છે. તેથી તે નિઃસ્પંદ છે. એનેજ પરાવાણી કહી છે.

એજ વાયુ મૂલાધારથી આગળ પ્રયાણ કરતો નાભિ સુધી જાય છે. અને શબ્દ બ્રહ્મને મન સાથે જોડે છે, અને તેને મનન રૂપે અભિવ્યક્ત કરે છે. તે વખતે એનું સ્વરૂપ સામાન્ય સ્પંદ રૂપ પ્રકાશમય હોય છે. એને કાર્ય બિંદુતત્વ કહ્યું છે. તેના અધિદેવ ઇશ ગણાયાં છે. એનેજ પશ્યન્તી વાણી કહેલી છે. તેજ વાયુ હૃદય પર્યંત પ્રયાણ કરે છે. અને ત્યાં નિશ્ચય રૂપ જે બુધ્ધિ તેની સાથે શબ્દ બ્રહ્મનો યોગ કરી આપે છે. તે સમયે વિશેષ સ્પંદ રૂપ તે બને છે. તેને નાદ બિંદૂ કહે છે. તેના અધિ દેવતા હિરણ્યગર્ભ છે. અને મધ્યમા વાણી કહી છે.

તેજ વાયુ આગળ વધતાં મુખ સુધી આવે છે. અને ત્યાં તે શબ્દ બ્રહ્મને તે કંઠાદિ સ્થાનો સાથે યોજે છે. ત્યારે તે શબ્દ બ્રહ્મ अ થી क्ष સુધીની વર્ણમાલા રૂપને ધારણ કરે છે. અન્યના શ્રોત્ર સાંભળી શકે તેવું આ બીજ રૂપે છે. તેના અધિ દેવતા શ્રીવિરાટ ભગવાન બને છે. એને વૈખરી વાણી કહી છે. વૈખરી વાણી સ્થૂલ માતૃકા છે. મધ્યમા વાણી સૂક્ષ્મ માતૃકા છે. કાર્યરૂપ પશ્યંતિ તથા કારણરૂપ પરાવણી બન્ને સૂક્ષ્મતર માતૃકા કહેવાય છે. એજ રીતે બધાજ મંત્રો પણ સ્થૂલ, સૂક્ષ્મ તથા સૂક્ષ્મતર છે. આ વિષયમાં તો કહેવાનું ઘણુંજ બાકી છે. હાલ તો ઉપયોગ પુરતું જેટલું ઉઘાડું કરીને કહી શકાય તેવું છે એટલુંજ કહ્યું છે. શાસ્ત્રોને ઉપદેશ વિના સમજવાં કઠીન છે. માટે ગુરુદ્વારા ઉપદેશ મળે ત્યારેજ અતિશય ફળની પ્રાપ્તિ થાય છે. ગુરુના ઉપદેશ વિના બીજી રીતે કરોડો શાસ્ત્રોનું અધ્યયન કરે છતાં આ વિષયનું યથાર્થ જ્ઞાન થઈ શકે તેમ નથી.

શાસ્ત્રદ્વારા પૂજાના સ્વરૂપનું જ્ઞાન મેળવવું તથા ચિત્તની એકાગ્રતાને પ્રાપ્ત કરીને નિત્ય પ્રસન્નતાને મેળવવી. એ પ્રમાણે અધિકારી થવાય છે. અને તે થાય ત્યાં સુધી બાહ્ય પૂજા કરવાની છે. અધિકાર પ્રાપ્ત થતાં બાહ્ય પૂજાને છોડીને સત્વર અભ્યંતરા પૂજા લેવી. આ પૂજામાં પણ બે પ્રકાર

છે. ૧. સાધારા અને ૨. નિરાધારા. સાધારા પૂજામાં મન વડે કલ્પેલી મૂર્તિરૂપ લેવાને તેમાં સત્ ચિત્ આનંદ એકરસ શિવનું આવાહન આદિ કરવું. એ પ્રકારનો મૂર્તિરૂપ આધાર જેમાં કલ્પવામાં આવતો નથી પરંતુ કેવલ સાક્ષાત્ પરશિવનુંજ અનુસંધાન કરાય છે. તે નિરાધારા પૂજા છે, અને તેજ પૂજા સર્વોત્તમ છે.

મનમાં આ પ્રમાણે જગદંબાની મૂર્તિ કલ્પવી, કમલતંતુની પેઠે મૂલાધારથી આરંભીને ચક્રોમાં વિસ્તારને પામતી લિપિસમૂહરૂપે તે પ્રતીત થાય છે એમ ધારવું. તેને સુંદર મુખ, કર, ચરણ આદિ અંગો છે: મુદ્રા, રૂદ્રાક્ષની માલા, અમૃતનો કલશ, તથા પુસ્તક એમના હાથમાં છે: આ પ્રકારની મૂર્તિને મનમાં કલ્પવી. પછી સંવિદ્ (ચિતિશક્તિ) સ્વરૂપનું ધ્યાન ધરતાં આવાહન આદિ સર્વોપચાર વડે ગુરૂશ્રીએ બતાવેલી વિધિથી તેમનું પૂજન કરવું. આ જગદંબાની સાધારા પૂજા છે. તે સિધ્ધિ રૂપ ચિતિ શક્તિમાંજ મન તલ્લીન થઇને ઓગળી જાય છે. એ પ્રકારની સ્થિતિનો અનુભવ કરવો એ નિરાધારા પૂજા છે. એ બન્ને પ્રકારે પૂજા થાય છે.

આ સંવિદ્ એજ પરાશક્તિ છે. „પરાશક્તિનું અન્ય કાંઇજ સ્વરૂપ નથી વ્યવહારમાં ઉપાધિથી પૂજ્ય વસ્તુ તથા તેનો આધાર એ રીતે ભેદ પડે છે. સંવિદ સ્વરૂપમાં આ ભેદ દૂર થઇને આત્યંતિક અભેદ થઈ રહે છે માટે સંવિદમાં નિત્ય પૂજન કરવું પૂજ્ય પૂજાનું સ્થાનક, પૂજક, પૂજાપો આદિવાળો પ્રપંચ નામનો સંસાર સાધારા પૂજામાં હોય છે. માટે સંવિ- દથી ઇતર જે કાંઈ ભાસે છે તે સંસાર છે. અને તે સંસારના નાશને માટે આત્મ સ્વરૂપ, સાક્ષીરૂપ, તથા પ્રપંચના ઉલ્લાસથી રહિત એવી પરા- શક્તિનેજ પૂજવાની છે, સાક્ષ્ય એટલે સાક્ષીના વિષયરૂપ સંસારના પદાર્થો જે છે. તેનાથી રહિત છતાં તેને સાક્ષી કહી છે એટલે સ્વરૂપથી અપરોક્ષ રૂપવાળી પરાશક્તિ છે. પ્રપંચના અભાવવાળી છતાં પ્રપંચની પ્રતીતિ કરાવી આપનારી છે. તેથી લક્ષણા વૃત્તિથી તેને સાક્ષી કહી છે. સમસ્ત ઉપાધિ જેમાંથી શાન્ત થઈ ગઈ છે એ પ્રકારની નિર્વિકલ્પ સંવિદ્ શક્તિમાં આ પ્રકારે ચિત્તને ઉતારવાનું છે.

अ વડે જાગ્રત **उ** વડે સ્વપ્ન, અને **म्** વડે સુષુપ્તિની તે સાક્ષી છે તથા બિંદુ, નાદ, શક્તિ અને શાંત એ અંશો વડે તુરીય, તુરીયાતીત શક્તિ તથા શાંત રૂપવાળી સંવિદ્ શક્તિનું પ્રણવના વાચક અર્થમાંથી

ક્રમે પ્રતિપાદન થાય છે, અને નિષ્પ્રપંચ સંવિદ્‌માં તે શમી જાય છે. હૃલ્લેખા મંત્રમાં પણ પ્રણવ મંત્રની માફક હ્, રેફ, ઈ, બિંદુ, નાદ, શક્તિ, અને શાંત એ પ્રકારના સાત અંશો છે. એ રીતે સાત અંગોવાળા ૐ તથા હ્રીઁ એ બન્ને મંત્રો સંવિદ્ વાચક છે. એ રીતે સાત અંગોવાળા ૐ તથા હ્રીઁ એ મંત્રો વાચ્ય અર્થથી સંવિદ્ પરાશક્તિને સૂચવે છે. આ અંશોમાં પ્રથમ અ ઉ તથા મ્ અને હ્ ર્ તથા ઈ એ સ્થૂલ પ્રતીતિ વાચક છે. તે પછી બિંદુ તથા અર્ધ રેખાએ તુરીયાસ્થિતિને સૂચવે છે. આ પ્રકારની સ્થિતિઓનું પ્રદર્શન કરાવીને એ મંત્રોના ઉચ્ચારથી ધ્વનિ પ્રકટે છે તે નાદ તુરીયાતીત સ્થિતિને સૂચવે છે. આ પ્રમાણે નાદ થતાં જે વાસ્તવ સંવિદ્ સ્વરૂપ અર્થ તેને વહન કરવાની જે આ મંત્રોની અભિધા શક્તિ છે, તેની પ્રતીતિ થાય છે. તે શક્તિરૂપે સમજવાની છે. આમ થતાં સંવિદ્ સ્વરૂપમાં એકતા થવાનો જે ઉદ્દેશ તેને પૂર્ણ કરીને એ મંત્રો શાંત થાય છે. આ અંશથી તેને શાંત કહેલો છે. આરંભક અવસ્થામાં વિષયો વિક્ષેપ કરતા પ્રતીત થાય છે, તે સમયે આ પ્રકારનું મંત્રના ઉચ્ચારણ સમયે અનુસંધાન કરવાથી વિષયોના ચિત્રોનું અનુસંધાન દૂર થાય છે, અને તેથી વિક્ષેપ ટળે છે. જ્યારે આ રીતે વિષયો દૂર થાય છે, ત્યારેજ ચિત્ત નિર્વિકલ્પ સંવિદ્‌માં ઉતરી શકે છે. માટે મહા બુદ્ધિવાળા સાધકે વ્યાકૂલ થયા વિના આદરપૂર્વક આ અનુસંધાનથી પરા શક્તિને એ મંત્રો વડે ઉપાસવી. તે પછી ચિત્તનું નિયમન જેનું આ વિધિથી થએલું છે, એટલે જેણે આ વિધિથી યોગને સિદ્ધ કર્યો છે, તે-વા તે યોગિએ આ મંત્રાદિ આલંબનને છોડી દેવું. જાગૃત્ આદિ સાત પ્રકારનો ક્રમ કહ્યો છે તેને પણ મૂકી દેવો, અને એકલી પરમાયાનીજ પ્રતીતિ સંવિદ્‌માં કર્યા કરવી. સંવિદનો સાક્ષાત્કાર આ પ્રકારે અનુસંધાન વડે થતાંજ તે સંવિદ્ સ્વરૂપેજ પોતે જાતે પોતાના આત્મારૂપ બને છે, ને ધ્યાતા, ધ્યેય તથા ધ્યાનરૂપે જે વિભાગવાળું અનુસંધાન હોય છે, તે ત્રિપુટીના ત્રણે અંગોની એકતા થતાં અનુસંધાન છૂટી જાય છે. બીજી કક્ષામાં પ્રતીતિયોનું પણ અનુસંધાન થાય છે. ત્રીજી કક્ષામાં તો પ્રતીતિયો સ્વરૂપે હોય છે, છતાં પણ તેનું અનુસંધાન ન થતાં એકલા ધ્યેય તત્વનુંજ અનુસંધાન થાય છે. એટલો બંનેમાં ભેદ છે. એ રીતે આગળ વધતાં પ્રતીતિયોનો પણ અવભાસ થતો નથી, પણ પર આનંદ, એક રસ, સ્વપ્રકાશ સંવિદ્‌રૂપે પોતે પ્રત્યક્ષ ભાસતો નીરાંત કરીને સ્થિર થાય છે. એજ સંવિદ્ શક્તિની પરા પૂજા છે. સકલ સંસારના કારણરૂપ અવિદ્યા

તેથી દૂર થાય છે. પ્રારબ્ધ કર્મના સંસ્કારોને ભોગવીને પૂર્ણ કરતા સુધી જીવન મુક્તિને તે અનુભવે છે, એટલે સામાન્ય મનુષ્યોને તે અન્ય જીવોના જેવો વ્યવહારાદિને કરતો દેખાય છે. છતાં તેના પોતાના અનુભવમાં તે મુક્ત હોય છે. એ પ્રારબ્ધ સંસ્કારો નિવૃત્ત થતાં પર કૈવલ્ય નામના પરમ અંતિમ પુરુષાર્થની પ્રાપ્તિ કરે છે, શક્તિની પૂજાનો આ એકજ મુખ્ય વાસ્તવ વિધિ શ્રુતિ ભગવતીએ કહેલો છે તે મેં તમને સંભળાવ્યો. માટે તમે પણ એ વિધિથી જગદંબા શક્તિનું પૂજન કરો.

એ રીતે શિવમાહાત્મ્ય ખંડમાં શક્તિ પૂજન વિધિ નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય ૬.

શિવ ભકત પૂજન વિધિ

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે અનેક જન્મોમાં સત્ ક્રિયાઓને કરાતાં પરમ ગતિની પ્રાપ્તિ થાય છે. ઘણા મનુષ્ય આ વાકયથી એવા વિભ્રમમાં પડે છે કે આમાં અનેક જન્મો જે કહ્યા છે તેનો આરંભ આ વર્તમાન જન્મથી થાય છે, અને તેથી આ જન્મમાં આવું ઘણું મહત્ કાર્ય આપણાથી બને એવો સંભવ કયાંથી હોય ! આ માનવું કેવલ ભૂલ ભરેલું છે. આ કાંઈ પ્રથમ જન્મ નથી એટલુંજ નહિ પણ આ કહેલા અનેક જન્મની સ્થિતિ આપણી અનાદિ છે. એટલે તેમાં અમુક પ્રથમ જન્મ એવું છેજ નહિ છતાં વિવિધતાનું પ્રદર્શન કરાવનારી જગદંબા માયાના પ્રભાવથી પૂર્વના જન્મોનાં કરાએલાં કર્મોમાં ભેદ હોવાથી હાલ સુધીના એકંદર પરિણામ રૂપ આપણામાંથી પ્રત્યેકના અંતઃકરણની સામગ્રીમાં ભેદ હોય છે. તેની સાથે જે કૂલમાં આપણો વર્તમાન જન્મ છે આના કૂલાચાર તથા

ત્યાં વર્તતી ગુરૂ ઉપદેશ પરંપરા તથા અન્ય સંગતિ વિગેરે વિશેષ ભેદને પાડી આપે છે. આમ હોવાથી કયા સ્વરૂપને ઉત્તમ કહેવું તે પણ વ્યક્ત પરત્વે ભિન્ન ભિન્ન હોય છે. છતાં આ બધામાં એક પ્રકારની એકતા અનુસ્યૂત છે, અને તે એ છે કે પોતપોતાની બુદ્ધિ જેને સર્વોત્તમ રૂપે સ્વિકારે છે, તે સર્વોત્તમ રૂપે મનાયલા સ્વરૂપને ઉપાસ્ય કોટીમાં સ્થાપ્યું છે. આ પ્રમાણે ઇષ્ટ સ્વરૂપમાં ભેદ તથા એકતા છે, તેજ ભેદ તથા એકતા એ ઉપાસનાના ઉદ્દેશમાં પણ છે. અને દુઃખ માત્રની નિવૃતી તથા સુખની પ્રાપ્તિએ ઉદ્દેશમાં અન્ય ઉદ્દેશ માત્ર ઐક્યને પામે છે.

૧ વિવેક, ૨ વૈરાગ્ય, ૩ શમ, દમ, તિતિક્ષા, તપ, વ્રત, ને શ્રદ્ધા નામની ષટ્સંપત્તિ અને ૪ મુમુક્ષા એ જ્ઞાનોત્પતિને માઠે સાધન ચતુષ્ટય કહેલાં છે, તે જેને પ્રાપ્ત છે તેમને ઉત્તમ અધિકારી કહેલાછે, તેઓ તો શિવની તથા વેદમાં જે શંક્તની પૂજાને મુખ્ય રૂપે વર્ણવી છે તેને કરીને કૃતકૃત્ય થાય છે. પરંતુ સાધકોનો ભાગ મોટો તે પ્રકારની પૂજાને યથાર્થ કરવાને માટે અસમર્થ હોય છે. તેવાઓને તે પ્રકારની ઉપાસના કરવાનું સામર્થ્ય જેટલે અંશે ન્યૂન હોય છે તેટલે અંશે તે અધિકાર તેમને અનાયાસ પ્રાપ્ત કરાવી આપવા અર્થે શ્રુતિ ભગવતી અન્ય યોજનાને આપણી પાસે રજુ કરે છે. ॥ब्रह्मविद् ब्रह्मैव भवति॥ એ શબ્દો વડે કહ્યું છે કે અનુભવ પૂર્વક બ્રહ્મતત્વનું જ્ઞાન આચાર્ય શિરોમણી સદ્ગુરૂ શ્રીને પ્રાપ્ત છે તેઓ પોતેજ સાક્ષાત બ્રહ્મરૂપ છે. એટલે બ્રહ્મરૂપેજ સદ્ગુરૂશ્રીની ભક્તિ કરવી એજ બ્રહ્મભક્તિ છે. ધર્મોની વિવિધ સંસ્થાઓ પ્રતિ લક્ષ કરતાં પોતપોતાના મનાએલા ઇષ્ટના સ્વરૂપ તથા નામ માટે ભારે યુદ્ધ મચાવી મૂકે છે. છતાં એજ વિવિધરૂપે મનાએલા ઇષ્ટનો મેળાપ કરાવી આપનાર પુરૂષના સંબંધમાં વિસ્મય પમાડે તેવી એકતા રહેલી છે. બધાઓએજ તે પુરૂષને ગુરૂએ નામ આપેલું છે. અને બધાજ કૃતકૃત્યતાને અર્થે સર્વોત્તમ પ્રેમ પૂર્વક તેની ઉપાસના કરે છે. આ પ્રકારનો વ્યવહાર સર્વ સંસ્થાઓમાં પ્રતીત થાય છે તેનેજ અનુમોદન આપીને ઉપાસ્યરૂપે જે બ્રહ્મનામનું અંતિમ સ્વરૂપ છે તેનીજ એકતા આ શ્રી સદ્ગુરૂ કરી આપે છે. આ પ્રકારે શિવ ભક્તની પૂજા સર્વ માટે એકમતથી કરવાની કહી છે તેનું સ્વરૂપ આપણે આ અધ્યાયમાં જોઇએ.

મુનિયોએ પ્રશ્ન કર્યો કે શ્રી મહેશ્વરે શાસ્ત્રમાં પોતાના પૂજનના આઠ પ્રકાર કહ્યા છે. શિવભક્તનીભક્તિ, શિવપૂજામાં અનુમોદન એટલે

શિવપૂજન થતું હોય તેમાં પ્રેમપૂર્વક ધ્યાન આપવું, ૩. પોતે જાતે શિવપૂજન કરવું. ૪. શિવનિમિત્તે ભક્તિપૂર્વક અંગોની ચેષ્ટા કરવી. ૫. શિવકથાના શ્રવણમાં ભક્તિ. ૬. પ્રેમના અત્યંત આવેશમાં આવીને સ્વર, નેત્ર તથા અંગોના વિકારો થવા જેમકે ગદ્દગદ્દ સ્વર થઈ જવો, નેત્રમાંથી હર્ષાશ્રુ વહેવાં વિગેરે. ૭. શિવનામ કીર્તન અને, ૮. શિવનિર્માલ્યનું ઉપજીવિકાના સાધનમાં ગૃહણ ન કરવું. આ આઠમાં પ્રથમ પદે વિરાજતી શિવભક્તની પૂજા કહી છે, માટે તેનું સ્વરૂપ કહો.

શ્રી સૂત ભગવાન ઉત્તર આપે છે કે આ ઉપાય સહેલો છે એવું માનીને તેના ઉપર તમે આદર ઓછો ન કરશો, પરંતુ પૂર્ણ યત્નથી તમે તેનું પાલન કરજો. જે જે કરવાથી શિવભક્તનું મન તૃપ્ત થાય તે કરવું એજ એમની પૂજા છે. પ્રેમ તથા સન્માન સહિત શુધ્ધ જલવડે એમના ચરણને ધોવા. સુગંધાદિ તેલ વડે તેમને શરીરે મર્દન કરવું, પાદ આદિ શરીરની ચંપી કરવી, જમવાના તથા પીવાના ઉત્તમ પદાર્થો ધરાવવા. દ્રવ્ય, વસ્ત્ર, હાર ચંદનાદિ પૂજાના પદાર્થો, વનિતા, ભૂમી, ગાય, તલ, જલપાત્ર, ઘર, પંખો અન્યપાત્રો વિગેરેમાંથી જેજે દાન રૂપે અપાયતે દરેક એમની પૂજા છે. આ સંબંધમાં એક અખ્યાયિકા છે તેનું શ્રવણ કરવાથી આ પૂજનમાં આદરની વૃધ્ધિ થશે. પૂર્વે ઘણી સમૃધ્ધિ વાળો એક વણીક હતો. તેને ચાર પુત્રો હતા. તેમાં જેષ્ટ પુત્ર સત્યવાદી મહાધનવાન, ભૂત માત્ર ઉપર દયાવાળો, પ્રસન્ન, મિતાહારી બ્રહ્મચર્યને પાલનારો શિવભક્ત હતો. તેના અંતઃકરણમાં મરણનો તથા મરણ પછી અવશ્ય થનાર જન્મના ત્રાસનો ભય ઉપ્તન્ન થયો. તે આ ભયમાંથી છૂટવાને માટે અત્યંત રઘવાયો થઈ ગયો તેથી બ્રહ્મા, વિષ્ણુ આદિ જે ક્ષેત્રમાં નિવાસ કરીને રહેલા છે એવા કાશી ક્ષેત્રમાં તે ગયો. ત્યાં જઇને શ્રધ્ધાપૂર્વક પોતાનું ધન શિવભકતોને અર્પણ કર્યું, અને તેમનું પૂજન કર્યું. એ રીતે કર્મબંધન માત્રથી છૂટીને તે મુક્ત થયો. તે શેઠનો બીજો પુત્ર પણ અત્યંત ધનવાન હતો. શ્રી સોમનાથ એક એવું તીર્થ છે કે ત્યાં નિરાંતે વસીને સત્ કર્મ કરનારને પોતાની સર્વ કામનાને અનુસાર ફળની પ્રાપ્તિ થાય છે. તે તીર્થમાં તે પોતાની ભાર્યા સાથે ગયો અને ત્યાં પોતાનું સર્વસ્વ શિવ ભકતોને આપી દીધું અને તેમનું પૂજન કર્યું. એ વિધિથી તેણે પણ મુક્તિને મેળવી. એ શેઠનો ત્રીજો પુત્ર પોતાના સર્વ બાંધવોનો ત્યાગ કરીને અન્યાય માર્ગે વર્તન કરવા લાગ્યો. અને એ રીતે તેણે બહુ ધન ભેગું કર્યું. છતાં પૂર્વે

જન્મમાં કરાયલા કોઈ સત્ કર્મના બળથી વ્યાઘ્રપુર નામના પુણ્ય ક્ષેત્રમાં તે ગયો. ત્યાં અન્ન, જલ, વસ્ત્ર, ચંદન, પુષ્પ, તાંબૂલ, આદિનાં પુષ્કળ દાન શિવભક્તોને આપ્યાં. તે સ્થાનમાં એ ત્રણ વર્ષ રહયો અને ત્યાં શિવભક્તોની પૂજા કરી અને એ રીતે કર્મ બંધનોથી છૂટીને મુક્ત થયો. એમનો ચોથો પુત્ર તો અત્યંત અવિચારી હતો. તેણે ઘણા બ્રાહ્મણોનો વધ કર્યો, અને તેમનું સર્વધન લૂંટી લીધું. વેશ્યાઓને, નટોને, ગવૈયાઓને અને અન્ય મૂર્ખ પાપાચરણીઓને તે ધન આપવા માંડયું. નિરંતર વેશ્યાઓને ઘેર રાત્રિ દિવસ રહેવા લાગ્યો. પરિણામે તે સર્વ પ્રકારના રોગોથી ભરાઈ ગયો. તે વ્યાધિનાદુઃખમાં તેને પાછો બ્રહ્મરાક્ષસ વળગ્યો. આ પ્રમાણે ઘણો સમય ગયો. ત્યારે પુત્ર સ્નેહવડે તેના પિતાનું અંતઃકરણ પ્રજળવા લાગ્યું. તેથી તેનો પિતા સર્વશાસ્ત્રાર્થ તત્વને જાણનાર એક બ્રાહ્મણની પાસે સત્વર ગયો. તેને દંડવત્ પ્રમાણ કર્યા. અને પુષ્કળ દ્રવ્ય આપ્યું. તથા પોતાના પુત્રનું વૃત્તાંત કહી સંભળાવ્યું એ ઉપરથી ઉત્તમ બ્રાહ્મણોની એક સભા મળી અને તેમણે દીર્ઘ સમય સુધી વિચાર કરીને નિશ્ચય કર્યો. અને આ પ્રમાણે ઉત્તર આપ્યું.

શ્રી વૃદ્ધાચલ સ્થાન સર્વ ઉપદ્રવનો નાશ કરવા માટે શ્રી મહેશ્વરે નિર્માણ કર્યું છે. બ્રહ્માવિષ્ણુ આદિ સર્વ દેવતાઓ તે સ્થાનને નિત્ય આદર પૂર્વક સેવે છે. એ ક્ષેત્રમાં મહેશ્વરનાં એક વર્ષ પર્યંત દર્શન માત્ર કરવાથી ભોગ તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે. ત્યાં અલ્પ દાન કરવાથી પણ ઘણું ફલ મળે છે. બ્રહ્મહત્યા, મદિરાપાન, સુવર્ણની ચોરી આદિ મહા પાપોનો પણ નાશ થાય છે. લોક રક્ષણાર્થે પૂર્વે શ્રી અગસ્ત્ય મુનિએ તે સ્થાને મહાદેવનું પૂજન કર્યું હતું. એ તીર્થ શ્રી મણિ મુક્તા નદીને કાંઠે આવેલું છે. તીર્થ માત્ર ત્યાં એકત્ર થઈ રહ્યાં છે. માટે પુત્રને લઇને તમે ત્યાં જાઓ. ત્યાં નદીમાં નિત્ય સ્નાન કરજો. પછી શ્રી મહાદેવને દંડવત્ પ્રણામ કરજો અને ૧૦૮ પ્રદક્ષિણા કરજો. બ્રાહ્મણ તથા અન્ય જે કોઇ શિવભક્ત ત્યાં હોય તેમની પ્રસન્નતા પૂર્વક તેમનું પૂજન કરજો. અને એ પ્રકારની શિવભક્તની પૂજા વડે તમારા પુત્રનો ઉદ્ધાર કરજો. એ સ્થાનમાં જઇને એક મુષ્ટિ માત્ર પણ દાન આપ્યા વિના કોઇ ભોજન કરે છે તો તે કદી સંસારથી છૂટતો નથી. શિવભક્તની પૂજા વડેજ ભોગ તથા મોક્ષ મળે છે, અન્ય રીતે મળતાં નથી. આ વાર્તાનું શ્રવણ કરીને તે વણિક પોતાના પુત્ર, ધન, સ્ત્રી બંધુ તથા તે સર્વના સંબંધીઓનો સંઘ કહાડીને વૃદ્ધાચલ ગયો. મહા પાપનો નાશ કરવા માટે મણિમુક્તા નદીના જળમાં સ્નાન

નિત્ય કરતાં. ભક્તિપૂર્વક રોજ શ્રી મહાદેવજીની ૧૦૮ પ્રદક્ષિણાઓ કરવા માંડી. શિવયોગીને મનોહર મઠ બાંધીને આપવા માંડયા. નિત્ય શિવભક્તોનું પૂજન ચાલતું હતું. ધન, ધાન્ય, તલ, ચોખા, તેલ, જળ, વસ્ત્ર, પુષ્પ, તથા આભરણો આદિ શિવભક્તોના અંતઃકરણને અત્યંત આનંદ આપે તેવા પદાર્થોના દાન વડે તેમનાં પૂજન કરવા માંડયાં. આ પ્રમાણે એક વર્ષ પર્યંત કરતાં તે પુત્ર નીરોગ થયો. બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો તે પણ નીકળી ગયો. તે પછી પોતાને પ્રાપ્ત બધુંજ ધન શિવભક્તોને આપી દીધું અને આ પ્રકારની મહાન પૂજાને પરિણામે ત્યાંજ તેનો પુત્ર મુક્તિને પામ્યો. આ સ્થાનનો મહિમા આ પ્રમાણે સમજાયાથી તેના બાપે પણ પોતાનું સર્વસ્વ શિવભક્તોને આનંદપૂર્વક આપી દીધું. અને કર્મ બંધનથી છૂટયો. તેમના બાંધવો પણ એજ પ્રમાણે શિવભક્તની પૂજા વડે અનાયાસે મુક્ત થયા. આ પ્રમાણે શિવભક્તની પૂજાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, એ તેનું મુખ્ય ફળ છે. આરોગ્ય આદિની પ્રાપ્તિ તો અવાંતર ફલરૂપે થાય છે. એક મુઠી પણ તેમને આપ્યું હોય છે તો તે અનંત ફળને આપે છે.

અગસ્ત્ય મુનિના શિષ્ય શ્વેત મુનિને આ વણીકની આખ્યાયિકાનું જ્ઞાન પોતાના ગુરૂશ્રી અગસ્ત્ય મુનિથી થયું હતું. તેથી પ્રેરાઇને તે શ્વેત મુનિએ તીર્થમાં આવ્યા. ને તે નદીમાં તેમણે સ્નાન કર્યું. રવિવારે, આઠમે, પર્વના દિવસોએ, જે દિવસે આર્દ્રા નક્ષત્ર હોય ત્યારે તથા જ્યારે મઘા નક્ષત્ર હોય ત્યારે, તે નદીના જળ વડે તે શ્રી મહાદેવની પૂજા કરતા હતા. તેથી તે નદીનું નામ શ્વેત નદી પડયું છે. એ શ્વેત મુનિએ ત્યાં અનેક પ્રકારે શિવભક્તોનું પૂજન કર્યું છે, તેથી શ્રી મહાદેવ ત્યાં તેમને પ્રત્યક્ષ થયા. તેમનું પણ પુષ્પ, પત્ર તથા જળ વડે તેમણે પૂજન કર્યું અને મુક્ત થયા.

આ વૃત્તાંતનું શ્રવણ કરીને તે મુનિઓએ અનેક પ્રકારે શિવભક્તોનાં પૂજન કર્યાં. તેથી સાક્ષાત પરમેશ્વર મહાદેવ પ્રસન્ન થયા. અને આનંદના ઉભરાથી પ્રકટ થઇને તે મુનિઓની સમક્ષ નૃત્ય કરવા મંડી પડયા. આ મહા નૃત્યના દિવ્ય આનંદ વડે હર્ષ સમુદ્રમાં મુનિઓ ડુબી ગયા. આ નૃત્યનો સાક્ષાતકાર થતાંજ બાહ્ય વિષયોનાં સ્ફુરણોનો અભાવ થઈ ગયો અને ભક્તિના આવેશમાં પરવશ જેવા થઈ રહ્યા

એ રીતે શિવ માહાત્મ્ય ખંડમાં શિવ ભક્ત પૂજન વિધિ નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ

અધ્યાય. ૭.

મુક્તિ સાધન પ્રકાર

અનેક પ્રકારના બુદ્ધિના તર્કો મનુષ્ય માત્રના અંતઃકરણમાંથી ઉઠતા પ્રતીત થાય છે. આ તર્કો સંશય માત્રના બીજ રૂપ બને છે. પૂર્વના અધ્યાયોમાં જે જે ઉપદેશો તથા આખ્યાયિકાઓ કહી છે, તથા હવે પછી જે જે કહેવાશે તેમાં કાંઈ સત્ય હશે કે કેમ વિગેરે તર્કો થાય એ સ્વાભાવિક છે. આ પ્રકારે ઉત્પન્ન થતા સંશયોને સાધકના હૃદયમાંથી નિર્મૂલ કરીને તેમના ઉપર ઉપકાર કરવાનો એક ઉદ્દેશ છે. વળી શાસ્ત્રોમાં ઇષ્ટાર્થ પ્રાપ્તિ માટે અનેક ઉપાયોનું કથન કર્યું છે તેથી પણ વિભ્રમ થવા સંભવ છે. તેને દૂર કરવા સારૂ મુનિઓ પ્રશ્ન કરે છે કે કોઈ એવું કહે છે કે મુક્તિ મેળવવા અર્થે એકલા વિજ્ઞાનનીજ અપેક્ષા છે. તે અર્થે કાંઈજ અન્ય કર્તવ્ય નથી. વળી અન્ય એવું કહે છે કે એકલા જ્ઞાનથી કાંઈજ સરવાનું નથી, પણ જ્ઞાન તથા તેની સાથે કર્મ એ રીતે બંનેનો યોગ કરવો આવશ્યક છે. ગત અધ્યાયમાં કહ્યું છે તે પ્રમાણે કોઇ તો કેવલ દાનને આ સાધન રૂપે માને છે. કોઈ વળી વ્રતને; કોઈ યજ્ઞને; કોઈ તપને, કોઈ બ્રહ્મચર્યને, કોઇ ગૃહસ્થાશ્રમને કોઈ વાનપ્રસ્થાશ્રમને; કોઈ સન્યાસને, કોઈ તીર્થ સેવાને કોઈ સ્વાધ્યાય એટલે પોતાના વેદની જે શાખા હોય તેનું અધ્યયન, કોઈ શિવના વિશિષ્ટ સ્થાનોમાં કરાએલા નિવાસને એ પ્રમાણે ભિન્ન ભિન્ન વિધિથી મુક્તિનાં ભિન્ન ભિન્ન સાધનો કહ્યાં છે. તો આ સર્વમાંથી અમે કરી શકીએ એવું જે હોય તેનું ભાન અમને કરાવો. એ પ્રકારના પ્રશ્નથી સૂત ભગવાન નીચે પ્રમાણે ઉત્તર આપે છે.

પૂર્વે વૈકુંઠમાં શ્રી નારાયણ ભગવાન વિરાજતા હતા. ત્યાં મ્હારા સદ્ગુરૂ શ્રી વ્યાસ ભગવાન પધાર્યા અને પૂર્ણ ભક્તિ પૂર્વક સાષ્ટાંગ દં-

વત પ્રણામ કરીને આપ પૂછો છો તે પ્રશ્ન તેમણે વિષ્ણુ ભગવાનને કર્યો હતો. તેનું યથાર્થ નિરાકરણ કરવા અર્થે ત્યાંથી શ્રી વિષ્ણુ ભગવાન પોતાની સાથે શ્રી મહાલક્ષ્મી તથા બ્રહ્મા આદિ દેવતાઓ તથા શ્રી વ્યાસ મુનિસહવર્તમાન કૈલાસે ગયા. ત્યાં નીલકંઠ ઉમાપતિ પોતાના તેજ વડે સર્વને પ્રકાશ આપતા દેવી સાથે વિરાજેલા હતા. તેઓ શ્રી ચતુર્વર્ગ ફલને આપે છે. સર્વ ઈશ્વિરોના ઈશ્વિર હોવાથી તે પરમેશ્વર છે. પતિના પણ પતિ છે. દૈવત માત્રમાં પરમ દૈવત છે. તેમના સ્મરણ માત્રથી ઈચ્છિીત ફલ મળે છે. સત્ય, જ્ઞાન, આનંદ, સંપૂર્ણ, સર્વના સાક્ષી એવા તે શિવ છે. પરમ ભક્તિથી તેમને પ્રણામ કર્યા અને સર્વ જગતનું હિત કરનારો આ તમારો પ્રશ્ન શ્રી મહાદેવજી પ્રતિ તેમણે કર્યો. સર્વજ્ઞ ભૂતમાત્ર ઉપર પ્રેમ જેમનો ઉભરાઈ રહયો છે એવા શ્રી મહાદેવજીએ મધુર વાણીથી આ પ્રમાણે ઉત્તર આપ્યું.

બહુ સારૂં. વાહ ! આજ પ્રશ્ન પૂર્વે જગદંબા પરમેશ્વરી ઉમા દેવીએ સર્વ ભૂતના ઉપર પોતાનો પ્રેમ હોવાથી તેમનું હિત કરવા અર્થે મને ભક્તિ પૂર્વક પ્રણામ કરીને પૂછ્યો હતો. મને તમારા ઉપર બહુજ પ્રેમ આવે છે, તેથી જે ઉત્તર મેં ઉમાદેવીને આપ્યો હતો તેજ તમને કહી સંભળાવું છું. અ સર્વના અધિકારવાળું સુલભ મુકિતનું સાધન છે.

જ્ઞાન એકલુંજ મુકિતનું સાધન છે. એ જ્ઞાન પણ ઉપનિષદ્ વાક્યના શ્રવણ દ્વારાજ ઉત્પન્ન થએલું હોવું જોઇએ. બીજી રીતે થએલું હોય તે જ્ઞાન મુક્તિના સાધન રૂપ કદીજ નથી. આગળ કહ્યા છે તે ઉપાયો જેમને પ્રાપ્ત નથી તેમને માટે તો મુકિત અતિશય દુર્લભ છે. અનેક જન્મો સૂધી નિષ્કામ કર્મો જેમણે કરેલાં હોય છે તેમનાથી તે સત્ કર્મોના ફળથી શ્રી મહેશ્વર ભગવાનનું આરાધન કરાય છે. અને તે ઉપાસના દ્વારાજ તેમને તત્વ જ્ઞાન થાય છે. તત્વ જ્ઞાન કે અન્ય જે કાંઇ ફલ પ્રતીત થાય છે તેની ઉત્પત્તિ તો કેવલ શિવના પ્રસાદથીજ થાય છે. એ પ્રકારે જે જ્ઞાન થાય છે, તે નિષ્કલ શિવ તત્વના સ્વરૂપનું થાય છે. આ પ્રકારના જ્ઞાનના અભ્યાસમાં મુખ્ય અધિકાર બ્રાહ્મણનો છે. તે બ્રાહ્મણે સન્યાસ પૂર્વક શ્રવણ મનનઆદિ નામના નિવૃત્તિ ધર્મોને ધારણ કરીને તેમાં પૂર્ણનિષ્ટાને પ્રાપ્ત કરેલી હોય તેવો બ્રાહ્મણ હોય તેજ મુખ્ય અધિકારી છે. અન્ય પ્રકારના બ્રાહ્મણ, ક્ષત્રીઓ તથા વૈસ્યોમાં એ અધિકાર ન્યૂનાધિકપણે વર્તે છે. દ્વિજની સ્ત્રીઓ ગાર્ગી જેવીનો પણ આ જ્ઞાનને માટે અધિકાર છે. શૂદ્રો

એ દ્વીજની સેવા કરવા રૂપ સાધનને કરવાનું છે તેમ કરતાં તેને વૈશ્યનો દેહ મળે છે એમ કહ્યું છે કે શૂદ્રનો અધિકાર વેદોનું શ્રવણ કરવાનો નથી, છતાં તે શ્રવણ કરે તો તે ન થવા દેવા માટે તેના કાન લાખ તથા સીસાવડેપુરી દેવા. વેદ વાક્યનું શ્રવણ શૂદ્રો માટે નિષિદ્ધ હોવાથી તેમણે પુરાણનું શ્રવણ કરીને જ્ઞાનને મેળવવાનું છે. સ્ત્રી, શુદ્રો તથા દ્વિજનાં જે જે અન્ય સંબંધીઓ હોય તેમને માટે પણ શ્રુતિ નથી આ વાર્તાને શ્રુતિ ભગવતીએ આખ્યાયિકાઓથીજ વેદમાં સ્પષ્ટ કરી આપી છે. ગાર્ગી મૈત્રેયી આદિ સ્ત્રીઓનાં આખ્યાનો ઉપનિષદોમાં આપેલાં છે. તે તે પ્રતિ દૃષ્ટિ કરતાં જણાશે કે તે સ્ત્રીઓએ જે તત્વ બોધને પ્રાપ્ત કર્યો છે તે વેદના વાક્યોનું શ્રવણ કરીને તેના અભ્યાસ વડે કર્યો નથી, પણ બ્રહ્મ વિદ્ પુરૂષના મુખ વડે ઉચ્ચારાયલાં અને તે પુરૂષે બનાવેલા વાક્યોના શ્રવણ તથા મનન દ્વારા તે જ્ઞાનને મેળવ્યું છે. આપણા ઉપકાર કરવા અર્થે સાક્ષાત્ વેદનારાયણે આ પ્રમાણે આખ્યાયિકા રૂપે વ્યવહાર આપણે માટે કરી બતાવ્યો છે. હીન જાતિવાળાઓનો તો પુરાણના શ્રવણ કરવાનોએ અધિકાર નથી, તેથી તેમણે તો પોતાની પ્રાકૃત દેશી ભાષા દ્વારા તત્વવિચારને ગ્રહણ કરવાનો છે.

આ પ્રમાણે વિવિધ અધિકારીઓને માટે વિવિધ સાધનોનું વિધાન શાસ્ત્રોમાં કરેલું છે. તે બધાનાં ફલ કાંઈ સરખાં નથી. ન્યૂન અધિકાર વાળાને અધિક સમય લાગે છે. છતાં ઉત્તરોત્તર વિશેષ વિશેષ વૃદ્ધિને પામતો લાભ પ્રતીત થાય છે. વામવાદિ જેવા અધિકારીઓને તો શ્રવણ મનનાદિ નિવૃત્તિ ધર્મનું પાલન કર્યા વિનાજ જે વખતે તેઓ માતાના ગર્ભમાં હતા તે સમયે સ્વતઃ જ્ઞાન પ્રાપ્ત થયું છે. આવી આખ્યાયિકાઓથી કુતર્ક કરવાનો નથી કે સાધનો કરવાની અપેક્ષા નથી. પણ એમના સંબંધમાં એવું બનેલું હતું કે પૂર્વ જન્મોમાં તેમણે સાધનોનું પૂર્ણ અનુષ્ઠાન કરેલું હતું, છતાં થોડો સમય ગર્ભાશયમાં નિવાસ કરાવે તે પ્રકારના કાંઈક અંશો પ્રતિબંધક રૂપે અવશિષ્ટ રહેલા હતા તે કર્મનું ફલ આ પ્રકારના ભોગ દ્વારા પૂર્ણ થતાં તે પ્રતિબંધ દૂર થયા અને સત્વર પૂર્વે કરાયેલા સાધનોના ફલરૂપે ગર્ભમાંજ જ્ઞાનનો પ્રાદુર્ભાવ થયો. એ પ્રકારે મુખ્ય અધિકારની પ્રાપ્તિ થતાં સર્વ પ્રતિબંધોથી રહિતપરમ જ્ઞાન થાય છે. અન્ય અધિકારવાળાને તો તે પ્રતિબંધવાળું જ્ઞાન થાય છે. તેથી તેમને વર્તમાન દેહમાં મુક્તિ મળતી નથી. અને તેથી અનેક જન્મોને લેવા પડે છે. શ્રુતિ ભગવતી કહે છે કે ॥ इह चेद वेदीद थ सत्य मस्ति ॥ ॥ न चेदिहा

वेदीन्मह तीवि नष्टिः ॥ આ જન્મમાં જ્ઞાનને પ્રાપ્ત કર્યું તો જન્મ સફલ થયો, નહિ તો મોટો વિનાશ છે. આ પ્રકારનો મુખ્ય અધિકારી અને અન્ય અધિકારી વચ્ચેનો ભેદ છે. મુખ્ય અધિકારીને અપરોક્ષ અનુભવ પર્યંત જ્ઞાન થાય છે. ઇતર અધિકારીઓને પોતપોતાના અધિકારાનુસાર ન્યૂનાધિક અંશે પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે પ્રયત્ન વિના મુક્તિ રૂપ પરમ પુરૂષાર્થ કોઇને સિદ્ધ થતો નથી. યજ્ઞ દાનાદિ કર્મોને નિષ્કામ વૃત્તિથી કરતાં કરતાં પ્રતિબંધક પાપો પ્રથમ દૂર થાય છે. તેના પરિણામે સત્વ શુદ્ધિ થાય છે. તે થતાં વિષયોમાં દોષ દર્શન થાય છે. તેથી વૈરાગ્ય નામના સાધન સંપન્ન થવાય છે. તેથી શ્રેયસની પ્રાપ્તિની જીજ્ઞાસા થાય છે. તેથી સન્યાસને ધારણ કરીને મનન તથા નિદિધ્યાસન નામના લાભો જેમાંથી મળે છે તે પ્રકારનું વેદાંત વાક્યનું શ્રવણ થાય છે. તે શ્રવણથી તત્વજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આ રીતે અપવર્ગને પમાય છે, એ પ્રમાણે શાસ્ત્રોમાં કહ્યું છે. આ ઉપરથી સમજાશે કે યજ્ઞાદિ કર્મો જ્ઞાનના પ્રત્યક્ષ સાધન રૂપે નથી, પણ તે જ્ઞાનની પ્રાપ્તિની ઇચ્છા જેને વિવિદિશા કહી છે, તે ઇચ્છાને ઉત્પન્ન કરવાના સાધન રૂપ છે. આમ હોવાથી જ્ઞાનના ફળરૂપ જે મોક્ષ તેના પ્રત્યક્ષ સાધન રૂપ તે કર્મો હોઇ શકતાંજ નથી.

અન્ય શાસ્ત્રોમાં જ્ઞાન તથા કર્મ ઉભયનો મોક્ષના સાધન રૂપ ભેગો ઉલ્લેખ કર્યો છે, તેમાં પણ એકજ સમયે બંનેને કરવાનાં છે એવું સમજવાનું નથી, પણ ક્રમ સમુચ્ચ રૂપે તેમનું ગ્રહણ કરવાનું છે. એટલે પ્રથમ કર્મોનું અનુષ્ઠાન કરવું ને તે પછી જ્ઞાનની પ્રાપ્તિ કરવી, એ પ્રકારનો ક્રમ સમજવાનો છે. માટે જ્ઞાન વડેજ મુક્તિ છે એ વાર્તા શાસ્ત્ર સિદ્ધ છે.

આ પ્રકારે વસ્તુ સ્થિતિ છે, તો વગર પ્રયત્ને સર્વને મુક્તિ મળે એ પ્રકારના સાધનને જગતના કલ્યાણ અર્થે હું હવે તમને કહું છું. જગતમાં હું સર્વત્ર વ્યાપી રહેલો છું છતાં કોઈ કોઇ મારાં વિશેષ પ્રભાવ વાળાં સ્થાનો છે. તે સ્થાનોમાં વસવાથી ભોગ તથા મોક્ષ એ બંનેની પ્રાપ્તિ થાય છે. કાશીપુરી મને બંને બહુ વહાલી છે. મારી કૃપાના બળથી તે સ્થાનમાં કોઇના પ્રાણ જાય છે તો તેને હું બ્રહ્મ જ્ઞાન આપું છું. તે સ્થાનમાં પ્રાણનો ત્યાગ કરવાથી મુક્તિ મળે છે. મારૂં બીજું પુણ્ય સ્થાન દક્ષિણ કૈલાસ છે. લોક માત્રનાં સર્વ તીર્થો ત્યાં આવેલી સુવર્ણ મુખરી નદીને કાંઠે એકત્ર થયાં છે. ત્યાંના પવિત્ર તટ ઉપરના પવિત્ર જલમાં એકત્ર થઇને તે તીર્થો પણ પોતાનાં પાપોનો પણ નાશ કરવાને ભેગાં થાય છે. દરે માસે, વ્યતિપાતે, તથા મહા માસમાં મઘાનક્ષત્રે

રવિવારે, તથા અમાવાસ્યાને દિવસે ત્યાં સ્નાન કરવું. પછી શ્રી કાલહસ્તિ શૈલેશસ્વરૂપે હું ત્યાં નિવાસ કરૂં છું તેથી જે મનુષ્ય એનું પૂજન કરે. આ પ્રકારે કરતાં એક વર્ષ સુધી ત્યાં નિવાસ કરે. એ મનુષ્ય ગમે તેવો હોય છતાં ત્યાં રહીને પ્રતિ દિવસ ભોજન કર્યા પૂર્વે મારાં દર્શન કરે તો તેને મરણ સમયે જ્ઞાન થાય છે. અને તેથી મુક્ત થાય છે. વળી શ્રીમદ્ વ્યાઘ્રપુર નામનું મારૂં બીજું પુણ્યસ્થાન છે. ત્યાં બાર માસ નિવાસ કરવો અને પ્રતિ દિવસ મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. તો તેથી મુક્તિ મળે છે તેમાં સંશય નથી. વૃદ્ધાચલ નામના મારા સ્થાનમાં એ વર્ષ પર્યન્ત નિવાસ કરવો અને મારી પ્રદક્ષિણા કરીને મને નિત્ય પ્રણામ કરવા. તેથી પણ મુક્ત થવાય છે. સાધકનો ગમે તે અધિકાર હોય કે તેનો બીલકુલ પણ અધિકાર ન હોય તેવા સર્વ મનુષ્યોને માટે આ સંસારના મહા ભયમાંથી મુક્ત થવાને માટે વગર યત્ને સાધનરૂપે મારાં વિશેષ સ્થાનોમાં માત્ર નિવાસ કરવો એટલુંજ બસ છે. માટે તે સ્થાનોમાંથી ગમે તે સ્થાનમાં શ્રદ્ધાપૂર્વક નિવાસ કરવો.

શ્રી મહાદેવજીના મુખથી આ ઉપદેશનું શ્રવણ કરીને શ્રીહરી, બ્રહ્માદિ સર્વ દેવો સહિત તથા મારા ગુરૂ શ્રી વ્યાસ ભગવાન તથા લક્ષ્મી આદિ સર્વ દેવીઓ સહિત સર્વે જણે શ્રી મહાદેવજીને પ્રણામ કર્યા. પછી વિષ્ણુભગવાન ત્યાંથી કૈલાસસ્થાનમાં પધાર્યા. ત્યાંનો પ્રદેશ અત્યંત ઉત્તમ છે. પાંચ યોજન પર્યન્ત લંબાઇનો વિસ્તાર છે, અને દશ યોજન પહોળાઈ છે. બ્રહ્મા, સરસ્વતી, ઇંદ્ર, નીલ, કાલ, હસ્તિ, નાના પ્રકારના દેવો, ગંધર્વો, રાક્ષસો તથા મુનિઓ એ સ્થાનને સેવી રહેલા છે. એ સ્થાન ભોગ તથા મોક્ષરૂપ ફલને આપનારૂં છે. વિષ્ણુ પોતાનાં શક્તિરૂપ પદ્મા સહવર્તમાન તે સ્થાને પધાર્યા. બ્રહ્મા સરસ્વતીસહ આનંદપૂર્વક વૃદ્ધાચલ પધાર્યા. મારા સદ્ગુરૂ શ્રી વેદવ્યાસ અત્યંત હર્ષપૂર્વક શ્રી કાશીપુરીમાં પધાર્યા. શ્રી વ્યાઘ્રપુરમાં અંબિકાપતિ નિત્ય નૃત્ય કરી રહ્યા છે ત્યાં અન્ય દેવો ગયા. શ્રી વ્યાસ ભગવાનના મુખથી આ વાર્તાનું શ્રવણ કરીને હું પણ પરમભક્તિથી પ્રથમ દક્ષિણ કૈલાસ ગયો, ને ત્યાં એક વર્ષ પર્યન્ત નિવાસ કર્યો. તે પછી એક વર્ષ પુંડરીકપુરમાં ને એક વર્ષ વૃદ્ધાચલમાં નિવાસ કરીને કાશીપુરીમાં ગયો. ત્યાં મને ઘણુંજ શ્રેયસ્કર જ્ઞાન પ્રાપ્ત થયું. માટે હે મુનિઓ! આમાંથી જે સ્થાન તમને અનુકૂલ પડે ત્યાં જઇને નિવાસ કરો. એ પ્રકારે નિવાસ કરવાથી ઘણા મનુષ્યો મુક્ત થયા છે.

એ રીતે શિવ માહાત્મ્ય ખંડમાં મુક્તિસાધન પ્રકાર નામનો સાતમો અધ્યાય સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય ૮.

કાલનું માપ તથા કાલરૂપ પરિચ્છેદથી રહિત તત્વનું સ્વરૂપ.

વ્યવહારમાં જણાય છે કે વસ્તુની મર્યાદા કાલ કરી રહ્યો છે. આ પ્રકારના કાલના સ્વરૂપને કાલ પરિચ્છેદ કહ્યો છે. આ પ્રકારનો પરિચ્છેદ માત્ર સંસારી જીવોનેજ થાય છે. મુક્ત પુરૂષોને તે પરિચ્છેદ બાધ કરી શકતો નથી. એ સંસારી તથા મુક્ત પુરૂષોમાં ભેદ છે. માટે એ મર્યાદા કરનાર પરિચ્છેદક કાલનું સ્વરૂપ તથા તેના વડે જેની મર્યાદા નથી બંધાતી તેમનું સ્વરૂપ શું છે, એ પ્રકારનો પ્રશ્ન થતાં શ્રી સૂત ભગવાન ઉત્તર આપે છે.

પ્રલયોનો પ્રવાહ અનંત છે તેથી અમુક દિવસ, અમુક માસ, અમુક વર્ષ વિગેરે રૂપે અમુક માપની સંખ્યાની મર્યાદાવાળું કાળનું ચોક્કસ માપ છેજ નહિ. મનુષ્યના શીંગડાનું માપ કરી શકાય એમ કદીજ બનવાનું નહિ. મનુષ્ય ને શીંગડું હોય નહીં તો પછી તે પ્રકારના શીંગડાનું માપ શી રીતે મળી શકે ? કાલનું માપ કરવા જતાં આ પ્રકારની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

વાસ્તવે આ પ્રમાણે છે છતાં યુગ, મન્વંતર, કલ્પ, મહાકલ્પ આદિનાં વર્ષાદિની સંખ્યા ગણીને કહી શકાય છે. કોઈ પણ અજ્ઞાન માપવાળા મર્યાદિત રૂપે કલ્પેલા પદાર્થનું માપ કાઢવા માટે ધોરણ રૂપે એક જ્ઞાત માપને લેવાય છે. આ પ્રમાણે નયનના એક પલકારા રૂપ ક્રીયામાં જેટલો સમય જાય છે તે સમયનો આપણે નિત્ય અનુભવ કરીએ છીએ. નિમેષ નામથી આ માપને આરંભક ધોરણ રૂપે લીધેલું છે. સૂર્યની ગતિ

તથા નક્ષત્રોની ગતિ પ્રતિ દ્રષ્ટિ કરતાં અહોરાત્રીની આખી સંખ્યા તે તે ગતિના માપ રૂપે બરોબર આવી રહેલી નથી. તે છતાં પણ સૂર્ય ઉદયથી સૂર્યાસ્ત સુધીના સમયને સૂર્ય સાવન નામે વ્યવહાર થાય છે. પિતૃઓ ચંદ્રની ગતિના માપનો ઉપયોગ કરે છે. સૂર્યના દર્શનથી દિવસ અને અદર્શનથી રાત્રી એ પ્રકારે નામ પાડયાં છે. અને દિવસ અને રાત્રિ મળીને ૬૦ ઘટિકાઓ આવે છે. તેનું પ્રમાણુ આ રીતે છે. ૧૫ નિમેષ જેટલા સમયને કાષ્ઠા કહે છે. ૩૦ કાષ્ઠા જેટલા સમયને કલા કહી છે. ૩૦ કલાને એક મુહૂર્ત કહ્યું છે. ત્રીસ મુહૂર્તને મનુષ્યનો એક અહોરાત્ર કહ્યો છે. ૧૫ અહોરાત્રને એક પક્ષ કહે છે. એવા બે પક્ષ મળીને એક માસ બને છે. તેવા ૭ માસનું એક અયન બને છે, અને બે અયનો મળીને ૧ વર્ષ કહેવાય છે. બે પક્ષોનો એક માસ થાય છે તેને ચાંદ્ર માસ કહે છે. શુકલ પક્ષની પ્રતિપદાથી પૂર્ણિમા પર્યંતના સમયને શુકલ પક્ષ તથા બાકીના અમાવાસ્યા પર્યંતના સમયને કૃષ્ણુ પક્ષ કહે છે. ગમે તે દિવસના સૂર્યોદયથી ગણીને ૩૦ સૂર્યોદય થાય ત્યાં સુધીનો જે સમય તેને સૌર માસ કહે છે. ચંદ્રની વૃદ્ધિ તથા ક્ષય રૂપે જે ચાંદ્ર માસ છે તેમાં કૃષ્ણુ પક્ષની અષ્ટમીએ પિતૃ લોકોનો સૂર્યોદય થાય છે. અમાવાસ્યાને દિવસે તેમનો મધ્યાહ્ન થાય છે, તેથી તે દિવસે પિતૃઓને શ્રાદ્ધાદિ દ્વારા નૈવેદ્ય કરાય છે. શુકલ પક્ષની અષ્ટમીને દિવસે તેમનો સાયંકાલ હોય છે. અને આપણી પૂર્ણિમાએ એમની મધ્ય રાત્રી છે. એ પ્રકારે આપણો ચાંદ્રમાસ તે પિતૃઓનો એક અહોરાત્ર છે.

જે બે અયનો કહ્યાં તે એક દક્ષિણુ અને બીજું ઉત્તર એ નામવાળાં છે. ચંદ્ર આદિ અન્ય ગ્રહોને પણુ સૂર્યની માફકજ દક્ષિણુ અને ઉત્તર એવાં બબ્બે અયનો હોય છે. પરંતુ તે અયનોના માપ તે તે ગ્રહોની ગતિને અનુસાર ન્યૂનાધિક હોય છે. ને તેમાં તેમના બે અયનો વડે એક વર્ષ થતું નથી. સૂર્યના અયનો તો ૭ ૭ માસનાં છે અને તેથી બંને મળીને વષ પુરૂથાય છે. કર્ક રાશિથી આરંભીને મકર રાશિમાં પ્રવેશ સૂર્ય કરે છે, ત્યાં સુધીના સમયને દક્ષિણાયન કહે છે, એટલે તે અયનમાં સૂર્ય મંડલનો પ્રવેશ થાય છે તે ક્ષણે ઉત્તર દિશા પ્રતિ સૂર્ય મંડલની ગતિની રેષાનો છેવટનો ભાગ આવેલો હોય છે. અને તે પછી દરરોજ થોડે થોડે અંશે દક્ષિણુ દિશા તરફ એ મંડલ જતું જાય છે. એજ પ્રમાણે મકર રાશિમાં જ્યારે સૂર્ય મંડલ પ્રવેશે છે ત્યારે ઉપર પ્રમાણેની દક્ષિણુ દિશા

પ્રતિની સૂર્યની ગતિની રેષાનો છેડો આવે છે. એટલે તે ક્ષણુથી પાછી ઉત્તર દિશા પ્રતિ ગતિ થતી દેખાય છે આ દક્ષિણાયન તે દેવોની રાત્રિ રૂપ છે. અને ઉત્તરાયન તેમનો દિવસ છે. અક્ષ વિનાના પ્રદેશથી મેષથી આરંભીને છરાશિઓ ઉત્તર પ્રતિ જાય છે. તેથી જ્યારે સૂર્ય તે રાશિઓમાં રહેલો હોય છે ત્યારે દેવો તેને સદા દેખે છે. તેટલા માટે તે દેવોનો દિવસ કહેવાયો છે. તુલાથી આરંભિને જે છ રાશિઓ છે તે નિરક્ષ પ્રદેશથી દક્ષિણ તરફ ચાલે છે. તેથી તેમાં રહેલા સૂર્યને અસુરો નિત્ય જુએ છે. ને દેવો કદી દેખતા નથી તેથી તે દેવોની રાત્રી છે. દેવોનો સૂર્યોદય મેષ રાશિમાં છે, મકર રાશિમાં નથી. માટે તે રીતે ગણુતાં તો મેષથી ૬ રાશિયો દેવોનો દિવસ છે. ઉત્તરાય છે તેજ ઉત્તર ગોલ ભૂત છે. તેવીજ રીતે કર્ક રાશિથી નહિ પણ તુલાથી આરંભીને ૬ રાશિઓ છે તેજ દક્ષિણાયન દક્ષિણ ગોલ હોવાથી દેવોની રાત્રિ છે. આમ છે છતાં મકર પ્રવેશથી સૂર્યની ગતિનો ક્રમ ઉન્નત એટલે ઉચ્ચે ચડવાનો છે. તેથી તેને દિવસ કહેલો છે. તેજ પ્રમાણે કર્ક રાશિથી સૂર્ય નમવા માંડે છે. માટે તેને રાત્રિ કહી છે.

જે પ્રકારે મનુષ્યને માટે ૧૫ તિથિનો પક્ષ, બે પક્ષનો એક ચાંદ્ર માસ, સૂર્ય એક રાશિ ભોગવે તેટલા સમયને સૌરમાસ, ૭ રાશિ ભોગવે તેને અયન, અને બે અયનને સંવત્સર કહ્યા છે, તેજ રીતે દેવના માપના અહોરાત્ર ૧૫ થતાં એક પક્ષ, તેમના બે પક્ષ થતાં ૧ માસ, તેવા ૬ માસનું એક અયન, અને તેવા દેવોનાંબે અયનોનો એક દેવનો સંવત્સર થાય તેને દિવ્ય વર્ષ કહ્યું છે. એવા ૧૨૦૦ દિવ્ય વર્ષો મળીને ચાર યુગો થાય છે. તેમાં સત્ય યુગનાં વર્ષ ૪૮૦૦ છે, તેમાં આદિનાં ૨૦૦ તથા અંતનાં ૨૦૦ વર્ષોને સંધ્યા કહે છે. તે દરેક સંધ્યાની જોડેજ ૨૦૦ આદિમાં તથા ૨૦૦ અંતમાં સંધ્યાનાં અંશ વર્ષ કહેવાય છે. બાકીનાં ૪૦૦૦ વર્ષ રહ્યાં તે સત્ય યુગના શરીરરૂપ છે. સત્ય યુગથી પોણું આયુષ્યત્રેતા યુગનું છે. અર્ધ આયુષ્ય દ્વાપર યુગનું છે અને પા આયુષ્ય કલિયુગનું છે. દરેક યુગની સંધ્યાઓ તથા સંધ્યાંશો પણ તેજ પ્રમાણુમાં છે. આ પ્રકારની ચાર યુગોની એક ચોકડી કહેવાય છે. એવી ૭૧ ચોકડીનો એક મન્વન્તર કહેવાય છે. બ્રહ્માના એક દિવસના ભાગમાં ૧૪ મનુ થાય છે. એટલે ૧૪ મન્વન્તરને બ્રહ્માનો એક દિવસ કહ્યો છે. એનેજ કલ્પ પણ કહે છે.

એક સત્ય યુગનું માપ ૪ કલિયુગ જેટલું, ત્રેતાનું માપ ૩ કલિયુગ જેટલું અને દ્વાપરનું માપ ૨ કલિયુગ જેટલું થાય છે અને ૧ કલિયુગ પોતે મળીને એક ચોકડીમાં ૧૦ કલિયુગ જેટલો શમય સમાય છે. તેથી ૭૧ ચોકડીમાં એટલે ૧ મન્વન્તરમાં ૭૧૦ કલિયુગ જેટલો સમય જાય છે. એવા ૧૪ મન્વન્તરો ૧ કલ્પમાં હોવાથી ૯૯૪૦ કલિયુગ જેટલો સમય એક કલ્પમાં આવે છે. હવે દરેક કલ્પના આરંભમાં ૧ સંધી તથા દરેક મન્વન્તરને અંતે એક એક સંધી મળીને સત્ય યુગ જેવડી ૧૫ સંધીઓ થાય છે તેનુ પ્રમાણ ૬૦ કલિયુગ જેટલું થયું. તેને ઉમેરતાં એકંદર ૧૦ હજાર કલિયુગ જેટલો અથવા ૧૦૦૦ ચોકડી જેટલો સમય તેમાં થાય છે. એટલે તેમાં ૧૨૦૦૦૦૦૦ જેટલાં દિવ્ય વર્ષો થાય છે. તે બ્રહ્માના દિવસ રૂપ કલ્પને અંતે ભૂ: ભુવ: અને સ્વ:એ નામવાળા ત્રણે લોક લયને પામે છે. બ્રહ્માના દિવસ જેવડી તેમની રાત્રિ છે. ને રાત્રિના અંતે એ ત્રણે લોક પુનઃ ઉત્પન્ન થાય છે. ત્યારે તેને સૃષ્ટિ થઈ એમ કહેવાય છે. બ્રહ્માના આ પ્રકારના એક દિવસ તથા એક રાત્રિ મળીને તેમનો અહોરાત્ર બને છે. એવા ૩૬૦ અહોરાત્રનું એક બ્રહ્માનું વર્ષ થાય છે. બ્રહ્માનાં ૧૦૦ વર્ષ થાય છે તેને દ્વિપરાર્ધ કહે છે. બ્રહ્માના અંતમાં સ્થૂલ ભૂતનું કાર્ય જગત્ સ્થૂલ ભૂતોમાં વિલયને પામે છે. પછી તે સ્થૂલભૂતો સૂક્ષ્મભૂતોમાં ઓગળી જાય છે. તેમાં પૃથ્વિજળમાં લયપામે છે. જળ તેજમાં, તેજ વાયુમાં, વાયુ આકાશમાં, અને આકાશ અવ્યકતમાં ઓગળી જાય છે. બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્રના અવતારની મૂર્તિઓ પોતપોતાના કારણોમાં એટલે રજસ્, સત્વ તથા તમસ્ નામના પોતાના ગુણોમાં લીન થઇ જાય છે. અને એ ત્રણે ઇશ કોટિની મૂર્તિરૂપ બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્ર, પોતે જાતે તો પરમેશ્વરના આત્મા રૂપેજ રહેલા છે. પ્રલયકાળે પરબ્રહ્મ પરમેશ્વર સત્ ચિત્ આનંદ, અનંત બ્રહ્મ છે તેમાં માયા અભેદ રૂપે સ્થિતિ કરીને રહે છે. એજ પરમેશ્વર રૂદ્રાદિ સંજ્ઞાઓ તે માયા સાથે પોતાને વિષે ખેંચી લે છે એટલે એવું બને છે કે આ (इदम) પ્રકારે પ્રતીતિ રૂપે માયા તે સમયે ભેદ રૂપે પોતાનો અવભાસ કરતી નથી, છતાં તે સમયે તેનો આત્યંતિક એટલે અંતિમ નાશ થએલો હોતો નથી. જે પ્રમાણે કાર્ય પ્રપંચનો નાશ થઇને તેનો માયામાં લય થાય છે, તે પ્રકારનો માયાનો નાશપૂર્વક લય થતો નથી, પણ અભેદરૂપે પરમેશ્વર સાથે થવા રૂપે કેવલ તેનો લય છે અને તેમ છે તેથીજ તે પછીની ભાવિસૃષ્ટિની

ઉત્પત્તિ થાય છે. પરમાત્મા પોતે તો પોતાના મહિમારૂપ આધાર ઉપરજ સ્થિતિ કરીને રહેલા છે.

ભાવિસૃષ્ટિનો હેતુ બીલકુલ સામાન્ય મનુષ્યોની કલ્પનામાં આવે તેવો નથી, છતાં તે વિષે વિવિધ કલ્પનાઓ થએલી છે.

એ કલ્પનાઓ આ પ્રકારની છે. કોઈ કહે છે કે આ સૃષ્ટિ તો ભોગોને ભોગવવા માટે કરેલી છે. બીજા કહે છે કે પરમેશ્વરે ક્રીડા કરવા માટે સૃષ્ટિને ઉત્પન્ન કરી છે. વળી કોઈ કહે છે કે આપ્તકામ પ્રભુને તો કશાનીજ સ્પૃહા નથી. આ સૃષ્ટિ તો માત્ર તેમના પ્રભાવ રૂપજ છે. એક રમતા બાળકની ચેષ્ટા જેવી આ સૃષ્ટિ પરમેશ્વરની ચેષ્ટા છે. એ પ્રમાણે ભિન્ન ભિન્ન તર્કો થયા છે. પ્રલય સમયે જે તત્વમાં સમગ્ર કાર્ય પ્રપંચ લયને પામે છે તેનું નામ માયા પાડ્યું છે તેનું કારણ એ છે કે પ્રપંચ વાસ્તવ નથી પણ માત્ર મિથ્યા છે, છતાં તે વાસ્તવ સત્ય હોય તે પ્રકારની પ્રતીતિ કરાવીને અન્યથા ભાન થવામાં તે હેતુ રૂપ બને છે. મદારી વિસ્મય પમાડે તેવા ખેલ જે યુક્તિથી કરે છે તે યુક્તિને વ્યવહારમાં માયા નામથી બોલાય છે. તેજ પ્રકારનો આ શબ્દમાં હેતુ છે. એ માયા જે હેતુને લઇને આત્મતત્વનો તિરસ્કાર કરાવે છે, એટલે તેને તુચ્છરૂપે હોય તેમઢાંકી દે છે, અને અનાત્મ પદાર્થો પ્રતિ પ્રેમપૂર્વક વૃત્તિઓનું ધાવન કરાવી થકવી નાંખે છે તે હેતુથી તેને તમસ્ (અંધારૂં) કહે છે. વિદ્યા (જ્ઞાન) વડે નાશ પામે છે માટે તેને અવિદ્યા કહી છે. સત્યથી વિલક્ષણુતા તેમાં દેખાય છે તેથી તેને અસત્ કહે છે. કાર્ય પ્રપંચને તે ઉત્પન્ન કરે છે, માટે તેને કારણરૂપે કહી છે. જેવી રીતે કાર્ય રૂપ પ્રપંચ અભિવ્યક્ત (Manifest) થાય છે તે પ્રમાણે માયા થતી નથી, તેથી તેને અવ્યક્ત (latent) કહી છે. તે કારણથીજ તે માયાને મોહરૂપ પણ કહેલી છે. પરમાત્મા પોતે એકલાજ સ્વતંત્ર છે તે પ્રમાણે માયા નથી માટે તેને મહેશ્વરની શક્તિ કહી છે.

કાળના બે પ્રકાર કહ્યા છે પરમ અને અપરમ સર્વનું સાધારણ સ્વરૂપ માયા છે. તેનો શિવ તથા આત્મા સાથેનો સંબંધ તેને પરમકાલ કહ્યો છે તે માયાની માફક અનાદિ છે. પરંતુ માયા વિના તે માયાના શિવ તથા આત્મા સાથેનાસંબંધરૂપ કાળનું નિરૂપણ થઈ શકતું નથી. તે હેતુથીજ માત્ર એવું કહેલું છે કે કાલને શિવમાંથી માયાએ જાગૃત કરેલો છે. માયાનું સ્વરૂપ માયાની દૃષ્ટિ વડેજ કલ્પિત છે. તેજ દૃષ્ટિ વડે એટલે માયાની

અપેક્ષાથીજ માયાના શિવ સાથેના સંબંધરૂપ કાળને પણ સાક્ષાત મહાદેવને વિષે અનાદિ કાલથી સદા કલ્પી રાખનારી તે માયાજ છે. બ્રહ્મદૃષ્ટિ એટલે બ્રહ્મની અપેક્ષાથી જોતાં તો કોઈ પણ રીતે, નિર્લેપ શિવ સાથે અવિદ્યાના સંબંધરૂપ યોગ થઈ શકતોજ નથી. માટે અવિદ્યાના પ્રદેશમાંજ બેશીને અવિદ્યા કલ્પાયલી છે. આ પરમકાલનું કોઈ પણ રીતે માપ થઈ શકતું હોય તો તેનું માપક સાધન હોવું જોઇએ. માપવાની વસ્તુ અને માપવાનું સાધન ભિન્ન ભિન્ન હોય છે. તેથી તેનું સાધન હોય તો તે વસ્તુકાલથી કોઈ અન્ય હોવી જોઇએ, પરંતુ આ પરમકાલ તો ભૂતવર્તમાન તથા ભવિષ્યરૂપે પદાર્થ માત્રની મર્યાદા બાંધી કલ્પ, મન્વન્તર, સંવત્સર, માસ આદિ રૂપને ધારણ કરી અપરકાલ નામથી તે પદાર્થ માત્રના કોળીઆ કરી જાય છે. તેથી કાળથી અન્ય સર્વ વસ્તુઓ તો તે કાળનેજ વશ છે. અને એ પરમકાળ તે સર્વને માપીને ગળી જાય છે. તેથી તે પરમકાળને માપીને તેની મર્યાદા કરી શકે એવી સાધનરૂપ અન્ય કોઇવિસ્તુ હોઈ શકતીજ નથી. તેથી પરમકાલનું સ્વરૂપ અપરિમિત છે. આ પ્રમાણે કાલને માપવાનું સાધન નહિ હોવાથી સાક્ષાત શિવ પોતે પણ તેનું માપ લઈ શકે તેમ નથી. સર્વ વસ્તુ કાલમાં પૂર્ણ લયને પામે છે. કાલ કશામાંજ શમાય તેવો નથી. શિવમાંથી કાલ જાગૃત થઇને ઉદય પામ્યો એમ કહેવામાં એવો ભાવ સમજવાનો નથી કે તે પૂર્વે કાલ અસત્ રૂપ એટલે શૂન્ય સ્વરૂપ હતો, અને તેજ વખતે સત્તા સાથે તેનો પ્રથમસંબંધ થયો. ઉદય શબ્દના અર્થમાંથી લક્ષણાવૃત્તિ વડે પૂર્વના અભાવને સૂચવનારા અર્થનો ત્યાગ કરીને માત્ર સત્તા સાથેના સંબંધરૂપ અંશનેજ ગ્રહણ કરવાનો છે. અને તેમ હોવાથી કાલસદા છે એમ કહ્યું છે. કાલ પણ માયાની માફકજ અનાદિ છે.

કોઈ પદાર્થનું વાસ્તવ સ્વરૂપ ન દેખાયાથી તે અજ્ઞાત હોય છે અને તેના અજ્ઞાનને લીધેજ તેનું જે સ્વરૂપ નથી તેવા મિથ્યા સ્વરૂપની કલ્પના થાય છે, કારણ કે તેની પ્રતીતિ તે મિથ્યા સ્વરૂપે થાય છે.

આમાં સત્ય સ્વરૂપના એકલા જ્ઞાન વડેજ, તે પ્રતીત થતા મિથ્યા સ્વરૂપનો વિલય થાય છે, તે પ્રતીત થતા સ્વરૂપને કલ્પિત કહેવાય છે. માયા, તથા માયાના શિવ સાથેના સંબંધરૂપ કાલ, તથા વિશ્વ પ્રપંચરૂપ માયાનાં કાર્ય, એ ત્રણે અનાદિ છે. અને શિવજ્ઞાન શિવાય અન્ય કોઇજ ઉપાય વડે વિલયને પામતાં નથી. પણ જ્યારે શિવજ્ઞાન થતાં શિવ

વડેજ તે ઢંકાય છે ત્યારે તત્ક્ષણુજ તે ત્રણે વિલયને પામે છે. કાલ, સર્વની મર્યાદારૂપે પરિચ્છેદ કરે છે. પણ શિવનો પરિચ્છેદ તે કરી શકતો નથી. કાલ જેવી રીતે પોતાનો પરિચ્છેદ કરી શકતો નથી તેજ કારણથી શિવનો પણ પરિચ્છેદ કરી શકતો નથી. અન્ય વસ્તુવડે પરિચ્છેદને ન પામવા રૂપ ધર્મ કાલ તથા શિવ બન્નેમાં એકજ છે. એટલું તે બન્ને તત્વોમાં સામ્ય છે, છતાં કાલ મિથ્યા એટલે અસત્ય હોવાથી શિવ સ્વરૂપના જ્ઞાનવડે માયાની સાથેજ તે સ્વરૂપમાં લય પામે છે. શિવ એકલાજ સત્ય હોવાથી લયને પામતા નથી. એ પ્રમાણે સિદ્ધ થાય છે કે સામાન્ય કાળ એટલે પરમ કાલવડે શિવનો પરિચ્છેદ નથી. હવે ભૂતવર્તમાન આદિ અપરમ કાલવડે પણ શિવનો પરિચ્છેદ નથી તેનો વિચાર કરીએ. જે વસ્તુ ઉત્પન્ન થાય છે તેના આયુષ્યનીહદ ઉત્પન્ન થવાની ક્ષણથી આરંભાય છે. એટલે વર્તમાન ક્ષણથી આરંભીને ભવિષ્ય કાલમાં નાશ પામવાની ક્ષણ સુધી તે મર્યાદિત થાય છે. શિવ તો ઉત્પત્તિ માત્ર ની પૂર્વે અનાદિ કાલથી છે. તેથી એ પ્રકારે વર્તમાન તથા ભવિષ્ય કાળ આદિ નામ વડે તેમની કોઈ મર્યાદા બાંધી શકે તેમ નથી. જે વસ્તુ વર્તમાન કાલમાં નથી તેવી વસ્તુ ભૂત કાલમાં થઈ ગઈ હોય તો ભૂત કાલમાં તે વસ્તુનો જે ક્ષણે વિનાશ થયો તે ક્ષણ સુધીનો ભૂત કાલ તેની મર્યાદા બાંધી રહ્યો છે. અથવા તો તે વસ્તુ ભવિષ્યમાં થવાની હોય તો વર્તમાન કાલની અંતિમથી ભવિષ્ય કાલ તેની મર્યાદા બાંધે છે. પરંતુ આ શિવ તો જેવી રીતે ભૂત કાલમાં હતા તેવીજ રીતે વર્તમાન કાલમાં પણ છે. તેથી સ્થિતિ કાલે હોવાથી ભૂત તથા ભાવી કાલ મધ્ય નામ વડે પણ તેમની મર્યાદા કરી શકતો નથી જે વસ્તુ ભૂત તથા વર્તમાનમાં છે, પણ નાશવાન હોવાથી ભવિષ્યમાં નથી હોતી તેવી વસ્તુ વિનાશને પામવાની ક્ષણની પૂર્વના જે વર્તમાન તથા ભૂતકાલ તે વડે મર્યાદાગ્રત હોય છે. પરંતુ શિવ તો તેજ પ્રમાણે ભાવી કાલમાં પણ છેજ. તેથી ભૂત વર્તમાન કાલ અંત નામ વડે પણ શિવનો પરિચ્છેદ કરી શકે તેમ નથી. તેથી આદિ મધ્ય અને અંત નામના જે અપરમ કાલ પરિચ્છેદમય તે શિવને મર્યાદિત કરતા નથી. ઉત્પન્ન થએલા, નાશ પામેલા, તથા ઉત્પન્ન થનારા પદાર્થ માત્રના કારણ રૂપ ઈશ્વર છે, કાલ પણ શિવને અધીન છે. એ કાલ બ્રહ્મા,, વિષ્ણુ, તથા રૂદ્રની મર્યાદા કરીને તેમને પરિછન્ન કરીને ઢાંકી દે છે. તેથી સૃષ્ટિ, સ્થિતિ, કે પ્રલય કરવાનું સામર્થ્ય બ્રહ્મા, કે રૂદ્રમાં સ્વતઃ નથી. બ્રહ્માદિનું પદ મહાદેવના પ્રસાદનેજ અધીન છે. ને

સર્વ જગત પણ તે કારણથી તેમનેજ અધીન છે. અસંખ્ય બ્રહ્માઓ, વિષ્ણુઓ, તથા રૂદ્રો થઈ થઇને વિલાઈ ગયા છે. તેજ પ્રમાણે વાસવો વિગેરે અસંખ્ય દેવતાઓ થઇ ગયા છે. તેથી તે સર્વનો ભૂતકાલથી પરિચ્છેદ થયો છે. ભૂત કાલમાં તે દેવો હતા ત્યારે પણ સ્વતંત્ર નહોતા. સૃષ્ટિ, સ્થિતિ, તથા અંતને સિદ્ધ કરવા માટે સાક્ષાત મહેશ્વર એકલાજ પોતે બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર એવા કલ્પનાનાં નામોને ધારણ કરીને વિશેષ રૂપે દર્શન આપી રહ્યા છે. આ કલ્પનાઓમાં વિચિત્રતા રૂપ જે ભેદો દેખાય છે તેનું કારણ ત્રિગુણાત્મિકા જે માયા તેના ગુણની વિચિત્રતા છે. બ્રહ્માના શરીરનો રંગ લાલ છે તેથી તેઓ આંતર રજોગુણવાળા કહેવાય છે. વળી તેઓ સૃષ્ટિ કરવા રૂપે પ્રવૃત્તિશીલ છે. તેથી બાહ્ય રજોગુણવાળા પણ કહેવાય છે અને તે રૂપે તે જગતના સૃષ્ટા છે. વિષ્ણુ ભગવાનનો વર્ણ ઇંદ્રનીલમણિના જેવો શ્યામ છે. માટે આંતરતમસ ગુણવાળા કહેવાયા છે. પરંતુ જગતને પાલન કરવા રૂપ પ્રવૃત્તિને કરી રહેલા હોવાથી તેઓ બાહ્ય સત્વમય કહેવાયા છે. કોટિ ચંદ્ર જેટલા પ્રકાશવાળા રૂદ્ર ભગવાનનું તનુ સત્વ ગુણથી સંપૂર્ણ છવાઈ રહેલું છે તેથી તેઓ આંતર સત્વમય છે, પણ સકલ સંસારનો સંહાર કરવા રૂપ પ્રવૃત્તિ કરતાં બાહ્ય તમોમય દેખાય છે. આ ગુણોના ભેદ વડે બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્રની અનંત મૂર્તિઓ થાય છે. મહા સર્ગની સંખ્યા અનંત છે. તે દરેક મહા સર્ગ નિમિત્તે એક એક બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર હોય છે. તેથી એ ત્રિમૂર્તિની સંખ્યા પણ અનંત છે. વળી શિવની કેટલીક મૂર્તિઓમાં સત્વ ગુણની વિશેષતા હોવાથી તે અનુગ્રહ કરવાનું કામ કરે છે. જે મૂર્તિઓમાં તમો ગુણ વિશેષ હોય છે તે સંહાર કરવાનું કાર્ય કરે છે. શિવની મૂર્તિ માત્ર સંહારનુંજ કામ કરતી હોય તો સૃષ્ટિ વૃદ્ધિને પામી શકેજ નહિ તેમજ તેમાં એકલો સત્વ ગુણજ વૃદ્ધિને પામી રહે તો દર્પ થઈ જાય અને વિનાશજ પરિણામે આવે. માટે જગતના હિતના હેતુથી પરસ્પરનું ઉપજીવન કરનારી મૂર્તિઓના સ્વરૂપોને શિવ ધારણ કરે છે. અને તે તે મૂર્તિઓમાં રહેલા ગુણોની વિચિત્રતાથી પોતે શાંત, ઘોર તથા મૂઢ સ્વભાવની પ્રતીતિ કરાવી રહ્યા છે. તે છતાં માળામાં સૂત્ર પરોવાઈ રહે તે રીતે સચ્ચિદાનંદરૂપ સાક્ષાત શિવ તે સર્વ મૂર્તિઓમાં અનુગત છે. તે સર્વમાંથી કદાપિ ખરીને જૂદા ન પડે તે રીતે તે તે મૂર્તિના આત્મભાવથી શિવ તેમાં નિત્ય સ્થિર રહેલા છે. એ શિવને જંતુ માત્ર "હું" એવા ભાન વડે નિત્ય જાણે છે. એ ભાન શિવના સામાન્ય સ્વરૂપનું છે, છતાં "હું" રૂપભાનદ્વારા પ્રતીત થતા તે

શિવને વિશેષરૂપે એટલે શિવરૂપે માયાના પ્રતિબંધક બળના કારણથી તે જીવો નથી જાણતા. "હું" એજ શિવનું ઉપાધિયુક્ત સ્વરૂપ છે. તેને ઉપાધિથી રહિત કરીને એટલે ઉપાધિને ભેદીને તેના આંતરમાં જઇને શિવરૂપે જાણવા એજ આપણું અંતિમ પરમ પુરૂષાર્થ છે. શાસ્ત્રો તથા સદ્દગુરૂની અપેક્ષા આ કાર્ય કરવા અર્થેજ રહેલી છે. અનેક જન્મોમાં કરાયલા પરિશ્રમને અંતે આ પ્રકારે વેદાંત વાક્યો દ્વારા પરમશિવના સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેજ ક્ષણે શ્રી મહાદેવ અત્યંત પ્રસન્ન થઈ જાય છે. અને અત્યંત હર્ષથી તે અધિકારીના હિતને માટે માયાનો જય કરી આપે છે. અને તેમ થતાં જંતુઓ શિવ સાક્ષાત્કારને પામે છે. જેમનો અનુગ્રહ કરવાને નિત્ય તત્પર શિવ છે છતાં તેમના અનુગ્રહને મેળવ્યો નથી તે બીચારા પામર માયાના મુખમાં ડુબી રહેલા છે. જન્મ તથા મૃત્યુથી તે લોકો નિરંતર પીડા પામે છે. છતાં શ્રી મહાદેવને જાણવાને માટે તેમને કદિ પણ અવકાશ મળતો નથી.

ગમે તે મૂર્તિનો પૂર્ણ આશ્રય લઇને બ્રહ્મભાવનાથી તેનું આરાધન કરાય તો, તેથી પણ શિવનીજ પૂજા વળે છે. કારણ કે દેવ માત્રમાં પૂજ્ય તત્વનો અંશ તે શિવનુંજ સ્વરૂપ છે. છતાં અન્ય પ્રકારની દેવપૂજા તો **સત્વર** મોક્ષપ્રદનથી થતી પણ **ક્રમે ક્રમે** વૃદ્ધિંગત કરતાં અંતે પરમશિવના સાક્ષાત જ્ઞાન સુધી પહોંચાડે છે. અન્ય મૂર્તિને બદલે જો રૂદ્ર મૂર્તિનું આરાધન કર્યું હોય છે તો પરમશિવનો અનુગ્રહ એવા પ્રકારનો મળે છે કે તે સાધકને તે તે ક્રમ વડે ચડવાનું રહેતું નથી. પરંતુ સર્વત્ર વ્યાપી રહેલા સદાશિવ તેને તો **અનાયાસેજ** પ્રત્યક્ષ થાય છે. આનું કારણ એવું છે કે પરમશિવતત્વ, સત્વ પ્રધાન સર્વ રુદ્રની મૂર્તિઓ હોવાથી તેમાં, અત્યંત પ્રબળરૂપે પ્રકાશી રહ્યું છે. અન્ય મૂર્તિઓમાં ન્યૂનાધિક અંશે રજસ્ તથા તમસ્ વડે થતો અભિભવ હોવાથી તે સત્વ પ્રકાશનો લાભ કેટલેક અંશે ન્યૂન મળે છે. વેદનાં કેટલાંક વાક્યોનું પરશીલન કરતાં જણાય છે કે અંતિમ કારણરૂપે શિવને કહ્યા છે. અને અંતિમ જ્ઞાનને આપતાં ઇષ્ટરૂપે રૂદ્રની મૂર્તિનો આશ્રય લીધો છે, એમ પણ જણાય છે. બીજાં કેટલાંક એવાં પણ વાક્યો છે કે તેમાં એજ કાર્યને નિમિત્તે વિષ્ણુમૂર્તિનો આશ્રય લીધેલો છે. વળી કેટલાંક વાક્યોમાં બ્રહ્માની મૂર્તિનો, કેટલાંકમાં અગ્નિનો, કેટલાકમાં સૂર્યનો, એ પ્રકારે વિવિધ મૂર્તિઓનો આશ્રય લીધેલો છે. પરંતુ આ સર્વ કહી રહીને છેવટે શ્રુતિ ભગવતી મહા શિવની મૂર્તિ ઉપર આવીને સ્થિર થઇને શાંત થાય છે. પુરાણો પ્રતિ દૃષ્ટિ કરતાં દશ પુરાણો ઇષ્ટ રૂપે શંભુનો આશ્રય લે છે આ ક્રમાણે જોતાં તે અન્ય મૂર્તિઓ દ્વારા પણ તે તે મૂર્તિઓમાં રહેલા શ્રી મહાદેવના પ્રભાવનુંજ પ્રતિપાદન

થએલું છે માટે સાક્ષાત મોક્ષને આપનાર શિવજ છે અને અન્ય દેવો તો તે શિવ દ્વારાજ તે કાર્ય કરાવી આપે છે. પ્રત્યેક કલ્પમાં એ શિવમાંથીજ વિશેષ રૂપે બ્રહ્મા વિષ્ણુ આદિ દેવો નીકળી આવે છે. અને કલ્પને અંતે પૂર્વવત તે શિવમાંજ શમાઇ જાય છે. પણ આ મહાદેવ તો તે સર્વે સમયે તે સર્વેની અંદર અનુસ્યૂત રહે છે તથા તે સર્વનો સાક્ષી હોવાથી એકજ છે. એ પ્રકારના મહાદેવનું નિરૂપાધિક સ્વરૂપ મન તથા વાણીનો વિષય નથી. તેથી તે રૂપે તેમની ઉપાસના દુર્ઘટ હોવાથી તેમણે દિવ્ય અવતારોનો સ્વિકાર કર્યો છે. એ પ્રકારે છે છતાં અવતાર રૂપ વિશેષ સ્થાનમાં તેમની ઉપાસના કરવી સરળ પડે છે માટે તેમણે નિરૂપાધિરૂપ ઉચ્ચ કોટીમાંથી અવતાર રૂપ નીચે ઉતરવાની વ્યવસ્થા કરી છે. અને તેમ પોતે સ્વતંત્રતાથી કરેલું છે. એવા શ્રી અંબિકા પતિ, નીલકંઠ, ત્રિનયન, મહાદેવ લલાટે અર્ધ ચંદ્રને ધારણ કરીને વ્યાઘ્રપુર, કાશી, સોમનાથ, વૃદ્ધાચલ, વેદારણ્ય, વાલ્મીક, કેદાર, તથા દક્ષિણ કૈલાસમાં વિરાજે છે. તે તે સ્થાનોમાં નિત્ય નીચે જીવે નિવાસ કરવો. સર્વ ભકતોએ, દેવોએ તથા દેવના ઇશિરૂપ બ્રહ્મા વિષ્ણુ તથા રૂદ્ર નામના ઇશ્વિરોએ ત્યાં નિવાસ કર્યો છે. પોતાના નિત્ય સ્વરૂપની સાધના કરવાને અર્થે ત્યાં રહીને તેમણે મહાદેવની ઉપાસના કરી છે. સાક્ષાત્ મહાદેવને છોડીને સંસારમાં ડુબી ગએલાને તારવાને માટે અન્ય કોઇજ ઉપાસ્ય દેવ પ્રાપ્ત થાય એવો નથી. એ પ્રમાણે શ્રુતિ ભગવતી કહે છે. વળી શ્રુતિ ભગવતી કહે છે કે જ્યારે કોઈ મનુષ્ય આખા આકાશને ચામડાવડે મઢી રહેશે ત્યારેજ તેણે શિવ સ્વરૂપના વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ વિના દુઃખનો અંત લાવવાની આશા રાખવી. સારાંશકે એ પ્રકારની આશા સફળ થવાનો બીલકુલ સંભવજ નથી. માટે કાલના પાશને ત્રોડવા માટે હરેક પ્રયત્નથી શશિ શેખર શંકરની ઉપાસના કરવી. ઉપનિષદ્‌ના શબ્દોની અભિધા શક્તિના તાત્પર્યને લક્ષણાથી હૃદયમાં ધારણ કરવી. પછી સુતર્કવડે તેનું અનુસંધાન કરવા રૂપ તે શબ્દોનું શ્રવણ કરવું. એ વસ્તુ એમાં જે પ્રકારે કહી છે તે પ્રકારેજ છે, એ સ્વરૂપે અંતઃકરણમાં માનવાની ભાનપૂર્વક વ્યવસ્થા થઈ શકે તેવા તર્કને સુતર્ક કહ્યા છે. એ પ્રકારના સુતર્કવડે પરમ શિવનું અનુસંધાન કરવા રૂપે તે શ્રવણ કરાયલા શબ્દોનું મનન કરવું. શ્રવણ તથા મનનવડે એ પ્રમાણે ધારણ કરાયલા અર્થને વિષે વચ્ચે વિજાતીય ભાવવાળાં સ્ફુરણો આવીને નડે નહિ તેવી સંભાળથી સજાતીય પ્રત્યયોની ધારા ચાલુ રાખવી, એટલે સજાતીય તત્વના ભાનના વિચારનાં સ્ફુરણોની ધારા ચલાવવી. તે ક્રિયાને નિદિ

ધ્યાસન કહે છે. એજ પરમ શિવની ઉપાસના છે. આપણા સર્વના આત્મસ્વરૂપ શ્રી મહેશ્વરના દર્શનરૂપ સાક્ષાત્કારને માટે એ શ્રવણુ મનન તથા નિદિધ્યાસનને સાધનરૂપે શ્રુતિ ભગવતીએ કહેલાં છે. માટે તે રૂપે તેમની ઉપાસના કરવી. આ પ્રમાણે સૂત ભગવાનના વચનોથી મુનિઓની ખાત્રી થઈ કે કાલના પરિચ્છેદથી રહિત સ્વરૂપ શિવ એકલાનુંજ છે.

એ રીતે શિવ માહાત્મ્યખંડમાં કાલનું માપ તથા કાલરૂપ પરિચ્છેદ રહિત તત્વનું સ્વરૂપ નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ થયો.



૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ

અધ્યાય ૯.

પૃથ્વિનો ઉદ્ધાર.

પૂર્વેના અધ્યાયમાં કહ્યું કે બ્રહ્માના દિવસને અંતે પૃથ્વ આદિ ત્રણે લોક લયને પામે છે તે દિવસનું માપપણ કહ્યું અને જેટલો દિવસ કહ્યો તેટલાજ માપવાળી રાત્રિ સુધી ભાવિસૃષ્ટિના કારણ રૂપ કર્મ સંસ્કારોને પરિપક્વ થવા અર્થે પોતાને વિષે સુક્ષ્મ અવસ્થામાં રાખીને માયા, પરબ્રહ્મને વિષે અભેદરૂપે રહી છે. એ ભાવિસૃષ્ટિની ઉત્પત્તિનો આરંભ થવા પૂર્વે બ્રહ્માનો દિવસ ઉદય થાય છે. તે સમયે બ્રહ્માપૂર્વેથી વરાહ રૂપને ધારણ કરે છે. પછી જળમાં પૃથ્વી જે ડુબી ગયેલી હતી તેને પોતાની દાઢમાં ઘાલીને ઉપર લાવે છે. પૂનઃ પોતે બ્રહ્મારૂપને ધારણ કરે છે, અને ત્રણે લોકોને સૃજે છે. શ્રુતિમાં કહ્યું છે કે પૂર્વે સૃષ્ટિના આરંભમાં સર્જન દ્રવ્ય જળ રૂપે હતું. પ્રજાપતિ વાયુ રૂપને ધારણ કરીને તેમાં સર્વત્ર ફર્યા અને તે બ્રહ્માને જોયું, પછી વરાહ રૂપને તેમણે ધારણ કર્યું. અને તે દ્રવ્યને અંદરથી ખેંચી કહાડયું. પછી વિશ્વકર્મા બની ને તે દ્રવ્યને ઘસીને નિર્મળ કર્યું. પછી તે દ્રવ્ય ઘન બનતું પથરાઇ ગયું તેથી પૃથ્વિ નામને તેણે ધારણ કર્યું વિગેરે...વળી વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે પૃથ્વિ જળમાં ડુબી ગએલી છે એ પ્રમાણે જાણીને પ્રજાપતિએ પૂર્વે મત્સ્ય, કુર્મ આદિ શરીરોને ધારણ કર્યાં હતાં. તેજ પ્રમાણે વરાહ રૂપને ધારણ કરીનેજ પૃથ્વિને બહાર કહાડી, આ વિગેરે ઉલ્લેખ છે. તે સંબંધમાં જે જાણવા જેવું હોય તે અમને કહો, એ પ્રકારે મુનિઓએ પ્રશ્ન કર્યો. સૂત ભગવાન તેનો ઉત્તર આપે છે.

આ કલ્પની પૂર્વના કલ્પના અંતમાં સર્વત્ર એકજ ઘોર અર્ણવ સમુદ્ર હતો. ચંદ્ર, આદિત્ય આદિ કોઈ પણ જ્યોતિ તે સમયે નહિ હોવાથી સઘળુંજ તમોમય હતું. વિભાગનું જ્ઞાન પ્રકાશ વિના થવાનો સંભવ હોતો નથી. તેથી સર્વ વિભાગ વિનાનું હતું. અગ્નિ આદિ સર્વ શાંત થઈ ગએલું હોવાથી કશુંજ પ્રતીત થાય એવું નહોતું. સ્થાવર જંગમરૂપ ત્રણે લોક એ પ્રમાણે સમુદ્રમાં લીન થઇ ગયા હતા. તે સમયે તે સમુદ્રમાં સાક્ષાત વિષ્ણુ ભગવાન પ્રકટ થયા. બ્રહ્માના દિવસ ને અંતેજ આ પ્રકારે શેષ રહેલું તે શેષ રૂપી પલંગ ઉપર પોતે પહોડેલા હતા. તે વિષ્ણુ ભગવાને વરાહ રૂપને ધારણ કર્યું અને પૃથ્વિને જળમાંથી ઉંચે આણી. પછી પોતે પોતાની સ્વઇચ્છાથીજ તે વરાહ રૂપનું વિસર્જન કર્યું. તે પછી પોતે બ્રહ્મા રૂપને ધારણ કર્યું અને ત્રણે લોકને બનાવ્યા. એ પ્રમાણે જળમાં વિષ્ણુભગવાન સુતેલા હતા. તે કારણથી (નાર+અયન તેમાં નાર=જળ. તે અયન રૂપીનિવાસ સ્થાન જેમનું છે તે) નારાયણ એ નામને પોતે ધારણ કર્યું. હજારો મસ્તક, હજારો આંખો, તથા હજારો પગવાળું પુરૂષ સ્વરૂપ તેને કહ્યું છે. અત્ર તાત્પર્ય એવું છે કે મનબુદ્ધિ આદિઅંતઃકરણ ચતુષ્ટયનું પ્રભવસ્થાન મસ્તક છે, તેથી મસ્તક તેનું સૂચક છે. આંખ જ્ઞાનેંદ્રિયમાં મુખ્ય છે, તેથી તે પંચ જ્ઞાનેંદ્રિય સમૂહની સૂચક છે. અને પગ કર્મેન્દ્રિય પંચકને સૂચવે છે. આ પ્રકારે ભાવી સૃષ્ટિમાં વ્યક્તિ પરત્વે જે ચતુર્દશ ઇંદ્રિયગણ રચવાનો છે, તેના ઉપાદાન કારણરૂપ જે સમષ્ટિ દ્રવ્ય તેને જે સમષ્ટિ શરીરમાં ધારણ કરી રહ્યા છે તેજ એ નારાયણ પુરૂષોત્તમ છે. શેષ પર્યંક ઉપર સુતે સુતે પોતે હૃદયમાં ઉમાની સહાય્યવાળા, પરમ દયાળુ, ઉર્ધ્વરેતસ, ત્રિનયન, ઋત એટલે સૂક્ષ્મભૂતરૂપ અને સત્ય એટલે સ્થૂલ ભૂતરૂપ સમગ્ર જગત્ જેમની મૂર્તિછે તેવા, પરબ્રહ્મ પુરૂષ, સાક્ષાત્ સાંબસદાશિવ મહેશ્વરનું ધ્યાન ધરતા હતા. વિષયાભિમુખ જીવનું વીર્ય અધઃ એટલે નીચે જાય છે તેથી પશુવત્ જનનક્રિયા થાય છે. દેવોમાં તે પ્રકારની ક્રિયા હોતી નથી. તેઓના વીર્યની ગતિ ઉચ્ચ પ્રદેશ પ્રતિ હોય છે, અને તેથીજ તેઓ અજર અમર રહે છે. આ પ્રમાણે રહેનાર દેવોમાં જે સર્વોત્કૃષ્ટ સ્વરૂપ તેને સૂચવનાર ઉર્ધ્વ રેતસ્ શબ્દ છે. વળી નારાયણના સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું છે કે હિરણ્યગર્ભ રૂપ જે પ્રથમ નર છે, તેમાંથી જે જળના સમૂહ ઉત્પન્ન કર્યા તેમાં વીર્ય નાખ્યું અને એ રીતે પોતાને માટે નિવાસ સ્થાન નિશ્ચિત કર્યું. તેથી પોતે નારાયણ કહેવાયા. પરમાત્મા મહાદેવની આજ્ઞાથી જળમાં ડુબેલી પૃથ્વિને બહાર કહાડવાની ઇચ્છા રૂપ સ્ફુરણને પ્રથમ

પ્રકટાવ્યું. પછી મોટા પર્વત જેવું ખડખડાટ હસતું હસતું વરાહ શરીર ધારણ કર્યું અને રસાતલ નામના પાતાલમાં પેઠા. ત્યાં સુધી ઠેઠ નીચે ઉતરી ગએલી પૃથ્વિને દાઢો વડે ઉંચી કરીને બહાર કહાડી.

એકંદરે સપ્ત પાતાલની ઉપર ૧. ભૂઃ, ૨. ભૂવઃ, ૩. સ્વઃ, ૪. મહઃ, ૫. જનઃ. ૬. તપઃ, અને ૭. સત્ય. એ રીતે સપ્ત લોક છે. કલ્પને અંતે તેમાંથી માત્ર પ્રથમના ત્રણ લોકજ લય પામ્યા હતા, તેથી તે લયને સમયે એ ત્રણે લોકમાંના સિધ્ધો તથા બ્રહ્મર્ષિઓ તથા ચોથો જે મહર્લોક તે ઠેઠ અધોગતિ રૂપ નીચે આવેલો હોવાથી નિવાસ સ્થાનને યોગ્ય રહયો નહિ. માટે તે લોકના સર્વનિવાસીઓ પાંચમો જે જનલોક તેમાં જઇને વસ્યા હતા. તે સર્વે શ્રી વરાહ ભગવાનની દાઢોના અગ્રમાં એક ઝીણા અણુની માફક ગોઠવાઇ રહેલી પૃથ્વિને જોઇને અત્યંત વિસ્મય ચકિત બની ગયા, અને મહાબળના પરાક્રમવાળા હરિરૂપ વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા; તે આ પ્રમાણેઃ—

હે દેવના દેવ ! સર્વના આદિ ભૂત ! સનાતન ! પુરાણ પુરૂષોત્તમ ! પરમાત્મન્ ! જન્મ મરણ રોગ આદિથી રહિત ! અમલ સ્વરૂપ ! બ્રહ્માઓના પાલક ! જગત્‌ના રક્ષક ! એક પાદ રૂપે સકલભૂવનાત્મક જે વિશ્વ તે રૂપને ધારણ કરતા છો માટે લોકરૂપ અને બાકીના ત્રિપાદ રૂપે સ્વપ્રતિષ્ઠિત છો માટે અલોકરૂપ ! લોકપાલ ! શંખ, ચક્ર, ગદા, પદ્મને હસ્તમાં ધારણ કરનાર વિષ્ણુ, હિરણ્ય ગર્ભ, શ્રીપતિ ! ભૂપતિ ! સ્વયંભૂ ! ક્રિયા શક્તિ જે પ્રાણરૂપ ઉપાધિમાં પ્રધાન છે તેને ધારણ કરેલી હોવાથી સૂત્રાત્મા ! જ્ઞાન શક્તિ મન રૂપ ઉપાધિમાં પ્રધાન છે તેને ધારણ કરનાર હિરણ્ય ગર્ભ રૂપ અંર્તયામિ ! સમષ્ટિ સ્થૂલ શરીર રૂપ ઉપાધિને ધારણ કરનાર વિરાટ્ ! પ્રજાપતિના સાક્ષાત્ જનક ! એ પ્રમાણે સમષ્ટિ રૂપે વૈશ્વાનર હિરણ્ય ગર્ભ તથા ઇશ્વિર રૂપ ! તથા વ્યષ્ટિ રૂપે વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞરૂપ ! તથા તે પ્રકારની ત્રિપુટીની જાગૃત સ્વપ્ન તથા સુષુપ્તિ નામની જે અવસ્થાઓ તે રૂપે તથા તે ત્રણે અવસ્થાઓના શાક્ષિ એમ છતાં તે તે અવસ્થાઓ વડે પકડાઇ ન રહેતાં પોતે પોતાના મહિમારૂપ આધાર ઉપર પ્રતિષ્ઠિત હોવાથી તે ત્રણે અવસ્થા રહિત જે ચોથી તુરીય અવસ્થા તે રૂપ ! વળી તે તુરીયા અવસ્થાથી રહિત હોવાથી તુરીયાતીત સમસ્ત જગત્‌ના આત્મ સ્વરૂપ, આદિ રૂપ ૐકાર એ એકજ વપુ છે જેનું એવા ૐકાર પ્રતીક, ૐકાર વડેજ જેમનું પ્રતિપાદન થાય છે એવા એ પ્રમાણે ૐકારપર રૂપ

તથા અપર રૂપ ! શિવ ! કલ્યાણુ કરનાર શંકર ! પ્રભુ સર્વ વિશેષજ્ઞાન સંપન્ન ! વિશેષ જ્ઞાનપ્રદ ! જગતના મૂલ કારણુ રૂપ ! બ્રહ્મારૂપ ! વિશ્વ રૂપ ! નિત્ય ! શુદ્ધ ! બુદ્ધ ! મુક્ત ! સુખ રૂપ ! વાણીથી અતીત ! અગમ્ય ! અપ્રમેય ! શાન્ત ! સ્વયં ભાનવાળા ! સાક્ષિ ! પુરાણુ પુરૂષ ! જે એક હેતુ વડે કલ્યાણુની પ્રાપ્તિ થાય છે તે હેતુ રૂપ ! આકાશાદિ પ્રપંચ રૂપ ! તદ્રૂપ ! જે અધિષ્ઠાન વિના માયાનીજ સિદ્ધિ થઈ શક્તિ નથી તે પ્રકારના માયાના અધિષ્ઠાન રૂપ હોવાથી માયા રૂપ ! જે હેતુ વડે માયામાં સત્તાની પ્રતીતિ થાય છે તે હેતુ રૂપ ! જનાર્દન આપ સર્વાત્મન્ છો. આપ વિભૂતિ રૂપે પ્રકટ થાઓ છો એવા પ્રદ્યુમ્ન, સંકર્ષણુ, અનિરૂદ્ધ, વાસુદેવ, યોગરૂપ, યોગગમ્ય, ભોગમાત્રના ઈષ્ટિની સિદ્ધિરૂપ, મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, રામ નામવાળા ત્રણે અવતાર રૂપ એટલે પરશુરામ, રામચંદ્ર તથા બલરામરૂપ, સર્વજ્ઞ કૃષ્ણુ, બુદ્ધરૂપ, કલ્કિરૂપ કર્મ માત્રના અભિમાનપૂર્વક કર્મને કરનારને ફળ મળે છે તે ફળરૂપ, કર્મરૂપ, કર્મના કર્તારૂપ, કર્મના સાક્ષિ, વિશેષ જ્ઞાનરૂપ, વેદાંતરૂપ, ગુણત્રયાત્મક, નિર્ગુણુ, અદ્‌ભુત, દેવના ઈશ, જે એકજ હેતુ વડે શિવની પ્રાપ્તિ થાય છે તે હેતુરૂપ, નક્ષત્રરૂપ, સોમરૂપ, સૂર્યરૂપ, ઈન્દ્રરૂપ, પદ્મનાભ, શાર્ઙ્ગપાણિ, વિશાલાક્ષ, શ્રીધર, નાયક, જે હેતુવડે સંસારથી તપિ ગએલાના તાપનો નાશ થાય છે તે એકજ હેતુ રૂપ, જેમની નિષ્ઠા શ્રુતિ તથા સ્મૃતિમાં કહેલાં કર્મોમાંજ સ્થિર થઈ છે, તેમને સત્વર મોક્ષ આપ-નાર, જે એકજ હેતુવડે તે પ્રકારના કર્મોથી બહિર્મુખ અન્ય સર્વને સંસારનીજ પ્રાપ્તિ થાય છે તે હેતુરૂપ, અવ્યય, દૈત્યોને સંહારનારા, વિદ્યાધરથી પૂજાયલા, ક્ષિર સમુદ્રશાયિ, વૈકુંઠવાસી, રાગવૃત્તિવડે જેઓ પરાભવને પામી ગયા છે તેવાઓને ભવસમુદ્રમાં તરવાને માટે વૈરાગ્યરૂપ નૌકાને આપનારા, પ્રભો ! આપને અમારા અનંતાવધિ સાષ્ટાંગ પ્રણામ હજો.

એ પ્રકારે બ્રહ્મર્ષિઓ, સિદ્ધો, તથા સનકાદિકોએ શ્રી વરાહ ભગવાનનું સ્તવન કર્યું તેથી પોતે પ્રસંન થયા. પોતે મહીના સાક્ષાત્ પતિ હોવાથી તે મહીને સમુદ્રમાંથી પાછી ઉંચે આણીને પૂર્વવત્ પાછું તેનું સ્થાપન કર્યું એટલે તે પૃથ્વિ જલ ઉપર એક નાવડીની માફક રૂડી રીતે સ્થિર થઈ રહી. પછી પોતે વરાહ શરીરનું વિસર્જન કર્યું અને બ્રહ્માના શરીરને ધારણુ કર્યું. તે પછી એજ મહાદેવના અનુગ્રહ વડે તે બ્રહ્માએ પૂર્વ સર્ગમાં જે પ્રમાણે નાશ પામ્યા પૂર્વે ઉત્પન્ન કર્યું હતું તે પ્રમાણેજ સૃષ્ટિને પુનઃ ઉત્પન્ન

કરવાનો સંકલ્પ કર્યો. એ પ્રકારે સર્વ હિતનું જ્ઞાન આપનારા શ્રી સૂત-પુરાણીના મુખથી આ વૃત્તાંતને શ્રવણ કરીને મુનિઓ અત્યંત પ્રસન્ન થયા, સૂતે તેમનું પૂજન કર્યું.

એ રીતે શિવ માહાત્મ્ય ખંડમાં પૃથ્વિનો ઉદ્ધાર એ નામનો ૯ મો અધ્યાય સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય. ૧૦.

શ્રી બ્રહ્માજીએ કરેલી સૃષ્ટિ.

ગયા અધ્યાયમાં પૃથ્વિનો ઉદ્ધાર કેવી રીતે થયો તે કહ્યું. હવે મુનિઓ પ્રશ્ન કરે છે કે ત્રણે લોક તથા તેના નિવાસી રૂપ ચર તથા અચર જગત્ બ્રહ્માના દિવસને અંતે નાશ પામ્યું હતું તેને બ્રહ્માએ ફરીથી કેવી રીતે ઉત્પન્ન કર્યું તે સમજાય તે પ્રકારે એ સર્ગનો ક્રમ અમને કહી સંભળાવો. તેના ઉત્તરમાં શ્રીસૂત ભગવાન આ પ્રમાણે કહે છે.

બ્રહ્માના આયુષ્યને અંતે સમસ્ત પ્રપંચને માયા ગળી જાય છે, અને અત્યંત નિર્વિકલ્પ બને છે. એ માયા જડ છે. સ્વપ્રતિષ્ઠિત નથી, એટલે અન્ય આધાર વિના સ્વતઃ માયારૂપે રહી શકતી નથી. જેમાં સર્વ મોજાં શાંત પડી ગયાં છે, એવા મહાસમુદ્રથી જેની કાંઈક લક્ષણા કરવાનું બને એવા તથા સ્વપ્રતિષ્ઠિત પરબ્રહ્મને પોતાના આધારરૂપે કલ્પીને તેમાં અભેદ રૂપે નિરાંત કરીને માયા તે સમયે પડી રહે છે. પ્રાણીઓના કર્મો ભોગ આપવા અર્થે પરિપક્વ થયાં નથી ત્યાં સુધી આ પ્રકારે માયા રહે છે.

એ કર્મોનો પરિપાક થતાંજ તે બ્રહ્મામાં ભાવિસૃષ્ટિ કરવા પ્રતિનું તે માયાના પ્રદેશમાં સ્ફુરણ થાય છે. તે સ્ફુરણના હેતુ ભૂત કોઇ પ્રકારનું જ્ઞાન કે ઇચ્છા કે પ્રયત્ન હોતાં નથી, તેથી એ સ્ફુરણને અબુદ્ધિપૂર્વક સ્ફુરણ કહ્યું છે. ભાવિસૃષ્ટિના પ્રાણીઓનાં કર્મફળ આપવાને માટે પરિપક્વ થઇને તત્પર થવાથીજ થએલી જે પ્રેરણા તે વડેજ આ સ્ફુરણની પ્રવૃત્તિ થએલી હોય છે. તેનો વિષય ભાવિસર્ગ છે તેટલા માટેજ તેને સવિકલ્પ કહે છે અને તે અર્થેજ તેનું આવરણ માયા છે. આ પ્રકારનું અબુદ્ધિપૂર્વકનું પ્રથમ સ્ફુરણ તે તમસ નામનો પહેલો સર્ગ છે. તેમાં ગુણના વિભાગરૂપ કલ્પનાનો કેવલ અભાવ છે એટલે તે કેવળ માયારૂપ છે. એ તમસને અવ્યક્ત પણ કહે છે. શ્રીપતંજલિ ભગવાન પોતાના યોગ સૂત્રોમાં પંચ કલેશ નામથી જેનું વર્ણન આપે છે તેમાંનો જે પહેલો અવિદ્યા નામનો કલેશ છે તેજ આ પ્રથમ સર્ગ છે. બાકીના ચારે કલેશો, આ અવિદ્યા નામના કલેશમાં નિદ્રિત (latent) અવસ્થામાં રહેલા હોય છે. દેહ વિગેરે અનાત્મ પદાર્થો વાસ્તવ દૃષ્ટિથી અસ્તિત્વ રૂપે છે ને તે જે છે તે રૂપેજ હું છું, તેજ મારૂં સ્વરૂપ છે, એ પ્રકારે ભ્રમથી જે ભાન કરવું તેને અસ્મિતા અથવા મોહ નામનો બીજો કલેશ કહ્યોછે. એ મોહના હેતુથી દેહ વડે હાર, ચંદન વિગેરે જે જે પદાર્થરૂપ ભોગવવાનાં સાધનો છે તે ભોગોની અભિલાષાનો અનુભવ થાય છે. તેને રાગ અથવા મહામોહ કહે છે, એ ત્રીજો કલેશ છે. એવા પદાર્થોની પ્રાપ્તિમાં આડે આવીને વિઘ્ન કરનારના ઉપર જે દ્વેષનો અનુભવ થાય છે તે દ્વેષ એટલે તામિસ્ત્ર નામનો ચોથો કલેશ છે. અમુક અમુક વડે મારૂં અહિત થાય છે એ પ્રકારે જાણ્યા છતાં પણ અજ્ઞાનીની માફક તે અહિતકર વસ્તુનો જે દૃઢ વડે ત્યાગ થતો નથી તેને અભિનિવેશ એટલે અંધતામિસ્ત્ર નામનો પાંચમો કલેશ કહ્યો છે.

એ પ્રકારના છેલ્લા ચારે કલેશ પ્રથમના અવિદ્યા નામનાકલેશમાં, જે પ્રકારે યોગિ પુરૂષો સમાધિ અવસ્થામાં તત્વમાં લીન થઇને રહેલા હોય છે, તે રીતેજ સુષુપ્ત અવસ્થામાં રહે છે. આ કલેશોનાં સ્વરૂપ યોગિઓમાં બળી ગએલાં હોય છે. વિષયસંગીઓમાં તે વૃદ્ધિ પામીને છૂટાં પડેલાં તથા અત્યંત વિશાલ સ્વરૂપે હોય છે. તમસ્‌નું સ્વરૂપ અવિવેક છે, એટલે સત્ય આધારરૂપ પરશિવતત્વ શું છે અને અને અસત્ય આધારરૂપ માયાતે શું છે, તેના ભેદ છૂટા પડયા નથી એવું રૂપ છે. અંતઃકરણનો વિશેષ ભ્રમ એ મોહનું સ્વરૂપ છે. હલકા પ્રકારના ભોગોથી સુખ પ્રાપ્ત કરવાની સ્પૃહા તે મહામોહ

છે. ક્રોધ તામિસ્રનું સ્વરૂપ છે, અને અંધતામિસ્ર મરણને કહ્યું છે. એ પાંચ ક્લેશોને અવિદ્યાના પાંચ પર્વ પણ કહ્યાં છે. તેમાં પ્રથમ સર્ગરૂપ તમસ્ એ અવ્યક્ત છે, એટલે તેમાં ત્રણે ગુણો પરસ્પરથી ભિન્નરૂપે પ્રતીત થાય તે પ્રકારે છુટા પડી શકયા નથી, પણ સંયુક્ત છે.

આ પ્રમાણે ત્રણે ગુણો આંતર તથા બાહ્ય એમ સર્વત્ર સંયુક્ત સ્થિતિમાં તમસ્ નામના પ્રથમ સર્ગમાં હતા. તેમાં આંતર ભાગમાં વિશેષ સ્ફુરણ થતાં આંતર પ્રદેશમાં માત્ર તેમનો પરસ્પર વિભાગ પડે છે ત્યારે મહત્ નામનો બીજો સર્ગ થયો કહેવાય છે. તે પછી તે મહત્ તત્વમાંથી જ્યારે તે ગુણો બાહ્ય વિભાગને પણ ધારણ કરે છે ત્યારે અહંકાર નામનો ત્રીજો સર્ગ થાય છે. તે અહંકાર સર્ગ ત્રણ વિભાગવાળો છે. ૧. વૈકારિક, ૨. તૈજસ અને ૩. ભૂતાદિ. તેમાંથી ભૂતાદિ તામસ અહંકાર છે તેમાંથી આંતર ભાગમાં રહેલા રજસ્ અંશને આધારરૂપે કલ્પિને પંચમાત્રા નામનો ચોથો સર્ગ કર્યો છે. વૈકારિક સાત્વિક અહંકારનું સ્વરૂપ છે. તેમાં ગુપ્તપણે રહેલા રજોગુણના અંશને આધારરૂપે લઇને પાંચ કર્મેન્દ્રિય તથા પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મન એ પ્રમાણે અગીઆર ઇન્દ્રિયગણ નામનો પાંચમો સર્ગ થયો છે. અને તૈજસ અંહકારમાંથી તે બન્ને સર્ગો થયા છે એ પ્રકારે પણ સાંખ્યમતાનુયાયિઓ કહે છે. શૈવોનો મત એવો છે કે મન સાત્વિક અહંકારમાંથી થયું છે. અને રાજસ્ અંહકારમાંથી દશ ઇન્દ્રિઓ થઈ છે. એટલો ભેદ છે. એ પ્રમાણે દશ ઇન્દ્રિયો બન્યા પછી તે તે ઇન્દ્રિયોને પોતપોતાના વ્યાપારમાં યોજવા અર્થે પ્રત્યેકના અધિષ્ઠાતૃ દેવતાઓને રચીને તેમાં સ્થાપ્યા છે. આ પ્રમાણે ૭ સર્ગો છે. એ સર્ગોને પ્રાકૃત સર્ગ કહે છે. એટલે સાક્ષાત્ ઈશ્વરે પોતે પોતાની પ્રકૃતિમાંથી તેમને રચાવેલા છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે તમસ્ નામના પ્રથમ સર્ગમાં જે માયાના ત્રણે ગુણો સમભાવને ધારણ કરીને સામ્યાવસ્થામાં હતા તેમાં ગુણની વિષમતા થઈ, એને મહત્ સર્ગ કહ્યો છે. તે પછી તેમાં દ્રવ્યરૂપે તામસ અંશ તથા ક્રિયારૂપે રાજસ અંશ તથા જ્ઞાનરૂપે સાત્વિક અંશ ઉદયને પામતાં અહંકાર નામનો સર્ગ થાય છે. તન્માત્રા જેમાં છે તેને ભૂત સર્ગ કહ્યો છે. દ્રવ્યરૂપે પ્રતીત થવાની તેમાં શક્તિ છે, જ્ઞાન તથા ક્રિયારૂપ જેનું છે, તે ઇન્દ્રિય સર્ગ છે. વૈકારિક સર્ગને દેવ સર્ગ કહ્યો છે. અને મનનું સ્વરૂપ વૈકારિક અહંકારમય છે. તમસ્ નામનો સર્ગ અબુદ્ધિકૃત છે. પ્રજાપતિએ પોતાની સૃષ્ટિમાં પણ તે સર્ગનેજ પ્રથમ રચ્યો છે. તે પછી વૃક્ષાદિ પ્રજાપતિનો મુખ્ય સર્ગ છે. તે પછી તેમનો તિર્યક્

સ્રોતવાળા પશુ આદિ, પછી ઉર્ધ્વ સ્રોતરૂપ દેવાદિ, પછી અર્વાક સ્રોતરૂપ માનુષ સર્ગ, તે પછી ભૂતપ્રેતાદિ સર્ગ, એ પ્રમાણે પ્રજાપતિએ ૭ સર્ગ કર્યા છે. એ ૭ સર્ગો વિકારવાળા હોવાથી તેમને વૈકૃત સર્ગ કહ્યા છે. પ્રાકૃત તથા વૈકૃત એ પ્રમાણે ઉભયાત્મક સર્ગ રૂપ તો એકલા કુમાર છે. એ પ્રકારની એકંદર સૃષ્ટિ કહેલી છે આમાં જે પ્રજાપતિની સૃષ્ટિ કહી છે તેનો હવે આરંભ થાય છે.

પહેલો તામસ સર્ગ છે તેમાં અબુદ્ધિ એટલે અવિદ્યા નામનો પ્રથમ ક્લેશ આરંભાય છે. એ સર્ગને અનુસંધાનપૂર્વક રચ્યો નથી, પણ એક પ્રકારે કહીએ તો તે નીકળી આવ્યો છે. જેવી રીતે મહા કલ્પના આરંભમાં પરમાત્મામાંથી પંચપર્વા અવિદ્યા નીકળી આવી તેજ પ્રમાણે તેના પેટા ભાગરૂપ આ કલ્પમાં પણ બ્રહ્મામાંથી તે તામસ સર્ગ નીકળી આવ્યો છે. અન્ય અવાન્તર પ્રત્યેક કલ્પમાં આ પ્રમાણેજ બને છે. શ્રી અંબિકાપતિની આજ્ઞાથીજ આ પ્રમાણે તામસ સર્ગ બ્રહ્મામાંથી નીકળ્યો. તે તામસ સર્ગે પાંચ અવસ્થાઓને ધારણ કરવાની પ્રવૃત્તિ કરી. ૧ તમસ્ ૨ મોહ ૩ મહામોહ ૪ તામિસ્ર અને ૫ અંધતામિસ્ર એ પાંચ પર્વવાળી અવિદ્યા છે. તેમાંથી અવિદ્યાને ન ગણતાં ૧. મહત, ૨. અહંકાર, ૩. પંચ તન્માત્રાનો સર્ગ એ રીતે ગણતાં સ્થાવરનામનોમુખ્ય સર્ગ ચોથો થાય છે. આમાં વૃક્ષાદિ આવે છે. એનો સ્વભાવ એવો છે કે તેનું કોઈ છેદન કરે, તેનું કોઈ હરણ કરી જાય વિગેરે જે જે ક્રિયાઓ તેના ઉપર થાય તેથી દુઃખ કે સુખ નામના અનુભવનેજ માત્ર જાણી શકે છે. પણ દુઃખ નામના અનુભવને અટકાવવા કે સુખ નામના અનુભવ પ્રાપ્ત કરવાના ઉપાયો અંદરથી કે બહારથી કોઈ પણ રીતે તેને જ્ઞાન નથી તેથી બાહ્ય તથા અંતર અપ્રકાશરૂપ તે છે. પોતાના નામનું પણ પોતાને ભાન નથી માટે નિઃસંજ્ઞ છે. વ્યાપાર કરવાને માટે સમર્થ નથી તેથી સ્તબ્ધ છે. આ પ્રકારનો સ્થાવર નામનો બ્રહ્માનો મુખ્ય સર્ગ છે.

બ્રહ્માએ આ સર્ગને રચીને વિચાર કર્યો કે ઐહિક તથા પારલૌકિક હિત શું છે અને અહિત શું છે તેના જ્ઞાનનો તથા તે હિતને પ્રાપ્ત કરવાનાં તથા અહિતને અટકાવવાનાં સાધનો કયાં છે, તે વાર્તાના જ્ઞાનનો અભાવ આ વૃક્ષાદિ સ્થાવર સર્ગમાં છે, તેથી એ સર્ગને સાધક વર્ગમાં મૂકાય તેમ નથી. તેથી અન્ય સર્ગને કરવાનો વિચાર કર્યો. પછી પરિશ્રમપૂર્વક ધ્યાન કરવા રૂપ તપશ્ચર્યાને કરીને પશુ આદિ નામનો તિર્યક સ્રોત સર્ગને એમણે બનાવ્યો.

વ્યાસ ભગવાને આ સર્ગના અઠાવીશ ભેદોને વર્ણવ્યા છે. તિર્યક શબ્દનો અર્થ આડો થાય છે. અને સ્રોત્ એટલે આહાર કરવા માટે તથા અન્ય ઉદ્દેશથી ફરવા વિગેરેની ગતિ કરવી, એવો અર્થ છે. પશુ આદિ ચારે પગ જમીન ઉપર મુકીને મુખ જમીન સામુ રાખીને આ ક્રિયા કરે છે તેથી તિર્યક્સ્રોત એ સર્ગને કહે છે. આ સર્ગ પ્રતિ દૃષ્ટિ કરતાં તે પણ સાધક રૂપ બને તેવો જણાયો નહિ. માટે ફરીથી ચિંતન કરીને અત્યંત સુખી સાત્વિક દેવસર્ગને રચ્યો. એને ઉર્ધ્વસ્રોત સર્ગ કરે છે. આ દેવો કર્મભૂમિમાં નથી. કેવળ ભોગભૂમિમાંજ છે, તેથી તે સર્ગ પણ અસાધક નિકળ્યો. શિવની આજ્ઞાનું પાલન કરવા અર્થે તેમણે ફરીથી તપશ્ચર્યા કરી એટલે તેમને રાજસ સર્ગની સૃષ્ટિ દેખાઇ આવી. એ અર્વાક સ્રોત નામનો માનુષ સર્ગ છે. તેને રજોગુણમય હોવાથી રાગાત્મક છે. તે રાગની ઉત્પત્તિ તૃષ્ણાના સંગથી થાય છે. અને તે હેતુને લીધે કર્મનો સંગ કરાવીને દેહીને બંધનનો અનુભવ કરાવે છે. એ પ્રમાણે આ રાજસ સર્ગમાં રાગવડે કર્મમાં પ્રવૃત્તિ થવાથી તે સર્ગ સાધક રૂપ થશે એવી પ્રજાપતિની ખાત્રી થઈ. દેવલોકમાં પૂર્વકર્મનાં સુખોને ભોગવી રહીને જે અર્વાચીન નામના આ મનુષ્ય લોકમાં આવીને રહેવું પડે છે તેમને ઉદ્દેશીને મનુષ્ય લોકને અર્વાક સ્રોત કહ્યો છે. એ સર્ગ પુત્ર પૌત્રાદિ પ્રવાહરૂપે ચાલ્યો જાય છે. ગૌ શબ્દનો ધાતુથી વિચાર કરતાં ગતિ કરનાર એટલોજ અર્થ નીકળે છે. છતાં રૂઢીથી એ શબ્દ વડે માત્ર પશુ સમજાય છે. તેજ પ્રમાણે અર્વાક સ્રોત શબ્દનો અર્થ રૂઢીથી મનુષ્ય થાય છે. આ પ્રમાણે સાધક વર્ગ પ્રાપ્ત થયો, એટલે હવે અસંતોષ રહ્યો નહિ. વળી શ્રી મહાદેવની આજ્ઞાથી પરમેષ્ટિરૂપ બ્રહ્માએ ભૂત, પ્રેત, પિશાચ આદિનો સર્ગ કર્યો. એ પ્રમાણે વૃક્ષાદિને મુખ્ય સર્ગ રૂપે બ્રહ્માનો પહેલો સર્ગ ગણીએ તો પશ્વાદિતિર્યક [illegible]ત બીજો સર્ગ, ઉર્ધ્વ સ્રોત નામનો દેવ સર્ગ ત્રીજો, મનુષ્ય નામનો અર્વાક શ્રોત ચોથો, અને ભૂતાદિ પાંચમો સર્ગ થાય છે. એ પાંચને વૈકૃત સર્ગો કહ્યા છે. અને તે પાંચે બુદ્ધિપૂર્વક થએલા છે, અને તામસ સર્ગ અબુદ્ધિપૂર્વક છે. આજ પ્રમાણે અબુદ્ધિપૂર્વક થએલો હોવાથી પ્રાકૃત સર્ગોમાં પણ તે તામસ સર્ગની ગણના કરી નથી. મહત્ નામના સર્ગમાં ગુણનું બાહ્ય સ્વરૂપ જે સામ્યાવસ્થામાં હતું અને વિષમતા માત્ર આંતર સ્વરૂપમાંજ હતી ને વિષમતા બાહ્ય સ્વરૂપમાં પણ થતાં તે સ્થિતિને અહંકાર નામે ભિન્ન સર્ગ કહયો છે. આ આંતર તથા બાહ્યરૂપ ભેદને ન ગણીએ તો મહત તથા અહંકાર એ બંને સર્ગોમાં

ગુણોના વિભાગ થવારૂપ સામાન્ય લક્ષણ છે. આ પ્રમાણે તે બન્ને સર્ગને એક સર્ગરૂપ ગણીને અત્ર વર્ણન કર્યુ છે. એટલે પ્રથમ બ્રહ્મામાંથી મહત્ સર્ગ થયો એમ કહ્યું છે. અને મહત્‌ની પૂર્વેના તમસ નામના અબુદ્ધિપૂર્વક થએલા સર્ગને મુકી દીધો છે. અને મહત્ પછીના અહંકાર નામના સર્ગને પણ ગણનામાંથી છોડી દિધો છે. તે પછી સૂક્ષ્મ ભૂતરૂપ જે શબ્દાદિ તન્માત્રા તેનો સર્ગ થયો. ત્રીજો સર્ગ એ ભૂતમાંથી ભૌતિક વૈકારિક નામનો ઇન્દ્રિયોનો સર્ગ થયો. એ ત્રણે પ્રાકૃત સર્ગો છે. ઇન્દ્રિયો તથા તેમના અધિષ્ઠાતા દેવતાઓ એ રીતે બંને સર્ગો વૈકારિક છે તેથી તે બંનેનો એકમાંજ સમાવેશ કરીને ઐંદ્રિયક સર્ગ એવું એકજ નામ આપ્યું છે. આ પુરાણમાં મહતને અહંકારથી પૃથક ગણ્યો છે માટે તન્માત્રામાં જે જ્ઞાનશક્તિ રૂપ સત્વાંશ છે તથા ક્રિયા શક્તિરૂપ રાજસાંશ છે તેનેજ વૈકારિક શબ્દથી સૂચવ્યો છે. એ ત્રણ પ્રાકૃત સર્ગને ગણતાં ચોથો મુખ્ય સ્થાવર પાંચમો તિર્યક સ્રોતપશુ, છઠો દેવસર્ગ, સાતમો મનુષ્યસર્ગ અને ભૂત પ્રેતાદિ આઠમો સર્ગ થાય છે.

સનકાદિક અમરતનુઓ નિત્ય કુમારાવસ્થાને પ્રાપ્ત છે. તેમના અતિશય પ્રભાવના યોગે કરીને તેને પ્રાકૃત યોગ કહ્યા છે, છતાં પ્રજા પતિએ તેને ઉત્પન્ન કરેલો હોવાથી તેનું સ્વરૂપ વૈકૃત પણ છે. એ રીતે એ ઉભયાત્મક નવમો સર્ગ છે. અન્ય પુરાણોમાં મુખ્ય સર્ગના ૭ વિભાગ કહ્યા છે. તિર્યક્યોનિ સર્ગના ૨૮ અને દેવસર્ગના ૮ કહ્યા છે. આ વિભાગોનાં નામોનો ઉપયોગ બહુ થોડો છે તેથી હું તે કહીને વિસ્તાર કરતો નથી, પણ કૌમારસર્ગના ભેદ મનન કરવા અર્થે હું કહું છું. ૧ સનક ૨ સનાતન ૩ સનંદન ૪ ઋભુ અને ૫ સનત્કુમાર એ પાંચે સાક્ષાત્ બ્રહ્માના જેવાજ મહા વૈરાગ્યવાળા માનસ પુત્રોને બ્રહ્માએ ઉત્પન્ન કર્યા. આત્મા અકર્તા છે. તેના અનુસંધાન વડે એકલા શિવના ધ્યાનમાંજ તેમનું મન દૃઢતાથી વળગી પડયું. આમ હોવાથી સૃષ્ટિની ઉત્પત્તિ કરવાની મતિ તેમણે તો કરી નહિ. હવે એ બ્રહ્માએ તો શિવની આજ્ઞાનુસાર સૃષ્ટિને કરવીજ જોઈએ તેથી શું કરવું તે સુઝયું નહિ. શ્રી અંબિકાપતિની માયા વડે બ્રહ્મા મોહવશ થઈ મુંઝાયા અને સ્તબ્ધ બની ગયા.

આ સ્થિતિમાં બ્રહ્માને જોઇને તેમના પિતારૂપ પુરૂષોત્તમ નારાયણરૂપ વિષ્ણુ ભગવાને તેમને જગાડયા. વિશ્વના કારણભૂત વિષ્ણુ વડે જાગૃતીમાં આવેલા ચતુર્મુખ બ્રહ્માએ સનાતન વિષ્ણુનું ધ્યાન ધર્યું. અને દીર્ઘ સમય

સુધી મહા ઘોર તપ કર્યું. છતાં કાંઇજિ કાર્ય સર્યું નહિ. તેથી બ્રહ્માને ક્રોધનો આવેશ થયો ને ચક્ષુમાંથી અશ્રુના બિંદુઓ પડયાં. તેથી પરમેશ્વરે બ્રહ્માને કૃપા કરીને જ્ઞાન આપ્યું. પુનઃ અંબિકાપતિના અનુગૃહવડે તેમણે પરમ ઘોર તપ કર્યું. બે ભ્રૂકુટિ અને નાસિકા એ ત્રણેનું મધ્યસ્થાન અવિમુક્ત નામવાળું ક્ષેત્ર કહેવાય છે. એ સ્થાનમાં બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર એ ત્રણેનું સામાન્ય નિવાસરૂપ ક્ષેત્ર છે, છતાં જ્યારે બ્રહ્માએ સૃષ્ટિ માટે આટલું બધું તપ કર્યું ત્યારે તે પરમેશ્વર પ્રસન્ન થઇને અનુગ્રહ કરવા અર્થે અર્ધનારીશ્વર બનીને તે સ્થાનમાં પ્રકટ થયા. તેથી તેને શૈવ ક્ષેત્રના નામથી પણ ઓળખાવ્યું છે.

શ્રી જાબાલ ઉપનિષત્‌માં કહ્યું છે કે અત્રિયે યાજ્ઞવલ્કયને પૂછ્યું કે આ અનંત અવ્યક્ત મારો આત્મા છે તેને વિશેષરૂપે ઓળખવાને માટે મારે શું કરવું? તેનો ઉત્તર તેમને મળ્યો કે આત્માને અવિમુક્તક્ષેત્રમાં ઉપાસવો. અવિમુકત ક્ષેત્રમાં આત્મા પ્રતિષ્ઠાને પામીને રહેલોછે. વરણામાં ને નાસીમાં મધ્યે તે અવિમુક્ત પ્રતિષ્ઠિતછે. સર્વ ઈન્દ્રિયોએ કરેલા દોષોને વારનાર એટલે નિવારનાર સ્થાન હોવાથી તેને વરણા કહે છે. અને તે સર્વ ઇન્દ્રિયોએ કરેલાં પાપોનો નાશ કરે છે, તેથી નાસિકા કહી છે. બંને ભ્રૂકુટિની અને નાસિકાની જે સંધિ છે તેજ સ્વર્ગલોક અને મૃત્યુલોકની સંધીનું સ્થાન કહે છે. સર્વ દેવો જેમને નમે છે એવા દયાસાગર અજન્મા, સાક્ષાત શંકર, તેજનો અંબાર, ઉમાપતિ, સર્વજ્ઞ, સર્વના કર્તા, નીલકંઠ, કાંઇક ગળી જેવા રંગના ને કાંઇકિ લાલ હોવાથી નિલ લોહિત એવા મહાદેવ તે સ્થાનમાં પ્રકટ થયા. એમનાં દર્શન થતાં પ્રજાપતિએ મહા ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. અને અત્યંત હર્ષભેર તેમની સ્તુતિ કરી. અને વિજ્ઞપ્તિ કરી કે હે મહાદેવ! આ વિવિધ પ્રજાની પરંપરા ચલાવી આપો. તે સાંભળીને મહાદેવે પોતાના જેવાજ રૂદ્રોને બનાવ્યા. ફરીથી મહાદેવને બ્રહ્માએ કહ્યું કે જન્મ મૃત્યુનો ભય જેને છે અને તે ભયને લીધે જે પ્રવૃત્તિ કરી શકે છે તેવી પ્રજાને બનાવો. શ્રી મહાદેવે ઉત્તર આપ્યો કે દુઃખ સાગરમાં ડુબેલાનો ઉદ્ધાર કરવાનું કામ હું કરૂં છું, માટે તમે કહો છો તે પ્રકારની અશુભ પ્રકારની પ્રજાને હું તો નહિ બનાવું. ગુરૂરૂપ આચાર્યની મૂર્તિમાં હું તો નિવાસ કરૂં છું, અને તે મૂર્તિ દ્વારા રૂડી રીતે વેદાંત વાકયોની દીક્ષા આપું છું. અને તેમને તે રીતે જ્ઞાન આપીને પરમ તત્ત્વ સાથે તેમનો યોગ હું કરી આપું છું. માટે દુઃખ જેમાં પહેલુ છે એ પ્રકારની તમે કહો છો તેવી સૃષ્ટિને તો તમેજ કરી લેજો,

એ પ્રમાણે દક્ષના મુખ કહીને નીલલોહિત શંભુ ભગવાન અંતર્ધાન થયા. અત્યંત કલ્પ માત્ર આયુષ્યવાળા રૂદ્રોને બાજુ ઉપર મુકયા; અને પ્રજાની સૃષ્ટિને પ્રવર્તાવવાનો આરંભ કર્યો. પરમેશ્વરે તે કાર્યને માટે પૂર્વથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પ્રમાણે તન્માત્રારૂપ પાંચ સૂક્ષ્મ ભૂતોને બનાવી તૈયાર રાખ્યાં હતાં. તે દરેકના બબ્બે વિભાગ કર્યા. તે બબ્બે વિભાગમાંથી દરેકનો એકેક વિભાગ લઇને તે દરેક અર્ધ વિભાગના ચાર ચાર ભાગ કર્યા એટલે ચાર ⅛ જેવડા ભાગ કર્યા. તે પછી દરેક બાકી રહેલા આખા અર્ધ અંશમાં બીજાં ચારે તત્વોનાં એકેક અષ્ટમાંશોને ભેગા કર્યા. તેથી દરેકમાં પોતાનો અરધો અંશ હોવાથી પોતાની વિશેષતા અને બાકીના ચારે તત્વોના અષ્ટમાંશ હોવાથી તે બીજાં ગૌણ એવું મિશ્રણ થયું. અને તે મિશ્રણમાં જે તત્વનો ½ જેટલો મોટો ભાગ થયો તે નામવાળું પંચીકૃત મિશ્ર સ્થૂલ ભૂત નામે કહેવાયું. એ રીતે સ્થૂલ ભૂતો ઉત્પન્ન થયાં. પછી પર્વતો સમુદ્રો, વૃક્ષાદિ બનાવ્યા, તે પછી અન્ય સાધકોને બનાવ્યા. પોતાના નેત્રમાંથી મરીચિને, હૃદયમાંથી ભૃગુને, માથામાંથી અંગિરસને, ઉદાનમાંથી પુલસ્ત્યને, વ્યાનમાંથી પુલકસને, અપાનમાંથી ક્રતુને, પ્રાણમાંથી દધીચીને, શ્રોત્રમાંથી અત્રિને, સમાનમાંથી વસિષ્ટને, અને સંકલ્પમાંથી ધર્મને એ પ્રમાણે ઉત્તમ સાધકોને બનાવ્યા. એ નવ સાધકોએ સંકલ્પ નામવાળા ધર્મને પ્રવર્તાવ્યો. તેણે માનવરૂપને ધારણ કર્યું. શ્રી બ્રહ્માજીએ તે પછી પોતાની જાંઘોમાંથી દૈત્યોને બનાવ્યા. તે પછી તે શરીરને બ્રહ્માએ છોડયું. એટલે તેમના શરીરે રાત્રિરૂપને ધારણ કર્યું. દૈત્યોને બનાવીને તેમને માટીના પાત્રમાં અન્ન આપ્યું. રાત્રિને અંતે બ્રહ્માને જે દેહ મળ્યો તેના મુખમાંથી સત્વ ઉભરાતું હતું તેમાંથી દેવોને બનાવ્યા. તેવો ઉર્ધ્વ સ્રોત હતા. તેમને લીલા વાસણમાં સોમરસ આપ્યો. પછી તે તનુને છોડીને નિવૃત્ત થયા. તે શરીર વળી મનુષ્યોના શુભ દિવસ રૂપ બન્યું. તે પછી વળી સત્વમય દેહને ધારણ કરીને તેમણે પિતૃ દેવોને બનાવ્યા ને પછી તે શરીરને પણ છોડયું. પાછું અન્ય શરીર ધારણ કરીને પ્રકટ થયા. ને તેને પણ છોડયું. એટલે સંધ્યા થઇ. તે ક્રતુ નામના પિતૃ દેવોને ચાંદીના પાત્રમાં ઘી આપ્યું. તે પછી રજસવડે વિંટાયલા દેહને ધારણ કર્યો, અને તેમાંથી મનુષ્યોને બનાવ્યા. તેમને લાકડાના પાત્રોમાં દુધ પોષણને માટે આપ્યું. પછી તે શરીરને છોડયું. તે પછી ચંદ્રની જ્યોત્સ્નામય અન્ય દેહને ધારણ કર્યો. તે રજોગુણમય હતો. તે વડે ક્ષુધાતૃષાથી પરવશ થયેલા રાક્ષસો, પતંગો, ભૂત થતા ગંધર્વને બનાવ્યા. તેઓ અત્યંત શારીરિક બળ-

વાળા થયા. એ પ્રકારે એક પછી એક સૃષ્ટિને અનુરૂપ દેહોનો સ્વિકાર કરતા પક્ષિઓ, ગધેડાં, ઘોડા, હાથી, રાસભ, મૃગ વિગેરેને બનાવ્યા. અને એક પછી એક દેહનો ત્યાગ કરતા ગયા. તેજ પ્રમાણે ઉદ્ગાતારૂપ કર્મ, ઋચા રૂપ યજ્ઞ, ત્રિવત્ રૂપ યજ્ઞના અંગો સોમ તથા રથંતર તથા અંગો સહિત અગ્નિષ્ટોમાદિ સર્વ યજ્ઞોને બનાવ્યા તથા સર્વ ઋષિના બધાં નામો બનાવ્યાં. તથા વિવિધ કર્મોને બનાવ્યાં. આ સૃષ્ટિ વેદોના શબ્દોમાંથી બનાવી. શબ્દ અને અર્થ રૂપ પ્રપંચ સમૂહ છે. જ્ઞાનિયો કહે છે કે બ્રહ્માએ જે પંચીકૃત ભૂતો બનાવ્યાં તેજ તે સમૂહના કારણરૂપ છે. પ્રજાપતિને સ્વભાવ થીજ નિરતિશય જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય તથા ધર્મ સિદ્ધ છે. છતાં ભાવિ-સૃષ્ટિનાં પ્રાણિયોનાં કર્મોવડે પરમેશ્વરની પ્રવર્તેલી આજ્ઞાને પાલન કરવા અર્થે માયામયી સ્વપ્ન જેવી સૃષ્ટિને બ્રહ્માએ રચી દીધી. એ પ્રમાણે આજ્ઞાનું પાલન પૂર્ણ થયું એટલે હર્ષપૂર્વક શ્રી મહેશ્વરના અનુગ્રહવડે પોતાની તત્વ નિષ્ઠારૂપ જે સ્વાભાવિક પ્રતિષ્ઠા હતી તેને ધારણ કરી. આ તત્વ નિષ્ઠા લૌકિક દૃષ્ટિનો વિષય થઇ શકિત નથી તેથી લૌકિક અપેક્ષાથી તેને તમોરૂપ કહી છે. શ્રી ભગવત્ ગીતામાં કહ્યું છે કે સર્વ ભૂતોની અપેક્ષાથી જે રાત્રિ છે એટલે અંધારા રૂપ તમોમય તત્વ નિષ્ઠા નામનો વિષય છે તેમાં યોગિઓ જાગૃત થએલા છે એટલે એ પ્રતિ તેઓ પ્રવૃત્ત થએલા છે. જગતના વિષયો પ્રતિ જેમની નિષ્ઠા બંધાઈ ગઇ છે એટલે તે વિષયમાં જે સામાન્ય જીવો જાગૃતિરૂપની પ્રવૃત્તિમાં મચી રહ્યા છે તે જ્ઞાનિ મુનિ-ઓની રાત્રિ છે, એટલે તેમાં મુનિઓ અંધારૂં અથવા અજ્ઞાન જુએ છે.

એ રીતે શિવ મહાત્મ્ય ખંડમાં બ્રહ્માજીએ કરેલી સૃષ્ટિ નામનો દશમો અધ્યાય સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ

અધ્યાય ૧૧.

હિરણ્ય ગર્ભકૃત વિશેષ સૃષ્ટિ.

પ્રજાપતિ પોતાના સ્વરૂપમાં સ્થિત થયા પછી બાકીની સૃષ્ટિ કેવી રીતે થઇ તથા તે ઉત્પન્ન થએલી સૃષ્ટિનું પાલન કેવી રીતે થયું, અને સંસાર એની હાલની સ્થિતિએ કેવી રીતે પ્રાપ્ત થયો, એ પ્રકારના મુનિગણના પ્રશ્ન થતાં સૂત ભગવાન નિચે પ્રમાણે ઉત્તર આપે છે.

જગતના કર્તા પ્રજાપતિ જ્યારે સ્વરૂપસ્થ થાય છે ત્યારે સકલ જગત્ અવ્યક્તમાં લય પામે છે. સંસારના તો હેતુભૂત તમસ છે. તે ઉપાધિથી વીંટલાઇને એટલે તે રૂપ સ્વરૂપને ધારણ કરીને જગત્‌ને બનાવીને પછી તે જગત્‌ની અભિવૃદ્ધિ અર્થે તેમણે તે દેહનો ત્યાગ કર્યો.

અવિદ્યા, અસ્મિતા, રાગદ્વેષ અભિનિવેશનું સ્વરૂપ પૂર્વના અધ્યાયમાં આવ્યું છે. જેના મૂલરૂપે આ કલેશ પંચક છે તેને કર્માશય કહ્યો છે. તેમાંથી એક પછી એક કર્મોના ફળ ભોગરૂપે હાજર થતાં પ્રાણીઓ તેને ભોગવે છે. જે ભોગ આ લોકમાં ભોગવાય છે તે ઐહિક અને જે સ્વર્ગ લોકમાં ભોગવાય છે તે પારલૌકિક કહેવાય છે. ઐહિકને દૃષ્ટ અને પારલૌકિકને અદૃષ્ટ ભોગ પણ કહ્યો છે. કર્મો જ્યાં સુધી પોતાના મૂળ કારણ કલેશ પંચક જોડે સંયુક્ત રહીને વધ્યાં જાય છે ત્યાં સુધી તે કર્માશયમાં કર્મોનો ત્રણ પ્રકારે પરિપાક થાય છે. એટલે તે નાનાવિધ યોનિઓદ્વારા ૧. જન્મની પ્રાપ્તિ. ૧. આયુષ્યનું પ્રમાણ અને ૩. સુખ દુઃખ રૂપે ફળના ઉપભોગનો અનુભવ એવા ત્રણ રૂપે વિકાસને પામે છે. પ્રથમના પ્રકારનો પરિપાક

કર્મનું ફળ ભોગવાય તે પ્રકારનું શરીર રચે છે. બીજો પ્રકાર એ શરીરમાં ભોગવવાને માટે નિર્મિત થએલાં કર્મોનાં ફળને ભોગવી રહેવાય તેટલા સમયનું માપ આયુષ્ય નામથી નક્કી કરે છે. અને ત્રીજા પ્રકારના પરિપાકમાં તે ઉપભોગના સંસર્ગથી અનુકૂલતા નામની સુખવૃત્તિ તથા પ્રતિકૂલતા નામની દુઃખવૃત્તિનું ભાન થાય છે. આ પ્રકારે હોવાથી સૃષ્ટિરૂપ આખા તત્વના જન્મરૂપ પરિપાકના હેતુભૂત જે કર્મો હતાં તે કર્મો પ્રજાપતિએ સૃષ્ટિને ઉત્પન્ન કરી એટલે પૂર્ણ થયાં. હવે આયુષ્યના હેતુ ભૂત કર્મોનાં ફલ આપવાનું રહ્યું. એ કરવાને માટે સર્ગના અંત સુધીની પ્રભુની આજ્ઞાનુસાર જે વ્યવસ્થા કરવાની તેને અનુરૂપ સર્ગનું અનુસંધાન કર્યું. આ કરવાને માટે બ્રહ્માએ હિરણ્યગર્ભ નામવાળા રૂપને ધારણ કર્યું. અબુદ્ધિપૂર્વક જે અવ્યક્ત તામસ સર્ગ પૂર્વ અધ્યાયમાં કહ્યો છે તેના અધિષ્ઠાન રૂપે નિષ્કલ પરશિવનું અનુસંધાન જે સ્વરૂપે થાય છે તેને ઈશ્વર નામ આપેલું છે. એનેજ સગુણ બ્રહ્મપણ કહે છે. તે સર્ગમાંથી નીકળેલો બીજો સર્ગ જે પ્રાકૃત સર્ગોમાં પહેલો છે, એટલે જ્યાંથી પ્રાકૃત સર્ગો આરંભાય છે તેનું મહત્તત્વ નામ છે. એ ત્રિગુણાત્મક છે. તે સર્ગમાંથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ નામનાં સૂક્ષ્મ ભૂતોને રચ્યાં. તેને ભૂત સર્ગ કહે છે. તે પણ ગુણત્રયાત્મક છે. તેમાંથી સત્વ ગુણમય પાંચ જ્ઞાન શક્તિઓ નીકળે છે. તે વડે ક્રમે શ્રોત, ત્વચા, ચક્ષુ, જીવ્હા અને ઘ્રાણ, એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના કારણરૂપ સમષ્ટિ ભૂત ઈન્દ્રિયો થઇ. વળી તે સૂક્ષ્મ ભૂતોના રજોગુણમાંથી વાણી હસ્ત, પાદ, વાયુ તથા ઉપસ્થ નામે કર્મેન્દ્રિયોની કારણભૂત પાંચ સમષ્ટિ ભૂત કર્મેન્દ્રિયો થઈ. સમષ્ટિ જ્ઞાનેન્દ્રિયો એજ જ્ઞાનશક્તિ અને સમષ્ટિ કર્મેન્દ્રિયો એજ ક્રિયાશક્તિ છે. સમષ્ટિ (સમ=રૂડે પ્રકારે સર્વત્ર સામાન્યરૂપે+અષ્ટિ=વ્યાપી રહેવું.) રૂપે જે જે તત્વ હોય છે તે વ્યષ્ટિ (એટલે જીવ રૂપે પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન પ્રતીત થાય છે તે.)માં વ્યાપેલું હોય છે. આ પ્રકારે સમષ્ટિરૂપે સ્થૂલ ઉપાધિને ધારણ કરતાં તેમાં જેમનું અભિમાન રહે છે તે અભિમાની દેવતાને **વૈશ્વાનર** કહે છે. એજ સ્થૂલ સમષ્ટિના કાર્યરૂપ વ્યષ્ટિ સ્થુલ ભૂતના અભિમાનીને જીવ કહે છે, તેજ **વિશ્વ** નામને પણ ધારણ કરે છે. સમષ્ટિ સૂક્ષ્મ ઉપાધિને ધારણ કરતાં એજ દેવતાને **હિરણ્યગર્ભ** કહ્યા છે. એનાજ કાર્યરૂપ સૂક્ષ્મ ભૂત વ્યષ્ટિના અભિમાનીને **તૈજસ** નામ આપ્યું છે. સમષ્ટિ કારણ ઉપાધિને આશ્રય આપવાથી એ તત્વ **ઈશ્વર** નામે ઓળખાયું છે. વ્યષ્ટિ કારણરૂપ ઉપાધિથી બંધાયલા એ તત્વને **પ્રાજ્ઞ** કહ્યો છે.

ઉત્તર તાપનીય ઉપનિષદમાં કહેલું છે કે વિશ્વ અને વૈશ્વાનર એ

પ્રથમ પાદ છે. તૈજસ અને હિરણ્યગર્ભ એ બીજો પાદ છે. અને પ્રાજ્ઞ અને ઇશ્વર એ ત્રીજો પાદ છે.

સમષ્ટિ સૂક્ષ્મ ભૂત પંચકમાં જ્ઞાનશક્તિઓ બધીનું એકત્ર મીશ્રણ થતાં તેમાંથી મનબુદ્ધિ નામનું સમષ્ટિ અંતઃકરણ થયું. આ મનરૂપી જ્ઞાનશક્તિઓ અન્ન વડે વૃદ્ધિને પામે છે, તથા ઘટે છે. તેમજ તેમાં અન્ન તત્વની અધિકતા છે. આ કારણને લીધે છાન્દોગ્યોપનિષદ્‌માં કહ્યું છે કે ૧૫ દિવસ અન્નને ગૃહણ ન કરવાથી એક સાધકે પોતે જેનું અધ્યયન કર્યું હતું તે પાઠનું તેને વિસ્મરણ થઈ ગયું હતું. અને પુનઃ જ્યારે અન્નનું ભોજન કર્યું ત્યારેજ તેને સ્મરણશક્તિ પુનઃ જાગૃત થઈ. એ વિગેરે કહીને મન અન્નમય છે એ પ્રમાણે સિદ્ધ કર્યું છે.

એ પ્રકારના સમષ્ટિ જ્ઞાન શક્તિરૂપ મન નામનો જે ઉપાધિ છે તે ઉપાધિને શ્રી બ્રહ્માએ ધારણ કર્યો અને હિરણ્ય ગર્ભ કહેવાયા. ઇશકોટી બ્રહ્મા, વિષ્ણુને મહેશ્વર નામે ત્રિમૂર્તિ છે તેમાં જેમને બ્રહ્મા કહ્યા છે તે આ હિરણ્ય ગર્ભ સ્વરૂપને કહ્યા છે. એજ પ્રમાણે સમષ્ટિ સ્વરૂપે સૂક્ષ્મ ભૂત પંચકમાંજ રહેલી ક્રિયા શક્તિઓ છે તેમના એકત્ર સંમિલનથી સમષ્ટિ ભૂતપ્રાણ બન્યો છે, અને એ પ્રાણ પ્રત્યેક સૂક્ષ્મ ભૂતના વિશેષ અંશને લઇને પાંચ વૃત્તિઓને ધારણ કરે છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પ્રકારની તે વૃત્તિઓ છે. પ્રાણ જલમય છે. તૃષાનું કારણ પ્રાણ છે. આ પ્રકારના સમષ્ટિ રૂપ પ્રાણને પરમાત્માએ ઉપાધિ રૂપે ધારણ કરીને પોતે સૂત્રાત્મા નામથી ગવાયા છે. ત્રિમૂર્તિમાં આ સ્વરૂપને વિષ્ણુ કહ્યા છે. પંચ ભૂતરૂપ જ્ઞાનશક્તિ તથા ક્રિયા શક્તિ બન્ને છે. એ રૂપે ભેદપૂર્વકનો એ પ્રકારનો સમસ્તિ ઉપાધિ કહ્યો. પરંતુ એ બંને શક્તિઓનો વિભાગ જે સ્વરૂપમાં પડયો નથી, એટલે જે સ્વરૂપમાં મન તથા પ્રાણની અભેદરૂપે એકતા થઈ રહી છે, તે પ્રકારના સમષ્ટિ ઉપાધિ વડે તે તત્વને અંતર્યામિ કહ્યા છે. આ સ્વરૂપને ત્રિમૂર્તિમાં મહેશ્વર કહે છે. આ પ્રમાણે સૂક્ષ્મ ઉપાધિની વ્યવસ્થા થઇ છે. હવે તે કારણ ઉપાધિમાં જ્ઞાન શક્તિ તથા ક્રિયા શક્તિના ભેદ પડયા નથી હોતા તેથી તે ઉપાધિવાળા ઇશ્વરને પણ શાસ્ત્રમાં કોઈ કોઈ સ્થાને અંતર્યામિ કહેલા છે.

બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે કે એ તત્વ પૃથ્વિમાં વ્યાપી રહ્યું છે. પોતાની અંદર છતાં પણ પૃથ્વિએ તેને ઓળખ્યું નથી. પૃથ્વિજ તેનું શારીર છે, આંતર ભાગમાં રહ્યું રહ્યું પૃથ્વિનું નિયમન એજ

તત્વ કરે છે. તે તત્વનેજ, આત્મા, અમૃત, અંતર્યામિ નામથી જાણવું. વળી વાયુ તત્વને સૂત્ર નામથી કહ્યું છે. અને તેના ઉપાધિરૂપે સંબંધ થતાં સૂત્રાત્મા નામનું નિરૂપણ કર્યું છે. પૂર્વે હિરણ્યગર્ભ હતા એમ કહીને તે સ્વરૂપનું પણ નિરૂપણ કર્યું છે. બ્રહ્માને બ્રહ્માન્ડના અભિમાની વિરાટ રૂપે પણ કહ્યા છે. પછી કહ્યું છે કે એ બ્રહ્માએ પોતાની માયા વડેજ પોતાના બે વિભાગ કર્યા. એક અર્ધ વડે પુરૂષ સ્વરૂપને ધારણ કર્યું, અને બીજા અર્ધ વડે નારી સ્વરૂપ બન્યા. હવે તે નારીદ્વારા વિરાટને તેમણે ઉત્પન્ન કર્યા. સમષ્ટિ સ્વરૂપ સ્થૂલ પંચભૂતાત્મક જે બ્રહ્માંડ છે તેના અભિમાની દેવતા તે વિરાટ થયા. આ સ્થૂલ બ્રહ્માંડના આંતરભાગમાં સમષ્ટિલિંગ શરીર એટલે સૂક્ષ્મ શરીર રહેલું છે. તેને માટે તે નારીમાંથીજ વિરાટ સ્વરૂપને ઉત્પન્ન કરીને તેમને એ સ્વરૂપના અભિમાની દેવતારૂપે સ્થાપ્યા. વળી તેજ નારીમાંથી સમ્રાટને ઉત્પન્ન કર્યા. અને સમષ્ટિ સ્થૂલ તથા સૂક્ષ્મ બન્નેના કારણરૂપ ઉભયાત્મક જે અવ્યાકૃત તેના અભિમાની રૂપે સ્થાપ્યા. તે ત્રણે સ્વરૂપ બ્રહ્માંડ વડે ઢંકાઇ ગયાં. તેમાં વિરાટ આત્મા આ બ્રહ્માંડનું અભિમાન મુખ્ય રૂપે ધારણ કરે છે. સંસાર ટકે ત્યાં સુધી સમષ્ટિલિંગ શરીર ટકે છે. તેના અભિમાની સ્વરાટ અને બંન્નેના અભિમાની સમ્રાટ છે એમ શ્રુતિ પણ કહે છે.

આ સર્ગોમાં ૧. અવ્યક્ત ૨. મહત્ ૩. અહંકાર એ ત્રણ અને પાંચ તન્માત્રાઓ એટલે ૪. શબ્દ, ૫. સ્પર્શ, ૬. રૂપ, ૭. રસ ને ૮ ગંધ એ આઠને અષ્ટ પ્રકૃતિ કહી છે. તેથી કરીને જે સર્ગમાં તે આઠની ઉત્પત્તિ થઈ છે એ સર્ગને પ્રાકૃત સર્ગો કહ્યા છે. પંચીકૃત સ્થૂલભૂતના કાર્યરૂપ બ્રહ્માંડની અંદર ૧૬ પ્રકારના વિકારો છે તેથી તેને વૈકૃત સર્ગ કહે છે. એ પ્રકારના વિકારરૂપ બ્રહ્માંડ છે તેના અભિમાની વિરાટ ભગવાને પોતાના શરીરને પુરૂષ તથા સ્ત્રી રૂપવાળું કર્યું.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે તે પુરૂષ પોતે સ્વયંભૂ વિરાટ, નામ વડે મનુ બન્યા. અને તે તપસ્વિનિ, યોગિની સ્ત્રી, શતરૂપા નામવાળી બની. વળી શ્રુતિ ભગવતી પણ એજ પ્રમાણે કહે છે. આ પ્રમાણે બનેલાં મનુ તથા શતરૂપા નામ ધારી પુરૂષ તથા સ્ત્રી પ્રથમ થયાં, તેમણે પતિ પત્નીના ધર્મોને સ્વિકાર્યા. એ પ્રમાણે પરમ શિવની આજ્ઞાનું પાલન કરવા અર્થેજ તેમણે કર્યું છે. અજ્ઞાનિ જીવની માફક મોહવશ થઇને કર્યું નથી. એટલો ભેદ છે. સ્વયંભૂ વિરાટનું બાલક સ્વયંભુવ મનુ થયા. તેમને પ્રિયવ્રત્ત તથા ઉત્તાનપાદ નામના બે પુત્રો તથા બે કન્યાઓ થઇ. ઉત્તાન

પાદથી નાની જે કન્યા હતી અને જેનું નામ પ્રસૂતિ હતું તેનું દાન દક્ષ પ્રજાપતિને કર્યું. બીજી આકૂતિ નામની કન્યાને રૂચિ નામના માનસ પ્રજાપતિને આપી અને માનસને યજ્ઞ તથા દક્ષિણા નામની પ્રજા થઇ. યજ્ઞને ૧૨ પુત્રો થયા. દક્ષને ૪ પુત્રો અને ૨૪ પુત્રીઓ થઈ. દક્ષની કન્યાઓનાં નામ નીચે પ્રમાણે કહ્યાં છે. ૧ શ્રદ્ધા, ૨ લક્ષ્મી, ૩ ધૃતિ, ૪ તુષ્ટિ, ૫ પુષ્ટિ, ૬ મેધા, ૭ ક્રીયા, ૮ બુદ્ધિ, ૯ લજ્જા, ૧૦ વપુ, ૧૧ શાન્તિ, ૧૨ સિદ્ધિ, અને ૧૩ કીર્તિ, એ પ્રકારની ૧૩ કન્યાઓને તો દક્ષિણાના પુત્ર ધર્મની સાથે પરણાવી, બાકીની ૧૪ ખ્યાતિ, ૧૫ સત્પથસંભૂતિ, ૧૬ સ્મૃતિ, ૧૭ પ્રીતિ, ૧૮ ક્ષમા, ૧૯ સંતતિ, ૨૦ અનસૂયા, ૨૧ ઉર્જા ૨૨ સ્વાહા, ૨૩ સ્વધા અને ૨૪ સતી એ નામવાળી કહી, દક્ષ શિવાયના બીજા આઠ પ્રજાપતિઓ છે તેમાંથી દરેકને એકેકી આપી, વળી એક ભવને આપી, બીજી પિતૃઓને આપી અને એક વહ્નિને આપી. તે પુરૂષોનાં નામ આ પ્રમાણે ગણાવ્યાં છે. ૧ ભૃગુ, ૨ મરીચિ, ૩ અંગીરા, ૪ પુલસ્ત્ય, ૫ પુલહ, ૬ ક્રતુ, ૭ ઋષિવર, ૮ અત્રિ, ૯ વશિષ્ટ, ૧૦ વહ્નિ અને ૧૧ પિતૃ એ પ્રકારે નામ આપ્યાં છે. એ પ્રમાણે પ્રાણિઓના કર્માનુંસાર બહુ પ્રજા શ્રી અંબિકાપતિની આજ્ઞા વડે થઈ.

કુંકુમ અને કસ્તુરીની ઉત્પત્તિ કાશ્મિરમાં થાય છે અને અન્ય સ્થળે થતી નથી. તેથી સમજાય છે કે દેશની અપેક્ષા અમુક વસ્તુની ઉત્પત્તિમાં રહેલી છે. વળી આપણો અનુભવ છે કે દિવસનું દર્શન જ્યાં સુધિ થાય છે ત્યાં સુધી કમલ વિકાસી રહે છે અને દિવસનું અદર્શન થતાં તે બીડાઈ જાય છે, તો ઉત્પલ રાત્રીના દર્શન વડેજ ખીલે છે અને રાત્રીનું અદર્શન થાય છે ત્યારે બંધ થઈ જાય છે. તો તે અમુક પરિણામને આવવાને માટે કાલની અપેક્ષા રહે છે, એવું સૂચવે છે. એજ પ્રમાણે સુખરૂપ અનુભવનું દર્શન પુણ્યની અપેક્ષા રાખે છે અને દુઃખરૂપ અનુભવ પાપની અપેક્ષા રાખે છે તેથી સિદ્ધ થાય છે કે હરેક કાર્યને માટે અદૃષ્ટની અપેક્ષા પણ રહેલી છે. વળી આ સર્વ ઇશ્વરેચ્છાની અપેક્ષાને રાખે છે તે પણ એટલેજ અંશે સિદ્ધ છે. આ પ્રકારનો આપણો લૌકિક અનુભવ થાય છે. એ અનુભવને શ્રુતિ ભગવતી પોતાના મતરૂપે દર્શાવે છે. આ પ્રમાણેના સુતર્કથી સમજાય છે કે આ જગત્ કોઈની અપેક્ષા વિના પોતાની મેળેજ પોતાના સ્વભાવના પરિણામ રૂપે ઉત્પન્ન થયું નથી.

વાજસનેય ઉપનિષદ્‌માં કહ્યું છે કે પુણ્ય કર્મના ઉપાધિથી પુણ્યવાન, અને પાપકર્મના ઉપાધિથી પાપી બને છે. અને તે કર્મ સુખ કે દુઃખ નામના ફળને આપે છે. ઈશ્વર નામના તત્વની તેમાં કોઈ પણ પ્રકારની અપેક્ષા નથી. તે કર્મવડે સરજાયું છે. આ પ્રમાણે (ન+અસ્તિ) ઈશ્વર છે નહિ એ પ્રકારના મતવાળાઓ નાસ્તિકો માને છે, પરંતુ એ માનવું એમનું ભૂલભરેલું છે. પુણ્ય તથા પાપ પોતાના સ્વભાવને અધિષ્ઠાનવિના ધારણ કરી શકતાં નથી. એ અધિષ્ઠાનનું નામ ઈશ્વર છે. પુણ્યનું કાર્ય સુખ અને પાપનું કાર્ય દુઃખ એ પ્રકારનાં પરિણામો પણ અધિષ્ઠાન વિના સંભવતાં નથી. જે અધિષ્ઠાન વડે સુખનું સુખપણું અને દુઃખનું દુઃખપણું છે તેનુંજ નામ ઈશ્વર છે. આમ હોવાથી તે શ્રુતિ કહે છે કે સાધુ કર્મોને કરાવીને યમલોકમાંથી ઉર્ધ્વ લોકની પ્રાપ્તિ કરાવે છે, અને અસાધુ કર્મોને કરાવીને અધો લોકમાં લઈ જાય છે. એજ જે કર્મફલને આપનારા છે તે ઈશ્વર છે. વળી સ્મૃતિમાં પણ કહ્યું છે કે મારા સ્વરૂપમાંથી સર્વ ઉત્પન્ન થાય છે અને સર્વ મારે વિષે રહે છે. નાસ્તિકોનો મત જે સમસ્ત જગત્‌ના કારણરૂપે કેવલ કર્મનેજ માને છે, અને ઈશ્વર નથી એમ કહે છે, તે મત શ્રુતિ તથા સ્મૃતિ બન્નેથી વિરૂદ્ધ છે. અને તેથી માનવા યોગ્ય નથી.

પૂર્વે હિમાલય પર્વતની નિકટમાં ઘણા મુનિઓ એકત્ર મળ્યા હતા. તેમાં સત્યવતીના પુત્ર મુનિ, સુમંતુ, જૈમિનિ, વૈશમ્પાયન, પૈલ, કપિલ પતંજલિ, અક્ષપાદ, કણાદ, અંગિરા, મુકુન્દ મોચક મહાકાલ, મહાપતિ, કાલરૂપ, કલામાલિ, કામરૂપ, કપિધ્વજ, વેદજ્ઞ, વૈદિક, વિદ્વાન, વિજ્ઞેષિ, વેણુવાહન, બાલ્વલ, બકુલ, વહ્નિ, વજ્રદંડ, પરંતપ, પાપનાશ, પવિત્ર તથા અન્ય ઘણા મહર્ષિઓ ભેગા થયા હતા. તેઓ પરસ્પરમાં જગતની ઉત્પત્તિ વિષે વિચાર કરવા મંડયા. પરંતુ તેમાં સંશય થવાથી તેમણે શ્રદ્ધા પૂર્વક બહુ તપશ્ચર્યા કરી. તેથી પરમેશ્વર કરૂણાસાગર રૂદ્ર ભગવાન પ્રસન્ન થઇને પ્રકટ થયા. શ્રીમહાદેવનાં દર્શન થતાં મુનિઓની ઇન્દ્રિયો તથા બુદ્ધિ પ્રસન્નતામાં ગર્ક થઈ ગયાં. ત્રિલોચન ભગવાનને તેમણે દંડવત્ પ્રણામ કર્યાં. અને પ્રશ્ન કર્યો. તેથી દેવના દેવ, સર્વજ્ઞ, કરૂણાનિધિ, કપર્દિ, નીલકંઠ, કાલના કાલ, મહેશ્વર, સોમાર્ધશેખર, સોમ, ચંદ્ર સૂર્ય તથા અગ્નિ રૂપ ત્રિલોચનવાળા શ્રી મહાદેવે સંશય માત્રને છેદી નાખે એવાં મધુર વાકયો કહ્યાં તે આ પ્રમાણે છે.

જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા નાશ, એમાંનું કાંઇજ કેવળ સ્વભાવથીજ બન્યું નથી કેવળ મારા વડેજ બન્યું નથી તેમજ કેવળ કર્મવડે પણ બન્યું નથી. તેમ પ્રાણીના કર્મનો પરિપાક થાય છે તે હેતુથી મ્હારી સત્તાદ્વારા આ જગત્ બને છે, સ્થિતિમાં વહે છે, અને અંતે વિનાશને પામે છે. મારીજ સત્તાવડે આ પ્રમાણે જે કર્મને અનુરૂપ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લયનું થવું તેનુંજ નામ સ્વભાવ એવું પડયું છે.

શ્રુતિ ભગવતી વળી કહે છે કે કાલ, સ્વભાવ, નિયતિ યદૃચ્છા, ભૂત, યોનિ અને પુરૂષ એ સર્વનો સંયોગ સુખ દુઃખનો હેતુ છે. સુખ દુઃખનો હેતુ આત્મા નથી. કારણકે તેનો તો કેવળ આત્મભાવજ છે. એ પ્રકારે અનુગ્રહ વાક્ય વદીને શ્રી મહાદેવ અંતર્ધાન થયા, અને તે મુનિઓનો સંશય દૂર થતાં પરસ્પરમાં સંતુષ્ટ થયા. માટે સારાંશ એ નીકળે છે કે પ્રાણિઓના કર્મોને અનુસાર જગતને શ્રી મહાદેવ બનાવે છે તથા નાશ કરે છે. આ પ્રમાણે શ્રી સૂત ભગવાનથી વૃત્તાંતનું શ્રવણ કરીને મુનિઓ પ્રસન્ન થયા અને તેમણે સૂત ભગવાનનું પૂજન કર્યું.

એ રીતે શિવ માહાત્મ્ય ખંડમાં હિરણ્ય ગર્ભકૃત વિશેષ સૃષ્ટિ નામનો ૧૧ મો અધ્યાય સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ.

અધ્યાય ૧૨.

જાતિ નિર્ણય.

કર્મની વ્યવસ્થા રૂડી રીતે કરવાને માટે પરમેશ્વરે જાતિભેદને રચ્યો છે. કયાં કર્મોને ધર્મરૂપ ગણવાં અને કયાં કર્મોને અધર્મ રૂપ ગણવાં તેનો નિર્ણય અલ્પજ્ઞાનવાળા જીવ પોતાની બુદ્ધિ મર્યાદાવાળી હોવાથી યથાર્થ કરી શકે એમ નથી. તેથી એમના ઉપર અનુગ્રહ કરીને તે પ્રકારનો નિર્ણય કરી આપનાર પ્રમાણ રૂપ એકલા વેદજ છે. અને સ્મૃતિ તથા પુરાણોને ધર્મ તથા અધર્મનો નિર્ણય કરનાર રૂપે જે ગણ્યાં છે તે તો માત્ર તે બન્ને વેદમૂલક છે અને તેથી વેદમાં જે કહ્યું છે તેજ તેઓ પણ કહે છે એટલા માટે એ હેતુથી છે. અમુક પ્રમાણે આચાર કરો એવા અર્થવાળું જેનું લક્ષણ છે, તેને ધર્મ કહે છે. તે પ્રકારના ધર્મ જાતિ પરત્વે ભિન્ન ભિન્ન છે. માટે કયા ધર્મોને આચરવા તેનો નિર્ણય કરવા માટે જે જાતિનો નિર્ણય વેદે કહ્યો હોય તે અમને કહી સંભળાવો. એ પ્રકારે મુનિઓ તરફથી પ્રશ્ન થતાં સૂત ભગવાન ઉત્તર આપે છે. લોકના ઉપર ઉપકાર કરવા અર્થે આપે આ પ્રશ્ન કર્યો તેથી મને બહુ આનંદ થાય છે.

પૂર્વે અગસ્ત્ય મુનિએ શ્રી મહાદેવજીને પણ આજ પ્રશ્ન કર્યો હતો. એક સમયે નૈમિત્તિક પ્રલય થયો હતો. તેથી સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો. તેમાં અત્યંત તેજસ્વિ વિષ્ણુ નારાયણ શેષ ઉપર સુતા હતા. હજારો શિર્ષવાળા તે ક્ષીર સમુદ્રમાં સુતાં સુતાં શ્રી રૂદ્ર ભગવાનનું ચિંત્વન કરતા હતા. કેટલોક સમય ગયા પછી પ્રાતઃકાલના સૂર્યના જેવા રંગવાળું અત્યંત મહાન એક કમળ તે વિષ્ણુ ભગવાનની નાભિમાંથી નીકળી આવ્યું. બ્રહ્મા ભગવાન આખા જગતના પતિ હિરણ્યગર્ભ નામની પરમ મૂર્તિને ધારણ.

કરીને તે કમલમાંથી પ્રતીત થયા. શ્રી મહાદેવની આજ્ઞા વડે પૂર્વની વાસનાવાળા તેમના મુખમાંથી બ્રાહ્મણો તથા બ્રાહ્મણીઓ થઈ. તેમના હાથમાંથી ક્ષત્રિય જાતિનાં સ્ત્રી પુરૂષો થયાં. તેમની ઝાંઘમાંથી વૈસ્ય જાતિનાં સ્ત્રિ પુરૂષો અને પાદમાંથી શૂદ્ર સ્ત્રી પુરૂષો થયાં. એકજ વર્ણનાં સ્ત્રી પુરૂષો વિવાહાદિ ક્રિયા સહિત પરણેલાં હોય અને તેઓ શાસ્ત્રની વિધિ પ્રમાણે સંગ કરીને જે પ્રજાને ઉત્પંન કરે છે તે પ્રજા તે તે જાતિની શુદ્ધ, અસંકીર્ણ કહી છે. સ્ત્રી પુરૂષો સવર્ણ જાતિનાં હોય છતાં પણ તેઓ પ્રજાને બીજી રીતે ઉત્પન્ન કરે તો પ્રજા શૂદ્રના ધર્મવાળી છે એ પ્રમાણે કહ્યું છે. સ્ત્રી પુરૂષ ભિન્ન ભિન્ન વર્ણનાં હોય છે તો તેમના સંયોગથી વર્ણનો સંકર એટલે મિશ્રણ થાય છે. તે પ્રકારની સંકર પ્રજાની માતા નીચા વર્ણની હોય અને પિતા ઉંચા વર્ણનો હોય તો તેમની પ્રજા અનુલોમ કહેવાય છે. માતા ઉત્તમ વર્ણની હોય અને પિતા નીચા વર્ણનો હોય તો તેમની પ્રજાને પ્રતિલોમ કહે છે. માતા શુદ્ધ વર્ણની હોય પિતા અનુલોમ હોય તો અંતરાલિક નામવાળી પ્રજા થાય છે. અને સ્ત્રીનો પતિ પ્રતિલોમ હોય તો તેના વડે થએલી પ્રજાને વાત્ય કહે છે. સધવા બ્રાહ્મણી બ્રાહ્મણ સાથે ચોરીથી સંયોગ કરીને કુંડ નામની પ્રજાને ઉત્પન્ન કરે છે. વિધવા બ્રાહ્મણી બ્રાહ્મણ સાથે ચોરીથી સંયોગ કરીને ગોલક નામની પ્રજાને ધારણ કરે છે. ક્ષત્રીય માતા બ્રાહ્મણ વડે સવર્ણ નામની પ્રજાને ઉત્પન્ન કરે છે. પરંતુ તે પ્રજા ચોરીથી ઉત્પન્ન કરી હોય તો તેને નક્ષત્રજીવી નામ અપાય છે. વૈસ્ય સ્ત્રી બ્રાહ્મણ પતિદ્વારા નિષાદ પ્રજાને ધારણ કરે છે. અને બ્રાહ્મણ સાથે ચોરીથી ગોગ કરીને ગર્ભને ધારણ કરે છે તો તેથી કુંભાર અથવા ઉર્ધ્વના પિત બને છે. શૂદ્ર સ્ત્રી બ્રાહ્મણ પતિદ્વારાપારશવને જન્મ આપે છે અને ચોરીથી ગર્ભ રહ્યો હોય તો નિષાદને જન્મ આપે છે. શૂદ્ર સ્ત્રી અને ક્ષત્રિય પુરૂષથી દૌષ્યંત ઉત્પન્ન થાય છે. દૌષ્યંત સ્ત્રી બ્રાહ્મણ પુરૂષદ્વારા નાપિતને ધારણ કરે છે. વૈસ્ય સ્ત્રી શૂદ્ર પુરૂષદ્વારા આયોગવ પ્રજાને જન્મ આપે છે. તેવી આયોગવ સ્ત્રી બ્રાહ્મણનો સંગ કરે તો પિંગલ નામની પ્રજા થાય છે. બ્રાહ્મણ સ્ત્રી ક્ષત્રિય પુરૂષ સાથે રહીને જે પ્રજાને ઉત્પન્ન કરે છે તેને સૂત કહે છે. બ્રાહ્મણી સ્ત્રી ક્ષત્રિય સાથે ચોરીથી સંયોગ કરતાં જે પ્રજાને ઉત્પંન કરે છે તેને રથકાર કહે છે. ક્ષત્રિય સ્ત્રી ચોરીથી વૈસ્ય પુરૂષ વડે પ્રજાને ઉત્પંન કરે છે તે પ્રજા ભોજ શબ્દથી વ્યવહરાય છે. વૈસ્ય સ્ત્રી ક્ષત્રિય પુરૂષ સાથે સંબંધ કરીને માહિષ્ય અથવા અંબિષ્ઠ પ્રજાને ઉત્પંન

કરે છે. આ પ્રજા ચોરીથી થએલી હોય છે તો અવિર કહેવાય છે. શૂદ્ર સ્ત્રી અને ક્ષત્રિય પુરૂષ વડે દૈષ્યંત પ્રજા ઉત્પન્ન થાય છે. એ પ્રજા ચોરીથી થઈ હોય તો સૂતિકટ કહેવાય છે. બ્રાહ્મણુ સ્ત્રી વણિક પુરૂષ સાથે યોજાતાં ક્ષત્તા નામની પ્રજા ઉત્પંન થાય છે. એ પ્રજા વૈશ્યદ્વારા બ્રાહ્મણીએ ચોરીથી ધારણુ કરી હોય તો તેને મ્લેચ્છ કહી છે. ક્ષત્રિય સ્ત્રી વૈશ્ય પુરૂષ વડે જે પ્રજાને ઉત્પન્ન કરે તેને શાલિક અથવા માગધ કહે છે. એ પ્રજા ચોરીથી ઉત્પન્ન થઈ હોય તો પુલિંદ કહેવાય છે. વણિક સ્ત્રી વણિક પુરૂષ સાથે ચોરીથી સંગ કરતાં મણિકાર નામની પ્રજાને ઉત્પન્ન કરે છે. શૂદ્ર સ્ત્રી વૈશ્ય પુરૂષ સાથે સંબંધ કરતાં ઉગ્ર નામની પ્રજાને ધારણુ કરે છે. તે પ્રજા ચોરીથી થઈ હોય તો કટકાર જાતિની કહેવાય છે. બ્રાહ્મણુની સ્ત્રી શૂદ્ર પુરૂષ સાથે સંગ કરતાં જે પ્રજાને ઉત્પન્ન કરે છે તેને ચંડાળ જાતિ કહિ છે. આ પ્રજા ચોરીથી ઉત્પન્ન કરી હોય તો તેને બાહ્ય દાસ કહે છે. ક્ષત્રિય સ્ત્રી શૂદ્ર પુરૂષ વડે વૈદેહ અથવા પુલ્કસ નામવાળી પ્રજાને ઉત્પન્ન કરે છે. ને ચોરીથી વેલવ પ્રજા ઉત્પન્ન થાય છે. વૈશ્ય સ્ત્રી શૂદ્ર પુરૂષદ્વારા પત્તન શાલિકને અને ચોરીથી હોય તો ચક્રીને ઉત્પન્ન કરે છે. શૂદ્ર સ્ત્રી શૂદ્ર પુરૂષ સાથે ચોરીથી સંયોગ કરતાં માણવિક પ્રજા બનાવે છે. અંબિષ્ઠ સ્ત્રી સવર્ણ પુરૂષ સાથે સંબંધ કરે છે તો આગ્નેય નર્તક પ્રજા થાય છે. કરણુ સ્ત્રી સાથે માહિષ્ય પુરૂષનો સંબંધ થતાં તથા તક્ષા સ્ત્રી સાથે રથકાર પુરૂષનો સંબંધ થતાં શિલ્પિ, વર્ધકી, લોહકાર તથા કર્માર જાતીઓ બને છે. બ્રાહ્મણુ સ્ત્રી અને ઉગ્ર પુરૂષ હોય તો તક્ષવૃત્તિ જાતિ થાય છે. વૈશ્ય સ્ત્રી ને ઉગ્ર પુરૂષ હોય તો સમુદ્ર જાતિ થાય છે. બ્રાહ્મણી નિષાદ સાથે યોજાતાં નાપિત જન્મે છે. ક્ષત્રિય સ્ત્રીને અધોનાપિત નિષાદ પુરૂષના સંબંધથી થાય છે. બ્રાહ્મણુની સ્ત્રી નાપિત પુરૂષ દ્વારા વેણુકને અનેક્ષત્રિય સ્ત્રી તેના દ્વારા કર્મકારને ઉત્પન્ન કરે છે. બ્રાહ્મણી દૈષ્યંત દ્વારા ભાગલબ્ધને ઉત્પન્ન કરે છે. વૈશ્ય સ્ત્રી તથા નિષાદ પુરૂષ દ્વારા સુનિષાદ થયા છે. બ્રાહ્મણુ સ્ત્રી અને વૈદેહ પુરૂષ દ્વારા રજક ઉત્પન્ન થયા છે. બ્રાહ્મણુ સ્ત્રી ચંડાલ સાથે સંગ કરતાં શ્વપચને ઉત્પન્ન કરે છે અને શ્વપચદ્વારા ગુહકને ઉત્પન્ન કરે છે. વૈશ્ય સ્ત્રીને ચંડાલ પુરૂષની પ્રજાદંતકવેલક છે. શૂદ્ર સ્ત્રી અને ચંડાલની પ્રજા આશ્રમક છે. પ્રતિલોમ નિષાદ પુરૂષ અને શૂદ્ર સ્ત્રીની પ્રજાને ભૈરવ કહે છે. શૂદ્ર સ્ત્રી અને માગધ પુરૂષ વડે કુકુદ થાય છે. માગધ પુરૂષ ક્ષત્રિય સ્ત્રીથી ખનકને ઉત્પન્ન કરે છે. ક્ષત્રિય સ્ત્રી ખનક પુરૂષ દ્વારા ઉદ્બંધ ને ઉત્પન્ન કરે છે. અયોગવ પુરૂષ અને બ્રાહ્મણુ સ્ત્રીથી ચર્મકાર

થયા છે. બ્રાહ્મણુ સ્ત્રી બ્રાહ્મણુ વ્રાત્ય વડે બંદિકને, ક્ષત્રિય સ્ત્રી ક્ષત્રિય વ્રાત્ય વડે બલ્લ, મત્ત તથા મલ્લકને ઉત્પન્ન કરે છે. તે સ્ત્રી મલ્લક વડે પ્રિચ્છલ ને, ને પ્રિચ્છલ વડે નટને, નટવડે કરણુને, કરણુ વડે કર્મને અને કર્મવડે દ્રમિલને ઉત્પન્ન કરે છે. વૈશ્ય સ્ત્રી વૈશ્યવ્રાત્યવડે સુધન્વાને, સુધન્વાવડે અવાર્યને, તે વડે ભારૂપને, ભારૂષ વડે દ્વિજન્માને દ્વિજન્મા વડે મૈત્રને, મૈત્રવડે સાત્વત મૈત્ર ને તે વડે વૈદિહકને ઉત્પન્ન કરે છે. આ વૈદેહક માતંગ નામથી પણુ ઓળખાય છે. તેજ જાતિની સ્ત્રી માતંગ પુરૂષ દ્વારા સૂતને, સૂતદ્વારા દસ્યુને, ને દસ્યુદ્વારા માલાકારને ઉત્પન્ન કરે છે. પ્રતિલોમ નિષાદથી કૈવર્તને તિલકારી સ્ત્રી ઉત્પન્ન કરે છે. વળી તે જાતિની સ્ત્રી આ યોગવથી નીલાદિ રંગોને વેચનારી જાતિને ઉત્પન્ન કરે છે. નિષાદ પુરૂષથી ચારૂસમ જાતિની સ્ત્રી ચર્મજીવીને ઉત્પન્ન કરે છે.

એ પ્રમાણે સંક્ષેપમાં જાતિનિર્ણય શ્રી મહાદેવજીએ કહ્યો. તેનું મારા સદ્ગુરૂ વ્યાસ ભગવાને અગસ્ત્ય મુનિ પાસેથી શ્રવણુ કર્યું હતું. અને શ્રી વ્યાસ ભગવાને તેનું મને જ્ઞાન આપ્યું હતું. તે સઘળું મેં તમને કહી સંભળાવ્યું. શ્રુતિ ભગવતી કહે છે કે ધર્મ આખા વિશ્વનો આધાર છે, ધર્મમાં સઘળું વિશ્વ સ્થિતિ કરીને ટકી રહ્યું છે. માટે પ્રત્યેક મનુષ્યે પોતાની જાતને માટે જે જે કર્મો શાસ્ત્રે કહેલાં છે તે તે કર્મોનેજ શક્તિ પ્રમાણે કરવાનાં છે. એ પ્રકારના સ્વધર્માચરણુવડે સંસારથી મુક્ત થવાય છે. એ પ્રમાણે શ્રી શ્રુતિ ભગવતી કહે છે. આ પ્રકારની વ્યવસ્થા હોવાથી જાતિ નિર્ણયને યથાર્થરૂપે જાણ્યા વિના ચાલે તેવું નથી.

જાતિનો હેતુ જન્મ છે. કરોડો પ્રકારનાં કર્મો કરવાથી પણુ જન્મથી પ્રાપ્ત થએલી જાતિ, અન્યથા કદિજ થઇ શકતી નથી. જેવી રીતે પશુ વિગેરેમાં ગાય બકરી વિગેરે જાતિ જન્મવડેજ સિદ્ધ થએલી હોય છે અને કોઈ પણુ અન્ય પ્રકારે થએલી હોતી નથી તેજ પ્રમાણે જે માતા પિતા દ્વારા જે પ્રકારે જન્મ થયો હોય છે તે જન્મથીજ જાતિ સિદ્ધ થાય છે.

આ જાતિ ભેદ જે કહ્યો છે તે ભૌતિક સ્થૂલ દેહનોજ છે. એ દેહમાં વ્યાપેલો જે અજન્મા આત્મા છે, તેને જાતિ નથી, કારણુકે જન્મ એ લક્ષણુથીજ જાતિની સિદ્ધિ હોવાથી જન્મ રહિતને જાતિ હોય નહિ. આમ હોવાથી જાતિને માટે જે ધર્મોને શાસ્ત્રે કહેલાં છે, તે ધર્મોમાં માત્ર શરીરના પ્રવૃત્તિ હોય છે. આત્માની પ્રવૃત્તિ તેમાં હોઈ શકતી નથી. સૂક્ષ્મ

કાર્ય લિંગ શરીર કહેવાય છે, તેને પણ જાતિ નથી. છતાં જાતિના ધર્મો જે સ્થૂલ દેહાદિ દ્વારા પ્રવર્તિ રહ્યા છે, તે સ્થૂલ દેહાદિ રૂપ હું છું તે પ્રકારે તે દેહાદિ સાથેની પોતાની એકતાનો આરોપ પોતાના અજન્મા આત્મ સ્વરૂપને વિશે કરાય છે. ત્યારેજ તે પ્રકારના આરોપરૂપ ઉપાધિ દ્વારા હું વિપ્ર છું, વિગેરે પ્રકારના જાતિ સૂચક વ્યવહારને કરતો આત્મા પ્રતીત થાય છે. આ પ્રકારનો અધ્યાસ થવાનું કારણ પોતાના અજન્મા સ્વરૂપ સંબંધી અજ્ઞાન છે. એ અજ્ઞાન અનાદિ છે. છતાં અમુક ઘટ બન્યો, ને પૂર્વે તે ઘટનો અભાવ જેને પ્રાગભાવ કહે છે તે પણ અનાદિ છે છતાં તે પ્રાગભાવની નિવૃત્તિ ઘટોત્પત્તિરૂપ ભાવવડે થાય છે તેથી તે અનાદિ છતાં શાંત છે એવો આપણો અનુભવ છે. એજ પ્રકારે આ અજ્ઞાન પણ જો કે આદિ છે છતાં આત્મતત્વના અનુભવ જ્ઞાનવડે તે નિવૃત્ત થઈ જાય છે.

અંકગણિત શાસ્ત્ર આદિ લૌકિક શાસ્ત્રોનું અધ્યયન કરવું ને તેમને સમજવાં તેને આ શાસ્ત્રમાં કહેલું અજ્ઞાનને નિવૃત્ત કરનારૂં જ્ઞાન એવું સમજવાનું નથી. એ અજ્ઞાન તો વેદાંત વાક્ય દ્વારા ઉઠતા વિજ્ઞાન વડેજ નિવૃત્ત થઇ શકે એમ છે. એ પ્રકારનો સદ્દગુરૂશ્રીનો નિર્ણય છે.

યથાર્થ શબ્દ યથા+અર્થ એ બે શબ્દોનો બનેલો છે. એમાં યથા= "જે પ્રકારનું" આ પ્રમાણે જેનો જેવો અર્થ છે તેવોજ તેના સ્વરૂપે તેને સમજનારા હોય તેમને યથાર્થ જ્ઞાની કહેવાય છે. એવા યથાર્થ જ્ઞાનીઓમાં જે મહાપુરૂષો તે અર્થ ને તેવાજ યથાર્થ સ્વરૂપે શ્રવણ કરનાર શિષ્યના અંતઃકરણમાં સંપૂર્ણ રીતે ઠસાવવાના સામર્થ્યવાળા જે છે, તેમને સદ્દગુરૂ નામથી શાસ્ત્ર પ્રબોધે છે. શ્રી વ્યાસ ભગવાન આદિ આ પ્રકારના સદ્દગુરૂ છે. જેઓ લૌકિક જ્ઞાનને જ્ઞાનરૂપ કહીને આપણુને આપે છે, તે તો વાસ્તવે દગો દેનારા રૂપે નિવડે છે. કારણકે જ્ઞાન એ નામવડે અજ્ઞાનની વૃદ્ધિ કરાવતા જાય છે. માટે તેવા મનુષ્યો સદ્દગુરૂ નથી.

જ્ઞાનીને જાતિનો પ્રતિબંધ નથી. જેમને વેદાંતી વાક્ય દ્વારા પ્રત્યક્ષ વિજ્ઞાનની પ્રાપ્તિ થઇ છે, તેવા જીવન મુક્ત પુરૂષોને માટે વિધિ નિષેધ રૂપ ધર્મોને વેદોએ કહેલા નથી. વેદોના અર્થનો નિર્ણય એવોજ છે કે ધર્મ તથા અધર્મ વિજ્ઞાનવિદ પુરૂષોને માટે નથી. શ્રુતિ ભગવતી કહે

છે કે એવો વિજ્ઞાનવિદ મહાત્મા પૂણ્ય કર્મથી વૃદ્ધિને પામતો નથી, ને અશુભ કર્મથી ન્યૂન થતો નથી. એ પ્રકારે શ્રીવાજસનેયીશ્રુતિ કહે છે. વળી કઠવલ્લિમાં કહ્યું છે કે, બ્રહ્મનો અનુભવ કરનાર હોવાથી જે વાસ્તવ બ્રાહ્મણ છે તેનો નિત્ય મહિમા એવો છે કે તેનામાં કર્મવડે ન્યૂનાધિકતા થતી નથી. સર્વ શાસ્ત્રાર્થનું મંથન કરીને તેના જ્ઞાનની પ્રાપ્તિ કરનારાઓએ વર્ણવાળાં મનુષ્યોને માટે આશ્રમ ધર્મોને કહ્યા છે. વર્ણ તથા આશ્રમવાળાઓનેજ સદા એ કર્મોમાં જોડયા છે કારણકે જ્ઞાન સાથે તેઓનો વિરહ છે. ગમે તે સ્ત્રી કે પુરૂષ ગમે તે જાતિનો હોય, પરંતુ તેને બ્રહ્મ વિજ્ઞાનનું યથાર્થ ભાન થયું એટલે તે ક્ષણથીજ વર્ણાશ્રમ રૂપ જે દેહના ધર્મ છે તે છૂટી જાય છે. તેની સાથેજ તે દેહરૂપ હું છું, એ પ્રકારે માનવા રૂપ અધ્યાસ છૂટી જાય છે. તેની સાથેજ તે દેહ માટે કહેલા તે દેહના વર્ણાશ્રમ ધર્મો પણ નિજત્વની મર્યાદામાંથી ખસી જાય છે. આત્મા સત એટલે હમેંશ છે એ પ્રકારનું તેનું પારમાર્થિક વાસ્તવ સ્વરૂપ છે, તે સ્વરૂપનું પ્રત્યક્ષવત્ અનુભવપૂર્વકનું જ્ઞાન થયા વિનાજ આ પોતાની જાતિના વર્ણાશ્રમ ધર્મોને ત્યજી દેવાય છે તો તે ત્યજનાર મૂઢ મતિ અધઃપતનને પામે છેજ તેમાં સંશય નથી. માટે હરેક પ્રયત્ન કરીને શ્રદ્ધાપૂર્વક જાતવાન વર્ણવાળા મનુષ્યો હોય તેમણે તો મુક્તિને અર્થે સર્વદા શ્રોત તથા સ્માર્ત ધર્મનું આચરણ કરવું. આ પ્રમાણે શ્રુતિ અનુસાર સત્ય અનંત સુખનો જેના વડે પરમ પ્રકાશ થાય છે એ પ્રકારના બ્રહ્મતત્વની તથા આત્મતત્વની એકતા રૂપ વિશેષ જ્ઞાનને આપનાર તથા સકલ સંસારમાંથી તારનાર એવા આ જાતિ નિર્ણયને મુનિઓએ સાંભળ્યો. સત્ય, અસ્તેય, દયા, આર્જવ આદિ યુક્ત તે મુનિઓને તેથી અત્યંત સંતોષ થયો.

માયાનું સ્વરૂપ પણ ત્રિગુણાત્મક છે. આપણે ઉપરની સૃષ્ટિક્રમમાં તેની પાંચ પ્રકારની સ્થિતિ જોઈ ૧. જેમાં પરસ્પરથી છૂટાં સમજાય તેવા ભેદને પામ્યા વિનાની સ્થિતિમાં ત્રણે ગુણો રહ્યા છે, તે પ્રકારની સ્થિતિ-આપણે આ વર્ણવિચારમાં વર્ણ એ શબ્દનો રંગ એવો બીજો જે અર્થ થાય છે તેમાં ચાલતી વ્યવસ્થા સાથે અનુસંધાન કરતાં વિશેષ યથાર્થરૂપે તે સ્વરૂપ સમજાય છે. આ પ્રથમની સ્થિતિને પારદર્શક પ્રકાશના કિરણરૂપે સમજવાનું છે. આરંભક સ્થિતિમાં નિર્વિકલ્પ બનીને બ્રહ્મને આશ્રય લઈને માયા આ પ્રકારેજ પડેલી હતી. તે પછી તે ત્રિગુણામાયામાં ગુણના ભેદ પડતાં ને તેવા ગુણવાળી માયાનો આશ્રય લેતાં એજ બ્રહ્મતત્વ ત્રિમૂર્તિરૂપ દર્શિકોટીની પ્રતીતિ કરાવે છે. તેમાં બ્રહ્માનો વર્ણ લાલ, વિષ્ણુનો નિલ

અને રુદ્રનો શ્વેત કહ્યો છે. આમાંથી જેને શ્વેત કહ્યો છે તે અર્વાચીન સાયન્સમાં કહેલા પીળા રંગ સાથે અત્યંત નિકટતા ધરાવે છે. આ પ્રમાણે જોતાં રંગની પ્રતીતિ જેમાં નથી એવું પ્રકાશનું કિરણ પણ તેમાં પુષ્કલ અભેદ અવસ્થામાં રહેલા વર્ણોને જે ક્ષણે તે કિરણ ભેદને પામે છે તે ક્ષણે પ્રતીત કરાવે છે. આ રીતે જોતાં વર્ણત્રય અથવા ચતુર્વર્ણનું જે શાસ્ત્રે મનુષ્યરૂપ સાધક સૃષ્ટિને આપ્યું છે, તે ઘણે ખરે અંશે આ રંગના વ્યતિકર સાથે એકતાને ધરાવે છે. વળી પૃથ્વિ ઉપરના જૂદા જૂદા પ્રદેશોની પ્રજા પ્રતિ લક્ષ કરતાં તથા તે તે પ્રજાને ઉન્નતિમાં આવે વર્ષ શતકની સંખ્યાના પ્રમાણમાં વર્ણ વ્યવસ્થા અત્યંત વિકૃતરૂપે ત્યાં પણ ડોકીઆં કરતી દેખાય છે. ત્યાં પણ પ્રજાનો એક ભાગ ધર્મ સંબંધી તથા ઇશ્વર સંબંધીની પ્રજાની પ્રવૃત્તિઓ માટે યોજાયલો છે. એક ભાગ રાજ્યકુટુંબ સાથે અથવાતો રાજ્યવ્યવસ્થાનાં વિવિધ અંગોમાં જોડાએલો છે. અને આખી પ્રજાને ન્યાય આપવો, તેનું રક્ષણ કરવું, તથા તેમની ઉન્નતિ કરવી એ પ્રકારના રાજ્યકાર્યોને કરી રહ્યો છે. વળી ત્રીજો એક ભાગ દેશની અર્થસ્થિતિમાં અત્યંત પરિશ્રમથી વ્યાપાર આદિ કળાકૌશલ્યમાં વૃદ્ધિંગત થતો જાય છે, અને ચોથો મજુર વર્ગ કારખાનાં બંદરો વિગેરેમાં મહેનત કરતો પ્રથમ ત્રણે વર્ગના લોકોની સેવા બજાવી સહાય્ય કરી રહ્યો છે. આ જોઇને આશ્ચર્યચકિત થવાય છે. તેઓમાં પણ એક પ્રકારનો વહેમ પેસતો જાય છે કે હું ઉંચી કોટીનો છું તે સામાન્ય મનુષ્ય સાથે એક ટેબલપર ભોજન નહિ કરૂં. એ રૂપે જ્યારે અન્ય વ્યવહારો છૂટથી થાય છે ત્યારે ખાસ ભોજન વ્યવહાર ઉપરજ એ સંકોચ આવી પડે છે. તો એમાં કાંઇક કુદરતીપણું હોવું જોઇએ. એવું અનુમાન અવસ્ય થયા વિના રહેતું નથી.

કુદરત માત્ર ત્રણ કે ચાર રંગ કરીને બેઠી રહી નથી. પણ તે તે રંગોના મિશ્રણ વડે લીલો, નારંગી, જાંબુડો તથા અનંત પ્રકારનાં મિશ્રણો ખુલ્લી તથા ઘેરી છાયાવાળાં સંખ્યાબંધ વૃદ્ધિંગત થતાં જાય છે. તેજ પ્રમાણે સંસારમાં અનંત પ્રકારનાં કાર્યો બનાવવાને માટે અનંત પ્રકારે તે ગુણોના પ્રમાણોમાં ન્યૂનાધિકતા કરનાર મિશ્રણો થયાં છે ને થશે ને તેપણ ઇશ્વિરાજ્ઞાથી તે તે પ્રકારનાં કાર્યો તેમનાદ્વારા કરાવવાના સંકેતથી તે કાર્યોને માટે જોઇએ તે પ્રકારની અંતઃકરણની સામગ્રી ભેગી કરી આપે છે. જે પ્રમાણે વિવિધ છાયાવાળા વિવિધ રંગોથી પ્રકાશના કિરણની મહત્તાનું ભાન કરાવતી સૃષ્ટિ શોભી રહેલી છે, તેજ પ્રકારે મુખ્ય વર્ણો

તથા તે દ્વારા પ્રવર્તેલી વિવિધ જ્ઞાતિ આદિરૂપે પ્રતીત થતી જાતિઓ પણ સૃષ્ટિને શોભા આપવા અર્થે છે. એક બીજા સાથે યુદ્ધ મચાવવા માટે નથી. બુદ્ધિથી વિચાર કરતાં સહજ સમજાશે કે વર્ણની પ્રત્યેક કળારૂપ છાયા સર્વે વર્ણરૂપ મૂલ કિરણના વિકાસને પ્રતીત કરાવતો અંશ છે. છતાં તે મૂલ કિરણથી ભિન્ન નથી. ચમત્કારરૂપ એક વ્યતિકર ઉપર ખાસ લક્ષ જાય છે. વિવિધ રંગોને એક ગોળ થાળીની પીઠ ઉપર એક પછી એક વ્યવસ્થાથી ચોપડાય છે, પછી તે થાળીને ગોળ તેના મધ્ય બિંદુ ઉપર ચકર ચકર ફેરવવામાં આવે છે. આ વખતે એ બધા રંગો પોતપોતાને સ્થાને વ્યવસ્થાથી ગોઠવાઇ રહેલા છે અને એક સંપથી પોતપોતાને સ્થાનેથી પોતપોતાના પ્રકાશ વડે એક બીજાનો અભિભવ કરવાની ઇચ્છા કરતા નથી પણ સહકારી રૂપે એક કુટુંબના બાળકોની પેઠે સર્વોત્તમ સર્વની ઉન્નતિ અર્થે વ્યાપૃત થઈ રહ્યા છે. જે ક્ષણે આ પ્રમાણે બને છે તે ક્ષણે એ સર્વે રંગો જાણે બ્રહ્માનંદમાં શંકર ભગવાનની માફક નૃત્ય કરી રહ્યા હોય તેમ ખીલે છે અને અટ્ટાટ્ટ હાસ્યની પ્રતીતિ કરાવતા હોય તેમ ધવલી ભાવને પ્રદર્શિત કરે છે. આ ધવલી ભાવના અનુભવાનંદમાંથી કોઈ પણ વર્ણ બાકી રહી જતો નથી.

આમ કરવાને બદલે એ થાળી ઉપર એક રંગની પીછી ફેરવી હોય તેજ સ્થાનનો હક કરતી બીજા રંગની પીછી તેના ઉપરજ લગાવી દીધી હોય વળી એના ઉપર પોતાની સત્તાના અભિમાનનું મૂલ્ય અધિક આંકનાર ત્રિજા રંગનું કુંડું ઉંધું ગબડી પડે એ પ્રમાણે વગર વ્યવસ્થાએ એજ વર્ણો તેજ સ્થાન ઉપર એકત્ર થઈને એક બીજાની મર્યાદાને તોડે તો તે ઉપર કહેલા ધવલી ભાવની પ્રાપ્તિ પોતાને માટે તથા અન્ય વર્ણોને માટે જે થવાની તેનો ભંગ કરે છે, એટલુંજ નહિ પણ તે ધવલી ભાવ થવામાં જે અનિવાર્ય ઉત્તમતા રૂપ અદ્વિતીય પોતાનું સ્વરૂપ છે તેનો પણ ઉચ્છેદ કરે છે. માટે વિવિધ વર્ણાશ્રમ ધર્મોનું પોતપોતાની જાતિની મર્યાદામાં રહીને પાલન કરવું એજ શ્રેયસ્કર છે. અને આ અધ્યાયમાં વિચિત્ર ગુણવાળી વિવિધ જાતિઓની સંખ્યાથી લક્ષણા કરી છે. સાંપ્રત કાલમાં પ્રવર્તતી જ્ઞાતિઓથી ઘણા ભડકે છે, તથા દેશોન્નતિમાં વિઘ્નકર રૂપે તેને ગણે છે તેમ નથી, પણ એથી ઉલટું તે વ્યવસ્થાને પોતપોતાની મર્યાદામાં ખીલવવાથી, ઉન્નતિના સંભવોજ સૂચવાયા છે.

એ રીતે શિવ માહાત્મ્ય ખંડમાં જાતિ નિર્ણય નામનો અધ્યાય ૧૨ મો સંપૂર્ણ થયો.

૧. શ્રી શિવ માહાત્મ્ય ખંડ

અધ્યાય ૧૩.

તીર્થ માહાત્મ્ય.

ગત અધ્યાયમાં મુક્તિના કારણ રૂપે કર્મ નથી પણ જ્ઞાન છે એટલુંજ શ્રવણ કરતાં કર્મ માત્રનો ત્યાગ કરવાનો નથી. કારણકે એ જ્ઞાનને માટે જે જે સાધનો આચારમાં મૂકવાં પડે છે તે કરવા માટે જોઈએ તેટલી તીવ્ર ઈચ્છાને પ્રકટાવવી એ આવશ્યક છે. અને તે તીવ્ર ઇચ્છાને જ્ઞાનની પ્રાપ્તિ સંપૂર્ણ થાય ત્યાંસુધી એટલાજ પ્રબળ સ્વરૂપમાં ટકાવવી એ પણ એટલુંજ આવશ્યક છે. આ પ્રકારે થવાને અર્થે તત્વ જ્ઞાનની પ્રાપ્તિ થયા વિના કર્મનો ત્યાગ કરવાનો નથી. કર્મરૂપ ધર્માચરણ વિના જ્ઞાનને માટે ઉત્કટ ઇચ્છા પ્રકટતી નથી, તેમજ પ્રકટે તો ટકતી નથી. છતાં પ્રમાદથી કે એવા કોઈ અન્ય હેતુથી પણ જો કર્મનો ત્યાગ થાય છે, તો જે જ્ઞાન પ્રાપ્તિના માર્ગે પ્રયાણ કરવા માંડયું હોય છે તેમાંથી પતિત થવાય છે. આ પાપના પ્રાયશ્ચિત્ત રૂપે સહેલા ઉપાય તરીકે તીર્થસેવાનું વિધાન લોક હિતાર્થે કહ્યું છે.

મંત્ર, તીર્થ, દ્વિજ, દેવ, જ્યોષી, ઔષધ અને ગુરૂ એમનો વ્યવહારમાં ઉપયોગ છે. પરંતુ ભિન્ન ભિન્ન મનુષ્યોની ભાવનાઓ તેમના સંબંધમાં ભિન્ન ભિન્ન હોય છે. તેથી તે જેની જેવી ભાવના તેને તે ભાવનાને અનુરૂપ ફલ સિદ્ધિ થાય છે. આ પ્રમાણે વ્યવસ્થા હોવાથી શ્રદ્ધા વિના તીર્થોનું સેવન કરવું તે પણ નિષ્ફળ છે. આ વાર્તાને ધ્યાનમાં રાખીને ક્યાં ક્યાં તીર્થો મુખ્ય છે, તથા ત્યાં કેવી રીતે કેવા પ્રકારનો મહિમા પ્રવર્તે છે તે સર્વનું શ્રવણ મુનિઓને સૂત ભગવાન કરાવે છે.

ગંગાદ્વાર એક મહાતીર્થ છે. સર્વ દેવો તેને સેવે છે. જ્યારે સૂર્ય મેષ રાશિમાં હોય છે, તે માસમાં દિનિયું નક્ષત્ર અશ્વની હોય તે દિવસે તે તીર્થમાં સ્નાન કરવું, શ્રદ્ધાપૂર્વક વિના સંકોચે પોતાની શક્તિ પ્રમાણે શિવયોગિને ધનનું દાન આપવું, અને ઉપવાસ કરવો. એમ કરવાથી પાપ માત્ર ટળે છે.

સોરઠી સોમનાથ પાસે સમુદ્રને પશ્ચિમ કાંઠે સોમતીર્થ છે. તે વિસ્તારમાં એક યોજન લાંબુ તથા પહોળું છે. સર્વ દેવો તેને સેવે છે. આ તીર્થમાં વર્ષમાં જે વિવિધ પર્વો આવે છે તે દિવસે, દિનિયું આર્દ્રા નક્ષત્ર હોય એ દિવસે, અષ્ટમીએ, વ્યતિપાત યોગ હોય તે દિવસે, રવિવારે તથા ચતુર્દશીને દિવસે સ્નાન કરવું. ભોજનનું દાન કરવું. સૌમ્ય તથા અલંકારોથી વિભૂષિત એવા સોમનાથ મહાદેવને પ્રણામ કરવા, એક રાત્રિ ઉપવાસ કરવો. આખે શરીરે રોમ રોમ ભસ્મનું લેપન કરવું. એટલે સર્વ પાપથી મુક્ત થઇને શંકરની પ્રાપ્તિ થાય છે.

મણિકર્ણિકા નામનું કાશીપુરીમાં એક મહાતીર્થ છે. ત્યાં શાંત થઇને મહા ભક્તિપૂર્વક પ્રાતઃકાલે સ્નાન કરવું. પછી કરૂણાસાગર વિશ્વેશ્વર મહાદેવનાં દર્શન કરવાં. યથાશક્તિ અન્નપાનાદિનું દાન કરવું. એમ કરતાં મુક્ત થવાય છે.

સંસાર રોગના ઔષધરૂપ પ્રયાગ નામનું એક મહાતીર્થ છે. જે દિવસે ભરણી, કૃત્તિકા, કે રોહિણી દિનિયું નક્ષત્ર હોય ને જે માસમાં મેષનો રવિ હોય ત્યારે તેમાં ખાસ સ્નાન કરવાનો મહિમા છે. યથાશક્તિ ધનનું દાન પણ આપવું. એથી પણ પાપથી છૂટાય છે.

જે સ્થાને ગંગા તથા સાગરનો સંગમ થાય છે, તે એક મહાતીર્થ છે. તેમાં મધ્યાહ્નને સમયે આનંદપૂર્વક સ્નાન કરીને યથાશક્તિ ધનનું દાન આપવાથી પાપ માત્ર ટળે છે. અને શિવ સાયુજ્ય નામની મુક્તિને પ્રાપ્ત કરે છે.

નર્મદા નામનું એક મહાતીર્થ છે. નરકના દ્વારનો નાશ કરવાનું તેનામાં સામર્થ્ય છે. બ્રહ્મા, વિષ્ણુ તથા શંકરે પણ એ તીર્થને સેવેલું છે. તેમાં આદરપૂર્વક સ્નાન કરીને ધનનું દાન આપતાં બ્રહ્મલોકની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

યમુના એક મહાતીર્થ છે. તેને યમે સેવેલું છે. સૂર્ય વૃષભનો હોય ત્યારે દિનિયુ નક્ષત્ર વિશાખા હોય ત્યારે, તથા રવિવારે તેમાં સ્નાન કરીને બ્રાહ્મણોને જમાડવા, તેથી પાપો બળી જાય છે, અને શિવ સાથે સાયુજ્યને મેળવીને આનંદ કરે છે.

સરસ્વતી તીર્થ સર્વ ઉત્તમ પ્રકારના વરદાનોને આપનારૂં છે. વાગીશ્વરી દેવી આદરપૂર્વક ત્યાં સર્વદા રહે છે. જે દિવસે આર્દ્રા દિનિયું નક્ષત્ર હોય ત્યારે તેમાં સ્નાન કરવું. એમ કરતાં પુત્રાદિસહ સ્વર્ગને પ્રાપ્ત કરે છે.

ગોદાવરી નામની મહાનદી એ સુપ્રસિદ્ધ મહાતીર્થ છે. જ્યારે સિંહ સંક્રાંતિમાં સૂર્ય કે બ્રહસ્પતિ હોય ત્યારે તેમાં સ્નાન કરવાનું માહાત્મ્ય ઘણું છે. ત્યાં યથાશક્તિ ધનનું દાન આપવું. એમ કરવાથી બાર વર્ષ સુધી ગંગામાં નિત્ય સ્નાન કરવાથી ફલ મળે છે તેજ ફલની પ્રાપ્તિ થાય છે.

સંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી આવતી કૃષ્ણવેણી મહાનદી છે. એ શુભ તીર્થનું સર્વ યોગીશ્વરો આરાધન કરે છે. ઈન્દ્ર નીલગિરિ તે તીર્થમાં સ્નાન કરવાથી શંકરના આસનરૂપ બન્યો છે. પ્રતિ દિવસ શિવાસહવર્તમાન શ્રી મહાદેવ વિષ્ણુ આદિ સર્વ દેવોને લઈને તે તીર્થમાં સ્નાન કરે છે. પર્વના દિવસોએ તેમાં સ્નાન કરવું, ઉપવાસ કરવા, તથા યથાશક્તિ ધનદાન કરવું તેથી ભવબંધન છૂટે છે. શ્રી દક્ષિણ કૈલાસમાં પરમેશ્વર સાક્ષાત્ સદાશિવે સમસ્ત પ્રાણિયો ઉપર અનુગ્રહ કરવા અર્થે સંસાર રોગનો નાશ કરનારી સુવર્ણમુખરી નદીને સ્થાપી છે. ભોગ તથા મોક્ષ બન્નેની સિદ્ધિ એ તીર્થ કરી આપે છે. એ નદીને તીરે શશિભૂષણ પરશિવા સાથે ત્યાં નિવસે છે. એક સમયે એવું બન્યું કે દીર્ઘ સમય સુધી અનેક મનુષ્યોએ સ્નાનાદિ કરીને પોતાના પાપો વિવિધ તીર્થોમાં ધોએલાં હતાં. તેથી તે બધાં તીર્થોમાં પાપના સમૂહો એકત્ર થયા. તેથી અકળાઈને તે બધાં પાપોને દૂર કરવા અર્થે માઘ માસમાં મઘા નક્ષત્રને દિવસે તે સર્વ તીર્થો આ મહા નદીમાં ભેગાં થયાં. તેમણે ત્યાં સ્નાન કર્યું, અને શિવયોગિને યથાશક્તિ ધનનું દાન કર્યું. શ્રી દક્ષિણ કૈલાસવાસી શ્રી કાલહસ્તિ શૈલેશ મહાદેવનાં પુણ્યપ્રદ દર્શન કર્યાં, તથા ભક્તિપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામો કર્યા. તેથી તેમનાં સર્વ પાપો છૂટી ગયાં. તે પ્રકારે દર વર્ષે સર્વ તીર્થો તે દિવસે ત્યાં ભેગાં મળીને પાપ

મુક્ત થાય છે. માટે માઘ માસમાં મઘા નક્ષત્રને દિવસે તે તીર્થમાં સ્નાન કરીને ધનનું દાન આપવાથી પાપ માત્રમાંથી મુક્ત થઇને શિવની પ્રાપ્તિ થાય છે.

શ્રી વિષ્ણુ ભગવાને પુણ્યપ્રદ કંપા નદીને બનાવી છે. શ્રી મહા વિષ્ણુએ તેમાં સ્નાન કરીને મહેશ્વરના તે આદિ લિંગનું પૂજન કર્યું. અને અચ્યુત હરિ શ્રદ્ધાપૂર્વક પ્રેમથી તે નદીને નીરખતા મહાદેવની સમીપ વસ્યા છે. રવિવારે, હસ્ત તથા ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના દિવસે, તથા પર્વના દિવસોએ તે નદીમાં શ્રદ્ધાપૂર્વક નહાવું. શશિશેખર શંકરનાં દર્શન ભક્તિથી કરવાં. વિપ્રોને અન્નાદિ દાન આપવું. તેથી સ્વર્ગમાં મહત્તા પ્રાપ્ત થાય છે, ને ભવબંધનથી છૂટાય છે.

કુટિલ મહાનદી છે. તેને તીરે વીર ભદ્રકાલી દૃઢવ્રત કરીને રહી છે. સૂર્યે બનાવેલી એક અધિકા નામની રમણીય નગરી છે. દેવ, દાનવો તથા અપ્સરાઓનાં ટોળે ટોળાં ત્યાં ભરાય છે. તે બધાએ ભેગા થઇને સર્વના આદિભૂત મહેશ્વરને તે નદીના જળવડે સ્નાન કરાવ્યું હતું અને ત્યાં શ્રધ્ધાથી દયાળુ મહાદેવનું સ્થાપન કર્યું હતું અને તેમની પાસેજ તે જગદંબાની પ્રતિષ્ઠા કરી હતી. તે તીર્થમાં નાહીને શ્રવણ નક્ષત્રને દિવસે પૂર્ણિમાને દિને મહાદેવનાં દર્શન કરવાં, સ્તુતિ કરવી, વંદન કરવું તથા વિદ્વાનોને વસ્ત્ર, ધન, ધાન્ય, આદિનું યથાશક્તિ દાન કરવું. વીરભદ્ર કાલિએ તે મહાદેવની પૂજા કરીને પ્રાર્થના સહિત ઉપર પ્રમાણે કરનારને ભુક્તિ તથા મુક્તિ બન્ને આપવાને માંગણી કરી હતી. અને તથાસ્તુ એ પ્રમાણે શ્રી મહાદેવજીએ ગંભીર વાણીએ વરદાન આપ્યું હતું. રવિવારે મહાશ્રધ્ધાથી તેમાં કોઇ સ્નાન કરે અને ધન કે બીજું કાંઇ દાન કરે તો નિઃસંશય મુક્ત થાય છે.

મણિમુક્તા નામની નદી મહાદેવે બનાવી છે તેને તીરે શ્રી વૃદ્ધાચલેશ્વર મહાદેવનું સ્થાપન છે. એક સમયે ત્યાં શ્રી વિષ્ણુ, રૂદ્ર, બ્રહ્મા, વહ્નિ, વાયુ, વિશ્વદેવ, વસુઓ, સૂર્ય, દેવો તથા ઇંદ્ર શ્રદ્ધાપૂર્વક ધનાર્કના માસમાં આદ્રા દિનિયા નક્ષત્રને દિવસે સ્નાન કરીને ધનદાન કરીને શ્રીમહાદેવને પ્રણામ પૂર્વક પ્રાર્થના કરી અને શ્રી વૃદ્ધાચલેશ મહાદેવ પાસેથી માગ્યું કે આ સ્થાનમાં પાપી કે પુણ્યવાન મૂર્ખ કે પંડિત બ્રાહ્મણ શુદ્ર ચંડાલ કે ગમે તે આ પુણ્ય દિવસે આવીને આ તીર્થમાં સ્નાન કરીને શિવયોગિને

યથાશક્તિ ધન, ધાન્ય કે વસ્ત્રનું દાન કરે તથા ઉપવાસ કરે અને રોજ પ્રાતઃકાલમાં શિવ દર્શન કરે તથા નમસ્કાર કરે તેને આપ પરમગતિ આપો. આ સ્તુતિથી પ્રસન્ન થઇને ગંભીર વાણીથી કહ્યું કે 'તથાસ્તુ.' માટે તેમાં આર્દ્રા નક્ષત્રને દિવસે શ્રદ્ધાથી સ્નાન કરતાં સંસાર બંધન ટળે છે.

શિવગંગા સરોવર નામનું ઉત્તમ તીર્થ શ્રી વ્યાઘ્રપુરના રમણીય પ્રદેશમાં છે. ત્યાં શ્રી મહાલક્ષ્મીનો વાસ છે. એ સરોવરને દક્ષિણ કીનારે ચંદ્રશેખર મહાદેવ પરમાનંદના અનુભવરૂપ નૃત્યને કરી રહ્યા છે. ત્યાં પ્રતિ દિવસ ભવરોગની નિવૃત્તિ માટે મહા ભક્તિથી બ્રહ્માદિ દેવો સ્નાન કરીને ભવાની સહ નૃત્ય કરતા મહાદેવને પ્રણામ કરે છે. માઘ માસના મઘા નક્ષત્રમાં મહાદેવ ભવાની સહ, તથા બ્રહ્મા વિષ્ણુ આદિ દેવતાઓ, પ્રાણીઓનું રક્ષણ કરવા માટે સ્નાન કરે છે. એ તીર્થમાં ભક્તિથી નાહીને આદરપૂર્વક ધન-દાન આપે તો તેથી સર્વત્ર અંતઃકરણનું સામ્ય પ્રાપ્ત થાય છે, અને અંતે બ્રહ્મપદ મળે છે.

આ વ્યાઘ્રપુરથી ઇશાનમાં સમુદ્રતટે ગુહ્ય તીર્થ છે. તે એક યોજન લાંબુ તથા એક યોજન પહોળું સમુદ્રના તીરથી તે આરંભીને આવેલું છે. બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર તથા સર્વ દેવો તથા મુનિઓ તેને સેવે છે. સુહૃદ, મિત્ર, અરિ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય, બંધુ, સાધુ તથા પાપી એ સર્વેપ્રતિ વૃત્તિ સમબુદ્ધિવાળી જ્યારે થાય છે ત્યારેજ મહાન ફળ મળે છે. જલનિયામક દેવતા વરૂણે પૂર્વે પ્રમાદથી બ્રહ્મહત્યા કરી હતી. તે પાપને નિવૃત્ત કરવા અર્થે મઘાનક્ષત્રમાં મહા માસમાં ઘણી ત્વરાથી આ તીર્થમાં આવ્યા, ને સ્નાન કર્યું તેથી સર્વ પાપ બળી ગયાં. એમ થતાં શ્રી અંબિકા પતિ નીલકંઠ કૃપાસાગર ઇપ્સિત ફળના આપનારા તે વરૂણના ઉપર પ્રસન્ન થયા, ત્યારથી વરૂણ પણ તેમની સ્તુતિ કરે છે. વરૂણે શ્રી મહાદેવ પાસે વરદાન માગ્યું હતું કે મહા માસના મઘાનક્ષત્રમાં શ્રદ્ધાપૂર્વક આ તીર્થમાં સ્નાન કરી જે મહાદેવની પૂજા કરીને દાન આપે તેને સત્વર મુક્તિ આપો. તે પ્રમાણે કરનારો બ્રાહ્મણ હોય, અત્યંજ હોય કે ગમે તે હોય, છતાં તેને મુક્ત કરો. મન તથા વાણીથી પર એવા શિવ મહાદેવે ગંભીર વાણીવડે "તથાસ્તુ" કહ્યું. માટે પર્વના દિવસે જે આ તીર્થમાં નાહિને આદરવડે ધન દાન આપશે તે સમસ્ત પાપથી છૂટશે, ને મુક્ત થશે. ઘણા મનુષ્યો પ્રત્યેક વર્ષે આ તીર્થમાં સ્નાન કરીને સર્વ પાપ તથા ભવબંધનથી છૂટયા છે,

બ્રહ્મપૂરની મધ્યમાં બ્રહ્મતીર્થ સરોવર છે, તેને બ્રહ્માએ બનાવ્યું છે. તેમાં રામરી મહાભક્તિથી ઘોર તપ કર્યું હતું, કલ્પના આરંભમાં લોકોની સૃષ્ટિ કરવા તથા તેને ટકાવવા તથા તેને સંહાર કરવા માટે આદરપૂર્વક બ્રહ્માએ આ તિર્થમાં સ્નાન કરીને પરમેશ્વરનું પૂજન કર્યું. રવિવારે, ગૃહણે, તથા કોઈ પણ પર્વને દિવસે ત્યાં સ્નાન કરીને ભક્તિથી ધનનું દાન કરીએ તો પરમેશ્વર મળે છે.

બ્રહ્મપુરથી પશ્ચિમમાં સૂર્યપુષ્કરિણી નામનું અત્યંત સુંદર તીર્થ છે. તે તીર્થમાં રવિવારે તથા ચંદ્ર તથા સૂર્યના ગૃહણને દિવસે મેષ અગર તુલા રાશિમાં સૂર્ય પ્રવેશે છે અને તે વખતે રાત્રિ દિવસ સરખાં હોય છે. તે પ્રકારના સૂર્ય વિષુવ દિવસે, અન્ય પર્વના દિવસોમાં તથા દિનિયાં નક્ષત્ર આર્દ્રામાં, પૂષાદેવ આ તીર્થમાં સ્નાન કરવા આવ્યા હતા. દક્ષના યજ્ઞમાં જે આ દેવના દાંત નાશ પામ્યા હતા તેને આ તીર્થના માહાત્મ્યથી પાછા મળ્યા હતા અને તેથી તે બહુ પ્રસન્ન થયા હતા. વળી એક વખત રાવણનો પુત્ર ઈન્દ્રજીત સકળ જગત્ ઉપર વિજય મેળવીને મત્ત થયો હતો. તે રથે ચઢીને અત્યંત વેગથી આકાશ માર્ગે લંકા પ્રતિ જતો હતો. આ તીર્થને દક્ષિણ કાંઠે આવતાં એ રથ અત્યંત સ્થિર થઈ ગયો. તે બુદ્ધિમાન પુરૂષે દીર્ઘ સમય સુધી વિચાર કર્યો, ને શ્રદ્ધા વડે મહાદેવની પૂજા કરી. આ દેવના દેવ મહાદેવ, એ રાક્ષસોના મહાધનરૂપ છે. માટે ઈન્દ્રજીતે વિચાર કર્યો કે, ભવાનીસહ મહાદેવને મારી સાથે ઉંચકી જાઉં તેણે તેમ કરવા સારૂ ઘણા ઘણા પ્રકારના વિચાર કર્યા ને થાકયો પણ મહાદેવને ઉંચા કરી શકયો નહિ, તેથી તે ઘણો ફીકો થઈને વિવશ બની ગયો. છેવટે તે મહાદેવજીની ત્રણ પ્રદક્ષિણાઓ કરીને પોતાના ઉત્તમ રથમાં બેશીને લંકાપુરી ગયો હતો. એ તીર્થમાં સ્નાન કરીને આનંદપૂર્વક બ્રાહ્મણ ભોજન કરાવે તેનાં સર્વ પાપ જાય છે અને સર્વ લોકની પ્રાપ્તિ થાય છે.

સર્વ પાપનો નાશ કરનાર કાવેરી અને સમુદ્રનો સંગમ જ્યાં થાય છે તે તીર્થ છે ત્યાં સ્નાન કરવું. એ કાવેરી નદીને તટે અત્યંત પ્રભાવવાળા તથા ઈચ્છા માત્રને તૃપ્ત કરનારાં નીચે પ્રમાણે સ્થાનો પણ છે:— ૧. શ્વેતારણ્ય, ૨. કુમ્ભકોણ, ૩. મધ્યાર્જુન, ૪. આમ્રતીર્થ, ૫. હૃદસ્થાન, ૬. મંગલવંશક, અને ૭. ત્રિકોટિ. એ સ્થાનોમાં પર્વના દિવસોએ કે રવિવારે સ્નાન કરીને પ્રરમેશ્વરને પ્રણામ કરવા અને ધન કે બીજું કાંઈ

મળે તેનું દાન કરવું. તેમ કરવાથી મહા પાપો છૂટી જાય છે. એ સ્થાનોમાં પાપીષ્ટ, ઉત્તમ બ્રાહ્મણ કે ગમે તે હોય, તેનું તે સ્થાને મૃત્યુ થતાં તે સત્વર મુક્ત થાય છે. એ સાત સ્થાનોમાં મૃત્યુ થવાથી ઘણા મુક્ત થયા છે.

ક્ષીરકુણ્ડ નામનું ભવરોગને ટાળનારૂં, સર્વ પાપને બાળનારૂં, તથા સર્વ કામનાઓ પુરી પાડનારૂં દિવ્ય તીર્થ વલ્મીકની મધ્યમાં આવ્યું છે. બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, તથા સર્વ દેવો અને મુનિઓ, તથા સર્વ જંતુઓ અને સ્વર્ગથી ઉતરીને આવેલા સૂર્ય ચંદ્ર એ બધાએ ફાલ્ગુન માસમાં ઉત્તરા-ફાલ્ગુની નક્ષત્રને દિવસે શ્રદ્ધાપૂર્વક આ તીર્થને સેવેલું છે. માટે તે સમયે તેમાંજ સ્નાન કરે તેના સર્વ પાપો નાશ પામે છે. વ્યતિપાતને દિવસે તેમાં નાહિને આદરપૂર્વક ધન દાન કરતાં અનાયાસે મુક્તિ નક્કી પ્રાપ્ત થાય છે. ક્ષીરકુંડની પશ્ચિમે દેવ તીર્થ છે. ત્યાં દેવરાજ ઈંદ્રે પ્રતિ વર્ષે સ્નાન કરીને વલ્મીકીમાં રહેનારા મહાદેવની આદર પૂર્વક પૂજા કરી. વર્ષને અંતે ત્રણપ્રદક્ષિણાઓ કરીને દંડવત્ પ્રણામ કર્યા. દેવરાજ તેથી દુઃખમાંથી છૂટીને મુક્ત થયો. માટે ફાલ્ગુન માસના ઉત્તરા નક્ષત્રમાં તે તીર્થમાં નાહીને વલ્મીકવાસી મહાદેવની ત્રણ પ્રદક્ષિણાઓ કરીને અલ્પ ધન આપે તો પણ ભવબંધનથી છૂટાય છે. રવિવારે આર્દ્રા દિનિયા નક્ષત્રને દિવસે અને ખાસ કરીને કૃષ્ણપક્ષની અષ્ટમીએ આ દેવ તીર્થમાં સ્નાન કરતાં પરમ ગતિ થાય છે.

સેતુમધ્યમાં ગંધમાદન નામનું મહાતીર્થ છે. ત્યાં શ્રી રામચંદ્રજી પધાર્યા હતા. તેમની સાથે સીતા તથા લક્ષ્મણ તથા સુગ્રીવ વિગેરે ઉત્તમ સેવકો તથા મુનિયો, તથા દેવ, ગંધર્વ, યક્ષ, વિદ્યાધર, વિગેરે અનેક સમૂહો ભેગા થયા. ત્યાં આ તીર્થમાં તેમણે સ્નાન કર્યું છે. અને રાક્ષસોના સ્વામી રાવણનો વધ કરવાથી બ્રહ્મહત્યા થઈ હતી તે આ સ્નાન વડે નિવૃત્ત થઈ છે. શ્રી રામેશ્વર મહાદેવની ત્યાં પ્રતિષ્ઠા કરી, અને તે તીર્થના માહાત્મ્યનું જ્ઞાન થતાં ઉત્તમ ધનનું દાન કર્યું. વ્યતિપાત હોય, ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ હોય, કે રવિ કે શુક્રવાર હોય, કે કાંઈ પર્વનો દિવસ હોય, કે આદ્રા દિનિયું નક્ષત્ર હોય, કે વિષુવમાં સૂર્ય પેસતો હોય, કે મિથુન, કન્યા, ધન કે મીન રાશિમાં સૂર્ય પ્રવેશતો હોય, તેવે દિવસે અથવા સૂર્યોદય થતાં અર્ધ સૂર્ય ક્ષિતિજ ઉપર આવ્યા હોય અને અર્ધ નિચે હોય, તે સમયે તથા કોઈ પણ શુભ મુહૂર્તના સમયમાં આ તીર્થમાં સ્નાન કરીને યથાશક્તિ દાન કરવું. રામેશ્વર મહાદેવના દર્શન કરીને લૌકીક તથા વૈદિક સ્તોત્રો વડે તેમની સ્તુતિ કરવી. ભક્તિથી ત્રણ પ્રદક્ષિણાઓ કરવી. તેથી મોટાં બ્રહ્મહત્યાદિ જેવાં પાપો પણ જાય છે. કોઈ કૃતઘ્ન હોય તે પણ અત્ર મૃત્યુ પામે તો મુક્ત થાય છે. એક કર્ષ જેટલા સોનાના શીક્કાને નિષ્ક કહે છે. એક કર્ષમાં ૧૬ માત્રા સોનું આવે છે. ૧૦૮ સુવર્ણ જેટલા સોનાના માપને પણ કર્ષ કહે છે.

દરેક સુવર્ણમાપની અંદર ૧૭૫ (Troy-grain) જેટલું સોનું હોય છે. આ પ્રકારે આદરપૂર્વક નિષ્ક સુવર્ણનું દાન કરવું. માસને અંતે, તથા પર્વને દિવસે ઉપવાસ કરવો. એમ કરવાથી બ્રહ્મહત્યા, સુરા પાન, સુવર્ણ ચોરી આદિ પાપો બુદ્ધિપૂર્વક પણ થયાં હોય છે તેમાંથી પણ નક્કી છૂટાય છે. અત્ર સ્નાન કરીને ઘણા કૃતાર્થ થયા છે.

આ તીર્થોને પૂર્વે વેદોમાં, શાસ્ત્રોમાં તથા શિવાગમમાં કહ્યાં છે. ભવાનીપતિ, દયાના સાગરે તેમાંથી જોઇને તે તીર્થોને અંબિકાને કહ્યાં છે તે જગદંબાએ કાર્તિકેયને કહ્યાં છે. તેમણે બ્રહ્માને, ને ચતુર્મુખ બ્રહ્માએ મ્હારા ગુરૂ વ્યાસ ભગવાનને કહ્યાં છે. અનહદ દયાના સાગર મારા ગુરૂએ, તેમને સર્વત્ર પ્રસિદ્ધ કરવા માટે મને કહ્યાં છે. જગતના હિતને માટે પરમ કૃપાથી તેજ મેં તમને કહ્યાં છે. પરમશિવને પ્રસન્ન કરવાને માટે આનંદ-પૂર્વક તમારા શિષ્યોને તમારે આ તીર્થ માહાત્મ્ય કહેવું. જે શુભ મુહૂર્તમાં આ તીર્થમાહાત્મ્યનો પાઠ કરે તે સર્વ પાપથી મુક્ત થાય છે. જે પ્રતિ-દિવસ તેનું શ્રવણ કરે છે તથા શુભ મુહૂર્તોમાં પણ તેનું શ્રવણ કરે છે. તે સર્વ પાપથી છૂટી શિવલોકમાં મહાપદને પ્રાપ્ત કરે છે. તીર્થોમાં કે શ્રાદ્ધ કાલે જે આ તીર્થમાહાત્મ્યનું શ્રવણ કરાવે છે તેનું સકલદારિદ્ર નાશ પામે છે અને મહા ધનવાન બને છે. જે આનંદપૂર્વક આનું શ્રવણ કરશે, દેવપૂજા કરે છે તેને હરિ, બ્રહ્મા તથા મહેશ્વર પ્રસન્ન થાય છે. સર્વ ભૂતનું કલ્યાણ કરવામાં તત્પર એવા ભગવાન શ્રી દેવકીનંદન પ્રતિદિવસ શ્રી મહાદેવને પ્રસન્ન કરવા અર્થે આ તીર્થ માહાત્મ્યનો પાઠ કરે છે. માટે એ મહાદેવને પ્રસન્ન કરવા સારૂ તમારે પણ મહાભક્તિથી તેનો નિત્ય પાઠ કરવો એટલું કહીને ભગવાન સૂતપુરાણી અત્યંત પ્રસન્ન થયા. સોમ, લલાટે અર્ધચંદ્રવાળા સર્વજ્ઞ, સર્વના કર્તા, સંસાર રોગના ઔષધ રૂપ, દેવ દાનવ તથા મુનિમાં પણ જે જે શ્રેષ્ટ હોય તેવા સર્વ જેમના ચરણ-કમળમાં પ્રણામ કરી રહ્યા છે, એવા જગદ્દગુરૂ શ્રી મહાદેવનું સૂત ભગવાને ધ્યાન ધર્યું, તથા તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી સંસાર સમુદ્રમાં નાવ રૂપ, સદ્દગુરૂ શ્રી વેદવ્યાસનું સ્મરણ કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એ પ્રમાણે કરીને મુનિઓને તે સ્થાને વરદ શબ્દો કહીને શ્રી સૂત ભગવાન કૈલાસ પર્વત પ્રતિ પધાર્યા.

એ રીતે શિવમાહાત્મ્ય ખંડમાં તીર્થમાહાત્મ્ય નામનો તેરમો અધ્યાય સંપૂર્ણ થયો.

એ પ્રમાણે ૧ શ્રી શિવમાહાત્મ્ય ખંડ સંપૂર્ણ થયો.

॥ ૐ શ્રી ॥

શ્રી સૂત સંહિતા.

(અવિસ્તર રહસ્ય અને વિસ્તીર્ણ ટીકા સાથે)

અર્થાત્

સમગ્ર ધર્મશાસ્ત્રાર્થનો સંગ્રહ.

શ્રી જ્ઞાનયોગ ખંડ.

૨.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૧.

જ્ઞાનયોગ સંપ્રદાય પરંપરા.

આપણે શિવમાહાત્મ્ય નામના પહેલા ખંડમાંથી નિર્ણય કર્યો કે અનિષ્ટની આત્યંતિક નિવૃત્તિ તથા ઇષ્ટની નિત્ય પ્રાપ્તિ કરવાની છે. તે અર્થે ઉપાસ્ય દેવતાની અનિવાર્ય અગત્ય છે અને તે પ્રકારનું તત્વ અસ્તિત્વમાં છે. એ તત્વ સાથે એકતાનો સંબંધ બાંધવાથીજ પરમમુક્તિ નામનું આપણું આ કાર્ય સિધ્ધ કરવાનું છે. બીજી રીતે એ બની શકે તેમ નથી માટે એ સ્વરૂપ આપણી જ્ઞાતવ્ય વસ્તુ છે. એ પ્રમાણેનો ઉપદેશ લીધો. હવે એ જ્ઞાતવ્ય વસ્તુનું જ્ઞાન ક્યાં સાધનો વડે પ્રાપ્ત કરવું એ વાર્તા જાણવી આવશ્યક છે. આ સંબંધી વિચાર આ જ્ઞાનયોગ ખંડમાં કરાયા છે. જ્ઞાનયોગ ખંડમાં યોગ શબ્દનો અર્થ ઉપાયો, સાધનો એવો છે. જેના વડે જ્ઞાનની પ્રાપ્તિ કરાય છે તેવાં જ્ઞાનનાં સાધનો સૂચક આ શબ્દનો પ્રયોગ થયો છે.

૧. અધ્યાય. જ્ઞાન યોગ સંપ્રદાય પરંપરા.

આ સાધના ઉપર શ્રદ્ધા થવા અર્થે એટલે તે સાધનો જ્ઞાનને ઉત્પન્ન કરી શકશે કે કેમ, તે વિષયક સંશયને પ્રથમથી દૂર કરીને ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરાવવા અર્થે પૂર્વે તે સાધનોના પ્રયોગ કોણે કોણે કર્યા છે તે તથા ઉત્તરોત્તર તે સાધનોના ઉપદેશ ગુરૂશિષ્ય દ્વારા તે કેવી રીતે ચાલી આવ્યા છે એ વાર્તાને આ અધ્યાયમાં કહી છે. સારાંશ કે આ માત્ર કલ્પના નથી પણ આ સાધનોને આચારમાં મૂકાઇને પછીજ તેમના સામર્થ્યોનો ઉપદેશ થયેલો છે.

૨. અધ્યાય આત્મદેવ કૃત સૃષ્ટિ.

પ્રાપ્તવ્ય તથા જ્ઞાતવ્યના સ્વરૂપના જ્ઞાનનું તથા તે જ્ઞાન મેળવવાના

ઉપાયોનું માત્ર શ્રવણ કરવાથી આપણું કાર્ય સિદ્ધ થતું નથી, પણ આ બધાને આચારમાં ઉતારવું આવશ્યક છે, અને આચારમાં મૂકવાનો અધિકાર અત્યંત દૃઢ શ્રદ્ધા વિના પ્રાપ્ત થતો નથી. હોમ, દાન, તપ આદિ શ્રદ્ધા વિના માત્ર દેખાવ કરવા અર્થે, ગર્વને પોષવા અર્થે અથવા અનુકરણ રૂપેજ કરાયલાં હોય તો તેમને અસત્ કર્મો કહેલાં છે. એ શ્રદ્ધાની જ્ઞાનમાં તો અત્યંત જરૂર છે. અને અનધિકારીઓને તે જ્ઞાન આપી દેવાની મૂર્ખાઇ કરવાની નથી. સત્વ રજસ્ અને તમસ્‌ના ક્રમે આધિક્ય વડે વેદાન્ત શ્રવણ અષ્ટાંગ યોગ તથા વર્ણાશ્રમધર્મનું અનુષ્ટાન વિશેષ અંશે પ્રાપ્ત થાય છે. પોતાની ગણના ક્યા પ્રકારના અધિકારીમાં કરવી તેનો નિશ્ચય થવા અર્થે પોતે પોતાની ઉત્પત્તિનું જ્ઞાન મેળવવું જોઇએ તેને આ અધ્યાયમાં કહ્યું છે.

૩. અધ્યાય બ્રહ્મચર્યાશ્રમવિધિ.

પૂર્વના અધ્યાયમાં પોતાની ઉત્પત્તિનું જ્ઞાન મેળવીને જાણ્યું કે પોતે ક્યા વર્ણનો એટલે કઇ જ્ઞાતિનો છે અને તે નિર્ણયને અનુસરીને પોતાના વર્ણને માટે શાસ્ત્રમાં કહેલા ધર્મોનો અંગીકાર આચારમાં મૂકવા માટે કરવાનો છે. તેમાં વયના જૂદા જૂદા સમયોમાં જેને આશ્રમ ધર્મરૂપે કહેલા છે તે સમજવાની જરૂર છે. તેમાં પ્રથમનો આશ્રમ બ્રહ્મચર્ય નામથી કહ્યો છે. તે આશ્રમના વિધિને તથા તેમાં પાલન કરવાના ધર્મોને આ અધ્યાયમાં કહેલા છે.

૪. અધ્યાય ગૃહસ્થાશ્રમવિધિ.

બ્રહ્મચર્ય ધર્મનું યથાર્થ પાલન કરીને પોતાની જાતિને ઉદ્દેશીને જે જ્ઞાન મેળવવાની જરૂર છે તે જ્ઞાનને જેણે પ્રાપ્ત કર્યું છે તેને એકલાનેજ પોતાના આચાર્યની સંમતિપૂર્વક વિવાહ કર્મ કરીને ગૃહસ્થ થવાનો અધિકાર છે, અન્યને નથી. એ વાર્તા તથા ગૃહસ્થાશ્રમનો વિધિ તથા ધર્મોને આ અધ્યાયમાં કહ્યા છે.

૫. અધ્યાય વાનપ્રસ્થાશ્રમવિધિ.

ધર્મ તથા અર્થની પ્રથમના બે આશ્રમોમાં પ્રાપ્તિ કરી કામ નામના ત્રીજા પુરૂષાર્થ રૂપ તુષ્ટિને જેણે પ્રાપ્ત કરી છે એવા સંતૃપ્ત ગૃહસ્થે સન્યાસ નામના અંતિમ આશ્રમ અર્થે તૈયારી કરવા રૂપ તપપ્રધાન આશ્રમને એ ધારણ કરે છે એ વિધિને તથા વનીના ધર્મોને આ અધ્યાયમાં કહેલા છે.

૬. અધ્યાય. સન્યાસ વિધિ.

યજ્ઞ, અધ્યયન તથા દાનને, ધર્મ સ્કંધો કહેલા છે. તે જેમાં વિશેષ રૂપે પ્રવર્તે છે તે પ્રકારના ત્રણ આશ્રમોને એ રીતે કહ્યા. પછી જ્ઞાન સ્કંધ

નામતો સન્યાસાશ્રમ ધારણ થાય છે. એમાં બ્રહ્મનિષ્ઠાજ મુખ્ય સ્વરૂપે પ્રવર્તે છે. કુટીચક, બહૂદક, હંસ, અને પરમહંસ એ પ્રકારો ઉત્તરોત્તર વૃત્તિભેદવડે સન્યસ્તાશ્રમના ધર્મોને તથા વિધિને આ અધ્યાયમાં વર્ણવેલા છે.

૭. અધ્યાય. પ્રાયશ્ચિત્ત.

ઉપર પ્રમાણે વર્ણાશ્રમ ધર્મોને કહીં બતાવ્યા છે. તેમાં અમુક આચારનું પાલન કરવું એ પ્રકારની આજ્ઞાને વિધિ ધર્મ કહ્યો છે અને અમુક ન કરવું એ આજ્ઞાને નિષિદ્ધ ધર્મ કહ્યો છે. આ ધર્મોનું અનુષ્ઠાન નિત્ય કરવાનું હોવાથી તેમને નિત્ય ધર્મ એવું નામ આપેલું છે. પ્રમાદ આદિને લીધે નિત્ય ધર્મમાંથી સ્ખલન થાય છે તે રૂપ પાપની નિવૃત્તિ કરવા નિમિ-તે પ્રાયશ્ચિત્તની અપેક્ષા રહે છે. આ પ્રાયશ્ચિત્ત રૂપે કહેલા ધર્મોને નૈમિત્તિક ધર્મ કહ્યા છે તેમનું સ્વરૂપ તથા વિધિને આ અધ્યાયમાં આપ્યા છે.

૮. અધ્યાય. દાનધર્મ કથન.

જેમનાં પાપો પ્રાયશ્ચિત્ત ધર્મ વડે ધોવાયાં છે, તેમણે દાન કરવારૂપ ધર્મનું પાલન કરવાનું છે. વિદ્યા તથા અન્નાદિ પદાર્થો દાનના વિષય રૂપે હોય છે. એ દાનનો વિધિ તથા તેના ફળ સહિતનું વર્ણન આ અધ્યાયમાં આપ્યું છે.

૯. અધ્યાય પાપકર્મ ફલ

સ્વર્ગાદિ વિષયક સુખ પ્રાપ્તિને અર્થે ઉપાયરૂપે ધર્મને કહ્યો. મોક્ષને માટે ઉપાય રૂપે તેથી આગળ વધીને જ્ઞાનની પ્રાપ્તિને સાધન રૂપે કહી. તેમને પોતાના અંતઃકરણની સામગ્રી અનુસાર આચારમાં મૂકે છતાં નિષિદ્ધ ધર્મોનો ત્યાગ ન કરે તો નરકની પ્રાપ્તિ થાય છે. તેમાંથી બચવા અર્થે નિષિદ્ધ ધર્મો કયા છે તે જાણવાની જરૂર રહે છે, તેનું સ્વરૂપ આ અધ્યાયમાં કહ્યું છે.

૧૦. અધ્યાય પિંડોત્પત્તિ.

જેમનામાં સત્વ ગુણની અત્યંત અધિકતા છે તેવા અધિકારીઓએ તો જ્ઞાન પ્રાપ્તિના સાધનરૂપે માત્ર વેદાંત વાક્યના શ્રવણને કરવાનું છે. તેમને માટે અન્ય ઉપાયોની યોજના નિરર્થક છે. અન્ય અધિકારીઓ દૃષ્ટાંત રૂપે લઇને સરલતાથી અનુસરી શકે તેવા ઉપકારમય આશયથીજ

આ ઉત્તમ અધિકારીઓ કર્મ કરે છે. જેમનામાં તમસગુણની અધિકતા છે તેમનાં અંતઃકરણોમાં તે તમસ્‌ના કાર્યરૂપ મલ વિશેષ હોય છે. આ મલ નામના પ્રતિબંધક પાપો જ્ઞાનની પ્રાપ્તિમાં વિઘ્ન કરે છે. તે વિઘ્નોને કરનાર પ્રતિબંધોને વર્ણાશ્રમ ધર્મનું પાલન ધોઈ નાંખે છે. એ પ્રકારના ધર્મો કહેવાયા. આ પ્રમાણે થતાં તે અધિકારીઓ મધ્યમ વર્ગમાં આવે છે. મલનો નાશ થયો છે. છતાં રજસ્ ગુણની અધિકતા ચિત્તમાં તેમને રહેલી છે. અને તે કારણથી જ્ઞાનની પ્રાપ્તિમાં વિક્ષેપ થયા કરે છે અને જ્ઞાનાર્થે જે ચિત્તની એકાગ્રતા થવી જોઇએ તે થતી નથી. આ કરવા અર્થે આ અધિકારીઓને માટે યોગ માર્ગનું પ્રતિપાદન કરવાનું છે. આ યોગ શરીરવડે સિદ્ધ કરાય છે, માટે શરીર સંબંધી જ્ઞાનની જરૂર છે. પિંડ એટલે જે શરીર, તેની ઉત્પત્તિને કહીને આ અધ્યાયમાં આ કાર્યને અનુરૂપ શરીરનું જે આવશ્યક જ્ઞાન તે આપેલું છે.

૧૧. અધ્યાય. નાડીચક્ર.

શરીરની સ્થિતિના આધારરૂપ જે નાડીઓ વડે શરીર પોતાના વિવિધ કાર્યોમાં યોજાઇ રહેલું છે તે નાડીઓ સંબંધી જ્ઞાનની જરૂર છે. કારણકે નાડીને અધીન શરીરની સ્થિતિ રહે છે. નાડીચક્ર ઉપર સ્વામિત્વ પ્રાપ્ત થતાં શરીર અને તે દ્વારા મન પોતાના વિક્ષેપક સ્વભાવને તજીને ચિત્તની એકાગ્રતા કરવામાં સાહાય્ય કરે છે. આ પ્રકારના નાડીચક્રનું ભાન આ અધ્યાયમાં કરાવ્યું છે.

૧૨. અધ્યાય. નાડીઓની શુદ્ધિ.

નાડીઓમાંથી મળરૂપ પાપને દૂર કરવું. એ નાડીઓનું શોધન છે અને એક પછી એક નાડીમાં ચિત્તવૃત્તિના પ્રેમ પ્રવાહનો પ્રબળ ઝરો વહેવરાવવો એના જેવું નાડી માત્રને શુદ્ધ કરવાનું પ્રબળ સાધન અન્ય નથી. આ સાધનનેજ સંયમ નામથી ઓળખાવ્યું છે. આ વિગેરે નાડીની શુદ્ધિના ઉપાયોને ટુંકામાં કહીને આઠ અંગવાળા યોગમાર્ગનું જ્ઞાન આપવાની પ્રતિજ્ઞા થાય છે. ૧ યમ, ૨ નિયમ, ૩ આસન, ૪ પ્રાણાયામ, ૫ પ્રત્યાહાર, ૬ ધારણા, ૭ ધ્યાન, અને ૮ સમાધિ એ રીતે યોગના આઠ અંગો કહ્યાં છે તે દ્વારા નાડીની શુદ્ધિ થાય છે.

૧૩, અધ્યાય. યમવિધિ.

યમના દશ અંગો કહેલાં છે. ૧ અહિંસા. ૨ સત્ય, ૩ અસ્તેય. ૪ બ્રહ્મચર્ય, ૫ દયા, ૬ આર્જવ, ૭ ક્ષમા, ૮ ધૃતિ, ૯ મિતાહાર; ને ૧૦ શૌચ. તેમાં યમ શબ્દનો ધાતુ અર્થ યત્ન કરવો અને તે દ્વારા વ્યવસ્થામાં ગોઠવાવવું તેવો થાય છે. આ પ્રકારના યોગના અંગને આ અધ્યાયમાં કહ્યું છે.

૧૪ અધ્યાય નિયમવિધિ.

એનાં પણ દશ અંગ છે. ૧ તપ. ૨ સંતોષ. ૩ આસ્તિક્ય. ૪ દાન. ૫ ઇશ્વિરપૂજન. ૬ સિદ્ધાંત શ્રવણ ૭ હ્રી. ૮ મતિ. ૯ જપ અને ૧૦ વ્રત એ રીતે યત્ન કરતાં નિયમોમાં રહેવાનો અભ્યાસ કરાવવા અર્થે આ અધ્યાયમાં વર્ણન કરેલું છે.

૧૫. અધ્યાય. આસનવિધિ.

આસનનો જય થતાં ચિત્તની એકાગ્રતા વધે છે તથા શૈત્ય, ઔષ્ણ્ય આદિનું બળ સાધક ઉપર કમી થતું જાય છે. એ પ્રકારનું આસનનું સ્વરૂપ તથા મુખ્ય આસનોનો વિધિ આમાં આપ્યો છે.

૧૬ અધ્યાય પ્રાણાયામ વિધિ.

આસનની દૃઢતા સિદ્ધ થાય છે ત્યારેજ ઉપદ્રવ રહિતપણે પ્રાણાયામ કરી શકાય છે, પ્રાણના ઉપર સ્વામિત્વ પ્રાપ્ત થતાં ચિત્તની સ્થિરતા થાય છે આમ હોવાથી રેચક, પૂરક અને કુંભકરૂપે તથા અન્ય તેના પ્રકારો સહિત પ્રાણાયામના વિધિને આ અધ્યાયમાં વર્ણવેલો છે.

૧૭. અધ્યાય પ્રત્યાહાર વિધિ.

ઇન્દ્રિયોનું નિયમન કરવું એને પ્રત્યાહાર કહે છે. પોતાના વિષયનો અભાવ હોય તે સમયે ઇન્દ્રિયો પાછી અંતર્મુખ થઇને ચિત્તમાં જોડાઈ રહે અને ચિત્ત તેથી પોતાના આત્મતત્વમાં એકાગ્ર થઇને સ્વરૂપાકાર થાય તેને પ્રત્યાહાર કહ્યો છે. તે પ્રત્યાહારના વિધિને આ અધ્યાયમાં વર્ણવ્યો છે.

૧૮. અધ્યાય. ધારણાવિધિ.

ચિત્ત પ્રત્યાહાર વિધિથી વશ થતાં ધારણા નામની ક્રિયાની યોગ્યતાને

ધારણ કરે છે. આ ધારણા અર્થે પોતપોતાના સદ્‌ગુરુશ્રી અમુક સ્વરૂપનો ઉપદેશ કરે છે અને અધિકારમાં વૃદ્ધિ થતાં થતાં ક્રમે ક્રમે ઉચ્ચ સ્વરૂપ રચી આપે છે. એ પ્રકારના સ્વરૂપને સમજીને તેને ચિત્તમાં ધારણ કરવું એ ક્રિયાને ધારણા કહી છે. એ ધારણાના વિધિને આ અધ્યાયમાં સમજાવ્યો છે.

૧૯. અધ્યાય. ધ્યાન વિધિ.

ધારણાના અભ્યાસથી મનની ચપલતા છૂટવા માંડે છે. અને જે મનને, સાધન રૂપ પ્રયત્નને આચારમાં ન મૂકનારના સંબંધમાં, વાયુના જેવું અશક્ય વર્ણવેલું છે તેજ મનને પકડીને સ્થિર થવાની યોગ્યતાવાળું કરાય છે, ત્યારે મન ધ્યાનનું અધિકારી થાય છે. તે પ્રકારના મનરૂપ ચિત્તને માટે સગુણ નિગુર્ણ આદિ ભેદવાળા ધ્યાનનું સ્વરૂપ આ અધ્યાયમાં આલેખ્યું છે.

૨૦. અધ્યાય. સમાધિ.

આ ધ્યાનરૂપ ક્રિયામાં ધ્યાન કરવાનું જે ધ્યેય સ્વરૂપ તેને પ્રયત્ન પૂર્વક વારંવાર ચિત્તમાં ખડું કરવામાં આવે છે. પણ તે સ્વરૂપ વારંવાર છટકી છટકીને જતું રહે છે. ધારણાની સિદ્ધિથી તે સ્વરૂપનું ભાન કરી કરીને ધ્યાન દ્વારા તે સ્વરૂપને ચિત્તમાં ખડું કરાય છે. તે સ્વરૂપને ચિત્તમાં ટકી રહેવાના સમયને ધૈર્યથી ધીરે ધીરે અધિક અધિક દીર્ઘ કરાય છે, અને તે પ્રયત્નને અન્તે એ પ્રકારના સ્વરૂપને ચિત્તમાં પોતાના સંકલ્પ અનુસાર સમય સુધી ટકાવી રાખવાના સામર્થ્યને મેળવવું તે સમાધિ કહેવાય છે. આ સામર્થ્યની અન્તે તે સ્વરૂપ કદીજ વિલાય નહિ તેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે તેને સંવિત્ એટલે જ્ઞાનરૂપ ફલની પ્રાપ્તિ કહી છે.

એ રીતે જ્ઞાનની પ્રાપ્તિના ઉપાયોનું વર્ણન કરીને આ ખંડને પૂર્ણ કર્યો છે.

એ રીતે તમસ તથા રજસની અધિક ઉપાધિવાળા અધિકારીઓને માટે ઉત્તમ અધિકાર પ્રાપ્ત થતાં મુકિતની પ્રાપ્તિ કરવાની તે અર્થે પછી ત્રીજા મુક્તિખંડનો સ્વતંત્ર આરંભ કર્યો છે. તેના અધ્યાયોના સંબંધ તથા વિચારોની સંકલનાનું સ્વરૂપ તે ખંડના આરંભમાં અપાશે. માટે હવે આ જ્ઞાનયોગખંડનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું તેથી જ્ઞાનયોગખંડનો પ્રથમ અધ્યાય જ્ઞાનયોગ સંપ્રદાય પરંપરા છે અને તેજ આ વર્તમાન અધ્યાય છે.

કૈલાસનું રમણીય શિખર શોભી રહેલું છે. નાના પ્રકારનાં રત્નોથી એ સ્થાન ભરપૂર છે. વિવિધ રંગોને પ્રતીત કરાવનારાં તથા સુગંધના ધાડા પ્રવાહને પ્રસરાવી રહેલાં પુષ્પો ઉભરાઈ જાય છે. વિવિધ પ્રકારના મૂલ, ફલ તથા જલ પોતાના મિષ્ટ સ્વાદથી પોષણ આપવા તથા સંતોષનો અનુભવ કરાવવા માટે તીવ્ર આકાંક્ષાથી તત્પર થઈ રહેલાં છે. વિવિધ પ્રકારની વેલીઓ વૃક્ષાદિને વિંટાઇને સૌંદર્યથી તે પ્રદેશને છાઈ રહેલી છે. અનેક પ્રકારનાં સુંદર વૃક્ષોની ઘટાઓ અત્યંત શોભા આપી રહી છે. મૃગાદિ પશુઓ આમ તેમ ગેલ કરતાં પ્રસન્નતાથી મસ્ત બની રહેલાં છે. અનેક યોગીઓ, સિધ્ધો, મુનિયો, દેવો, ચારણો, યક્ષો તથા ગંધર્વોની ભારે ભીડ ત્યાં મચી રહી છે.

એવા સુંદર કૈલાસના શીખર ઉપર મુનિ ગણનો સમાજ ભરાઇને બેઠો છે. તેમાં ૧. વિષ્ણુ વૃદ્ધ. ૨. વિશાલાક્ષ, ૩. વત્સ, ૪ કુંડિન, ૫ આસન ૬. જાબાલ, ૭ જમદગ્નિ, ૮ જર્જર, ૯ જંગમ, ૧૦ જય, ૧૧ પકવ, ૧૨ પાશધર, ૧૩ માર, ૧૪ મારગ, ૧૫ પંડિતોત્તમ ૧૬ મહાકાય ૧૭ મહાગ્રીવ, ૧૮ મહાબાહુ, ૧૯ મહોદર, ૨૦ ઉદ્દાલક, ૨૧ મહાસેન, ૨૨ આર્ત, ૨૩ આમલક પ્રિય, ૨૪ એકપાદ, ૨૫ દ્વિપાદ, ૨૬ ત્રિપાદ, ૨૭ પદ્મ નાયક, ૨૮ ઉગ્ર વીર્ય, ૨૯ મહા વીર્ય, ૩૦ ઉત્તમ, ૩૧ અનુત્તમ, ૩૨ પટુ, ૩૩ પંડિત, ૩૪ કરુણ, ૩૫ કાલ, ૩૬ કૈવલ્ય, ૩૭ કલાધર, ૩૮ કલ્પાંત, ૩૯ કંકણ, ૪૦ કણ્વ, ૪૧ કાલાગ્નિ, ૪૨ રૂદ્ર, ૪૩ શ્વેત બાહુ, ૪૪ મહા પ્રાજ્ઞ, ૪૫ શ્વેતા શ્વતર, વિગેરે મુનિઓ પોતાના શિષ્યો તથા પ્રશિષ્યો સહિત ભેગા મળ્યા છે. સર્વને પોતાના જીવત્વ રૂપ પાશોને છેદવાની ઉત્કટ ઇચ્છા થઈ રહી છે અને તે માટે વેદના અર્થનો વિચારએ કરી રહ્યા છે. છતાં કાર્યની ગહનતાના કારણથી અકળાઇને મુંઝાઈ ગયા છે. તેથી પોતાના નેતા રૂપ સદ્ગુરૂ પ્રતિ વૃત્તિને આ સર્વ મુનિ મંડળે વાળી. આ સદ્ગુરુ અન્ય કોઈજ નથી. પણ આપણા શ્રી સૂત ભગવાન છે. તેઓ શ્રી સુખાસને વિરાજીત છે. અત્યંત પ્રસન્નતા તેમના મુખ ઉપર ખીલી રહી છે. સુંદર નેત્રોની શોભામાં કરુણાને વહેવરાવી રહ્યા છે. મુખ ઉપર સુસ્મિતનો પ્રકાશ અરુણવત્ વિકસી રહ્યો છે. સર્વથા પવિત્રતાનું ભાન કરાવી રહ્યા છે. પોતાના તેજ વડે આખા જગત્ ઉપર પ્રકાશને નાંખી રહ્યા છે. સર્વના ભય માત્રને દૂર કરી રહ્યા છે. સર્વ શાસ્ત્રના અર્થનું તથા તેમાં કહેલા તાત્પર્યરૂપ તત્વનું પ્રત્યક્ષવત્ ભાન કરી રહ્યા છે. સર્વ વેદ વેદાન્ગો જેમણે પારંગત કર્યા છે. સર્વાંગે ભસ્મ લગાવી દીધી છે. મસ્તકે ત્રિપુંડ્ર શોભી રહ્યું છે.

રુદ્રાક્ષની માળાઓ અલંકાર રૂપે ધારણ કરી છે. જટામંડલ શોભી રહ્યું છે. ઇન્દ્રિયો તથા ક્રોધના ઉપર તેમણે વિજય મેળવેલો છે. જગતના ગુરુ શ્રી વ્યાસભગવાનનો અનુગ્રહ એમનામાં સર્વત્ર વ્યાપી રહ્યો છે. વ્યાસના જેવાજ પોતે નિઃસ્પૃહ છે. વેદમાર્ગમાંજ નિત્ય નિષ્ઠાવાળા છે. વેદમાર્ગમેજ પ્રવર્તાવી રહ્યા છે. એવા જીવનમુક્ત શ્રી સૂતભગવાન ત્યાં વિરાજી રહ્યા છે. તેઓશ્રીની કાયા, શિર તથા ગ્રીવા ટટાર રહેલાં છે. નયનની દૃષ્ટિ પોતાની નાસિકાના અગ્ર સાથે સંબંધ કરી રહી છે. બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ, આ પ્રકારના સંયમપૂર્વક પોતાના આત્મતત્વનું ધ્યાન ધરતા સમાધિમાં બેઠેલા છે, તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામો કર્યા તથા તેમની સ્તોત્રો વડે સ્તુતિ કરી, અને કહ્યું કે આપે જે જે કહેવા યોગ્ય છે તે સર્વને સંક્ષેપથી તથા વિસ્તારથી ઘણી વખત અમને કહ્યું છે છતાં અનાદિ જન્મોની પરંપરાથી પાપરૂપ ઉપાધિ અમારાં ચિત્તોમાં એટલી બધી ભેગી થઈ છે કે અમારાથી સત્ય જ્ઞાનનું સ્વરૂપ સમજાય તેમ નથી બનતું. માટે તે પાપોનો ક્ષય કરવાની અને તે દ્વારાજ સમજાય તેવો જ્ઞાનનો ઉપાય તથા તેના હેતુને કૃપા કરીને સમજાવો. સાક્ષાત વિષ્ણુરૂપ જગતના નાથ દ્વૈપાયન સદ્ગુરુશ્રી પાસેથી આપે તે જ્ઞાનના ઉપાયને પ્રાપ્ત કર્યો છે. આપના શિવાય અમારૂં કાર્ય કરી શકે તેવા આ ભૂતલ ઉપર કોઈ અન્ય જ્ઞાનીને અમે દેખતા નથી. તો અમારા ઉપર દયા કરીને સંક્ષેપમાં જે કહેવા જેવું હોય તે કહો.

આ પ્રમાણે વિજ્ઞપ્તિ થતાં શ્રી સૂત મહાત્માએ એક ચિત્તથી પ્રથમ શ્રી મહેશ્વરનું દીર્ઘ સમય સુધી સ્મરણ કર્યું. શ્રી અંબિકા શક્તિવાળા હે સાંબ ! આપ સર્વના સાક્ષાત ઈશ્વર છો. જનન મરણરૂપ રોગને આપ ટાળો છો. જ્ઞાન માત્રના ભંડાર છો. સર્વ વ્યાપી છો. શર્વ રૂપે ભૂતમાત્રનું હિત કરવામાં રમણ કરી રહ્યા છો. વ્યાઘ્રચર્માંબર ધારી છો. વિજ્ઞાન માત્રમાં રમી રહ્યા છે. વિભુ છતાં ચાર ભુજાવાળા છો. શરદઋતુના ચંદ્રના પ્રકાશ જેવી શ્વેતકાંતિવાળી આપની આકૃતિ છે. ગંગાને આપે મસ્તક ઉપર ધારણ કરેલી છે. સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ પર સ્પર વિરૂપતાને ધારણ કરે છે. તે આપનાં નેત્રરૂપ હોવાથી આપ વિરૂપાક્ષ છો આપને લલાટે ચંદ્ર હોવાથી આપ ચંદ્રમૌલિ છો. જટાને આપે ધારણ કરેલી છે. સમુદ્ર મંથનના કાર્યરૂપ વિષનું આપે પાન કરેલું હોવાથી આપનો કંઠ તથા ગ્રીવા નીલ રંગથી શોભી રહેલાં છે.

એ રીતે સદાશિવનું ધ્યાન કર્યા પછી મહાભક્તિરસવડે અત્યંત

તેજવાળા પોતાના સદ્ગુરૂ શ્રી વ્યાસ ભગવાનનું સ્મરણ કર્યું. ઘણાજ હર્ષથી પોતાના સર્વ મનોરથ પરિપૂર્ણ થએલા અનુભવતા શ્રી સૂત ભગવાને શાંત ચિત્તથી લૌકિક તથા વૈદિક સ્તોત્રોવડે શ્રી મહેશ્વર તથા તેમના સ્વરૂપથી અભિન્ન શ્રી વ્યાસ ભગવાનની સ્તુતિ સારી પેઠે કરી અને તેમને સાક્ષાત દંડવત્ પ્રણામ કર્યાં. પછી મુનિગણ પ્રતિદૃષ્ટિ કરીને તેમને કહ્યું કે આપ સર્વ મહા ભાગ્યશાળી છો. એ પ્રકારે વરદાન આપીને કહ્યું કે હવે આપ એક ચિત્તથી શ્રવણ કરો. આ શબ્દ પ્રયોગથી તેમના ચિત્તમાં પ્રસન્નતા તથા ઉત્સાહનું વિશેષ દાન કર્યું. પછી પ્રસ્તુત વિષયનો આરંભ કર્યો.

જે પ્રશ્ન આપ કરો છો તેજ પ્રશ્ન પૂર્વે દેવગુરૂ શ્રી બૃહસ્પતિએ શ્રી મહેશ્વરને પૂછ્યો હતો. તે સમયે શ્રી મહાદેવજીના અંકમાં જગદંબા ઉમાદેવી બેઠેલાં હતાં. તે જગદંબા પ્રતિ દૃષ્ટિ રાખીને શ્રી મહાદેવજીએ એ પ્રશ્નનું ઉત્તર ગંભીર વાણીવડે આપ્યું છે. તે સમયે જગદંબાના ખોળામાં શ્રી કાર્તવીર્ય બેઠેલા હતા તેમણે એ ઉત્તરનું શ્રવણ કર્યું હતું. શ્રી કાર્તવીર્યે એ જ્ઞાનનો ઉપદેશ શ્રી વસિષ્ઠને કર્યો છે. તેમણે શક્તિને કર્યો છે. તેમણે પરાશરને કર્યો છે. શ્રી પરાશરે તે ઉપદેશ મ્હારા સદ્ગુરૂ શ્રી વ્યાસ ભગવાનને કર્યો છે. અનેક જન્મોનાં તપના બળથી શ્રી વ્યાસ ભગવાન પાસેથી તે જ્ઞાનનો ઉપદેશ મેં પ્રાપ્ત કર્યો છે. તેનું હું આપ સર્વને શ્રવણ કરાવું છું.

એ રીતે જ્ઞાનયોગ ખંડનો જ્ઞાનયોગ સંપ્રદાય પરંપરા નામનો પહેલો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ

અધ્યાય ૨.

આત્મદેવકૃત સૃષ્ટિ.

શ્રદ્ધાવાળાઓનેજ જ્ઞાનના ઉપાયોમાં તથા તે દ્વારા જ્ઞાનમાં અધિકાર છે, અન્યને નથી. હોમ, દાન, તપ તથા એ પ્રકારનાં સર્વ કર્મો શ્રદ્ધાપૂર્વક કરાયલાં હોતાં નથી તો તે સર્વ અસત્ એટલે મંદ ફળવાળાં થઈ પડે છે. આ કારણથી જ્ઞાનના સ્વરૂપની તથા ફળની અત્યંત ઉત્કૃષ્ટતાને સમજ્યાથી શ્રદ્ધા અત્યંત દૃઢ થાય છે. આ જ્ઞાનવડે અશેષ કલેશો દૂર થાય છે તથા નિત્ય નિરતિશય આનંદની પ્રાપ્તિ થાય છે. તેથી તે જ્ઞાન ઉત્તમ વસ્તુરૂપ છે. આ કારણથીજ તે અત્યંત ગુહ્ય રહસ્ય રૂપ છે. વિદ્વાનો ડોળ કરી, બકવાદ કરનાર અનધિકારી, પ્રતિ ગમે ત્યાં વગર વિચારે આ જ્ઞાનને ફેંકી મારવાનું નથી. આ જ્ઞાનના અધિકારીઓમાં ત્રણ ભેદ છે.

જે અધિકારીઓ વિશુદ્ધ સત્વવાળા છે તેમનાં ચિત્ત સ્થિર હોય છે. તેમને ઉત્તમ અધિકારી કહેલા છે, તેમને માટે જ્ઞાનના ઉપાય રૂપે વેદાંત શ્રવણ એકલુંજ છે. માટે તેમણે તો બીજું બધુંજ છોડી દઈને વેદાંત શ્રવણજ કરવું.

૨. અન્ય એવા અધિકારીઓ છે કે તેમને વિવેક તથા વૈરાગ્ય નામનાં સાધનો પ્રાપ્ત છે છતાં તેમનાં અંતઃકરણોમાં કાંઈક અંશે રજોગુણ અનુવૃત્ત થએલો છે. આ કારણથી તેમના ચિત્તમાં વિક્ષેપનો અનુભવ થાય છે, તેથી ચિત્ત સહજસાજ એકાગ્ર થતાં નથી. એમને મધ્યમ અધિકારી ગણ્યા છે. એમને માટે જ્ઞાનના સાધન રૂપે યોગમાર્ગને કહેલો છે. તે માર્ગને તેનાં આઠે અંગ તથા તેનાં ઉપાંગો સહિત સાધવાનાં હોય છે.

૩. અન્ય અધિકારીઓ એવા છે કે તેઓ માત્ર ઉત્સાહથીજ આ કાર્યમાં પ્રવૃત્ત થએલા હોય છે. જ્ઞાનને માટે તેમની ઇચ્છા સ્થિર થતી નથી. આ જ્ઞાનની ઇચ્છાને પ્રકટાવવા અર્થે તથા તે ઇચ્છાને સ્થિર કરવા માટે વર્ણાશ્રમ ધર્મોને કહ્યા છે. આ ધર્મોમાંથી ચુકાય તે નિમિત્તે તેમને માટે દાન ધર્મ આદિ કરવારૂપ ઉપાયોને કહ્યા છે. આ દાન આદિ પાત્ર જોઇને કરવાનાં છે. અને વિશુદ્ધ હૃદયવાળા જે હોય તેમનેજ પાત્ર કહ્યા છે. આ ત્રીજા પ્રકારના અધિકારીઓને અધમ અધિકારી રૂપે ગણ્યા છે. શ્રી શ્રુતિ ભગવતી કહે છે કે યજ્ઞ કરવાથી જ્ઞાનની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

પૂર્વે પરમાત્મ તત્વથી અભિન્ન રૂપે છતાં આ જગતની સ્થિતિ તમોમય હતી. તેમાં સત્વ ગુણનો ક્ષોભ થયો તેથી મહત્તત્વ ઉત્પન્ન થયું. પ્રથમ સાક્ષાત કેવલ શિવ એકજ હતા. તેમણે ત્રણ સ્વરૂપોને ધારણ કર્યાં. રજોગુણરૂપ ઉપાધિને ધારણ કરીને જગતની ઉત્પત્તિ કરનાર રૂપે પોતે બ્રહ્મા થયા. સત્વ ગુણને ધારણ કરીને ઉત્પન્ન કરેલી સૃષ્ટિનું પાલન કરનાર વિષ્ણુ ભગવાન રૂપે પોતે પ્રતીત થયા. તમસનો અંગીકાર કરીને તે સર્વેનો સંહાર કરનાર કાલ રૂદ્ર રૂપે પોતે થયા. આ ત્રણ ગુણની વિષમતા માત્ર વડેજ અધમ મધ્યમ ને ઉત્તમ રૂપે ગણાતી વિવિધ પ્રકારની એમની અસંખ્ય મૂર્તિઓ બની.

પ્રલય પછી નવીન સૃષ્ટિ અસ્તિત્વમાં આવવા અર્થે જગત્ અવ્યક્ત (latent) સ્થિતિમાં રહેલું હોય છે. તે સ્થિતિમાં રહેલા સંસ્કારો પરિપકવ થાય તેટલા સમય સુધી સુષુપ્ત અવસ્થામાં આ રીતે રહેલા હોય છે. એ સમય પૂર્ણ થતાં તે સંસ્કારો પરિપકવ થાય છે એટલે તે તે અવ્યક્તમાંથી શબ્દાદિ પંચ ભૂતો થાય છે. તેમાંથી શ્રોત્રાદિ પંચજ્ઞાનેન્દ્રિયો, તથા વાણી આદિ પંચ કર્મેન્દ્રિયો, વથા પ્રાણાદિ પંચ પ્રાણ, તથા મન બુદ્ધિ અહંકાર અને ચિત્ત એ પ્રકારનું અંતઃકરણ ચતુષ્ટય નીકળી આવ્યાં. એ સર્વ એકબીજાથી ભિન્ન સ્વરૂપને ધારણ કરતાં તથા કાલને અધીન વર્તતાં પ્રતીત થયાં. આ કાલ તત્વ તેમાંથી કોઇને અધીન નથી. પ્રલયના સમયમાં આખું જગત વિલાઇ ગએલું હોય છે. તે વખતે પણ માયા અને આત્માના સંબંધરૂપ થઇને આ કાલ પોતાના સામાન્ય સ્વરૂપેજ કાયમ રહે છે. એ પ્રકારના કાલને અધીન તમોમય કારણમાંથી ઉપર કહેલાં તત્વો બનાવ્યાં એ રીતે કારણ ઉપાધિને ધારણ કરતા ઇશ્વર શબ્દથી શિવને પ્રબોધેલા છે.

આ પ્રમાણે રચાએલાં પંચભૂતોને તન્માત્રા કહે છે. ૧ શબ્દ, ૨ સ્પર્શ, ૩ રૂપ, ૪ રસ અને ૫ ગંધ એ નામવાળાં તે સૂક્ષ્મ ભૂતો છે. ૧ શ્રોત, ૨ ત્વક્, ૩ ચક્ષુ, ૪ રસના અને ૫ ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા ૧ વાક, ૨ પાદ, ૩ વાણિ, ૪ પાયુ અને ૫ ઉપસ્થ નામની પાંચ કર્મેન્દ્રિયો તથા મનબુદ્ધિ અહંકાર ને ચિત્ત એ ચાર અંતઃકરણ રૂપી આન્તર ઇન્દ્રિયો મળી એકન્દર ૧૪ ઇન્દ્રિય ગણુ છે. ૧ પ્રાણુ, ૨ અપાન, ૩ વ્યાન, ૪ ઉદાન, અને ૫ સમાન એ પાંચ પ્રાણુ છે. એ રીતે એકંદર ૨૪ તત્વો થયાં. શિવ ભગવાન આ તત્વોમાં પ્રવેશી તે ઉપાધિને ધારણ કરતાં હિરણ્યગર્ભ કહેવાયા. તે પછી તે પંચ તંમાત્રાનું પંચીકરણ થતાં સ્થૂલભૂતો થયાં. અને તે પંચીકૃત ભૂતમય શરીરને બનાવ્યું. તે શરીરરૂપ ઉપાધિને ધારણ કરતાં પોતે પ્રજાપતિ નામે પ્રકટ થયા. સ્થૂલ શરીરવાળા પ્રથમ પુરૂષ એ પ્રજાપતિ થયા. અત્યંત તપશ્ચર્યા વડે આ પ્રજાપતિનું પદ મળે તે તપવડે પૂર્વથીજ પાપ માત્ર બળી જાય છે માટે તેવી કૃતિવાળાને (પુર્+ઉષ પુર્=પૂર્વથીજ અને ઉષ=બાળી મુકવું અથવા પુર=શરીર અને ઉષ=વસવું.) પુરુષ કહેવાય છે. આ આદિપુરૂષે બ્રહ્માંડને રચ્યું. સેંકડો ભુવનો, હજારો દેવો, સ્થાવર તથા જંગમ પદાર્થો, વર્ણ તથા આશ્રમ આ બધુંજ તેની મધ્યમાં રચ્યું. શ્રી પ્રજાપતિએ આ રચના કરતાં કરતાં સાંબસર્વેશ્વરનું ધ્યાન ધરીને તેમનો પ્રસાદ મેળવ્યો હતો અને તે પ્રસાદ વડેજ આ રચના થઈ શકી હતી. દેવ, નર તથા લોકોની રચના એ અનહદ પ્રસાદ રૂપ આનંદ વિના રચાતાં નથી. શ્રી મહાદેવના પ્રસાદવડેજ બ્રહ્માનું બ્રહ્માપદ શ્રી વિષ્ણુ ભગવાનનું વિષ્ણુ પદ તથા શ્રી રૂદ્ર ભગવાનનું રૂદ્રપદ સિદ્ધ થયેલું છે. જે પુરૂષો વર્ણાશ્રમ ધર્મને અનુસરનારા છે એઓ એકલાજ આ પ્રકારની નિત્ય પ્રસન્નતાને શ્રી મહેશ્વરની આરાધના વડે પ્રાપ્ત કરી શકે છે. જેમનું વર્તન એ પ્રકારના ધર્મથી વિરોધી છે તેમને દુર્વૃત્ત કહ્યા છે. એ પ્રસાદની પ્રાપ્તિ એમને થઈ શકતી નથી. એ પ્રસન્નતાથી પ્રાપ્તિ થતાં સર્વ પ્રકારનું પોષણ પુષ્કળ મળે છે. એજ સાચો પુષ્ટિ માર્ગ છે. આ માર્ગનું ભાન ન થવાથી કેટલા બધા લોકો માયાના અંધારામાં બીચારા રખડી મરે છે. બ્રહ્મચારી તથા યતિ વિશેષ અંશે શ્રી મહાદેવનો પ્રસાદ મેળવે છે. ગૃહસ્થ તથા વાનપ્રસ્થ પણ તે પ્રસાદને મેળવે છે. વર્ણાશ્રમના આચારોને સંપૂર્ણ પ્રેમથી પાલન કરનાર ઉપર પરમેશ્વર પ્રસન્ન થાય છે. તેમ થતાં પરમેશ્વર વિષયક સાક્ષાત્ જ્ઞાનની પ્રાપ્તિ તેમને ઝટ થાય છે. ખરૂં જોતાં તો જ્ઞાનવડેજ અજ્ઞાનની નિવૃત્તિ થઇ શકે છે. કર્મવડે થઈ

શકતી નથી. અજ્ઞાનનો બનેલોજ સંસાર છે. તેથી જ્યાં સુધી અજ્ઞાનની પૂર્ણ નિવૃત્તિ ન થાય ત્યાં સુધી જેટલે અંશે તે અજ્ઞાનની પ્રતીતિ કાયમ રહે છે તેટલે અંશે સંસાર એટલે જન્મ મૃત્યુરૂપ બંધન કાયમ રહે છે. જ્ઞાન વડે અજ્ઞાનની પૂર્ણ નિવૃત્તિ થતાં તે અજ્ઞાનમય સંસારની નિવૃત્તિ એની મેળેજ થઈ રહે છે. અને એજ મુક્તિની પ્રાપ્તિ કહેવાય છે.

હે મુનિઓ! આ સર્વ આપને મેં સંક્ષેપમાં કહ્યું. સવ-માટે વર્ણાશ્રમ ધર્મોના આચાર ઉપર પ્રીતિ રાખજો. બ્રાહ્મણે બૃહસ્પતિ સવ-યજ્ઞ કરવો, ક્ષત્રીએ રાજસૂય અને વૈશ્યે વૈશ્ય સ્તોમ યજ્ઞ કરવા, એ વર્ણ ધર્મો છે, હોમ અને અધ્યયન બ્રહ્મચારીના ધર્મો છે, પોતાના ઘરમાં સૌથી ઉંચે માળે સુંદર ખંડ હોય તેમાં પતિપત્નીરૂપે સ્ત્રી પુરુષે પ્રેમપૂર્વક રહેવું અને અગ્નિને કદી વિલાય નહિ તે રીતે જાગૃત કરીને રાખવો એ રીતે ગૃહસ્થના ધર્મો છે. અરણ્યવાસ રાખી તપશ્ચર્યાને કરવી એ વાનપ્રસ્થના ધર્મો છે. વેદાંત આદિનું શ્રવણ કરવું એ યતિના ધર્મો છે. આ ધર્મોને આશ્રમ ધર્મો કહ્યા છે. માટે તે ધર્મોનું આચરણ કરજો. આ પ્રમાણે શ્રી મહાદેવજીના મુખથી ઉપદેશનું શ્રવણ કરીને શ્રી બૃહસ્પતિ અત્યંત હર્ષમાં મસ્ત બની ગયા અને શ્રી મહાદેવની સ્તુતિ કરવા મંડ્યા કે

હે હર! દેવ, ત્રિનેત્ર ત્રિશૂલધર, તાપસ, મહેશ તત્વનાસ્ત્વ. આદિ દાતા આપજ છો. અન્ન, તથા તે પચાવવાનું બળ તથા તે બળ જેમાં વ્યાપી રહે એવું શરીર તેને મુંજા કહે છે. આ મુંજાને આપનારા હોવાથી તેમજ હિમાલયના મુંજ નામના શિખરમાં આપ વસતા હોવાથી આપ મૌંજી કહેવાયા છો. ગૌર વર્ણવાળા, ધ્યાની મૂર્તિરૂપ, દેવ માત્રના આદિ દેવ આપ છો.

વેદાન્ત માત્રનું તાત્પર્ય આપના સ્વરૂપ પ્રતિ અગ્નિમાં આહૂતિની માફક પ્રવર્તી રહ્યું છે. તેથી આપ વેદાન્તવેદી છો. પર, રુદ્ર, વિશ્વમૂર્તિ મહેશ, વિશ્વાધાર આપના ભક્તના જન્મ મરણરૂપ ભયનો આપ નાશ કરો છો. અમલ સ્વરૂપ, કાલ, કાલના કાલ, કાલાતીત, જીતેન્દ્રિય, નિત્ય, જીત, ક્રોધ, પાખંડ ભંગકર, પાપહર પર્વતોમાં રાજેન્દ્ર હિમાલય છે તેમની પુત્રીના સ્વામિ આપ છો. આપ આનંદરૂપે યોગિઓને સમાધિ નામના યોગના અંગને સમયે અભિવ્યક્ત થાઓ છો. સમાધિ નામના યોગરૂપ આપ છો. સમાધિનું ફળ યોગિઓને આપીને તેમનું પાલન આ કરો છો.

શ્વાસ પ્રશ્વાસની ગતિનો વિધિ પુરઃસર વિચ્છેદ કરવો તેને પ્રાણુયામ કહે છે. આવા અભ્યાસ કરવાનાં લઁ તત્વને એટલે પૃથ્વિતત્વને કંઠ પ્રદેશમાં ધારવાનું છે. વઁ નામક જલતત્વની ધારણા ભ્રૂમધ્યે કરવાની છે. રઁ નામના અગ્નિતત્વની ધારણા હૃદયે કરવાની છે. યઁ નામના વાયુતત્વને નાભિમાં જોવાનો છે. હઁ નામના આકાશ તત્વને સર્વાંગે જોવાનો છે. એ પ્રકારની પંચતત્વની ધારણાપૂર્વક પ્રાણુયામનું આચરણુ કરવાનું છે અને તે સમયે પ્રાણુનું રક્ષણુ જે થાય તે શ્રીમહેશ્વરનો પ્રસાદ છે. આ પ્રસાદની પ્રાપ્તિ કરનાર મહાત્મા કાલને છેતરે છે. એ શ્રી મહેશ્વરની પરાશક્તિ મૂલાધારથી પ્રાણુયામની વિધિવડે મસ્તક સુધી પ્રયાણુ કરે છે. ત્યાં ચંદ્રમંડલ છે. તે સાથે એ શક્તિનો સ્પર્શ થાય છે. તે સ્પર્શ થતાંજ ત્યાંથી અમૃતધારા સ્રવે છે. એ ધારા સાથે એ શક્તિ એકાકાર થઈને તે અત્યંત બળવાન રસ નિચે ઉતરીને ઠેઠ મૂળાધાર સુધી આવી રહે છે. એ શક્તિ પોતાના સ્વામિ મહેશ્વરથી ભિન્ન નથી તેથી તે બન્નેનું ઐકય છે. આમ હોવાથી મૂલાધાર પ્રદેશમાં શક્તિ અમૃતધારાસહ પાછી આવે છે. તે વખતે શક્તિપતિ શ્રી મહેશ્વરતત્વ પણુ તે સ્થાને આવી રહેલું હોય છે. આ ચિત્પ્રકાશ અથવા ચિતિપ્રકાશ કહેવાય છે. ચંદ્ર, સૂર્ય કે અગ્નિ વસ્તુ માત્રને પ્રકાશી આપનાર રૂપે કહેવાયા છે. પરંતુ જ્યારે પ્રકાશને પામનારી વસ્તુના ઉપર પ્રથમ ચિત્પ્રકાશ પડે છે અને તે રીતે એ પ્રકાશ આધારરૂપ બને છે ત્યારપછીજ ચંદ્ર, સૂર્ય કે અગ્નિ પોતાના પ્રકાશને બતાવી શકે છે. શ્રુતિ ભગવતી કહે છે કે સૂર્ય, ચંદ્ર, તારા, વિદ્યુતનો પ્રકાશ ચિતિ તત્વનું ભાન કરાવવા શક્તિમાન નથી તો આ પાર્થિવ અગ્નિની શક્તિ ક્યાંથી હોય। પ્રકાશકરૂપે ગણાતા સૂર્ય ચંદ્રાદિ સર્વ ચિત્પ્રકાશરૂપ આધાર ઉપર રહીને તે ચિત્પ્રકાશમાંથી પોતાના પ્રકાશરૂપે તેજને ગૃહણુ કરતા કરતા તેની પાછળ પાછળ ધાવન્ કરતા દેખાય છે, અને તે ચિત્-પ્રકાશ વડે પોતપોતાના વિશેષ રૂપોવડે ભાસી રહ્યા છે. એ પ્રકારના મૂળ દીપકરૂપ જે ચિત્પ્રકાશ તે હે શંકર આપજ છો. નાભિકંદમાં આપ પ્રવેશી રહેલા છો. હૃદયમાં નિવાસ કરી રહેનારા આપ છો સત્ચિત્ આનંદરૂપે પૂર્ણુ છો. સાક્ષાત પરમાત્મન્ શિવ ! આપનું શરીર તથા આપના પરાક્રમો અદ્‌ભુત છે. સર્વના નાયક છો. પુણ્ય માત્રનું ફલ સ્વર્ગાદિનામનું અમૃત તથા જ્ઞાનનું જે ફળ અપવર્ગ એટલે મોક્ષ તે બન્નેના હેતુરૂપ આપ છો. આપને અનંતાવધિ દંડવત્પ્રણામ કરૂં છું. એ રીતે શ્રી બૃહ-સ્પતિએ શ્રી મહેશ્વરની સ્તુતિ કરી છે. માટે હે મુનિઓ। અત્યંત એક

ચિત્તથી તથા નિત્ય ભક્તિ વડે આપે પણ એ સ્તુતિને નિત્ય કરવી. તેથી શંકર પ્રસંન થાય છે. એમ કરશો તો મોક્ષ તમારા હાથમાંજ રહ્યો છે એવો નિશ્ચય ધારજો. આ સ્તોત્રનો નિત્ય એકાગ્રતાથી પાઠ કરનારને જ્ઞાનની આકાંક્ષા હોય છે તો જ્ઞાનને પ્રાપ્ત કરે છે. વિવાહની ઇચ્છાવાળો ગૃહી બને છે, ભવમાંથી તારનાર વૈરાગ્ય છે તેની ઇચ્છાવાળાને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે, અને ભવભ્રમણનો નાશ જરૂર કરી આપે છે. એ રીતે જ્ઞાનયોગ ખંડનો આત્મદેવ કૃતસૃષ્ટિ નામનો બીજો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૩

બ્રહ્મચર્યાશ્રમ વિધિ.

ગત અધ્યાયમાં કેવા કેવા અધિકારીએ કયા કયા ધર્મનું પાલન કરવાનું છે તે કહ્યું અને સંક્ષેપમાં વર્ણાશ્રમ ધર્મોનું સ્વરૂપ આપ્યું છે. હવે પ્રથમનો બ્રહ્મચર્ય નામનો આશ્રમ જે તેમાં કહ્યો છે તેનો આ સ્વતંત્ર અધ્યાયથી ઉપક્રમ થાય છે.

શ્રુતિ ભગવતીની આજ્ઞા છે કે બ્રાહ્મણ જાતિના પુરૂષનું આઠ વર્ષનું વય થતાં તેને ઉપનયનનો સંસ્કાર કરવો અને તેને વિદ્યાભ્યાસ કરાવવો. આ આજ્ઞાને અનુસરીને શ્રી સૂત ભગવાન કહે છે કે દ્વિજને શ્રુતિની આજ્ઞાનુંસાર ઉપનયન કરવું. તેણે તે પછી વેદોનો અભ્યાસ કરવો. દંડ, જનોઈ, મેખલા, કૃષ્ણાજીનને તેણે ધારણ કરવાં. કાષાય અથવા શ્વેત વર્ણના ઉત્તમ વસ્ત્રનો ઉપયોગ કરવો. પોતાની શાખાને માટે જે સૂત્રોમાં વિધિ કહેલો છે તે પ્રમાણે મંત્રોચ્ચારપૂર્વક ઉપર કહેલા પદાર્થોને

પ્રેમપૂર્વક ગ્રહણ કરવા. પોતાની રૂચિને અનુસરીને જે અન્ન ભિક્ષાથી પ્રાપ્ત થાય તેમાંથી આહાર કરી લેવો. ગુરૂની સેવા કરવી પણુ તે સેવા પોતાને માથે વેઠ આવી પડી હોય તેમ કરીને છુટીએ એવી રીતે કરવાની નથી, પણુ ગુરૂની પ્રીતિ અર્થે હું અમુક અમુક કાર્યો કરવાની તક પ્રાપ્ત કરવા કેવો કેવો ભાગ્યશાળી નીવડયો છું એ વિગેરે સ્ફુરણોથી અંતઃકરણને પ્રફુલ્લ રાખતાં અત્યંત પ્રેમપૂર્વક સેવા કરવાની છે. માથાની શિખા ઉભી કરીએ અને તેનો છેડો જ્યાં આવે ત્યાં સુધી પહોંચે એટલો ઉંચો દંડ રાખવો. એ દંડ ખાખરાનો અથવા બીલીનો અથવા તો પીપળાનો રાખવો. એ વાંકોચુંકો નહિ પણ સીધો હોવો જોઇએ. લાકડું કોહી જવાથી અથવા સળી જવાથી અથવા કોઈ જીવના ઉપદંશથી કે અન્ય રીતે તેમાં છિદ્રાદિ દોષો નહિ હોવા જોઇએ. સુંદર છાલથી શોભતો દંડ લેવાનો છે. છાલ ઉતરડીને લેવાનો નથી. આ બ્રહ્મચારીએ દરરોજ પ્રાતઃકાળે તથા સાયંકાલે પોતાની વૃત્તિને સાવધાનતાપૂર્વક સ્થિર કરવી. પછી બેશીને સંધ્યાદિ ઉપાસના કરવી. ૧ કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મોહ, ૫ મદ, અને ૬ માત્સર્ય નામના છ શત્રુઓથી દૂર રહેવું. અપ્રાપ્ત વસ્તુનું પ્રાપ્તિ અર્થે ચિન્તાપૂર્વક ઇચ્છાનું સ્ફુરણ થવું એ કામનું દોષવાળું સ્વરૂપ છે. શત્રુ જે પ્રકારે બહારથી શરીર, પદાર્થો આદિની હાનિ કરે તેજ પ્રમાણે આ કામ નામના વ્યતિકરમાં રહેલો ચિન્તાનો ગુપ્ત અગ્નિ હૃદયરૂપ જીવનરસરૂપ આદિ ઝરાને વિકારી કરી મૂકે છે. અને તેટલેઅંશે જીવનની હાનિ કરે છે. આ ઉપર કહેલા છએ શત્રુઓ આ પ્રમાણે જીવનના રસની હાની કરનાર છે માટેજ તેને ત્યાજ્ય કહેલા છે. જે વિષયની ઇચ્છા ચિન્તાપૂર્વક થાય છે તેની પ્રાપ્તિમાં વિઘ્નરૂપે જે કાંઈ બનાવ બને અથવા કોઈ પણ પ્રાણી કે પદાર્થ નડે છે એમ ભાસે છે તે સમયે તે કામના વિષયની પ્રાપ્તિના આડા માર્ગમાં આવનાર પ્રતિ જે હૃદયમાંથી દાહકવૃત્તિ ઉછાળો મારીને બહાર નીકળી આવે છે તેને ક્રોધ નામનો બીજો શત્રુ કહેલો છે. ઇચ્છાનો વિષય પ્રાપ્ત હોય છતાં તે ખુટી પડશે અથવા તેજતો રહેશે. તે વખતે હું શું કરીશ એ પ્રકારના ભયપૂર્વક તે પદાર્થનો અધિક અધિક પ્રમાણમાં સંગ્રહ કરવાની જે અમર્યાદ વૃત્તિનું ચિન્તાપૂર્વક વહન થવું તેને લોભ નામનો શત્રુ કહ્યો છે. કોઈ પણ પદાર્થ કે પ્રાણી કે વ્યતિકરનો સંબંધ થતાં અંતઃકરણને તે વિષે અત્યંત અજ્ઞાન હોવાથી જે સ્તબ્ધીભાવને પામવાનું બને છે તેને મોહ કહ્યો છે. અન્ય વ્યક્તિઓ સાથે પોતાનાં માનેલાં સામર્થ્યાદિની અપેક્ષાથી પોતાને સરખાવીને પોતાનામાં ઉત્તમતાનો ભાવ ધારણ

કરલો અને તેની અપેક્ષાથી અન્યને અધમરૂપે ગણવાં એ પ્રકારની અંતઃકરણની સ્થિતિનો અનુભવ થવો તેને મદ કહે છે. મદ નામના વિકારને ધારણ કરીને તિરસ્કાર આદિ ચેષ્ટાઓદ્વારા પોતાનાથી હલકી માનેલી વ્યક્તિઓને હાનિ કરવા માટે ઉત્તેજીત કરનાર અંતઃકરણની જે વૃત્તિ છે તેને માત્સર્ય કહ્યું છે. આ છએ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જે વર્ચસ બ્રહ્મચર્યાવસ્થામાં પ્રાપ્ત થાય છે તેને સ્થિર રખાય છે.

સૂત્રોમાં કહેલા વિધિ પ્રમાણે સવાર સાંજ અગ્નિકાર્ય કરવું. સ્નાન કરીને દેવ, ઋષિ તથા પિતૃઓનું તર્પણ કરવું.

શુદ્ધ ગોમય **सद्योजात ॥०** મંત્ર વડે લેવું. તેમાં સહજ ગોમૂત્ર ગાયનું દુધ, ગાયના દુધનું દહી તથા ગાયનું ઘી નાખવાં. એ પ્રમાણે પંચગવ્ય એટલે ગાયમાંથી મળેલા પાંચ પદાર્થોને લેવા. તે પછી **वामदेव ॥०** મંત્રના ઉચ્ચારણપૂર્વક તેમાં શુદ્ધ જલનું પ્રોક્ષણ કરી તે સર્વને એકત્ર કરીને તેના પીંડ બનાવવા. પછી સારી રીતે સળગેલો હોવાથી નિર્ધૂમ થએલો અગ્નિ લેવો. આને શિવાગ્નિ કહેલો છે. તેમાં **अघोर ॥०** મંત્રવડે તે પિંડોને મુકીને બાળવા. તે પિંડ પરિપકવ થયા પછી તેમને કહાડી ભાંગી નાંખીને ચાલણીવડે તે ભસ્મને ચાળી નાખવી. આમ કરતી વખતે **ईशान ॥०** મંત્ર ભણવો. તે પછી શુદ્ધ ઘટમાં **॥ॐ नमः शिवाय॥** મંત્રવડે તેને ભરવી. તે પાત્રમાંથી મંત્રરૂપી શસ્ત્રનું સાતવાર ઉચ્ચારણ કરીને થોડી થોડી ભસ્મ લેવી અને વિધિ પ્રમાણે માથે તથા શરીરના સર્વ અંગોએ ક્રમથી ભસ્મનું લેપન કરવું. જ્યારે જ્યારે સ્નાન કરાય ત્યારે તેમાંથી થોડી ભસ્મને લઇને તેને **कला ॥०** મંત્ર, **भस्म गायत्री** મંત્ર બ્રહ્માંગ મંત્રો તથા શિવાણુ મંત્રવડે મંત્રવી. **॥ ॐ सद्यो जाताय विद्महे । वामदेवाय धीमहि । तन्नोघोरः प्रचोदयात् ॥** એને ભસ્મ ગાયત્રિ મંત્ર કહ્યો છે. તેમાં **॥ ज्योति रहं विरजा विपाप्मा भूयास ँ स्वाहा ॥** એ વિગેરે મંત્રોવડે અગ્નિમાં આહૂતિ આપીને તેને અત્યંત જ્વલંત બનાવેલો હોય છે એ અગ્નિ અગ્નિહોત્રનો હોવો જોઇએ. આ અગ્નિવડે થએલી ભસ્મને લગાવતી વખતે પ્રથમ તેને જળવડે ભીની કરવી. **॥ ॐ अग्नि रिति भस्म १ ॥ ॐ वायु रिति भस्म २ ॥ ॐ जल**

मिति भस्म ३ ॥ ॐ स्थल सिति भस्म ४ ॥ ॐ व्योमिति भस्मे ५ ॥ ॐ सर्व ५ हवा इदं भस्म ६ ॥ ॐ मन एतानि चक्षु ५ षिभ स्मानि ७ ॥ એ સાત મંત્રોવડે તે ભસ્મને સર્વાંગે ચોળવી. તે પછી છાતીએ, લલાટે તથા હાથે, ગરદને વાંકાં ત્રિપુંડ્રો કરવાનો વિધિ કહેલો છે. પવિત્ર થઇને ભસ્મમાં ज्योति રૂપ શિવનું તથા જળમાં आपः રૂપ શિવનું અનુસંધાન કરવું. પછી मेधा विभूयासम्। तेजस्विभूयासम ॥ વિગેરે મંત્રો ભણવા અથવા ॥ ॐ त्रियायुषं जमदग्नेः। कश्य पस्य त्रियायुषम्। अगस्त्यस्य त्रियायुषम्। यद्देवाना त्रियायुषम्। तन्मे अस्तु त्रियायुषम् ॥ એ મંત્રોવડે દરરોજ ત્રિપુંડ્રો કરવાં. પછી સુંદર પુષ્પો, બીલીપત્ર, અક્ષત, ચંદન આદિ પૂજન સામગ્રીવડે શ્રી મહાદેવજીની યથાવિધિ પૂજા કરવી. પછી માતા પિતા, વૃદ્ધો. જ્યેષ્ટ બંધુઓ ગુરૂ તથા અધ્યાત્મ જ્ઞાની વિદ્વાનોને રૂડી રીતે પ્રણામ કરીને તેમના આશિર્વાદ પ્રાપ્ત કરવા. આ સર્વનેજ ગુરૂજન શબ્દથી શાસ્ત્ર ઓળખાવે છે. ઉપર પ્રમાણે ગુરૂજન પાસેથી આશિર્વાદ મેળવવા માટે પ્રસન્ન હૃદયે જઇને પ્રેમપૂર્વક પ્રણામ કરી આ પ્રમાણે બોલવું. ॥ असावहं भोदेवदत्त नामास्मि ॥ (ભગવન ! આ હું દેવદત્તનામવાળો છું) આ મંત્રમાં દેવદત્ત શબ્દ લખ્યો છે તેને બદલે જે પોતાનું નામ હોય તેનું ઉચ્ચારણ કરવું. ગુરૂજને સપ્રેમ નીચેના શબ્દો બોલવા. आयुष्मान् भव सौम्य देवदत्ता ३ ॥ (મનોહર દેવદત્ત ! આયુષ્માનથા) આ મંત્રમાં પણ દેવદત્તને સ્થાને આશિર્વચન લેવા આવનાર બ્રહ્મચારિનું નામ બોલવું, અને નામને છેડે अ કારાન્ત અક્ષર ન હોય તો क અંતે ઉમેરવો, અને છેવટના अ ને પ્લુત કરવો એટલે अ નો आ કરવો. મંત્રને અંતે કાનો તથા તે પછી ૩ અંક લખ્યો છે તે આ પ્લુત ઉચ્ચારણને સૂચવે છે. એટલે તે आ અક્ષરના ઉચ્ચારણને ત્રણ વખત બોલાય એટલો લાંબો ખેંચીને મુકી દેવો. આ પ્રકારનો આશિર્વાદ ગુરૂજન આપે તે વખતે હાથની હાથેલી ચતી રાખીને શિષ્યે જમણે હાથે ગુરૂના જમણા હાથનો અને ડાબે હાથે ડાબા હાથનો સ્પર્શ કરીને સ્વસ્તિક રચી રાખવો. તે પછી માબાપ, પૂર્વજો, ગુરૂના વંશવાળા તથા અધિક ગુણીજન હોય તે સર્વને અભિવંદન કરવું, અને મન, વાણી તથા શરીરવડે તેમનું સ્મરણ કરતા આદરસહિત તેમનું અનુવર્તન કરવું. સારાંશ કે જે પ્રકારે તેઓ વિચાર કરતા હોય તે પ્રકા-

રના વિચારોને સેવવા, જે પ્રકારે તેઓ વાણી બોલતા હોય તે પ્રકારની વાણી ઉચ્ચારવી અને શરીરની ચેષ્ટાઓ પણ તેમના જેવી આચરવી. લૌકિક, વૈદિક, કે આધ્યાત્મિક જ્ઞાન મેળવવાનો આરંભ કરવા પૂર્વે પ્રતિ દિવસ આ પ્રમાણે કરવું. ગુરૂ આપણી સમીપ આવતાં સત્વર ઉભા થઈ નમસ્કાર કરી હાથ જોડી દેવા. તે પછી ગુરૂ આજ્ઞા કરે તેને અનુસરીને તે સ્થાનના અન્ય ભાગમાં જઈને બેસવું. હમેશાં સત્યજ બોલવું. ગુરૂ પાસેથી જે જે શિક્ષણ લીધું હોય તે ભુલાય નહિ તેવી રીતે શિક્ષણ લેતી વખતે સપ્રેમ એકાગ્રતાથી સમજી લેવું અને બાકીના સમયમાં વ્યવસ્થાથી તેને મનમાં ઠસાવી રાખવું. નિત્ય તથા નૈમિત્તિક કર્મોને કરવાં. કર્મ માત્રને કરતી વખતે શાંત થઇને વિચાર કરવો કે આ વિધિ શાસ્ત્રે કહેલો છે માટે તે આજ્ઞાનું પાલન કરવું અવશ્ય છે. આ શાસ્ત્રની આજ્ઞાનુસાર વિધિ પૂર્વક આ કર્મોને કરવાથી મને નિઃસંશય મુક્તિ મળશે એ પ્રકારના સંકલ્પ પૂર્વક કર્મ માત્રને કરવાં. ભિક્ષા બની શકે ત્યાં સુધી બ્રાહ્મણને ઘેરથી માંગી લાવવી. આ રીતે માગી લાવેલી ભિક્ષાને ગુરૂ સમીપ નિવેદન કરવી, ને પછી ગુરૂની આજ્ઞા લઇને જમવું. આ બ્રહ્મચર્યાશ્રમ ત્રિવર્ણિક પ્રજાને માટે છે, પણ ભિક્ષા માંગતી વખતે બ્રાહ્મણોએ **॥ૐ भवति भिक्षांदेहि ॥** ક્ષત્રિયોએ **॥ ॐ भिक्षां भवति देहि ॥** અને વૈશ્યોએ **॥ ॐ भिक्षां देहि भवति ॥** એ શબ્દોને બોલવા. જેમના ઉપર અધર્મ, અપરાધ આદિ કોઈ પણ પ્રકારના અભિશાપ હોય તેવાઓનાં ઘરનો ભિક્ષા માગવામાં ત્યાગ કરવો. અન્ન જમતી વખતે પૂર્વ મુખે સૂર્ય સામું મુખ રહે તે પ્રમાણે બેસવું. હાથ પગ ધોઇ બે વખત ત્રણ ત્રણ આચમન કરવાં તથા પ્રાણાયમ કરવું તે પછી પ્રાણાહુતિ આપવી એટલે **॥ प्राणायस्वाहा १ ॥ अपानायस्वाहा २॥ व्यानायस्वाहा ३ ॥ उदानायस्वाहा ४ ॥** અને **समानायस्वाहा ५ ॥** એ પ્રમાણે એકએક મંત્રના ઉચ્ચારણ પૂર્વક એકએક ગ્રાસ લેવો પછી તૃપ્તિ પર્યન્ત યથારૂચિ જમવું.

આ બ્રહ્મચર્યાશ્રમના સમયમાં એકલાવેદાભ્યાસમાંજ મચ્યા રહેવું. કદી પણ અન્ય મંત્રો ઉપર મોહથી તણાઇ જવું નહિ. આ પ્રકારનો સંક્ષેપમાં બ્રહ્મચર્યાશ્રનો વિધિ છે આ આશ્રમમાં વેદાભ્યાસનો પરિપાક થતાં મોક્ષની તીવ્ર ઇચ્છા થાય અને અંતઃકરણમાં સંપૂર્ણ વૈરાગ્ય બની રહે તો પરમ હંસની દીક્ષા લેવી. પરંતુ સાચું વૈરાગ્ય ન થયું હોય અને

વ્યવહાર સંબંધી કાંઈ પણ કામનાનો અંકુર સૂક્ષ્મ સરખો પણ પોતાના હૃદયના ઉંડા પ્રદેશમાં હોય તો શાસ્ત્રવિધિ પ્રમાણે પોતાની રૂચિને અનુસરીને નિષ્ઠાવાળા ગૃહસ્થાશ્રમને ધારણ કરવો.

એ રીતે જ્ઞાન યોગ ખંડનો બ્રહ્મચર્યાશ્રમ વિધિ નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૪.

ગૃહસ્થાશ્રમ વિધિ.

ત અધ્યાયમાં કહ્યા પ્રમાણે બ્રહ્મચર્યાવસ્થામાં વેદોનો અભ્યાસ કરવાનો છે. તેમાં એક વેદ અથવા બે વેદ અથવા ચારે વેદને પૂર્ણ કરવાના છે. તે પોતાની શક્તિ પ્રમાણે પૂર્ણ કરવા, અને તે પૂર્ણ થતાં સુધી બ્રહ્મચર્ય વ્રતને કાયમ રાખવુંજ જોઇએ. એ પ્રમાણે જેમણે કરેલું નથી હોતું તેમનો વિવાહ વિધિને માટે અધિકાર નથી. જેમણે ઉપર પ્રમાણેનું વ્રત કર્યું છે તેમનેએકલાનેજ વિવાહનો અધિકાર છે. એવા બ્રહ્મચારીએ પ્રથમ ગૃહસ્થ થવા માટે પોતાના આચાર્યની સંમતિ લેવી અને સમાવર્તન ક્રિયા કરવી. તે પછીજ ગૃહસ્થ થવાનો અધિકાર છે. જે કન્યાના માતપિતા કુલીન હોય તથા ગોત્ર પ્રવર આદિ જેનાં ભિન્ન હોય તથા જેનું કુલ પોતાના માતા પિતાના કુલ સાથે અનુકૂલતાને ધરાવતું હોય એવી કન્યા શોધી કહાડવી. તે કન્યા સર્વ શુભ લક્ષણવાળી તથા સાધ્વી જોઇએ. ઉપર કહ્યું છે તેથી વિરોધિ કુલની હોય અથવા તો રીંછ જેવી કઠોર નામવાળી, નદી કે વૃક્ષના નામ-

વાળી કે શરીરાદિમાં દોષવાળી હોય એવી કન્યાને લેવી નહિ. તે કન્યાની સાથે પોતાના સૂત્રના મંત્રોમાં કહેલી રીતેજ લગ્ન કરવું પછી પોતાની ઇન્દ્રિયોને વશમાં રાખીને તેની સાથે નિરંતર રહીને ધર્મનું પાલન કરવું. ધીમાન પુરૂષે તે કન્યાને ઋતુ પ્રાપ્તિ થાય ત્યાર પછી ॥ **અમોહ મસ્મિ** ॥ ॥ **સાત્વમ્** ॥ (મોહ વડે હું સ્તબ્ધ થયો નથી, તું પણ તેજ પ્રમાણેજ છે.) આ મંત્રનો બીજો અર્થ **અમઃ×અહં**=એટલે લક્ષ્મીરૂપ તેજ વિનાનો હું છું એ લક્ષ્મી રૂપ મારૂં તેજ એ તારૂં સ્વરૂપ છે. સારાંશ કે તારી સાથે એક્તા પામવાથી હું તેજસ્વી બનું છું એ મંત્રનું ઉચ્ચારણ કરવું. અને અંતઃકરણમાં અનુસ્મરણ કરવું તથા પત્ની પાસે કરાવવું કે આપણે માત્ર વિષય વાસના વડે વગર સમજ્યે સ્તબ્ધ બનીને લંપટવત્ ક્રિયા કરતાં નથી પણ સંપૂર્ણ જ્ઞાનપૂર્વક સંકલ્પ ભોગને આચરવો. દેવને અર્થે, અગ્નિમાં હોમ કરવા અર્થે, તથા અતિથિને ભિક્ષા આપવા અર્થે, હું પાક બનાવું છું એ પ્રકારના સંકલ્પ પૂર્વક રસોઇ બનાવવી. અમારા પોતાના સ્વાદની તૃપ્તિ કરવા અર્થે અમુક પદાર્થોને તૈયાર કરવા છે એ પ્રકારનો સંકલ્પ અંતઃકરણમાં હોવો નહિ જોઇએ. શ્રુતિ ભગવતી કહે છે કે મોહ વડે જે પોતાને માટે રસોઈ રાંધે છે અને તે અન્ન ખાઇને જીવે છે તેટલો સમય નરક લોકમાં વિશેષ દીર્ઘ સમય ટકવાની તે તૈયારી કરે છે. પિતૃઓના અધિપતિ અર્યમાને તથા બંધુજનોને જે પોષતો નથી અને માત્ર એકલોજ મોહથી ખાય છે તે કેવલ પાપનાપુંજરૂપ છે. જેમનું જીવન ધર્મના પાલન અર્થેજ છે અને મૈથુન સંતાન અર્થેજ છે તેઓ સંસારના બંધનમાંથી મુક્ત થાય છે. અન્ય સર્વેને નિરંતર નરકમાં નીવસીને પીડાને સહન કરવી પડે છે. યજ્ઞ કરાવવા તથા વિદ્યાને ભણાવવી તથા વિશુદ્ધ જનો પાસેથી દાન સ્વિકારવું આ પ્રકારે પ્રાપ્ત થએલા દ્રવ્યનો યાત્રા કરવા અર્થે અથવા યજ્ઞ કરવા અર્થે ઘટતો સંચય કરવો. દીર્ઘશંકા તથા લઘવી નામના મલત્યાગોને નિર્જન તથા નિર્ભય સ્થાનોમાં કરવા. ગંધ તથા લેપની નિવૃત્તિ કરવા માટે યથાશક્તિ, જલ તથા મૃત્તિકા વડે ગુદાલિંગ હસ્ત તથા પાદનું પ્રક્ષાલન કરવું. તે પછી આચમન કરવું. દંતધાવન તથા મુખ પ્રક્ષાલન કરવું. પછી બે વાર આચમન કરવાં. તે પછી સ્નાન કરીને નિત્ય નૈમિત્તિક કર્મોને પૂર્ણ કરવાં. તે પછી ત્રણ પ્રાણાયામ કરીને સાવિત્રીનો જપ કરવો. તે પછી ઉપસ્થાન કરવું. તે પ્રમાણે મધ્યાહ્ને પણ કરવું. પ્રેમપૂર્વક વેદનું પારા-

પણ કરવું. આ પારાયણને બ્રહ્મયજ્ઞ કહે છે. અગ્નિકાર્ય, બલિકર્મ આદિ, નિત્ય શ્રાદ્ધ તથા દાન દરરોજ કરવાં. અશક્તનું રક્ષણ કરવું. ભૂતમાત્ર પ્રતિ દયાની વૃત્તિ રાખવી. સર્વદા અન્નજલ આદિ વડે યતિયોનું રક્ષણ કરવું. રાંધેલા અન્નના માલિક યતિ તથા બ્રહ્મચારિ છે તેમને અર્થેજ પાક બનાવવાની શાસ્ત્રે આજ્ઞા કરી છે. તે અન્ન તેમને નહિ આપતાં કોઈ જમે છે તો તે મહા પાપી થાય છે. તેણે તે પાપમાંથી મુક્ત થવાને માટે ચાંદ્રાયણ વ્રતને કરવું પડે છે. ભિક્ષા અર્થે આવેલા યતિના હસ્તમાં પ્રથમ જલ આપવું. તે પછી ભિક્ષા આપવી અને તે પછી ફરીથી જલ આપવું. આ પ્રમાણે અપાયલા જલથી સાગર જેટલું અને અન્નથી મેરૂ જેટલું પુણ્ય થાય છે. ગૃહસ્થાશ્રમીએ નિત્ય એકવાર જમવું એ ઉત્તમ છે. તે પ્રમાણે ન રહેવાય તોજ બે વાર જમવું. હર્ષ તથા શોકનો ત્યાગ કરીને ગૃહસ્થે નિત્ય ૩૨ ગ્રાસ અન્ન જમવું. પ્રત્યેક ગ્રાસનું પ્રમાણ કુકડીના ઈંડા જેવડું લેવું. શ્રુતિ ભગવતી કહે છે કે આવા ગૃહસ્થનો આત્મા સર્વ ભૂત માત્રના લોક એટલે આશ્રયરૂપ છે. સારાંશકે ભૂત માત્ર તેથી તૃપ્ત થાય છે. જે જે હોમ તથા યજ્ઞ આ ગૃહસ્થ કરે છે તેને દેવનો લોક કહ્યો છે. એટલે તે વડે દેવ માત્ર તૃપ્ત થાય છે. ઋષિયોએ કહેલા મંત્રોને ભણે છે તેને ઋષિનો લોક કહ્યો છે. અને તે વડે ઋષિયો તૃપ્તિને પામે છે. પિતૃઓની પ્રસન્નતાને પ્રાપ્ત કરવા અર્થે પોતાની પરણેલી સ્ત્રીના વિધિવત્ સમાગમને પ્રજાની કામના પૂર્વક સેવીને વંશનો ઉચ્છેદ થવા દેતો નથી તેને પિતૃનો લોક કહ્યો છે. તે દ્વારા પિતૃઓ આનંદિત રહે છે. મનુષ્યોને સુંદર સ્થાનમાં વસાવવા અને તેમને આહાર આદિ ઉપયોગના પદાર્થો આપવા તેને મનુષ્યોનો લોક કહે છે, તે વડે મનુષ્યો તૃપ્ત થાય છે. અન્ય જીવોનો શિકાર કરીને જીવનાર શ્વાન આદિ જાનવરો, કાગડા, કીડીઓ વિગેરેને ઉપજીવિકાનું સાધન ગૃહસ્થને ઘેરથી પ્રાપ્ત થાય છે. તે હિંસક પ્રાણીઓનો લોક છે. તેથી તે પ્રાણીઓ તૃપ્ત રહે છે એટલે અંશે તે હિંસા ઓછી કરે છે. આ પ્રકારનાં કર્મોને પંચયજ્ઞ પણ કહે છે. તે સર્વને ગૃહસ્થે કરવાનાં છે. હોમ વિધિપ્રમાણે તેણે કરવા, ગુરૂદ્વારા પ્રાપ્ત થએલા મંત્રના જપ કરવા. ભોજન બ્રાહ્મણ આદિને કરાવવાં. ગુરૂ વૃદ્ધાદિ જનોનું પૂજન કરવું. દરેક ક્રિયાપૂર્વે આચમન તથા પ્રાણાયામ કરવાં. યજ્ઞોપવીત-વિના બીલકુલ રહેવું નહિ. વાંસની સુંદર લાકડી રાખવી. પવિત્ર જલથી ભરેલું કમંડલ પણ રાખવું. દરરોજ વિધિ પુરઃસહ એક વખત ભસ્મને સર્વાંગે ધારણ કરવી. ॥ॐ त्र्यंबकं यजामहे । सुगंधिं पुष्टि वर्धनम् ।

उर्वारुकमिव बंधनात् । मृत्योर्मुक्षीय मामृतात् ॥ એ મંત્ર વડે અથવા ॥ **ॐ नमः शिवाय ॥** એ મંત્ર વડે ત્રિપુંડ્રો કરવાં. જે બ્રાહ્મણ ભસ્મ-વડે લલાટે ત્રિપુંડ્રને ધારણ કરીને અધ્યયન કરે છે, વેદોનું શ્રવણ કરે છે. ગમે તે પ્રકારના અનુષ્ઠાનોને કરે છે તે સર્વ સરળતાથી સફળ થાય છે. માટે ભસ્મને ભક્તિથી ધારણ કરવી. મનવડે પણ ભસ્મનો તિરસ્કાર કરવો નહિ. ભસ્મ ધારણની આજ્ઞા શ્રુતિ ભગવતીએ કરેલી છે. માટે ભસ્મનો ત્યાગ કરનાર મનુષ્ય વેદની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અને પતિત બને છે. **रुद्राक्षाणाम् ॥०** એ મંત્રવડે શ્રુતિ રૂદ્રાક્ષને ધારણ કરવાની આજ્ઞા કરે છે. એ પ્રમાણે રૂદ્રાક્ષને ધારણ કરવી. નિત્ય શ્રી મહાદેવજીનું લિંગપૂજન કરવું. પછી અગ્નિને અગ્નિહોત્રમાંથી લાવીને વિધિ પ્રમાણે યજ્ઞો કરવા. યજ્ઞ કરવાથી પાપ માત્રનો નાશ થાય છે. પાપ નાશ થતાં હૃદય નિર્મલ થાય છે. હૃદયની શુદ્ધિથી શ્રી મહાદેવના સ્વરૂપના જ્ઞાનની વાંચ્છા ઉત્પન્ન થાય છે. યજ્ઞ કરનારાના અંતઃકરણમાં સ્વર્ગલોકનાં સુખોની કામના હોય છે તો તે પ્રકારના યજ્ઞો કરવાથી સ્વર્ગ લોકની પ્રાપ્તિ થાય છે. વંશની સંતતિ હોય તો અધિકારી વંશજ દ્વારા પિતૃ શ્રાદ્ધાદિ કર્મો ચાલતાં રહે છે. તે ન હોય તો પિંડાદિના દાન વિના પિતૃઓને શાન્તિ થતી નથી. માટે પોતાની પત્નીદ્વારા એ પ્રકારના પિતૃના ઋણને આપે અને તે પ્રમાણે આગળ સંતતિને ચલાવે તેવા એક પુત્રને ઉત્પન્ન કરવો. ભૂતમાત્ર પ્રતિ સર્વદા જે વાણીનું ઉચ્ચારણ કરવાનું તે સત્ય હોવું જોઇએ. એટલે જે જેવું હોય તેને તેવા અર્થમાં કહેવાના ઉદ્દેશથી તથા તેવા અર્થમાં શ્રવણ કરનાર સમજે તેવી રીતે તથા શ્રવણ કરનારના અંતઃકરણમાં જરી પણ અપ્રસન્નતાને ઉત્પન્ન ન કરે પણ તેને અત્યંત પ્રિય લાગે તે પ્રમાણે બોલવું. સત્ય અને પ્રિય એ બન્ને ધર્મો જે વાણીમાં સાથે એકત્ર થએલાં ન હોય તેવી વાણીનું કદીજ ઉચ્ચારણ કરવું નહિ.

આ પ્રકારે ગૃહસ્થાશ્રમના ધર્મો સંક્ષેપમાં છે. તેમનું પાલન કરતાં હૃદયમાં સાચું વૈરાગ્ય પ્રકટ થાય તો કર્મમાત્રનો ત્યાગ કરવો. અને તે પછી નિરંતર વેદાંત શાસ્ત્રના અભ્યાસમાં વ્યાપૃત રહેવું. સન્યસ્ત ધારણ કર્યા પછી વેદાન્ત શાસ્ત્રના શ્રવણ ઉપર અપ્રીતિ કરીને તેનો ત્યાગ કરે છે તો નિશ્ચય તે પતિત થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે બ્રહ્મચર્યાશ્રમને પૂર્ણ કર્યા પછીજ ગૃહી થવું. ગૃહસ્થના ધર્મોનું યથાવિધિ પાલન કર્યા પછી વની થવું. વાનપ્રસ્થાશ્રમના ધર્મો પૂર્ણ થતાં સંન્યસ્તને ગૃહણ કરવું

અથવા તો બ્રહ્મચર્ય ગૃહસ્થાશ્રમ કે વાનપ્રસ્થાશ્રમમાંથી અધિકાર પ્રાપ્ત થાય તો સત્વર સન્યસ્તને લેવું. જે અધિકારીને વૈરાગ્યની પૂર્ણ પ્રાપ્તિ થઇ હોય, અને મુમુક્ષા વૃત્તિ સિદ્ધ થઇ હોય તો તેણે પરમ હંસક નામક સન્યસ્તને ધારણ કરવું. મુમુક્ષાવૃત્તિનો ઉદય બરોબર થએલો ન હોય પણ શરીરાદિ સશક્ત હોય તો તેણે હંસ કે બહૂદક નામવાળું સન્યસ્ત લેવું. શરીરાદિ અશક્ત હોય તો તેવા મનુષ્યે તો કુટીચક નામના સન્યસ્ત ધર્મોને સ્વિકારવા. વૈરાગ્યની પ્રાપ્તિ સંપૂર્ણ ન થઈ હોય તો ગૃહસ્થાશ્રમને અંતે વનીના ધર્મોને ધારણ કરવા. અથવા તો અનુકૂલતા તથા પ્રસંગોને અનુસરીને આયુષ્યના અંત પર્યન્ત ગૃહસ્થાશ્રમના ધર્મોનું પાલન નિરંતર કર્યા કરવું. સર્વ આશ્રમોની ઉત્પત્તિ કરનાર ગૃહસ્થાશ્રમજ છે. એકલા ગૃહસ્થાશ્રમ વડેજ આશ્રમ માત્રનું રક્ષણ થાય છે. એ પ્રમાણે ગૃહસ્થાશ્રમ આશ્રમોમાં પ્રશસ્ત છે. માટે વૈરાગ્યનો ઉદય યથાર્થ બળથી ન થાય ત્યાં સુધી ગૃહસ્થાશ્રમને સેવવો એજ ઉત્તમ છે.

એ રીતે જ્ઞાનયોગ ખંડનો ગૃહસ્થાશ્રમ વિધિ નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ

અધ્યાય ૫.

વાનપ્રસ્થાશ્રમ વિધિ.

દેહીએ દેહમાં રહીને કર્તવ્યસિદ્ધિ કરવા માટે આશ્રમ ધર્મોની વ્યવસ્થા કરી છે. એ આશ્રમો ઉત્તરોત્તર પૂર્વપૂર્વથી એ સિદ્ધિને અર્થે વિશેષ વિશેષ ઉત્તમ છે. આ પ્રકારે બ્રહ્મચર્યથી ગૃહસ્થાશ્રમને ઉત્તમ પ્રકારનો વર્ણવ્યો. હવે તેનાથી ઉત્તમ પ્રકારનો વાનપ્રસ્થાશ્રમ કેવા પ્રકારનો છે તે કહે છે. સન્યસ્ત આ કાર્યને માટે સર્વોત્તમ ગણાયો છે.

ગૃહસ્થાશ્રમની પૂર્ણતાએ વનિ થવાનું હોય છે. તે સમયે કુટુંબની વ્યવસ્થા તથા રૂચિ અનુકૂલતા આદિને વિચારીને જરૂર હોય તો ભાર્યા પુત્રને સોંપવી, અથવા બની શકે તો તેને સાથે લેવી. જે સમયે સૂર્ય ઉત્તરાયનમાં હોય તે સમયેજ શુકલપક્ષમાં વાર નક્ષત્ર આદિ શુભ મુહૂર્તે જોઇને એક ચિત્ત થઇને અત્યંત પ્રસન્નતાપૂર્વક વનિની દીક્ષા લેવી. અહિંસા સત્ય આદિ યમ નામના યોગના ધર્મોનું પાલન કરવું. શરીરે તથા મનવાણીથી શુદ્ધ રહેવું. અને તપશ્ચર્યા કરવી ભોજનમાં શાક, મૂલ તથા ફ્લ ખાવાં. અથવા તેમ ન બની શકે તો ગામમાંથી અન્નને માગી લાવીને સોળ ગ્રાસ અન્ન જમવું. આ જમવાની બાબતમાં શાસ્ત્રે કહ્યું છે કે મુનિ એટલે સન્યાસિયે આઠ ગ્રાસ જમવું, વનિએ સોળ ગ્રાસ, ગૃહસ્થે બત્રીસ ગ્રાસ અને બ્રહ્મચારીએ ઇચ્છાનુંસાર ભોજન લેવું.

વનિની અવસ્થામાં માથે જટા રાખવી. નખ તથા વાળને કપાવવા નહિ. વેદોનો અભ્યાસ નિરંતર કરવો. વાણીને નિયમમાં રાખવી અને વિનાકારણે બોલવું નહિ. માત્ર કાર્યપુરતુંજ સંક્ષિપ્તમાં બોલવું. અંતઃકરણની વૃત્તિઓને એકાગ્ર કરીને અંતર્મુખ રાખવી. અગ્નિની સેવા કરવી એટલે

અગ્નિ હોત્ર કરવો. પંચ યજ્ઞોને કરવા. સમિધ આદિ વડે **સ્વાહાના** ઉચ્ચારણ સહિત અગ્નિમાં આહૂતિ આપીને દેવતાની સેવા કરવી. એ પ્રમાણે દેવયજ્ઞ નિત્ય કરવો. વળી જલવડે **સ્વધાના** ઉચ્ચારણ પૂર્વક પિતૃ તર્પણરૂપ પિતૃ યજ્ઞને કરવો. બલિગ્રાસ મૂકીને ભૂતયજ્ઞ કરવો. બ્રાહ્મણોને અન્ન આપીને મનુષ્ય યજ્ઞ કરવો. ઋગ્વેદના મંત્રોને ઋચાઓ કહે છે. યજુર્વેદના મંત્રોને યજુસ્ કહે છે. અને સામવેદના મંત્રોને સામ કહે છે. એમાંથી એક મંત્રનો પણ નિત્ય અભ્યાસ કરવો. એ સ્વાધ્યાયરૂપ બ્રહ્મયજ્ઞ છે. એ પ્રકારના પાંચે યજ્ઞોને કરવા. વલ્કલનાં વસ્ત્રોને ધારણ કરવાં. પ્રાતઃકાલમાં મધ્યાહ્ને તથા સાયંકાલે એ પ્રમાણે ત્રિકાલ સ્નાન કરવું. ભૂત માત્રના ઉપર દયા રાખવી. પ્રતિગૃહ કરવો નહિ. દારૂ તથા માંસનો ત્યાગ કરવો. ભૂમિઉપર ફરીને જીવનનો ઉપયોગ કરનારાં સસલાં આદિ પ્રાણિયોના માંસને ભૌમ માંસ કહે છે. કાચબા, મત્સ્ય આદિ જલના પ્રાણિઓના માંસને વનજ કહે છે. વન શબ્દ જલવાચક છે. એ બન્ને પ્રકારના માંસોને ત્યજવા. જે પ્રાણીઓને પાંચ પંજા છે એવાં પાંચ પ્રકારનાં પ્રાણીઓ છે. ૧ મગર, ૨ કાચબો, ૩ શલ્લક, ૪ સસલુ, અને ૫ નકૂલ નોળીયા એટલાં પ્રાણીઓનું માંસ ખાવાની ગૃહસ્થને શાસ્ત્રે રજા આપી છે. તેનો પણ વનિયે ત્યાગ કરવો. વનિએ મધ પણ ખાવું નહિ. દરરોજ એકવાર જમવું. રાત્રિનો સમય ધ્યાનમાં સ્થિર રહેવું. ઇન્દ્રિયોનાં ઉપર નિરંતર નિયમન રાખવું. ક્રોધને વશ કરી લેવો. ભૂમિ ઉપર શયન કરવું. અધ્યાત્મ ચિંતન કરવું. મુખેથી નિરંતર સાવિત્રી મંત્રનો જપ કરવો. ક્રોધ, ચાડી, નિંદા, આદિનો દૂરથીજ ત્યાગ કરવો. પ્રતિમાસે કૃચ્છ્ર, ચાંદ્રાયણ વ્રતોને કરવાં. આ વ્રતોનાં સ્વરૂપ સંક્ષિપ્તમાં આ પ્રમાણે કહેલાં છે. ગ્રાસનું પ્રમાણ કુકડીના ઇંડા જેવડું રાખવું. અથવા તો મુખમાં સરળતાથી સુખપૂર્વક પ્રવેશી શકે તેવડા નહાના ગ્રાસોનું પ્રમાણ રાખવું. ત્રણ દિવસ સુધી આ પ્રકારના ૨૬ ગ્રાસ પ્રાતઃકાલે જમવા. તે પછી ત્રણ દિવસ સુધી બાવીસ બાવીસ ગ્રાસ સાયંકાલે જમવા. તે પછી ત્રણ દિવસ સુધી ભિક્ષા માગવા જવું નહિ. તેમજ ફળ આદિને લેવાને માટે પણ જવું નહિ. પરંતુ અનાયાસે અયાચિત આવી લાગે તો તેમાંથી ૨૪ ગ્રાસ જમવા. તે પછીના ત્રણ દિવસ સુધી કાંઇ પણ જમવું નહિ. એને પ્રાજાપત્યકૃચ્છ્રવ્રત કહ્યું છે. ચાંદ્રાયણ વ્રતના પાંચ પ્રકાર કહ્યા છે. ૧ પિપીલિકામધ્ય ચાંદ્રાયણ, ૨ યવમધ્ય ચાંદ્રાયણ, ૩ ઋષિ ચાંદ્રાયણ, ૪ શિશુ ચાંદ્રાયણ, અને ૫ યતિ ચાંદ્રાયણ. તેમાં કૃષ્ણ પક્ષથી પિપીલિકામધ્ય ચાંદ્રાયણનો આરંભ કરાય છે. પ્રથમ

દિવસે ચૌદ ગ્રાસ ભોજન કરવું. અને પછી પ્રતિ દિવસ એક એક ગ્રાસ નિત્ય કમી કરતાં જવું. એ પ્રમાણે કૃષ્ણ પક્ષનું પખવાડીયું પૂર્ણ કરવું. તે પછી શુકલ પક્ષનો આરંભ થતાં પ્રતિ દિવસ એક એક ગ્રાસ વધારતાં વધારતાં પૂર્ણીમા સુધી જમવું, અને એ પ્રમાણે તે વ્રતને પૂર્ણ કરવું. યવમધ્ય ચાંદ્રાયણમાં શુકલ પક્ષથી વ્રતનો આરંભ કરવાનો હોય છે. તેમાં પ્રથમને દિવસે એક ગ્રાસ જમવો. તે પછી પ્રતિ દિવસ એક એકગ્રાસ વધારતાં જવું. કૃષ્ણ પક્ષનો આરભ થતાં દરરોજ એક એક ગ્રાસ કમી કરતાં જવું અને એ પ્રમાણે તે વ્રતને પૂર્ણ કરવું. ઋષિ ચાંદ્રાયણમાં સંકલ્પની દ્રઢતા કરીને પ્રતિ દિવસ નિયમ પ્રમાણે હવિષાન્નના માત્ર ત્રણ ત્રણ ગ્રાસ એક માસ સુધી ખાવાના હોય છે. શિશુ ચાંદ્રાયણમાં બાલકવત્ જમવાનું હોય છે, એટલે દરરોજ પ્રાતઃકાલે ચારગ્રાસ તથા સાયંકાલે પણ ચાર ગ્રાસ લેવા. એ પ્રમાણે એક માસ સુધી કરવું. એક માસ સુધી દરરોજ જે વખતે રવિ મસ્તક ઉપર હોય તે મધ્યાહ્નને સમયે આઠ આઠ ગ્રાસ જમવા તેને યતિચાંદ્રાયણ કહે છે.

આ પ્રકારનાં વ્રતો કરવાથી પાપ માત્ર બળી જાય છે. વનિયે વળી તાપ પંચકને સેવવાના ગ્રીષ્મ ઋતુને માટે કહ્યા છે. તેમાં પોતાની ચારે બાજુએએ અગ્નિની ચાર તાપણીઓ રાખવી અને મસ્તક ઉપર સૂર્યને તપવા દેવો. વર્ષા ઋતુમાં આકાશ બીલકુલ ઢંકાય નહિ એ પ્રકારના છાપરા વિનાના ચોકમાં ઘરની બહાર રહેવું. શિયાળામાં નિરંતર જલથી ભીનાં કરેલા કપડાં પહેરી રાખવા. એ પ્રકારે ક્રમથી તપશ્ચર્યાને વધારતાંવધારતાં શરીરને અત્યંત સુદ્દઢ બનાવી દેવું. ત્રિકાલ સ્નાન કરીને પિતૃઓનું તથા દેવતાઓનું તર્પણ કરવું. એક પગે સ્થિર ઉભા રહેવું. વર્ષના મધ્ય કાલમાં માત્ર વાયુનોજ આહાર કરીને બલને પ્રાપ્ત કરવું. આહારને માટે ૧ મૂલ, ૨ ફૂલ, ૩ દુધ, ૪ પાણી, ૫ વાયુ, ૬ આકાશ, એ પ્રમાણે ઉત્તરોત્તર આધિક આધિક બળ આપનારૂં અને પૂર્વપૂર્વથી અધિક અધિક ઉત્તમ પ્રકારનું દ્રવ્ય શાસ્ત્રે કહેલું છે. તેમાં વાયુથી ન રહેવાય તોજ પાણીનો આહાર કરવો. તેજ પ્રમાણે પાણીથી પણ ન રહી શકાય તોજ દુધનો આહાર કરવો. દુધથી ન રહી શકાય તોજ ફળનો આહાર કરવો. ફળથી ન રહેવાય ત્યાં સુધીજ મૂલનો આહાર કરવો. સૂક્ષ્મ પ્રકારના બલપ્રદ દ્રવ્યથી રહેવાય તે પ્રમાણેનીશક્તિને મેળવવાના આગ્રહને ધરવો. વળી અન્ય પ્રકારના કૃચ્છ્ર વ્રતોને પણ કહેલાં છે. તેમાં એક પ્રકાર એવો

છે કે શુક્લ પક્ષમાં દુધ પીને રહેવું, અને કૃષ્ણ પક્ષમાં ગોમય પીવું તથા જીર્ણું પાંદડાનો આહાર કરવો. આ વ્રતો કરવામાં અંતઃકરણને સ્થિર કરી પ્રસન્નતામાં જોડી રાખવું. અને ચિત્તને યોગ ક્રિયાઓમાં નિશ્ચય જોડી રાખવાનો અભ્યાસ કરવો. અને હૃદયમાં અથવા તો ગુરૂ ઉપદિષ્ટ અન્ય સ્થાનમાં અંબિકાસહ પશુપતિ -સાંબ સદાશિવનું ધ્યાન અખંડ કરવું. ચિત્ત અંબિકા સહ શિવની પ્રતિમાને આંતર વૃત્તિથી પ્રેમ રસ પૂર્વક જોયા કરે છે તે સમયે બહારની ઉપાધિ જે સામાન્ય મનુષ્યને અસહ્ય પીડાકાર જણાય છે તેજ ઉપાધિ તે યોગિ મહાત્માને અત્યંત વેગથી પરશિવ સાથે નિકટતા કરાવી આપે છે અને તેથી અત્યંત આનંદ પ્રદ ભાસે છે.

વનિયે કૃષ્ણાજીન તથા ઉપવસ્ત્ર તથા શ્વેત યજ્ઞોપવીત રાખવાં. તે પ્રમાણે દેહના અંત સુધી રહેવું અથવા અંતઃકરણની સ્થિતિ પરિપક્વ થએલી હોય તોજ સન્યસ્ત નામના ચતુર્થાશ્રમને ધારણ કરવો. એમ કરતાં પોતાનાં આત્મ તત્વમાંજ પરમ શિવનું ધ્યાન કરતાં તેમાં જોડાઈ જવું તમામ પ્રકારના અગ્નિ માત્રને ભાવનાથી તે શિવતત્વમાં વિસર્જન કરીને પછી ઘરનો ત્યાગ કરવો. અને કેવલ મોક્ષનીજ ઇચ્છાને મનમાં રાખીને તે મુનિયે બહાર નીકળી પડવું. એ પ્રમાણે ન બને તો ગૃહસ્થને માટે કહેલા ત્ર્યંબક તથા પંચાક્ષર મંત્રનો પ્રણવ સહ ઉચ્ચાર કરતાં સર્વાંગ ભસ્મને નિરંતર રાખવી અને ત્રિપુંડ્ર કરવાં. ઉપનિષદોના અભ્યાસમાં રસ પૂર્વક પ્રેમને રાખવો. બાકીના સમયમાં સંયમને સેવવો. એ પ્રમાણે કરતાં જ્યારે વૈરાગ્ય પૂર્ણ કળાએ ઉદ્દીપ્ત થએલો અંતઃકરણમાં અનુભવાય ત્યારેજ એ વનિયે બહૂદક, હંસ, કુટીચક કે પરમહંસ એ પ્રકારની સન્યસ્તની દીક્ષા પોતાના શરીર અંતઃકરણ આદિ સામગ્રીને અનુસરીને પોતાના અધિકાર પ્રમાણે ગૃહણ કરવી. અધિકારનો વિવેક કર્યા વિના ઉતાવળથી સન્યસ્તના કોઈ પણ પ્રકારને ધારણ કરે છે તો અવશ્ય અધઃ પતન થાય છે. આ પ્રમાણે સંક્ષિપ્તમાં વનિનું સ્વરૂપ છે.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો વાનપ્રસ્થાશ્રમ વિધિ નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૬.

સન્યાસ વિધિ.

આશ્રમોમાં ઉપર ત્રણ આશ્રમોનું સ્વરૂપ આવ્યું. આ ત્રણે આશ્રમો ધર્મસ્કન્ધ એવા નામથી પણ ઓળખાય છે. એ આશ્રમોમાં ધર્મક્રિયાઓ નામના કર્મોનું પ્રાધાન્ય છે. અને સાંસારિક ફલને તે વડે પ્રાપ્ત કરાય છે. ધર્મસ્કંધોમાં યજ્ઞ, અધ્યયન તથા દાન એ પ્રકારે ત્રણ પ્રકારના ધર્મસ્કન્ધો કહ્યા છે. યજ્ઞ નામનો પ્રથમ ધર્મસ્કન્ધ કહેવાય છે. તેનું સ્વરૂપ તપશ્ચર્યા છે. અધ્યયન નામનો બીજો ધર્મસ્કંધ ઉત્તમ પ્રકારે આચાર્યને ઘેર નિવાસ કરીને બ્રહ્મચર્યના પાલનપૂર્વક પરિપૂર્ણ થાય છે. દાન નામના ત્રિજા ધર્મસ્કન્ધની ઉત્તમ પરાકાષ્ટામાં પોતાના સ્વાર્થનો સંપૂર્ણ ત્યાગ કરીને આચાર્યને ઘેર રહીને પૂર્ણ થાય છે. એ પ્રમાણે ત્રણે પ્રકારના ધર્મસ્કન્ધોને પૂર્ણ કરનારો પુણ્ય લોકને પામે છે. એટલે તેથી વૈરાગ્યનો નિર્મલ ઉદય થાય છે, અને જન્મ મરણના આત્યંતિક નાશરૂપ બ્રહ્મતત્વની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા ઉદ્ભવે છે. એમ થતાં સન્યાસ નામનો ચતુર્થાશ્રમ રૂપ જે જ્ઞાન સ્કન્ધ કહ્યો છે. તેને માટે અધિકાર પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે જેમનું ચિત્ત બ્રહ્મમાં સ્થિર થયું છે એવા રૂડી રીતે બ્રહ્મમાં નિષ્ઠાવાળા મુનિનેજ અમૃતત્વ એટલે અપવર્ગ મળે છે. બ્રહ્મથી અન્ય કાંઇજ જેના ચિત્તના અનુભવમાં નથી આવતું એ પ્રકારની ચિત્તની અવસ્થાનેજ બ્રહ્મનિષ્ઠા કહી છે. તો અન્ય આશ્રમોવાળાઓ કામ્ય કર્મો કરે છે તથા અભિમાનપૂર્વક પ્રાપ્ત થતા ભોગોનો અનુભવ કરે છે અને તેમ કરવામાં જ્યારે જ્યારે અવકાશ મળે છે ત્યારેજ માત્ર બ્રહ્મ ચિન્તન તેમનાથી થઈ શકે છે. માટે તે પ્રકારની નિષ્ઠાવાળા બ્રહ્મનિષ્ઠ થઈ શકે એ દુર્લભ છે. માટે કર્મ માત્રના

ત્યાગરૂપ સન્યસ્તની દીક્ષા જેણે લીધી છે એવો એકલો સન્યાસીજ બ્રહ્મનિષ્ઠાવાળો હોઈ શકે છે. ધર્મસ્કન્ધ જેમાં મુખ્ય છે તેવા પ્રથમના ત્રણે આશ્રમોમાં તો કર્મ કરવાનાં હોયછે. તેથી પુણ્યલોકની પ્રાપ્તિ થાયછે. મોક્ષની પ્રત્યક્ષ પ્રાપ્તિ થતી નથી. મોક્ષનું સાધન બ્રહ્મનિષ્ટા એકલીજ છે. અને તેથી મોક્ષનો અધિકારી જ્ઞાનસ્કંધવાળો સન્યાસી એકલોજ હોઈ શકે છે. પુણ્યલોકની કામનાના અંકુરો જેમના અંતઃકરણમાં હોય છે એ પ્રકારના પ્રથમના ત્રણે આશ્રમવાળાએ પ્રથમ પોતપોતાના આશ્રમમાં કહેલા ધર્મો દ્વારા તે કામનાઓને પ્રથમ તૃપ્ત કરવાની હોય છે. તે પ્રકારના કર્મોથી પરવારીને અમોને જે અવકાશ મળે છે તેમાં અમે સરળતાથી બ્રહ્મનિષ્ઠાને સેવીએ છીએ એ પ્રમાણે કોઈ કોઈ કહેછે તે બીલકુલ યોગ્ય નથી. એ પ્રમાણે બ્રહ્મનિષ્ઠા થવી બીલકુલ સંભવતીજ નથી. એનું કારણ એવું છે કે ચિત્તને અન્ય સર્વ વ્યાપારમાંથી મુક્ત કરવું પડે છે. તેમ કરવાને માટે અન્ય વ્યાપાર માત્રનો અવશ્ય ત્યાગ કરવોજ પડે છે. એ પ્રકારે ચિત્તની અનન્યતાને સિદ્ધ કર્યા પછીજ બ્રહ્મની પ્રાપ્તિ રૂડી રીતે થઈ શકે છે. તેમ થાય છે તેનેજ બ્રહ્મનિષ્ઠા કહી છે. જે મનુષ્ય કર્મમાં શૂર હોય તેનાવડે એક બાજુથી કર્મનું અનુષ્ઠાન કરવું અને બીજી બાજુથી કર્મનો ત્યાગ કરવો એ પ્રકારે અત્યંત પરસ્પર વિરોધી બન્ને આચરણો થઈ શકેજ નહિ. માટે અન્ય આશ્રમીમાં બ્રહ્મનિષ્ઠાનો સંભવજ નથી.

સન્યાસિની વૃત્તિના ભેદથી સન્યાસને ચાર પ્રકારનો કહેલો છે. ૧. કુટીચક, ૨. બહૂદક, ૩. હંસ અને ૪ પરમહંસ. તેમાં કુટીચક સન્યાસમાં અધિકારી એ ધર્મનો ત્યાગ કરવાનો છે. તેણે દરરોજ પોતાને ઘેરથી અથવા પોતાના બંધુઓને ઘેરથી ભિક્ષા માંગી લાવીને તેનો આહાર કરવો. શિખા રાખવી, જનોઇ રાખવું, ત્રિદંડ રાખવા, કમંડલ, પાણી ગળવાનો રૂમાલ, તથા કાષાય વસ્ત્ર રાખવાં. સર્વાંગે ભસ્મ લગાવવી. ત્રિકાલ ત્રિપુંડ્રો કરવાં. શ્રદ્ધાથી નિત્ય શિવલિંગનું અર્ચન કરવું. અને નિરંતર ગાયત્રી મંત્રનો જપ કરવો. એ પ્રકારના કુટીચક સન્યાસિના ધર્મો છે.

બહૂદકે બંધુ પુત્ર આદિ સંબંધીઓને ઘેરથી ભિક્ષા લાવવાની નથી. એટલાં ઘરનો ત્યાગ કરીને અન્ય સાત ઘેર ભિક્ષા માગવી અને તે અન્ન એકવાર જમવું. ગાયના વાળની ગુંથીને દોરી કરી તે વડે બાંધેલા ત્રિદંડને રાખવો. એક શીકું રાખવું. એક પાત્ર એક જળને ગળવાનું ગળણું, કોપીન, કમંડલ, આચ્છાદન, કાંબળી, પાવડીઓ, છત્રી, પવિત્રા-

જીન, એ પાંખો જેવી શાખાવાળી સોયના અણીયા જેવી દર્ભ, રૂદ્રાક્ષની માળા, વાંસો તથા ઢીચણુ ઉપર રાખવાનો યોગપટ્ટ નામનો પટકો, ઓઢવાનું બહારનું વસ્ત્ર, તીક્ષ્ણુ તરવારના આકારની માટી ખોદવાની એક લાકડી એટલાં સાધનો તેણે રાખવાં. આખે શરીરે ભસ્મને લગાવવી તથા ત્રિપુંડ્રો કરવાં. શિખા તથા જનોઇને રાખવાં. દેવતાઓની આરાધનામાં પ્રેમ રાખવો. સર્વદા સ્વાધ્યાયનીજ વાણીનું ઉચ્ચારણુ કરવું, અને પોતાને સ્થાને પ્રેમથી રહેવું. સન્ધ્યા ત્રિકાલ સમયે ગાયત્રિના જપપૂર્વક કરવી. એ પ્રકારની બહૂદકની સ્થિતિ છે.

હવે હંસ સન્યાસિની વ્યવસ્થા આ પ્રમાણે છે. એણે શીકું, ભિક્ષા લાવવાનું પાત્ર, કંથા, કૌપીન, પાથરવાનું વસ્ત્ર, અંગવસ્ત્ર, બહિઃપટ વાંસનો એક દંડ એટલાં સાધનો રાખવાં. ભસ્મ લેપન સર્વાંગે કરવાં. ત્રિપુંડ્રો કરવાં, અને નિત્ય શિવ લિંગની પૂજા કરવી. રોજ આઠ ગ્રાસ એકવાર જમવા. શિખા રાખવી. સન્ધ્યાને સમયે સાવિત્રી જપ કરવો અને અધ્યાત્મ ચિન્તન કરવું. તીર્થાટન કરતાં કરતાં તીર્થ સેવા કરવી. કૃચ્છ્ર, ચાંદ્રાયણુ આદિ વ્રતોને આચારવાં. એક ગામે એકજ રાત્રિ રહેવું અને ત્યાં ન્યાય પૂર્વક આચરણુ કરવું.

પરમ હંસે ત્રિદંડ,ગાયના વાળની દોરી, શીકું, પાણીનું ગળનું, પવિત્રી, કમંડલ, અણીયાળી પાંખો જેને હોય એવી કુશની સોય, અજીન અને માટી ખોદવાની તરવાર જેવી લોખંડની લાકડી એટલી વસ્તુઓ રાખવી. શિખાનું મુંડન કરાવી દેવું. જનોઈનો ત્યાગ કરવો. નિત્યકર્મોને છોડી દેવાં. કૌપીન, આચ્છાદન વસ્ત્ર, ટહાડ ખાળનારી કામળી, વાંસે તથા ઢીંચણે ઢાંકવાનું યોગપટ્ટ, બહિવસ્ત્ર, પાદુકા, છત્રી, રૂદ્રાક્ષનીમાળા, તથા છિદ્રાદિ દોષ વિનાનો વાંસનો દંડ તેને રાખવો, अग्निरिति०॥ મંત્રવડે ભસ્મને ધારણુ કરવી. ત્રણુવાર પ્રણવનું ઉચ્ચારણુ કરવું. અને અજપા મંત્રવડે ત્રિપુંડ્રને કરવાં. માટીનું પાત્ર અથવા કાંસાનું લાકડાનું અથવા તુંબડાનું અથવા વાંસનું પાત્ર રાખવું. પાણીનું પાત્ર તથા ઉદરનું એટલે જમવાનું પાત્ર પાણી વડે ધોઇને આચમન કરીનેજ લેવાં.

બહૂદક તથા હંસોએ તો ઉદર તથા હસ્ત એ નામનાં બેજ પાત્રો રાખવાનાં છે. કાંસાનું કે લાકડાનું કે માટીનું પાત્ર રાખવાનું નથી. ઘેરઘેરથી ભિક્ષા માગીને પરમહંસે એકવાર જમવાનું છે.

અતિઆહાર કરવાથી ચિત્તની એકાગ્રતારૂપ યોગની સિદ્ધિ થતી નથી. બીલકુલ ન જમવાથી પણ યોગની સિદ્ધિ થતી નથી. માટે યોગની ક્રિયાઓને અનુકૂલ આવે તે પ્રમાણેજ પરમહંસે તો જમવાનું છે. સર્વ વર્ણવાલાને ત્યાંથી ભિક્ષા માગીને તેને ખાવાની છે. પરંતુ જેના ઉપર અભિશાપ હોય તેવા મનુષ્યોના ઘરનો તેણે ત્યાગ કરવાનોજ છે. આગળ આગળ ભિક્ષા મળતી જાય તેમ તેમ પૂર્વ પૂર્વના ઘરને છોડતા જવું. ગુરૂની નિત્ય સેવા કરવી. ને જ્ઞાનનો રૂડી રીતે અભ્યાસ કરવો. સ્નાન, શૌચ, અભિધ્યાન, સત્ય તથા અસત્ય, કામ, ક્રોધ, હર્ષ, એ સર્વ છોડવું. સ્મૃતિમાં કહ્યું છે કે ધર્મ તથા અધર્મ સત્ય તથા અસત્ય, સર્વનો ત્યાગ કરવો. જેના વડે સત્ય તથા અસત્યરૂપે ભાન થાય છે તેનો પણ ત્યાગ કરવો. સત્ય બોલવાનું પણ જ્યાં વ્યવહાર હોય છે ત્યાંજ બની આવે છે. માટે તેનો પણ ત્યાગ કરવાનો છે. લોભ મોહ દંભ દર્પ આદિનો ત્યાગ કરવાનો છેજ એવું કહેવાની જરૂરજ નથી. સર્વ પ્રકારના સન્યાસિયોએ વર્ષાઋતુના ચાર માસ તો એકજ સ્થાને રહેવાનું છે. કુટીચક, હંસ તથા બહૂદક યતિયોએ એકલાજ મોક્ષનીજ કામનાપૂર્વક સાવિત્રી મંત્ર વડે બ્રહ્મતત્વનું અનુસંધાન કરવું. પરમહંસે તો સદા એકલા પ્રણવ મંત્રનોજ જપ કરવો. પ્રણવ મંત્ર ત્રણે વેદોનું આદિ સ્વરૂપ છે. વેદ માત્રનો સાર પ્રણવ છે. પ્રણવ વેદોનો પ્રતિનિધિ છે. માટે તેણે તે એકજ મંત્રનો જપ કરવાનો છે. ત્રિકાલ સંધ્યાના સમયે પવિત્ર થઇને શાન્ત થવું અને પ્રણવ મંત્ર વડે ૭ પ્રાણાયામોને કરવાં. તે પછી ૧૦૮ જપ કરવા. એકાન્ત દેશમાં સુખનો અનુભવ થાય તે પ્રકારે શાન્ત થઇને બેસવું, અને યથાશક્તિ સમાધિમાં સંયમ કરતા આનંદ નિમગ્ન થવું. એ પ્રમાણે ઉત્તરોત્તર કહેલા આશ્રમોના ક્રમથી અથવા તો અધિકારની પ્રાપ્તિના અનુભવથી જે જ્ઞાની પુરૂષે સન્યસ્ત લીધું હોય તેણે કદીજ ઉતરતા આશ્રમમાં પાછા ઉતરી જવું નહિ. છતાં કોઈ એ પ્રમાણે કરે છે તો તે હમેશને માટે ધર્મ માત્રમાંથી આરૂઢ પતિત થાય છે. કહ્યું છે કે સૂર્યનારાયણ કોઈ બ્રાહ્મણને સન્યસ્ત લેતો જોઇને પોતાને સ્થાનેથી ભયથી કંપીને ચાલે છે. મારા મંડળને ભેદીને આ પુરૂષ બ્રહ્મલોકમાં જશે. એ પ્રમાણે તે ધારે છે. ચર તથા અચર એ પ્રકારના પરમેશ્વરનાં બે રૂપ છે. સન્યાસિ એમનું ચરરૂપ છે. મૃત્તિકા આદિની મૂર્તિયો એમનું અચર રૂપ છે. જેને ઘેર રોજ યતિ પધારે છે તે મહા ભાગ્યશાળી પુરૂષને ત્રણે લોકમાં કાંઇજ દુર્લભ નથી. સન્યાસીને તેના વેષ માત્રથી સર્વેશ્વરવત્ પૂજવો. તે સન્યાસી દુરાચારી છે કે સદાચારી છે, મૂર્ખ છે કે

પંડિત એ પ્રમાણે અન્ય આશ્રમિયોએ તેને માટે વિચાર કરીને સંશયમાં પડવાનું નથી.

બ્રહ્મા બ્રહ્મચર્યાવસ્થાના અભિમાની દેવતા છે. ગૃહસ્થાશ્રમના અભિમાની સર્વે દેવતાઓ છે. વનિના સૂર્ય દેવતા છે. યતિના તો સાક્ષાત મહેશ્વરજ છે. માટે સન્યાસિએ સર્વદા મહાદેવનું પૂજન કરવું. પરમ હંસનો દેહ પડે ત્યાર પછી તે દેહને કદીજ અગ્નિમાં બાળવાનો નથી પરન્તુ તેને તો પૃથ્વિમાં દાટવો. અશૌચ કે ઉદક ક્રિયા પણ તે શરીરને માટે કરવાની છે નહિ. જે સ્થાને તે શરીરને દાટયું હોય ત્યાં પીપળાના પીપલ વૃક્ષને રોપવું. એમ કરવાથી તે સ્થાને સાક્ષાત મહેશ્વરની સ્થાપના થઈ કહેવાય છે. તે સ્થાનનાં દર્શન તથા સ્પર્શથી પાપ માત્ર બળે છે. અન્ય પ્રકારના સન્યાસિઓને પ્રથમ તો ઉપર કહ્યા પ્રમાણે દાટવા. પણ તે પછીથી સજ્જન ગૃહસ્થાશ્રમીએ તે શરીરને કહાડીને શાસ્ત્ર વિધિ પૂર્વક અગ્નિ દાહ કરીને બાળવું. એ પ્રમાણે કરનાર ગૃહસ્થને અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ મળે છે.

એ પ્રમાણે શ્રી જ્ઞાનયોગ ખંડનો સન્યાસવિધિ નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૭.

પ્રાયશ્ચિત્ત.

અમુક વર્ણાશ્રમિયે અમુક આચારોનું પાલન કરવું એ પ્રકારની શાસ્ત્રની આજ્ઞારૂપ વિધેય ધર્મો છે. અને અમુક આચારોને ત્યજવા એ રીતની આજ્ઞા રૂપ નિષિદ્ધ ધર્મો છે. એ વિધિ નિષેધ રૂપ ધર્મોમાંથી જેનું નિત્ય પાલન કરવાનું છે એટલે તે વર્ણાશ્રમની સિદ્ધિ થતા સુધી જે આચાર નિરંતર પ્રમાદ વિના સેવવાના છે એવા જે નિત્ય ધર્મો છે તેનું સ્વરૂપ ઉપર સંક્ષેપમાં આપણે સમજ્યા. હવે સાવધાનતા રાખવાનો પ્રયત્ન કર્યા છતાં પણ પ્રમાદાદિ કારણો કોઇ કોઇ સમયે ઉદ્ભવિ નીકળે છે. પરિણામ એ આવે છે કે જાણતાં અજાણતાં અને અનિચ્છાથી પણ સ્ખલન થઈ જાય છે, અને યથાવિધિ ધર્મનું પાલન થતું નથી. તેથી પ્રાપ્તવ્યની અન્તિમ સિદ્ધિના માર્ગમાં પાપરૂપ અડચણ આવી નડે છે. તે પાપને ભસ્મિભૂત કરીને આપણા માર્ગને સરલ બનાવવાના નિમિત્તથી જે કાંઇ કરવાની અપેક્ષા રહે છે તે પ્રકારનાં કર્મોને પ્રાયશ્ચિત્ત એ નામથી શાસ્ત્રે કહેલાં છે. આવાં કર્મોને નૈમિત્તિક ધર્મો પણ કહે છે. માટે ભૂત માત્ર ઉપર દયાની વૃત્તિને ધારણ કરીને શાસ્ત્રમાં કહેલાં પ્રાયશ્ચિત ધર્મોના આચરણ પૂર્વક પ્રસંગે પ્રસંગે થતા દોષોને દૂર કરવા સાવધાન રહેવું. અન્ય વ્યક્તિઓ આપણાથી થતા દોષો જાણે અને તે પછી આપણા ઉપર અભિશાપ મૂકે એટલા મોટા સ્વરૂપને ધારણ કરે ત્યાં સુધી આપણા દોષો આપણે જાણ્યા છતાં પ્રાયશ્ચિત્ત સ્વતઃ ન કરવાથી અધઃપતન આપણુંજ થાય છે.

શ્રી છાન્દોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે નિચે પ્રમાણેના મહાપાતકો છેઃ—સુવર્ણની ચોરી, ૨. મદિરાપાન, ૩ ગુરૂની પથારીમાં સુવું. ૪ બ્રહ્મ

હત્યા ૫ પ્રથમનાં ચાર મહા પાતકો કરનારનો સંસર્ગ, એ પ્રમાણે પાંચ મહા પાતકો કહ્યાં છે. તેમાં મહા પાતકીની સાથે ભેગો નિવાસ કરવો એ એક પ્રકારનો સંસર્ગ છે. પણ એક વર્ષ પર્યન્ત એવો નિવાસ થાય તો તે સંસર્ગથી અત્યંત પતિત થઈ મહાપાતકી થાય છે. મહાપાતકીને યજ્ઞ કરાવવો, દેવાદિનું તેની પાસે પૂજન કરાવવું, તેને વિદ્યાભ્યાસનું અધ્યયન કરાવવું, તેની સાથે યોનિ સંબંધ કરવો એટલે લગ્નાદિ ક્રિયામાં યોજાવવું, તેની સાથે ભોજન જમવું, જલાદિ પેય પદાર્થોને પીવા એ બધા એવા પ્રકારના સંસર્ગો છે કે તે સંસર્ગ થતાં તુરતજ સંસર્ગિ પતિત થાય છે.

બ્રહ્મહત્યા મહાપાતકોમાં પણ અત્યંત ગંભીર પાતક છે. એવા પાતકીને માટે પ્રાયશ્ચિત્ત રૂપે આ પ્રમાણે શાસ્ત્રે આજ્ઞા કરી છે. તેણે નિર્જન અરણ્યમાં મઠ બાંધીને બાર વર્ષ પર્યન્ત તેમાં નિવાસ કરવો. સદા ઇન્દ્રિયોને વશ રાખીને વર્તન કરવું. ભિક્ષા માગી લાવીને તેમાંથી આહાર કરવો. પોતે કરેલા દોષોને પ્રસિદ્ધ રીતે લોકોને પશ્ચાત્તાપ પૂર્વક કહી બતાવવા. એ એક પ્રકારનું પ્રાયશ્ચિત્ત છે. અથવા શાક મૂલ અને ફૂલનો આહાર કરીને રહેવું અને શબના માથાની ધજા કરીને તે રાખવી. એ પ્રમાણે પ્રાયશ્ચિત્તનો બીજો પ્રકાર છે. બાર વર્ષ સુધી એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાથી અકામકૃત બ્રહ્મહત્યા થઈ હોય એટલે બ્રાહ્મણનું મૃત્યુ અજાણતાં વગર ઇરાદે કરાયું હોય તો તેવી બ્રહ્મહત્યાનો દોષ ટળે છે. પરન્તુ જો બ્રહ્મહત્યા જ્ઞાન પૂર્વક કરેલી હોય તો દેહનો ત્યાગજ કરવો એ પ્રાયશ્ચિત્ત છે. અથવા તો ગામમાંથી અગ્નિને લાવવો. પછી તે અગ્નિને માથા ઉપર રાખીને પરિતાપ કરતાં ગામમાં પ્રવેશવું કાંઇ આહાર કરવો નહિ. ધર્મ યુદ્ધમાં જોડાઈ જવું. બ્રાહ્મણોના હિતને અર્થે અથવા ગાયોના હિતને અર્થે રૂડી રીતે યુદ્ધમાં જવું. અગ્નિમાં પ્રવેશવું, જળમાં ઝંપલાવવું, અથવા કોઈ પણ મહાન સ્થાનમાં રહીને તેમનું રક્ષણ કરવું, અને તેમને અર્થેજ પ્રાણને ત્યજવા. એમ કરવાથી એ મહાપાતકનો નાશ થાય છે.

મદિરા પાનનો દોષ પણ ઉપર પ્રમાણે બ્રહ્મહત્યાને માટે કહેલા પ્રાયશ્ચિત્તથી ટળે છે. અથવા તો બળતા અગ્નિના જેવો તપાવેલો તથા રંગવાળો પ્રાણને સત્વર તોડી નાંખે તેવો દારૂ પીને મરવું. એમ કરવાથી મદિરાપાનનું પાપ બળી જાય છે. અથવા ગોમૂત્ર ઘી પાણી અને ગોમયને ભેળાં કરીને અત્યંત તપાવીને તેને પીને મરવાથી તે દોષ ટળે છે. એ પ્રમાણે મદિરાપાનનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

સુવર્ણની ચોરી નામનું મહાપાતક કરનારે જાતે સાક્ષાત રાજા પાસે જવું અને તેણે રાજાની પાસે પોતાના કર્મને ઉઘાડી રીતે કહી સંભળાવવું અને ભિક્ષારૂપે યાચના કરવી કે મારા અપરાધનું મને શાસન કરીને મને પાપમુક્ત કરો. રાજાએ એ પ્રમાણેની વિજ્ઞપ્તિનું શ્રવણ કરીને તીક્ષ્ણ લોખંડનું મુશળ મંગાવવુ, અને પોતે જાતેજ એકજ ઘાથી તે મુશળ વડે તે અધમ પુરૂષને હણવો. આમ કરવાથી તે મહા પાતકીનો ચોરીનો દોષ ટળે છે, અને રાજાને તે ચોરનો પ્રાણ લીધાનું પાપ લાગતું નથી.

ગુરૂની શૈયાને ભોગવનારાએ લોખંડની સ્ત્રી બનાવીને તેને ખૂબ તપાવવી. પછી તે સ્ત્રીની સાથે દૃઢ આલિંગન કરીને રહેવું. અને એ પ્રકારે પોતાના પ્રાણનો ત્યાગ કરવો. અથવા તો પોતે જાતેજ પોતાના લિંગ તથા વૃષણોને તોડી નાંખી તેને હાથમાં લઈને પોતાના પ્રાણ જાય નહિ ત્યાં સુધી દક્ષિણ દિશામાં ચાલતા પ્રયાણ કર્યા કરવું અને એ પ્રમાણે પોતાના દેહનો અંત લાવવો. એ પ્રકારનું ગુરૂ શૈયા ભોગવનારને માટે પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

મહા પાતકીના સંસર્ગથી થએલા મહા પાતકિયે એક વર્ષ પર્યન્ત નિદ્રાનો ત્યાગ કરવો. તપ આદરવું. તપ્તકૃચ્છ્રવ્રત કરવું. એ વ્રતનું સ્વરૂપ આ પ્રમાણેનું કહ્યું છે. પ્રથમ-ત્રણ દિવસ સુધી દરરોજ ૭ ૭ પળભાર ઉષ્ણ દુધ પીવું. એ પછીના ત્રણ દિવસો સુધી એકએક પળભાર ઉષ્ણ ઘી પીવું. તે પછીના ત્રણ દિવસ સુધી દરરોજ વાયુ પાન કરી રહેવું. એ પ્રકારના વ્રતને તપ્ત કૃચ્છ્રવ્રત કહે છે.

માસી સાથે વ્યભિચાર સંગનો દોષ કર્યો હોય તો તે પાતકમાંથી છૂટવાને કૃચ્છ્ર, અતિ કૃચ્છ્રને ચાન્દ્રાયણવ્રત કરવાં. એકવીસ દિવસ સુધી માત્ર દુધ પીને રહેવું તેને અતિ કૃચ્છ્રવ્રત કહે છે. અથવા તો રોજ એક વાર ખાવું અને તે પણ રાત્રેજ ખાવું અને તે પણ અયાચિત એટલે વગર માગ્યે આવી મળે તેજ ખાવું. તેમાં તે દિવસોમાં માત્ર ભોજન સમયેજ જલ પીવું. તેને કૃચ્છ્રાતિ કૃચ્છ્રવ્રત કહે છે.

ભગિની કે પુત્રિ સાથે ઉપર પ્રમાણે સંગરૂપ દોષમાંથી છૂટવાને માટે સાંતપન કૃચ્છ કરવાનું કહ્યું છે. તેમાં ગોમૂત્ર, ગોમય, દુધ, દહીં, ઘી તથા કુશોદક આહારમાં લેવાં. અને એક રાત્રિ ઉપવાસ કરવો. એ સાંતપન કૃચ્છ્રનું સ્વરૂપ છે.

ભાભી સાથેના વ્યભિચારમાંથી છુટવાને માટે ચાર ચાંદ્રાયણ વ્રતને કરવાં. ફોઈ તથા મામી તથા તેમની પુત્રી સાથે સકામ કે અકામ ગમે તે રીતે વ્યભિચાર થયો હોય તો એક ચાન્દ્રાયણ વ્રત કરવું. અન્ય હરકોઈ દ્વિજ સ્ત્રી સાથે થએલા સંગના પ્રાયશ્ચિત રૂપે એક તપ્ત ચાંદ્રાયણવ્રત કહ્યું છે. ક્ષત્રિય કે વૈસ્યની સ્ત્રીની સાથે વ્યભિચાર કરનાર દ્વિજે કૃચ્છ્રવ્રતને કરવાને કહ્યું છે. અન્ય સ્ત્રીઓ સાથે અનેકવાર વ્યભિચાર કરનારે કૃચ્છ્રવ્રત કરવું. બ્રહ્મચારિ કામવૃત્તિ વશ થઇને સ્ત્રીનો સંગ કરે તો તેણે એક વર્ષ પર્યન્ત ગર્દભનું ચામડું હોડીને ભિક્ષા માગીને જમવું. અને પ્રસિદ્ધ રીતે પોતાના પાપને કહી બતાવવું. ત્રિકાળ સંધ્યા સમયે તેણે સ્નાન કરવું. એ વ્યભિચાર કામપૂર્વક ન થયો હોય, પણ સંકટ આદિ કારણથી થયો હોય તો તેણે એ વ્રત ૭ માસ સુધી કરવાનું છે.

અગ્નિ કાર્ય ન થઈ શકયું હોય અથવા વીર્ય સ્ખલન થયું હોય તો સત્વર સ્નાન કરી લેવું. પછી આદરપૂર્વક મૌન સેવતા બેશીને પ્રણવ તથા વ્યાહૃતી સહ શિરસ્ સાથે ગાયત્રી મંત્રના ૧૦૦૦ જપ કરવા. આ મંત્ર **॥ ॐ ॥ भूः । स्वः । भुवः । महः । जनः । तपः । सत्यम् ॥ तत्स वितुर्वरेण्यम् । भर्गोदेवस्य धीमहि । धियो योनः प्रचोदयात् ॥ आपोज्योति रसो मृतम् । ब्रह्मभूर्भुवस्वरोम् ॥** એ મંત્રનો જપ કરવાનો છે. તેમાં પ્રથમનો **ॐ** તે પ્રણવ છે **भूः** થી આરંભીને **सत्यं** સુધીની સપ્ત વ્યાહૃતિયો છે. તે પછી **प्रचोदयात्** સુધીના ભાગને સાવિત્રી મંત્ર કહેલ છે. અને તે પછીના ભાગને શિરસ્ કહ્યું છે તે સાવિત્રી મંત્રને ગાયત્રી પણ કહે છે.

સન્યસ્ત જેમણે લીધું છે એવા યતિયોથી ઇન્દ્રિય સ્ખલન થઇ જાય તો તેમણે સત્વર સ્નાન કરીને શુદ્ધ થઈ શાન્ત બનવું અને પછી આદરપૂર્વક પ્રણવ પરમાત્માનો દશ હજાર જપ કરવો.

દ્વિજ સ્ત્રી સાથે ગમન થયું હોય તો અવકીર્ણ વ્રત કરવું. અન્ય સ્ત્રી સાથે બુદ્ધિપૂર્વક સંબંધ કર્યો હોય તો કૃચ્છ્રવ્રત કરવું. વૈસ્ય કે ક્ષત્રિયની હત્યા થઈ હોય તો બ્રહ્મહત્યાને માટે જે વ્રત કહ્યું છે તેજ વ્રત કરવું. એ પાપ કરનાર બ્રાહ્મણ હોય તો ક્ષત્રિયની હત્યાને માટે તેણે છ માસસુધી,અને શૂદ્રની હત્યાને માટે એક પક્ષ પર્યંત તે વ્રત કરવાથી બ્રાહ્મણ મુક્ત થાય છે.

અન્ય વિહિત ધર્મોનું પાલન ન થાય અથવા અન્ય પ્રકારનાં નિષિદ્ધ કર્મો થઈ જાય, વેદનું ઉલ્લંઘન થાય, ગુરૂનો દ્રોહ થાય તથા તે પ્રકારનાં અન્ય કર્મો કરાય તો તપ્ત કૃચ્છ્રવ્રતને કરવું.

આ શિવાય પાપમાંથી છૂટવાને માટે અન્ય ઉપાયો પણ છે. વેદાન્ત શાસ્ત્રનું જ્ઞાન આપનાર મહાત્માઓની શાન્ત ચિત્તથી પ્રસન્નતાપૂર્વક નિત્ય સેવા કરવી. શ્રદ્ધા, વિનય, શાન્તિ એટલે અંતઃકરણની શાન્ત અવસ્થા, દાન્તિ એટલે ઇન્દ્રિયોનું દમન આદિને સેવતાં મહાત્માની શુશ્રુષા કરવી. તેમ કરવાથી ભડભડાટ પ્રજ્વલતો અગ્નિ જેમ શુષ્ક ઇન્ધન માત્રને બાળીને ભસ્મ કરી નાંખે છે તે પ્રકારેજ તે મહાત્માથી નીકળતા જ્ઞાનરૂપ અગ્નિવડે કર્મમાત્ર બળી જાય છે અને પાપમાત્રથી છૂટાય છે. માટે જ્યાંસુધી વેદાન્તના અર્થનું જ્ઞાન અનુભવપૂર્વક થાય નહિ ત્યાંસુધી તે અર્થનું મનન વિવિધ ક્રિયાઓથી વારંવાર કર્યાજ કરવું. પાપરૂપી જંગલને બાળનાર અગ્નિ તે જ્ઞાન વિના કોઇજ અન્ય વસ્તુ નથી. વેદાન્તના અર્થનું ચિન્તવન એક માસ પર્યન્ત કરવાથી ક્ષુદ્ર પાપો નાશ પામે છે. ૭ માસ સુધી વેદાન્ત શ્રવણ કરવાથી ઉપપાતક માત્ર નાશ પામે છે. એક વર્ષ પર્યંત વેદાન્ત શાસ્ત્રનું શ્રવણ કરવાથી મહા પાતકોના મોટા ઓઘો હોય છે તેનો પણ સત્વર નાશ થઈ જાય છે. શ્રદ્ધાવડે નિત્ય વેદાન્ત જ્ઞાનનો અભ્યાસ કરનાર નિઃસંશય સંસાર ભયથી મુક્ત થાય છે. એ પ્રમાણે શ્રુતિ ભગવતી કહે છે. કદી વેદાન્તશાસ્ત્રના જ્ઞાનના અભ્યાસમાં દૈવયોગે વિઘ્ન આવી પડે છે તો સત્વર સંસારથી મુક્તિ નથી મળતી પણ ક્રમથી મળ્યા વિના રહેતી નથી. એવો મહાત્મા એ વેદાન્ત શ્રવણના પુણ્યથી સ્વર્ગમાં લોકલોકોત્તરના ઉત્તમ ભોગોને ભોગવે છે. પછી ભૂલોકમાં પવિત્ર શ્રીમાન્ બ્રાહ્મણને ઘેર તે યોગભ્રષ્ટ મહાત્માનો જન્મ થાય છે. તે પુરૂષ સર્વ લક્ષણયુક્ત તથા શાન્ત હોય છે. સત્ય ઉપરજ દૃઢ પ્રેમવાળો તે થાય છે. પૂર્વના અભ્યાસના બળવડે પ્રેરાઇને કોઈ અદૃષ્ટ સત્તા તેને ઉન્નતિમાં ધકેલતી હોય તેમ પોતાની મેળે તે આગળ ને આગળ વૃદ્ધિને પામતો જાય છે. અને વિદ્વાન સદ્ગુરૂની સેવામાં જોડાય છે. એ સદ્ગુરૂના સંગથી પોતાના આત્મતત્વનો અપરોક્ષ સાક્ષાત્કાર કરે છે. તેમ થતાં ઉંઘતો મનુષ્ય સ્વપ્નામાંથી જાગી ઉઠે તે રીતે સંસાર રૂપી અત્યંત વિકટ મહાસાગરમાંથી ઝટ તરીને બહાર નીકળી આવે છે. આ પ્રમાણે છે માટે બધું છોડી દઇને વેદાન્ત શાસ્ત્રનું શ્રવણ પ્રેમપૂર્વક કરવું.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો પ્રાયશ્ચિત નામનો સાતમો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય. ૮.

દાનધર્મ કથન.

પ્રાયશ્ચિત્ત કર્મના આચરણથી પાપ માત્ર ધોવાઈ જાય છે. એ વાર્તા ગત અધ્યાયમાં કહી. એ પ્રાયશ્ચિત્તના અંગરૂપે દાનધર્મને શાસ્ત્રમાં કહેલો છે. તે દાન કરવાથીજ પ્રાયશ્ચિત્તકર્મનું ફળ મળે છે; માટે આ અધ્યાયમાં તે દાનધર્મના સ્વરૂપનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે.

સર્વ પ્રકારના દાનમાં વિદ્યાનું દાન શ્રેષ્ટ પદે વિરાજે છે. વિદ્યા એ જ્ઞાનનો પર્યાય શબ્દ છે. મુક્તિનું સાધન એકલું જ્ઞાનજ છે. તેથી વિદ્યાદાન સર્વોત્તમ ગણાયલું છે. એ શિવાય ભૂમિદાન, ગૌદાન, અર્થદાન, તથા અન્નદાન એ પ્રકારે દાનોના અન્ય પ્રકારો છે.

શુદ્ધ બ્રાહ્મણને ભૂમિનું દાન કરવાનું છે. એ ભૂમિમાં ધન તથા ધાન્ય પૂષ્કળ હોય તે પ્રકારની ભૂમિ પૂર્ણ કરીને આપવી. એ દાનથી આ લોકના સર્વ સુખો પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પણ અન્તે મોક્ષની પ્રાપ્તિ થાય છે. એક હાથ જેટલી પણ ભૂમિ બ્રહ્મજ્ઞાનિને દાનમાં આપવાથી સર્વ પાપથી મુક્ત થવાય છે અને સંસારમાંથી તરી નીકળાય છે.

આપણી પાસે બ્રાહ્મણ શ્રદ્ધાપૂર્વક આવીને વિનયથી યાચના કરે તેને વૈદિક વિદ્યાનું દાન આપવાથી પૂનર્જન્મરૂપી સંસારચક્રમાંથી સત્વર છુટાય છે. શ્રુતિ ભગવતીએ પણ આખ્યાયિકા કહી છે કે પોતાની પાસે આવેલા પ્રશાન્ત ચિત્તવાળા શમ નામની સંપત્તિને ધારણ કરનારાને તે વિદ્વાને વિદ્યાનું દાન આપ્યું. જે સંપૂર્ણ સત્ય અવિનાશી છે તે તત્વનું

જ્ઞાન એ આપેલી વિદ્યા વડે થાય છે. એજ બ્રહ્મવિદ્યા છે. આ બ્રહ્મવિદ્યાનું દાન જેમનો ધર્મ નિવૃત્તિરૂપ નિષ્ઠાવાળો છે તેવાઓનેજ લેવાનો અધિકાર છે. આ પ્રકારના અધિકારી તો એકલા બ્રાહ્મણુજ છે. માટે આ દાન બ્રાહ્મણુને આપવાનું છે.

યત્નપૂર્વક પોતાની પૂર્ણ શક્તિના પ્રમાણમાં પ્રેમ તથા શ્રદ્ધાયુક્ત થઇને યતિને નિત્ય અન્નનું દાન આપવું. તેથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે અને જન્મમરણનો ફેરો ટળે છે. સુન્દર મઠ બાંધીને તેનું દાન કોઈ યતિને કરીએ તો તેથી પણ પુનર્જન્મ ટળી જાય છે.

અમાવાસ્યાને દિવસે જે બ્રાહ્મણુ અદેખો ન હોય તેવાને અન્નનું દાન આપવાથી શ્રી મહાદેવ પ્રસન્ન થાય છે. તેથી અક્ષય ફળ મળે છે, અને સાક્ષાત મહાદેવ જેવો તે દાતા બને છે.

કૃષ્ણુ પક્ષની ચતુર્દશીને દિવસે શ્રી મહાદેવજીનું પૂજન બ્રાહ્મણુના મુખરૂપ પ્રતીકદ્વારા કરવું. તેથી શ્રી મહાદેવ પ્રસન્ન થાય છે.

કૃષ્ણુ પક્ષની તેરસે બ્રાહ્મણુને બ્રહ્મારૂપે ગણુવાનો છે. તે પ્રમાણે ભાવના કરીને બ્રાહ્મણુને જમાડતાં બ્રહ્માના લોકની પ્રાપ્તિ થાય છે અને બ્રહ્માના આયુષ્ય પર્યન્ત બ્રહ્માની સાથે બ્રહ્મ લોકમાં નિવાસ કરે છે, ને અંતે મોક્ષને પ્રાપ્ત કરે છે.

દ્વાદશીને દિવસે બ્રાહ્મણુ વિષ્ણુ રૂપ છે તે પ્રમાણે ગણીને અન્નનું દાન આપવું તેથી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે. અને વિષ્ણુ લોકની પ્રાપ્તિ કરાવે છે.

એકદાશીને દિવસે વિધિપુરઃસર ઉપવાસ કરવો અને બારસને દિવસે બ્રાહ્મણુને વાસુદેવ કલ્પીને જમાડવા. એમ કરવાથી સપ્ત જન્મનાં પાપો બળી જાય છે. આ પ્રકારનો વિધિ કૃષ્ણુ તથા શુદ્ધ પક્ષ બંને પક્ષની દ્વાદશીને માટે છે.

દશમીને દિવસે બ્રાહ્મણુ ઇંદ્રરૂપ છે. માટે તેવા ભાવપૂર્વક અન્ન કે ચોખાનું દાન તે દિવસે કરવું.

નવમીના અધિષ્ઠાતા દેવતા ધર્મરાજા છે. માટે તેમના સંકલ્પપૂર્વક બ્રાહ્મણુને અન્નનું દાન આપવું.

અષ્ટમીના અભિમાની દેવતા શંકર છે તે દિવસે શંકર પ્રીત્યર્થે સંકલ્પ કરીને અન્નનું દાન આપવું.

સપ્તમીના દેવતા ચંદ્રમા છે તેથી ચંદ્રની પ્રસન્નતાના નિમિત્તથી તે દિવસે અન્નનું દાન કરવાનું છે.

ષષ્ઠીના દેવતા આદિત્ય છે. એ દેવની પ્રીતિના સંકલ્પથી તે દિવસે દાન કરવું.

પંચમીની અધિષ્ઠાત્રી દેવતા જગન્માતા પાર્વતી છે. તેમની ઉપાસના નિમિત્તે તે દિવસે બ્રાહ્મણોને જમાડવા.

વૈભવ માત્રની મૂલરૂપ શ્રી વિષ્ણુ પ્રિયા જગદંબા મહાલક્ષ્મીની તિથિ ચતુર્થી છે. તે દિવસે બ્રાહ્મણને ભોજન કરાવવાથી સાક્ષાત જગદંબા મહાલક્ષ્મી પ્રસન્ન થાય છે.

તૃતીયાનો દિવસ બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્ર નામના ઇશત્રયનો સંયુક્ત છે. માટે તે દિવસે તેમના નિમિત્તનો સંકલ્પ કરીને બ્રહ્મભોજન કરાવવું.

દ્વિતીયાનો દિવસ વેદમયી જગદંબા સરસ્વતીનો છે. તે દિવસે બ્રાહ્મણને ભોજન કરાવવાથી જગદંબા સરસ્વતી અત્યંત હર્ષ પામે છે, અને દાતાની જીહ્વા ઉપર વેદવિદ્યા નૃત્ય કરી રહે છે.

પ્રતિપદા તિથિ પરબ્રહ્મની છે. તે દિવસે બ્રહ્મભોજન કરાવવામાં શ્રી પરબ્રહ્માર્પણ એ પ્રમાણે સંકલ્પ કરવાનો છે. એ રીતે ભિન્નભિન્ન તિથિઓએ અન્નનું દાન કરવાથી તે તિથિના અભિમાની દેવતાઓ પ્રસન્ન થાય છે. અને પોતાના સર્વોત્તમ સામર્થ્યોની પ્રાપ્તિ કરાવે છે.

બ્રાહ્મણને ઉત્તમ પ્રકારની ગૌરી ગાયનું દાન આપવું. શુદ્ધ કન્યા આપવી. એ પણ ઉત્તમ દાન છે.

જે જે દેવની ઉપાસના જે જે પ્રકારે કરવાની કહેલી છે તે પ્રકારની ઉપાસના તે તે દેવના પ્રતીકરૂપ બ્રાહ્મણની કરવાથી, તે તે દેવની પ્રાપ્તિ સત્વર થાય છે. જે જે ઇચ્છાઓ સ્ફુરે તેની પ્રાપ્તિ મને અવશ્ય થશેજ એ પ્રકારના વિચારરૂપ ચિત્ર મનમાં રચવું. પછી ભક્તિ તથા શ્રદ્ધાપૂર્વક તે અવશ્ય મેળવવાના સંકલ્પને કરવો અને તે સંકલ્પપૂર્વક આત્મતત્વના

જ્ઞાનવાળા બ્રાહ્મણનું પૂજન કરવું. તેમ કરવાથી સર્વે કામનાઓ સફળ થાય છે. શ્રુતિ ભગવતી કહે છે કે જે જે લોકના સુખના અનુભવની ભાવના મન વડે થાય છે એટલે તેનું ચિત્ર માનસિક પ્રદેશમાં રચાય છે અને પછી વિશુદ્ધ સત્વવાળા આત્મજ્ઞાની બ્રાહ્મણની સમીપતામાં રહીને તેના વાતાવરણમાં તે ભાવનાપૂર્વક ઇચ્છા કરવારૂપ સંકલ્પ કરાય છે તેવી પ્રત્યેક ઇચ્છા સફલ થાય છે. માટે કોઇપણ લોકના વૈભવની ઇચ્છા સ્ફુરતી હોય તો આત્મજ્ઞાની મહાત્માની નિકટમાં વસીને તેની પ્રાપ્તિના સંકલ્પપૂર્વક તે મહાત્માની ઉપાસના કરવી.

આ જગતમાં જન્મને પ્રાપ્ત થએલા જીવોમાં એક પ્રકારની ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતા શાસ્ત્રે વર્ણવેલી છે તેમાં ક્રિમીને વિષ્ટામાં નિવાસ હોવાથી અધમ ગણેલા છે. તેના કરતાં કીટ (કીડા) ને ઉત્તમ ગણ્યા છે, કારણ કે તે બહાર જમીન ઉપર ફરી શકે છે. તેની અપેક્ષાથી પતંગ શ્રેષ્ટ ગણ્યા છે. તેમના કરતાં પશુઆદિ શ્રેષ્ટ છે. તેમનાથી ઉત્તમ નર દેહવાળો પ્રાણી છે. નરોમાં બ્રાહ્મણ ઉત્તમ છે. બ્રાહ્મણોમાં વેદની વિદ્યાવાળા વિદ્વાન ઉત્તમ છે. એવા પુરૂષોમાં વિધેયકર્મ કરવાની તથા નિષિદ્ધ કર્મોને ત્યાગ કરવાની તથા પ્રાયશ્ચિત કર્મ કરવાની મતિવાળા ઉત્તમ છે. કારણ કે તેઓ ધર્મને માને છે તથા તેમની ધર્મ ઉપર શ્રદ્ધા છે. એવા બ્રાહ્મણોમાં પણ તે તે ધર્મોને માનીને તે ધર્મોને આચારમાં મુકનારા ઉત્તમ છે. એ પ્રકારના કર્મિષ્ઠોના કરતાં પણ સન્યાસીયો ઉત્તમ છે. સન્યાસિયોમાં કુટીચક ઉત્તમ છે. તેના કરતાં બહૂદક ઉત્તમ છે. તેના કરતાં હંસ ઉત્તમ છે. તેના કરતાં પરમહંસ વિશેષ છે, અને તે સર્વેના કરતાં આત્મવિદ્ સર્વના મુકુટરૂપે શ્રેષ્ટ છે. એવા આત્મવિદ્ બ્રાહ્મણના કરતાં વિશેષ ઉત્તમ કોઇજ નથી. એજ ઉત્તમતાની પરાકાષ્ટા છે. જેને જન્મ છે તેને જન્તુ કહ્યો છે, એવા જન્તુ માત્ર વડે આત્મજ્ઞાની બ્રાહ્મણ પૂજવા યોગ્ય છે.

બ્રહ્મવર્ચસ એ એક પ્રકારનો અત્યંત શુદ્ધ સત્વમય જીવનનો મુખ ઉપર પ્રકાશ ઝળકી રહે છે. એ વર્ચસની કામના જેને હોય તેણે બ્રહ્માની ઉપાસના કરવી. જેની ઇચ્છા આરોગ્ય પ્રાપ્તિ કરવાની છે, તેણે આદિત્ય દેવતાની ઉપાસના કરવાની છે. બળની કામનાવાળાએ વાયુની ઉપાસના કરવી. કીર્તિની ઇચ્છા હોય તો અગ્નિની કરવી. સરસ્વતીની ઉપાસનાથી મેધા એટલે બુદ્ધિની સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે. શ્રી મહાદેવની ઉપાસના કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વિનાયકની ઉપાસના કરવાથી સિદ્ધિ મળે

છે. આ સિદ્ધિ અષ્ટ પ્રકારની કહી છે. ૧ પ્રાકામ્યા, ૨ અણિમા, ૩ પ્રાપ્તિ, ૪ મહિમા, ૫ ઇશિતા, ૬ ગરિમા, ૭ વશિતા, અને ૮ લધિમા, એ પ્રકારના સિદ્ધિના આઠ પ્રકાર છે. તેની ઇચ્છા વિનાયકની ઉપાસનાથી સિદ્ધ થાય છે. વિવિધ પ્રકારના ભોગોની ઇચ્છા થાય તો ચંદ્રમાની ઉપાસના કરવાની હોય છે. મોક્ષની વાંછાને પૂર્ણ કરવા માટે શંકરની ઉપાસના કરવી. વિદ્વાન પુરૂષની સેવા કરવાથી વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. ઇન્દ્રની ઉપાસના કરવાથી પુષ્ટિની કામના પૂર્ણ થાય છે. એ રીતે જે જે પ્રકારની ઇચ્છા થાય તેને અનુસરીને તે તે દેવોનીઉપાસના કરવાની છે. તે ઉપાસના તે તેદેવોની પ્રતીકરૂપ બ્રાહ્મણોની પૂજા કરવાથીતથા તેમને અન્નાદિનાં દાન આપવાથી સત્વર સફલ થાય છે.

પવિત્ર થઇને શ્રદ્ધા તથા ભક્તિપૂર્વક સંયમ કરીને સ્થિર થવું. અને સ્થિરતાથી વિવિધ વ્રતોનાં આચરણ કરવાં. તેમ કરવાથી જ્ઞાનના માર્ગમાં પ્રતિબંધ કરનાર પાપ કર્મો ક્ષયને પામે છે. શ્રુતિ ભગવતી કઠવલ્લીમાં કહે છે કે હૃદયમાં રહેલી અનંત જન્મોથી ભેગી કરેલી કર્મની કર્માશય રૂપ ગાંસડી ફાટે છે. તે પ્રકારના અજ્ઞાન મૂલક સંસ્કારો નાશ પામતાં સંશયોને ઉત્પન્ન થવાનું કારણ બંધ થતાં સંશય માત્ર છેદાય છે. સંશયોના ઉચ્છેદ થતાં કર્મ માત્રનો પ્રતિબંધક સ્વભાવ નાશ પામે છે. પરબ્રહ્મનો જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે આ પ્રકારનો અનુભવ થાય છે.

શાસ્ત્રમાં કહેલાં વિધિપૂર્વક જ્યોતિષ્ટોમાદિક કર્મોને કરવાથી દેવત્વની પ્રાપ્તિ થાય છે. અગ્નિદાહ, સુરાપાન તથા નિષિદ્ધ કર્મોનાં આચરણોથી થતાં પાપ માત્રથી મુક્ત થવાને માટે નિત્ય શ્રદ્ધાપૂર્વક શતરૂદ્રીયનો અભ્યાસ કરવો, તેથી અંતે મુક્તિ મળે છે. શ્રી કૈવલ્યોપનિષદ્‌માં કહ્યું છે કે અગ્નિદાહ, સુરાપાન, બ્રહ્મહત્યા, વિધેય કર્મનો ત્યાગ વિગેરે સર્વે પ્રકારનાં પાપોમાંથી મુક્ત થઇને પવિત્ર થવાને માટે શતરૂદ્રીયનો અભ્યાસ કરવો. અધ્વર્યુ શાખાને સો શાખાવાળી કહેલી છે. શતરૂદ્રીયમાં શત શબ્દનો અર્થ સેંકડો એવો છે. ॥ **सहस्राणि सहस्रशो ये रुद्रा अधि भूम्याम्** ॥ એ રીતે આવે છે. તેમાં સહસ્રાણી સહસ્રશો એ હજારો સંખ્યાના વાચક શબ્દો છે. તેજ અર્થને શત શબ્દવડે કહેલો છે. એના અભ્યાસરૂપ જપ કરવાથી, આ પ્રમાણેનું ફળ પ્રાપ્ત થાય છે. તેટલા માટે તે જપમાત્રથીજ પાપ નાશ પામે છે. ॥ **वसोर्धाराम्** ॥ **अग्नाविष्णू सजोषसे** ॥ ઇત્યાદિ

શતરૂદ્રિયમાંના મંત્રોનો જપ કરવો. અથવા ॥ **सहस्रशीर्षा** ॥ આદિ પુરૂષ સૂક્તનો જપ કરવો. અથવા **शिवसंकल्प** મંત્રોનો અભ્યાસ કરવો. **येनेदं भूतम् भूवनम् भविष्यत्** ॥ આદિ મંત્રોને શિવસંકલ્પ મંત્રો કહ્યા છે. તેનો અભ્યાસ કરવો. તે ન બને તો સપ્રણવ પંચાક્ષર મંત્રનો જપ કરવો. આ પ્રમાણે કરવાથી ૨૧ પેઢી તરે છે. શિવ લોકની પ્રાપ્તિ થતાં ત્યાં નાના પ્રકારના ભોગો તૃપ્તિપૂર્વક ભોગવાય છે. અન્તે કર્મનો ક્ષય થતાં ભૂલોકમાં પાછો જન્મ થાય છે. ભૂલોકમાં પુનઃ આવીને પુણ્ય પાપ આદિ આચરણ કરે છે. જ્ઞાનને ઉદય થવાના દિવસ પર્યન્ત આ પ્રમાણે જન્મે છે ને પાછો મરે છે. વળી પાછો જન્મે છે ને મરે છે. એ પ્રમાણે સંસારની ઘાણીમાં ચક્રાકારે ભમ્યા કરે છે. આ પ્રકારે જોતાં વિષય દ્વારા પ્રાપ્ત થતાં સુખોનું વાસ્તવ સ્વરૂપ અસુખ રૂપ છે છતાં તે વિષયમાં સુખરૂપતાનું અજ્ઞાનવડે મિથ્યાભાન કરે છે. એટલે અજ્ઞાનથી અસુખ રૂપમાં સુખ મતિ બંધાય છે ને તે બંધનથી પ્રેરાઇને કામનાપૂર્વક કર્મો કરાય છે. તે પ્રમાણે સાભિમાન કરાયલાં કર્મો પોતાના અવશ્ય ફળને ભોગવાવે છે અને તે ભોગવવાને માટે દેહને ધારણ કરવા રૂપ જન્મને અપાવે છે. પોતાના આત્મતત્વરૂપ અનંત આનંદમય મહાસાગરને છોડીને આ પ્રમાણે માયાના બળથી ક્ષુદ્રવિષયોમાં રમણ કરતાં બંધાઈ રહેવાય છે. આ બંધનને ત્રોડીને નિત્ય નિર્મલ આનંદરૂપ પરમતત્વને ભજો તે તત્વમાંજ રમણ કરવાનો યત્ન કરો. અને તે યત્નરૂપે આત્મજ્ઞાની મહાત્મા બ્રાહ્મણનું સેવન કરો.

એ રીતે શ્રી જ્ઞાનયોગખંડનો દાનધર્મ કથન નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ

અધ્યાય ૯.

પાપકર્મ ફલ.

કર્મરૂપ ધર્મ અને જ્ઞાન એ પ્રકારનાં બે સાધનોને મનુષ્ય દેહવડે કરવાનાં કહ્યાં. તેમાં કર્મરૂપ જે ધર્મ તે દ્વારા જેમના અંતઃકરણોમાં બાહ્ય પદાર્થો અનુકૂલતા રૂપે અમને સુખ આપે છે એ પ્રકારે માની રહેવા રૂપ કામનાના સ્વરૂપે સ્ફુરણા થાય છે, તે સ્ફુરણોની શાન્તિઅર્થે આ લોકના તથા વિવિધ દેવતાઓના સ્થાનરૂપ સ્વર્ગ લોકની પ્રાપ્તિ કરાવે છે અને તે તે લોકના ઉત્તમ પદાર્થોના યોગ કરાવીને તે તે પદાર્થોના ભોગરૂપ અનુભવ કરાવે છે. એ પ્રકારના ધર્મોનું વર્ણન કર્યું અને છેવટે ભોગથી તૃપ્ત થતાં જ્ઞાનરૂપ સાધન પ્રાપ્ત થવાથી મોક્ષની સિદ્ધિ થાય છે એમ પણ કહ્યું. આ પ્રકારની સિદ્ધિના માર્ગમાં પ્રતિબંધ કરનાર પાપરૂપ સ્ખલનો છે, એમ પણ કહ્યું છે. તે પાપરૂપ સ્ખલનોને નિષિદ્ધ કર્મો કહ્યાં છે. પુણ્યરૂપ વિહિત કર્મો કરવા છતાં પણ નિષિદ્ધ કર્મોનો ત્યાગ થતો નથી તો નરકલોકરૂપ પ્રતિકૂલ અનુભવના ભોગ ભોગવવારૂપ પ્રતિબંધો નડે છે. તે પ્રતિબંધોને અટકાવવા માટે પાપકર્મોનાં સ્વરૂપ તથા તેના ફળના જ્ઞાનની આવશ્યકતા છે, માટે આ અધ્યાયમાં તેનું સંક્ષેપમાં સ્વરૂપ આપ્યું છે.

બ્રાહ્મણના તિરસ્કાર આદિરૂપ પાપને બ્રહ્મહત્યા કહેલી છે. તે કર્મ કરનારો મૃત્યુ પછી ગધેડો, ઉંટ, સુકર (ભુંડ), બકરો, ઘેટું, હાથી, ઘોડો, હરિણ, પક્ષિ, ચંડાલ તથા પુલ્કસ એ પ્રકારે એક પછી એક દેહોને ધારણ કરતો તે તે દેહના દુઃખાનુભવને ભોગવે છે. આ પ્રમાણેના દેહોને ધારણ કરવા પૂર્વે દીર્ઘ સમય સુધી નરકલોકમાં પડ્યો પડ્યો સડે છે. અને તેમ થયા પછીજ તેને ઉપર પ્રમાણેના દેહોની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે

અસત્ય સંકટોમાંથી બચાવવા અર્થેજ માત્ર આ એકજ દેહમાં કરવાનાં પ્રાયશ્ચિત્તોનું વિધાન શાસ્ત્રે આપ્યું છે, પ્રાયશ્ચિત્ત વિધાન વાંચીને એમ ધારવું નહિ કે શાસ્ત્રે નિષ્ઠુરતા દર્શાવી છે. પરન્તુ ઉપર પ્રમાણે પાપકર્મના નૈસર્ગિક ફલનું જ્ઞાન હોવાથી તે પાતકીની ભાવિ સ્થિતિથી જેમના અંતઃકરણો દયાર્દ્ર ભાવથી કંપે છે તેવા અત્યંત દયાળુ મહાપુરૂષોએ તેના રક્ષણ અર્થેજ એ વિધાનને કહ્યાં છે. માટે શ્રદ્ધાપૂર્વક, પાપકર્મો કરાય નહિ તેવી અત્યંત સાવધાનતા રાખવી, તેમ છતાં પાપકર્મો થઈ જાય તો અન્ય મનુષ્યો તે વાર્તાને જાણતાં નથી માટે પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર નથી એમ ધારીને પાપોને ગુપ્ત રાખવાં નહિ; પણ પોતાના પાપોને પ્રસિદ્ધ કરીને યાચના કરીને પ્રાયશ્ચિત્તને માંગી લેવાં અને પાપમાંથી આ દેહમાંજ મુક્ત થઈ જવું. આજ પ્રકારનો અન્ય પાપોની બાબતમાં પણ આશય છે એવું સુજ્ઞ સહજ સમજી લેશે.

મદિરાપાન કરનારને દસ્યુ નામના રાક્ષસનો જન્મ થાય છે. તે પછી વિષ્ટાનો આહાર કરનાર પ્રાણીનો, તે પછી ક્રિમિનો, તે પછી કીડાનો, તે પછી પતંગીયાનો ને તે પછી પક્ષિનો એ રીતે ઉત્તરોત્તર જન્મ મળે છે. ચોરી કરનારને રાક્ષસો તથા પિશાચોના હજારો જન્મો થાય છે. ગુરૂશય્યામાં ગુરૂપત્નિ સાથે ગમન કરનારને કાચુ માંસ કરડી ખાવાની દાઢોવાળાં જાનવરો તથા તૃણાદિનું ભક્ષણ કરનાર તથા ક્રૂર કર્મોમાં પ્રેમવાળાં પ્રાણીયોની યોનિની પ્રાપ્તિ થાય છે. જે અધમ પાપી, બ્રાહ્મણનું ધન તથા ક્ષેત્ર લુંટી લે છે તેને લક્ષાવધિ બ્રહ્મરાક્ષસના અવતાર થાય છે. ધાન્યની ચોરી કરનારો કોળના દેહને ધારણ કરે છે. જળનો ચોર દેડકો બને છે. કાંસાની ધાતુનો ચોર હંસ થાય છે. રસનો ચોર શ્વાન બને છે. તેમાં ઘીની ચોરી કરનારો હોય તે નોળ બને છે. દુધની ચોરી કરનારો કાગડો અવતરે છે. જે અધમ મનુષ્ય માંસની ચોરી કરે છે તેને ગીધની યોનિમાં જન્મ લેવો પડે છે, મીઠાનો ચોર ચક્રવાક થાય છે. તેલની ચોરીથી બગલાંનો જન્મ થાય છે. રેશમી વસ્ત્રોનો હરણ કરનારો કબુતર થાય છે. શણીયાના વસ્ત્રની ચોરી કરવાથી દેડકો થાય છે. શાક પાંદડાં વિગેરેનો ચોર મયૂર થાય છે. શ્વાનને માટે જુદું કહાડેલાં અન્નની ચોરી કરનારો ડુલ બને છે અને પછી વાનરનો દેહ તેને પ્રાપ્ત થાય છે. વાહનની ચોરી કરવાથી ઉંટ થાય છે. પશુની ચોરી કરવાથી હાથીનો જન્મ લેવો પડે છે.

બ્રાહ્મણો પાસેથી તેમના પ્રસાદનો પ્રતિગ્રહ કરીને જમવું એ સર્વોત્તમ છે. બ્રાહ્મણનો પ્રસાદ મળે ત્યાંસુધી અન્યની પાસેથી પ્રતિગ્રહ કરવો નહિ. કારણકે સર્વોત્તમ ઓજસ બ્રાહ્મણનું છે. બ્રાહ્મણથી ઉતરતી પંક્તિમાં જે રાજા પોતાની પ્રજાનું ન્યાયપૂર્વક પાલન કરે છે, તેવો રાજા છે. બ્રાહ્મણના પ્રસાદને અભાવે એવા રાજા પાસેથી પ્રતિગ્રહ કરવો શ્રેષ્ટ છે. પરન્તુ જે રાજા અન્યાય કરે છે તથા પ્રજાપ્રતિ ક્રૂર વૃત્તિને ધારણ કરે છે. તે વાસ્તવ રાજા નથી પણ તેને શબાહારી કહ્યો છે. શાસ્ત્રમાં ઉલ્લેખ કર્યો છે કે અત્યંત અધમ મનુષ્ય ખાટકી છે. પણ એવા દશ ખાટકી જેવો અધમ એક ઘાંચી છે. દશ ઘાંચી ભેગા કરીએ તેટલીજ અધમતા એક કલાલમાં છે. દશ કલાલો જેટલી અધમતા એક વેશ્યામાં છે. અને જે રાજા અન્યાયી, ક્રૂર શબભક્ષી છે તે તેવી દશ વેશ્યાઓના જેટલો અધમ છે. તેવા રાજાનો જન્મ શબભક્ષી પ્રાણીની યોનિમાં થાય છે. શબનું ભક્ષણ કરવાથી એવા રાજાનો અવતાર આવે છે. જે વાણીયો ન્યાયથી ધંધો કરે છે તે ઉત્તમ વેપારી બને છે. અને વેપાર અર્થેજ તેને વિવિધ તીર્થોની યાત્રાના પ્રસંગો બની આવે છે. પણ જે અન્યાયથી વર્તે છે તેનો જન્મ પરૂ ખાનાર પ્રાણીઓમાં થાય છે. સ્ત્રી તથા શૂદ્ર ન્યાયથી વર્તન કરે તો સાધુનો જન્મ પ્રાપ્ત કરે છે પણ અન્યાયથી વર્તે છે તો તેમનો જન્મ કુક્કરનું માંસ ખાઇને જીવનારા પ્રાણીયોમાં થાય છે. તથા લોહીને પીનારી જળોરૂપ તે સ્ત્રીયો બને છે.

ઉપર પ્રમાણે દેહ આપવા રૂપ પાપ કર્મનું ફળ છે. પણ તેટલેથીજ સરતું નથી. મહા ઘોર અત્યંત દારૂણ નરકમાં પાપીએ પડયા પડયા સડવું પડે છે. બ્રહ્મહત્યા કરનારના બંને હાથ તથા આખા શરીરને લોખંડની સાંકળો વડે અત્યંત સખ્ત બાંધી દે છે. અને પછી તેને ચંદ્ર તથા તારાઓ તપે છે ત્યાં સુધી ધગધગતા સળગતા અગ્નિમાં નાંખી મૂકે છે. પ્રાણીની હિંસા કરનાર પાપીને અત્યંત તપાવેલા લોખંડના દંડો વડે યમના દૂતો કરોડો કલ્પશતક સુધી પીલે છે. તેલની ચોરી કરનારના હાથ પગને બાંધીને તેને યમદૂતો તેલની ઉકળતી કઢાઓમાં નાંખે છે. દ્વેશથી અથવા અન્ય રીતે અન્યના ઉપર જુઠા અપવાદ મૂકનારને યમના દૂતો પકડે છે. અને તેની જીભને ઝટ ખેંચીને ફાડી નાંખે છે. અને પછી જે કઢાઓમાં ઉકળતો ત્રાંબાનો રસ હોય છે તેમાં તે પાપીને નાંખે છે. દારૂ પીવામાં રસીયાને મૃત્યુ પછી યમદૂતો પકડી રાખે છે અને તીક્ષ્ણ શસ્ત્રો તેને ભય

આપવાને માટે તેના પ્રતિ ઉગામી રાખીને ત્રાંબાના ઉકળતા રસને પી જવાની તેને આજ્ઞા કરે છે. અને પછી તેને શસ્ત્ર વડે કાપી નાંખે છે. ગુરૂ શૈયામાં ગુરૂ પત્નીને ભોગવનારા દુષ્ટ અધમના કાપી કાપીને યમ દૂતો ઝીણા ઝીણા કટકા કરે છે. તે કટકાને બાળે છે. પછી તેના ગોળા કરે છે. અને તે ગોળાને ઉકળતા પરૂથી ભરેલી કઢાઓમાં નાંખે છે. મહાદેવ, વેદ, વિષ્ણુ, બ્રહ્મા, સૂર્ય, ચંદ્ર, અગ્નિ તથા વાયુની નિન્દા કરનારને કરોડો દિવ્યકલ્પ શતક સુધી નરક લોકમાં રાંધે છે. જે અધમ મનુષ્યોએ યતિના હસ્તમાં અન્નનું દાન આપ્યું નથી હોતું તેમને હથોડા વતે શેરડીની માફક યમદૂતો પીલે છે. નાણાંની ચોરી કરનારને યમદૂતો બહુ તપાવેલા શંકુઓ વડે નિરાંતે તેના પગમાં, પાસામાં, નાભિમાં, જનનેન્દ્રિયમાં, ગુદામાં તથા આંખમાં જોરથી ગોદા મારે છે. જે અધમ મનુષ્ય પારકી સ્ત્રીને આશ્રય આપીને તેની સાથે નિરાંત રહીને વ્યભિચારને સેવે છે, તેને માટે યમદૂતો જાડી પડઘમ જેવી લોખંડની સ્ત્રીને બનાવે છે. પછી તેને ખૂબ લાલ ચોળ તપાવે છે. અને તેની સાથે ખૂબ જોરથી બઝાડીને બાંધી દે છે. દુરાચારી સ્ત્રીયોને પણ તેવાજ પ્રકારના અત્યંત તપાવેલા લોખંડના પુરૂષની સાથે બઝાડી બાંધી દે છે. જે મનુષ્યો શ્રૌત તથા સ્માર્ત ધર્મોનો ત્યાગ કરે છે તથા નિષિદ્ધ આચરણમાં યોજાય છે. અથવા પ્રેમ રાખે છે તે તીવ્ર નરકમાં કરોડો કલ્પશતક સુધી રંધાયા કરે છે શિવાલયોમાં ધર્મશાળાઓમાં, વાવ, કુવા તથા મઠ આદિમાં જે રાજાઓ ઉપદ્રવ કરે છે તથા વિષયાદિ ભોગોમાં ત્યાં રહીને રમણ કરે છે, તથા કસરતો કરીને અથવા બીજી રીતે પાણી ઉભરાવી કહાડી નાંખે છે, તેમજ લેપન વિગેરે ચોળીને તે શુદ્ધ જળમાં સ્નાન કરે છે, ત્યાં નિષિદ્ધ ખાનપાન કરે છે તથા એ પ્રકારની ક્રીડાઓ કરે છે, મૈથુનને સેવે છે, દ્યુત રમે છે, તથા મદથી ઉદ્ધત બનીને આ પ્રકારના ઉપદ્રવો કરે છે, તેમને માટે શેરડી પીલવાનાં કોલાં જેવા વિવિધ પ્રકારના ઘોર યંત્રો બનાવે છે. અને તે યંત્રોમાં તેમને પીલે છે. તે પછી સૂર્ય ચંદ્ર રહે છે. ત્યાં સુધી નરકના અગ્નિમાં તેઓ રંધાય છે. જે કોઇ પ્રીતિવાળા આચાર્યની નીંદા શ્રવણ કરે છે તેને માટે ત્રાંબા વિગેરેને ઓગાળીને તેનો રસ બનાવે છે, અને તે રસ વડે તેના કાનને ભરી દે છે.

પાપ કર્મથી ઉપર પ્રમાણેનાં દુઃખોનો અનુભવ કરવાના સ્થાન રૂપ વિવિધ નરકલોક રચાયલા છે. તેમાંથી કોઇ કોઈ ૧. ઘોર નામના નરકમાં જાય છે, તો કોઈ ૨. સુઘોર નરકમાં જાય છે. વળી કોઇ ૩. અતિઘોર

નરકમાં, તો કોઈ ૪. મહાઘોરમાં, કોઈ ૫. ઘોર રૂપમાં, કોઈ ૬. કરાલમાં કોઈ ૭. ભયાનકમાં, કોઈ ૮. કાલ રાત્રિમાં, કોઈ ૯. ભયોત્કટમાં, કોઇ ૧૦. ચંડમાં, કોઈ ૧૧. મહાચંડમાં, કોઈ ૧૨. ચંડ કોલાહલમાં, કોઇ ૧૩. પ્રચંડમાં, કોઈ ૧૪. પદ્મમાં, કોઈ ૧૫. કોઈ ૧૬. ભીમામાં, કોઇ ૧૭. ભીષણમાં, કોઈ ૧૮. કરાલ વિકરાલમાં, કોઈ ૧૯. વજ્રમાં, કોઈ ૨૦. ત્રિકોણમાં, કોઇ ૨૧. પદ્માવતી પદ્મ કોણમાં, કોઈ ૨૨. સુદીર્ઘમાં, કોઈ ૨૩. ગોલમાં, કોઈ ૨૪. સપ્તભૌમમાં, કોઇ ૨૫. અષ્ટ ભૌમમાં, કોઇ ૨૬. દીપ્તમાં અને કોઇ ૨૭. રૌરવમાં એ પ્રમાણે વિવિધ નરકોમાં સડ્યાં કરવું પડે છે. નરક માત્ર આટલાંજ છે એમ નથી. એ શિવાય અન્ય પાપકર્મોને અનુસાર અનેક નરકો છે. પાપી લોકો વિવશ થઇને આ પ્રમાણેના નરક લોકોમાં નિવાસ કરતા રંધાયા કરે છે. પાપ કરતી વખતે અજ્ઞાન હોવાથી આ પ્રકારનું ફ્લ મળશે એવી ભ્રાન્તિ પણ હોતી નથી. જ્યારે પાપકર્મો પરિપકવ થાય છે ત્યારેજ તેમનાં ફ્લ ઉદયને પામે છે. તે સમયે આ પ્રકારના દુઃખોને સહન કરવાં પડે છે. પાપનાં આ પ્રકારનાં ફ્લ છે તે જાણીને જ્ઞાનરૂપ સાધનને પ્રાપ્ત કરવા માટે પ્રેમપૂર્વક ઉદ્યમ કરવો. જ્ઞાનરૂપ અગ્નિને પ્રજ્વલિત કરતાં પાપ માત્ર બળીને ભસ્મ થઈ જાય છે.

માયાનો કેવો ભારે અદ્દ્ભુત ચમત્કાર છે ! મનુષ્યો પાપકર્મ કરાવનાર પદાર્થો તથા વર્તનોમાં મોહને પામીને વિવેકશૂન્ય બને છે. જ્ઞાનનો ત્યાગ કરી દે છે, અને ઉપર જે નરકોનું અત્યંત દારૂણ ભયાનક સ્વરૂપ કહ્યું છે તે લોકો પણ વાસ્તવે સ્વપ્નવત્ છે. છતાં જ્ઞાનના અભાવે સત્યવત્ તેમનો અનુભવ કરતા દુઃખથી બીચારા રંધાઈ રહે છે. આ ઓછા આશ્ચર્યની વાર્તા નથી. આ જન્મ તથા જન્માંતરોમાં કરાયલા પાપોના મોટા ડુંગરો જેવડા ઓઘોને શમાવવાનો જ્ઞાનરૂપ ઉપાય છે. છતાં તે ઉપાયનું જ્ઞાન મનુષ્યને નથી. આવા ડુંગરોને દબાવીને વિનાશ કરે એવા પાપોના પ્રત્યુપાયરૂપ પ્રાયશ્ચિત્ત સામાન્ય મનુષ્યોથી થઈ શકે એવો સંભવ રહેતો નથી. તેથી આ અધ્યાયમાં કહ્યા પ્રમાણે અનંત સમય સુધી દુઃખાનુભવ વિના બીજું કાંઇજ અન્ય ફળ મનુષ્યોને માટે વાસ્તવ રહેતું નથી. આવી સ્થિતિ હોવાથી જે એકજ સરલ ઉપાય વડે સકલ પાપ એકી વખતે બળી જાય અને મનુષ્યનો ઉદ્ધાર થાય એવા ઉપદેશને પણ શાસ્ત્રે કહેલો છે.

વેદવાક્યના શ્રવણરૂપ પરોક્ષ આત્મજ્ઞાનની યાચના કરતા વિદ્વાન ગુરૂ પાસે જવું અને તેમનાથી ઉપદેશને લઇને પ્રથમ પરોક્ષ આત્મજ્ઞાનને

મેળવવું. એ પ્રકારના જ્ઞાનરૂપ સાધનમાં એવું સામર્થ્ય છે કે તે બુદ્ધિપૂર્વક કરાયલાં પણ પાપ માત્રને અગ્નિની માફક બાળીને ભસ્મ કરી દે છે. એ જ્ઞાન જ્યારે અનુભવાત્મક બનીને અપરોક્ષ થાય છે ત્યારે તો જનનમરણરૂપ સંસારના કારણભૂત જે અજ્ઞાન નામનો તમોમય અંધકાર દેખાય છે તેનો નાશ પ્રચંડ સૂર્યવત્ કરી મૂકે છે. આ પ્રકારે કરવાને માટે પુણ્ય તથા પાપના ફ્લ ભોગવતાં ભોગવતાં શ્રી મહાદેવના પરમ અનુગ્રહથી જ્યારે પુણ્ય તથા પાપની સમતા થાય છે ત્યારે મનુષ્યનો દેહ પ્રાપ્ત થાય છે. માટે તે દેહમાં રહીને અવશ્ય જ્ઞાનની પ્રાપ્તિ અર્થે અડગ નિશ્ચયપૂર્વક ઉદ્યમને લઈ બેસવો.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો પાપ કર્મફ્લ નામનો નવમો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૧૦.

પિંડોત્પત્તિ.

જીવ માત્ર અનાદિ કાલથી માયાના બળથી ઉદ્ધરણના ક્રમમાં વૃદ્ધિને પામતા ચાલ્યા આવે છે. માયાનું સ્વરૂપ ત્રિગુણાત્મક છે. તેમાં જ્યાં સુધી તમસ પ્રધાનતાને ભોગવે છે ત્યાં સુધી તેના કાર્યરૂપ મલની પાપરૂપે પ્રતીતિ થયાં કરે છે. આ પાપરૂપ મલમાંથી છૂટવાને માટે અનેક જન્મોમાં કર્મો કરાય છે. આ પ્રકારના ધર્માચરણથી મલરૂપ પ્રતિબંધ કરનાર પાપો જ્યારે નાશ પામે છે ત્યારે સાધક અધિકારી આરંભક અધિકારમાંથી ક્રમ વડે મધ્યમ અધિકારને પ્રાપ્ત કરે છે. આ અધિકારને પ્રાપ્ત કરવાના સાધનરૂપ ધર્મોનું પ્રતિપાદન થયું. હવે એ પ્રકારે મધ્યમ અધિકારને પ્રાપ્ત થએલા સાધકનો મલ નામનો પ્રતિબંધ દૂર થયા છતાં પણ રજસ નામનો ગુણ ચિત્તમાં ઉપર તરી આવે છે. તેના પરિણામે અંતઃકરણમાં વિક્ષેપનું ભાન થાય છે. એ પ્રમાણે બનવાથી સાધકનું મન સહસા એકાગ્રતાને ધારણ કરી શકતુ નથી. એ રીતે પ્રતિબંધ કરનાર ચિત્તના ચાંચલ્યને દૂર કરવા અર્થે નાડીની શુદ્ધિ કરવાની આવશ્યકતા છે. તે શુદ્ધિના ઉપાય રૂપે તે મધ્યમ અધિકારીને માટે શાસ્ત્રે અષ્ટાંગ યોગનું વિધાન કર્યું છે.

આ આષ્ટાંગ યોગના વિધિ વડે જે નાડીની શુદ્ધિ કરવાની છે તે નાડીઓ શરીરરૂપ પિંડનોજ ભાગ છે. અને તેની ઉત્પત્તિ પિંડની સાથેજ થાય છે. તેથી નાડી ઉપર શુદ્ધિની યોગરૂપ ક્રિયાઓનો આરંભ કરવા પૂર્વે તે નાડીઓના સ્વરૂપના જ્ઞાનની જરૂર છે. તે જ્ઞાનઅર્થે પિંડોત્પત્તિના જ્ઞાનની જરૂર છે. તે જ્ઞાનને આ અધ્યાયમાં કહ્યું છે.

પાપકર્મના ફલનું જ્ઞાન થવાથી મનુષ્યના અંતઃકરણમાં વિષયોના અયોગ્ય સેવનપ્રતિ વૈરાગ્યની ઉત્પત્તિ ભયના સ્વભાવને લીધે થાય છે. તેજ પ્રમાણે આ પિંડોત્પત્તિના જ્ઞાનથી પણ બને છે. ગર્ભાશયમાં નિવાસ કરવાના સમયે કેવા કેવા કલેશોને સહન કરવા પડે છે તે જાણવામાં આવે તો વિષય પ્રતિના જે જે રાગોદ્વારા પુનઃપુનઃ જન્મ લેવા પડે છે તેવા રાગોને શાન્ત કરવા ચિત્ત વૈરાગ્ય પ્રતિ સહસા વળે છે. આ પ્રમાણે બનવાથી યોગમાર્ગના સાધનમાં પ્રવૃત્તિ અધિક બળવતી થાય છે અને અન્તે બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ થાય છે.

પુણ્યાંશ અત્યંત અધિક હોય છે તો દેવ શરીરની પ્રાપ્તિ થાય છે. પાપનો અંશ વિશેષ હોય તો પાષાણાદિ સ્થાવરરૂપને ધારણ કરાય છે. જ્યારે પુણ્ય તથા પાપના અંશ સમાનતામાં આવે છે ત્યારેજ મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે.

યજ્ઞાદિમાં રૂડે પ્રકારે જ્યારે અગ્નિમાં આહૂતિયો અપાય છે ત્યારે તે દ્વારા શ્રી સૂર્યભગવાન તૃપ્ત થઇને વૃદ્ધિને પામે છે. તેમ થવાથી શ્રી સૂર્યનારાયણ અનુગ્રહ કરીને જલની વૃષ્ટિ કરે છે. તેથી ઓષધિ ઉત્પન્ન થાય છે. ઓષધિમાંથી અન્ન ઉત્પન્ન થાય છે. તે અન્નને મનુષ્ય આહારમાં જમે છે. આ અન્ન પંચ ભૂતાત્મક છે. એટલે પૃથ્વિ, જલ, તેજ, વાયુ અને આકાશ એ પ્રકારના પાંચે અંગો તેમાં શમાયલાં હોય છે. આહારમાં લેવાયલા તે અંગના બે વિભાગ પડે છે. એક વિભાગ અત્યંત સ્થૂલ કચરારૂપે રહે છે. અને બીજો વિભાગ તે અન્નના સારરૂપ જૂદો પડે છે. એ પ્રમાણે સારરૂપ વિભાગ ફરીથી સ્થૂલ તથા સૂક્ષ્મ એ પ્રકારે બે ભેદને પામે છે.

ઉપર પ્રમાણેનો અત્યંત સ્થૂલ કચરારૂપ વિભાગ પાંચ પ્રકારના ભેદને પામે છે. તેમાં જે પૃથ્વિનો ભાગ જૂદો પડે છે તેના વડે વિષ્ઠા પુરીશની વૃદ્ધિ થાય છે. જલનો અંશ છુટો પડીને મૂત્રની વૃદ્ધિ કરે છે. તેજનો અંશ અસ્થિને પોષણ આપે છે. વાયુનો અંશ મેદને વધારે છે અને આકાશથી સ્નાયુઓ પોષાય છે. આ પ્રમાણે પોષણ-આપવામાં તે અન્નનો અત્યંત સ્થૂલ ભાગ તત્પર રહે છે.

મનુષ્ય શરીરના તમામ ભાગોની અસલ બનાવટ તો સૂક્ષ્મ તન્મા-ત્રાઓરૂપ ઉપાદાન કારણમાંથી થએલી હોય છે, અને તે પ્રમાણે તે સૂક્ષ્મ-

ભૂતોમાંથી તેતે ભાગની ઉત્પત્તિ થયા પછીજ તેમને પોષણ આપવા માત્રના સાધનરૂપે અન્નના અંશો કામમાં આવે છે. પુરીશ તથા મૂત્રને શરીરની બહાર ફેંકી દેવામાં પવન ક્રિયા કરી રહ્યો છે.

અન્નના સારરૂપ અંશનો જે સ્થૂલ વિભાગ ઉપર કહ્યો છે તે આ પ્રમાણે કાર્ય કરે છે. અને ધાતુઓને પોષણ આપે છે. તેમાં જે આકાશનો અંશ છે, તે સર્વે ધાતુઓને અવકાશ આપીને વિકાસ પામવારૂપ પોષણ આપે છે. વાયુ અંશ બળનું વિશેષ વહન કરીને બળની એકત્રતા કરવારૂપ પોષણને આપે છે. અગ્નિ પરિપકવતા કરી આપે છે, અને ખાસ મજ્જાનું પોષણ કરે છે. જલનો અંશ ભીનાશને રક્ષીને લોહીને ખાસ પોષણ આપે છે. પૃથ્વિ તત્વ ઘનીભાવને કરી આપે છે અને માંસનું વિશેષ પોષણ કરે છે.

બાકીનો જે સૂક્ષ્મ સાર છે તે વળી ફરીથી બે પ્રકારના ભેદવાળો થાય છે. ૧ સત્વ પ્રધાન અને ૨ રજસ પ્રધાન.

એમાંથી સત્વ પ્રધાન રૂપસાર પાંચ ભાગે વહેંચાઈ જાય છે. એટલે જે ભૂમિનો અંશ છે તે વડે ઘ્રાણ ઇન્દ્રિય પોષાય છે. જલ અંશ વડે જીવ્હારૂપ રસનેન્દ્રિય પોષાય છે. અગ્નિ અંશ વડે નેત્રેન્દ્રિય પોષાય છે. વાયુ અંશ વડે ત્વચા અને આકાશ અંશ વડે શ્રવણેન્દ્રય વૃદ્ધિને પામે છે. વળી એજ સારના રજઃ પ્રધાન ભાગના ભૂમિના અંશથી અપાન રૂપ મલત્યાગ કરનારી ઈન્દ્રિય, તથા જલ વડે જનનેન્દ્રિય, અગ્નિ અંશ વડે વાણી, વાયુ અંશથી હસ્ત અને આકાશ અંશથી પાદ એ પ્રમાણે કર્મેન્દ્રિય પણ પોષણને મેળવે છે. આ પ્રમાણે તે તે ભૂતાત્મક તત્વથી ભિન્ન ભિન્ન ઈન્દ્રિયો પોષણને મેળવે છે. વળી પૃથ્વિ આદિ અંશ પંચક એકત્ર અવિભક્ત રૂપે રહીને સત્વ પ્રધાન વિભાગ વડે મન નામના અંતઃકરણ ચતુષ્ટયનું પોષણ કરે છે. અને રજઃ પ્રધાન અંશ વડે પંચ પ્રાણનું પોષણ થાય છે. મન તથા પ્રાણ ઉત્પત્તિ અપેક્ષાથી પંચ ભૌતિક છે. છતાં પોષણની અપેક્ષાથી મન ભૂમિ અંશમાંથી વિશેષ પોષણને મેળવે છે, ને પ્રાણ જલ અંશમાંથી વિશેષ પોષાય છે. આ હેતુને સૂચવવા અર્થેજ શ્રુતિ ભગવતીએ મનને અન્નમય કહ્યું છે અને પ્રાણને આપોમય કહ્યો છે.

સૂક્ષ્મ ભૂતરૂપ તંમાત્રામાંથી છુટા પડેલા સત્વાંશવડે મન તથા જ્ઞાનેન્દ્રિયોની ઉત્પત્તિ છે. એટલે સત્વાંશ તેમનું ઉપાદાન કારણ છે. એજ

પ્રમાણે પ્રાણુ તથા કર્મેન્દ્રિયોના ઉપાદાન કારણુ રૂપ તન્માત્રાઓમાંથી ભેદને પામેલો રજોગુણુનો અંશ છે. તે પ્રમાણે ઉત્પન્ન થએલી ઈન્દ્રિયો તથા પ્રાણુને પોષવાના સાધન રૂપ પંચીકૃત સ્થૂલ ભૂત અન્નના સૂક્ષ્મ સારના અંશમાં રહેલા સત્વાંશને વિભાગથી બન્નેના પોષક રૂપે કહેલો છે. એજ પ્રમાણે વદન ઉપર વિશેષ પોષણુ તેજના અંશથી મળે છે. હાથના મૂળને વાયુ અંશ વડે પોષણુ મળે છે. પગના મૂળને આકાશ અંશ બળ આપે છે. આમ હોવાથી શાસ્ત્રમાં શ્રુતિ ભગવતીએ ॥ **तेजोमयीवाक्** ० ॥ ઈત્યાદિ કહ્યું છે. વળી કહ્યું છે કે કાલ અને કર્મના હેતુથી હવે અન્નના સૂક્ષ્મ રસનો જે રજો અંશ છે તેમાંથી લોહી બન્યું. તે લોહીમાંથી માંસ બન્યું. તે માંસમાંથી મેદ થયો. તે મેદ વડે સ્નાયુ બન્યાં. સ્નાયુમાંથી અસ્થિ બન્યાં. અસ્થિમાંથી મજ્જા બની. અને મજ્જામાંથી અસંત બળ વાળું સામર્થ્યાત્મક શુક્ર બન્યું.

શુક્ર નામનું પિતૃ બીજ છે. માતૃ બીજને શોણિત કહે છે. એ બન્ને બીજકોના યોગ્ય પ્રકારે સંયોગ થાય છે ત્યારે કાલના પરિપાકથી કલલ આદિ પરિણામને તે બીજકો પામે છે, અને ક્રમે વૃદ્ધિને પામતાં તે પ્રજારૂપ બને છે. સર્ગના આરંભથીજ ઇન્દ્રિયોની ઉત્પત્તિ તો થએલી છે. અને તે સમષ્ટિ ઇન્દ્રિયોમાંથી વ્યષ્ટિ ઇન્દ્રિયો પ્રતીત થાય છે. તેથી અન્નાદિ રસનો તે ઇન્દ્રિયોની ઉત્પત્તિ કરવામાં ઉપયોગ રહ્યો નથી. તેથી તેમનું કામ તો માત્ર ઇન્દ્રિયોનું પોષણુ કરવામાં થઈ રહે છે. ધાતુઓની બાબતમાં તે પ્રમાણે નથી. પ્રત્યેક શરીરમાં તે ધાતુઓને તો ઉત્પન્ન કરવાનીજ હોય છે. અને રજોગુણુરૂપ અંશ ધાતુઓનો ઉત્પાદક છે. ત્વચા, શોણિત. માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય એ પ્રકારની પિંડમાં સાત ધાતુઓ છે. આ સાત ધાતુઓમાંથી પહેલી છ ધાતુને ષટ્કોશ કહે છે. આમ કહેવામાં એવો આશય રહેલો હોય છે કે પ્રથમની છ ધાતુઓ છ પડના મ્યાનરૂપ કોશ છે. તે કોશમાં શુક્ર નામનું સાચું શસ્ત્ર રહેલું છે. શુક્રમાંથી મજ્જા, અસ્થિ અને સ્નાયુ, પુરૂષ શરીરમાંથી બને છે. માતાના રક્તમાંથી ત્વચા, માંસ તથા શોણિત એ રીતે બને છે. આ પ્રમાણેનો પિતાના શુક્ર અને માતાના રક્ત વડે છ કોશવાળો દેહ બનેલો હોય છે.

વાસ્તવ ઉપર પ્રમાણે છે, છતાં આ પ્રસંગમાં તો ત્વચાને અન્નરસ પાચન થયા પછી તેમાંથી જૂદા પડેલા સ્થૂલ કચરાના ભાગમાંથી ત્વચાને પ્રથમ કહી છે. તેથી તેને છોડીને તે અન્નના રસ ભાગમાંથી જે રક્ત

થએલું છે તેને ત્વચાને બદલે ગણાવ્યું છે. મેદની છેલ્લી અવસ્થાને સ્નાયુ નામ આપ્યું છે. અને તેને જૂદી ધાતુ ગણી કોશમાં પ્રથક રૂપે કહ્યો છે. આ પ્રમાણે કરીને કોશની સંખ્યા છની અને ધાતુની સંખ્યા સાતની પુરી કરી છે. એ માત્ર પ્રકારાન્તર છે. તેમાં કાંઈ વાસ્તવ ભેદ નથી.

વાત પિત્ત તથા કફ સાતે ધાતુઓમાં નિત્ય રહેલાં છે. જ્યારે તે પ્રતિકૂલતાનો અનુભવ કરાવે છે ત્યારે વાત પિત્ત કે કફ કોપેલાં કહેવાય છે. જ્યારે વાત પિત્ત કે કફનો કોપ થાય ત્યારે ધાતુઓ દોષવાળી બને છે એથી ઉલટું જ્યારે વાત પિત્તને કફ સમતાને ધારણ કરતાં ધાતુઓમાં રહીને અનુકૂલતાનો અનુભવ કરાવે છે ત્યારે તે ધાતુઓ ગુણવાળી કહેવાય છે.

સ્ત્રી તથા પુરૂષનો સંયોગ થતાં પુરૂષના પિંડમાંથી પોતાને સ્થાનેથી છુટા પડેલા વીર્યમાંથી તે શરીરમાં રહેલા વાયુદ્વારા એક બિન્દૂ સ્ત્રીના ગર્ભાશયમાં આકર્ષાઇ જાય છે. તેજ સમયે સ્ત્રીના મૂલમાંથી પોતાના આત્મા જેવા પ્રિય ઋતુના બીજકને તે સ્ત્રીના શરીરમાં રહેલો અન્ય વાયુ તેજ સ્થાનમાં લઈ જાય છે. ગર્ભાશયમાં પુરૂષનું બિંદૂ સ્ત્રીના બીજક સાથે તે વાયુ વડે રૂડી રીતે મિશ્રિત થાય છે. ઋતુકાલે આ પ્રમાણે નિર્દોષ શુક્ર હોય છે તો યોનિમાં પ્રાપ્ત થતાં વાયુ વડે અચાનક સ્ત્રીના રક્ત સાથે એકતાને પામે છે. એ પ્રમાણે થએલું મિશ્રણ ગર્ભરૂપને ધારણ કરે છે. તે મિશ્રણ ધીરે ધીરે વિકાસને પામીને વધે છે. ત્યારે પ્રથમ પરપોટા જેવું સ્વરૂપ બંધાય છે. તે પછી પિંડના લોચા જેવું બને છે. તે પછી દઢ ગોળો બને છે. તેમાંથી માથું, બે પગ, આંગળીઓ, કેડ, કુખ. વાંસાનું હાડકું, સાંધાઓ, આંખો, નાક અને કાન નિકળી આવે છે. તે પછી તેમાં જીવન પ્રકાશ પ્રદીપ્ત થાય છે. આ પ્રકારની વૃદ્ધિમાં કાલક્રમ આ પ્રકારે છે. એક રાત્રિએ ગર્ભનું બંધારણ થાય છે. સાત રાત્રિએ પરપોટા રૂપ બને છે. એક પખવાડીએ પિંડ બને છે. એક માસ પૂર્ણ થતાં કઠિન ગોલક બને છે. બે માસ પૂર્ણ થતાં માથું રચાઈ રહે છે. ત્રીજા મહિનામાં પગનો પ્રદેશ ઘડાય છે. ચોથે માસે આંગળીઓ જઠર પ્રદેશ તથા કેડના ભાગ બને છે. પાંચમે માસે વાંસાનો દંડ તૈયાર થાય છે. છઠ્ઠા માસમાં નાક, તથા આંખ તથા કાન નીકળી આવે છે .સાતમા માસથી જીવન યુકત ગર્ભ બને છે. સર્વ પ્રકારે એ ગર્ભ આઠમા માસમાં સંપૂર્ણ થાય છે. એ પ્રમાણે ક્રમે ક્રમે ગર્ભના અંગો તથા તેના પેદા

ભાગો ભરાય છે. પૂર્વ જન્મોના કર્મને લીધે પરવશમાં પડેલો ગર્ભ એ પરિણામને પામે છે.

શ્રુતિ ભગવતીમાં કહ્યું છે કે એ ગર્ભ નવમે માસે સર્વ લક્ષણથી સંપૂર્ણ બને છે. તે સમયે પૂર્વ જન્મો તમામ તેને સ્મરણમાં આવે છે. તથા તે તે જન્મોમાં કરાયલાં તમામ શુભ તથા અશુભ કર્મો તેને યાદ આવે છે. તેમજ જે જે કર્મોનો ત્યાગ કરવો જોઇએ તેનો ત્યાગ નહી કરેલો હોય તથા જે જે કર્મો અવશ્ય કરવાંજ જોઇએ તેનો ત્યાગ કરેલો હોય તે બધુંજ તેના સ્મૃતિપટ ઉપર તરી આવેછે. ગર્ભાશયમાં રૌરવ નરકમાં હોય તે પ્રકારનું એક તો મહા દુઃખ પ્રત્યક્ષ હોય છે. આ પ્રકારના દુઃખના કારણ રૂપ કર્મોને જાણવાથી તે દુઃખમાં વિશેષ વધારો થાય છે. તે વધારો થવા અર્થે તેજ કર્મોના પરિપાક રૂપે પૂર્વ જન્મોનાં વૃત્તાન્તોનું અનુસ્મરણ થઈ આવે છે. ગર્ભની પીડાનું જેમજેમ વિશેષ જ્ઞાન થાય છે તેમ તેમ તેજ સમયે પોતાની પૂર્વની જાતિ વગેરેનું પણ સ્મરણ થઈ આવી દુઃખ વધે છે તેને યાદ આવે છે. કે અહો! હજારો પ્રકારની વિવિધ યોનિયોમાં હું પૂર્વે પ્રયાણ કરતો આવ્યો છું. વિવિધ પ્રકારના આહારોને મેં કર્યા છે તથા વિવિધ માતાઓના સ્તનોને હું ધાવ્યો છું. અરે! આ અત્યંત દુઃખના સમુદ્રમાં ત્રાસ પામતો હું ડુબી રહ્યો છું. આ ગર્ભાશયના ત્રાસમાંથી છુટવાનો કોઈ પણ ઉપાય હોય એમ મને સુઝતું નથી. હે મહેશ્વર! આયોનિમાંથી એક વખત તું મને મુક્ત કર એટલે હું તુરતજ તારે શરણે આવીશ. અન્ય કોઇ વસ્તુની હવે મને અપેક્ષા રહી નથી. તારે શરણે આવવાને માટે હું સત્વર મારૂં સર્વસ્વ સદ્‌ગુરૂને અર્પણ કરીને તેમની એકલાની સેવા બજાવીશ. એમ કરતાં તેમને પ્રસન્ન કરી તેમની પાસેથી સદા વેદોનુંજ તથા વેદાંગોનુંજ અધ્યયન કરીશ. શ્રદ્ધાપૂર્વક હું નિત્ય તથા નૈમિત્તિક કર્મોને કરીશ. યોગ્ય સ્ત્રી સાથે પરણીને અમારી બન્નેની આત્મશુદ્ધિને માટે અમે પ્રેમથી એક ચિત્તવાળાં થઇને યજ્ઞો કરીશું. અમે પાપ માત્રને એ પ્રમાણે બાળી મુકીશું. અમે બન્ને એ પ્રમાણે નિર્મળ બનીને દૃઢ નિશ્ચય કરીશું કે આ સંસાર તો નિઃસંશય ત્યાગ કરવા યોગ્યજ છે. એ પ્રમાણે અતિશય વૈરાગ્યને ધારણ કરવાથી મોક્ષની ઇચ્છા પ્રબળ તીવ્ર કરીશું. તેમ થતાં કર્મ માત્રનો ત્યાગ કરીને શાન્ત થઇને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીશું. એ પ્રમાણે શમદમયુક્ત થઇને વિરજાનલ અગ્નિહોત્રની

ભસ્મ લઈને **अग्निरिति ०** ॥ વિગેરે મંત્રો સહિત ભસ્મને ભીની કરીને આદરપૂર્વક માથાથી પગ સુધી ખૂબ લગાવીશું. આચાર્યને નિત્ય પ્રણામ કરીને અધ્યાત્મ વિદ્યાનો અભ્યાસ અત્યંત કરીને જ્ઞાનને પ્રાપ્ત કરીશું. એ રીતે આ ઘોર સંસાર સાગરને આ ગર્ભાશયમાંથી બહાર નીકળું કે તુરતજ ઓળંગીને તરી નીકળીશ. આ પ્રમાણે ગર્ભમાં સ્મરણ થાય છે.

તે પછી સમય આવતાં યોનિદ્વારથી બહાર નીકળવાનો પ્રસંગ આવે છે. તેમાં યોનિ યંત્રના સંકડાશથી અત્યંત ગભરાઈને બહુજ દુઃખે જન્મીને બહાર નીકળાય છે. જન્મ થયા કે તુરતજ વૈષ્ણવ વાયુનો તેને સારી રીતે સ્પર્શ થાય છે. તે વાયુરૂપ વિષ્ણુ માયાના સ્પર્શને લીધે સ્મરણ માત્ર જતું રહે છે. આ પ્રમાણે સ્મૃતિ ભ્રંશરૂપ અજ્ઞાનના કાર્યરૂપ રાગદ્વેષાદિનો ઉદ્ભવ થાય છે. તેના પરિણામરૂપ ધર્મ તથા અધર્મરૂપ ક્રિયાઓ કરાય છે. તે ક્રિયાના પરિણામરૂપ શરીરની ઘટના થાય છે. એ પ્રમાણે જન્મ મરણની ઘાણી એક પછી એક ચાલતીજ રહે છે.

આ અજ્ઞાન પરંપરાની નિવૃત્તિ કરનાર સાધન જ્ઞાન વિના અન્ય કાંઈજ નથી. ગમે એવાં પુણ્ય કર્મ કરીએ છતાં તેથી અજ્ઞાનની નિઃશેષ નિવૃત્તિ થતી નથી. મલિનસત્વ જેમાં પ્રધાન છે એ પ્રકારનું માયાનું રૂપ મલ ઉપાધિરૂપે આત્મામાં પ્રતીત થાય છે. આ ઉપાધિથી આત્મા કર્તા તથા ભોક્તારૂપે પ્રતીત થાય છે. આ ઉપાધિ જો આત્માના નૈસર્ગિક સ્વભાવરૂપ હોય તો કર્તાપણું તથા આત્માપણું પણ આત્માના સ્વભાવિક ધર્મરૂપ બને. તે પ્રમાણે હોય તો કરોડો જન્મ પર્યન્ત પ્રયત્ન કર્યા છતાં પણ એ પ્રકારનો સ્વભાવ કદીજ છુટે નહિ. સંસારથી વિશેષ રીતે મુક્ત થવાનું કદીજ બને નહિ. પણ તે પ્રમાણે નથી. એ ઉપાધિ આત્માના સ્વભાવ ભૂત નથી. આત્માનો સ્વભાવ તો કેવલ, સ્વચ્છ, શાન્ત સૂક્ષ્મ અને સનાતન છે. આ પ્રમાણેનું પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન ॥ तत्वमसि ॥ (તે તું છે.) એ પ્રકારના શ્રુતિ મહા વાક્યથી પ્રાપ્ત કરવું.

॥ तत्वमसि ॥ એ મહાવાક્યમાં **त्वम्** ॥ એ શબ્દનો અર્થ જીવરૂપે પ્રતીત થતો તું એવો છે. એ શબ્દના અર્થનું સંશોધન કરીને સમજતાં જણાય છે કે કર્તા ભોક્તા આદિ રૂપે જણાતો ઉપાધિ એ આપણા આત્માનું સાચું સ્વરૂપ નથી. માટે તેટલા અંશોનો તે **॥ त्वम् ॥** શબ્દના અર્થમાંથી બાધ કરવારૂપ એ સંશોધન થયું. હવે એ વાક્યમાં **॥ तत् ॥**

શબ્દ છે. તેને હવે તપાસીએ. એ શબ્દનો અર્થ ઈશ્વરછે. ઈશ્વરરૂપ આત્મા સર્વના અંતરમાં વસી રહેલો છે. સર્વના અંતઃકરણમાં રહીને સર્વનો સાક્ષિ છે. ચૈતન્ય વિના કાંઈજ તેનું અન્ય સ્વરૂપ નથી, આનંદરૂપજ છે. એનેજ ભગવાન, ઈશ્વર, સનાતન, સ્વયંજ્યોતિ કહ્યા છે. એમનામાંથી આખું વિશ્વ બનીને ખડું થઈ જાય છે, અને પાછું એમનાજ સ્વરૂપમાં વિલાઈ જાય છે. દેવતામાત્રનાં સ્વરૂપો જેવાં કે બ્રહ્મા, શિવ, હરિ, ઈન્દ્ર, પ્રજાપતિ, વાયુ, અગ્નિ, અક્ષર, પરમ, સ્વરાટ એ બધાં એકજ પરમાત્માની વિવિધ પ્રતીતિયો છે. એ ઈશ્વરજ આપણા આત્માનું ખરૂં સ્વરૂપ છે. જે કોઈ પોતાના આત્માનું આ પ્રકારનું પરમેશ્વરથી અન્ય ભાવવાળું સ્વરૂપ છે, તે સ્વરૂપનાં અનુભવ કરવાને બદલે કર્તા, ભોક્તા આદિ રૂપે અવળો અનુભવ કરે છે તે પોતાના આત્મદેવની પાસેથી તેમના સત્ય સ્વરૂપને લુંટી લે છે. એવા લુંટારા ચોરે એનાથી અન્ય કયું અધિક પાપ કરવાનું બાકી રહ્યું છે? અર્થાત મોટામાં મોટું જે પાપ કરી શકાય તે એજ છે. બ્રાહ્મણ દેહને પામ્યા. તેમાં પણ વાક્ ઈન્દ્રિય શુદ્ધ મળ્યાથી મુંગા અવતર્યા નથી, તેથી શુદ્ધ વાણી બોલતાં આવડે છે. શાસ્ત્રોના અભ્યાસ કરવા માટે જે સામર્થ્યની જરૂર છે તે સામર્થ્યને પણ પરમાત્માએ આપણને આપ્યું છે. વળી જન્મથી આપણે બહેરા અવતર્યા નથી તેથી સદ્‌ગુરૂશ્રી વિદ્યાનું દાન કરે તેનું શ્રવણ કરવાને માટે પણ આપણે સમર્થ છીએ. આ પ્રકારની સર્વ જ્ઞાન પ્રાપ્તિની સામગ્રીનો આપણી પાસે સદ્‌ભાવ છે. મહાન આશ્ચર્યની વાત એ છે કે આટલું છતાં પણ પ્રમાદ આલસ્ય આદિના વશમાં અસાવધાનતાથી રહીએ છીએ અને સચ્ચિદાનંદ એકરસ આત્મતત્વના સ્વરૂપના અનુભવાત્મક ભાનથી જુદી હઠ કરીને વિમુખ રહીએ છીએ. અને તેમ કરીને પુનઃ પુનઃ સંસાર સાગરની ઉંડી ખોમાં જાણી જોઇને આપણે આપણને ફેંકી દઈએ છીએ. એના કરતાં અન્ય ખરેખરો વિશેષ બ્રહ્મહત્યારો કોણ હોઈ શકે? જે વિશેષ રૂપે ખાત્રીથી જાણે છે કે પાપ માત્રને બાળનાર પુરૂષ પોતાનો આત્માજ છે તે એવા આત્માને છોડીને અન્ય કઈ વસ્તુની પાછળ ઈચ્છાથી દોડે? આત્માને છોડીને એવી અન્ય કઈ વસ્તુ છે કે તેની આત્માની અપેક્ષાથી અધિક ઈચ્છાનું સ્ફુરણ થાય? આત્મા જે કામના પરિપૂર્ણ નથી કરતો એવી કયા પ્રકારની કામનાને શરીરદ્વારા પૂર્ણ કરવાની છે કે જેથી શરીરની પાછળ ચિન્તાપૂર્વક અંતઃકરણને પ્રજ્વલિત રાખવું પડે છે? ખરેખર! કાંઈજ નથી. આત્મજ્ઞાનથી સર્વ પ્રકારની પૂર્ણતા થાય છે. એવો વિદ્વાન જ્ઞાનિજ મનુષ્યમાં ઉત્તમ છે.

આત્મજ્ઞાન થવાથી તુરતજ રાગદ્વેષાદિ કર્મની ગાંસડી હૃદયમાંથી ભેદાઇને જતી રહે છે. સંશય માત્ર છેદાઇ જાય છે. અને સર્વે કર્મક્ષીણ થાય છે. એ આત્મ સ્વરૂપ વાણીનો વિષય નથી. કારણકે વિષયમાત્ર મારા સ્વરૂપથી અન્ય વસ્તુ છે એટલે અનાત્મ છે. એ વિષય જેની સાથે સંબંધ કરે છે તેવો હું આત્મા છું. તેથી તે વાણીનો વિષય નથી એટલુંજ નથી પણ મનનો પણ વિષય તે થઇ શકતો નથી. એ પ્રકારે મન તથા વાણી આત્મ સ્વરૂપથી નિવૃત્ત થઈ તેમાં વિરમી જાય છે. એ પ્રકારના પરમાનંદ રૂપ આત્મ સ્વરૂપને જે જાણે છે તેને અન્ય કાંઇજ ભય આપી શકતું નથી. વિહિત કર્મ ન કરવાથી તથા અવિહિત કર્મને આચરવાથી મારી શી સ્થિતિ થશે એ પ્રકારની ચિન્તા પણ તેને થતી નથી. માટે હરેક પ્રયત્નવડે શ્રદ્ધાપૂર્વક ગુરૂની ભક્તિ કરવી, અને હું પ્રાકૃત, જડ અને સૃષ્ટિમાંથી બનેલો પદાર્થ છું એ પ્રકારની પોતાના સ્વરૂપ વિષેની ભાવનારૂપ ચિત્રનો વિચારમાંથી નિરંતરને માટે દૃઢ ત્યાગ કરવો. અને તેને સ્થાને હું શિવ છું એ પ્રકારના ચિત્રરૂપ ભાવનાની અંતઃકરણમાં સ્થિર પ્રતિષ્ઠા કરવી. આ ભાવનાને નિરંતર જોયા કરવી. એજ અનંત જન્મો ધરીને જન્મ મરણ આદિ દુઃખોને સહન કરીને જે ઉદ્યમ અનાદિ કાલથી માંડી બેઠા છીએ તેની અંતિમ સવિજય સફળતા છે. આ ભાવનાનો ખાસ અધિકાર બ્રાહ્મણનો છે. અન્ય વર્ણને કર્તવ્યરૂપે અન્ય કાંઈ હોય છે તો તે અધિક અયોગ્ય નથી ગણાતું પણ દ્વિજનો દેહ પ્રાપ્ત થયો એટલે તે દેહનું સાર્થકય તો અન્ય કશાથીજ થતું નથી. તે દેહનો અધિકાર તો બ્રહ્મવિદ્યાદ્વારા આત્મદેવની ઉપાસના કરીને જીવન મુક્ત રહેવું એજ છે.

વેદાન્ત માત્રનું સર્વસ્વ રહસ્ય આટલુંજ છે. પરતુ તે રહસ્યને વિશેષ પ્રબળતાથી અંતઃકરણમાં ઉંડું ઉતારવાનું સાધન એકલી શ્રદ્ધાજ છે. કાર્યમાત્રનું શ્રદ્ધાજ કારણ છે. શ્રદ્ધા વડેજ સાધનમાં સમાધિ પ્રર્યન્ત નિર્ભયપણે માર્ગ કપાય છે.

આ પ્રમાણે શ્રી મહાદેવનું વચન શ્રવણ કરીને દેવના ગુરૂશ્રી બૃહસ્પતિ અત્યંત આનંદાવેશમાં આવી ગયા, અને શ્રી મહાદેવની સ્તુતિ આ પ્રમાણે કરવા મંડી પડયા. હે શિવ ! સોમ, પુત્રવાળા, ત્રિશૂલિ, પ્રધાન પુરૂષ, ઇશ, સૃષ્ટિ સ્થિતિ તથા લયના હેતુ ભૂત, સર્વજ્ઞ, વરેણ્ય, શંકર, દુઃખહર, વેદાન્તજ્ઞેય, ચિન્માત્ર, મહાત્મા, દેવ. દેવદેવ, વિશ્વેશ્વર ઋત, સત્ય, પરબ્રહ્મ, પુરૂષ, કૃષ્ણ પિંગલ, ઉર્ધ્વરેતા, વિરૂપાક્ષ, વિશ્વરૂપ,

વિશ્વ, વિશ્વાધિક, રૂદ્ર, વિશ્વમૂર્તિ, વૃષભધ્વજ, સત્ય, વિજ્ઞાન, હૃદયાકાશની મધ્યમાં નિવાસ કરનારા હે મહેશ્વર આપને અનંતાવધિ નમસ્કાર કરૂં છું હે મહાદેવ ? આખા જગતમાં આપ આપની સ્થૂલ મૂર્તિ રૂપે વ્યાપી રહ્યા છો. ૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ઇન્દ્ર, ૪ અગ્નિ, ૫ યમ, ૬ નિઋતિ ૭ વરૂણ, ૮ વાયુ, ૯ કુબેર, ૧૦ રૂદ્ર એ આપની સર્વત્ર વ્યાપી રહેલી મૂર્તિઓ છે. તેના પ્રસાદની કણિકા માત્રથી સર્વ દેવોનું દેવત્વ છે. એ પ્રકારે દેવાદિ સર્વના આત્મ રૂપ મહેશાન સર્વજ્ઞ, અપરાજીત, દિગંબર અંબિકાપતિ, ઉમાપતિ, ઇશાન આપને પ્રણામ કરૂં છું. પુનઃ પુનઃ અનંતાવધિ પ્રણામ કરૂં છું. કારણના કારણરૂપ મંગલના મંગલરૂપ, વેદજ્ઞ, માત્ર મનન કરનાર મહાત્માઓજ આપની યોગ્ય ઉપાસના કરી શકે છે એવા દુર્લભ સ્વરૂપ આપને પ્રણામ કરૂં છું ૐ કારના અંતિમ રૂપ જે નાદ થાય છે તે વડેજ જેમનું રૂપ પ્રતિપાદ્ય છે એવા સૂક્ષ્મ, માયાતીત, નિષ્કલ શિવ આપને અનંતાવધિ પ્રણામ હજો.

એ રીતે શ્રી જ્ઞાન યોગખંડનો પિન્ડોત્પત્તિ નામનો દશમો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ

અધ્યાય ૧૧.

નાડીચક્ર

જે સ્થાનમાં નાડી સ્થપાઇ છે તેવા શરીરનું સ્વરૂપ ઉપર પ્રમાણે છે. હવે જે નાડીઓની શુદ્ધિ કરવાની છે તે નાડી ચક્ર શી વસ્તુ છે તેનું વર્ણન આ અધ્યાયમાં કરાય છે.

શ્રુતિ ભગવતી કહે છે કે મનુષ્ય માત્રના શરીરની લંબાઇ ભરતાં પોતાના ૯૬ આંગળ થાય છે. પોતાના શરીરને ટટાર ખેંચીને દોરીથી માપ લઇએ તો તે દોરીનો છન્નુમો ભાગ જે થાય તે માપને પોતાનું એક એક આંગળ સમજવું. તેમાંથી ૪૮ આંગળ ઉપરનું શરીર કહેવાય છે, અને ૪૮ આંગળનું શરીર નીચેનું કહેવાય છે. તે બન્નેની મધ્યમાં મૂલાધાર ચક્ર છે. ગુદા, પાયુનો અંત છે ત્યાંથી બે આંગળ ઉંચે અને લિંગથી બે આંગળ નીચે એક આંગળ માત્રના પ્રદેશને દેહ મધ્ય કહ્યો છે. એ મૂલાધાર ચક્ર ત્રિકોણાકારે છે. તપાવેલા સુવર્ણ જેવો તેનો પ્રકાશ છે. તેના અધિદેવતા અગ્નિનો તેમાં નિવાસ છે.

તે મૂલાધારચક્રથી નવ આંગળ ઉંચે કંદસ્થાન છે. એનો વિસ્તાર ચાર આંગળનો છે. તેનો આકાર કુકડીના ઇંડા જેવો છે. ત્વચા તથા અસ્થિના બંધારણવડે તે અત્યંત શોભી રહેલું છે. આ કંદસ્થાનની મધ્યમાં નાભિનું સ્થાપન છે.

પવનનો સુષુમ્નામાં પ્રવેશ થવો તેનું નામ યોગ છે. તેમ હોવાથી બીજી તમામ નાડીઓમાં આ સુષુમ્ના નાડીને પ્રધાન કહી છે. આ સુષુમ્ના નાડીની આસપાસ ૭૨૦૦૦ બીજી નાડીઓ આવી રહી છે.

આ નાડીઓમાં ૧૪ નાડીઓને મુખ્ય ગણી છે. તેમનાં નામ આ પ્રમાણે છે. ૧ સુષુમ્ના, ૨ પિંગલા, ૩ ઇડા, ૪ સરસ્વતી, ૫ પૂષા, ૬

વારુણી, ૭ હસ્તિ, જીહ્વા, ૮ યશસ્વિની, ૯ અલંબુષા, ૧૦ કુહૂ, ૧૧ વિશ્વોદરા, ૧૨ પયસ્વિની, ૧૩ શંખિની, અને ૧૪ ગાંધારી.

આ ચૌદ નાડીમાં સુષુમ્ના, પિંગલા તથા ઇડા એ ત્રણ ઘણુંજ કામ કરી રહી છે તેથી તે ઘણીજ મુખ્ય છે. એ ત્રણમાં પણ સુષુમ્ના સર્વોત્તમ છે તેને શાસ્ત્રમાં બ્રહ્મનાડી કહે છે. કારણ કે તે નાડીરૂપ એકજ દ્વારથી બ્રહ્મલોકની પ્રાપ્તિ સાધક કરી શકે છે.

અથર્વણ ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કે હૃદયની ૧૦૧ નાડીઓ છે. તેમાંની એક મસ્તકમાંથી ઉદ્‌ભવેલી છે. કોઈપણ સાધક એ નાડી દ્વારા ઉર્ધ્વમાર્ગે પ્રયાણ કરે તો તેને બ્રહ્મસ્થાનની પ્રાપ્તિ થાય છે. તે સ્થાનમાં અમૃત સંપૂર્ણ રીતે ભરપુર ભર્યું છે.

આ નાડીઓના સ્થાનોની વ્યવસ્થા આ પ્રમાણે છે. ૧. વાંસાની મધ્યમાં અસ્થિમય વીણાદંડ છે. તેની સાથે રહીને મસ્તકસુધી રૂડીરીતે જે નાડી સ્થપાયલી છે તે બ્રહ્મનાડી છે. મૂલાધારમાંથી જે પવન ઉઠે છે તે આનાડીનું દ્વારબંધ હોવાથી ઇડા તથા પિંગલાદ્વારા વહીજઇને બહારના વાતારણમાં થઈ જાય છે. કહ્યું છે કે આ દેહમાં પણ વાયુ મૂલાધારમાંથી ઉઠે છે. તે પવન ત્યાંથી ગતિ કરતો કરતો ઇડા તથા પિંગલા નાડીદ્વારા નાસિકામાં થઇને નાસિકાથી બાર આંગળ છેટે પહોંચીને ત્યાં અસ્ત થાય છે. મૂલાધાર સ્થાનમાંથી જે સમયે પવન ઉઠે છે તે સમયે તેનો વેગ શરીરની મધ્યમાં રહેલી આ સુષુમ્ના નાડી જે પોતાની સન્મુખ નિરાંત કરીને બેઠેલી છે તેના પ્રતિ જાય છે. આ નાડીનું દ્વાર બંધ થએલું હોવાથી ત્યાં અથડાઇને તેની એક બાજુએ ઇડા તથા બીજી બાજુએ પિંગલા એ પ્રકારની નાડીઓના મુખ ખુલ્લાં હોવાથી તેમાં પ્રવેશે છે, અને સંચાર કરે છે. આ પ્રકારે સુષુમ્ના નાડીનું દ્વાર જેનાવડે બંધ થએલું છે તેને કુન્ડલીની કહે છે. આ કુન્ડલીની એક સર્પ જેવી છે. તેણે પોતાની ફેંણના અગ્રભાગ વડે આ બ્રહ્મનાડીનું મુખ બંધ કર્યું છે. આ પ્રતિબંધ કરનારી કુન્ડીલીનીનું સ્થાન સ્વરૂપ તથા વ્યાપારની વ્યવસ્થા આ પ્રમાણે કહેલી છે. કુન્ડલીનીનું સ્થાન નાભિકંદથી બે આંગળ નીચે છે. પ્રકૃતિનું મૂલ સ્વરૂપ વિકાર વિનાનું એટલે અવિકૃતિ રૂપ છે. તેમાંથી તે મૂલ પ્રકૃતિ વિકારને પામીને મહતત્વાદિ સાત વિકૃતિ રૂપ તત્વો થયાં છે. મૂલ પ્રકૃતિ સહ તે સાત મળીને અષ્ટ પ્રકૃતિરૂપ જેને શાસ્ત્રમાં કહી છે તે બની રહી છે, એમાંની જે

મૂલ પ્રકૃતિ તેજ આ કુન્ડલીની છે. સુષુમ્નાની આસપાસ મહત્તત્વાદિ વિકૃતિમય તેજ પ્રકૃતિની સાત શાખાઓ વિંટાઈ રહેલી છે એ આઠે પ્રકૃતિ રૂપ કુન્ડલીની છે. સુષુમ્ના નાડીની આસપાસ ગોળચક્રાકારે વિંટાઈ રહે છે માટે તેને કુન્ડલીની કહેલી છે. તે એક ઉંઘતા સર્પ જેવા આકારની છે. મૂલાધારથી ઉઠેલા પવનને સન્મુખ રહેલી સુષુમ્નાના દ્વારમાં સંચાર કરવાના સ્થાનને તે રોકીને બેઠી છે. તેવીજ રીતે કંદની પાસેના ભાગને પણ તેણે રોકી રાખ્યો છે તેથી કોઠામાં ખાધેલા પીધેલા પદાર્થો હોય છે તેની અને મૂલાધારમાં રહેલા અગ્નિના તાપની વચ્ચે રહીને રૂન્ધન કરે છે. આ પ્રમાણે કોઠામાં જોઈતો તાપ નહિ પહોંચવાથી અન્ન તથા જલને ત્વરાથી પરિપક્વ થવામાં અડચણ આવે છે. આ પ્રમાણે કુન્ડલીની નિરંતર અન્ન જલ તથા વાયુનો નિરોધ કરી રહી છે. નાભિકંદથી નીચે સુષુમ્ના નાડીનું મૂલરંધ્ર છે. તેમાં પોતાની ફણારૂપ મુખના અગ્રને આ કુન્ડલીનીએ ચગદીને ઘાલી રાખ્યું છે. એ પ્રમાણે તે માર્ગને રોકીને પછી પોતાના પુંછડા વતે પોતાના મુખ તથા ગરદનની આસપાસ ગોળચક્રાકારે આઠ આંટા એક ઉપર એક મારીને વીંટાઈ રહી છે. આ પ્રમાણે સુષુમ્નાના માર્ગને સખત બંધનથી રોકી રાખ્યો છે. તેમ કર્યા પછી પોતાની બાકીની કાયા વડે આ કુન્ડલીની વાંસાના વીણા દંડ સાથે સંબંધ કરતી ઉપર સુષુમ્નાની સાથે સાથે મસ્તક સુધી ચડી છે, અને ત્યાંના પોતાના પુચ્છના અગ્ર વડે બ્રહ્મરંધ્રને બંધ કરી રહી છે. આ કુન્ડલીનીને જગાડી સુષુમ્ના નાડીના તથા બ્રહ્મરંધ્રના દ્વારોને ખુલ્લાં કરાવી તેમાં પવનનો પ્રવેશ કરાવવો એ આપણું કર્તવ્ય છે.

૧ સુષુમ્નાથી ડાબી બાજુએ ૨ ઇડા નામની નાડી છે. અને ૩ પિંગલા નામની નાડી જમણી બાજુએ છે. સુષુમ્નાથી આગળ સન્મુખ ૪ સરસ્વતી છે, અને તેટલેજ છેટે પાછળ ૫ કુહૂ નાડીછે. ઈડાથી આગળ સંમુખ ૬ ગાંધારી છે અને પાછળ ૭ હસ્તિજીવ્હા છે. પિંગળાથી આગળ સંમુખ ૮ પૂષા છે અને પાછળ ૯ યશસ્વિની છે. કુહૂને હસ્તિજીવ્હાની વચ્ચે ૧૦ વિશ્વોદરી છે. યશસ્વિનીને કુહૂની વચ્ચે ૧૧ વારૂણી છે. પૂષાને સરસ્વતીની વચ્ચે ૧૨ પયસ્વિની છે, ગાંધારી અને સરસ્વતીની મધ્યમાં ૧૩ શંખિની છે. કંદની મધ્યમાંથી પાયુ પર્યન્ત ૧૪ અલંબુશા રહી છે.

સુષુમ્ના નાડીથી પૂર્વ ભાગમાં જનનેંદ્રિય સુધી કુહૂ નાડી રહેલી છે. વારૂણી નાડી નીચે તથા ઉંચે સર્વ સ્થાનોએ આવી રહેલી છે. પીંગલા નાડી નાકના જમણા રંધ્રના અંત સુધી આવી છે. ઈડા નાકના ડાબા રંધ્ર સુધી રહી છે. યશસ્વિની જમણા પગના અંગુઠા સુધી અને પૂષા જમણી આંખ સુધી પિંગલાની પીઠે થઈને જાય છે. પયસ્વિની જમણા કાન સુધી પહોંચેલી છે. સરસ્વતી નાડી ઉંચે જીહ્વાના અગ્ર સુધી ગઈ છે. હસ્તિજીહ્વા નાડી ડાબા પગના અંગુઠા સુધી, ગાંધારી ડાબી આંખ સુધી, અને શંખિની ડાબા કાન સુધી આવી રહી છે. વિશ્વોદરી મુખની મધ્યે છે.

૧ પ્રાણ, ૨ અપાન, ૩ વ્યાન, ૪ સમાન, ૫ ઉદાન, ૬ નાગ, ૭ કૂર્મ, ૮ કૃકર, ૯ દેવદત્ત, અને ૧૦ ધનંજય એ પ્રકારના દશ વાયુઓ આ નાડીઓને માર્ગે સંચાર કરી રહ્યા છે. આ વાયુ દશકમાં પ્રાણાદિ પંચક જે પ્રથમ કહ્યા છે તે મુખ્ય છે. તેમાંના પહેલા નવ વાયુઓ વડે દેહની સ્થિતિ છે, એટલે દેહની સ્થિતિના હેતુભૂત પહેલા નવ વાયુ છે, અને દસમો ધનંજય નામનો વાયુ લૌકિક છે. અને તે શરીરની અંદર બહુ જાતના શોરબકોર કરી રહ્યો છે. મનુષ્યનું મૃત્યુ થયા પછી પણ તે ધનંજય વાયુ તે શરીરમાંથી જતો નથી પ્રાણ અને અપાન વડે પ્રાણની ઉપાસના કરવી. પ્રાણ મુખ તથા નાસિકાની મધ્યમાં રહે છે. તથા નાભિ મધ્યમાં તથા હૃદયમાં પણ રહે છે. એ ત્રણની ઉપાસના કરવાનાં એ મુખ્ય સ્થાનો છે. અપાનનો નિવાસ ગુદા, જનનેંદ્રિય, ઝાંઘો તથા સાંધાઓમાં છે. તેમજ વળી ઉદર, વૃષણ, કેડો, નાભિ, પગની ઢીચણથી નીચેની પીંડીઓમાં પણ અપાનનો નિવાસ છે. આંખ તથા કાનની મધ્યે ગરદનમાં અંગુઠામાં, નાકમાં, કંઠમાં વ્યાન આવી રહ્યો છે. ઉદાન વાયુ હાથ પગ તથા સર્વ સંધીઓમાં સ્થાન કરીને રહ્યો છે. સમાન વાયુ સર્વ દેહમાં સમતાથી વ્યાપીને રહ્યો છે. એ પ્રકારે પ્રાણાદિ પંચક મુખ્ય વાયુઓ શરીર કોશના આંતર ભાગમાં રહ્યા છે. નાગાદિ પાંચ વાયુઓ શરીરના બહારના ત્વગાદિ પંચ કોશમાં રહ્યા છે. તેમાં નાગવાયુ ઓડકાર આદિનું કારણ છે. કૂર્મ વડે ચક્ષુ પલકારા મારી શકે છે. કૃકરવાયુથી છીંક વિગેરે આવે છે. આલસ્ય બગાસાં વિગેરે લાવનાર દેવદત્ત છે. શોકાદિનો અનુભવ કરાવનાર ધનંજય છે. શ્વાસ લેવો તથા મૂકવો એ કાર્યને કરાવનાર પ્રાણનું બળ છે. વિષ્ઠા મૂત્ર આદિનો ત્યાગ અપાનના બળ વડે થાય છે. સમાન વાયુ સર્વ પદાર્થોને એક બીજાની સમીપતામાં લાવી મૂકે છે. ઉદાન વાયુ ઉર્ધ્વમાર્ગે ગતિ કરાવે છે. પ્રાણ તથા અપાન વાયુઓની એક

બીજાની ગતિમાં સંધિ થઈ જાય છે. તે સમયે પરસ્પરનો પરસ્પરથી પ્રતિબંધ થાય છે. અને તેથી બન્નેનો અભાવ થઈ રહે છે. એટલે તે વિવાદ કે વાણીરૂપે પરિણામને પામે છે ત્યારે તેને વ્યાન કહે છે.

આપણું કર્તવ્ય એ છે કે કુન્ડલીની વડે જે સુષુમ્ના નાડીનું મુખ બંધ થઈ ગયું છે તેને ઉઘાડવું. ઇડા તથા પિંગલાનાં દ્વારોથી નાસિકામાં થઈને વાયુ વહી જાય છે તેમ ન થવા દેવા માટે ઇડા તથા પિંગલાનાં દ્વારો બંધ કરવાં એ પણ આપણું અવાન્તર કર્તવ્ય ઠરે છે. વળી આપણા પ્રમાદથી અન્ય નાડીઓમાં પવનનો કાંઈ અંશ પેઠેલો હોય તો જે જે દ્વારથી તે અન્ય નાડીઓમાં પવન પ્રવેશેલો હોય તે તે દ્વારથીજ તે વાયુને બહાર કહાડવો. આ પ્રમાણે કરીને નાડી માત્રમાંથી વાયુને એકઠો કરીને તેને સુષુમ્નાને માર્ગે લઇ જવાનો છે. આમ કરવાનું છે તેટલા માટે આ બધી નાડીઓનાં વર્ણનને યાદ રાખવાં. આ નાડીઓમાંથી પવનને કહાડવા માટે આપણો પ્રયાસ સફળ થાય તે અર્થે તે તે નાડીના અભિમાની દેવતાઓનું અનુસ્મરણ કરવું. તેમ કરવાથી પ્રસન્ન થઇને તે તે દેવતા આપણને સહાય્ય કરે છે.

૧ સુષુમ્નાના દેવતા શિવ છે. ૨ ઇડાના હરિ. ૩ પિંગલાના વિરિન્ચિ. ૪ સરસ્વતીના વિરભદ્ર, ૫ પૂષાના દિગ્દેવતા, ૬ વારૂણીના વાયુદેવતા, ૭ હસ્તિજીવ્હાના વરૂણ, ૮ યશસ્વિનીના ભાસ્કર, ૯ અલંબુષાના પણ વરૂણ દેવતા, ૧૦ કુહૂની પૃથ્વિ, ૧૧ ગાંધારીના ચંદ્ર, ૧૨ શંખિનીના ચંદ્ર ૧૩ પયસ્વિનીના પ્રજાપતિ અને ૧૪ વિશ્વોદરાના પાવક દેવતા છે. એ પ્રકારે નાડીઓના સ્વામિ છે.

જે પ્રમાણે બ્રહ્માન્ડમાં દિવસ રાત્રિ આદિ કાલના વિભાગો છે, તેજ પ્રકારના વિભાગો પિંડમાં પણ છે. ચંદ્ર નિત્ય ઇડાનાડીમાં સંચાર કરી રહ્યો છે, માટે ઇડાનાડીમાંથી પવનને બહાર નીકળવાનો જે સમય તે રાત્રિ છે. ઇડાનાડીમાં પવનનો પ્રવેશ કાળ તે દિવસ છે. ચંદ્ર પરિપૂર્ણ અવસ્થાએ ઉદય થાય છે તે રાત્રિ છે. અને પૂર્ણ અસ્ત થાય છે તેને દિવસ કહે છે. પિંગલામાં પવનનો ઉદયનો કાલ તેને દિન કહે છે અને પ્રવેશના કાલને રાત્રિ કહે છે. એજ પ્રમાણે પિંગલામાં પિંડગત રવિ ગતિ કરી રહ્યો છે. પૂર્વાભિમુખે સાધકે શાંત થઇને બેસવું એટલે સાધકની દક્ષિણ દિશાએ પિંગલાનાડી આવે છે. અને ઉત્તર દિશાએ ઇડાનાડી આવે છે. બ્રહ્માન્ડમાં

દક્ષિણ દિશાને છેડે સૂર્ય ઉદય સમયે પહોંચે છે ત્યારે મકરસંક્રાન્તિમાં તેનો પ્રવેશ થાય છે અને તે સમયથી આરંભીને કર્ક રાશીમાં સંક્રમણ થવા પર્યન્ત નિત્ય નિત્ય અધિક અધિક ઉત્તર દિશામાં ઉદય સમયે ખસતો જાય છે. આ કારણથી એ બધા સમયને ઉત્તરાયન એવું નામ આપ્યું છે. એજ પ્રકારની સ્થિતિ પિંડમાં પણ છે. પિંડમાં રહેલી પિંગલાનાડીમાં જે પવન છે તે સૂર્ય છે. એ વાયુ પોતાની સર્વ કલા સહ ઇડાનાડીમાં પ્રવેશી રહે છે. ત્યાં સુધીના સમયને ઉત્તરાયનરૂપે ગણ્યો છે. એજ પ્રમાણે તે વાયુ પાછો ઇડાનાડીમાંથી નિકળીને સર્વ કલા સહ પિંગલાનાડીમાં પ્રવેશી રહે છે તેટલા સમયને દક્ષિણાયન કહ્યો છે. આ પ્રકારનું વર્ણન શ્રુતિ ભગવતીએ આપેલું છે.

અમાવાસ્યાને દિવસે સૂર્ય તથા ચંદ્ર સાથેજ ઉદયને પામે છે. તથા સાથેજ અસ્તને પામે છે. તેજ પ્રમાણે ઇડામાં રહેલો પ્રાણ ચંદ્રરૂપ છે અને પિંગલામાં રહેલો પ્રાણ સૂર્યરૂપ છે તે બન્ને પ્રાણની સંધિના સમયમાં તે સૂર્યચંદ્રરૂપ વાયુ સમતાને ધારણ કરે છે. એટલે તે બન્ને સાથેજ ઉદય પામે છે, તથા સાથેજ અસ્તને પણ પામે છે. આમ હોવાથી ઇડા તથા પિંગલાની સંધિમાં પ્રાણને પ્રવેશવાના સમયને અમાવાસ્યા કહી છે.

શ્રુતિ ભગવતી કહે છે કે પ્રાણ એજ આદિત્ય છે, અને અપાન ચંદ્ર છે. એ પ્રાણરૂપ સૂર્યનો મૂલાધારમાં પ્રવેશ થાય છે ત્યારે પિંડમાં સૂર્યોદય થયો કહેવાય છે. એ પ્રાણ મસ્તકમાં પ્રવેશ કરીને નાસિકાદ્વારા બહાર નીકળે છે અને નાસિકાના અગ્રથી બાર આંગળ છેટે જઇને અસ્ત પામે છે. દેવોના પ્રથમ વિષુવમાં સૂર્યોદય મેષરાશિમાં થાય છે. એ દેવોનો સૂર્યોદય છે. બીજા વિષુવમાં જ્યારે સૂર્યતુલા રાશિમાં પ્રવેશે છે તે દેવતાઓનો સાયંકાલ છે. એજ પ્રમાણે મૂલાધારમાં પ્રાણના પ્રવેશરૂપ સૂર્યોદય પહેલા વિષુવરૂપે છે, અને તે પ્રાણનો જ્યારે મસ્તકમાં પ્રવેશ થાય છે ત્યારે બીજું વિષુવ થાય છે. અમાવાસ્યા રૂપે જે ઇડા તથા પિંગલાની વચ્ચે પ્રાણની સંધિને ઉપર કહી છે તેનેજ અત્ર બન્ને વિષુવ કહ્યા છે. તેમાં પ્રાણ જમણી નાસિકાથી ડાબી દિશામાં ગતિ કરે છે. તેમાં જે સંધિ થાય છે તે સંધિ ઉત્તરાયનની મધ્યમાં હોવાથી તેને આદ્ય વિષુવ કહ્યું છે, ડાબી બાજુથી જમણી બાજુ જતાં જે સંધિ દક્ષિણાયની મધ્યમાં આવે છે તે બીજું વિષુવ છે. આ પ્રકારે જોતાં સહજ સમજાશે કે સુષુમ્ના એજ અમાવાસ્યા છે. ઇડામાં નિઃશ્વાસ ઉચ્છ્વાસ રૂપ પ્રાણની ગતિ થાય છે,

અને સુષુમ્નામાં પ્રવેશતાં તે સ્થિર થાય છે. પછી ત્યાંથી પિંગલામાં આવે છે. ફરીથી પાછી પિંગલામાંથી ઉંચે ચડે છે. અને સુષુમ્નામાં પ્રવેશીને પુનઃ સ્થિર થાય છે. વળી ત્યાંથી ઉપડી ને ઇડામાં ઉતરે છે. એ પ્રકારે સામાન્ય રીતે સંક્રાન્તિના કાલ છે. પિંડની અપેક્ષાથી એનેજ માસ કહ્યા છે. જ્યારે પ્રાણ ઇડામાંથી કુન્ડલીનીને સ્થાને જાય છે ત્યારે ચંદ્રગ્રહણ થયું કહેવાય છે. પ્રાણ પિંગલામાંથી જ્યારે તે સ્થાને જાય છે ત્યારે સૂર્યગ્રહણ થએલું કહેવાય છે. કારણકે સુતેલી કુંડલીની સાપણ છે અને તેનો સ્પર્શ ચંદ્ર કે સૂર્યને થાય છે.

જે મહાત્માએ પોતાના શરીરમાં યોગની સિદ્ધિ કરી છે તે શરીર તીર્થમય છે. એવા યોગિનું મસ્તક શ્રી પર્વતતીર્થ છે. તેના લલાટે કેદાર છે. બન્ને ભ્રકુટીઓ અને નાસિકાની સંધિરૂપ મધ્યસ્થાન વારાણસી તીર્થ છે. તેનાં કુચસ્થાન કુરૂક્ષેત્રરૂપ છે. હૃદયકમળમાં પ્રયાગનોવાસ છે. તેના હૃદયના મધ્યમાં ચિદંબરતીર્થ છે. આધારચક્રમાં વિષ્ણુભગવાન વિરાજી રહ્યા છે. યોગિના શરીરમાં આવેલાં આ આંતરતીર્થ બાહ્યતીર્થની અપેક્ષાથી અત્યંત ઉત્તમ છે. એ આંતરતીર્થો તે યોગિનો આશ્રય લેનારા સાધકના હાથમાં પોતાની મેળે આવીને બેઠેલાં મહારત્નો જેવાં છે. એ તીર્થોનો ઉપયોગ ન કરનાર મૂઢ તે ભારે કીંમતનાં રત્નોને ફેંકી દે છે. અને એ તીર્થોની સેવાને છોડીને બહારનાં તીર્થોની યાત્રા કરવા ભ્રમણ કરનારો તે રત્નનો ત્યાગ કરીને કાચની શોધમાં રખડે છે. શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલાં જે જે બાહ્યતીર્થો છે તેને વિષે આસ્તિક્ય બુદ્ધિ હોય છે એટલે તે તીર્થ વડે શાસ્ત્રમાં કહેલું ફલ મળશે એ પ્રકારની સાચી શ્રદ્ધા હોવી તેને ભાવ કહે છે. જેજે વસ્તુમાં એવો ભાવ બેઠેલો હોય છે કે તે વડે નિશ્ચય હું સંસાર ભ્રમણથી તરીશ તે ભાવતીર્થ કહેવાય છે. બહારનાં તીર્થોમાં પણ સ્નાન દાન વિગેરે સર્વ કર્મો તે પ્રકારના ભાવપૂર્વક કરીએ છીએ ત્યારેજ તે તીર્થો ફલની સિદ્ધિ કરી આપે છે. બીજી રીતે ફલની સિદ્ધિ થઇ શકતી નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે કોઇપણ કાર્યમાં વિજય મેળવવા માટે ભાવના એકલીજ સર્વત્ર પ્રમાણરૂપ છે. કર્મનું એકજ રૂપ હોય છે. છતાં તે કર્મ કરવામાં ભાવનાના ભેદ હોય છે. એ ભેદનોજ શાસ્ત્રે નિષેધ કે અનિષેધ કર્યો છે. આલિંગનરૂપ ક્રિયા એકજ છે. તે ક્રિયાનો નિષેધ કે અનિષેધ નથી. પણ પોતાની કાન્તા આલિંગનનો વિષય હોય છે તે વખતે અંતઃકરણમાં એક પ્રકારની ભાવના હોય છે.

તેજ સ્થાને તેજ ક્રિયાના વિષયરૂપ પોતાની પુત્રી હોય છે તો હૃદયમાં ભિન્નજ ભાવના ઉદ્દ્ભવે છે. અને તેમ છે માટે યોગ્યતા કે અયોગ્યતા તે તે ભાવનામાંજ રહેલી છે. એ પ્રમાણે કર્મ પ્રબળ નથી પણ તે કર્મમાં જે ભાવના અનુસ્યૂત છે તેજ પ્રબળ છે. બહારના તીર્થની સેવારૂપ કર્મના ફલમાં પણ ઉપર કહેલી તીર્થભાવનાજ ફલની સાધક છે. તેજ રીતે આ અંતરતીર્થ બહારના તીર્થોના જેવાં પ્રત્યક્ષ દેખાતાં નથી છતાં પણ તીર્થ ભાવના માત્રથીજ ફલની સિદ્ધિ તે કરી આપે છે. યોગિલોકો પ્રાણીથી ભરેલાં તીર્થોનો આશ્રય લેતા નથી. તેમજ કાષ્ઠાદિથી બનેલા દેવોની ઉપાસના કરતા નથી. તેનું કારણ એટલુંજ છે કે શાસ્ત્રોમાં જે એવા પ્રકારનું કથન છે કે સર્વ તીર્થ આદિ પોતાના આત્મામાં છેજ એ વાક્ય ઉપર તેમનો પૂર્ણ વિશ્વાસ છે. માટે બહારના તીર્થ કરતાં અંદરનું તીર્થ ઘણું મ્હોટું છે. બધાં તીર્થનું સેવન કરી રહ્યા પછી જ્યારે છેવટે અન્ય તીર્થો નિરર્થક થઈ પડે છે ત્યારે સાચું છેવટનું તીર્થ આત્મતીર્થરૂપે ઝળકી ઉઠે છે. જો ચિત્ત દોષવાળું અંદર રહેલું હોય છે તો કેવલ તીર્થ સ્નાનો વડે તે નિર્મળ બનતું નથી. જેમ દારૂ ભરવાથી અપવિત્ર થએલા પાત્રને સેંકડો વાર ઘણા પાણીના સમૂહો વડે ધોયા છતાં પણ તે પાત્ર તેવું ને તેવુંજ અવપિત્ર રહે છે. તેજ પ્રમાણે હૃદય પાત્રમાં દોષોને ભરીને વિવિધ બાહ્ય તીર્થોમાં સ્નાન કરવાથી કાંઈજ સિદ્ધિ મળતી નથી. માટે પુણ્ય સમયે એટલે જ્યારે સૂર્યનો પ્રવેશ વિષુવોમાં થાય તે વખતે અથવા ગ્રહણ થાય તે વખતે વારાણસી આદિ પૂર્વે કહેલાં આંતર તીર્થોમાં ચિત્તને સ્થાપવું. એ ક્રિયા રૂપ તીર્થ સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે. પરન્તુ આ પ્રમાણે ચિત્તને તે તીર્થોમાં સ્થાપવાની ક્રિયાને બધાજ કરી શકે એમ નથી. માટે જેમનાથી તે ક્રિયા ન બને તેમને માટે જ્ઞાન યોગમાં પ્રીતિવાળા યોગીયોના ચરણ કમલને ધોઈને તે જલરૂપ તીર્થ લેવાનું કહ્યું છે. એ તીર્થ વડે તેમના આંતરપાપો ધોવાય છે સાક્ષાત શિવની પ્રતિષ્ટા આપણા દેહમાંજ થઇ રહેલી છે. એટલે તે બહાર નથી. છતાં તેને સદા લોકો બહારના તીર્થોમાં, દાનમાં, તપમાં, તથા યજ્ઞમાં તેમજ કાષ્ટ કે પાષાણાદિ પદાર્થોમાં મોહથી નિર્થક શોધતાં કટાઇ મરે છે. શંકર સર્વત્ર નિરાંતે વિરાજે છે. અને શાન્ત છે. પરંતુ જ્ઞાનચક્ષુથી હીન મનુષ્ય માયાના પ્રબળ પડળને લીધે શિવને દેખી શકતો નથી. તેથીજ પોતાને વિષે રહેલા શિવને છોડી બહાર રહેલા શિવને પૂજવા ધાય છે. આવો મનુષ્ય પોતના હસ્તમાં પ્રત્યક્ષ તૈયાર લાડુ હોય છે તેને ખાવાનું

ભાન ન હોવાથી પોતાના તેજ હાથની કુંચી ચાટવા જાય છે તેના જેવું કરે છે. યોગિયો તો શિવનું દર્શન કરવા પોતાના આત્મામાંજ ધસે છે; મૂર્તિમાઓ પ્રતિ તેઓ દોડતા નથી.

અજ્ઞાનીઓના અંતઃકરણમાં આસ્તિકય બુદ્ધિરૂપ ભાવનાની સિદ્ધિ કરવા અર્થે પ્રક્રિયા રૂપે શાસ્ત્રે મૂર્તિયોની કલ્પના કરી તેની પૂજાનું વિધાન કહેલું છે. કારણકે નિષ્કલ શિવ અપૂર્વ છે. કાર્ય રહિત હોવાથી અનપર છે. અખંડ, અદ્વય, સચ્ચિદાનંદ, એકરસ છે. એવા તત્વની ભાવના અજ્ઞાની મનુષ્યો વડે આરંભમાં થઈ શકતી નથી. પરન્તુ મહા પ્રભાવ વાળા યોગિઓ તો એ પ્રકારના શિવને નિરંતર પોતાના આત્મા રૂપેજ દેખે છે. તેથી જોવું તો એ યોગિયોનુંજ સફલ છે. અને તેજ ખરા દેખતા છે. આત્માનું સ્વરૂપ વિશુદ્ધ જ્ઞાન મય છે. એ આત્મા સર્વ ભૂતોમાં રહેલો છે. એજ શિવ છે. તેનેજ પોતાના આત્મામાં જોવારૂપ અંતર્યોગ જે લોકો કરતા નથી પણ જે લોકો શિવનો યોગ કોઈ કેવલ બહારના પદાર્થોમાં કરતા જોઈ રહ્યા છે, તેઓ નયનવાળા દેખાતાં છતાં વાસ્તવે પૂર્ણ અંધ છે. તેમનું જોવું બીલકુલ વિફળ છે. પરમ શિવરૂપ મહાન દેવતાને પોતાના આત્માથી ભિન્ન રૂપે જે મૂઢ ઉપાસે છે ને તેપરમ તત્વને ઓળખતો નથી, તે પશુરૂપ છે. વાજસનેયમાં શ્રુતિભગવતી કહે છે કે જે અન્ય દેવને ઉપાસે છે એટલે ઉપાસના કરવામાં જે એમ માને છે કે આ ઉપાસ્ય દેવતા મારાથી ભિન્ન છે અને તે દેવતાથી નિરાળો હું અન્યજ પદાર્થ છું, તે ખરેખરો અજ્ઞાની છે. જે પ્રમાણે ઘણાં હિંસક પશુઓ ભેગાં થાય તે મનુષ્યને ખાઈ જાય છે તેમ એક એક પુરૂષ દેવોને ભોગવીને ખાઈ જાય છે. એકજ પશુને લઈ જાય તો તે સહન થતું નથી તો આ પ્રમાણે અનંતને લઇ જાય તેનું શું કહેવું? માટે એ રીતે માણસો ન જાણે તે દેવતાઓને પ્રિય નથી. છતાં ભિન્ન રૂપે ઉપાસના કરવા માટે પણ આ રીતે કરવાનું છે.

આ નાડીના ઢગલાવાળા શરીર રૂપ જે હું નર છું એ પ્રકારનું અભિમાન છે તેથી સ્થૂલ સૂક્ષ્મ તથા કારણ નામના ત્રણ શરીરો નામની ઉપાધિવાળો હું છું, તે ઉપાધિને આત્માના પ્રકાશ રૂપ બુદ્ધિદ્વારા વીણીને જૂદી કહાડવી. આ ક્રિયાને શાસ્ત્રમાં વિવેક કહ્યો છે. તે પછી જે બાકી રહે છે તે તત્વ આત્માનું ખરૂં સ્વરૂપ છે. પ્રત્યકતાદાત્મ્ય ભાવથી એ પ્રકારના નિરૂપાધિ આત્મ તત્વમાં તેજ હું છું એ રીતે નિશંતે ધારણા કરવી અને અનુસંધાન કરવું.

કઠોપનિષતમાં કહ્યું છે કે શરીરોમાં જે શરીર વિનાનો રહેલો છે, ચંચલમાં જે સ્થિર થઇને રહેલો છે. જે મહાન. વિભુ, અક્ષર સાક્ષાત આનંદરૂપ ઇશ્વિર છે તેજ હું છું. એ પ્રકારે જે અનુભવ પોતાના આત્માનો કરે છે તે બુદ્ધિમાન પુરૂષ કદીજ શોક કરતો નથી. નિરતિશય આનંદ એજ પર શિવનું સ્વરૂપ છે, અને તે રૂપજ હું આત્મા છું એ વાર્તાનું જે અજ્ઞાન તે વડેજ બધા ભેદ કલ્પાયલા છે. આ સંસારમાં કલેશ માત્રના હેતુરૂપ તે ભેદો છે. હવે સર્વના આત્મારૂપે સર્વત્ર વ્યાપી રહેલો શિવ એજ મારો આત્મા છે, એટલે તેજ હું જીવ છું, એ પ્રકારના જીવ શિવના અભેદના જ્ઞાનનો અનુભવ થતાંજ ભેદક અજ્ઞાન તત્ક્ષણુ નિવૃત્ત થાય છે. કારણકે બ્રહ્મ અને જીવાત્મા વાસ્તવે અભિન્ન છતાં તેમની વચ્ચે અજ્ઞાનથી માત્ર ભેદ કલ્પાયલો છે. જે માત્ર કલ્પનાજ છે તે કલ્પના એ બન્નેની એકતાનું ભાન થતાં સ્વતઃ દૂર થાય છે. જીવાત્મામાંથી કોઇ પણ પદાર્થ વાસ્તવે લઇ લેવો પડતો નથી તેમજ તેમાં કાંઈ ઉમેરવું પડતું નથી. આમ થતાં સંસાર શોકનો હેતુ જીવ શિવના સ્વરૂપની ભેદ કલ્પના છે માટે તે કલ્પનાનો નાશ થતાં તે શોક પણ નષ્ટ થઇ જાય છે. માટે માયામય દેહના વિચારને છોડીને પોતાના આત્મ દેવની ઉપાસના કરો. એવું સમજવાનું નથી કે દેહ વાસ્તવે માયામય છે. આત્મતત્વથી કોઇ ભિન્ન પદાર્થ રૂપ દેહ છે તેમ માનવું અને તે ભિન્ન દેહની આત્મતત્વથી નીરાળી ચિંતા કરાય છે તેનોજ માત્ર ત્યાગ કરવાનો છે. દેહમાં પણ જે ક્ષણે આત્મ તત્વ શિવાય બીજું કાંઇજ દેખાતું નથી ત્યારેજ સંપૂર્ણ આપણા સ્વરૂપનું જ્ઞાન થયું ગણાય છે. ખરો જ્ઞાની દેહમાં તો શું પણ સર્વત્ર આત્મ દેવ વિના અન્ય કાંઇજ વસ્તુને દેખતો નથી. દેહને અનાત્મ પદાર્થવડે સ્વતંત્ર રીતે બનાવીને આત્મ તત્વ ઉપર મુકી દીધેલો નથી. પણ બીજકની મધ્યમાં રહેલા તેના આત્મતત્વમાંથી ઉગી નીકળેલા તેના વૃક્ષની માફક આત્મ તત્વમાંથીજ દેહ બની આવ્યો છે. એ પ્રકારે આખું વિશ્વ પણ પરમાત્મ તત્વમાંથી બની આવ્યું છે. વિશ્વના એક અંશરૂપ દેહ પરમાત્મતત્વથી ભિન્ન હોઈ શકેજ નહિ. એ પ્રકારે તથા અન્ય જે જે યુક્તિયો ઇશ્વિરાનુગ્રહથી સ્ફુરે તે વડે શિવ તથા જીવના અભેદની ભાવનાને સ્થિર કરવી. એજ આત્મદેવની ઉપાસના છે.

ઉપર પ્રમાણેનું શ્રવણુ કરીને શ્રી બૃહસ્પતિ ભક્તિથી પરવશ બની ગયા, અને અદ્‌ભુત ચમત્કારવાળા શ્રી અંબિકાપતિની સ્તુતિ કરવા મંડી પડ્યા તે આ પ્રમાણે છે:—

દેવ! પરાનંદ, ચિન્મય, સત્ય સ્વરૂપ, સંસાર રોગ હારક, પાપહર, પૂર્ણ, મહાદેવ, દેવારિનાશક, કલ્યાણ, દેવેશ, ત્રિપુર નાશક, અહંકારરૂપ શત્રુને હણનારા, માયાના વિષને મારનારા, વેદાન્ત સુગમ્ય, વાણીના અવિષયરૂપ, રાગને હરનારામાં શ્રેષ્ઠ, દ્વેષને હરનારમાં વડીલ, સાંબ, સદાચારના પ્રતીક, સર્વેમાં સમ હોવાથી અદ્દભુત, બ્રહ્માદિવડે પૂજ્ય, વિષ્ણુ, પરામૃત, વિદ્યા મહેશાન, વિદ્યાપ્રદ, અનિશ, સર્વાંગ સંપૂર્ણ, નાગાભરણ શોભિત, બ્રહ્મજ્ઞાની વડેજ પ્રાપ્ય, ભોગ તથા અપવર્ગને આપનારા, કામહર, પ્રાજ્ઞ, કારૂણ્ય સ્વરૂપ, ભસ્મ સ્વરૂપ મહા જ્યોતિવાળા, ભસ્મ લિપ્ત, ભસ્મમાં પ્રેમવાળાના પાશોને તોડવામાં નિત્ય તત્પર, યતિયો જેમને હૃદય કમળમાં નિત્ય ઉપાસી રહ્યા છે તેવા હે મહાદેવ! તમારો જય જયકાર છે. એ પ્રકારે સ્તુતિ કરીને શ્રી દેવગુરૂએ સાંબ સદાશિવને પ્રણામ કર્યાને કૃતાર્થ થયા અને કલેશ મુક્ત થઈને ભક્તિના આવેશમાં સ્તબ્ધ થઇ ગયા. જે કોઇ બન્ને સંધ્યાના સમયે ભક્તિથી આ સ્તુતિનો પાઠ કરે છે તે સંસાર સમુદ્રના પારને પામીને બ્રહ્મિભૂત થાય છે. તે મહા પુરૂષની વાણીનો વૈભવ ગંગાના પ્રવાહવત્ ખીલી નિકળે છે. સાક્ષાત બૃહસ્પતિના જેવો તેની બુદ્ધિનો વિકાસ થાય છે. હું (સૂત) જે પ્રકારે મહારા સદ્દગુરૂશ્રી વ્યાસમાં પ્રેમવાળો છું તેવોજ પ્રેમ તેને પોતાના ગુરૂપ્રતિ પ્રકટે છે. જેને પુત્રની કામના હોય છે તે પુત્ર પ્રાપ્ત કરીને તૃપ્ત થાય છે. કન્યાર્થિને કન્યા મળે છે. બ્રહ્મવર્ચસની અપેક્ષાવાળાને બ્રહ્મવર્ચસની પ્રાપ્તિ થાય છે. એમાં બીલકુલ સંશય નથી. માટે દેવના દેવ મહાદેવના આ પુણ્ય સ્તોત્રનો બન્ને સંધ્યાના સમયે પ્રેમભક્તિપૂર્વક પાઠ કરવો.

એ રીતે શ્રી જ્ઞાનયોગખંડનો નાડીચક્ર નામનો અગીઆરમો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય. ૧૨.

નાડીઓની શુદ્ધિ.

આપણે આપણા કાર્ય પુરતું પિંડનું તથા તે પિંડમાં રહેલા નાડીચક્રનું સ્વરૂપ સમજ્યા. હવે ચિત્તની વિક્ષેપરૂપ ચંચલતાને દૂર કરવા અર્થે તે નાડીચક્રનું સંશોધન કરીને વાત પીત્ત તથા કફના દોષોને તેમાંથી કેવી રીતે દૂર કરવા તે વિધિના સ્વરૂપને જોઇએ.

આ નાડીનું સંશોધન સંક્ષેપમાં કહીએ તો ચિત્તની વૃત્તિના પ્રવાહનો તે તે નાડીમાં પ્રેમપૂર્વક સંગૃહ કરવારૂપ સંયમ વિના અન્ય કાંઇજ નથી. એ વાર્તાને આ અધ્યાયમાં કહી છે.

નાડીના શોધન સમયે પાપરૂપ મલના કારણથી નાડીનું સ્ખલન થઇ જાય છે. તે ન થાય તે અર્થે સાધકે વિધિયુક્ત નિત્ય નૈમિત્તિક કર્મોનું આચરણ કરતા રહેવું. વળી ચિત્તના વિક્ષેપથી નાડીનું પરિસ્ખલન થતું અટકાવવા માટે કામસંકલ્પોનો તેણે ત્યાગ કરવો જોઇએ. યોગમાર્ગનાં યમ આદિ આઠ અંગોને ધારણ કરવાં. અંતઃકરણને શાંત રાખવું. જે જે પ્રકારે સત્યતત્વ હસ્તગત થાય તે માર્ગે ધાવન કરવાને નિરંતર સાવધાનતાપૂર્વક તત્પર રહેવું. ગુરૂની સેવાના જે જે પ્રસંગો આવે તેમાં પ્રેમથી ઉદ્યત રહેવું. માતાપિતાની સેવામાં નિરંતર તત્પર રહેવું. રૂડી રીતે પોતાના આશ્રમના ધર્મોમાં અડગપણે સ્થિરતાને ધારણ કરવી. સારા જ્ઞાનિયોદ્વારાજ શિક્ષણને પ્રાપ્ત કરવું. અન્ય મૂર્ખ અનાડીઓની વાર્તાનું શ્રવણ કરીને અંતઃકરણમાં મળ વિક્ષેપનો પ્રવેશ થવા દેવો નહિ. તેવાઓને દૂરથીજ ત્યાગ કરવા. આ પ્રકારનું નાડી સંશોધન કરનાર સાધકનું સ્વરૂપ છે. અન્યનો તેમાં અધિકાર નથી. ગુરૂની પણ પરીક્ષા, કરીને તેમની પાસેથી

આ જ્ઞાનને મેળવવાનું છે. જેમણે અનુભવ પર્યંત નાડીશોધનનું જ્ઞાન મેળવ્યું હોય તેવા ગુરૂ પાસેથી શિક્ષણને પામેલો મહાત્મા હોય તેની પાસેથીજ આ જ્ઞાનની યાચના કરવી. આ પ્રકારના ગુરૂ પ્રાપ્ત થયા પછી ચિત્તની એકાગ્રતા કરવામાં અનુકૂલ હોય તેવા સ્થાનની યોજના કરવી. પર્વતનું શિખર, નદી તીર, બીલીના વૃક્ષના મૂળની પાસે અથવા વન એ આ કામને માટે અનુકૂલ સ્થાનો ગણાય છે. તેમાં પવિત્ર મનોહર આશ્રમને રચવો. તે આશ્રમને વેદઘોષથી પાવન કરવો. એટલે તેનું વાતાવરણ અત્યંત શાંત થાય છે. એ સ્થળમાં બેસવાનું સ્થાન ઉંચુંનીચું તેમજ ખાડાટેકરાવાળું ન જોઇએ. માટે તેને ટીપી ટીપી સમું કરવું. પછી તેને ગોમયાદિ વડે પવિત્ર બનાવવું. તે સ્થાનમાં ખાંડ, અગ્નિ કે રેતી ન હોવાં જોઇએ. કારણ કે સંયમમાં બેઠા પછી કીડી વિગેરેની ઉપાધિને ખાંડ આકર્ષી લાવે છે. અગ્નિથી વસ્ત્રાદિ સળગી ઉઠવાનો ભય રહે છે. રેતીમાં થઇને જીવજંતુ પ્રયાણ કરતું ઉપદ્રવ કરે છે. માટે એવા પદાર્થો ન હોય તેવું સ્થાન કરવું. જલ, ફલ આદિ પદાર્થો અનુકૂલ હોય તથા નિકટમાં હોય તથા ચક્ષુને આનંદ આપે એવી રીતે આવી રહ્યા હોય, તેવા સ્થાનનો નિર્ણય કરવો. ચક્ષુને પીડા કરે તે પ્રકારના દેખાવની સમીપનું સ્થાન લેવું નહીં. જે સ્થાને પવન સામો આવીને આંખમાં પીડા કરે તેવા સ્થાનમાં બેસવું નહિ. બનતા સુધી ગુહામાં સામો પવન ન આવે તે પ્રકારનું સ્થાન લેવું. ખાસ જ્યાં પુષ્કળ અને ઉત્તમ બળ આપે તે પ્રકારના ફળ, મૂળ તથા જલ નિકટમાં હોય તેવુંજ સ્થાન જોઇએ. અને તેમાં જે મઠ બાંધવાનો તે પણ સારો શોભીતો બનાવવો. ચારે તરફથી વાડ વિગેરે કરીને તે મઠનું સારી રીતે રક્ષણ કરી લેવું. આ પ્રકારનું સ્થાન યોગાભ્યાસીને માટે હોવું જોઇએ.

શ્રદ્ધાથી શાન્ત થઇને સાધકે ત્રિકાલ સ્નાન કરવું. વિરજાનળની કે અગ્નિહોત્રની ભસ્મને લેવી. પછી ॥ अग्निरिति भस्म ०॥ એ સાત જાબાલ મંત્રો ભણવા, અથવા છ અથર્વણ મંત્રો ભણવા અને ભસ્મને જલ વડે પલાળીને સર્વાંગે ચોળવી પછી છાતીએ, માથે તથા બાહુના મૂળોએ વાંકાં ત્રિપુંડ્રો કરી દેવાં. ત્રિપુંડ્રો કરતી વખતે દેવના દેવ મહાદેવને ભક્તિથી પ્રણામપૂર્વક યાદ કરવા. તે પછી સરસ્વતીને પ્રણામ કરવા. પછી સ્કંદને પછી વિઘ્નેશ્વરને, તે પછી ગુરૂને તે પછી ચંદ્રને, તે પછી સૂર્યને પછી અગ્નિને એ પ્રમાણે એક પછી એક દેવતાઓને પ્રેમપૂર્વક નમન કરવું.

અને તે તે દેવતાઓ પાસેથી સંયમ કરવામાં સહાય્ય થાય તે પ્રમાણેના બળની યાચના કરવી. અને તે પ્રકારનું બળ ॥ અસ્તુ ॥ના ઉચ્ચારણ પૂર્વક તે તે દેવતા પ્રેમપૂર્વક આપણને આપે છે એ પ્રકારનું અંતઃકરણમાં ચિત્ર જોવારૂપ ભાવના કરવી. આ પ્રમાણે સંપૂર્ણ બળને પ્રાપ્ત કરીને સંયમ કરવાને માટે રચી રાખેલા આસન ઉપર ચઢવું. તે પછી પૂર્વ અથવા ઉત્તર દિશામાં મુખ કરીને તે આસન ઉપર બેસવું. પછી ગરદન, મસ્તક તથા શરીરને ટટાર કરી દેવાં અને કોઇ ભાગ આગળ, કોઈ ભાગ ઉંચે, કોઇ ઢીલો અને કોઇ ભાગ અત્યંત તંગ થઇ જાય નહિ તેમજ મુખમુદ્રા વિરૂપ થઇ જાય નહિ તે પ્રકારની સાવધાનતાપૂર્વક સમગ્ર શરીરની સમતાને ધારણ કરવી. મુખ ઉપર નિર્મલ પ્રસન્નતાને બલપૂર્વક ખીલાવી રાખવી. મુખને બંધ કરવું. અત્યંત સ્થિર હૃદયને કરી દેવું. જૂદીજૂદી દિશાઓ તરફ જોવાને માટે વૃત્તિઓમાં થતાં સ્ફુરણોને અટકાવી દઇને માત્ર નાસિકાના અગ્ર ઉપરજ દૃષ્ટિને સ્થિર કરીને સ્થાપી દેવી. મનને અત્યંત પ્રશાન્ત કરી દેવું. ભય માત્રનો ત્યાગ કરવો. નિરંતર બ્રહ્મચર્ય વ્રતને પાળવું. રૂડીરીતે મનને કબજામાં રાખવું. ચિત્તને મારૂં જે શિવસ્વરૂપ તેમાંજ જોડી રાખવું. જગતમાં અનંત પદાર્થોનો અનુભવ થાય છે. તે તમામ પદાર્થો એકપછી એક લઇને સરખાવીએ તો હું પરમશિવ એ એકલોજ પદાર્થ અત્યંત સર્વોત્તમ છે. એ પ્રકારનો પ્રેમપૂર્વક મારો અનુ-ભવ થયો છે. એવી ભાવનાને સતત જાગૃત રાખીને ચિત્તને મારી સાથે જોડી રાખવું. આ પ્રકારનો ચિત્તનો મારા સ્વરૂપ સાથે યોગ કરવો એટલે મારા સ્વરૂપમાં ચિત્તનો સંયમ કરવો એ યોગ છે અને તે કરનાર સાધક યોગિ છે.

શ્રી ભગવતગીતામાં કહ્યું છે કે ॥ય॥ કારથી તુરીય એટલે ચોથું બીજ છે તેને લેવું. એ બીજ ॥વ॥ કાર છે. તેના ઉપર બિંદુ છે. એ પ્રમાણે ધારણા કરવી. એટલે ॥ વં ॥ મંત્ર થાય છે. આ બીજકમાંથી અમૃત વહ્યા કરે છે. એને ચંદ્રબીંબ કહે છે. તેનું સ્મરણ પ્રથમ કરવું, તથા તેને તેના સ્થાનમાં એટલે નાસિકાના અગ્રભાગમાં નેત્રો વડે સંયમ સમયે જોયાં કરવું.

વળી આગમમાં પણ કહ્યું છે કે નાસિકાનો અગ્રભાગ ચંદ્રમંડલ છે તે સ્થાને ચંદ્રની ચાંદનીની કિરણ જાળ ગુંથાઈ રહેલી છે. તેની મધ્યમાં બિંદુ તથા નાદ સહિત ॥વં॥ વિરાજી રહેલો છે. આ પ્રકારની ધારણાપૂર્વક ધ્યાન કરી રહેવું.

આ પ્રમાણે કર્યા પછી ઇડા દ્વારથી પ્રાણને અંદર ખેંચીને પુરવો. એપ્રમાણેનો પુરક કર્યા પછી દેહની મધ્યમાં જવાલાઓની પંક્તિવાળો અગ્નિ રહેલો છે, અને તે ખાસ ઉદરમાં છે. એ પ્રકારની ધારણાપૂર્વક ધ્યાન કરવું. અનુસ્વારરૂપ બિંદુ તથા તેના ઉચ્ચારણની પાછળ જે ચાલી આવે છે તે ધ્વનીરૂપ નાદ સહિત ॥ ર ॥ કાર નામનું અગ્નિ બીજ છે. તે બીજનું તે સમયે વિશેષ ચિંતન કરવું. એ પ્રકારે કુંભક કરવો. તે થયા પછી પ્રાણને મંદ ગતિથી પિંગલાદ્વારા ॥ રં ॥ બીજકના અનુસ્મરણપૂર્વક ધીરેધીરે બહાર કહાડવો. વળી પુનઃ તે અગ્નિબીજના અનુસ્મરણપૂર્વક પિંગલા નાડીદ્વારા વાયુને અંદર પુરીને કુંભક કરીને તેજ પ્રમાણે ધીમે ધીમે ॥ વં ॥ બીજકના અનુસ્મરણથી ઇડાદ્વારા વાયુને બહાર કહાડવો. આ પ્રમાણે ત્રિકાલ સંધ્યાના સમયે નિત્ય ૭ ૭ વાર એકાન્તે બેશીને કરવું. ત્રણ કે ચાર માસ સુધી આ પ્રમાણે કરવાથી નાડીની શુદ્ધિ થાય છે. અને ત્રણ ચાર વર્ષ સુધી નિત્ય કરવાથી તે શુદ્ધિ સ્થિર થાય છે.

આ નાડીની શુદ્ધિના ચિન્હો પૃથકપૃથક રૂપે સ્પષ્ટ પ્રતીત થાય છે, શરીર લઘુ થાય છે. જઠરમાં અગ્નિ પ્રદીપ્ત થાય છે. ક્રિયા વૃદ્ધિંગત થતાં આ સંયમ સમયે અનાહત નાદનું શ્રવણ સ્પષ્ટ થાય છે. આ પ્રકારના ચિન્હોની પ્રતીતિ થતાં સમજવું કે નાડીની શુદ્ધિ સિદ્ધ થઇ છે. એ ચિન્હો ન જણાય ત્યાં સુધી ઉપર વર્ણવેલી સંયમની ક્રિયાને ચાલુ કર્યા કરવી. આ નાડીની શુદ્ધિવડે વાત, પિત્ત તથા શ્લેષ્માદિના દોષોનું શોષણ થાય છે. એ દોષો દૂર થતાં સમગ્ર દેહની શુદ્ધ થાય છે.

અનેક જન્મ પરંપરાથી કરાયલી ઉપાસનાદ્વારા ઉત્તમ સાધક વરને આ પ્રકારની શુદ્ધિ જન્મથીજ પ્રાપ્ત હોય છે. તેમને તો વિવેક જ્ઞાનની પ્રાપ્તિ સત્વર થએલી હોય છે. તેઓનાં અંતઃકરણ નિર્મલ તથા વિક્ષેપ રહિત હોવાથી નાડીઓના સમૂહથી વીંટલાયલો સ્થૂલ દેહ છે તે તથા તેમાં વ્યાપેલો લીંગ દેહ છે તે તથા તે બન્નેના ઉપાદાન રૂપ હોવાથી તે બન્નેમાં વ્યાપેલો અવિદ્યા નામનો કારણ દેહ છે તે એ ત્રણેના સ્વરૂપનું સ્પષ્ટ રીતે તે મહાત્માને ભાન હોય છે. જે ચિતિ પ્રકાશ વડે એ ત્રણે દેહ જીવનમય રૂપે ભાસે છે તથા તેમનું ભાન થાય છે, તે ચિન્મય પોતાના આત્મ સ્વરૂપનું નીરાળું અનુભવાત્મક ભાન તેમને સ્પષ્ટ થાય છે. તેથી તે મહાત્માઓ તો સચ્ચિદાનંદ એકરસ તે આત્મ તત્વમાંજ વ્યવસ્થાપૂર્વક પોતાના

ચિત્તને આશ્રય આપીને તેમાં સંયમ કરતા શાન્ત પ્રસન્નતાને વહેવરાવતા બેસે છે. આ ક્રિયાને આત્મ શુદ્ધિ કહી છે. નાડીની શુદ્ધિની અપેક્ષાથી આ પ્રકારની આત્મશુદ્ધિ અત્યંત ઘણી ઉત્તમ છે. એ આત્મતત્વ સદા શુદ્ધ નિત્ય સુખ સ્વરૂપ, અન્યની સહાય્ય વિના એકલા પોતાના બળથીજ પ્રતીતિ કરાવવા રૂપ પ્રકાશવાળું હોવાથી સ્વયંપ્રભ છે. વાસ્તવે આ પ્રકારનું સ્વરૂપ છતાં તે સ્વરૂપના અભાનરૂપ અજ્ઞાન નામના મળવડે ઢંકાઇને તે અજ્ઞાનની મલિનતા આત્મામાં દેખાય છે. જ્યારે જ્ઞાનવડે તે અજ્ઞાનના મળરૂપ ઢાંકણુ દૂર થાય છે ત્યારે પોતાના શુદ્ધ સ્વરૂપે તેજ આત્મા વિશેષ રૂપે પ્રકાશી નીકળે છે. આત્મરૂપ સૂર્યનાં કીરણો અજ્ઞાનના વિવિધ રંગથી રંગાયલાં પ્રથમ દેખાતા હતાં તેજ હવે સ્વચ્છ આનંદરૂપે શેષ રહે છે. શ્લેષ્માદિ મલ પંચભૂતાત્મક તત્વમય હોય છે. તેથી તેની શુદ્ધિ તો તેજ ભૂતાત્મક પવન વડે થાય છે. એ ભૂતાત્મક પવનજ તે ભૂતાત્મક મળને દૂર કરી શકે છે. સજાતીયજ સજાતીયના ઉપર અસર કરે છે. પરન્તુ આત્મતત્વમાં તો આ પ્રકારનો વાસ્તવ મળ છેજ નહિ. માત્ર અવિદ્યાથી તેમાં મિથ્યા પ્રતીતિ થાય છે. એ પ્રમાણે હોવાથી વિદ્યાવડે અવિદ્યા અદૃષ્ય થતાં આત્મતત્વના સ્વભાવભૂત જે શુદ્ધિ તે પ્રતીત થાય છે.

ઉપર પ્રમાણે વાસ્તવ સ્થિતિ છે, પરન્તુ તે ઉત્તમ અધિકારીઓને માટે છે. સર્વે એ પ્રકારના અધિકારી હોતા નથી. ઘણા મનુષ્યો કર્મોનાજ અધિકારી હોય છે. તેવા અજ્ઞજનોની મતિમાં ઉપર બતાવ્યા પ્રમાણેના બોધથી વહેમ ભરાઈ જાય છે. જ્ઞાનનો અધિકાર તેમનો નહિ હોવાથી તેમની મતિ જ્ઞાનમાં સ્થિર થતી નથી. અને આવા બોધથી સંશય થતાં તેમના અધિકારનાં જે કર્મો તેમાંથી પણ તે બીચારા ભ્રષ્ટ થાય છે. માટે તેવા અધિકારીઓને શાન્તિથી તેમના અધિકારને પ્રાપ્ત કર્મોનોજ બોધ કરીને તેમની ઉચ્ચ અધિકારમાં વૃદ્ધિ કરાવી આપવી.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો નાડીઓની શુદ્ધિ નામનો બારમો અધ્યાય સંપૂર્ણ થયો.



અધ્યાય ૧૩.

યમવિધિ.

આપણે જોયું કે નાડી શોધનને માટે ચિત્તની વૃત્તિને તે તે નાડીમાં સ્થિરતાપૂર્વક વહેવરાવીને વાતપિત્ત તથા કફના દોષોને દૂર કરવા છે. આ ચિત્તની વૃત્તિનો પ્રવાહ સંપૂર્ણ બળવાળો કરવાને માટે અંતઃકરણની સ્થિતિ નિર્મલ પ્રસન્નતાવાળી નિરંતર રાખવા પ્રયત્ન કરવાનો છે. હૃદયના વિવિધ આવેશોમાં પ્રેમ નામના આવેશનું સ્વરૂપ પ્રસન્નતાને ઉત્પન કરવામાં અપૂર્વ બલવાળું છે. પ્રેમ અને સ્નેહ પર્યાય શબ્દો છે. સ્નેહ ઘૃત તૈલ આદિ વાચક છે. ચિત્ત વૃત્તિને પ્રેમમાં બોળીને સપ્રેમ તે તે નાડીમાં વહેવરાવવાથી આ સંયમનું કાર્ય સિદ્ધ થાય છે. એ પ્રસન્નતા નામનું બલ ચિત્ત વૃત્તિમાં વધારવા અર્થે ભિન્ન ભિન્ન પ્રકારની યોગ ક્રિયાઓ કહેલી છે. તે યોગ અષ્ટાંગ એટલે આઠ અંગવાળો કહેલો છે. તેના સ્વરૂપના જ્ઞાનની અપેક્ષા હોવાથી આ અધ્યાયથી આ વર્તમાન ખંડના અંત સુધીમાં તે યોગની સંપૂર્ણ માહીતી આપી છે. એ યોગના આઠ અંગોનાં નામ 'આ પ્રમાણે છે. ૧ યમ, ૨ નિયમ, ૩ આસન, ૪ પ્રાણાયમ, ૫ પ્રત્યાહાર, ૬ ધારણા, ૭ ધ્યાન, તથા ૮ સમાધિ. આ દરેક અંગને માટે એક એક અધ્યાયમાં તેનું વર્ણન આપ્યું છે. વર્તમાન અધ્યાયમાં યોગનું પ્રથમ અંગ જે યમ તેનું વિવેચન આ પ્રમાણે છે.

યમ એ અંગમાં દશ પ્રકારના ભેદ કહેલા છે. એ દશે ઉપાંગો મળીને યમ નામનું એક અંગ થાય છે. એ દશના નામ આ પ્રમાણે છે. ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય, ૫ દયા, ૬ આર્જવ, ૭ ક્ષમા, ૮ ધૃતિ, ૯ મિતાહાર, અને ૧૦ શૌચ.

૧. અહિંસાનું સ્વરૂપ શ્રુતિ ભગવતીએ કહ્યું છે કે "કોઈ પણ ભૂતની હિંસા કરવી નહિ." આ અહિંસાનું સ્વરૂપ છે. આ શ્રુતિએ કરેલો નિષેધ એક બાજુએ છે તો બીજી બાજુએ એજ શ્રુતિ યજ્ઞાદિ કાર્યો માટે કહે છે કે, "ષોમીય પશુને આણવું." આ સ્થાને હિંસાને વિધેય રૂપે કહીને આજ્ઞા કરી છે. આ પ્રમાણે બન્ને આજ્ઞાઓ હિંસાના સંબંધમાં

વિરોધિ પ્રતીત થાય છે. તેના રહસ્યનું જ્ઞાન ન હોવાથી વેદ ઉપર જેની શ્રદ્ધા નથી તેવા જનો હિંસાની વિધિરૂપ આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો બીજી તરફથી અન્ય પોતાના સ્વાર્થાદિ અન્ય નિમિત્તો અંતઃકરણમાં હોય છે તેની તૃપ્તિ કરવાને માટે માત્ર આ વિધિરૂપ આજ્ઞાને અવળી રીતે પકડી બેસે છે. આ પ્રકારનાં દેખાતાં વિરોધી વાક્યોમાંથી રહસ્ય આ પ્રમાણે કહાડવાનું છે. સામાન્ય આજ્ઞા એવી છે કે કોઇ પણ પ્રકારની હિંસા કરવી નહિ. આનો અર્થ એટલોજ છે કે જેજે સ્થાને અપવાદ રૂપે હિંસા કરવાની વિવિરૂપ આજ્ઞા છે તેટલાજ પ્રસંગોમાં તે પશુના વધને હિંસારૂપે ગણવાનો નથી પણ ધર્મરૂપે છે. સોમયાગના અંગભૂત અગ્નીષોમીય પશુનો વધ છે. "તેથી તે વિધેય વધ હિંસા નથી." શ્યેન પક્ષિવડે મંત્ર ભણીને યજ્ઞ કરવો. એ વેદની આજ્ઞામાં પણ શ્યેનયાગના અંગભૂત શ્યેન પક્ષિનો વધ હોવાથી તે વખતે પણ હિંસારૂપે ગણવાનો નથી. પશુ વધ માત્ર આટલે અંશેજ અહિંસારૂપ છે. તે શિવાય સર્વ પ્રસંગોમાં હિંસારૂપ દોષમાં તેને ગણવાનો છે. શત્રુને હણવાની ઇચ્છા શત્રુના ઉપર દ્વેષના કારણથીજ ઉત્પન્ન થાય છે. આ પ્રકારની દ્વેષની વૃત્તિપૂર્વક અભિચાર યાગ કરાય અને તેમાં પશુનો વધ થાય તો તે વધ દ્વેષનાજ કારણથી થએલો હોવાથી તેનો નિષેધ છે એમ સમજવું. એવા વધને માટે વિધિનો સ્પર્શ સરખો પણ નથી. સારાંશ એ ફલીભૂત થાય છે કે અપવાદરૂપે વેદમાં પશુવધની આજ્ઞા કરાઈ છે તે શિવાયના સર્વ પ્રકારથી થતી હિંસા તેજ હિંસારૂપ દોષ છે. અન્ય રીતે હિંસા થતી નથી.

હિંસા માત્ર વધ તેટલા અંશનેજ સૂચવતી નથી. અન્ય પ્રાણીને કોઈપણ પ્રકારે કોઈ પણ જાતની હાનિ કરવી તેનો હિંસાના અર્થમાં સમાવેશ થાય છે. હિંસા ૧ શરીરવડે, ૨ મનવડે, ૩ વાણીવડે એમ ત્રણમાંથી તે ગમે તે પ્રકારે કોઈને હાનિ કરાય, તેથી ત્રણ પ્રકારની કહી છે. શરીરવડે કોઇને લપડાક મારીએ તે શરીરવડે કરાયલી હિંસા છે. કોઇને માટે તેનું અશુભ થાય તે પ્રકારના વિચાર કરીએ તે મનવડે કરાયલી હિંસા છે. કોઇનો વાણીવડે તિરસ્કાર કરીએ, ગાળ દઇએ, માર્મિક વચનોથી, મશ્કરી આદિથી સામાનું અંતઃકરણ ખીન્ન થાય એ પ્રકારનાં વચનો ઉચ્ચારવાં તેને વાણીથી કરાયલી હિંસા કહેલી છે. આ દરેક પ્રકારની હિંસાના વળી ત્રણ ત્રણ ભેદ છે. ૧ પોતેજાતે હિંસા કરવી, ૨ એવા પ્રકારનું વર્તન કરવું કે જેના પરિણામે કોઈ અન્ય મનુષ્ય હિંસા કરે, અને ૩ કોઈ અન્ય મનુષ્ય હિંસા કરતો હોય ને આપણાથી અટકાવી

શકાય તેમ હોય છતાં અખાડા કરીને અથવા બીજી રીતે તે હિંસાને થવા દેવારૂપ સંમતી માત્ર આપવી. આ રીતે દરેકના ત્રણત્રણ ભાગ થવાથી હિંસાના નવ પ્રકાર થયા. આ દરેક પ્રકારની હિંસાના હેતુને લઇને પુનઃ ત્રણત્રણ વિભાગ પડે છે ૧ લોભથી પ્રેરાઇને બનતી હિંસા, ૨ ક્રોધના આવેશથી ઉશ્કેરાઇને થતી હિંસા અને ૩ અજ્ઞાનરૂપ અંધકારથી ઘેરાઈને થઈ જતી હિંસા. એટલે હિંસાના ૨૭ પ્રકાર થયા. વળી તે હિંસાના પ્રમાણની અપેક્ષાથી તે દરેકના ફરીથી ત્રણત્રણ વિભાગ ગણ્યા છે. ૧ મૃદુમાત્રા, ૨ મધ્યમમાત્રા, અને ૩ અધિકમાત્રા. જેમાં હિંસા નજીવી સહજ થાય છે તે મૃદુમાત્રા છે. જેમાં અત્યંત્ત હાનિ થતી નથી તે તેમજ નજીવી પણ નથી એવી સામાન્ય હાનિ જેમાં થાય છે તે મધ્યમ માત્ર હિંસા છે. જેમાં અત્યંત હાનિ થાય છે તે અધિકમાત્રા અથવા અતિ માત્રા હિંસા કહેવાય છે. આ પ્રકારે હિંસાઓ ૮૧ પ્રકારની કહી છે.

આ પ્રકારની હિંસા માત્રનો ત્યાગ કરવાનો છે. તે કરવા માટે આ પ્રકારના વિચારોને અંતઃકરણમાં સ્થિર કરવા. સાક્ષાત શ્રુતિ ભગવતીએ આજ્ઞા કરી છે કે હિંસા ન કરવી, છતાં હિંસા થઇ જાય તો અવસ્ય તે મહા પાપ છે. પાપના પરિણામે નિરતિશય દુઃખો ભોગરૂપે ખડાં થવાનાં. તે દુઃખ ભોગવ્યા વિના તે પાપોમાંથી અન્ય પ્રકારે છુટાય તેમ નથી. એ દુઃખો અવસ્ય મારે ભોગવવાં પડશેજ. તે રીતે હું તે પાપોમાંથી છુટો નહિ થાઉં ત્યાંસુધી તે પાપોવડે મ્હારૂં અંતઃકરણ મલિન રહેશે અને તત્વજ્ઞાનના અભ્યાસમાં તે મલ પ્રતિબંધ રૂપે નડીને જે નિરતિશય સુખ તત્વજ્ઞાન દ્વારા મારે પ્રાપ્ત કરવાનું છે તેમાં અત્યંત વિલંબ કરશે. આ વિગેરે પ્રકારના વિચારો કરવાથી હિંસાનો દૃઢ ત્યાગ થઈ શકશે. સત્ય આદિ અન્ય યમ અંગના જે સ્વરૂપો છે. તે સર્વની બાબતમાં પણ આ પ્રકારના વિચાર વડેજ દૃઢ સ્થિરતા કરવાની છે. શ્રુતિ ભગવતીમાં પશુવધનો વિધિ આપેલો છે, તેમાં પણં માત્ર પુસ્તક વાંચીને શબ્દકોષ તથા વ્યાકરણની સહાય વડે પ્રવૃત થવાનું નથી. જે સદ્‌ગુરૂ શ્રીએ ગુરૂ પરંપરાથી અનુભવપૂર્વક ઉપદેશ લીધો હોય તેવા સદ્‌ગુરૂશ્રી એકલાજ આ વિધિ વાકયોમાં કહેલા તાત્પર્યને જાણે છે. માટે તેવા પાસેથીજ ઉપદેશને ગ્રહણ કર્યા પછી તેમની આજ્ઞા પ્રમાણે અનુવર્તન કરવાનું છે. પોતાની મેળે આવાં કર્મો લઈ બેસવાનાં નથી. વેદાન્ત ઉપનિષદોમાં બ્રહ્મ તત્વની જે પ્રકારે લક્ષણા કરવાની છે તે પ્રકારનીજ સર્વવેદના તાત્પર્યને

સમજવા માટે કરવાની હોય છે. યજ્ઞ, યાગમાં જે પશુનો વધ કરી આહુતી આપવાની લખી છે, તેમાં અગ્નિ શી વસ્તુ છે તે સાંકેતિક છે. અશ્વમેધ યજ્ઞમાં અશ્વ શબ્દથી જે કહ્યું છે, શ્યેનયજ્ઞમાં શ્યેન પક્ષિથી જે કહ્યું છે એ સર્વ લક્ષણાથી સમજવાનું છે. ॥ **ऋतम्** ॥ તથા ॥ **सत्यम्** ॥ **मनसोजवीयान्** ॥ તથા ॥ **अनेजत्** ॥ **आपः** ॥ તથા ॥ **ज्योतिः** ॥ ॥ **उमा** ॥ નું રકત તથા ॥ **शिवनुं वीर्य** ॥ **पारद** ॥ તથા ॥ **गंधक** ॥ વિગેરે અનેક શબ્દોની યોજના રસસિદ્ધિના પ્રયોગાર્થે થએલી છે. તેમાં એક તત્વચલ છે. અને બીજું તત્વસ્થિર છે. આખા જગતના બંધારણ અર્થે તે બન્ને તત્વોનું ઐક્ય અગ્નિના બલદ્વારા કરવાનું છે અને થાય છે. હાલપણ રસવિદ્યાના તાત્પર્યને ન સમજનારા અનુભવાત્મક જ્ઞાનવાળા સદ્‌ગુરૂની સહાય વિનાના લોભથી રસવિદ્યામાં યોજાયલા શબ્દોની લક્ષણા કરી શકતા નથી. સંકેતનું જ્ઞાન નહિ હોવાથી શબ્દના વાચ્યાર્થને પકડીને પોતાના વિત્તનો તથા સામર્થ્યનો ક્ષય સુવર્ણાદિ બનાવવાની મિથ્યા આશાએ કરે છે. શ્રી સૂકતમાં પહેલો મંત્ર ॥ **हिरण्यवर्णांहीणीं सुवर्ण रजत स्रजाम्** ॥ સુવર્ણ તથા રૌપ્યની જનની હરિણીને હે અગ્નિ તમે મારા સમીપ લાવો. એ વિગેરેમાં એજ ચલતત્વને હરિણી નામ આપ્યું છે. આ તત્વોનું એ ક્રિયામાં યોગ્ય સંમિશ્રણ કરવાની ક્રિયાને વધ કહેલો છે. અને એ તત્વોજે સ્થિતિમાં ચક્ષુના વિષયરૂપ સ્વરૂપને ધારણ કરે છે ત્યારે તેમને પશ્ય એટલે જોવાય તેવી તેમની તે સ્થિતિને સૂચવવા અર્થે પશુ કહેલાં છે. અને તે પ્રકારની સ્થૂલ સ્થિતિમાંથી એક બીજા સાથે સંપૂર્ણ એકય સર્વાંશે કરવા અર્થે અમુક પ્રકારના અગ્નિના બળથી જે અત્યંત સૂક્ષ્મ સ્વરૂપમાં તે સ્થિતિના તત્વોનું પ્રથકકરણ થતાં તેમને લવાય છે તે ક્રિયાને મારણ, વધ, હોમ આદિ શબ્દોથી કહી છે. હાલ વૈદ્યો પણ ધાતુઓને મારે છે ત્યારે એ પ્રકારે વધ અર્થવાચક મારવું એ શબ્દનો ઉપયોગ પ્રચલિત છે. શરીરની બહારની ધાતુઓના સંબંધમાં રસ વિદ્યાના પ્રયોગનું સૂચન છે તેને અનુસરીને ॥ **यथा ब्रह्मांडे तथा पिन्डे** ॥ એમ પિંડમાં પણ સપ્ત ધાતુઓ છે, તેની શુદ્ધિને માટે પિંડમાંજ રહેલાં તત્વોનો વધ ઉપરના અર્થ પ્રમાણેજ યોગ વિદ્યામાં કહેલો છે. સારાંશ એ ગ્રહણ કરવાનો છે કે હિંસા ન કરવી. એ પ્રકારના અહિંસા ધર્મનું સંપૂર્ણ અંશે પાલન કરવાનું છે. અને શ્રુતિમાં જેજે સ્થાને પશુઓના વધને કહેલા છે તે તે સ્થાને એ પ્રકારે યોગ્ય સદ્‌ગુરૂ

દ્વારા શિક્ષિત ન હોય છતાં કેવલ વ્યાકરણ અને શબ્દ કોષદ્વારા સંખ્યાબંધ પુસ્તકો પોતાને વિદ્વાનના શિરોમણીરૂપે માનીને તથા મનાવીને તે તે શબ્દોના વાચ્યાર્થથીજ આડે રસ્તે દોરાઈને જે હિંસાનો સાક્ષાત નિષેધ શ્રુતિ ભગવતીએ કર્યો છે તેમાંથી સટકી જવાનાં બહાનાં શોધવાનાં નથી. પરન્તુ તેતે વાંકયોમાં રહેલા રહસ્યને સમજાવનાર ગુરૂ પાસે જઈને તે રહસ્યને ધારણ કરવાના અધિકારને પ્રાપ્ત કરીનેજ તેતે રહસ્યને સમજવાનાં છે. આ પ્રકારે અહિંસાનામનું યોગના યમનામના પ્રથમ અંગના પહેલા ઉપાંગનું સ્વરૂપ છે.

અહિંસાનું આધિભૌતિક સ્વરૂપ આ પ્રમાણેના વિસ્તારથી સમજવાનું છે. જે યોગભ્રષ્ટ પુરૂષોએ પૂર્વ જન્મોમાં યોગ સિદ્ધિપૂર્ણ કરેલી હોવાથી તે મહાત્માઓના અંતઃકરણો નિશ્ચલ થએલાં હોય છે તે મહાત્માઓના અધિકારાનુસાર એજ અહિંસા ધર્મનું પ્રતિપાદન આ પ્રમાણે કરાયું છે. આત્મતત્વ સ્વભાવથીજ એવું છે કે ગમે તેવાં શસ્ત્ર કે અસ્ત્રનો ઉપયોગ થાય તે છતાં તે કપાતું નથી. ગમે તેવો પ્રબળ અગ્નિ હોય છતાં તે વડે તે બળતું નથી. ગમે તેટલું ઉંડું જલ હોય અથવા કોઈ પણ અન્ય પ્રવાહી તત્વ હોય છતાં તેમાં તે ડુબી શકતું નથી. ગમે તેવો પ્રબળ વાયુ હોય છતાં તેના વડે તે શોષાઈ શકતું નથી. સર્વગત આકાશ કહેવાય છે છતાં એ તત્વની મર્યાદા તે આકાશ કરી શકતું નથી, પરન્તુ આકાશમાં પણ તેજ તત્વ વ્યાપિ રહ્યું છે. એ પ્રકારનું મારા હુંને પ્રતીત કરાવનારૂં મારૂં આત્મતત્વ સર્વ વ્યાપિ, નિત્ય, સ્થાણુ, અચલ, સનાતન છે. આ પ્રકારનો આત્મતત્વનો અનુભવ નિરંતર થયાં કરવો એ પરમ અહિંસા છે, એટલે અહિંસા ધર્મનો પરમવિકાસ છે. પોતાના આત્મતત્વના એ પ્રકારના સ્વભાવનું અભાન થવું અને આત્મા ઉપર કહ્યો એ પ્રકારનો નથી પણ એથી વિરોધીજ ધર્મવાળો છે એ પ્રકારનું ભાન થવું તેને અજ્ઞાન કહે છે. તેજ આત્મહિંસા છે. એ પ્રકારે આત્મતત્વનું અન્યથા ભાન કરાવવા તથા કરવા પ્રયત્ન કરનાર આત્મઘાતી છે. અન્ય હિંસાઓના પાપમાંથી છૂટવાને માટે પ્રાયશ્ચિત્તો છે. પરન્તુ આ આત્મહિંસાથી થતું પાપ દૂર કરે એવું કોઈ પણ પ્રાયશ્ચિત્ત નથી. આત્મતત્વના અનુભવરૂપ જે જ્ઞાન તે એકલુંજ એ હિંસામાંથી મુક્ત કરે છે, અને તેજ પરમઅહિંસાવ્રત છે.

૨. સત્ય. સત્ય પણ અહિંસાની માફક પર તથા અપર એમ બે પ્રકારનું છે. જગતમાં પદાર્થોના સ્વરૂપોનું ભાન મન સહિત ઇન્દ્રિયોનો

પદાર્થો સાથે સયોગ થવાથી થાય છે. આ પ્રકારનું ભાન થવામાં પદાર્થોદ્વારા ઈન્દ્રિયગણુ ઉપર સંસ્કારોપડવા તથા ઇન્દ્રિયદ્વારા મન ઉપરસંસ્કારો પડવા અને તે સમયે અહંવૃત્તિ વડે મનતત્વ સચેતન હોવું એટલા વ્યતિકરો બને છે. આ વ્યતિકરોના બનાવ બનવાને સમયે પિંડગત જે જે આંતર તથા બહિર ઇન્દ્રિયોનો ઉપયોગ થાય છે તે તે ઇન્દ્રિયોમાં રહેલા ગુણદોષના પટ બહારના પદાર્થોમાંથી આવતા સંસ્કારો ઉપર દેખાય છે. અંતઃકરણુમાં અજ્ઞાનાદિ વડે ભ્રમદોષ હોય છે. રાગદ્વેષ આદિ દોષો હોય છે. આ દોષો પ્રથમથીજ અમુક પ્રકારના સંસ્કારોને મન ઉપર નાંખી મુકે છે. તે સંસ્કારોની સાથે પદાર્થના ઇન્દ્રિય સાથેના સંસર્ગથી સંસ્કારો આવીને મિશ્ર થાય છે. એટલે જે બહારના પદાર્થોનું શુદ્ધ સ્વરૂપ છે તેનું ભાન થતું નથી પણ મિશ્રણનું પરિણામી સ્વરૂપ જે તે પદાર્થનું સ્વતંત્ર સ્વરૂપ નથી તેનુંજ ભાન થાય છે. એજ પ્રકારે પિત્તાદિ દોષોવાળી ઈન્દ્રિયો હોય છે તો બહારથી આવનાર સંસ્કારોનું પ્રથમ ઈન્દ્રિયગત દોષો સાથે સંમિલન થાય છે, અને ઇન્દ્રિય પ્રદેશમાંજ પ્રથમ મિશ્રણ થઈને ફરીથી પાછું તે મિશ્રણનું અંતઃકરણગત દોષો સાથે મિશ્રણ થાય છે. આ પ્રકારે તથા અન્ય રીતે પદાર્થ તથા વ્યતિકર માત્રનો અનુભવ કરવા સમયે જે યથાર્થ સ્વરૂપ હોય છે તેથી જૂદીજ રીતનું ઉપર પ્રમાણેના મિશ્રણવાળા સ્વરૂપનું તેના ઉપર આરોપણુ થવું અને તે પ્રમાણે તેનું સ્વરૂપ કહી બતાવવું તેને અસત્ય કહે છે. ઉપર પ્રમાણેના અંતઃકરણ તથા ઇન્દ્રિયોના દોષો જે મહાત્માઓના નિર્મૂલ થયા છે તેવા મહાત્માએએ તે તે પદાર્થોનાં સ્વરૂપોને જોયાં છે, સાંભળ્યાં છે તથા અન્યરૂપે અનુભવ્યાં છે. અને તે અનુભવાનુસાર નિર્દોષ સ્વરૂપે કહી બતાવ્યાં છે તેજ સ્વરૂપને સત્ય કહ્યું છે. પદાર્થોને તે સ્વરૂપે સમજવા અને કહેવા એ સત્યવ્રત છે. મનસ્વી રીતે, સ્વચ્છંદપણે પોતાના દોષમાં ભેળીને તે રૂપે કહેવા તે અસત્ય છે. તે અસત્યનો ત્યાગ કરવાનો છે. એને અપરસત્ય કહ્યું છે.

સર્વ વસ્તુઓનું યથાર્થ સ્વરૂપ બ્રહ્મ છે. બ્રહ્મજ્ઞાનીઓ નિર્મલ અંતઃકરણાદિની સિદ્ધિવાળા હોવાથી તેમની એકલાની દૃષ્ટિને યથાર્થ દૃષ્ટિ કહી છે. તેઓ વસ્તુ માત્રના સ્વરૂપને બ્રહ્મરૂપેજ દેખે છે. માટે વસ્તુ માત્ર બ્રહ્મરૂપ છે અને હું પણ તેમાંજ હોવાથી બ્રહ્મ છું. એ પ્રકારનું માનવું તથા કહેવું તે પરમસત્ય છે તેથી પ્રથકરૂપે માનવું તથા કહેવું અસત્ય છે.

૩. અસ્તેય. પારકાં તૃણ, રત્ન, કાન્ચન, મૌક્તિક આદિ પદાર્થોમાંથી નિવૃત્ત રહેવું તેને અસ્તેય કહ્યું છે. શરીર વડે કોઈના પદાર્થોને લઈ લેવા એ સ્થૂલ સ્તેય—ચોરી છે. મન વડે પણ જે પદાર્થો પારકા છે તે પદાર્થોની તેની પાસેથી ખુંચી લેવાની ઇચ્છા કરવી તે પણ સ્તેય નામનો દોષ છે. આ દોષ ચોરીના વિષયની અપેક્ષાથી ત્રણ પ્રકારનો છે. ૧. નજીવા પદાર્થને લેવાની ઇચ્છા, ૨. સાધારણ કિંમતના પદાર્થોને લેવાની ઇચ્છા, અને ૩. ભારે કિંમતી પદાર્થોને લેવાની ઇચ્છા. આ બધાનોજ સ્તેય દોષમાં સમાવેશ થાય છે. સાવધાનતાપૂર્વક આ સ્તેય દોષમાંથી નિવૃત્ત રહેવું તેને અસ્તેય વ્રત કહે છે.

દેહ, ઈન્દ્રિયાદિ આત્મતત્વરૂપ ચેતનાવડે જીવનમય પ્રકાશી રહ્યાં છે. તે સ્વયં પ્રકાશરૂપ આત્માનું સ્વરૂપ છે. તે આત્માને અનાત્મ જડરૂપે હું છું એ પ્રકારે માનવો તથા કહેવો એ તે આત્મદેવતાના સર્વસ્વને લુંટી લેવારૂપ ક્રિયા છે. એજ પરમ હિંસક તથા પરમ ચોર છે. એનાથી ભારે પાપનું કોઇ પણ અન્ય સ્વરૂપ નથી. આ પ્રકારના સ્તેય ભાવનો ત્યાગ કરવો અને આત્મ તત્વનો તેના યથાર્થ સ્વરૂપે અનુભવ કર્યા કરવો એ પરમ અસ્તેય વ્રતનું સ્વરૂપ છે. એટલે દેહ ઇન્દ્રિય આદિમાં જ્યારે જ્યારે જડત્વનું જે ભાન થાય ત્યારે ત્યારે તેને દૂર કરતાં કરતાં તેમાં પ્રકાશતા આત્મતત્વમાં જીવન પ્રકાશનું અનસંધાન કરવું તે પરમ અસ્તેય વ્રત છે.

૪. બ્રહ્મચર્ય. પુરૂષ દેહ વડે સ્ત્રી દેહોનું અને સ્ત્રી દેહો વડે પુરૂષ દેહનું અનુરાગ પૂર્વક નિષિદ્ધ અનુસંધાન થવું તેને બ્રહ્મચર્યના ભંગરૂપ નિષિદ્ધ મૈથુનદોષ કહ્યો છે. આ દોષ અષ્ટ પ્રકારનો શાસ્ત્રોમાં વર્ણવેલો છે.
(૧) અવિહિત પ્રકારે માનસ પ્રદેશમાં સ્ત્રીએ પોતાની સાથે વિવાહથી ન જોડાયલા પુરૂષનું તથા પુરૂષે તેવી સ્ત્રીનું સ્મરણ કરવું એ પ્રથમ પ્રકાર છે.

(૨) ઉપર પ્રમાણે સ્ત્રીએ પુરૂષનું તથા પુરૂષે સ્ત્રીનું નિષિદ્ધ કીર્તન કરવું એટલે કામ વાસના પૂર્વક વખાણ કરવાં એ બીજા પ્રકારનો બ્રહ્મચર્ય ભંગ છે.

(૩) એજ પ્રકારની વાસના પૂર્વક સ્ત્રી પુરૂષે જળાશયાદિમાં સંયુક્ત રહીને સ્નાન કરવાં તથા અન્ય પ્રકારની રમતો રમવી એ ત્રીજા પ્રકારનો કેળી નામનો બ્રહ્મચર્ય ભંગ છે.

(૪) અત્યંત આતુરતા પૂર્વક સ્ત્રી પુરૂષે રાગના આવેશથી એક બીજા પ્રતિ દૃષ્ટિનો નિપાત કરીને જોઇ રહેવું એ ચોથા પ્રકારનો બ્રહ્મચર્ય ભંગ છે.

(૫) પરસ્પર સાથે અવિવાહિત સ્ત્રી પુરૂષે કોઇ અન્ય વ્યક્તિ પોતાને દેખી શકે નહિ એવા આશય પૂર્વક રાગ વડે પ્રેરાઇને કોઈ એકાન્ત ગુહ્ય સ્થાનમાં જઇને પરસ્પર સાથે સંભાષણ કરવું એ પાંચમાં પ્રકારનો બ્રહ્મચર્ય ભંગ છે.

(૬) સંકલ્પ. પરસ્પર સાથે વિવાહ સંબંધથી જોડાયલાં નથી એવાં સ્ત્રી પુરૂષે પરસ્પર સાથે અવિહિત સંબંધ કરવાનો વિચાર કરવો તે છટ્ઠા પ્રકારનો બ્રહ્મચર્ય ભંગ છે.

(૭) નિશ્ચય. ઉપર છટ્ઠા પ્રકારનો બ્રહ્મચર્ય ભંગ નામનો દોષ કરીને તે દોષમાં તેને આચારમાં મુકવા અર્થે જે જે કાંઈ વિઘ્ન રૂપે નડે તે વિઘ્નને દૂર કરવાનો તથા તેમ કરીને એ સંકલ્પને આચારમાં મૂકવાનો નિશ્ચય તે સાતમા પ્રકારનો બ્રહ્મચર્ય ભંગ છે.

(૮) ક્રિયા નિવૃત્તિ. પરસ્પર સાથે અવિવાહિત્ત સ્ત્રી પુરૂષે અવિહિત રૂપે ગમન કરવું એ આઠમા પ્રકારનો મૈથુન દોષ છે.

અવિવાહિત સ્ત્રી પુરૂષોના સંબંધમાં જે અષ્ટપ્રકારના બ્રહ્મચર્ય ભંગરૂપ જે દોષ ઉપર કહ્યા છે તેજ દોષ વિવાહિત સ્ત્રી પુરૂષોના સંબંધમાં પણ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે વિવાહિત સ્ત્રી પુરૂષોએ પણ દિવસના સમયે કામભોગમાં યોજાવવું તેથી બન્નેના પ્રાણમાં રહેલું જીવન બહાર ઉડીને નિકળી જાય છે વિગેરે. એ રીતે દિવસોના અમુક ભાગમાં વિવાહિત સ્ત્રી પુરૂષોનો પણ સંયોગ નિષિદ્ધ છે. વળી અમુક પર્વના દિવસો, અમુક નક્ષત્રો, અમુક તિથિયો, અમુક યોગ, અમુક મુહૂર્ત આદિમાં પણ તેમના સંયોગનો શાસ્ત્રે નિષેધ કર્યો છે. અમુક તીર્થોમાં, શ્રાદ્ધાદિ તથા દેવકાર્ય આદિના વ્રતના દિવસોમાં પણ નિષેધ કર્યો છે. ઋતુ પ્રાપ્તિ થઇ ન હોય તેવી સ્ત્રી સાથે પણ સંયોગનો નિષેધ છે. ઋતુ પ્રાપ્તિ થયા પછી પણ તેના અમુક દિવસોમાં પણ રતિનો નિષેધ છે. રોગાદિ યુક્ત શરીરની પ્રતિકૂલ સ્થિતિમાં પણ એજ પ્રકારનો નિષેધ છે. પુત્રેષ્ટિ વિના કેવલ રાગપૂર્વક રતિ કરવાનો પણ શાસ્ત્રમાં નિષેધ છે. એ આદિ નિષિદ્ધ પ્રસં-

ગોમાં લગ્ન સંબંધથી પણ જોડાયલાં યુગલોના સંબંધમાં ઉપર વર્ણવેલા આઠે પ્રકારના બ્રહ્મચર્ય ભંગરૂપ દોષને દોષ રૂપેજ કહેલા છે. આ પ્રકારના બ્રહ્મચર્ય ભંગના દોષનો ત્યાગ કરવો અને ઋતુ પ્રાપ્તિને સમયેજ શાસ્ત્રે કહેલા ઉદ્દેશની સિદ્ધિને અર્થેજ તે સિદ્ધિની પ્રાપ્તિનાજ માત્ર સંકલ્પપૂર્વક શાસ્ત્ર વિધિથી પરિણીત યુગલે રતિ સંબંધ કરવો અને તે પ્રકારની ગૃહસ્થાશ્રમની સ્થિતિ પ્રાપ્ત ન હોય તેણે કેવલ તેથી દૂર રહેવું એ બ્રહ્મચર્ય નામનું ચોથું વ્રત છે.

આ બ્રહ્મચર્ય પણ પર અને અપર એમ બે પ્રકારનું કહ્યું છે. ઉપર અપર બ્રહ્મચર્યનું સ્વરૂપ કહ્યું છે. ઉત્તમ અધિકારીને માટે પરમ બ્રહ્મચર્ય છે. બ્રહ્મ શબ્દ **॥ एकोऽहं बहु स्याम् ॥** એ શ્રુતિ વાક્યમાં કહ્યા પ્રમાણે વિકાસની પ્રતિજ્ઞાવાળુ તત્વ સૂચવી રહ્યો છે. વર્તમાન પ્રતીતિ જીવન રૂપે આત્મતત્વની થાય છે તે જીવનપ્રતીતિસ્વરૂપ દીપક અસ્ત પામવા અર્થે નથી પણ તે આત્મજ્યોતિ વિશેષવિશેષ વિકાસ પામતા બલપૂર્વક અંતે બહારની સહાય્ય રૂપ અન્યની અપેક્ષા વિના પોતાની મેળે સ્વતંત્રાથી એક ધારારૂપે વિસ્તારને પામ્યા કરે એ પ્રકારની તે જ્યોતિની સંતતિને ચલાવ્યાં કરવી અને એ પ્રમાણે કરીને બ્રહ્મતત્વ તેજ આત્મતત્વ છે એ પ્રકારની અનુભવાત્મક સિદ્ધિ કરીને અમૃતરૂપ બનવું એજ એ પરમ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે. અને તે પ્રકારની સિદ્ધિમાં રમણ કરવું એ પણ વિધેય બ્રહ્મચર્ય છે. શ્રુતિ ભગવતી કહે છે કે જેમનામાં તપ, બ્રહ્મચર્ય તથા સત્યની પ્રતિષ્ઠા છે તેમનેજ આ પ્રકારના અમૃતતત્વરૂપ બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. દગો, અસત્ય તથા માયારૂપ દોષોથી ઘેરાયલા મનુષ્યોને એ પ્રકારની પ્રાપ્તિ કદીજ થતી નથી.

૫. દયા. આધ્યાત્મિક, આધિભૌતિક તથા આધિદૈવિક એ રીતના ત્રણ પ્રકારની સંકટની ત્રણ પ્રકારના અવસ્થાઓનો અનુભવ શરીરમાં થાય છે. જે દુઃખનો અનુભવ માનસિક પ્રદેશમાં કેવલ થાય છે તેને આધિ કહે છે. શરીરમાં જે વેદના થાય છે તેને વ્યાધિ કહે છે. શરીરની બહારના પદાર્થો આદિના સંબંધથી જે દુઃખ થાય છે તે ઉપાધિ શબ્દથી ઓળખાય છે. આ પ્રકારની પીડાનો હેતુ પોતાની શરીરાદિ નામની હું રૂપે મનાયલી સામગ્રીથી ઉદ્‌ભવે છે, ત્યારે તે આધ્યાત્મિક તાપ કહેવાય છે. શરીરાદિ હું રૂપે મનાયલા પદાર્થોથી અન્ય પંચભૂતાત્મક જગતના સંબં-

ધથી થતી પીડાને આધિભૌતિક તાપ કહ્યો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે શરીરાદિ વિવિધ સ્થાનોમાં વિવિધ દેવતાઓનો નિવાસ છે, અને તે તે સ્થાનોના કાર્યોમાં તે તે દેવતાઓ અભિમાનપૂર્વક પ્રવૃત્તિ કરાવી રહ્યા છે. તે તે દેવતાઓની પ્રસન્નતાનો ભંગ આપણા આચરણો વડે થતાં તે દેવતાઓદ્વારા કરાવાતી પ્રવૃત્તિમાં વિઘ્ન નડે છે. તે પ્રકારના વિઘ્નોથી થતી પીડાને આધિદૈવિક તાપ કહે છે. આ પ્રકારના ત્રિતાપને દૂર કરવાની યોજના રૂપ ઉપાયોનો પણ તે તે પ્રકારના તાપને અનુસાર વિભાગ શાસ્ત્રે કરેલો છે. આધ્યાત્મિક પીડા આધ્યાત્મિક ઉપાયથી ટળે છે. આધિભૌતિક પીડા ઔષધિ આદિ દવાઓના ઉપચારથી ટળે છે. અને આધિદૈવિક તાપ તે તે દેવતાઓ નિમિત્ત કરાતા જપ, તપ, વ્રત, દાન, આદિદ્વારા શમે છે. આ પ્રમાણે આપણા પોતાના ઉપર આવી પડતી પીડામાંથી આપણું પોતાનું રક્ષણ કરવાને માટે તત્પરતાથી આપણી બુદ્ધિ તે તે સાધનોના જ્ઞાનના પ્રમાણમાં શરીર, મન તથા વાણીથી અનાયાસ અભિમુખતાને ધારણ કરે છે. તેજ પ્રમાણે સુહૃદ મિત્ર, અરિ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય, બંધુ, સાધુ તથા અસાધુ એ સર્વેના સંબંધમાં તેમજ એવા સંબંધીઓ સાથે પુત્ર, મિત્ર, કલત્ર, રિપુ આદિ સગપણ હોય કે ન હોય તે છતાં પણ તેજ પ્રકારની તેમનાં તે તે દુઃખોને દૂર કરવા અર્થે આપણી બુદ્ધિની નિરંતર અભિમુખતા રહેવી તે દયા નામનું વ્રત છે.

જન્મ મરણરૂપ સંસારચક્રના કારણરૂપ અજ્ઞાન નામનો મહાવ્યાધિ છે. અભિમાનપૂર્વક પાપપુણ્યરૂપ કર્મ તે વડે કરાય છે. અને તે પાપપુણ્ય કર્મના સુખદુઃખ નામના ફલ વિવિધ પ્રકારનાં હોવાથી જે વિધિના ફલ જે પ્રકારના શરીરો વડે ભોગવી શકાય તે પ્રકારનાં શરીરોને એક પછી એક ભોગવવા અર્થે એક શરીરનો ત્યાગ અને અન્ય શરીરનું ગ્રહણ થયા કરે છે. આત્મસ્વરૂપના ભાનપૂર્વક અનુભવાત્મક જ્ઞાન આ મહારોગના ઉપાયરૂપ છે. તે રોગની આત્યંતિકી નિવૃત્તિ અર્થે જે ઉત્કંઠાથી આપણે સાધનાભિમુખ થઇએ છીએ તેજ પ્રમાણે તેજ સંસાર રોગથી પીડાતા અન્ય સર્વ જનો પ્રતિ પોતપોતાના અધિકારાનુસાર ક્રમ વડે તે પ્રકારની એટલીજ ઉત્કટ ઉત્કંઠાપૂર્વક બુદ્ધિવૃત્તિનું તેમના સુખાર્થે વહેવું એ પરમદયાનું સ્વરૂપ છે.

૬. આર્જવ. જેનું હૃદય આપણા હિત પ્રતિ અનુકૂલતા રૂપે પ્રેરાયલું છે તેને સુહૃદ કહ્યા છે. જે આચારપૂર્વક આપણા સુખદુઃખમાં તેજ સુખદુઃખ

પોતાનાં હોય તે પ્રમાણે ભાગ લે છે તે આપણા મિત્ર કહેવાય છે. જે આપણને દુઃખ ઉત્પન્ન થાય તે પ્રકારની પ્રવૃત્તિને સેવે છે તે આપણા અરિ કહેવાય છે. જે આપણાં સુખ દુઃખ પ્રતિ ઉપેક્ષા કરતો તથા તેમાં રસવૃત્તિથી ન યોજાતાં નિરાળો કેવળ સાક્ષીવત્ રહે છે તેને ઉદાસીન કહે છે. જે આપણા પ્રતિસ્પર્ધિ સાથેની આપણી પ્રવૃત્તિને રસપૂર્વક જોતો રહે છે, છતાં આપણી કે પ્રતિસ્પર્ધિની બન્નેમાંથી કોઈની પણ પ્રવૃત્તિમાં ક્રિયાત્મક ભાગ લેતો નથી અને બન્નેની તકરારનો ન્યાયપૂર્વક અંત લાવે છે તે મધ્યસ્થ કહેવાય છે. જેના પ્રતિ આપણા અંતઃકરણમાંથી તેનું અહિત થાય એ પ્રકારના સ્ફુરણો વહેવાનાં કારણો બની આવે છે તે દ્વેશ્ય કહેવાય છે. જે સગપણ આદિ સંબંધથી આપણી સાથે જોડાયલા છે તે બંધુ કહેવાય છે. પુણ્યાદિ સત્કર્મો જે સતત સાધે છે અને પોતાના સંબંધમાં આવનાર સર્વનું હિત થાય એ પ્રકારે પોતાની આસપાસ વાતાવરણને રચે છે તે સાધુ છે. એથી ઉલટું કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર નામના ૭ આન્તર શત્રુઓના કબજામાં જઇને પાપાચરણમાં જે તત્પર રહે છે અને એ પ્રકારે પોતાને માટે ભવિષ્યમાં દુઃખરૂપ ફલને રચી રહે છે તથા પોતાની આસપાસના વાતાવરણને દોષિત કરીને અન્યને ત્રાસ આપે છે તેને અસાધુ કહે છે. આ પ્રકારનાં મનુષ્ય તથા પુત્રી, ભગિની, ભાર્યા, પુત્ર, ભાઈ, પિતા, પતિ આદિ રૂપે ભિન્ન ભિન્ન પ્રકારના શરીરના સંબંધને ધરાવનારાની સાથે જે જે કાંઈ કર્તવ્યાદિ કરવાના પ્રસંગો પ્રાપ્ત થાય, તે સર્વ પ્રસંગે આપણા અંતઃકરણમાં હર્ષ શોક આદિ રૂપે વિષમતાનો તરંગ ન ઉછળે પણ અંતઃકરણની સ્થિર, અચલ, ગંભીર સમતા પ્રસન્નતાપૂર્વક ચાલુ રહે તેને આર્જવ એટલે સાદાઈ કહી છે.

સર્વત્ર આત્મતત્વ એકલુંજ છે જે તત્વ નિરંતર પોતાના પોતાપણારૂપે વિલાસ કરી રહેલું અનુભવાય છે. તેનીજ લીલારૂપ સમગ્ર જગત્ પ્રતીતિ કરાવી રહ્યું છે. કાંઈજ એમાં એવું નથી કે જે જરી પણ અપરિચિત હોય. આ વિગેરે પ્રકારના વિચારથી જે જે પ્રસંગો સામાન્ય મનુષ્યને ચમત્કારરૂપે હર્ષપ્રદરૂપે, શોકપ્રદરૂપે એમ વિવિધ પ્રકારે અંતઃકરણને વિકારી કરી મુકે છે. તે સર્વ પ્રસંગો પોતાના સ્વાભાવિક આત્મતત્વની સામાન્ય રમત છે એ પ્રમાણે જોતાં ઉત્તમ અધિકારી અંતઃકરણની સમતાને જાળવે છે એ પરમ આર્જવ છે.

૭. ક્ષમા. જે કોઈ પ્રસંગ વડે આપણને પીડા થાય છે તે પ્રસંગ પ્રાપ્ત થતાં ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે. આ પ્રકારનો ક્ષોભ કરનાર શત્રુ હોય છે, અને તે કાયા, મન તથા વાણી વડે એમ સર્વ પ્રકારે જ્યારે આપણને પીડા કરે છે ત્યારે તે ક્ષોભ અત્યંત પ્રબળ થાય છે તે વખતે તેને ક્રોધ કહે છે. આ પ્રકારના ગમે તેવા હાનીના પ્રસંગમાં પણ ક્ષોભની નિવૃત્તિ રાખવી તેને ક્ષમા કહે છે.

અવિદ્યા તથા માયાનું અનાદિથી આવરણ આપણા આત્મસ્વરૂપનું વિસ્મરણ કરાવી રહ્યું છે, તેથી આજ સુધી દુઃખાનુભવ થયા કર્યો છે, છતાં સ્વરૂપાનુભવ થતાં સિંહાવલોકનની માફક પૂર્વની અજ્ઞાનમયી સ્થિતિની અપેક્ષાથી આત્મતત્વના જ્ઞાનના સુખની મહત્તા વિશેષ પ્રસન્નતાને ઉત્પન્ન કરે છે, એ વિગેરે ભાવથી અક્ષુબ્ધ રહેલું તે પરમ ક્ષમા છે.

૮. ધૃતિ. સંસાર નામના મહારોગથી મુક્ત થવાને માટે વેદ વિના અન્ય સાધન નથી. અન્ય વચનો વેદનાં વચનોના તાત્પર્યને ડુબાવી દે એ પ્રકારની અત્યંત બુદ્ધિ ચાતુર્યવાળાં હોય તથા અનેક યુક્તિપ્રયુક્તિની સંકલનાપૂર્વક તર્કવિતર્કથી ભરપુર હોય છતાં તે વાક્યો ઉપર મોહથી જેનાં અંતઃકરણ પ્રેમપૂર્વક ધાવન કરતાં નથી—જેમનાં અંતઃકરણ ગમે તે પ્રકારે ઉત્તમરૂપે દેખાતા ધર્મો ઉપર માત્ર તે વેદથી વિરોધિ છે એટલા કારણસર વિશ્વાસને ધરાવતાં નથી પરન્તુ તેમને વેગળાંજ રાખે છે. એ પ્રકારની વૈદિક ધર્મ ઉપરની જે પ્રેમની અડગ સ્થિરતા તે ધૃતિ છે.

હું આત્મતત્વ છું એટલે અવિનાશિ છું. મર્ત્ય એટલે વિનાશી નથી. એ પ્રકારનું અડગ નિશ્ચયપૂર્વક જે માનવું તેને પરમ ધૃતિ કહી છે.

૯. મિતાહાર. યોગ્ય અન્નનો યોગ્ય વિધિથી આહાર લેવાથી શરીરગત ધાતુઓનું પોષણ થાય છે, તથા તે ધાતુઓ નીરોગ સ્થિતિમાં રહે છે. આ આહાર ધાતુઓના પોષણને માટે જેટલો જોઈએ તેથી ન્યૂન લેવાથી અલ્પાહાર નામનો દોષ થાય છે. તે દોષના પરિણામ રૂપે ધાતુઓમાં સંક્ષોભ થાય છે. ધાતુઓ જીવનમયી હોવાથી આ સંક્ષોભને લીધે પરસ્પરમાં યુદ્ધ મચાવે છે. અને વિશેષ બળવાળી ધાતુ ન્યૂન બળવાળી ધાતુનો શિકાર કરી પોતાનો નિર્વાહ કરવા મથે છે. એ પ્રમાણે ધાતુનો એક પછી એક ક્ષય થવા માંડે છે, માટે અલ્પાહારને યોગના અભ્યાસકે સેવવાનો

નથી. વળી એથી ઉલટું ધાતુઓના પોષણ અર્થે જોઈએ તેથી અધિક આહાર લેવાથી અજીર્ણ નામનો વિકાર થાય છે કારણકે ધાતુઓના પોષણ અર્થે ઉપયોગ પુરતોજ ભાગ વપરાય છે. બાકીનો ભાગ નકામો પડયો રહી સડે છે. તેની વ્યવસ્થા કરવા અર્થે ધાતુઓનું બલ નકામું ખરચાઇ જાય છે. પોતાના પોષણ અર્થે લેવાતા અન્નને પચાવવાના ઉપયોગને માટે રચાયલું તે બલ આ પ્રકારે નિરર્થક વહી જાય છે. તેથી પોતાના પોષણ અર્થે જેટલા અન્નને પચાવવું જોઇએ તેટલું પણ પચાવી શકાતું નથી. પરિણામ એ આવે છે કે ધાતુઓને પોષણની ખામી રહે છે ને તેથી પણ એક પછી એક તે ધાતુઓ ક્ષીણ થઈ જાય છે. નિદ્રા આલસ્ય આદિરૂપે આ ધાતુક્ષયની પ્રતીતિ આરંભમાં થાય છે અને અંતે ભારે વ્યાધિઓને ઉત્પન્ન કરે છે. આમ હોવાથી અલ્પાહાર તથા અત્યાહાર બન્નેનો ત્યાગ કરવાનો છે. એટલા માટે કહ્યું છે કે કુઃખના ચાર વિભાગ કલ્પવા. તેમાંથી બે ભાગને અન્નવડે પુરવા, એટલે એટલું અન્ન જમવું. એક ભાગ પાણીથી ભરવો, અને ચોથો એક ભાગ વગર અડચણે ફરવા સારૂ પ્રાણને માટે ખાલી રાખવો. આ પ્રકારના માપવાળું અન્ન જમવાનો જે નિશ્ચય તેને મિતાહાર કહે છે. વળી પદાર્થ અત્યંત ભારે એટલે સંગીન હોય તો તેવા પદાર્થોને જમવાથી જઠરના અર્ધ ભાગનો અન્નવડે સ્પર્શ ન થવાથી જંપ અડધોજ વળે છે. તેથી ઉલટું જો જમવાના પદાર્થ નિઃસત્વ અને અત્યંત હલકા હોય છે તો જઠર ઉપર જેટલા યોગ્ય વજનનું ભાન થવું જોઇએ તે ન થવાથી તૃપ્તિ થતી નથી. માટે જમવાના પદાર્થો અતિ ભારે ન જોઇએ. તેમજ અતિ હલકા ન જોઇએ. પણ માપસર વજનવાળા જોઇએ. યોગની ક્રિયાને અનુસરીને ગુણ લાગે તેવા પ્રકારનો આહાર લેવો.

॥ अहमन्न महमन्न महमन्नादो० ॥ વિગેરેમાં કહ્યું છે કે હુંજ અન્ન છું, હુંજ અન્ન છું, હુંજ અન્ન છું. હુંજ તે અન્નનો જમનારો છું, હુંજ તે અન્નનો જમનારો છું, હુંજ તે અન્નનો જમનારો છું વિગેરે. સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણરૂપે જે પ્રતીતિના વિષયરૂપ હું છું એ પ્રકારનું મારૂં સ્વરૂપ તે અન્નરૂપ છે. તે પ્રકારના વિષયરૂપે દેખાતા મારા સ્વરૂપનો તે વિષયના સાક્ષિરૂપ જે મારૂં વાસ્તવ સ્વરૂપ તેમાં વિલય કરીને નિત્ય તૃપ્ત રહેવું તે પરમ મિતાહાર છે.

૧૦ શૌચ. મળને દૂર કરવો એ શૌચ છે. શૌચ બાહ્ય તથા આંતર એમ બે પ્રકારનું છે. માટી તથા જળવડે પોતાના દેહના મળને દૂર કરવો તે બાહ્ય શૌચ છે.

દેહ જે ગર્ભાશયરૂપ સ્થાનમાં રચાઇને બન્યો છે, તે સ્થાન અત્યંત અપવિત્ર છે. તે સ્થાનના સંપર્કથી દેહમાં અપવિત્રતાનો સંસ્કાર છે. વળી માતાનું રકત તથા પિતાનું વીર્ય એ બન્ને રૂપ દેહનું જે બીજક તે પણ અપવિત્ર છે, તેથી તે હેતુવડે પણ દેહમાં અપવિત્રતા છે. વળી જે આધારથી દેહ ગર્ભમાં ટકી રહ્યો છે તથા વૃદ્ધિને પામ્યો છે, તે આધારરૂપ પોષક દ્રવ્યો પણ અપવિત્ર છે. તે કારણથી પણ દેહમાં અપવિત્રતા છે. પ્રાણરૂપ દોષિત વાયુ નિઃસ્પંદરૂપે વિકાસને નહિ પામેલો એ પ્રકારની ગર્ભાશયમાં સ્થિતિ કેટલાક સમય સુધી રહેલી તે રૂપ નિઃસ્પંદ દોષની અપવિત્રતા પણ તે કાયામાં રહેલી છે. પૂર્વ જન્મના દેહના ત્યાગરૂપ મૃત્યુનો સંસ્કાર અનેક જન્મોથી એક પછી એક લિંગ દેહમાં પડેલો છે. તે પ્રકારના અનંત જન્મોના મૃતક દેહ સાથેના પોતાના સંબંધના અનુસ્મરણરૂપ અત્યત અપવિત્ર સંસ્કારો પણ આ દેહમાં અનુસ્યુત છે. એ પ્રકારના મૃત્યુના સંસ્કારની પરંપરાના વેગને લીધેજ પૂર્વવત્ આ દેહ પણ પડવાનોજ. એ પ્રકારનો મિથ્યા વહેમ પ્રબળ જોરથી ભરાઇ રહ્યો છે. આ સર્વ પ્રકારની અપવિત્રતાવાળો આ દેહ હોવાથી તેને અપવિત્ર ગણેલો છે. તેને અપવિત્ર કહેવામાં એજ આશય છે કે તેને પવિત્ર કરવો. આ પવિત્ર કરવાનો વિધિ તે શૌચ છે.

પોતાના શુદ્ધ સ્વરૂપનું મનન કરવું એ મનની શુદ્ધિ છે. હું શુદ્ધ છું, એ પ્રકારનું પોતાના અત્મતત્વના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન તે પરમ શૌચ છે. આત્મતત્વ નિત્ય શુદ્ધ છે. વિનાશી દેહ નિત્ય અશુદ્ધ છે. એ પ્રકારનો વિવેક કરવા રૂપ જ્ઞાન તેજ શૌચ છે. તે પ્રકારનો વિવેક ન થવો તે અશૌચ છે. કારણકે વિનાશિ દેહ અત્યંત મલિન છે. જે આત્મચૈતન્ય વડે તે દેહ જીવનમય છે તે દેહી અત્યંત નિર્મલ છે. એ બન્નેમાં શો ભેદ છે તેનું સંપૂર્ણ અનુભવાત્મક જ્ઞાન થતાં બાહ્ય શૌચ કરવાનું બીલકુલ રહેતું નથી. જેમની બુદ્ધિ અજ્ઞાનવડે સ્તબ્ધ થઇને બહેર મારી ગઈ છે તેઓજ બાહ્ય શૌચના અધિકારી હોવાથી તીર્થાદિમાં ભ્રમણ કરે છે. જ્ઞાન શૌચનો જેમને અધિકાર છે તેવા જનો જ્ઞાન શૌચનો ત્યાગ

કરીને તીર્થાટન આદિ કરતા બાહ્ય શૌચમાં રમણ કરે તો શુદ્ધ કાંચનને ત્યાગ કરીને માટીના મલિન લોચાને ગૃહણ કરવા જેવું એ મૂઢ કરે છે. જ્ઞાન જલવડે સ્નાન કરીને શુદ્ધ થએલા મહાભાગ્યશાળી કૃતકૃત્ય યોગિ મહાત્માને આ લોકમાં કર્ત્તવ્યરૂપે કરવાનું કાંઇજિ રહી ગયું હોય એવું નથી. એ મનુષ્યના અંતઃકરણમાં એવું સ્ફુરણ થાય કે ફલાણું શૌચ કરવું મારે રહી ગયું છે, અથવા અમુક કૃત્ય મારે બાકી છે તો એ સાચો જ્ઞાનીજ નથી–ને સાચો કૃતકૃત્યજ નથી; કારણકે એ પ્રકારનું સ્ફુરણજ અંતરમાં રહી ગએલા અજ્ઞાન રૂપ મલનેજ સૂચવે છે. માટે સાચાતત્વ વિદ્, આત્મવેદીને ત્રિલોકીમાં કાંઇજિ કરવાનું તેને તો બાકી રહેતું નથી. આ દેહમાંજ અન્ય જીવોના જેવો તે જીવનનું વહન કરતો પ્રતીત થાય છે. છતાં તે મુક્તજ છે. ॥ तलव काहोपनिषद ॥ માં કહ્યું છે કે અહિં આ દેહમાંજ સમજ્યા તો સત્ય છે, પણ આ દેહમાંજ ના સમજ્યા તો ભારે વિનાશ છે. માટે હરેક પ્રયત્નવડે અહિંસાદિ સાધનોને સેવીને વેદવાક્યોદ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કરી લેવી. અને તે પ્રકારના જ્ઞાનવડે પોતાના આત્મદેવને અવિનાશી બ્રહ્મદેવ રૂપે અનુભવવો.

એ પ્રકારે યોગના આઠ અંગોમાંના યમ નામના પ્રથમ અંગનું સ્વરૂપ દશ પ્રકારનું સમજીને તેને આચારમાં મુકવા પ્રયત્ન કરવો.

એ રીતે જ્ઞાનયોગ ખંડનો યમવિધિ નામનો તેરમો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ

અધ્યાય ૧૪.

નિયમ વિધિ.

પૂર્વના અધ્યાયમાં દશ પ્રકારના યમવિધિને યોગાંગ રૂપે સમજ્યા. હવે નિયમ નામના યોગના બીજા અંગનું સ્વરૂપ આ અધ્યાયમાં વર્ણવ્યું છે. યમની માફક આ અંગ પણ દશ પ્રકારનું છે. ૧ તપ, ૨ સંતોષ, ૩ આસ્તિક્ય, ૪ દાન, ૫ ઇશ્વિર પૂજન, ૬ સિદ્ધાન્ત શ્રવણ, ૭ હ્રી, ૮ મતિ ૯ જપ અને ૧૦ વ્રત.

૧. તપ. વેદોક્તવિધિને અનુસરીને કૃચ્છ્ર, ચાન્દ્રાયણ આદિ કરવાં આ પ્રકારની ક્રિયાઓ વડે શરીરમાં મેદઆદિ અત્યંત વધી પડયો હોય તેનું શોષણ કરવું એ તપ છે. એ કરવાથી આલસ્ય પ્રમાદ આદિ દોષો દૂર થાય છે, શરીર હલકું થાય છે, અને આસન નામનું યોગનું અંગ ત્રીજું હવે પછી કહેવામાં આવશે તેની સિદ્ધિને માટે તે અધિક યોગ્ય બને છે. કૃચ્છ્ર, ચાંન્દ્રાયણ આદિનાં સ્વરૂપ પૂર્વે પ્રાયશ્ચિત્ત વિધિ નામના સાતમા અધ્યાયમાં વિસ્તારથી વર્ણવેલાં છે, તેથી અત્ર ફરીથી કહેવાની જરૂર નથી.

હું કોણ છું એટલે મારૂં વાસ્તવ સ્વરૂપ શું છે? જેજે પ્રકારની પ્રતિકૂલતાનું મને ભાન થાય છે, તે સર્વમાંથી છૂટવારૂપ મોક્ષને હું કેવી રીતે પ્રાપ્ત કરૂં? આ જનમમરણ આદિ ચક્રમાં ક્યા હેતુથી શા માટે હું યોજાયલો પ્રતીત થાઉં છું આ પ્રમાણે વિચાર કરવો એ પરમતપ છે. વળી કહ્યું છે કે મન તથા ઇન્દ્રિયોની ઇષ્ટ વિષયમાં એકાગ્રતા કરવી એ પરમતપ છે. એજ સર્વ ધર્મોમાં પરમ ધર્મ કહ્યો છે.

૨. સંતોષ. વગર પ્રયાસ કરે, સ્વભાવથી જે આવી મળે તેમાં નિત્ય પ્રીતિને સેવવી તેને સંતોષ કહ્યો છે. માટે ચિંતા કરવામાં તે પોતાના સામર્થ્યનો વ્યય કરતો નથી. પ્રાપ્ત વસ્તુનો જે વર્તમાન ક્ષણે યોગ છે તેનો સર્વોતમ લાભ અનુભવવામાં અને તેનો સર્વોત્તમ આનંદ લેવામાંજ સર્વાંશે તેની વૃત્તિ રોકાય છે. વર્તમાન ક્ષણે જે વસ્તુ પ્રાપ્તછે, તેનો વિયોગ તેજ ક્ષણે હોઈ શકતો નથી. ભાવિક્ષણોમાં તેનો વિયોગ કલ્પીને તે વિયોગના પરિણામે થવાનાં સુખ દુઃખોની કલ્પનાઓને પણ તે કરતો નથી. કુદરતના નિયમો માત્ર વિકારી છે. તેથી જે જે હેતુઓથી તે પ્રકારનો વિયોગ થશે એવું અનુમાન આ ક્ષણે થાય છે તથા તે વિયોગના પરિણામે જે જે સુખ દુઃખાદિ ભોગવવાં પડશે એ પ્રકારનું પણ અનુમાન થાય છે, તેમાં વિશ્વના વિકારી સ્વભાવથી અન્ય ફેરફાર નહિ થાય, અન્ય વિરોધી પ્રકારના પ્રસંગો નહિ બની આવે, એવું માનવાનું પણ કાંઈ કારણ નથી. આ પ્રકારની વિશ્વની સ્થિતિ હોવાથી ભાવિના સમયને માટે પ્રતિકૂલ કલ્પનાઓ કરવાનું પ્રયોજન નથી. છતાં પ્રતિકૂળ કલ્પનાઓથી બળ ઘટે છે. માટે એમને તો કરવાનીજ નથી. અનુકૂલ કલ્પનાઓ અનુકૂલ પ્રસંગોને ખેંચી લાવે છે. માટે તે પ્રકારના વિચારપૂર્વક વર્તન કરવું. પ્રાપ્ત પદાર્થના પૂર્ણ ઉપયોગમાં તો એ પ્રકારની કલ્પના પણ ચિત્તને વિભક્ત કરે છે તેથી તે પણ ત્યાજ્ય છે. એ પ્રકારની સ્થિતિથી પ્રાપ્ત પદાર્થમાં સંપૂર્ણ અનન્ય પ્રીતિ રાખવી તેજ ખરો સંતોષ છે. બ્રહ્મલોક આદિના વિષયો સહિત જે પોતાના આત્મતત્વથી અન્ય રૂપે ભાસે છે અથવા કહ્યું છે તે સર્વ પ્રતિ વિરાગ રાખવો. તે સર્વમાંથી પ્રેમને ખેંચીને પોતાના આત્મ તત્વ પ્રતિ તે પ્રેમને એકત્ર કરીને વહેવરાવવો. એ પ્રકારની આત્મદેવની અનન્ય ભક્તિ તે પરમ સંતોષનું સ્વરૂપ છે.

૩. આસ્તિકય. શ્રૌત તથા સ્માર્ત વચનો સત્ય છે તે વચનોમાં જે જે કહ્યું છે તે પ્રમાણે વર્તન કરવાથી અવશ્ય મારૂં હિત સધાશે. ને અન્ય રીતે થઇ શકશે નહિ એ પ્રકારનો તે વચનોમાં જે વિશ્વાસ તેને આસ્તિકય કહ્યું છે. આસ્તિકય શબ્દ ॥ अस्ति ॥ (છે) ભાવવાચક છે. જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે નથીજ એ પ્રકારની વિપરીત ભાવનાનો ગંધ પણ તેમાં હોવો નહિ જોઇએ.

॥ सत् ॥ એજ મારૂં સ્વરૂપ છે ॥ असत् ॥ એટલે અભાવાત્મક હું નથીજ. તેમજ હું ॥ सत् ॥ હોઇશ કે ॥ असत ॥ હોઇશ એ પ્રકારનો

સંશય પણ મારા સ્વરૂપના સંબંધમાં નથી. એ પ્રકારની પોતાના આત્મ સ્વરૂપ સંબંધી નિત્ય ભાવના વહેવી તે પરમ આસ્તિકય છે.

૪. દાન, ધન, અન્ન તથા અન્ય પદાર્થોને ધર્મપૂર્વક પ્રાપ્ત કરવાના છે. એ પ્રકારે અન્યાયથી પ્રાપ્ત થએલા પદાર્થોમાં તેમની પ્રાપ્તિના સમયના અન્યાય રૂપ દોષના સંસ્કારો હોય છે. તેવા દોષરૂપ પદાર્થોનું દાન કરવામાં પણ પાપ છે. તો તેનો સકામ ઉપયોગ કરવામાં અત્યંત પાપ હોય એમાં તો કહેવાનુંજ શું ? આ સંબંધમાં એક આખ્યાયિકા એવી છે કે એક ગ્રામમાં એક ગણિકા અત્યંત મોહક શરીરાદિ સામગ્રીવાળી હતી. તેનો દુરૂપયોગ કરીને અધર્મ તથા અન્યાય વડે અનેક લંપટ ધનવાન પુરૂષો પાસેથી ઘણું દ્રવ્ય તે મેળવતી હતી. તેણે કોઈ પ્રસંગે પાપને નાશ કરવાનું સામર્થ્ય બ્રાહ્મણોને ભોજન તથા દક્ષિણા રૂપ દાન આપવામાં ઘણું છે એ પ્રકારે શ્રવણ કર્યું. તેથી તેણે એવો નિશ્ચય કર્યો કે અધર્મ તથા અન્યાયથી હું ઉપરથી અનુકૂલતારૂપ સુખને આપનારા પદાર્થો મેળવું છું. આમ કરવામાં મને જે પાપ થાય છે તેની નિવૃત્તિ અર્થે તે પદાર્થોમાંથી ઉદારતાથી વ્યય કરીને દરેક વ્યતિપાતે બ્રાહ્મણને શ્રદ્ધાપૂર્વક ભોજન કરાવીશ. મિષ્ટાન્નો સાથે જમાડીને તેમને એકએક સુવર્ણ મુદ્રાનું દક્ષિણા રૂપે દાન કરીશ. એ પ્રકારનો દૃઢ સંકલ્પ કરીને એક બાજુથી સ્વચ્છંદી પણે નિર્ભયતાથી અધર્મ તથા અન્યાય માર્ગે દ્રવ્યનો સંચય કરવા લાગી અને બીજી બાજુથી તે અશુદ્ધ દ્રવ્યમાંથી વ્યય કરીને બ્રાહ્મણોને ભોજન તથા દક્ષિણાનું દાન કરવા લાગી. આમ કરતાં તે ગણિકા એક ઉદાર સજ્જન તરીકે અજ્ઞ મનુષ્યોમાં પ્રસિદ્ધ થઇ. એક સમયે તે ગણિકાના પૂર્વ જન્મના કોઇ સુકૃત પુણ્યફલ આપવા તત્પર થવાથી તે સ્થાનમાં એક સાધુ યતિનું આગમન થયું. બ્રાહ્મણો ભોજન કરવા અર્થે આસનો ઉપર બેસવાની તૈયારી કરતા હતા. યતિના આગમનની ખબર કરતાં પ્રેમ તથા શ્રદ્ધાપૂર્વક તે ગણિકાએ તે યતિના સામા જઇને સ્વાગત કર્યું અને કૃપા કરીને આ ભોજનનો સ્વિકાર કરો એ પ્રકારની યાચના કરી. પ્રશાન્ત, ગંભીર ચિત્તથી તે મહાત્માએ પોતાની સંમતિ સૂચવી. બ્રાહ્મણોએ તુરતજ સ્નાન કરેલું તે તથા અન્ય મલિન જળથી ગણિકાના દ્વાર સમીપ ખાલ કુંડી ભરાયલી હતી. તેને સાફ કરે ઘણો સમય ગએલો હોવાથી તેમાં જંતુઓ ખદબદ ખદબદ કરી રહેલાં હતાં. તે દુર્ગંધમય જલની પાસે ઓટલા ઉપર બેશીને મહાત્માએ પોતાનું કમંડલ તે જલમાં શાન્તિથી બોળીને તે વડે પોતાના પગ ઘસી ઘસીને ધોવા માંડયા. ગણિકા તથા

બ્રાહ્મણો તે મહાત્માની આ પ્રકારની કૃતિને જોઇને અત્યંત વિસ્મય પામ્યાં અને રઘવાયાં થઇને કહ્યું કે "મહારાજ આપ આ શું કરો છો? નિર્મલ શુદ્ધ જલ આપને માટે આ તૈયાર છે." તે યતિયે સસ્મિત વદનથી ઉત્તર આપ્યું કે, આ જલને આપ મલિન કહો છો તેવું તે મલિન ભલે હોય. પરંતુ તે વડે મારા શરીરની અશુદ્ધિ દૂર તો થશેજ. તે સર્વેજનોએ એક અવાજથી કહ્યું કે "મહારાજ એવું તે હોય! આપ યતિરૂપે પવિત્રજ છો. તેં આપની પવિત્રતાનો આ જલના સંસર્ગથી નાશ થાય છે" યતિએ હસતાં હસતાં ઉત્તર આપ્યું કે જો એમજ હોય તો અન્યાય તથા અધર્મ વડે આ ખીચારી ગણિકા દ્રવ્યાદિ પદાર્થોને પ્રાપ્ત કરે છે. એ મલિન પદાર્થો તમારા જેવા સ્વભાવથી શુદ્ધ બ્રાહ્મણોને મલિન નથી કરતા એવું તમે શા રીતે માનો છો? તથા તે દ્રવ્યની પ્રાપ્તિ અર્થે કરાયલાં પાપોમાં તમારા જેવા બ્રાહ્મણોને તે દ્રવ્યના દાનના પ્રતિગ્રહ દ્વારા મલિનતા કરવા રૂપ પાપનું અધિક ઉમેરણ થતું નથી એ પ્રકારનું તમે કેવી રીતે માનો છો? તે સમજાતું નથી. આ ઉપરથી ગણિકાને તે ઉપદેશનો મર્મ સમજાયો. તે સમયથી તેણે પાપાચરણનો ત્યાગ કર્યો. અને જે દાનધર્મનો પોતાને અધિકાર નહોતો તેનો ત્યાગ કર્યો. પોતાનું સર્વસ્વ દુઃખી તથા લુલાં લંગડાં મનુષ્યો તથા અન્ય પ્રાણીઓના ઉપયોગ અર્થે રાજાને સ્વાધિન કરી દીધું. અને પોતાના શેષ આયુષ્યને તેજ યતિના ઉપદેશપૂર્વક તપશ્ચર્યારૂપ પ્રાયશ્ચિત્તમાં ગાળીને યથાર્થ વિધિથી પૂર્વના પુણ્યના બળથી કૃતકૃત્ય થઈ. સારાંશ એ ફલિત થાય છે કે દાન કરવાના પદાર્થ ન્યાય તથા ધર્મપૂર્વક પ્રાપ્ત કરેલા હોવા જોઇએ. ધર્મ કે કોઇપણ પ્રકારનું મહત્ કાર્ય કરવું છે એવા બહાનાથી અન્યાય માર્ગે દ્રવ્યને સમજ્યા પછી કોઈ મેળવવા પ્રયત્ન કરશે નહિ છતાં અજ્ઞાનની સ્થિતિમાં દ્રવ્ય અન્યાયથી મેળવ્યું હોય તો મલિન જળમાં મલિન જળ ઉમેરાતાં બગડતું નથી તે ન્યાયે પૂર્વના પાપોથી અપંગતા, અંધત્વ આદિ રોગોથી પીડિત અનાથ જનોને તેમના દુઃખના નિવારણાર્થે તે દ્રવ્ય વપરાય તો યોગ્ય ગણાય; અથવાતો મહાન ભડભડતા દાવાનલના તાપમાં ગમે એવું લિલું વૃક્ષ હોય તોપણ તે વૃક્ષ બળીને ખાખ થઇ જાય છે, અને અગ્નિને પણ વિશેષ પ્રજ્વલિત કરે છે તે ન્યાયે સાધક અવસ્થાને પાર ઉતરેલા સાચા જ્ઞાની પુરૂષોને તે દ્રવ્યો આપી દેવાથી તેમના સંસર્ગદ્વારા તે દ્રવ્યમાં અનુસ્યુત થએલો દોષમલ બળી જાય છે, અને તે મહાત્માને તે દોષ સાભિમાન જીવન નામનું આધારરૂપ પાત્ર નહિ હોવાથી સ્પર્શ સરખો પણ કરી શકતો નથી. દોષના રંગની પીછી અન્ય જડ

વસ્તુઓને દોષથી રંગે છે. છતાં નિરભિમાની આ મહાત્માઓને રંગવા જતાં રંગ સહિત તે પીછી તેમના પ્રચંડ જ્ઞાનાગ્નિમાં બળીને ભસ્મ થઈજાય છે.

આ પ્રમાણે દાનમાં આપવાનો પદાર્થ શુદ્ધ છતાં તેનું દાન યોગ્ય પાત્રને જોઈને આપવાનું છે. પ્રારબ્ધ યોગથી સુંદર તથા સદ્ગુણવાળી કન્યા હોય તેનું યોગ્ય ઉત્તમ પુરૂપ સાથે લગ્ન કરવામાં જેટલી કાળજી રખાય છે તેટલીજ કાળજી ધન આદિ પદાર્થોનું દાન કરવામાં રાખવાની છે. ધર્મ પૂર્વક પ્રાપ્ત થએલા પદાર્થોમાં પણ તે તે પદાર્થના અભિમાની દેવતા રૂપ ચૈતન્ય રહેલું છે. મારો આ કેવે પ્રકારે ઉપયોગ કરશે, મને દૂષિત સ્થાનોમાં તો નહિ મૂકે એમ પદાર્થ માત્ર થરથરે છે. સુપાત્રને ત્યાં જવાથી તે પદાર્થોનો ઉપયોગ સદ્વ્યવસ્થાથી થાય છે તેથી તે દ્રવ્યાદિના અધિ દેવતાને સંતોષ થાય છે. વ્યવસ્થા કરવાના સામર્થ્ય હીન કુપાત્રને દાન આપવાથી કેવી વિટમ્બણા થાય છે. તેનું દૃષ્ટાન્ત શ્રીમદ્ ભાગવતમાં નરક રાજાની આખ્યાયિકામાં આપેલું છે. તે રાજા નિત્ય ગૌદાન કરતો. તેમાં એક કુપાત્ર બ્રાહ્મણને તેણે ગાય આપી. એ બ્રાહ્મણમાં તે ગાયની વ્યવસ્થા કરવાનું સામર્થ્ય નહોતું. તેથી તે ગાય તે બ્રાહ્મણને ત્યાંથી છુટીને પાછી તે રાજાની ગૌશાળામાં અન્ય ગાયો ભેગી ભળી ગઈ. રાજાને આ વાર્તાની ખબર નહિ હોવાથી ગાય પ્રથમ તે દાનમાં અપાયલી હતી માટે પારકી હતી. તે ગાયને તેના નવા માલિકની સંમતિ વિના, અન્ય બ્રાહ્મણને દાનમાં આપી. આ પાપથી તે રાજા મહા દુઃખી થયો છે.

કહ્યું છે કે અવૈદિક બ્રાહ્મણને કાંઈ આપવાનું ફલ નથી. અગ્નિને ઠેકાણે ઠંડી રાખોડીમાં બલિદાનનો હોમ કરવા જેવું તે નિષ્ફલ છે. માટે વૈદિક દ્વિજને દાન આપવું.

દાન આપવામાં પોતાની કીર્તિ વધે અથવા તો દાન લેનાર દાતાનો ઉપકાર માનીને તેનો બદલો વાળવા કાંઈ વખત કામમાં આવે અથવા તો સગાંસંબંધી કે મિત્ર આદિ જેઓ પોતાના આશ્રયની અપેક્ષા રાખે છે તેમને દાનના મિષથી ઉપકાર કરવા કે એ પ્રકારના અન્ય હેતુથી અપાયલું હોય તે વાસ્તવ દાનમાં ગણાતું નથી. શ્રદ્ધાપૂર્વક પરમેશ્વર પ્રીત્યર્થ માત્ર આપવું તેજ ખરૂ દાન છે.

દાનના પ્રકારો પૂર્વે શિવ ભક્ત પૂજન વિધિમાં વર્ણવેલા છે તેથી તે તેમાં જોઈ લેવા.

વ્યાવહારિક દૃષ્ટિથી શરીરાદિ આત્મ તત્વથી અન્ય સર્વસ્વ રૂપે ગણાતું બધુંજ શ્રદ્ધાપૂર્વક બ્રહ્મતત્વરૂપ આત્મદેવને સમર્પણ કરીને સંપૂર્ણ વિરક્તાવસ્થામાં રહેવું એ પરમ દાન છે.

૫. ઈશ્વર પૂજન. વર્ણના ધર્મોને અનુસરીને ઇષ્ટનું સ્વરૂપ શાસ્ત્રમાં કહેલું છે. તેમાં બ્રાહ્મણોએ શ્રી મહાદેવને ઇષ્ટરૂપે લેવા. ક્ષત્રિયોએ વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું. અને વણિક સાધકોએ બ્રહ્માને ઇષ્ટ રૂપે લેવાના. આ પ્રમાણે ઇષ્ટ સ્વરૂપનો સ્વિકાર કરીને પોતપોતાના ઇષ્ટનું ભક્તિ પૂર્વક અર્ચન કરવું. પૂર્વે ઇશ્વર પૂજન વિધિ નામના શિવ માહાત્મ્ય ખંડના ચોથા અધ્યાયમાં આ અર્ચનનું સ્વરૂપ વિસ્તારથી આપ્યું છે.

જેનું હૃદય રાગાદિ દોષથી રહિત છે, જે પોતાની વાણીમાં કોઇ પણ પ્રકારના દોષને જુઠું આદિરૂપે રહેવા દેતો નથી, જેની કાયા, કોઇને પણ હાનિ કરવા પ્રવૃત્ત થતી નથી, એ પ્રમાણે કાયિક વાચિક તથા માનસિક દોષોને જે પ્રયત્ન પૂર્વક દૂર રાખે છે તે પણ ઇશ્વિર પૂજન છે.

પોતાનું આત્મતત્વ એજ ઇશ્વર તત્વ છે એ પ્રમાણે માનીને જે પ્રેમ આત્મતત્વ ઉપર છે તે સંપૂર્ણ પ્રેમ ઇશ્વિર પ્રતિ જેનો વળી રહ્યો છે અને જેનું સંપૂર્ણ નિજત્વ ઇશ્વિર તત્વમાં વિલાઈ ગયું છે તે પરમ ઇશ્વિર પૂજન છે.

૬. સિદ્ધાન્ત શ્રવણ

વેદનો અંત એટલે છેવટનો ભાગ જે ઉપનિષદો તેને વેદાંત કહે છે. સમસ્ત વેદ વિદ્યાના અભ્યાસમાંથી નવનીતરૂપે છેવટનું તાત્પર્ય કહાડવાનું તેને પણ વેદાન્ત કહે છે. આ વેદાન્તમાં ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ દ્વારા જે છેવટનું તાત્પર્ય સત્ય છે, એ પ્રમાણે સિદ્ધ કરી આપેલું છે જે આત્મતત્વ રૂપ તાત્પર્ય જ્ઞાન અન્ય જ્ઞાનની માફક શબ્દ તથા તર્ક તેમજ કાંઈ અન્ય પદાર્થના પરિણામ રૂપે વાસ્તવે બનેલું નથી પણ સ્વતઃ નિત્ય તૈયારજ છે ને તે આદિ પ્રકારે સાધ્ય નથી પણ સિદ્ધ છે એવું જે વેદાન્ત તાત્પર્ય તેને સિદ્ધાંત કહ્યું છે. એટલે વેદાન્ત વચનોમાં કહ્યું છે કે આત્મ દેવનું સ્વરૂપ સત્ય, જ્ઞાન, અનંત, પરાનંદ, ધ્રુવ, પર પ્રત્યક રૂપ છે તે શબ્દોનું શ્રવણ કરીને તે વસ્તુ પોતે શ્રવણ કરનારથી બહારની વસ્તુ છે એમ નહિ પણ તે વસ્તુ શ્રવણ કરનાર પોતેજ છે, એ પ્રકારે સાક્ષાત્

અપરોક્ષ અનુભવ કરવો એ સિદ્ધાન્ત શ્રવણનું આ લક્ષણ શ્રવણ કરવાની ઇચ્છા થાય તો બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય સ્ત્રીઓ એ શ્રુતિનાં વાકયો દ્વારા તે સિદ્ધ કરવાનો પ્રતિબંધ નથી, પણ એવા ઉંચા અધિકારવાળી ન હોય તેવી સામાન્ય મતિની સ્ત્રીઓ તથા શૂદ્રો વેરાગી તથા બાવાઓએ તો એ તાત્પર્યનું પુરાણદ્વારા શ્રવણ કરવાનું છે.

૭. હ્રી. અમુક અમુક કર્મોનો વેદોનાં વાકયથી સાક્ષાત્ નિષેધ કરેલો છે. બીજાં કેટલાંક એવાં કર્મો હોય છે કે તેને માટે શાસ્ત્રમાં સાક્ષાત્ નિષેધ કરેલો હોતો નથી તેથી શાસ્ત્રદૃષ્ટિથી તે કર્મો શુદ્ધ દેખાય છે છતાં **॥ यद्यपि शुद्धं लोक विरुद्धं ना करणीय ना चरणीयम् ॥** એ લોકોક્તિને અનુસરવાની છે. એટલે શાસ્ત્રમાં નિષેધ ન હોવાથી કર્મ કે આચાર શુદ્ધ ગણી શકાય એવો હોય તો પણ લોકદૃષ્ટિથી તે વિરોધી મનાયલો હોય તો તે કર્મને કરવાનું નથી—તે આચરણને આચરવાનું નથી. તે કર્મ તથા આચરણને નિષિદ્ધરૂપેજ ગણવાનું છે. આ પ્રકારનાં નિષિદ્ધ કર્મો હલકાં ગણાય છે. તેવાં તેવાં કર્મો કરવામાં જે શરમ આવવી તેને હ્રી કહી છે. એજ પ્રકારે જે કર્મો કરવાની શ્રુતિ ભગવતીના સાક્ષાત્ આજ્ઞા છે, એજ પ્રકારે અને વળી જે કર્મો કરવાની તેવી સાક્ષાત્ આજ્ઞા નથી, પણ નિષેધ પણ શાસ્ત્રમાં નથી તેવાં કર્મો લૌકિક રીતથી કરવાનો પ્રચાર હોય છે, તે કર્મોને વિધેય કર્મો કહ્યાં છે. એ પ્રકારનાં કર્મો ન કરવાથી જે શરમ આવે તેને પણ હ્રી કહી છે. કોઈ કોઈ પ્રસંગે એવું બને છે કે કેટલાંક કર્મોનો શાસ્ત્રે સાક્ષાત્ નિષેધ કરેલો હોય છે છતાં લૌકિક પ્રચાર એટલો બધો અજ્ઞાનથી અધમતાને પામી ગએલો હોય છે કે તે નિષિદ્ધ કર્મોને અવશ્ય કરવાંજ જોઇએ એવો રીવાજ બંધાઈ જાય છે. એથી ઉલટું કેટલાંક કર્મો શાસ્ત્રે કરવાની આજ્ઞા કરી હોય છે છતાં તે ન કરવાનો રીવાજ બંધાઈ ગએલો છે. લગ્ન પ્રસંગમાં સુરાપાન આદિનો કેટલીક જ્ઞાતિઓમાં રિવાજ પ્રથમના દૃષ્ટાન્તરૂપે છે. લગ્ન વખતે ગવાતાં ગીતોમાં પરસ્પરને અપ્રસંનતા ઉત્પન્ન કરનાર શબ્દોનો ઉપયોગ થાય છે તે પ્રથમના દૃષ્ટાંતનું ઘણા પસારને પામેલું સ્વરૂપ છે. બીજા પ્રકારના દૃષ્ટાન્તોમાં બ્રાહ્મણે નોકરી કરવારૂપ શૂદ્ર વૃત્તિને ધારણ કરવી અને તે અર્થે વેદવિદ્યાનું અધ્યયન કરવું તથા ગુરૂરૂપે અન્ય શિષ્યોને તે વિદ્યા શીખવવી, દાન લેવું તથા દાન આપવું, વેદોક્ત કર્મોને કરવાં તથા અન્યને કરાવવાં, એ પ્રકારે ષટ્કર્મનો અધિકાર બ્રાહ્મણને છે. તે દ્વારાજ પોતાની આજીવિકાને મેળવવાની

છે તેનો ત્યાગ કરવો. શૂદ્રે ત્રૈવર્ણિક પ્રજાની સેવા કરીને આજીવિકા મેળવાની છે, છતાં બ્રાહ્મણાદિ ઉચ્ચ વર્ણના બાલકોના ગુરૂ બનીને તેમને શિક્ષણ આપે છે, અથવા તેમના ઉપરી બનીને તેમની પાસેથી તેમની સેવા લેછે. આ પ્રકારની ઉપજીવીકાથી લોભાઇને ત્રૈવર્ણિક પ્રજાની સેવા કરવા રૂપ ધર્મોનો ત્યાગ કરે છે. આ પ્રકારનો વિધેય ધર્મનો ત્યાગ તથા નિષિદ્ધ ધર્મોનો સ્વિકાર પ્રચલિત છે. છતાં તે પ્રકારનાં લૌકિક કર્મો તથા ત્યાગો શાસ્ત્ર વિરૂદ્ધ છે માટે તેવાં કર્મો ન કરવાથી અથવા કરાયાથી હું હલકો ગણાઇશ એ પ્રકારની લજ્જાનો હ્રીમાં સમાવેશ થતો નથી. લગ્ન જેવા પવિત્ર અને અત્યંત હર્ષપ્રદ પ્રસંગમાં સારા હૃદયવાળી સ્ત્રીને પ્રચલિત લૌકિક રીતે ગાલીદાન મહેણાં ટુણાં આદિવાળાં ગાયનો ન આવડે તેથી તે ધર્મ લૌકિક છતાં પણ શરમાવાનું નથી. એજ પ્રકારે મરણ પ્રસંગે ગવાતા રાજીઆ ગાતાં ન આવડે તેથી પણ શરમાવાનું નથી. એથી ઉલટું એ પ્રકારના નિષિદ્ધ આચરણો ન આવડવાં એજ શોભા છે. લૌકિક રીતે પ્રચારમાં આવ્યા છતાં પણ જે લૌકિક વિધિનિષેધ શાસ્ત્રથી સાક્ષાત્ વિરોધિ છે તેનો આચાર કરવાથીજ શરમાવાનું છે.

એક અત્યંત વિસ્મય પમાડે એવું છે. તેણે ચતુરાઇનું અભિમાન ધરાવ્યું છે એવી પોતાને સુશિક્ષિત ગણાવનારી ઉચ્ચજ્ઞાતિયોમાં પણ ભારે કલહને મચાવિ મુકયો છે. એવી હ્રી નામના નિયમના આભાસને ધારણ કરીને ઉભી થએલી મિથ્યા હ્રી પ્રતીત થએલી છે. પરદેશ ગમન નામની આ ક્રિયા છે. ક્ષત્રિયોએ પોતાના ક્ષત્રિય ધર્મ અર્થે ધર્મના સંરક્ષણને માટે પૃથ્વિના ભિન્નભિન્ન પ્રદેશોની પ્રજાના રક્ષણ અર્થે કટિકસીને સમગ્ર પૃથ્વિમાં જવાનું છે. એજ એમનો ધર્મ છે. એ ધર્મ અર્થે આખિ પૃથ્વિના કોઇ પણ ભાગમાં ગમન કરવું પડે તે સમયે પરદેશ ગમનની જુઠી લજ્જાને ધારણ કરીને પાછો હઠે તો તે અધર્મ છે. પરદેશમાં જઇને યુદ્ધાધિ કરવાં પડે તથા વિવિધ પ્રકારની વ્યવસ્થાઓ કરવી પડે છે. **॥ वर्णानां ब्राह्मणो गुरु ॥** (વર્ણ માત્રનો ગુરૂ બ્રાહ્મણ છે.) એ શાસ્ત્રની આજ્ઞાનુંસાર આ પરદેશ ગમન તથા ત્યાં કરવાના ધર્મોનું શિક્ષણ પણ બ્રાહ્મણ પાસેથી ક્ષત્રિયે લેવાનું છે. અન્ય વર્ણ પાસેથી તેણે તેને ગ્રહણ કરવાનું નથી તેથી શસ્ત્રઅસ્ત્ર આદિ વિદ્યા તથા રાજ્ય વ્યવસ્થા કેવે પ્રકારે ઉત્તમ રીતે કરવી એ શિક્ષણ બ્રાહ્મણેજ ક્ષત્રિયને આપેલાનાં દૃષ્ટાંતો પુરાણાદિમાં પ્રસિદ્ધ છે. જાતિ અનુભવાત્મક જ્ઞાન વિના આ

પ્રકારનું શિક્ષણ આપી શકાય તેવું છેજ નહિ. વળી પુરોહિત આદિ રૂપે સાથે રહીને દેવાદિના સંતોષાર્થે પરદેશમાં પણ કર્મો કરવાં. કરાવવાં વિગેરે કરવા માટે તેમજ ત્યાં પરદેશમાં અણધારેલા પ્રસંગો આવી બને તે વખતે સત્વર સલાહ આપવા અર્થે ક્ષત્રિયોની સાથે બ્રાહ્મણોએ પણ પરદેશમાં જઇને ક્ષત્રિયોને સહાય્ય કરવાની આવશ્યકતા છે. ક્ષત્રિયો પોતાનું કાર્ય ત્યાં કરી રહે તે સમયે ધર્મના સંસ્થાપનને ત્યાં પ્રત્યક્ષ કરવા માટે પણ બ્રાહ્મણોએજ હાજર રહેવું જોઈએ. હાલ અમેરીકા ખંડમાં પણ જમીનમાં દટાઈ ગએલાં શિવાલયો વિગેરે દ્રષ્ટિગોચર થાય છે. આ શિવાલયોમાં શંકર આદિ દેવતાઓના સંસ્થાપન કરનાર બ્રાહ્મણ શિવાય અન્ય વર્ણ હોઈ શકતી નથી આ ઉપરથી સહજ સમજાય છે કે બ્રાહ્મણ તથા ક્ષત્રિયને માટે પરદેશ ગમન અધર્મ રૂપે હોઈ શકે નહિ પણ વૈદિક આજ્ઞારૂપ ધર્મ છે. વણિક વર્ણ તો વહાણ આદિ સાધન વડે વ્યાપાર અર્થે પરદેશ ગમન કરવું એ એમનો ધર્મ છે તેમાં તો કોઈને શંકા હોઇ શકતી નથી. તેમના પુરોહિત આદિ રૂપે તેમના ગોર (ગુરૂ) સાથે હોય તેમાં આશ્ચર્ય નથી. એ પ્રકારે ત્રૈવર્ણિક પ્રજાને માટે પરદેશ ગમન શાસ્ત્રવિહિત ધર્મરૂપે છે. છતાં કેવા કારણથી પરદેશ ગમન પરદેશ ગમનરૂપે અધર્મ ગણાયો છે તે સમજવું કઠીન છે. કર્મમાત્ર વિહિત છતાં પણ તેને અંગે સ્ખલનો થાય છે. તેથી તથા તેમાં કેટલાક જાણતા અજાણતાં હિંસાદિ પાપો થાય છે, તેની નિવૃત્તિ અર્થે દરેક કર્મમાં શાપ વિમોચન, કીલક આદિનું તથા દાન આદિનું પ્રાયશ્ચિત્તનું વિધાન તે તે કર્મના અંગરૂપે કહેલું હોય છે. અને તે કરાય પણ છે, એટલુંજ માત્ર શાસ્ત્રે કહેલું છે. આ પ્રકારનાં તે તે કર્મ સાથે જોડાયલાં પાપોને નજીવાં ગણીને તેને ઉપપાતક એવુંજ માત્ર નામ આપેલું છે. આ પ્રકારના ઉપપાતકોને હેતુરૂપે અતી ભારે સ્વરૂપ આપીને તે ધર્મરૂપ સત્ ક્રિયાનો નિષેધ શાસ્ત્રે કરેલો નથી. પણ તે કર્મનું વિધાનજ કાયમ રહે છે. આ વિધાનના અંગરૂપ પ્રાયશ્ચિત્ત કરાવવામાં પણ **॥ देशकालौ संकीर्त्य ॥ ॥ अद्याद्य ॥** એ શબ્દોના ઉચ્ચારણપૂર્વક સંકલ્પ કરાવાય છે. કહ્યું છે કે આ પ્રકારના સંકલ્પને કર્યા શિવાય કરાયલું કર્મ નિષ્ફળ છે. તાત્પર્ય એ નિકળે છે કે પ્રાયશ્ચિત્તાદિ કર્મને કરાવવામાં દેશ તથા કાલનો પ્રથમ વિચાર કરવો. એ વિચાર કર્યા વિના જે કાંઈ કરાય તેમાં વિઘ્ન આવે છે.

આ પ્રમાણે ધર્માર્થે પરદેશ ગમન કરવું. અને દેશકાલને અનુસરીને યોગ્ય પ્રાયશ્ચિતને આચરવું એ તો યોગ્ય છે. પણ ઉપરથી ધર્મનો મિષ કહાડીને અધર્માચરણને ઉદ્ધતપણે સ્વિકારવાં એ દોષ છે. પરદેશ ગમનમાં આ પ્રમાણે બનતું દૃષ્ટિગોચર થાય છે, છતાં આચાર ભ્રષ્ટતાન પાપનો માટે તેવા પાપને માટે જે પ્રાયશ્ચિત્તો કહ્યાં હોય તે પ્રાયશ્ચિત્ત પ્રત્યક્ષ તે પાપને અર્થે કરાવાં જોઇએ. પરદેશ તથા આધુનિક કાલનો વિચાર કરીને આ પ્રાયશ્ચિતોનું પ્રમાણ હોવું જોઇએ. એ આચાર ભ્રષ્ટતાના પ્રાયશ્ચિત્તનો પરદેશ ગમન કરનાર આ દેશમાંજ રહીને વિશેષ અનુકૂલતા છતાં તે પ્રકારની આચાર ભ્રષ્ટતાને કરે તેમના પ્રતિ અખાડા નહિ કરતાં અત્યંત સાવધાનતા પૂર્વક તેમને વિશેષ પ્રાયશ્ચિત્તના અધિકારીઓ પ્રથમ ગણવાં જોઇએ.

આ પ્રકારની વસ્તુ સ્થિતિ છતાં પરદેશ ગમન પોતાના ધર્મને દેશ કાલના વિચાર પૂર્વક કરવાથી ભયને ધરવો અને તે ધર્મને આચારમાં મુકવાની જરૂર પડે તે વખતે તે કાર્ય હલકું છે એવા વિચાર પૂર્વક તેનો ત્યાગ કરવો એ પણ મારા વિચાર પ્રમાણે મિથ્યા હ્રી છે. યોગના ઉપાંગ રૂપે જે હ્રીનું સ્વરૂપ લેવાનું છે તે તો એક યોગ્ય સ્થાનમાં નિવાસ કરીને ચિત્તને એકાગ્રતા કરવા માટે ઉપયોગમાં આવે એવાજ ધર્મો કહ્યા છે તે ધર્મોનું પાલન ન થવાથી જે હલકું ગણાય તે પ્રકારની શરમ એવો અર્થ છે.

૮. મતિ. જે કાંઈ વૈદિક છે તે સર્વમાં શ્રદ્ધા રાખવી તેને મતિ કહી છે, મતિ શબ્દનો અર્થ માનવું એવો થાય છે. વૈદિક જે જે છે તે યથાર્થ છે અને તે દ્વારાજ સિદ્ધિ છે. એ પ્રમાણે માનવું અને તે માનવાના નિયમને ચાલુ રાખવો એ મતિનું સ્વરૂપ છે. ગત અધ્યાયમાં ધૃતિ નામનું યમનું સ્વરૂપ આપ્યું છે, તેમાં અને આ મતિ નામના નિયમમાં કાંઈક ભેદ છે. મતિ એમાં માત્ર માનવાની શ્રદ્ધારૂપે નિયંમત મનની સ્થિતિ છે. આ માનવામાં ભંગ કરાવે એ પ્રકારના વિઘ્નરૂપ પ્રસંગો આવી પડે તે વખતે જે દૃઢતાપૂર્વક તેમાંથી ખસાય નહિ અને નિડરપણે ભયના કારણોને દૂર કરતાં તે મતિમાં સ્થિરતાને ધરવી એ ધૃતિનું સ્વરૂપ યાદ રાખવું.

૯. **જપ**-મંત્રનો પુનઃ પુનઃ ઉચ્ચારણરૂપ અભ્યાસ કરવો તે જપ છે. **॥ મનનેન ત્રાયતે ॥** મનન કરવાથી જે વડે રક્ષણ થાય છે તે મંત્ર છે,

મંત્રનું સ્વરૂપ અક્ષરો વડે બનેલા શબ્દમય હોય છે. પુસ્તકોમાંથી વાંચીને મંત્રો એમને એમ લેવાના નથી. અન્ય મનુષ્ય ઉંચે સાદે મંત્રનો જપ કરતો હોય તે સાંભળી લઇને એમને એમ તે મંત્રનો જપ કરવાનો નથી, પણ ગુરૂએ યોગ્ય વિધિથી ઉપદેશરૂપે આપેલા મંત્રનો જપ કરવાનો છે. કાપાલ, નાકુલ, વામ ઈત્યાદિ આગમ શાસ્ત્રોમાં ઘણા મંત્રો છે. પરંતુ તે આગમો વેદ વિરૂદ્ધ છે. જે ગુરૂને એ આગમોનો સંસ્પર્શ હોય અથવા તો જેમાં તે આગમોનો વેદ વિરોધી ગંધ પણ હોય તેવા ગુરૂ પાસેથી મંત્રને ગ્રહણ કરવાનો નથી. માત્ર વૈદિક મંત્રનોજ વૈદિક માર્ગે અભ્યાસ કરવો તેજ વાસ્તવ જપ છે.

કલ્પસૂત્ર, વેદ, ધર્મશાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસનું પુનઃ પુનઃ પઠન કરવું તેને પણ જપ કહ્યો છે. પણ જે સ્મૃતિયો વેદની બહારની એટલે અવૈદિક છે તે તથા જે વૈદિક સિદ્ધાન્તો ઉપર અશ્રદ્ધા થાય તે પ્રકારે રચાયલાં હોવાથી કુતર્કવાળાં છે એવાં શાસ્ત્રોનો અભ્યાસ નિષ્ફલ છે. શાસ્ત્રના જીવનરૂપ જે વૈદિક જ્ઞાન તેનો તેમાં અભાવ છે. કેવલ અજ્ઞાનમયજ તે કહેવાતાં શાસ્ત્રો છે તેથી તે પ્રેત જેવાં છે. વેદોક્ત ધર્મ રૂડી રીતે પાળવાને અશક્ત હોય તેણે પણ પોતાની શક્તિ પ્રમાણે અને તેટલું તેનુંજ અનુષ્ઠાન કરવું.

ગમે એવાં વેદ વિરૂદ્ધ અર્થવાળાં તંત્રોમાં કહેલા મંત્ર ગમે એવા ઉત્તમ દેખાય છતાં તેનું અનુષ્ઠાન કરવાનું નથી. પોતાનો ધર્મ ગુણ રહિત હોય તેથી ફીકર રાખવાની નથી. તે ધર્મ પોતાનો છે તેટલાજ કારણથી તેનું અનુષ્ઠાન કલ્યાણકારી છે જે ધર્મ પારકો છે. અને પોતાનો નથી તેનું અનુષ્ઠાન ગમે તેવું ઉત્તમ પ્રકારે કર્યું હોય છતાં તે દ્વારા કલ્યાણ થવાનો સંભવ નથી. તેના કરતાં પોતાનો વિગુણ ધર્મ હોય તે પણ વિશેષ કલ્યાણપ્રદ છે. કહ્યું છે કે **॥ स्वधर्मेनिधनं श्रेयः परधर्मो भयावहः ॥** (પોતાના ધર્મમાં મૃત્યુ થાય તો પણ તે કલ્યાણરૂપ છે. પરાયો ધર્મ નિરંતર ભયનેજ ખેંચી લાવનારો છે.) માટે વેદ મંત્રનોજ જપ કરવામાં હરેક પ્રયત્નથી ઉદ્યત રહેવું.

જપ વાચિક તથા માનસ એમ બે પ્રકારનો છે. વાચિક જપ વળી બે પ્રકારનો છે. વૈખરી તથા ઉપાંશુ. વૈખરી જપમાં અન્યના કર્ણ શ્રવણ કરે એ પ્રકારના ઉંચા સ્વરથી મંત્ર શબ્દનું ઉચ્ચારણ થાય છે. ઉપાંશુમાં તે પ્રકારનો ધ્વનિ થતો નથી પણ માત્ર હોઠ તથા જીભનો ફડફડાટ થયાં કરે છે. માનસ જપ મનન તથા ધ્યાન એમ બે પ્રકારનો છે. મનનમાં

પ્રયત્નવડે મંત્રમાં કહેલા સ્વરૂપને વિચાર શક્તિદ્વારા ક્ષણે ક્ષણે પુનઃ પુનઃ ખડું કરાય છે અને પાછું તે સ્વરૂપ વિલાઈ જાય છે. ધ્યાનમાં તેજ મંત્રનું સ્વરૂપ માનસ પ્રદેશમાં નિયમિત સમય સુધી પ્રતીત થતું ટકી રહે છે.

વૈખરી નામના ઉંચે સ્વરે જપાયલા મંત્રના ફલ કરતાં ઉપાંશુ જપ નું ફલ હજારગણું છે. ઉંચે સ્વરે જપવાનો મંત્ર સર્વના અધિકારનો જે હોય તેવો હોય છે. એ મંત્રને માટે આટલું ફળ મળે છે એવું જે વિધાન શાસ્ત્રમાં હોય તેટલુંજ ફળ તેનાથી સિદ્ધ થાય છે. વળી નીચ, મ્લેચ્છ વિગેરેના શ્રવણગોચર થાય એ પ્રકારે તો કોઈપણ મંત્ર જપવાનો છેજ નહિ. માટે અરણ્યમાં કે કોઈ અન્ય એવા એકાન્ત પ્રદેશમાં જઈને આસન જમાવવું. અને ત્યાં નિર્ભયપણે ઉચ્ચ સાદે મંત્રનો જપ કરવો. એમ કરે તોજ ઉપર કહેલું ફળ મળે છે. જો એમાં પ્રમાદને સેવીએ અને અજાણે પણ તે મંત્રનો ધ્વનિ તેવાને કાને પડે છે તો તેટલું ફલ પણ મળતું નથી. ઉપાંશુ જપના ફળ કરતાં મનન નામના માનસ જપનું ફળ હજાર ગણું છે. અને ધ્યાન જપનું ફળ અનંત ગણું છે.

વેદના મંત્રો અનાદિ છે. તેમને કોઈએ બનાવ્યા નથી. એ મંત્રોનું જે જે મહાત્માઓને સ્ફુરણ થવા રૂપ પ્રથમ દર્શન થયું અને જેમણે તે પ્રમાણે પ્રતીતિમાં આવેલા મંત્રનો જગતના કલ્યાણ અર્થે સંગૃહ કરી લીધો તે મહાત્માને ઋષિ કહ્યા છે. એ મંત્રનું સત્ય તાત્પર્ય તથા પૂર્ણ બળ એ ઋષિના સ્વરૂપ દ્વારા વહી રહ્યું છે, તેટલા માટે કોઈ પણ મંત્રનો જપ કરવા પૂર્વે તે મંત્રના ઋષિના નામના ઉચ્ચારણપૂર્વક તેમની પાસેથી સંપૂર્ણ બળને યાચનાપૂર્વક આકર્ષી લેતા હોઈએ તેવી ભાવના કરવી. મંત્રની માત્રાઓના માપ પુરઃસર ઉચ્ચારણ થવાથી જે પ્રકારનું બળ તે મંત્ર દ્વારા ઋષિઓમાં પ્રતીત થયું હતું તેજ રીતે આપણામાં થાય છે. માટે ઋષિના સ્વરૂપના ધ્યાન પછી મંત્રનો છંદ કયો છે તેના નામનું ઉચ્ચારણ કરીને તે છંદના સ્વરૂપને અંતઃકરણમાં ખડું કરવું. મંત્ર માત્રનો અભિમાની દેવતા હોય છે. મંત્રમાં ફળ આપવાનું જે સામર્થ્ય પ્રતીત થાય છે તેનો અધિપતિ મંત્રદેવતા હોય છે. એ દેવતાનો પ્રથમ ભક્ત પૂર્વે કહેલા ઋષિ હોય છે. એ ઋષિ તથા તે મંત્રનો છંદ એ બન્ને એ દેવતાને ખાસ પ્રિય હોય છે. આપણે તે બન્નેનું અનુસ્મરણ કરેલું હોવાથી આ કારણસર તે દેવતા સાથે વિશેષ અભિમુખતાને પ્રાપ્ત કરીએ છીએ, અને તે સમયે તે અધિદેવતાનું નામોચ્ચારણ પૂર્વક ધ્યાન કરવું. તે પછી જપનો આરંભ કરવો.

મંત્ર માત્રની તેના ફળની પ્રાપ્તિ અર્થે સિદ્ધિ કરવાની હોય છે. મંત્રમાં જેટલા અક્ષરો હોય તેટલા લક્ષ જપ શુદ્ધ રહીને કરવા તેને તે મંત્રનું પુરશ્ચરણ કહે છે. તે પ્રમાણે પુરઃશ્ચરણ થયા પછી મંત્ર સિદ્ધ થયો કહેવાય છે, અને તે પછીજ તે મંત્ર ફળને આપે છે.

૧૦. વ્રત આપણો ઉદ્દેશ જે જે પાપો પ્રતિબંધરૂપે આપણા ચિત્તમાં હોય છે તેને દૂર કરવાનો છે. તે શુદ્ધિ બનતાં ચિત્ત નિર્મળ થઈ રહે છે. આપણો બીજો ઉદ્દેશ પુણ્યનો સંચય કરવાનો હોય છે. એ પ્રમાણે કરવાથી ઈષ્ટ ફળની પ્રતીતિ થવા અર્થે અનુકૂળતા મળે છે. આ પ્રકારે થવાને માટે ઉપવાસ વિગેરે વ્રતો કરવાનાં હોયછે. આ વ્રતોનું સ્વરૂપ ગુરૂ પાસેથી પૂર્વે ઉપદેશ રૂપે ગ્રહણ કરવું. બળાત્કારથી ગુરૂ પાસેથી વ્રત માગી લેવાનું નથી. ગુરૂની સેવા કરતાં પ્રસન્ન થઇને ગુરૂ પોતાની મેળેજ વ્રતનું સ્વરૂપ સમજાવે એ રીતે તેને સમજવાનું છે. તે પછી પણ ગુરૂ વ્રત કરવાની સંમતિ રૂપ અનુજ્ઞા આપે ત્યારેજ ગુરૂએ કહેલે પ્રકારે તે વ્રતને લેવું.

ઉપર પ્રમાણે અન્ય વ્રત જેને પ્રાપ્ત ન હોય તેણે તો પાશુપત વ્રતનેજ કરવાનું છે. અથર્વણ મંત્રોથી શ્વેત ભસ્મને લઇને સર્વાન્ગે ચોળવી વિગેરે. પાશુપત વ્રતનું સ્વરૂપ શિવ માહાત્મ્ય ખંડના બીજા અધ્યાયમાં વિસ્તારથી કહ્યું છે, આથર્વણિકો તે વ્રતને શિરોવ્રત શબ્દ વડે ઓળખે છે. શ્વેતાશ્વતરવાળા તેને અત્યાશ્રમ વ્રત કહે છે. શાંભવ તથા ઐશ્વર નામથી પણ એ વ્રતને શાસ્ત્રોમાં કહ્યું છે. વેદાંતોમાં અનેક સ્થાને આ વ્રતના માહાત્મ્યનો બહુજ ઉંચા પ્રકારનો ઉલ્લેખ કર્યો છે. પાપ માત્રને હરનારૂં તે વ્રત છે. પુણ્ય માત્રને તે આપે છે. જ્ઞાનનો યથાર્થ પ્રકાશ તે વડે થાય છે. આ પાશુપત વ્રત કરવાથી ભોગ માત્રની પ્રાપ્તિ વગર પરિશ્રમે થાય છે. મુક્તિ નામના પરમ પુરૂષાર્થની સિદ્ધિ પર્યંત તેના વડે પહોંચાય છે. આ પ્રકારનું આ સરળ વ્રત કરી શકાય તેમ છે. છતાં જે મૂઢ પશુઓ આ વ્રત વડે પોતાના પશુપણામાંથી મુક્ત થતા નથી તેવો આત્મહત્યારો ઘોર પાપી છે. તેને મારવાથી મારનારને દોષ પણ લાગતો નથી. મતલબ કે જેનાથી કાંઈજ ન બને તેણે પણ પ્રમાદને ન સેવતાં આ પાશુપત વ્રતને તો અવશ્ય સેવવુંજ જોઇએ. આ પાશુપત વ્રતને સેવનારો મનુષ્ય તે વડે ભસ્મ જ્યોતિ થાય છે. એ ભસ્મજ પોતાના આત્મતત્વના જ્ઞાનને જાગ્રત કરનાર હેતુરૂપ બને છે. આ દશ નિયમોમાં પહેલો નિયમ તપ, અને દશમો નિયમ વ્રત એ બન્નેના સ્વરૂપમાં શો ભેદ છે તે યાદ

રાખવાનો છે. તપ નામના નિયમમાં શરીરના મેદ આદિ તત્વ જે યોગમાં પ્રતિબંધ કરે છે તેનું શોષણુ કરવાનો મુખ્ય ઉદ્દેશ હોય છે. વ્રતના સ્વરૂપમાં અન્ય હેતુઓ હોય છે. વળી ઉપચારથી કર્મોને તથા પૂજન આદિને પણુ વ્રત શબ્દવડે કહેવાનો પ્રચાર છે. તેથી વ્રત નામનો જે વિશેષ નિયમ યોગના ઉપાંગરૂપે કહ્યો છે તેને નિરાળો સમજવાનો છે.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો નિયમ વિધિ નામનો ચૌદમો અધ્યાય સંપૂર્ણુ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ

અધ્યાય ૧૫.

આસન વિધિ.

પૂર્વે તેરમા તથા ચઉદમા અધ્યાયમાં યમ તથા નિયમ એ પ્રકારે યોગનાં બે અંગો કહ્યાં, મન તથા ઇન્દ્રિયો ઉપર એ વડે કેટલેક અંશે સ્વામિત્વ પ્રાપ્ત થાય છે. તે પછી યોગની પૂર્ણુતા અર્થે જે ક્રિયા કરવાની તેને માટે પૂર્વે કહ્યા પ્રમાણે ઉત્તમ સ્થાનમાં બેસવાનું છે. આ બેસવાના જૂદા જૂદા પ્રકારની જૂદી જૂદી સિદ્ધિ અર્થે ભિન્ન ભિન્ન હોય છે. આસન શબ્દ ॥ આસ ॥ એટલે બેસવું એ ઉપરથી થયો છે. હરેક ક્રિયા કરવા અર્થે જે પ્રકારની અનુકૂળ સ્થિતિમાં તે ક્રિયાને અત્યંત ઉત્તમ રીતે કરવા સારૂ શરીરની સ્થિતિ રખાય છે તે શરીરની સ્થિતિને આસન કહે છે. આ આસનના વિવિધ શાસ્ત્રોમાં અનેક પ્રકારો કહ્યા છે. તેમાં ૮૪ પ્રકારને મુખ્ય ગણ્યા છે. તે ૮૪ આસનોમાં પણુ યોગના અભ્યાસકને માટે તો મુખ્ય નવજ આસન છે. તેમનાં નામ, ૧, સ્વસ્તિકાસન, ૨, ગોમુખાસન, ૩, પદ્માસન, ૪, વીરાસન, ૫, સિંહાસન, ૬, ભદ્રાસન, ૭, મુક્તાસન, ૮, મયૂરાસન અને ૯ સુખાસન છે. તેમનાં સ્વરૂપ નીચે પ્રમાણે છે.

૧. **સ્વસ્તિકાસન.** જમણા ઢીંચણના ટેકરાની નીચે બખોલ છે તેની ઉપરની બાજુએ ઝાંઘનો તળેનો ભાગ હોય છે અને નીચે માંસલપિંડી જેમાં નસોની જાલ હોય છે તે છે. એ બખોલમાં ડાબા પગના તળીયાની આંગળીઓ બરોબર આવી રહે તે પ્રમાણે ચાંપીને ગોઠવવી. પગનાં તળીઆંનો નીચેનો ભાગ ઝાંઘ સાથે અડકાડી રાખવો અને ઉપરનો ભાગ માંસલ પિંડી સાથે ચગદાઈ રહે તે પ્રમાણે રાખવો. જમણા પગનો ઢીંચણની નીચેનો ભાગ ઉપર પ્રમાણે ગોઠવાયલા ડાબા પગની નીચે લઈ જઈને ડાબા પગની ઝાંઘ અને માસલ પિંડી વચ્ચેની બખોલમાં હાથ ઘાલીને તેમાંથી જમણા પગને અગુંઠા વડે પકડીને ઉંચે ખેંચવો. અને જે પ્રમાણે જમણા ઢીંચણથી બખોલમાં ડાબો પગ ગોઠવ્યો છે તે પ્રમાણે ડાબા ઢીચણની બખોલમાં જમણા પગનું તળીયું ગોઠવી દેવું. આ પ્રકારે પલાંઠી વાળ્યા પછી સીદ્ધા ટટાર થઇને બેસી રહેવું. આ આસનમાં બન્ને પગના ઢીંચણની નિચેના અર્ધા પગ એક બીજા ઉપર સ્વસ્તિક એટલે સાથીઓ કરતા હોય એ પ્રમાણે ગોઠવાયલા હોય છે. તે ઉપરથી એ આસનનું નામ પડયું છે. પિત્ત દોષનો પ્રકોપ થતાં પગનાં તળીઆં ગરમ થઈ જાય છે અને ચુંથાય છે. પિંડીઓ પણ ચુંથાય છે. પગનાં તળીઆં દબાયાથી ઝાંઘ દ્વારા એ પીત્તની ગરમઈ ચુસાઇ જાય છે, તેથી ચુંથારો બંધ પડે છે અને ચિત્ત સ્વસ્થ થાય છે. એથી ઉલટું વાયુનો પ્રકોપ થયો હોય છે તો પગના તળીઆં અતિશય ઠંડાં થઈ ગએલાં હોય છે. તે વખતે કાળજામાં નાભિના ઉપરના ભાગમાં ચુંથારો થાય છે. આવે પ્રસંગે ઝાંઘોમાંથી જીવનમય ગરમીવડે બન્ને પાદતલ શેકતા હોય એવું બને છે. પાદતલની ઠંડી જડાવસ્થા દૂર થાય છે, અને કાળજામાં થતો ચુંથારો પણ શાન્ત પડી જાય છે.

આ સ્વત્તિકાસન જમણાપગની બખોલમાં ડાબા પગનું તળીયું ઘાલીને પછી જમણા પગનું તળીયું ડાબા ઢીચણની બખોલમાં ઘલાય છે, તેજ પ્રમાણે જમણા પગનું તળીયું પ્રથમ ડાબા ઢીચણની બખોલમાં ઘાલવું અને પછી ડાબા પગનું તળીયું જમણા ઢીચણની બખોલમાં હાથ ઘાલીને ઉંચે ખેંચી લઇને તે બખોલમાં ગોઠવવાથી સ્વસ્તિકાસનનો બીજો પ્રકાર થાય છે. આ પ્રમાણે પગની ગોઠવણી કરીને ગરદન તથા માથાને ટટાર રાખવાં.

૨ **ગોમુખાસન.** ડાબા પગના ગુલ્ફની પીઠ ઉપર જમણું ગુલ્ફ મૂકવું, અને જમણા પગની ગુલ્ફ ઉપર ડાબું ગુલ્ફ મૂકવું. અને તે ઉપર ટટાર

થઇને બેસવું. તેને ગોમુખાસન કહે છે. આ આસનમાં બન્ને ઢીંચણના ટેકા એક બીજા ઉપર એવી રીતે ગોઠવાય છે કે ગાયના મુખના ઉપર તથા નીચેના ગાયના હોઠ હોય તેવો દેખાવ થાય છે. તેથી તેને ગોમુખાસન નામ આપ્યું છે.

આ આસનમાં ઢીંચણની નીચેનો પગના હાડકાંનો નળો બીજા પગની પિંડીની નસોના ભાગ ઉપર દબાણ કરે છે. આ આસન પણ સ્વસ્તિકાસનની માફક બે પ્રકારનું છે એટલે ડાબા પગના નળા વડે જમણા પગની પિંડી દબાય તેવું, અને જમણા પગના નળા વડે ડાબા પગની પીંડી દબાય એવું. આ નસની જાળ એવી રીતે ચગદાય છે કે તેથી નાભિની આસપાસના ભાગમાં, નળ ખસી ગયો હોય છે તેને ઠેકાણે લાવે છે. લૌકિકમાં આને આંબોઇનું ખસવું કહે છે. આંબોઇ નીચે ઉતરે છે તો દસ્ત વિશેષ થાય છે. આંબોઈ ઉંચે ચડે છે તો બંધકોશ લાગે છે. અને ઉર્ધ્વવાયુ ચડી જાઈ વમન આદિરૂપે ઉપાધિ કરે છે. આ પ્રકારની બન્ને ઉપાધિઓને ઢીંચણની નીચેની પિંડીઓમાં આવેલી નસોની જાળ ચગદાઇને ખેંચાયાથી આંબોઇને ઠેકાણે લાવીને દૂર કરે છે.

૩. **પદ્માસન.** જમણી ઝાંઘ ઉપર ડાબા પગનું તળીયું મૂકવું અને ડાબો હાથ વાંસેથી ફેરવીને તે હાથની આંગળીઓ વડે તે ડાબા પગના અંગુઠાને પકડવો. એજ પ્રમાણે ડાબી ઝાંઘ ઉપર જમણા પગના તળીઆને મૂકીને જમણા હાથને વાંસેથી ફેરવીને તે હાથની આંગળીઓ વડે જમણા પગના અંગુઠાને પકડવો, તેને પદ્માસન કહે છે. આ આસનના પણ બે પ્રકાર છે. જમણી ઝાંઘ ઉપર ડાબો પગ મૂકીને પછી ડાબી ઝાંઘ ઉપર જમણો પગ મૂકવાથી થાય છે તે, અને ડાબી ઝાંઘ ઉપર જમણો પગ મૂકીને પછી જમણી ઝાંઘ ઉપર ડાબો પગ મૂકવાથી થાય છે તે. આ પદ્માસન કરવામાં ઝાંઘોમાં તથા નાભીથી હેઠળના ભાગમાં જોઇએ તે કરતાં વિશેષ મેદ ભરાયલો હોય છે. ત્યારે વાંસેથી હાથ ફેરવતાં પગના અંગુઠા સુધી હાથની આંગળીઓ પહોંચી શકતી નથી. પણ છેટું રહે છે. આ પ્રમાણે પગના અંગુઠા પકડાતા નથી તેથી તેટલે અંશે કરાયલા પદ્માસનને અર્ધ પદ્માસન કહે છે. તે પણ પદ્માસનની માફક બે પ્રકારનું છે. પદ્માસન કરવાથી પાપ માત્રમાંથી મુક્ત થવાય છે. તથા રોગ માત્રના ભયને હણનારૂં તે સાધન છે.

૪ વીરાસન.

ડાબા પગને ઢીંચણુથી વાળીને બેવડો કરવો અને ડાબા ગુલ્ફ ઉપર બેસવું અને તે પ્રમાણે બેવડા વાળેલા પગની ઝાંઘ ઉપર જમણા પગનો અગ્રભાગ ગોઠવવો. શરીરને તંગ રાખવું નહિ. એને વીરાસન કહે છે. એજ પ્રમાણે જમણા પગને વાળીને જમણી ઝાંઘ ઉપર ડાબા પગનો અગ્રભાગ મૂકવાથી વીરાસનનો બીજો પ્રકાર થાય છે.

આ વીરાસને બેસવાથી ઇચ્છા થતાં બીલકુલ આયાસવિના સત્વર ઉભા થઈ શકાય એવી તૈયારી રહેતી હોય એવું ભાન થાયછે. સાવધાનતાની અંતઃકરણની સ્થિતિને એ આસન વડે કેળવાય છે. પ્રમાદ દૂર થાય છે. અને હરેક કાર્યમાં સત્વરતા વધે છે.

૫. સિંહાસન.

વૃષણની નીચેની જે ધોરી નસદ્વારા વીર્યપ્રયાણ કરે છે તે સીવની કહેવાય છે. તે સીવનીની ડાબી બાજુએ જમણા પગનું ગુલ્ફ મૂકવું, અને તેની નીચેથી ડાબા પગના ગુલ્ફને લઇને જમણી બાજુએ મૂકવું, અને તે રીતે બેસવું. ઢીચણો આસન સરસાં રાખીને તેના ઉપર હાથ મૂકીને આંગળીઓને ચતી પ્રસારવી. ટટાર બેસીને નાસાગ્રનુ નિરીક્ષણનું કરવું. એ સિંહાસન છે. આ સિંહાસન કરતી વખતે કોઈ કોઇ સ્થાને એવું કહ્યું છે કે જીભને મૂળમાંથી બને તેટલી બહાર કહાડવી, અને તે જીભના અગ્રને જોઇ રહેવું, એ પણ સિંહાસનનો એક પ્રકાર છે. સિંહાસનનો અન્ય પ્રકાર સીવનીની જમણી બાજુએ પ્રથમ ડાબા ગુલ્ફને મૂકી તેની નીચેથી જમણા ગુલ્ફને લઇ જઇને ડાબી બાજુએ મૂકીને ઉપર પ્રમાણે કરવું. કામ વાસના ઉપર કેટલેક અંશે આ આસનથી અંકુશ રહે છે. ઝેર તથા રોગને તે નિવારે છે.

૬. ભદ્રાસન.

વૃષણની નીચે સીવનીની ડાબી બાજુએ ડાબું ગુલ્ફ મૂકવું ને જમણી બાજુએ જમણું ગુલ્ફ મૂકવું એ પ્રમાણે કરીને બન્ને પગના પાદતલ ચતાં રહીને પરસ્પરની સામા આવે તે પ્રમાણે સીવનીની નીચે ગોઠવવાં. પછી ડાબી ઝાંઘને ડાબા હાથ વડે અને જમણી ઝાંઘ ને જમણા હાથ વડે સારી પેઠે ચગદીને બેસવું. એ ભદ્રાસન છે.

આ આસનથી ઝેર તથા રોગના ઉપદ્રવનો નાશ થાય છે.

૭. મુક્તાસન.

સીવનીની નીચે ડાબું ગુલ્ફ રાખવું ને તેની નીચે જમણું ગુલ્ફ મૂકવું, અને તેના ઉપર ટટાર બેસવું એ મુક્તાસન કહેવાય છે. સીવનીની નીચે જમણું ગુલ્ફ મૂકવું તેની નીચે ડાબા ગુલ્ફને ગોઠવી તે ઉપર બેસવાથી મુક્તાસનનો બીજો પ્રકાર થાય છે, વળી જનનેન્દ્રિયથી ઉપર ડાબા ગુલ્ફને ગોઠવીને તેના ઉપર જમણા ગુલ્ફને તે મૂકવાથી મુકતાસનનો ત્રીજો પ્રકાર થાય છે. અને પ્રથમ જમણા ગુલ્ફને તે સ્થાને મૂકીને તેના ઉપર ડાબા ગુલ્ફને મૂકવાથી મુક્તાસનનો અન્ય પ્રકાર થાય છે. કામનો જય કરવામાં આ આસન ઘણું ઉપયોગી છે. વીર્યસ્ખલન થતું તેનાથી અટકે છે.

૮. મયૂરાસન.

બન્ને હાથની કુણીના ટેકાઓને નાભિની બાજુએ ઉપર રાખવા. હાથનાં તળીયાંને એકાગ્ર મનસહિત ભૂમિ ઉપર ઉંધાં રાખવાં. કુણી નીચેના હાથને એ પ્રમાણે કરીને જમીન ઉપર બે લાકડીઓ ઉભી દાટી રાખી હોય તે પ્રકારે સીધા રાખવા. તે ઉપર ઉંધા અદ્ધર થઈ જવું. માથું તથા પગને સીધાં સમાન ખેંચીને કરી દેવાં. આ પ્રમાણે આકારમાં સ્થિર રહેવું.

નાભિની બાજુએ કુણીના ટેકાથી ચગદાય છે. જઠર અત્યંત પ્રદીપ્ત થાય છે. ઝેર માત્રનો નાશ થાય છે. પાપ માત્રને આ આસન હણનારૂં છે. આ આસન કરનાર મયૂર જેવો દેખાવ આપે છે, એટલુંજ નહિ પણ વિષના ભંડારરૂપ જે સર્પ તેનું જે પ્રમાણે મયૂર ભક્ષણ કરી જાય છે, એજ પ્રમાણે વિષ માત્રને તે દૂર કરે છે.

૯. સુખાસન.

જે પ્રકારે બેસવાથી પ્રકૃતિને સુખનું ભાન થાય, અંતઃકરણને શ્રમ ન જણાતાં ધૈર્યનું ભાન થાય તે પ્રમાણે બેસવું, અથવા અન્ય રીતે શરીરને ગોઠવવું તે સુખાસન કહ્યું છે.

વ્યાધિ આદિ કારણોથી જેનું શરીર અશક્ત હોય તેવા અધિકારીને માટે આ આસન કહ્યું છે.

ઉપર પ્રમાણે યોગનાં મુખ્ય નવ આસનોનાં સ્વરૂપ છે. એ આસનો સિદ્ધ થવાથી ચિત્ત એકાગ્રતાને ધારણ કરે છે. શીત, ઉષ્ણ આદિ દ્વંદ્વોનું

સાધકના ઉપર થતું બળ કમી થાય છે. જેણે આસનોનો જય કર્યો છે તેણે ત્રણે લોકના જય કર્યા બરોબર કર્યું છે. એ પ્રકારના આસનની સિદ્ધિ પૂર્વકજ પ્રાણાયામ કરવાનાં છે. શ્વાસ તથા પ્રશ્વાસના વિચ્છેદરૂપ પ્રાણાયામ હોવાથી આસનની સ્થિરતા વિના યથાર્થ થઈ શકતાં નથી, માટે આસનની સિદ્ધિ આવશ્યક છે.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો આસન વિધિ નામનો ૧૫ મો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય. ૧૬.

પ્રાણાયામ વિધિ.

પૂર્વે કહ્યા પ્રમાણે પ્રાણાયામ ઉપદ્રવ રહિત કરવાને માટે પ્રથમ આસન સિદ્ધિરૂપ સાધન જેણે કર્યું છે તે પ્રાણાયામનો અધિકારી છે. શ્વાસતથા પ્રશ્વાસ રૂપે જીવનકલાનો વ્યાપાર ચાલતો જણાય છે. શ્વાસ લેવાને સમયે તે [illegible]ા વાતાવરણમાંથી જીવનતત્વને પોષણ આપીને પ્રદીપ્ત કરનાર તત્ત્વને લેવાય છે. અને પ્રશ્વાસદ્વારા જે તત્વો પોતાનું કાર્ય કરી રહ્યાં હોય છે. તેથી નિઃસત્વ મલરૂપ છે તેનો ત્યાગ થાય છે. આ ગ્રહણ તથા ત્યાગ. જીવનને કાયમ રાખવા માટે જે પ્રકારે કરવાં જોઇએ તે પ્રકારનાં થતો નથી તેમજ જેટલા પ્રમાણમાં થવાં જોઇએ તેટલા પ્રમાણમાં થતાં નથી તેથી જીવનની હાનિ થાય છે. આ હાનિને અટકાવવા તથા વિશેષ બળની પ્રાપ્તિ કરવાનું બની આવે તે અર્થે શ્વાસ પ્રશ્વાસના પ્રકાર તથા પ્રમાણનું નિયમન કરનાર પ્રાણાયામ વિધિ છે.

વાયુને બહારથી શરીરના અંદરના ભાગમાં લઈ જવાની શ્વાસની ક્રિયાને પૂરક કહે છે. તે વાયુને શરીરની અંદર બલપૂર્વક સ્થિર રાખવાની ક્રિયાને કુંભક કહે છે, અને શરીરની અંદરના વાયુને ધીરે ધીરે બહાર કહાડવાની ક્રિયાને રેચક કહે છે. પ્રાણાયામ આ પ્રકારે ત્રિવર્ણ રૂપ છે. પ્રણવ મંત્ર પણ ॥अ॥ ॥ उ ॥ અને ॥ म् ॥ એમ ત્રિવર્ણાત્મક છે. એ પ્રકારના સામ્યના હેતુથી પ્રાણાયામને પ્રણવમય કહ્યો છે.

આપણા દીચણરૂપ અસ્થિ મંડળની આસપાસ આપણો હાથ જેટલા સમયમાં ફરી રહે છે તેટલા સમયમાં આપણે એક શ્વાસ સામાન્ય સ્થિતિમાં લઈએ છીએ. આટલા સમયના માપને એક માત્રા કહી છે. આ પ્રકારની માત્રાને માપરૂપે ગ્રહણ કરીને શ્વાસ પ્રશ્વાસરૂપ ક્રિયા માત્રાની સંખ્યાના નિયમપૂર્વક કરવાની હોય છે.

પ્રણવમંત્રનું પ્રથમ અંગ ॥ अ ॥ છે. એ બ્રહ્મા ભગવાનનું પ્રતીક છે. પિંડમાં જે તત્વોનું યોગ્ય બંધારણ થવાની જરૂર છે, તેની ઉત્પત્તિ કરવાના સામર્થ્યરૂપ છે. એ પ્રકારનું અનુસ્મરણ કરતાં કરતાં નાસિકાથી ઇડાનાડીદ્વારા વાયુને ધીરેધીરે ૧૬ માત્રા જેટલા સમય સુધી અંદર ખેંચીને. ઉદરમાં સારી રીતે પુરીને સ્થિર કરવો. તે પ્રમાણે થઈ રહે એટલે પ્રણવનું બીજું અંગ ॥ उ ॥ છે તેનું અનુસ્મરણ કરવું. આ ॥ उ ॥ વિષ્ણુભગવાનના પ્રતીકરૂપ છે. જીવનને પોષણ આપનાર તત્વની ઉત્પત્તિ કર્યા પછી તે તત્વનું રક્ષણ કરવારૂપ આ સામર્થ્ય છે. તે પ્રકારનું અનુસ્મરણ ૬૪ માત્રા જેટલા સમય સુધી કરતાં પ્રસન્નતાપૂર્વક તે પુરેલા વાયુને ધારણ કરી રાખવો. આ સમયે પ્રણવમંત્રનો માનસ જપ કરવો. ૬૪ માત્રા જેટલા સમય સુધી પુરેલા વાયુને ધારણ કરી રાખવા જેટલું સામર્થ્ય ન હોય તો પોતાની પ્રસન્નતા કાયમ રહે તેટલાજ સમય સુધી પોતાની શક્તિને અનુસરીને પ્રણવમંત્રના જપ પૂર્વક તે વાયુને ધારણ કરી રાખવો. પણ ધીરેધીરે પ્રમાદને સેવ્યા વિના સામર્થ્યને વધારતાં વધારતાં ૬૪ માત્રા સુધી કુંભક કરી શકાય એવો અભ્યાસ પાડવો. તે પછી પ્રણવના ત્રીજા અંગરૂપ ॥ म ॥ કારનું સ્મરણ કરવું. આ અંગ રૂદ્રભગવાનનું પ્રતીક છે. જીવનતત્વનું પોષણ થઈને રક્ષણ કરવામાં શરીરની અંદર જેજે તત્વો રૂક્ષ થઈ જઈને વિષરૂપ બને છે, તે હાનિ કરનાર હોવાથી ॥ રૂદ્ર ॥ કહેવાય છે. તેને બાળીને બહાર વહેવરાવી નાખનાર રૂદ્ર છે. એ પ્રકારના અનુસ્મરણપૂર્વક તે પુરેલા વાયુને પિંગલા નાડીદ્વારા નાસિકાથી

ધીરેધીરે ૩૨ માત્રા જેટલા સમયમાં ખાલી થઇ રહે એ પ્રમાણે બહાર કહાડવો. આને એક પ્રાણાયામ થયું કહેવાય છે. આ પ્રકારનું પ્રાણાયામ આનંદપૂર્વક થાય એમ તેનો રૂડી રીતે અભ્યાસ કરવો.

વળી નાસિકાથી પિંગલાનાડીદ્વારા રૂદ્રરૂપ ॥ म् ॥ કારણમૂર્તિનું અનુસ્મરણ કરતાં ૧૬ માત્રાથી વાયુને પુરવો. પછી શ્રી વિષ્ણુમૂર્તિરૂપ ॥ उ ॥ કારનું અનુસ્મરણ કરતાં ૨૨ માત્રા સુધી પ્રણવનો જપ કરતાં તે વાયુને ઉદરમાં ધારણ કરી રાખવો. પછી બ્રહ્મારૂપ ॥ अ ॥ કારને સ્મરતાં નાસિકાની ઇડાનાડીદ્વારા ધીરે ધીરે રેચક કરવો. વળી પાછું, નાસિકાની ઇડાનાડીદ્વારા એજ પ્રમાણે બ્રહ્મારૂપ ॥ अ ॥ કારના અનુસ્મરણપૂર્વક પ્રાણને પુરીને ॥ उ ॥ કારરૂપ વિષ્ણુભગવાનને સ્મરતાં વાયુને ધારણ કરી રાખવો. અને ॥ म् ॥ કારરૂપ રુદ્રના ચિંતનપૂર્વક પિંગલાદ્વારા રેચકને કરવો. એ પ્રમાણે એકપછી એક કરવાનો અભ્યાસ નિત્ય કરવો.

પ્રણવ, વ્યાહૃતિ તથા ગાયત્રીનો જપ કરતાં એટલે સપ્રણવ વ્યાહૃતિ, ગાયત્રીનો ત્રણ મંત્ર જપાય એટલા સમયમાં પ્રાણને ઉદરમાં પુરવો. પછી ત્રણ મંત્ર જપાય તેટલા સમય સુધી તેને ઉદરમાં ધારણ કરી રાખવો. પછી ત્રણ મંત્ર જપાય એટલા સમયમાં ધીરે ધીરે રેચક કરવો. ગૃહસ્થે ત્રણે સંધ્યાના સમયે આ પ્રમાણે પ્રાણાયામ કરવો. બ્રહ્મચારી તથા વનીએ પ્રાણાયામની ઇચ્છા થાય તો કરવો. પ્રાણાયામ કરવો કે નહિ તે એમની પ્રસન્નતા ઉપર શાસ્ત્રે રાખેલું છે. ક્ષત્રિયને પણ બ્રાહ્મણની માફક વૈદિક મંત્રનો અધિકાર છે માટે એમણે પણ પ્રણવ તથા વ્યાહૃતિ સહિત ગાયત્રી મંત્રના જપપૂર્વક પ્રાણાયામને કરવાનો છે. વેરાગીઓ તથા જ્ઞાની વૈશ્ય શૂદ્ર તથા સ્ત્રીઓને માટે પ્રાણાયામનો વિધિ તો એજ છે. પણ તે પ્રાણાયામ કરતી વખતે શિવ કે વિષ્ણુભગવાનના નામપૂર્વક અંતે ॥ **नमः** ॥નું ઉચ્ચારણ કરવાનું છે, જેમકે **॥ शिवाय नमः ॥ ॥ शंभवे नमः ॥ ॥ विष्णवे नमः ॥ ॥ कृष्णाय नमः ॥ ॥ रामाय नमः ॥** ઇત્યાદિ મંત્રોનો માત્રાના સમયની ગણનાને અર્થે અનુસ્મરણપૂર્વક ઉપયોગ કરવો. તેમણે વેદોક્ત મંત્રનો ઉપયોગ કરવો નહિ.

પ્રતિદિવસ આ પ્રમાણે પ્રાણાયામો કરવાં. એક માસ સુધી નિત્ય ૧૬ પ્રાણાયામને કરવાથી બ્રહ્મહત્યાદિ પાપો બળી જાય છે. છ માસ સુધી તેમ કરવાથી જ્ઞાનની ઇચ્છા થાય છે, અને એક વર્ષ સુધી તે પ્રમાણે

નિયમપૂર્વક કરવાથી વિદ્વાન થવાય છે. માટે નિત્ય પ્રાણાયામનો અભ્યાસ કરવો. જેને પોતાના ધર્મ ઉપર પ્રેમ છે તેણે તો નિત્ય યોગનો અભ્યાસ કરવાનો છે. એ પ્રમાણે અભ્યાસ કરનાર સાધકને તો પ્રાણાયમ વડેજ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, અને મુક્ત બને છે. બહારથી વાયુને લાવીને તેને ઉદરમાં પુરવારૂપ પુરક થયા પછી ભરેલા ઘડાની માફક તેને ઉદરમાં કુંભકરૂપે ધારણ કરી રખાય છે. અને તે પછી રેચ લીધો હોય તે પ્રમાણે બહાર કહાડી નાખવાને રેચક કહ્યો છે. તે ત્રણે પ્રકારે વાયુની વ્યવસ્થા યથાર્થ રીતે કરવી જોઇએ.

પ્રાણાયામના અભ્યાસકને ધીરે ધીરે પ્રાણાયામની સિદ્ધિ ક્રમપૂર્વક થાય છે. તેમાં પ્રથમનો ક્રમ સિદ્ધ થતાં પ્રસ્વેદ થાય છે. એ આરંભક સિદ્ધિ છે. તે પછી વિશેષ વૃદ્ધિ થતાં આખી કાયા થરથર થરથર કંપતી પ્રતીત થાય છે. શરીરને ભારે કરી રાખનાર જડ મલ શરીરનાં છીદ્રોદ્વારા બહાર નીકળી રહે છે. ત્યાર પછી શરીરની અંદરના રસો નિર્મલ થાય છે. એટલે શરીર હલકું બને છે, બલૂનમાં અથવા રબરના ગોળામાં પવન ભરાવાથી તે હલકાં બને છે, અને જે પ્રમાણે જીવનમયવત્ બનીને તે પણ કંપવા લાગે છે તે પ્રકારની કાંઇક સ્થિતિ શરીરની બને છે. શરીર અત્યંત હલકું લાગે છે. પરન્તુ મુખાદિ ઉપર અપ્રસન્નતાનાં ચિન્હો જણાય તેવો બળાત્કાર શરીરના ઉપર કરવાનો નથી. ॥ **युक्तं युक्तं समाचरेत्** ॥ (વિશેષ વિશેષ પ્રસન્નતાનો યોગ થતો જાય અને બળનું ભાન થતું જાય તે પ્રમાણે યુક્તિપૂર્વક શાન્તિથી રૂડી રીતે યોગના સાધનોનો અભ્યાસ કરવાનો છે.) એ મહાસૂત્રને નિરંતર સ્મરણમાં રાખીને આગળ વધવાનું છે. એનું વિસ્મરણ થતાં બળાત્કાર કરતાં હાનિ થાય છે. માટે તે સૂત્રપૂર્વક ધીરે ધીરે વૃદ્ધિ થતાં આ કંપન નામની પ્રાણાયામની સિદ્ધિની દ્વિતીય કોટી છે. એને મધ્યમ પ્રાણાયમ કહે છે. અભ્યાસમાં ક્રમે ક્રમે આગળ વધતાં કાયા અત્યંત હળવી થઈ જાય છે. તે પ્રકારની અંતિમ સિદ્ધિ થતાં શરીરનું ઉત્થાન થાય છે. તે સમયે શરીર આકાશમાં અદ્ધર રહે છે. આ અંતિમ સિદ્ધિને ઉત્તમ પ્રાણાયામ કહે છે. આ પ્રકારની સિદ્ધિ થવા અર્થે ક્રમે ક્રમે અભ્યાસ કર્યા કરવો. એટલે આરંભક સિદ્ધિ પ્રથમ થશે. તે પછી મધ્યમ સિદ્ધિ થશે અને છેવટે ઉત્તમ સિદ્ધિની પ્રાપ્તિ થતાં સુખી થઇને રહેવું.

પ્રાણાયામની સિદ્ધિ થતાં ચિત્તની શુદ્ધિ થાય છે. ચિત્તની શુદ્ધિ થતાં મનની ચંચલતાને સામાન્ય અધિકારીઓને માટે અસાધ્યરૂપે કહેલી છે તે ચાંચલ્ય દોષ મનનો દૂર થતાં મન સ્થિરતાને ધારણ કરે છે. એમ થવાથી પ્રત્યગ્ જ્યોતિરૂપ આત્મદેવ જે જીવનતત્વ તેમાં એકાગ્રતાપૂર્વક મન સ્થિર થઈ રહે છે. એ પ્રકારે સંયમની સિદ્ધિ થાય છે. આ પ્રકારના પ્રાણાયામની સિદ્ધિ કરનાર મહાપુરૂષના પ્રાણ ચિત્તસહ પરમાત્મતત્વમાં સ્થિર થઈ રહે છે. દેહ આકાશમાં સ્થિર રહીને અત્યંત પ્રસન્નતાનું ભાન કરાવે છે. પ્રાણાયામથી સત્વની શુદ્ધિ થતાં જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તેથી નિષ્કલ શિવનુ યથાર્થ ધ્યાન કરાય છે અને તે પ્રમાણે ધ્યાન કરતો ધ્યાતા પરમશિવના સ્વરૂપે બની રહે છે.

પ્રાણાયામના અભ્યાસકે ખાસ યાદ રાખવાનું છે કે જે નાડીદ્વારા વાયુને ઉદરમાં પુરે તેજ નાડીદ્વારા તે વાયુનો રેચક કરવાથી બળનો ક્ષય થઈ જાય છે અને અત્યંત હાનિ થાય છે. માટે અત્યંત સાવધાનતાપૂર્વક અન્ય નાડી વડેજ રેચક કરવાનું યાદ રાખવું. એથી ઉલટું જે નાડીદ્વારા રેચક કરાય તેજ નાડીદ્વારા પૂરક કરવામાં હાનિ નથી પણ લાભ છે અને બલની વૃદ્ધિ થાય છે. નિત્ય પ્રાણાયામનો આરંભ કરવાપૂર્વે પૂરક કરવાનો ધાર્યો હોય તે નાડીદ્વારા પ્રથમ રેચક કરી નાંખવો, અને પછી તેજ નાડીદ્વારા પૂરકથી આરંભ કરવો. પ્રાણાયામ યોગના અંગરૂપે હોવાથી યોગની અંતિમ સિદ્ધિ સુધી તે સાધકને લઈ જાય છે. એટલુંજ નહિ પણ તે સિદ્ધિ થતા સુધીમાં વચ્ચે વચ્ચે અનેક પ્રકારના અવાંતર ફલો શરીર સંપત્તિની અપેક્ષાથી પ્રાપ્ત કરાય છે. તે કરવાના ઉદ્દેશથી તેના કેટલાક પ્રકારાંતરો શાસ્ત્રમાં વર્ણવેલા છે.

પૂરક, કુમ્ભક અને રેચક એ પ્રકારના ક્રમને છોડી નિત્ય કેવલ કુમ્ભકનો અભ્યાસ કરવો. આ કુમ્ભક બે પ્રકારનો હોય છે. વાયુ બહાર નીકળી રહ્યા પછી તેને અંદર નહિ આવવા દેતાં તેને બહારજ સ્થિર રાખવો એ એક પ્રકાર છે. વાયુ અંદર ભરાયા પછી તેને બહાર ન નીકળવા દેતાં તેને અંદરજ સ્થિર રાખવો. એ બીજો પ્રકાર છે. આ પ્રકારના કુમ્ભકના નિત્ય અભ્યાસની વૃદ્ધિ થતાં પાપો માત્ર બળી જાય છે. ઉત્તમ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને મનવશ થાય છે, અને મન ઉપર કબજો થતાં પળીયાં, કરોચલીઓ, અશક્તિ વિગેરે રૂપે વૃદ્ધાવસ્થાનાં જે ચિન્હો સામાન્ય મનુષ્યોમાં પ્રતીત થાય છે તે ચિન્હો આ સાધક વીરના શરીરમાં જીવનતત્વ

ખીલી નીકળવાથી જતાં રહે છે, અને જે જીવન બળનો સામાન્ય યુવાવસ્થામાં પણ પૂર્ણપણે અનુભવ થએલો હોતો નથી તેવા પૂર્ણ યૌવનને પ્રાપ્ત કરે છે. જે મહાપુરૂષ એકલાજ પ્રાણાયામમાં સંપૂર્ણ નિષ્ઠાને રાખે છે તેને ત્રિલોકીમાં કાંઈજિ દુર્લભ નથી. માટે બીલકુલ પ્રમાદને સેવ્યા વિના હરેક પ્રયત્ન કરીને રૂડી રીતે પ્રાણાયામનો અભ્યાસ કરવો.

આ પ્રાણાયામને કરવાના સમયના સંબંધમાં પણ એમ કહ્યું છે કે પ્રાતઃકાલે તથા સાયંકાળે એમ બન્ને સંધ્યા સમયે પ્રાણાયામને કરવા. બ્રાહ્મ કાલે એટલે એક પ્રહર રાત્રિ પાછલી હોય તે સમયે, તેમજ મધ્યાન્હ સમયે પ્રાણાયામને કરવાના હોય છે. એ પ્રમાણે નિત્ય કરવાનું છે.

બહારથી પ્રાણને ખેંચીને પ્રાણને ઉદરમાં પૂરવો પછી તે પ્રાણને નાસિકાના અગ્રે, નાભિ મધ્યે તથા પગને અંગુઠે ધારણ કરવો. આ પ્રાણને ધારણ કરવાનો વિધિ એવો છે કે તે તે સ્થાનોના દેવતાના સ્મરણ પૂર્વક તે સ્થાનોનું ચિન્તન કરવું, એટલે તે સ્થાનોમાં ચિત્તની વૃત્તિરૂપ પ્રવાહ વહેશે, અને ચિત્ત નામનું તત્વ તે સ્થાનોમાં પુરાશે. આ પ્રકારે ચિત્ત તત્વની સાથેજ પ્રાણ તત્વ પણ સૂક્ષ્મ રૂપે તે તે સ્થાનોમાં પુરાશે. એ પ્રમાણે કરતાં ચિત્ત તત્વદ્વારા પ્રાણતત્વનો જય થશે. કહ્યું છે કે ઇડા નાડીદ્વારા વાયુને ખેંચીને ઉદરમાં દૃઢ પુરવો. પછી તેને ડાબા પગને અગુંઠે ધારણ કરવો, અને ત્યાં તેને સ્થિર કરવો. તે પછી નાભિની મધ્યમાં તેને લાવીને તેને સ્થિર કરવો. તે પછી નાસિકાના અગ્રે લાવવો અને ત્યાં સ્થિર કરી રાખવો. વળી પિંગલા નાડીદ્વારા ઉદરમાં વાયુને પુરીને તેને જમણા પગને અંગુઠે પૂર્વવત્ ધ્યાન પૂર્વક ધારણ કરી રાખવો. તે પછી ત્યાંથી ઉઠીને નાભિમાં સ્થિર કરવો અને તે પછી ત્યાંથી નાસિકાના અગ્રે લાવીને ધારણ કરવો. અથવા તો નાસિકાના બન્ને રં ધ્રથી વાયુને ઉદરમાં પુરીને સ્થિર ધારણ કરી રાખવો. આ પ્રકારના પ્રાણાયામના અભ્યાસરૂપ ઉપાયથી પ્રાણવાયુ ઉપર વિજય મળે છે. પ્રાણવાયુના વિજયવડે રોગ માત્ર નાશ પામે છે. અને સો વર્ષના આયુષ્યને ભોગવે છે. નાકને છેડે વાયુને ધારણ કરવાથી વાયુ કબજામાં રહે છે. નાભિમાં તેનો કુંભક કરવાથી સર્વ રોગ ટળે છે. પગને અંગુઠે વાયુને રોધવાથી કાયા હલકી બને છે.

જીભવડે વાયુને અંદર ખેંચીને રોજ પીવાથી થાકનો દાહ મટે છે ને રોગ રહિત થવાય છે. વાયુને જીવ્હા વડે અંદર ખેંચવો. ચિત્તને જીવ્હાના

મૂળમાં સ્થાપવું અને એ રીતે વાયુને ત્યાં રોધવો અને ભેગો કરવો. એ વાયુ અત્યંત શીતળ અમૃતમય હોય છે. એ પ્રમાણે ભેગા કરેલા વાયુને વ્યગ્ર થયા વિના ધીરે ધીરે બધોજ પીતા હોઈએ તેમ કરવું. પુનઃ એજ પ્રમાણે વાયુને જીવ્હાના મૂળમાં ભરીને પીવો. એ પ્રમાણે કર્યા કરવાથી અત્યંત સુખનો અનુભવ થાય છે.

ભ્રકુટીની મધ્યમાં ચિત્તને રોધવું અને ઈડા નાડીદ્વારા વાયુને ખેંચીને ત્યાં પુરવો, એટલે તે શુદ્ધ અમૃતના સરોવરરૂપ બને છે. તે વાયુને ત્યાંથી પીવો, વ્યાધિ માત્ર જરૂર તેમ કરવાથી નાશ પામે છે.

નાભિમાં ચિત્તને રોકવું અને ઈડા નાડીદ્વારા વાયુને તે સ્થાનમાં પુરવાથી પિત્ત આદિથી થતા દાહ તથા ગરમીના વ્યાધિ નાશ પામે છે. પિંગલા નાડીદ્વારા નાભિમાં વાયુને લઈ જઈને તે પ્રમાણે કરતાં શરદી આદિ વાત રોગ ટળે છે.

આપણા હોઠને કાકચંચુવત લાંબા બહાર કરીને જીભનું અગ્ર તેની મધ્યમાં રાખીને તે જીભનો પૂર્ણ સ્પર્શ વાયુ કરે તે પ્રકારે વાયુને અંદર આકર્ષવો, એ વાયુ અમૃતમય છે. એ અમૃતને નાભિમાં ચિત્ત રાખીને તે સ્થાને લઇ જવો અને ત્યાં તેને રોધી રાખવો. તેમ કરવાથી વાત, પિત્ત તથા કફ એ ત્રણેના પ્રકોપથી થતા દોષ માત્ર નિઃસંશય નાશ પામે છે.

ઈડા તથા પિંગલા એમ બન્ને નાડીથી વાયુને ખેંચવો. બંન્ને નેત્રોમાં ચિત્તને સ્થાપવું અને તે વાયુને નેત્રોમાં રોધવો. તેમ કરવાથી નેત્રના વ્યાધિમાત્ર દૂર થાય છે.

એજ પ્રમાણે ચિત્ત વૃત્તિનો બન્ને કર્ણમાં સંયમ કરવો અને બન્ને નાડીથી વાયુને ખેંચીને ત્યાં ભરવો. તેથી કર્ણના રોગ માત્ર જાય છે. અને બહેરાશ પણ જતી રહે છે.

મસ્તકમાં ચિત્તને રોધીને વાયુને ત્યાં લઈ જવાથી માથાના રોગ જાય છે.

સ્વસ્તિકાસન વાળીને બેસવું પછી મનને એકાગ્ર કરીને અન્ય માત્રનો દૃઢતાથી ત્યાગ કરવો. અપાન વાયુને સંચોકવો. પ્રણવ મંત્રનો ઉચ્ચાર કરવો. અને ધીરે ધીરે અપાન વાયુને ઉંચે ખેંચવો. ધૈર્યને ન રાખીને

ત્વરા કરવાથી સાવધાનતા ત્યજી દેવાય છે. ચિત્ત ખસીને અન્ય નાડીમાં જતું રહે છે. સૂક્ષ્મ પ્રાણ ચિત્તની સાથે બંધાયલો હોવાથી તેની પાછળ પાછળજ ધાવન કરે છે. તેથી તે પ્રાણવાયુ પણ ચિત્તની સાથેજ પ્રવેશી જાય છે. તેમ થાય તો વ્યથાનું ભાન થાય છે અને હાનિ કરે છે. માટે વાયુને સંકોચીને ધીરે ધીરે ખેંચવો. અંગુઠા વડે બંન્ને કાનનાં રંધ્રોને ઢાંકી દેવાં. તર્જનીઓ વડે બંન્ને નેત્રોને બંધ કરવાં. મધ્યમા વડે નાકનાં નસકોરાં ઢાંકવાં. તે પ્રકારે કરણોને ઢાંકીને બ્રહ્મરંધ્રમાં ચિત્ત રાખવું. આનંદનો પ્રકટ અનુભવ પ્રકટ રહે ત્યાંસુધી પ્રાણને મૂર્ધામાં તે સ્થાને ભરી રાખવો. આ પ્રકારના અભ્યાસથી નાદનો અનુભવ થશે. આ નાદને અનાહત નાદ કહે છે. આહત એટલે ઠોકવાથી–આઘાત કરવાથી જે થાય છે તે અને અનાહત એટલે વગર વગાડયે પોતાની મેળે ધ્વનિ થાય છે તે નાદ સંભળાય છે. શ્રી હંસોપનિષદ્માં આ નાદના દસ પ્રકાર કહ્યા છે. તેનાં સ્વરૂપ આ પ્રકારે છે. ૧ ચિણિ, એ પ્રકારનો એકજ ધ્વનિ, ૨ ચિણિ ચિણિ એ પ્રકારનો બેવડો ધ્વનિ, ૩ ઘંટા નાદ. ૪ શંખનાદ, ૫ સારંગીનો ધ્વનિ, ૬. અપ્સરાઓ ગાયન ગાતી વખતે તાળી પાડે છે તે વખતે જે તાળીનો અવાજ થાય છે તેવો નાદ. ૭ વાંસળીના જેવો નાદ ૮ નગારાનો નાદ, ૯ મૃદંગ નાદ, અને ૧૦ મેઘનાદ થાય છે. મેઘ નાદની સિદ્ધિ થતાં પર્વતો જાણે આખાને આખા તુટી પડયા હોય તેવી ભારે ગર્જના થાય છે. તેથી ચિત્ત સત્વર આત્મતત્વ પ્રતિ ઉન્મુખ થઈ રહે છે. તેથી પૂર્ણ જ્ઞાન થાય છે, અને સંસાર રોગ રૂપ દુઃખ ટળી જાય છે. આ પ્રયોગને સંમુખીકરણ યોગ નામથી શાસ્ત્રે ઓળખાવ્યો છે.

વળી ઉત્કર્ષ પ્રાણાયામનું સ્વરૂપ શાસ્ત્રમાં આ પ્રકારનું કહ્યું છે. વૃષણની નીચે સીવની નામની ધોરી નસ છે એમ પૂર્વે કહ્યું છે. એ નસ સૂક્ષ્મ છે. તેને ડાબી બાજુથી ડાબા ગુલ્ફવડે કચરવી, અને ડાબા ગુલ્ફની સંધી. ને ઢીચણો વચ્ચે રહેલી નસને જમણાં ગુલ્ફ વડે કચરવી. પછી તે ગુલ્ફની સંધિયોને સ્થિર ગોઠવવી. આ ક્રિયા કરતી વખતે શિવ, વિનાયક, તથા વાગીશ એ ત્રણ દેવતાઓનું અનુસ્મરણ કરવું. ઝાંઘ અને ઢીચણની નીચેની પિંડિઓની સંધિની વચ્ચે બીલકુલ છીદ્ર રહે નહિ એ પ્રમાણે સખ્ત ડાબીને બેસવું. તે પછી મૂલાધાર સ્થાનમાં એક કમલની ભાવના કરવી. એ કમલને ચાર પત્રવાળું જોવું. તે કમલનો રંગ લાલ છે. તેની સુંદર કળીઓ શોભિ રહી છે. તે સ્થાને પ્રણવનું મન વડે ધ્યાન કરવું અને નયન વડે જમણા ગુલ્ફને જોઈ રહેવું. ત્યાં મનનો લય પૂર્ણ થાય

ત્યાં સુધી વાયુને રોધી રાખવો. એ પ્રમાણે રોધેલા વાયુને વ્યગ્ર થયા વિના લિંગ નાલથી ચિત્તની વૃત્તિસહ ઉંચે ખેંચવો. મૂલાધારમાં નિરૂદ્ધ થએલો પવન અન્ય નાડીમાં પેસી જાય નહિ. તેટલા માટે મૂલાધારને સંકોચીને સખત કરવું. આને મૂલ બંધ કહે છે. મૂલાધારમાં પવનને રોકતાં રેફ તથા બિંદુયુક્ત પ્રણવને સ્મરવો. એટલે ॥ ૐ રૈં ॥ એ મંત્રને સ્મરવો. એ પ્રમાણે કરવાથી અપાન વાયુ વહ્નિ સ્થાનમાં જાય છે. તે સ્થાનનું નામ આગ્નેયમંડલ છે. તેનો વર્ણ લાલ છે. ત્રિકોણાકાર છે. દેહને ધારણ કરીને અગ્નિદેવ ત્યાં વસે છે. એ દેવ તે સ્થાનની અપેક્ષાથી વૈશ્વાનર નામને ધારણ કરે છે. અન્ન પાન આદિને પચાવવાનું સામર્થ્ય તે દેવતામાંથી પ્રાપ્ત થાય છે. અપાન વાયુ અગ્નિ સહિત તે સ્થાનમાં પહોંચે છે. તેજ સ્થાનમાં પ્રાણવાયુ પણ આવી રહે છે. બન્ને અપાન તથા પ્રાણ નામના વાયુઓ તે સ્થાનમાં નિશ્ચળ બને છે અને અગ્નિનો ત્યાં જય થાય છે. ત્યાં સુધી ॥ ૐ રૈં॥ નામના અગ્નિ મંત્રનું ધ્યાન કરવાનું છે. એ પ્રકારે અગ્નિનો જપ થતાં અગ્નિ દીપ્ત થાય છે. તેમ થતાં તે આગ્નેય મંડળમાંથી પ્રાણ તથા અપાન વાયુઓને અગ્નિ સહિત ઉંચાં ખેંચવાનાં છે. અગ્નિમંડળમાંથી ઉંચે અને નાભિકંદથી નીચે સ્વાધિષ્ઠાનચક્ર છે. તે ષટદલ છે. તેમાં તે બન્ને વાયુ તથા અગ્નિને ચઢાવીને ધારણ કરવાં અને તેમને ત્યાં નિશ્ચલ કરવાં. દૃષ્ટિવડે તે સમયે નાભિને જોઈ રહેવી અને ચિત્તને ત્યાંજ રાખવું. મન વડે પ્રણવનું સ્મરણ કરવું. મન તે સ્થાનમાં લય પામે ત્યાંસુધી તે સ્થાનમાં વાયુને રોકી રાખવો. બંન્ને વાયુ સાથે પ્રદીપ્ત થએલો અગ્નિ તે સ્થાનમાં પોતાની ઉગ્ર જવાલાવડે કુન્ડલીનીને વીંટાઈ રહેશે. તેમ થતાં કુન્ડલીની દાઝે છે. તેથી અનાદિ કાલની ઘોર નિંદ્રામાં પડી રહેલી જાગી ઉઠે છે. તે જાગૃત થતાંજ નાભિ કંદના રંધ્રમાં ખોસી રાખેલી પોતાની ફણાને બહાર ખેંચી કહાડીને દૂર થઈ જાય છે. આ નાભિ કંદનું જે રંધ્ર છે તેજ સુષુમ્ના નાડીના મૂલનું છીદ્ર છે. તે આ પ્રમાણે ઉઘડે છે. એટલે ઝટ લઇને ત્યાં રોકેલા વાયુને પુષ્કળ પ્રમાણમાં તે નાડીમાં ચડાવી દેવો અને ધીરે ધીરે તે વાયુને અગ્નિ સહિત સુષુમ્ના દ્વારા ઉંચે ખેંચવો. તે વખતે પણ પ્રણવનું સ્મરણ ચાલુ રાખવું. એ નાડીનું બીજું રંધ્ર એજ બ્રહ્મરંધ્રછે. માટે ધીરે ધીરે એ નાડી દ્વારા અગ્નિ સહિત તે વાયુને બ્રહ્મરંધ્રમાં લઈ જઈને ત્યાં ધારણ કરવો. તે સ્થાને તેને સ્થિર કરવો. આ પ્રમાણે સિદ્ધિ થતાં આકાશમાં સૂર્ય જે પ્રમાણે પ્રતીત થાય છે તેજ પ્રમાણે આત્મદર્શન થાય છે. આખા

શરીરમાં અગ્નિસહ વાયુ પુરાતાં સર્વાંગ અત્યંત સુંદર થઈ જાય છે. દેહ દૈવીપણાને ધારણ કરે છે. આ પ્રકારે વાયુનો અગ્નિ સહિત સુષુમ્ના દ્વારા પ્રચાર કરવાનો અભ્યાસ કરતાં પ્રાણ ઉપર વિજય મળે છે. આ વિજયની પૂર્વ અવસ્થામાં પસીનો થાય છે, તે પછી કંપન થાય છે. આ યોગદ્વારા આરોગ્ય મળે છે. પાપ માત્ર બળી જાય છે. ઉત્તમ પ્રકારના નિર્મળ દર્પણ જેવું ચિત્ત શુદ્ધ થાય છે. તેથી અપૂર્વ પ્રકારના અત્યંત સુખનું ભાન થાય છે. પૂર્વાવસ્થામાં સુખનું ભાન કરવા અર્થે વિધવિધ વિષયોની અપેક્ષા રહેતી હતી. આ સુખના અનુભવને માટે તે પ્રકારના કોઈ પણ આત્મદેવથી અન્ય વિષયની અપેક્ષારૂપ પરતંત્રતા માત્ર જતી રહે છે, તેથી બ્રહ્મલોક પર્યન્તના વિષયો પણ સુખ આપવાના સાધન થવાને બદલે આ અત્યંત સુખમાં તેમનું સ્મરણ સરખું પણ વિઘ્નકર રૂપે અનુભવાય છે. આજ વૈરાગ્ય નામના જ્ઞાનના સાધનની પરાકાષ્ટા છે. એ પ્રમાણે વૈરાગ્ય થતાં પોતાના સ્વરૂપથી મનાયલા ભિન્નરૂપે વિષયોની સુખને અર્થે રહેતી અપેક્ષારૂપ પાશ માત્ર તુટી જાય છે. તેથી કૈવલ્યને સિદ્ધ કરી આપનાર જ્ઞાનનો ઉદય થાય છે. શ્રુતિ ભગવતી કહે છે કે દેવના સ્વરૂપનું પ્રત્યક્ષ ભાન થતાં સર્વ પાશો હણાય છે. તેથી ક્લેશ માત્રનો ક્ષય થઈ જાય છે. તેમ થવાથી જન્મમૃત્યુરૂપ સંસારભ્રમણ ટળે છે. જેઓ માયાથી મોહ પામીને જડવત્ થઈ રહ્યા છે તેવા મૂઢોજ માત્ર આ અસાર સંસારમાં ભ્રમે છે. અને જ્ઞાનરૂપ અમૃતનો ત્યાગ કરે છે. તે જોઇને ચકિત બની જવાય છે. જેણે એક વખત આ જ્ઞાનામૃતનો સ્વાદ ચાખ્યો હોય છે તે તો તેજ ક્ષણથી અન્ય કાર્ય માત્રનો સત્વર ત્યાગ કરી દે છે. તેની વૃત્તિ તો નિરંતર અનન્ય રીતે તે જ્ઞાનામૃત પ્રતિજ પૂર્ણવેગથી ધાવન કરી રહે છે. જેનું મન અન્ય પદાર્થો પ્રતિ પણ પ્રેમથી રમણ કરે છે છતાં તે માને છે કે અમને જ્ઞાનામૃતના સ્વાદનો અનુભવ થયો છે તેમને કેવળ ભ્રમિત ગણવા. તેમણે જ્ઞાનામૃતના સ્વાદને બીલકૂલ ચાખેલો હોતો નથી. જે અનુભવને જ્ઞાનામૃતના સ્વાદરૂપે ભ્રમથી તે માને છે તે યથાર્થ જ્ઞાનામૃત હોઈ શકતુંજ નથી. અન્ય સ્થાને ચિત્તનું ધાવન ન થવું એજ યથાર્થ જ્ઞાનામૃતને ચાખ્યાનું અસ્ખલિત પરિણામ હોય છે. પરશિવના સ્વરૂપમાંજ ચર તથા અચર એમ બે પ્રકારે જણાતું સમગ્ર જગત્ કલ્પાયલું છે. તેથી ખરા તત્વજ્ઞાનીઓ તે કલ્પનાના રૂપને અનુભવતા હોવાથી જેના ઉપર તે કલ્પના થઈ છે તેવા જ્ઞાનસ્વરૂપ પરમશિવને સમગ્ર જગતમાં દેખે છે. અને તેજ દૃષ્ટિ વાસ્તવે સત્ય છે. જેમની કુમતિ છે તેવાજ મૂઢો તે જ્ઞાન સ્વરૂપથી ભિન્નરૂપે ભ્રમથી પ્રતીત

થતા જગતરૂપ પદાર્થો પારમાર્થિક સત્તાવાળા છે એવું માની રહ્યા છે. આ માનવાનું કારણ માત્ર અજ્ઞાનજ છે. અને તેથીજ જગતના પદાર્થો સત્ય સ્વરૂપવત્ દેખાય છે. આ પ્રકારે જેમની દૃષ્ટિ અજ્ઞાનથી મૂઢ બની રહી છે તેઓજ માત્ર કહે છે કે કર્મ કરવાથી કૈવલ્યની પ્રાપ્તિ થાય છે. આ એમનું કથન શ્રુતિથી સાક્ષાત વિરોધી છે. તેમનો નિષેધ કરતાં શ્રુતિ ભગવતી આ પ્રમાણે કહે છે. આ યજ્ઞ રૂપ સાધનો સંસાર સમુદ્રને તરવાની અદૃઢ નૌકા રૂપે છે યજ્ઞાદિ ૧૮ પ્રકારના કર્મો તેમાં કહેલાં છે. આ નૌકાઓનેજ પરમ શ્રેયસ્ રૂપ માનીને જે બેસી રહે છે અને આગળ વધવાનો પ્રયત્ન કરતા નથી તે તો જરા તથા મૃત્યુને વશ થાય છે. અને પુનઃ પુનઃ સંસારના બંધનમાં પડે છે. આ આખું જગત્ આત્મ દેવમય છે. એ પ્રકારનું માનવું એજ સાચું જ્ઞાન છે. જેમના અંતઃકરણો અજ્ઞાનથી ઢંકાયલાં છે તેઓ શંકરના આ વાસ્તવ સ્વરૂપનો અનુભવ કરી શકતા નથી અને અજ્ઞાન પાશથી બંધાયલા રહે છે. તેથી તેમને અમુક્ત કહ્યા છે. આ પાશની નિવૃત્તિ કેવલ જ્ઞાન વડેજ થાય છે. અંધારાની નિવૃત્તિ કેવળ પ્રકાશ વડેજ થાયછે. પ્રકાશથી અન્ય કોઇ પણ સાધન વડે કદીજ થઈ શકતી નથી. તેજ પ્રમાણેજ આત્મ સ્વરૂપનું વિશેષ જ્ઞાન થતાંજ તે સ્વરૂપ સંબંધીનું અજ્ઞાન ક્ષય પામે છે. તે પહેલો વિકાર છે તેના પરિણામે રાગદ્વેષ આદિનો નાશ થવારૂપ બીજો વિકાસ પ્રાપ્ત થાય છે. તેમ થતાં પુણ્ય પાપરૂપ કર્મકોષનો નાશ થાય છે. તે ત્રીજો વિકાસ છે. એમ થતાં પુનઃ શરીરની પ્રાપ્તિ સહિત તે સાથે જોડાવવારૂપ જન્મ ટળી જાય છે. એ ચોથો વિકાસ છે. આત્મતત્વ મહાન છે. અશરીર છે. તે મહાન છે એટલે તેનાથી અધિક મહત્વવાળી કોઇ પણ અન્ય વસ્તુ નથી એવો અનુભવ થાય છે. તે અશરીર છે એટલે છિન્નભિન્ન થઇને તુટી જાય એવા પ્રકારનો તે નથી એવું ભાન થાય છે. સુખદુઃખથી બાધને પામવારૂપ અનુભવ બંધ થઈ જાય છે. કલેશ માત્રથી તે છુટી જાય છે. સદા પ્રસન્નતાનોજ તે અનુભવ કરે છે. આ પ્રકારના પોતાના સ્વરૂપનો અનુભવ કરનારજ મુક્ત કહેવાય છે.

આ પ્રમાણે વાસ્તવ વસ્તુ સ્થિતિ હોવાથી આપણે યાદ રાખવાનું છે કે દેહિયોનાં દુઃખમાત્રનું મૂલ અજ્ઞાન છે. એકલા જ્ઞાનવડેજ તે અજ્ઞાનની નિવૃતિ થાય છે. કર્મવડે નથીજ થતી. પાપને નાશ કરનાર સાધનરૂપ જ્ઞાનથી અધિક પવિત્ર હોય એવું કાંઇજ નથી. સંસારરૂપ વિષવૃક્ષને છેદનાર જ્ઞાનાભ્યાસ શિવાય અન્ય કાંઇજ નથી જ્ઞાન થતાં દુઃખ માત્રનો નાશ થાય છે તેનુ સ્વરૂપ આ ક્રમે શાસ્ત્રમાં કહ્યું છે. યથાર્થ જ્ઞાનથી

મિથ્યા જ્ઞાન નિવૃત્ત થાય છે. તેથી મિથ્યાજ્ઞાનના કાર્યરૂપ દોષો બળી જાય છે. તેમ થતાં તે દોષોથી પ્રેરાયલી પ્રવૃત્તિરૂપ કર્મો અટકે છે. તે અટકતાં તેના પરિણામરૂપ જન્મ થતો બંધ થાય છે. જન્મરૂપ કલેશની નિવૃત્તિ થતાં તે જન્મ સમયે તથા તે પછી થતાં દુખમાત્રનો પ્રસંગ આવતો નથી. આ પ્રમાણે ક્રમે ઉત્તરોતરનો એક પછી એક અપાય રૂપ નાશ થાય છે. એને અપવર્ગ કહ્યો છે. એ પ્રકારની અપવર્ગની પ્રાપ્તિ આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનવડે થાય છે. વેદાન્ત માત્રનો તાત્પર્યાર્થ આ એકજ છે. અને તે એ છે કે મુક્તિનો હેતુ કેવળ જ્ઞાનજ છે અને કર્મ નથી. આ પ્રકારની વસ્તુ સ્થિતિ છે છતાં પણ જે મનુષ્યો મૂર્ખ અને અનધિકારી છે તેમની નિકટ આ વાર્તાને કદીજ પ્રકાશમાં લાવવી નહિ.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો પ્રાણાયામ વિધિ નામનો ૧૬ મો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૧૭.

પ્રત્યાહાર વિધિ.

સોળમા અધ્યાયમાં પ્રાણાયામ નામનું પ્રાણ ઉપર વિજય મેળવવાનું યોગનું અંગ આપણે સમજ્યા. જે એ વિધિથી પ્રાણુ ઉપર વિજય મેળવે છે, તેનામાં અત્યંત બળ આવે છે. અને એ પ્રકારના બળવાળો પુરૂષ ઇન્દ્રિયોનું પોતાની ઇચ્છાને અનુસાર વર્તાવવા રૂપ નિયમન કરી શકે છે. એ પ્રત્યાહારનું સ્વરૂપ છે. પતંજલિ ભગવાન કહે છે કે ઇન્દ્રિયોને તેમના વિષયના સંબધનો જે સમયે અભાવ હોય છે તે સમયે ચિત્ત સ્વરૂપાકાર થાય છે. એજ ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે. અનાદિ કાલથી બહારના વિષયોમાંથી સુખ પ્રાપ્ત થશે ને અન્ય સ્થાનેથી તેમ થવાનું નથી એ પ્રકારનો નિશ્ચય અનેક જન્મોથી ચિત્તમાં દૃઢ થઇ ગયો છે. એ પ્રકારના ચિત્તથી પ્રેરાઇને ઇન્દ્રિયોના સ્વભાવથી પોતપોતાના વિષયોમાં બહાર દોડીદોડીને વિચરવાની ટેવ પડી ગઈ છે. આ અભ્યાસનું અનંત કાળથી એટલું બધું બળ જામી ગયું છે કે તે તે વિષયોમાં જઇને ચોંટવું એજ ઇન્દ્રિયોનો સ્વભાવ થઇ પડયો છે. આ પ્રકારે ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં જાય છે. તેમને અત્યંત દૃઢતાથી સાવધાનતા પૂર્વક બળ વડે ખેંચીને અંદર રાખવી તે પ્રત્યાહાર છે.

આ સંસારચક્ર પંચ મહાભૂતમય છે. તેમાં પરબ્રહ્મ ચૈતન્ય પાંચ પ્રકારના અભિમાનને ધારણુ કરીને પોતાના સ્વરૂપનું પણ ભાન ભૂલ્યા હોય તેવી પ્રતીતિ કરાવીને પ્રવૃત્તિ કરી રહ્યા છે તથા કરાવી રહ્યા છે. શ્રી તૈત્તિરીયોપનિષદ્માં અષ્ટમાનુવાક્માં બ્રહ્માનંદવલ્લીમાં કહે છે કે

॥ भीषाऽस्मा द्वातः पवते ॥ भीषोदेति सूर्यः ॥ भीषाऽस्मादग्नि श्चेन्द्रश्च ॥ मृत्युर्धावति पंचम इति ॥ એ પરમતત્વના ભયથી વાયુદેવ બળપૂર્વક વહન કરીને પવિત્ર કરે છે. સૂર્યદેવ ઉદયને પામે છે. અગ્નિ તથા ઇન્દ્ર પણ દોડધામ કરી રહ્યા છે. અને પાંચમો મૃત્યુ દેવતા પણ પોતાની પ્રવૃત્તિમાં ધાવન કરી રહ્યા છે. એ પ્રકારની જેમાં પ્રવૃતિ ચાલી રહી છે એવા પ્રપંચ માત્રને જ્ઞેય એટલે જાણવાના વિષયરૂપે માનવાની ચિત્તને ટેવ પડી છે. એમ ભિન્નરૂપે પ્રતીત થતા પ્રપંચનું પ્રતીતિ રૂપ જ્ઞાન સાથે અભિન્નરૂપે અનુસંધાન કરવું તેને ઉપર કહેલા ઇન્દ્રિયોના નિયમનની અપેક્ષાથી અત્યંત ઉત્તમ પ્રકારનો પ્રત્યાહાર કહ્યો છે.

આ જે જે મારા સમક્ષ દેખાય છે તે બધુંજ અમૃત બ્રહ્મ છે. મારી પૃષ્ઠે દેખાતું બધુંજ બ્રહ્મ છે. જમણી તથા ડાબી બન્ને બાજુએ દેખાવ કરી રહ્યું છે તે બ્રહ્મ છે. ઉંચે તથા નીચે જોતાં ત્યાં પણ બ્રહ્મ વિના કાંઇજ નથી. સર્વત્ર પ્રસરેલું આ બધું જે જે દેખાય છે તે સર્વ કેવળ બ્રહ્મ છે. આ પ્રકારનું અનુંસંધાન કરવું તે પણ પ્રત્યહાર છે.

જન્મથી આરંભીને મરણ પર્યંત વિવિધ પ્રકારના વ્યાપારો કરાય છે. તેમાંના કેટલાક શુદ્ધ હોય છે તો કેટલાક અશુદ્ધ હોય છે. આ વ્યાપારોને હું કરૂં છું. એ પ્રકારના અભિમાનનો તે સર્વમાંથી ત્યાગ કરતા કરતા તે સર્વ વ્યાપારોનું અમૃતબ્રહ્મમાંજ સમર્પણ કરવું એટલે તેમાંજ તેમને રૂડી રીતે અર્પણ કરતા જવું તે પણ પ્રત્યાહારનો એક પ્રકાર છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે જે જે કર્મોને કરીએ છીએ, જે જે ભોગોને ભોગવીએ છીએ, જે જે હોમોને હોમીએ છીએ, જે જે દાનોને આપીએ છીએ, જે જે તપશ્ચરણને આચરીએ છીએ, તે સર્વને શ્રીકૃષ્ણાર્પણ કરતા જવું. આ અર્થનું વચન અધ્યાય ૯ના શ્લોક ૨૭ મામાં શ્રી કૃષ્ણ પરમાત્મા અર્જુન પ્રતિ શ્રી મુખે કહે છે. ॥ यत्करोषि यदश्नासियज्जुहोषि ददासियत् । यत्पश्यसि कौंतेय तत्कुरुष्य मदर्पणम् ॥ એ પ્રમાણે કર્મમાત્રનું બ્રહ્મમાં સમર્પણ કરવારૂપ પ્રત્યાહાર બંધન માત્રથી મુકત કરે છે.

નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરવો. નિત્ય કર્મોને કરવાં. કામ્ય કર્મો (જેને નૈમિત્તિક કહે છે) તે પણ કરવાં છતાં તે કામ્ય કર્મો કરતાં તેનાં ફલ સાથેના અનુસંધાનનો ત્યાગ કરવો. એ કર્મો કરવામાં તે દ્વારા હું શ્રી

પરબ્રહ્મની આરાધના કરૂં છું, એ પ્રકારના સંકલ્પને દૃઢ કરવો આ પ્રમાણેની મતિપૂર્વક કરાયલું કર્મોનું અનુષ્ઠાન તેને પણ પ્રત્યાહાર કહે છે.

પ્રાણાયામ કર્યા પછી ન્યાસ કરવાનું વિધાન શાસ્ત્રોએ આપેલું છે. ન્યાસ શબ્દ ॥ नि+आस ॥ રૂપ છે. ચિત્તને નિવૃત્તિપૂર્વક બેસાડવું. એવા અર્થવાચક તે શબ્દ છે. દંતના મૂળથી આરંભીને પગના અંગુઠા સુધી એક પછી એક કહેલા અનુક્રમે વિવિધ સ્થાનોમાં ચિત્ત વૃત્તિને લઈ જઈને સ્થિર કરવી અને ચિત્તની વૃત્તિદ્વારા સૂક્ષ્મ પ્રાણવાયુને પણ તે સ્થાનમાં સંપૂર્ણ રીતે આકર્ષીને સ્થિરતાથી સ્થાપવો. તે સ્થાનમાં સંપૂર્ણ સ્થિરતા થાય ત્યાં સુધી ચિત્તને તે સ્થાનમાં રોકી રાખવું. એક સ્થાનમાં એ પ્રમાણે સંપૂર્ણ સિદ્ધિ કરી રહ્યા પછીજ એજ પ્રકારે તેના પછીના સ્થાનમાં જવું. એમ ઉત્તરોત્તર દરેક સ્થાનમાં શુદ્ધિની સિદ્ધિ કરવી એને પણ પ્રત્યાહાર કહ્યો છે. એ ન્યાસરૂપ પ્રત્યાહાર બે પ્રકારના છે અવરોહણક્રમ અને આરોહણક્રમ.

અવરોહણ ક્રમમાં સર્વથી ઉંચેના અંગમાંથી આરંભ કરીને નીચે ઠેઠ ઉતરવાનું હોય છે. આ રોહણ ક્રમમાં ઠેઠ નીચેથી આરંભીને છેક ઉંચે સુધી જવાનું છે. અવરોહણ ક્રમનું સ્વરૂપ આ પ્રકારનું છે. પ્રથમ (૧) દંતમૂલમાં ચિત્તસહ પ્રાણનું સ્થાપન કરવું. તે સ્થાનમાં પૂર્ણ થયા પછી (૨) કંઠે તે પછી (૩) છાતીમાં, તે પછી (૪) નાભિકંદમાં, ત્યાંથી (૫) કુંડલીનીમાં, ત્યાંથી (૬) મૂલાધારે, ત્યાંથી (૭) અપાને, ત્યાંથી (૮) બન્ને કેડોમાં, ત્યાંથી (૯) બન્ને જંઘોમાં, ,ત્યાંથી (૧૦) બન્ને ઢીંચણમાં, ત્યાંથી (૧૧) બન્ને પિંડીઓમાં, અને ત્યાંથી (૧૨) પગને અંગુઠે એ પ્રમાણે ચિત્તસહ પ્રાણને ઉત્તરોત્તર સ્થાનમાં સ્થાપી તે તે સ્થાનની શુદ્ધિને સ્થિર કરતાં કરતાં ઉતરી પડવું. તે કરવાથી સર્વ પાપ તથા સંસારના સર્વ રોગો નાશ થાય છે. આરોહણ પ્રત્યાહાર કરવામાં નિશ્ચલ થઈને સ્વસ્તિકાસને બેસવું. આ બન્ને નાડીઓદ્વારા પ્રાણને ખેંચવો. પ્રથમ ચિત્તસહ પ્રાણને પગના તળીયામાં સ્થિર કરવો. પગના બન્ને તળીયાંથી આરંભીને મસ્તક સુધિ દરેક સ્થાનનો ઉત્તરોત્તર જય કરતાં કરતાં ચઢવું. આ શુદ્ધિને માટે સ્થાનોમાંથી નવ સ્થાનોને મુખ્ય કહ્યાં છે. દરેક સ્થાનમાં अ કારથી આરંભીને એક પછી એક નવ વર્ણોનું ધ્યાન કરવાનું છે. દરેક વર્ણના અધિષ્ઠાત્રા દેવતાના સ્વરૂપનું સ્મરણ તે અક્ષરના ઉચ્ચારણ સમયે કરવાનું છે. આ પ્રમાણે ચિત્તસહ વાયુને પુરતા

પુરતા આ પ્રમાણેના ક્રમે ચઢવું. તેમાં પ્રથમનું સ્થાન (૧) બંને પાદ છે. તેમાં અકાર સહિત ન્યાસ કરવો. તે પછી ઉ કાર સહિત (૨) મૂલાધારે ન્યાસ કરવો. પછી મ્કાર સહિત (૩) નાભિ કંદમાં, પછી નકાર સહિત (૪) હૃદયની મધ્યમાં, તે પછી મકાર સહિત (૫) કંઠ કુપમાં. તે પછી શિકાર સહિત (૬) તાલુમાં, તે પછી વ કાર સહિત (૭ ભ્રૂકુટીમાં, તે પછી યકાર સહિત (૮) લલાટમાં ન્યાસ કરવાનો છે. છેવટે ॥ૐ॥ કાર સહ (૯) મસ્તકમાં વૃત્તિને સ્થિર કરવાની છે. આ પ્રમાણે અક્ષરરૂપ મંત્રને જપતાં જપતાં ઉંચે ચઢવું. ચૈતન્યયુકત પવન જે પ્રાણ છે તેની સાથે એકતા જ્યારે થએલી હોય છે, ત્યારે અમૃતના પ્રવાહ રૂપ તે તત્વ બને છે. એ અમૃતનો પ્રવાહ એક પછી એક સ્થાને શુદ્ધ કરતો કરતો ચિત્તની એકાગ્રતાના પ્રમાણમાં તે તે સ્થાનોમાં જીવન બળને ભરેછે, અને ઉત્તરોત્તર એક એક સ્થાનથી સ્થિર થતાં તે બન્ને સ્થાનોના વચલા ભાગોમાં પણ અમૃત રસને ભરી દેછે. આ પ્રકારના ન્યાસને પણ પ્રત્યાહાર કહ્યો છે. ભિન્નભિન્ન આગમ શાસ્ત્રોમાં આન્યાસ નામનો પ્રત્યાહાર કહ્યો છે, પરન્તુ તેમાં તે અમૃત રસને સ્થિર કરવાને માટે મુકામનાં સ્થાનોની સંખ્યા અધિક આપી છે. તેથી તે કાર્ય વિશેષ સરલ થઇ પડે છે. આ સ્થાનો આ પ્રમાણે છે. ૧ પગના અંગુઠા, (૨) ગુલ્ફ, (૩) ઢીંચણ, (૪) ગુદા (૫) સીવની, (૬) જનનેન્દ્રિય, (૭) નાભિ, (૮) હૃદય (૯) ગરદન, (૧૦) મુખના કોમલ તાલુનો અગ્રભાગ, (૧૧) નાસિકા, (૧૨) ભ્રૂકુટી, અને (૧૩) લલાટનો અગ્રભાગ, એ પ્રકારે પ્રત્યાહાર કરવાનો છે. વળી કહ્યું છે કે સુષુમ્ના નાડીદ્વારથી અંતે ચિત્તસહ પ્રાણને યોગના અભ્યાસંકે છેવટે બહાર કહાડીને ઇચ્છા થાય તો આટલાં સ્થાનોની સિદ્ધિ થયા પછી પરકાયામાં પ્રવેશ કરાય છે, અને પુનઃ પરકાયામાંથી પોતાના શરીરમાં ચિત્તસહ પ્રાણને જ્યારે લાવવો હોય છે ત્યારે એજ સ્થાનોમાં સંયમ કરતાં એક પછી એક નીચે ઉતરીને સ્થિર થવાનું છે. આ પ્રત્યાહારનો એક પ્રકાર છે.

દેહ મન આદિ વિષયો અનાત્મ છે. તેમાંનું કોઇજ મ્હારૂં યથાર્થ સ્વરૂપ નથી. તે સર્વનો સાક્ષિ તે સર્વમાં રહીને તેમને પોતપોતાની પ્રવૃત્તિમાં યોજનારો છતાં તેમનાથી અલિપ્ત આત્મા એજ હું છું, એ પ્રકારે અનાત્મ એટલે વિશેષરૂપે વૃત્તિને બાંધનાર વિષયમાંથી હુંપણારૂપ આત્મ બુદ્ધિને ખેંચી લેવી અને હું નિર્દ્વંદ્વ છું એટલે સુખ દુઃખ, હર્ષ શોક, શીતોષ્ણ આદિ દ્વંદ્વથી રહિત છું, હું નિર્વિકલ્પ છું, એટલે વિચારાદિ

સ્ફુરણોરૂપ ધર્મવાળા મનનો પણ હું દ્રષ્ટા છું એ પ્રકારે પોતાના આત્મ સ્વરૂપમાં આત્મ તત્વવડેજ બુદ્ધિનો નિરોધ કરવો તે પ્રત્યાહારનું પરમ સ્વરૂપ છે. એની સિદ્ધિ કરનાર સાધકને પુણ્ય કે પાપ સ્પર્શ કરી શકતાં નથી. તે નિરંજન છે. એટલે તમસના કાર્ય રૂપ અંધારૂં-અજ્ઞાનરૂપ અંજન એટલે કાજળ છે તેનાથી અલિપ્ત તે છે. તેથી વિષમતા દોષ દૂર થતાં સમતાની પ્રાપ્તિ તેને થાય છે. એવો પુરૂષજ શ્રેષ્ઠ બ્રહ્મવિદ્ છે. તેજ સાક્ષાત દેવેશ્વર છે.

આ પવનપ્રત્યાહાર અધિકારી ન હોય તેવાથી ગુપ્ત રાખવાનો છે. કારણકે વગર સમજ્યો ગમે તેમ કરી બેસે તો તેથી તેને હાનિ થાય છે. પવનપ્રત્યાહારના કરતાં પણ વિચારરૂપ પ્રત્યાહારને વિશેષ ગુપ્ત રાખવાનો છે. હે મુનિયો ! આપ અત્યંત ઉત્તમ અધિકારીઓ હોવાથી આ વિચારપ્રત્યાહારના સ્વરૂપને પણ મેં આપને સંક્ષેપમાં કહ્યું છે.

એ રીતે શ્રી જ્ઞાનયોગખંડનો પ્રત્યાહાર વિધિ નામને ૧૭ મો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ

અધ્યાય ૧૮.

ધારણાવિધિ.

સાધકનું ચિત્ત પ્રત્યાહારથી વશ થાય છે. એવા વશ ચિત્તવાળો પુરૂષ ધારણાને માટે યોગ્ય અધિકારી બને છે.

દેહની બહારનું વિશ્વ પંચભૂતાત્મક છે. ૧ આકાશ, ૨ વાયુ, ૩ તેજ, ૪ જલ અને ૫ પૃથ્વિ. એ પ્રમાણે પંચભૂતોનું બનેલું છે. સાધકનો પિંડ પણ તેજ પાંચ ભૂતોથી બનેલો છે. મનમાં સાધકે વિચાર કરવો કે બાહ્ય પ્રદેશમાં વિષયરૂપ જે આકાશ છે તેજ આકાશની સાથે મારા દેહની અંદર રહેલું આકાશ તત્વ એકતાને પામેલું છે. આ પ્રમાણે વિચાર કરતાં ॥ હઁ ॥ બીજ મંત્રનું ઉચ્ચારણ કરવું. એ પ્રમાણે આકાશતત્વની ધારણા થાય છે. તે પછી ॥ યઁ ॥ બીજ મંત્રનું ઉચ્ચારણ કરવું અને ધારણા કરવી કે બાહ્ય પ્રદેશમાં જે વાયુ પ્રતીત થાય છે તેજ પિંડમાં પ્રાણરૂપ બનીને રહ્યો છે. એ પ્રકારની વાયુતત્વની ધારણા કરવી. તે પછી ॥ રઁ ॥ બીજ મંત્રનો જપ કરતાં ધારણા કરવી કે બાહ્ય વિશ્વમાં જે અગ્નિ છે, તેજ અગ્નિ પિંડમાં જાઠરરૂપ ધરીને રહ્યો છે. એ તેજ તત્વની ધારણા છે. પછી ॥ વઁ ॥ બીજ મંત્ર જપવો અને વિશ્વમાં જે જલ દેખાય છે તેજ શરીરની અંદરનો જલનો અંશ બની રહ્યો છે. એજ પ્રમાણે ॥ લઁ ॥ બીજ મંત્રના જપપૂર્વક બાહ્ય પ્રદેશમાં જે ભૂમિતત્વ છે તેજ શરીર ગત પાર્થિવ રૂપને ધારણ કરી રહ્યું છે. એ પ્રકારે પંચભૂતાત્મ ધારણા કરવી. એ પ્રમાણે ધારણા કરવાથી શરીર યોગાગ્નિમય બની જાય છે. તેથી પાપ માત્ર નાશ પામે છે. જે સાધક આ ધારણાને સિદ્ધ કરે છે તેના ઉપર રોગનું, વાર્ધક્યનું કે મૃત્યુનું બળ ચાલતું નથી. તે નિરંતર નીરોગ, યૌવનમય, અમર બની રહે છે.

આ પંચતત્વાત્મક ધારણાને વિશેષ પ્રબળ કરવા અર્થે તે ધારણાને કરતાં બીજ મંત્રોનું ઉચ્ચારણ કરતી વખતે તે મંત્ર તથા ભૂતના અભિમાની દેવતાઓનું અનુસ્મરણ કરવાનું હોય છે, અને શરીરના ખાસ વિભાગોમાં તે તે દેવતા સંહિત તે ભૂતોનું વિશેષ બળ હોય છે. તેથી જે સ્થાનમાં જે ભૂતનું વિશેષ બળ હોય તે સ્થાનમાં ચિત્તને એકાગ્ર કરીને ત્યાં તે તત્વની ધારણા કરવી. ઢીંચણથી નીચેના ભાગમાં પૃથ્વિ તત્વનું વિશેષ બળ છે, માટે તે તત્વની ધારણા તે સ્થાનમાં કરવી. તેના અધિપતિ બ્રહ્મા છે તેથી તે ધારણા કરવાના સમયે બ્રહ્માનું અનુસ્મરણ કરવું. ઢીંચણથી ઉપર ગુદા સુધીના ભાગમાં જલનો અંશ વિશેષ બલવાન છે. તેથી જલતત્વની ધારણા ત્યાં કરવાની છે. તે સ્થાનના અધિદેવતા વિષ્ણુ ભગવાન છે. તેથી તે સમયે તેમનું અનુસ્મરણ કરવું. ગુદાથી હૃદય સુધીના ભાગમાં અગ્નિઅંશ બલવાન છે. અને તે સ્થાનના અભિમાની દેવતા મહેશાન રૂદ્ર છે. તેથી તે સ્થાનમાં તેજસ તત્વની ધારણા કરવી અને રૂદ્ર ભગવાનનું અનુસ્મરણ કરવું. હૃદયથી ભ્રૂકુટી સુધીના ભાગમાં વાયુ તત્વનું પ્રાધાન્ય છે. તમસ, રજસ અને સત્વ એ પ્રકારના ગુણોના વિભાગ જેમાં થયા નથી એ પ્રકારની ત્રિગુણમયી માયાનું લિલાથી નિયમન કરનાર ઈશ્વિર તે સ્થાનના અધિદેવતા છે. માટે ત્યાં વાયુ તત્વની ધારણા કરવી અને ઈશ્વિરના સ્વરૂપનું અનુસંધાન રાખવું. ભ્રૂકુટી પ્રદેશથી મૂર્ધા સુધીમાં આકાશ તત્વ પ્રબળ છે. તે સ્થાનના દેવતા સદાશિવ સાક્ષાત છે. માટે આકાશ તત્વની ધારણા તે સ્થાને શ્રી સદાશિવના સ્વરૂપના અનુસંધાન પૂર્વક કરવી. આ ધારણા કરવામાં એ પ્રકારની ભાવના કરવી કે જે પંચ તત્વાત્મય આખું વિશ્વ છે તેજ પંચ તત્વાત્મક એક પછી એક મ્હારો પિંડ છે. અને તેમ હોવાથી તે તે તત્વના અભિમાની દેવતા તે તત્વમાં રહીને તે તે તત્વ પાસે પ્રવૃત્તિ કરાવી રહ્યા છે. તે પંચ દેવતાત્મક મારૂં સ્વરૂપ છે. એ પ્રકારની ભાવના નિરંતર ચાલુ રાખવી. આ ધારણાને આધિભૌતિક ભાવના કહે છે.

મનની અંદર તેના અધિદેવતા ચંદ્રના સ્વરૂપને ધારવું. શ્રોત્રમાં દિગ્દેવતાને ધારવા. પગમાં વિષ્ણુભગવાનને, હસ્તમાં ઇન્દ્રને, વાણીમાં અગ્નિને, ગુદામાં મિત્રને, જનન સ્થાનમાં પ્રજાપતિને, ત્વચામાં વાયુને, નેત્રમાં સૂર્યને, જીવ્હામાં વરૂણને, નાસિકામાં પૃથ્વિને અને એ પ્રમાણે ભિન્નભિન્ન સ્થાનમાં ભિન્નભિન્ન દેવતાઓ રહેલા છે.ને તેતે સ્થાનના અભિ-

માનને ધારણ કરીને ત્યાં થતી પ્રવૃત્તિને કરાવી રહ્યા છે. એ પ્રકારનું માનસ પ્રદેશમાં ભાવનાત્મક ચિત્રને રચીને જોવારૂપ ધારણા કરવી. સર્વ સ્થાનોમાં પિંડમાં તેમજ બહાર બ્રહ્માન્ડમાં અંતર્યામિરૂપે વસીને તેતે દેવતાને બળ તથા શાસન આપીને તેતે સ્થાનની પ્રવૃત્તિ કરાવનાર મૂળ કારણરૂપ સર્વના આત્મભૂત બોધાનંદમય શિવ છે તેમના સ્વરૂપની ધારણા આખા પિંડના અભિમાની જીવના સ્વરૂપમાં કરવી. એ પરમ ધારણા છે. આ પ્રકારે નિત્ય ભાવના કરવી. તેથી પાપમાત્રનો નાશ થાયછે.

બ્રહ્માદિ દેવતાઓનું ભિન્ન ભિન્ન સ્થાનોમાં ચિંતન કરતા તેમના તેમના સ્વરૂપને તે તે સ્થાનોમાં જોતાં જે ધારણા કરવાની છે તેમાં પણ આ પ્રકારના વિશેષ વિચારને જોડવાનો છે. તે દરેક દેવતામાં પરમાત્મ તત્વના ચિદંશો રહેલા છે. અને તે તે સ્થાનની પ્રવૃત્તિને અનુરૂપ પોત પોતાના કારણરૂપ ઉપાધિ પરંપરાથી સંકલિત થએલાં છે. એ સંકલના-પરંપરાની ભાવના થતાં છેવટે તે સર્વની કારણ રૂપ માયાનું સ્વરૂપ અવ્યક્ત છે એટલે આંતર ઈન્દ્રિય તથા બહારની ઈન્દ્રિય બેમાંથી કોઈ પણ કરણ દ્વારા તેનું ભાન થઈ શકતું નથી તેવી તે માયા છે. એ માયા અનિરૂપ્ય છે. એટલે તેનું સ્વરૂપ અમુક પ્રકારનું છે એમ સ્પષ્ટ રીતે તેને માટે કહી કે વિચારી શકવાનું બનતું નથી. એવી તે વિચિત્ર છે. તે અચેતન છે, કારણ કે પરમાત્મતત્વ વડેજ તે ચેતનવાળી દેખાય છે. લોહની ગોળી સ્વરૂપે ઉષ્ણ નથી પણ શીત છે. છતાં જેમ અગ્નિના સંબંધથી તે દાહ આદિ પરિણામોને પ્રતીત કરાવે છે. તેજ પ્રમાણે પરમ ચૈતન્ય પરમાત્મતત્વ વડે માયા અદ્ભુત ક્રિયાવાળી દેખાય છે. આ પ્રમાણે હોવાથી ધારણા કરવામાં લયચિંતન કરવાનું છે. એટલે પિંડ ગત પૃથ્વિ તત્વરૂપ ઢીંચણથી નીચેના ભાગનો વિશ્વગત પૃથ્વિ તત્વમાં લય કરવો, અને એજ પ્રમાણે બાકીનાં ચારે તત્વો જે જે ભાગમાં પોતપોતાની પ્રધાનતાને ધરાવે છે તેમનો વિશ્વગત તે તે તત્વમાં લય કરવો અને તે સર્વનો માયામાં લય કરવો. એટલે બહાર જે વસ્તુ માયા છે તેજ વસ્તુ આખો પિંડ છે એમ ધારવું. આ પ્રમાણે અચિદંશની વ્યવસ્થા કરવી. પછી તે તે ભાગના અધિદેવતાનો આખા પિંડના અભિમાની જીવસહ બ્રહ્માંડગત દેવતાઓ સાથે તેમની એકતા છે એ પ્રકારે ધારીને તેમનો તેમાં લય કરવો ને તે પછી તે સર્વનો સાક્ષાત સંપૂર્ણ આત્મદેવમાં સ્વભાવથીજ લય થઇ જાય છે. બ્રહ્માદિરૂપે કલ્પાયલા સર્વ દેવતાઓ પરમાત્મતત્વરૂપેજ

સ્થિત થએલા ભાસે છે. જેની અભિવ્યક્તિ નથી થતી તે અવ્યકત અને જેનુ અમુક નામ છે તથા અમુકરૂપ છે એ પ્રકારે શબ્દ વડે નિરૂપણુ નથી થતું તેવી જડ માયા છે. તે સર્વે છેવટે પરમાત્મ તત્વમાં લીન થાય છે. એટલે તે સર્વ પરમાત્મ તત્વમયજછે, એ પ્રમાણેની ભાવના કરવી એ ધારણાનું મહાન સ્વરૂપ છે.

ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પાછી વાળીને મનમાં લાવવી અને તે મનને આત્મસ્વરૂપમાં ધારણ કરવું. કઠવલ્લીમાં કહ્યું છે કે ॥ **यच्छेद्वाङ्मनसि प्राज्ञस्त यच्छे ज्ज्ञान आत्मनि। ज्ञानमात्मनि महति नियच्छेत्त यच्छेच्छान्त आत्मनि॥** વાણીને મનમાં લીન કરવી, મનને બુદ્ધિમાં લીન કરવું, બુદ્ધિને મહતત્વમાં, મહતત્વને શાન્ત, આત્મામાં લીન કરવું. એ પ્રકારની ધારણા કરવાની છે. સારાંશ કે એક પછી એક ઉત્તરોત્તર જે તત્વને કહ્યું છે, તે તત્વમય પૂર્વનું તત્વ છે, એટલે મન એ તત્વ બુદ્ધિ તત્વમય છે એ પ્રકારનો વિચાર કર્યા કરવાથી સંકલ્પ વિકલ્પ કરવાનું કામ ત્યાગ કરીને મન બુદ્ધિતત્વમાં સ્થિર થઈ જાય છે. એ મનતત્વમાં બુદ્ધિની ધારણા કરી કહેવાય છે. એનેજ મનનો બુદ્ધિમાં લય કર્યો કહેવાય છે. એ પ્રકારની સિદ્ધિ કરીને પછી ધારવું કે બુદ્ધિ એ મહતત્વમયી છે. એમ ધારણા કરતાં બુદ્ધિ પોતાના કાર્યને મૂકીને મહતત્વ રૂપ બની રહે છે. તે વખતે તેને મહતત્ત્વમાં લીન થઈ કહેવાય છે. એજ પ્રમાણે મહતત્ત્વમાં આત્મદેવની ધારણા થતાં સર્વત્ર આત્મદર્શન થઇ રહે છે.

દેવ માત્રનું દેવત્વ વેદના શબ્દો વડેજ છે. વેદવાક્ય રૂપ અનાદિ ધ્વનિ થયો તે આજ્ઞા અથવા વરદાનરૂપ વ્યતિકર અનિવાર્ય હોવાથી તેતે વેદની આજ્ઞારૂપ તેતે દેવતાઓનાં સ્વરૂપ પ્રતીત થયાં. આ પ્રમાણે સદા દેવમાત્ર વેદના શબ્દમય છે. નર, લોક અને મહેશ્વર પોતે પણ જે પ્રતીતિ કરાવી રહ્યા છે તે પ્રતીતિના કારણરૂપ તેજ વેદના શબ્દરૂપ ધ્વની છે. નરનું નરત્વ, લોકનું લોકત્વ અને મહેશ્વરનું મહેશ્વરત્વ, પણ વેદના શબ્દ વિના અન્ય રીતે સિદ્ધ થએલું નથી. એ પ્રમાણે સર્વના કારણરૂપ વેદજ છે. આ પ્રકારની ચિત્તની વ્યવસ્થા ધારણ કરવી તેને પણ ધારણા કહી છે.

સર્વે ઋષિનાં નામો તથા વિવિધ કર્મ આદિ સર્વેને પૃથક, પૃથકરૂપે શ્રી મહેશ્વરે પ્રથમ નિર્માણ કર્યાં છે. તે અનાદિ વેદોના શબ્દો વડેજ કરેલાં છે. એ પ્રકારની વિચારની સ્થિતિને ધારણા કહી છે. હું બ્રહ્મજ છું બ્રહ્મથી ભિન્ન કાંઈજ હું નથી. હું સદાજ બ્રહ્મ છું. કદીજ હું દેહ નથી, યક્ષ નથી, નર નથી, દેહેન્દ્રિયાદિ નથી. હું બુદ્ધિઆદિ નથી, હું માયા નથી, અન્ય દેવતા રૂપ નથી પણ હું કેવળ બ્રહ્મરૂપજ છું એ પ્રકારની બુદ્ધિની દઢ વ્યવસ્થાવાળી સ્થિતિ તે પણ ધારણા છે. શ્રુતિ ભગવતી કહે છે કે બ્રહ્મ તત્વનું અસ્તિત્વ છે એવો નિશ્ચય કરવા માટે સાધનરૂપે ઇન્દ્રિયાદિ ઉપયોગમાં આવે તેમ નથી. તર્ક વિતર્ક કામમાં આવે એમ નથી. અન્ય મનુષ્યાદિના શબ્દોનો તેમાં ઉપયોગ નથી. અન્ય કશાંજ સાધનથી તે ખાત્રી થઈ શકે તેમ નથી. તેટલાજ માટે વેદાન્તનું મહત્વ છે. કારણ તે એકલાજ શાસ્ત્ર વડે બ્રહ્મતત્વ એજ આપણું આત્મ તત્વ છે એવું સિદ્ધ થાય છે. આ પ્રમાણે વેદાન્ત શાસ્ત્ર એકલા વડેજ મારી પૂર્ણ ખાત્રી થઈ છે કે બ્રહ્મતત્વ એજ મારૂં આત્મસ્વરૂપછે એવી ભાવનાને સદા ચાલુ રાખવી એ ધારણાનું ખરૂં સ્વરૂપ છે.

એ રીતે શ્રી જ્ઞાનયોગ ખંડનો ધારણા વિધિ નામનો ૧૮ મો અધ્યાય સંપૂર્ણ થયો.



૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય ૧૯.

ધ્યાન વિધિ.

ધારણાનો અભ્યાસ પૂર્વાધ્યાયમાં કહ્યા પ્રમાણે કરવાથી અભ્યાસકના મનની ચપળતા જેની છૂટી છે તે ધ્યાનની યોગ્યતાને મેળવે છે. ઇચ્છાનો વિષય જે સર્વોત્તમ પ્રાપ્તવ્ય રૂપે નિશ્ચિત કર્યો હોય તેને ઇષ્ટ કહે છે. અશુભ કોઈની ઇચ્છાનો વિષય હોઈ શકતો નથી. જેમાં અશુભનો ગંધ સરખો પણ નથી એ કેવળ શુભજ સુખકર છે. એવા તત્વનેજ શિવ એવું નામ આપ્યું છે. એજ પરમ પ્રાપ્તવ્ય રૂપ હોવાથી એ શિવને ઇષ્ટ રૂપે પ્રધાનતાથી લીધો છે. ઇષ્ટના સ્વરૂપમાં અંતઃકરણની સામગ્રી આદિથી અધિકાર ભેદ હોવાથી તે ઇષ્ટનાં સ્વરૂપો અધિકારીના અધિકાર ભેદ રૂપ ઉપાધિને લીધે અનેક છે. તે પ્રકારનાં સ્વરૂપોને માનસિક પ્રદેશમાં રચવાના અભ્યાસરૂપ ધારણાનું સ્વરૂપ આપણે સમજ્યા. હવે એ પ્રકારે ધારણ કરાયલા સ્વરૂપનું ચિન્તન કરવું એ ધ્યાનનું સ્વરૂપ છે.

ધ્યાન જે ઇષ્ટ સ્વરૂપનું કરાય છે તે ઇષ્ટ સ્વરૂપને ધ્યેય કહે છે. અને ધ્યાન કરનારને ધ્યાતા કહ્યો છે. પરમ ધ્યેયતત્વના સ્વરૂપને બુદ્ધિમાં ઉતારવાની સૂક્ષ્મતા તથા સ્થિરતાનો વિચાર કરીને શાસ્ત્રે ધ્યેય તત્વના બે વિભાગ કર્યા છે. ૧ સગુણ અને ૨ નિર્ગુણ. ગુણ રૂપ ઉપાધિ ધર્મને ગ્રહણ કરવાનો આપણને અભ્યાસ છે તેથી તે ઉપાધિની સંકલના સહિત ઇષ્ટિતત્વનું ચિંતન પ્રથમ સરળતાથી થાય છે. તે સગુણ ધ્યાન છે. તે પછી ગુણરૂપ ઉપાધિનો બાધ કરીને કેવળ શુદ્ધતત્વનું ચિંતન જેમાં કરાવાય છે તે નિર્ગુણ ધ્યાન છે. આમાં પણ દૃષ્ટિ ગોચર થતા પદાર્થો પ્રતિ મન વિશેષ સરળતાથી સ્થિર થાય છે. તેનો વિચાર કરીને આકાર

ઉપાધિ સહિત એ તત્વનું ચિન્તન આરંભક સ્થિતિમાં કહ્યું છે. તે સાકાર ધ્યાન છે. જેમાં આકારની અપેક્ષા નથી રાખી તે નિરાકાર ધ્યાન છે. આ પ્રકારે ઉપાસનાના ચાર પ્રકાર થાય છે. ૧ સગુણ સાકાર, ૨ સગુણ નિરાકાર, ૩ નિર્ગુણ સાકાર, અને ૪ નિર્ગુણ નિરાકાર.

આકાશમાં ચંદ્ર મંડલને આપણે બધા દેખીએ છીએ. તે નિર્મળ, શુદ્ધ શીતલ પ્રકાશના પ્રવાહને વહેવરાવી રહ્યું છે. ચંદ્ર મંડલ સંપૂર્ણ તથા અચલ છે. આ પ્રમાણે આપણો અનુભવ છે. ચંદ્ર મંડલનો આકાર તથા તેમાં ઉપર વર્ણવેલા ધર્મ રૂપ ગુણોનું પ્રથમ અનુસ્મરણ કરવું, એ સગુણ સાકારનું ધ્યાન થયું. તે પ્રમાણેનું ધ્યાન સિદ્ધ થયા પછી તેની મધ્યમાં પરમાનંદ, વિજ્ઞાન, આનંદ, બ્રહ્મ, સચ્ચિદાનંદ એકરસ, પરમ બ્રહ્મતત્વ છે. અને તે તત્ત્વે લીલાવતારને સ્વિકારેલો છે. એમ ધારવું. તે રૂપે તેમનો અર્ધ દેહ ઉમારૂપ છે. વરદ રૂપ છે. ઉત્પત્તિ તથા સ્થિતિથી રહિત છે. શુદ્ધ સ્ફટીક જેવા છે. તેમના લલાટે ચંદ્ર રેખા શોભી રહી છે. તેમને ત્રણ લોચન છે તથા ચાર બાહુ છે. નીલ ગ્રીવ છે. પરથી પણ પર છે, એવા શ્રી મહાદેવને જોવા, એ નિર્ગુણ સાકાર ધ્યાન છે. આ ધ્યેય રૂપે જેની હું પ્રતીતિ કરૂં છું તેજ મારૂં આત્મતત્વ છે. આત્મતત્વથી ભિન્ન વસ્તુરૂપ તે નથી અને તેનાથી ભિન્ન વસ્તુરૂપ મારૂં આત્મતત્વ નથી. એ પ્રકારની નિરંતર પરસ્પરની એકતાનું ભાન કરતાં ધ્યાન કરવું.

આકાશની મધ્યમાં આદિત્ય મંડળ આવી રહ્યું છે. અત્યંત પ્રકાશવાળું ઘણુંજ સુંદર તથા પૂર્ણ તે છે. લાખો યોજન સુધી તેનો વિસ્તાર છે. એ પ્રકારનું પ્રથમ ધ્યાન કરવું. તે પછી વિચાર કરવો કે સર્વ લોકને જેમણે બનાવ્યા છે એવા ઈશ્વિર હેમરૂપ સુવર્ણમય દાઢીવાળા, સુવર્ણમય કેશવાળા, તથા સુવર્ણમય નખવાળા તે મંડળની મધ્યમાં વિરાજી રહેલા છે. તેમના મુખનો વર્ણ માંકડાની ગાંડના જેવો લાલ છે. નીલગ્રીવ, અત્યંત લાલ, ગોપાળ પ્રસિદ્ધ, એવા તે છે. એમનું અર્ધ શરીર શ્રી અંબિકા રૂપ છે. એવા જે શિવ તેજ મારા આત્મદેવ બનીને રહેલા છે. એ પ્રકારનું હંમેશાં ધ્યાન કરવું. ખાસ સંધ્યાના સમયોમાં આ ધ્યાનને કરવાનું છે.

શુદ્ધ, વૈદિક અગ્નિ હોત્રાદિનો પ્રજ્વલતો નિર્ધૂમ અગ્નિ ધારવો. તે અગ્નિની મધ્યમાં આ પ્રમાણે શ્રી મહાદેવનું સ્વરૂપ ધારવું. તે આત્મસ્વરૂપ છે. જગતને ટકાવી રાખનાર જગદાધાર છે. આનંદના અનુભવરૂપ છે.

ગંગાધર, વિરૂપાક્ષ, વિશ્વરૂપ વૃષભધ્વજ, ચતુર્ભુજ, સુપ્રતિષ્ઠિત, ચંદ્રમૌલિ, કપર્દિ, રૂદ્રાક્ષની માળાઓથી શોભતા, ઉમાપતિ, ઇશ્વર, ગાયના દુધના વર્ણ જેવા ધવલ શરીરવાળા, ગુણાતિગુણ, અતિઅદ્ભૂત, નિર્દ્વંદ્વરૂપ તે છે. તેજ મારો આત્મા છે. એજ પ્રકારનું ધ્યાન કરવું.

આગમમાં આત્મસ્વરૂપે શ્રી મહાદેવનું ધ્યાન ધરવા માટે અષ્ટમૂર્તિનું વર્ણન આપ્યું છે. ૧ પૃથ્વિ, ૨ અગ્નિ, ૩ યજમાન, ૪ સૂર્ય, ૫ જલ, ૬ વાયુ, ૭ ચંદ્ર અને ૮ આકાશ. એ રીતે શ્રી મહાદેવજીની આઠ મૂર્તિયો કહી છે. જે પ્રકારે ચન્દ્ર, સૂર્ય તથા અગ્નિમાં શ્રી મહાદેવજીના સ્વરૂપની ધારણા કરીને તે સ્વરૂપ એજ મારૂં આત્મસ્વરૂપ છે એવું જે ચિંતનરૂપ ધ્યાન ઉપર કહ્યું છે તેજ પ્રકારે બાકીની શિવની પાંચ મૂર્તિયોમાં પણ ધ્યાન કરાય છે.

આદિત્ય મંડળમાં જે પ્રકારે પર શિવના લીલાવતારોનું પોતાના આત્માથી અભેદરૂપે ધ્યાન કરાય છે તેજ પ્રમાણે વિષ્ણુ આદિ મૂર્તિયોમાં પણ એજ તત્વનું ધ્યાન થાય છે. હરિ, સાક્ષાત સર્વજ્ઞ, પુરૂષોત્તમ, હજારો માથાવાળો પુરૂષ એટલે પૂર્ણ, પ્રજાઓની અક્ષિરૂપ, હજારો જ્ઞાનેન્દ્રિય વાળો તથા પાદરૂપ હજારો કર્મેન્દ્રિયવાળો વિશ્વરૂપે રહેલો, એ પ્રકારનું વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ છે. સર્વેનો નેતારૂપ સ્વામિ નર કહેવાય છે. તેમાંથી ઉત્પન્ન થયેલા જે સર્વ ચેતન તથા અચેતનરૂપ પ્રપંચ તેને નાર કહ્યા છે. તેમના અધિષ્ઠાન રૂપ અયન હોવાથી તે સાક્ષાત નારાયણ છે. સર્વેના આશ્રયભૂત તે છે. જળમાં ચંદ્રનાં પ્રતિબિંબો અનેક દેખાય છે. તેના આધારભૂત ચંદ્રબિંબ એકજ છે. તેવા વિશ્વમાત્રના આધારભૂત નારાયણ એકજ છે. જે સમયે છીપમાં ભ્રાન્તિ થતાં રૂપું દેખાય છે તે સમયે તે પ્રતીત થતા રૂપાની વાસ્તવ આધારભૂત તે છીપ છે તેજ પ્રમાણે માયાના ચમત્કારથી દેખાતા સમસ્ત પ્રપંચના આધારભૂત તે નારાયણ છે. તેમના વડે સર્વ વિશ્વ પ્રતીતિરૂપ પ્રકાશને કરી રહ્યું છે, એવા તે દેવ છે. સર્વેને તે ભોગવે છે તેથી તથા ક્ષયને કદીજ પામતા નથી તેથી તે અક્ષર છે. સર્વત્ર સમતાથી વ્યાપી રહેલા હોવાથી તે સમષ્ટિરૂપ છે. સર્વોત્કૃષ્ટરૂપે હોવાથી વ્યાપકોમાં પણ વ્યાપી રહેલા હોવાથી તે પરમ અક્ષરરૂપ છે. સર્વનું વિના સંકોચે ભરણ કરી રહેનારો હોવાથી તે પ્રભુ છે. એ પ્રકારનું શ્રી વિષ્ણુભગવાનનું સ્વરૂપ છે. તેજ મારો આત્મા છે એવું ચિંતન કરવું.

આપણા હૃદયનું સ્વરૂપ કમળરૂપ ધારવું. ઉંધું મુખ કરીને તે રહેલું છે. પ્રથમ રેચક પ્રાણાયામ કરવો. તે વડે તે કમળનો વિકાસ થાય છે અને તેનું મુખ જે ઉંધું છે તે ચત્તું થઈ જાય છે એમ ધારવું. અનાત્મરૂપ જે વિશ્વ પ્રપંચ તેના પ્રતિ હૃદયનું મુખ રહેવું તે એ કમલનું અધોમુખ સ્વરૂપ છે. વિશ્વ પ્રપંચની જડતાના સંબંધથી તેનું મુખ બીડાઇ રહેલું કહ્યું છે. આત્મજયોતિ પ્રતિ તે કમલનું વળવું થવાથી તે કમલ વિકાસને પામીને ચત્તું થઈ ગએલું સમજવું. રેચક પ્રાણાયામથી હૃદય કમલની તે પ્રકારની સ્થિતિ થાય છે. એ હૃદય કમલ પરમેશ્વરનું ઉત્તમ મંદિર છે. તેમાં તે પરમેશ્વર વિરાજી રહેલા છે, એમ ધારવું. એ કમલને આઠ પત્રિકાઓ છે. ૧ પ્રાકામ્યા, ૨ અણિમા, ૩ પ્રાપ્તિ, ૪ મહિમા, ૫ ઇશિતા, ૬ ગરિમા, ૭ વશિતા અને ૮ લઘીમા એ પ્રકારનાં આઠ ઐશ્વર્ય છે, તે દરેક ઐશ્વર્યરૂપ પત્રિકા એ કમલની પાંખડી છે, અને તે બધીજ રેચક પ્રાણાયામથી ખીલી ઉઠે છે. તે કમલની મધ્યમાં તત્વજ્ઞાનના સ્ફુરણો રૂપ કેસરના તંતુઓ છે. શાસ્ત્રવિષયક જ્ઞાન તે કમલનું નાલ છે. મહત્તત્વ તેનું કંદ છે. પ્રણવરૂપ સૂર્ય વડે તે જાગ્રત થયું છે. તે કમલની મધ્યમાં સુષુમ્ના નાડી આવી રહી છે, તેની મધ્યમાં અગ્નિની શિખા છે. તે અગ્નિ જયાંથી ઉદ્દીપ્ત થઇને પ્રજવલિત થઇ રહ્યો છે તેવા તેના કારણ ભૂત મૂલાધારમાં વૈશ્વાનર રહેલા છે. તે વૈશ્વાનર અગ્નિની જવાલાઓ સર્વ દિશાઓમાં પ્રસરી રહી છે. તે જવાલાઓમાં સમગ્ર વિશ્વના બધાજ અવકાશમાં પ્રસરી રહેવાનું સામર્થ્ય છે. જગત્‌ના ઉપાદાન રૂપ જે પરમાત્મ જ્યોતિ છે તેના પ્રતીકરૂપે મૂલાધારમાં રહેલો આ વૈશ્વાનર અગ્નિ છે. તે બન્ને અભિન્ન સ્વરૂપ હોવાથી તે અગ્નિ જગત્ યોનિરૂપ છે. તે પોતાની શિખાઓને સર્વત્ર પ્રસારી રહ્યો છે. પગથી માથા સુધી ચૈતન્યરૂપ જીવનને પ્રસારતો રૂડી રીતે બધાને તપાવી રહ્યો છે, અને તે જીવનદ્વારા સર્વનું નિયમન કરતો ઇશ્વરરૂપે પ્રતીત થાય છે. પવનથી વિક્ષેપને ન પામતાં દીપવત તે સળગી રહ્યો છે. શરીરાન્તર્ગત વિવિધ દેવતાઓને પોષવા અર્થે હવ્યને તે લઇ જાય છે. નીલકમલની મધ્યમાં તે આસન કરીને બેઠો છે. વિદ્યુત રેખા માફક તે ઝબકારા કરી રહ્યો છે. નીવારની મધ્યમાં રહેલા પાપટના જેવું તેનું સ્વરૂપ છે. કાંઇક પીળાશની છાયા તે અગ્નિમાં છે એ પ્રકારનું વૈશ્વાનર અગ્નિનું સ્વરૂપ છે એવું પ્રથમ ચિંતન કરવું. તે અગ્નિની મધ્ય શિખા હૃદયકમલસુધી આવી રહેલી છે એવું ધારવું. એ પ્રમાણેનું ધ્યાન સ્થિર થયા પછી તે શિખાની

મધ્યમાં મહેશ્વર છે એવું ધ્યાન કરવું. પરમ દયાળુ, પરમાત્મા, આનંદ, પરમ વ્યોમરૂપ, ઈશ્વર, ઋત, સત્ય, પર, બ્રહ્મ, સાંબ, સંસાર રોગના ટાળનાર, ઉર્ધ્વરેતા, વિરૂપાક્ષ, વિશ્વરૂપ, નીલગ્રીવ એ પ્રકારનું મહેશ્વરનું સ્વરૂપ ચિંતવું, અને એજ મહેશ્વર મારા આત્મરૂપ બનીને રહ્યા છે એ પ્રકારની તેમની સાથેની એકતાનું ધ્યાન કરવું.

પાપનો નાશ કરનાર બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્રનામક ઇશત્રયના ધ્યેય સ્વરૂપ, જેમને પોતાનાથી અન્ય કાંઇજ ધ્યેયરૂપ નથી એવા યોગિમહેશ્વર છે તેજ મારો આત્મા છે. એ પ્રકારે આદરપૂર્વક ધ્યાન કરવું. એ મુક્તિનો મહા માર્ગ છે. વેદાન્ત એકલા દ્વારાજ એ સ્વરૂપનું ભાન થઈ શકે છે.

જે પ્રમાણે પરમશિવ તત્વનું વિષ્ણુરૂપે હૃદયમાં ધ્યાન કરવાનું પૂર્વે કહ્યું છે તેજ પ્રમાણે સદાશિવનું બ્રહ્મારૂપે ધ્યાન કરાય છે. તે સમયે ધારવું કે સદાશિવ પોતેજ બ્રહ્મા મૂર્તિ બન્યા છે અને આપણા હૃદયમાં નિવાસ કર્યો છે. એજ મારો આત્મા છે. તેથી હુંજ બ્રહ્મા છું. લોક માત્રનો હુંજ પિતામહ છું. એ પ્રમાણે એકતાપૂર્વક સ્મરણ કરવું. તે પછી તે બ્રહ્માની હૃદયમાં સ્થિર થએલી મૂર્તિમાં પરમ દયાળુ સાક્ષાત્ વેદાંતથીજ ગમ્ય, સાંબ સંસારહર, ઇશાન અદ્વય, શિવ રહ્યા છે. એ એ પ્રકારે ધ્યાન ધરવું. એ શિવનેજ પોતાના પરમ સ્વરૂપે ધારવા. તેથી વિમુક્તિ મળે છે. એ ધ્યાન કરવાની યુક્તિ આ પ્રમાણે છે. ॥ સોહમ ॥ (તે હું) એ મહા મંત્રમાં તે એ શબ્દનો અર્થ સર્વના આધાર તથા જગતના કારણરૂપ પરમાત્મચૈતન્ય છે. હું એ શબ્દથી બુદ્ધિ આદિ ઉપાધિવાળી વ્યક્તિરૂપે ભેદ પામીને પ્રતીત થતું પ્રત્યક્ ચૈતન્ય સમજવાનું છે. એ બન્નેનું સામાન્ય આધાર સ્થાન એટલે એ બન્ને પ્રકારની કલ્પના જે એક પરમતત્વમાં થઇ રહી છે એવું સત્ય અખંડ, એકરસ નામથી લક્ષણામાં આણવાનું તત્વ છે તેનું અનુસંધાન કરવું. આ અનુસંધાન કરવું એનેજ **॥ સોહમ્ ॥** એટલે તે હું છું એ નામની ભાવના અથવા ધ્યાન કહે છે.

સત્ય, ઈશાન, જ્ઞાન, આનંદ, અદ્વય, અનંત, અમલ, નિત્ય, આદિ મધ્ય તથા અંત રહિત, અસ્થૂલ, અનાકાશ, અસંસ્પૃશ્ય, અચક્ષુષ, અરસ, અગંધ, અપ્રમેય, અનુપમ, સર્વાધાર, જગદ્રૂપ, અમૂર્ત, મૂર્ત, અવ્યય, અદૃશ્ય દૃશ્ય, અંતસ્થ, બહિસ્થ, સર્વતોમુખ, સર્વતઃ પાણિપાદ, સર્વ કારણનું કારણ

તથા સર્વે જ્ઞાનાદિ સંયુક્ત એવું જે તત્વ તેને ॥સોહમ॥ મંત્રમાં ॥સઃ॥ એટલે તે એ શબ્દવડે સમજવું. અને તેજ મારૂં આત્મસ્વરૂપ છે એ પ્રકારનું ધ્યાન કરવું. હું શબ્દનો અર્થ બુદ્ધિ આદિવાળું શરીરગત જીવ નામનું ચૈતન્ય છે, એ અર્થ સકલ લોકમાં પ્રત્યક્ષ છે. પણ ઉપર જેનું વર્ણન આપ્યું છે તે જે અર્થને તે સૂચવે છે તે તત્વ પરોક્ષ છે. તેનું જ્ઞાન સર્વેને નથી. માટે તે અપ્રસિદ્ધ હોવાથી તેનું વિવેચન ઉપર પ્રમાણે શાસ્ત્રમાં કર્યું છે. એ અપ્રસિદ્ધ તત્વ ॥સઃ॥ ને તત્ એ નામથી કહ્યું છે. તેનું વિવેચન કરવામાં બે પ્રકારની યુક્તિ વાપરી છે. ૧ નિષેધ રૂપે અને ૨ સ્વાર્થાર્પણરૂપે તેમાં અદ્વય ઇત્યાદિ શબ્દોવડે દ્વય આદિ અર્થોના નિષેધ કરીને તે અર્થનો બાધ કરાવ્યો છે. એટલે એ અર્થનો લય થતાં જે શેષ રહે છે તે, એ પ્રકારની લક્ષણા કરાવી છે. સત્ય આદિ શબ્દો જેમાં નિષેધક ॥અ॥ વિગેરેનો ઉપયોગ નથી કર્યો તેમાં એ પ્રકારનો બાધ કરવાનો નથી હોતો. શબ્દના સ્વ એટલે આત્મભૂત અર્થનું તેમાં અર્પણ કરાય છે, એટલે તે અર્થને ગ્રહણ કરાય છે. આ બન્ને પ્રકારે તે અખંડ એકરસ તત્વનું પ્રદર્શન શાસ્ત્રે લક્ષણાથી કરાવ્યું છે, તેજ મારૂ વાસ્તવ સ્વરૂપ છે. આ પ્રમાણે આ મંત્રવડે સમજવાનું કહીને શાસ્ત્રે લક્ષણા બીજનો સામાન્યાધિકરણ્ય નિર્દેશ બતાવ્યો છે.

કહ્યું છે કે અનંત શબ્દવડે અંતવાળી વસ્તુથી તેને જૂદો ઓળખાવ્યો છે. વળી વાજસનેય શ્રુતિમાં એ પરમ તત્વની લક્ષણા જુદા પાડવાની ક્રિયા જેને વ્યાવૃત્તિ એટલે બાધ કહે છે તે દ્વારા કરાવી છે. તે અક્ષર, અસ્થૂલ, અનણું, અહ્રસ્વ, અદીર્ઘ, અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમઃ, અવાયુ, અનાકાશ, અસંગ, અસ્પર્શ, અગંધ. અરસ, અચક્ષુષ, અશ્રોત્ર છે, ઇત્યાદિ રૂપે એ તત્વનુ વર્ણન આપ્યું છે. પ્રકૃતિથી એ તત્વ અમૂર્ત્ત છે, છતાં માયાથી મૂર્ત છે. એટલે તેના વડે માયા પ્રતીતિ કરાવી રહી છે તે વખતે પ્રતીતિમાં તે હોવાથી તે મૂર્ત છે. એટલે સાકાર છે. એજ પ્રમાણે તત્વાવબોધરૂપ પરમજ્ઞાનનો ઉદય થતા સુધી દ્રશ્યત્વાદિ ઉપાધિ તેના દ્વારા પ્રતીત થતી હોયાથી તે ઉપાધિરૂપે ઉપાધિમાં દેખાતું તેનું સ્વરૂપ છે, એટલે તે સગુણ છે. તત્વાવબોધ થતાંજ તે ઉપાધિનો અભાવ વાસ્તવ હોવાથી તેનેજ પુનઃ ઉપાધિ રહિતરૂપે કહેલું છે. એવું જેનું સ્વરૂપ છે તેજ મારો આત્મા છે. એ પ્રકારે ધ્યાન કરવાથી સાક્ષાત સંસારનો નાશ થાય છે. આ પ્રમાણે ધ્યાન કરવામાં તે તે શબ્દોના વાચ્યાર્થ સહિત

એટલે એ વાચ્યાર્થરૂપ જે ગુણુ તથા મૂર્તત્વ નામે ઉપાધિ છે તે સહિત લક્ષ્યરૂપ જે પરમતત્વ તેનું અનુસંધાન કરવારૂપ ધ્યાન થયું. હવે એ પ્રકારના વાચ્યાર્થરુપ ઉપાધિના અનુસંધાનનો પણ જેમાં ત્યાગ થાય છે. અને કેવલ એકલા લક્ષ્યરૂપ તે પરમ તત્વનું અનુસંધાન જે પ્રકારના ધ્યાને થાય છે એ ધ્યાનનું સ્વરૂપ આ પ્રકારનું છે. તે વડેજ વિમુક્તિ મળે છે. ધ્યાતાના ધ્યાનનો વિષય ધ્યેય હોય છે. આ પ્રકારની ધ્યાતા, ધ્યેય, અને ધ્યાન એવી ત્રિપુટિનો ભેદ વિલાઈ જતાં ધ્યેયની મર્યાદાને ઓળંગી કેવલ સત્, ચિત્, આનંદ, અનંત બ્રહ્મરૂપે તે પરમતત્વ રહે છે. એ પરમતત્વ મારો આત્મા છે એ પ્રકારનું ધ્યાન કરવું.

સત્ ચિત્ આનંદ આદિ શબ્દો પણ વાચ્યાર્થ વડે નહીં પણ માત્ર લક્ષણા વડે અખંડ એક રસ પરમતત્વનુંજ સમર્થન કરે છે. તલવકાર ઉપનિષદ્‌માં કહ્યું છે કે **यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति ॥** જે ચક્ષુ વડે જોતો નથી પણ જેના વડે ચક્ષુઓનું અસ્તિત્વ છે એવું આપણને જણાય છે ॥ **तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥** તેજ બ્રહ્મ છે એમ જાણ. જેને ॥ इदं ॥ એટલે આ એ રૂપે તારાથી ભિન્ન દૃશ્યરૂપે પ્રતીત થાય છે એમ માનતો ઉપાસનાના વિષયરૂપે તું ઉપાસે છે તે એ નથી. એ પ્રમાણે કહિને બ્રહ્મતત્વનું પરાક્‌રૂપે અનુસંધાન કરાવે છે. માટે એ શાસ્ત્રની આજ્ઞાને અનુસરીને ॥ इदम् ॥ એટલે આ જેને દૃશ્યરૂપે મારી ઇન્દ્રિયોના વિષયભૂત દેખું છું, તે મહાદેવ છે એ પ્રકારની ઉપાસના તેમની કરવાની નથી. કારણકે સાક્ષ્ય એટલે અનુભવના વિષયને ॥ इदम् ॥ એટલે આ શબ્દથી કહેવાય છે એવું સ્વરૂપ બ્રહ્મનું નથી. પણ જેનો વિષય ॥ इदम् ॥ નામનો સઘળું વિશ્વ છે એવો જે મારો આત્મા તેજ એ મહાદેવનું સ્વરૂપ છે. આ પ્રકારે ધ્યાનમાં જે મંડ્યો રહે છે, તે સાક્ષાત્ શિવજ છે. ॥ शिवोहम् ॥ सोहम् ॥ હું શિવ છું, હું તે છું એ બે સાક્ષાત્ અનુભવ તેનેજ થાય છે કોઇ અન્યને થતા નથી. તેના જેવો ત્રિલોકમાં અન્ય કોઇજ નથી. તેનાં સર્વ પાપ બળી જાય છે. તેથી તેનો તે જ્ઞાનમાં તથા તે ધ્યાનમાં પ્રેમ થાય છે. જેમની બુદ્ધિ પાપો વડે હણાઈ ગઈ છે તેમને તે જ્ઞાન તથા ધ્યાનમાં પ્રેમ તો હોઈ શકે નહિ એટલુંજ નહિ પણ તેની વાર્તા સરખી પણ તેમને દુર્લભ હોય છે. તેની વાર્તા સાંભળવાના પ્રસંગો આવે છે ત્યારે પણ તેમનાથી સ્થિર થઇને ત્યાં ટકાતું નથી. પણ પ્રમાદ આદિ તથા વ્યવહારની પ્રવૃત્તિ આદિ

બળાત્કારથી તેમને તે વાર્તા થતી હોય ત્યાંથી દૂર ઘસડી જાય છે. એ પ્રમાણે સકલ તથા નિષ્કલ શિવ સાથે પોતાના આત્માની એકતારૂપ તાદાત્મ્યનું અનુસંધાન કહ્યું.

હવે વિષ્ણુના સકલ સ્વરૂપનું ધ્યાન આ પ્રમાણે કરવાનું છે. વિષ્ણુ અવ્યક્ત, અદ્વય, દેવનાયક, શંખચક્રધર, દેવ, પદ્મહસ્ત, સુલોચન, મુકુટ તથા કુંડલને ધરનારા, પીતાંબરધારી, હરિ, છાતી ઉપર શ્રી વત્સ નામના લાંછનવાળા, પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા, પદ્મ પુષ્પના પત્ર જેવા હોઠવાળા, સુપ્રસન્ન, પવિત્ર સ્મિતવાળા, શુદ્ધ સ્ફટિક જેવા શ્રી વિષ્ણુ ભગવાન છે. એજ મારો આત્મા છે. એમ તેમનું આત્મ સ્વરૂપે ધ્યાન કરવું. બહારના પદાર્થરૂપે હોય તેવું ધ્યાન કરવાનું નથી. નિષ્કલ શિવ અમુક ઉપાધિને ધારણ કરતાં વિષ્ણુ રૂપે પોતાની પ્રતીતિ કરાવે છે. માટે એ પ્રમાણે પ્રતીત થતા વિષ્ણુ ભગવાનમાંથી તે રૂપે પ્રતીતિ કરાવનાર ઉપાધિનો વિલય થતાં જે નિષ્કલ રૂપ રહે છે તે તો સર્વમાં એકજ છે. એટલે બ્રહ્મા, વિષ્ણુ રૂદ્ર આદિનું નિષ્કલ સ્વરૂપ ભિન્ન ભિન્ન નથી. તેથી તેનું ધ્યાન નીરાળું આપ્યું નથી.

બ્રહ્માનું ધ્યાન આ પ્રમાણે કરવું. દેવના દેવેશ બ્રહ્મા પરમેષ્ટિ, રૂદ્રાક્ષની માળાવાળા, હસ્તમાં કમંડલને ધારણ કરનારા, એક હાથે વરદાનને આપી રહેલા તથા બીજા હાથ વડે અભયને આપતા તે હસ્તને પ્રસારી રાખનારા, સદા વાગ દેવી જેમની પાસે વિરાજી રહ્યાં છે એવા, મોગરાનાં પુષ્પોના ઢગલા ઉપર પ્રકાશી રહેલા ચંદ્રના જેવા બ્રહ્મા ભગવાન છે. તેજ મારા આત્મસ્વરૂપ છે, એ પ્રકારે ધ્યાન ધરવું.

વેદમાં સૂર્ય, ચંદ્ર, તથા અન્ય દેવતાઓને કહેલા છે. તેમાંથી ગમે તે દેવતાનું જે જે માર્ગે વેદમાં ધ્યાન કરવાનું કહેલું છે એ દેવના તે સ્વરૂપનું ચિંતન કરતાં તે દેવ મારો આત્મા છે એ પ્રમાણે ધ્યાન કરવું. આ પ્રકારનો અભ્યાસ કરતાં કરતાં ક્રમે ક્રમે વેદાન્ત વિજ્ઞાન થાય છે. એમાં સંશય નથી એ જ્ઞાનથી અજ્ઞાન છેદાય છે. તેજ મુક્તિ છે. સગુણના ધ્યાનથી ચિત્તની એકાગ્રતા થાય છે. તેથી પાપનો ક્ષય થાય છે. તેથી નિષ્કલ શિવનો સાક્ષાત્કાર થાય છે. નિષ્કલનું ધ્યાન થતાં સત્વરજ તેમાં મુક્તિ મળે છે તેમાં કાંઇજ શંકા કરવી નહિ.

એ રીતે શ્રી જ્ઞાનયોગખંડનો ધ્યાન વિધિ નામનો ૧૯ મો અધ્યાય સંપૂર્ણ થયો.

૨. શ્રી જ્ઞાનયોગ ખંડ.

અધ્યાય. ૨૦.

સમાધિ.

કહ્યું છે કે ધ્યાતા ધ્યેય રૂપે બને છે. જે પ્રાપ્તવ્ય સ્થિતિનું સ્વરૂપ નિશ્ચિત કરાયું હોય છે તેના ચિંતન રૂપ ધ્યાન એ રીતે તેને પ્રાપ્ત કરવાનું સાધન અષ્ટાંગ યોગના પ્રથમનાં સાત અંગો હાલ સુધીમાં કહેવાયાં તેમાંનું ગયા અધ્યાયમાં કહેલું ધ્યાનનું સ્વરૂપ કારણ રૂપે છે. તે સ્વરૂપના જ્ઞાનને અધિનજ તેના ફલ રૂપ સમાધિ છે. જે સ્થિતિ ધ્યાનના વિષયરૂપ હતી તેજ ધ્યાનના અભ્યાસથી દૃઢ થતાં પ્રત્યક્ષ થાય છે. મહાવાકયના લક્ષ્ય સ્વરૂપનો ચિંતનની અવસ્થામાંથી સ્વાનુભવરૂપ સાક્ષાત્કાર થવો એ સમાધિ છે. સમાધિને વેદાંત શાસ્ત્રમાં સંવિદ કહે છે જેની બુદ્ધિમાં અનુભવાત્મક નિશ્ચય બંધાઈ ગયો છે કે જગત્નું નિયંત્રણ કરનાર પરમ ચૈતન્યરૂપ પરમેશ્વર અને શરીરમાં રહીને એ નિયંત્રણને અધીન વર્તતો જીવ એ બન્નેની વાસ્તવ કદીજ ભિન્ન ન થઈ શકે તેવી એકતા છે. એ પ્રમાણે માનવારૂપ મતિ બંધાય તેને સંવિદ્‌ની ઉત્પત્તિ થઈ કહે છે. એજ સમાધિ છે. એ પ્રકારનું ધ્યાન આપણા પરિણામરૂપ તત્વવિચાર સિદ્ધિરૂપ સમાધિ ફલનું વિવેચન આ અધ્યાયમાં કરાય છે એજ ફલરૂપ આઠમું અંગ પૂર્ણ થતાં યોગના સ્વરૂપનું વિવેચન પૂર્ણ થાય છે.

વાજસનેયી શ્રુતીમાં કહ્યું છે કે **॥ द्वितीया द्वैभयं भवति ॥** વિગેરે હું કોનાથી ભય પામું ! મારાથી અન્ય કોઈ વસ્તુ હોય તોજ તેનાવડે ભય પામવાનું બની શકે તૈતરીયોપનિષત્‌ની બીજી બ્રહ્માનંદ વલ્લીમાં સાતમા અનુવાકમાં કહ્યું છે કે **॥ यदाह्ये वैषएतस्मिन्नुदरमंतरं**

कुरुते । अथतस्य भयंभवति ॥ આ અનાત્મરૂપ પ્રતીત થતા જગતને પોતાના આત્મસ્વરૂપભૂત આત્મતત્વથી બહારનો કોઈ અન્ય પદાર્થ છે એ પ્રકારનું અંતઃકરણમાં ભેદક ભાન જાગ્રત જ્યારે થાય છે. ત્યારેજ ભય ઉદયને પામે છે. શિવથી જીવ જો ભિન્ન હોય તો શિવ કારણરૂપ સર્વના હોવાથી જીવ પણ અન્ય જગતની આદક કાર્ય રૂપ બને છે. ઘટ આદિ જે જે ક્રિયાના પરિણામ રૂપ કાર્ય છે તે સર્વ અચેતન છે. તેથી જીવનું સ્વરૂપ પણ અચેતન થાય છે. વળી ઘટાદિ કાર્યરૂપ જે જે છે, એટલે મૃતિકા રૂપ કારણથી ભિન્ન રૂપ વસ્તુ છે તે સર્વનો વિનાશ હોય છે. કારણ કે બીજાથી ભય હોયજ છે. તેજ પ્રમાણે જીવનું સ્વરૂપ પણ વિનાશી બને છે. જીવના સ્વરૂપને કાર્ય રૂપ અચેતન તથા વિનાશિ કહેવું એ વિચારજ અવૈદિક છે. શ્રુતિ ભગવતી કહે છે કે આત્મા તો નિત્ય, સર્વગત્, કુટસ્થ, નિર્દોષ અને જેનાથી ભિન્ન કાંઇજ અન્ય નથી એવો એકજ છે, જે વસ્તુનું વાસ્તવ જે સ્વરૂપ છે. તેમાં તેથી વિરોધી સ્વરૂપનું ભાન કરવું તેને વિપરીત જ્ઞાન કહે છે. માયા રૂપ અજ્ઞાનથી આ પ્રકારના આત્મ સ્વરૂપ ઉપર આચ્છાદન થવાથી તે આચ્છાદનના આંતર ભાગમાં રહેલા આત્મ પ્રકાશથી તે આચ્છાદનનું ભાન થાય છે. અને તે આચ્છાદાનના ભાનને તેમાં રહેલા પ્રકાશક આત્મા રૂપે ભ્રાન્તિથી મતિ માની બેઠેલી છે. તેથી વિનાશી અચેતનરૂપ આચ્છાદન છે. તેજ રૂપે હું છું એવું આપણને ભાન થાય છે, અને તે પ્રકારના વિપરીત જ્ઞાનને લીધેજ અનેક જીવરૂપે ભેદોની કલ્પના થઇ છે. અત્રે કાંઇજિ નાના પ્રકારના ભેદો વાસ્તવે છેજ નહિ કઠોપનિષતના બીજા અધ્યાયની ચોથી વલ્લીમાં કહ્યું છે કે

यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ॥ मृत्योः स मृत्यु माप्नोति य इह नानेव पश्यति ॥१०॥ मन सैवेद माप्तव्यं नेह नानास्ति किंचन ॥ मृत्यो स मृत्युं गच्छति य इह नानेव पश्यति ॥११॥ જે આ શરીરમાં ચૈતન્ય ॥ **अहम्** ॥ રૂપે ભાન કરી રહ્યું છે. તેજ ચૈતન્ય ॥ **सः** ॥ તે એટલે સમસ્ત જગતના નિયંતા રૂપે છે અને જગતના નિયંતા પરમેશ્વર રૂપે જે ચૈતન્ય વિલાસ કરી રહ્યું છે, તેજ ચૈતન્ય આ દેહમાં જીવરૂપે પ્રતીત થાય છે, તેથી તેમની અન્યોન્યમાં એકતા છે. છતાં નાના રૂપે જીવોની અનેકતારૂપ જ્યાં સુધી ભેદને અંતઃકરણ માની રહ્યું છે. ત્યાં સુધી મૃત્યુની પરંપરાની પ્રાપ્તિ અનિવાર્ય છે. આ પ્રકારની મતિને સ્થિર કરવી. નાનાત્વ એવી કોઇજ વસ્તુ વાસ્તવે નથી છતાં વિવિધપણાનું ભાન

કરે છે તેથી મૃત્યુની પરંપરા ટળતી નથી. એ પ્રમાણે શ્રુતિ ભગવતી પ્રમાણ પૂર્વક પ્રાપ્તવ્યરૂપ જે આત્મ સ્વરૂપ પ્રમેય તેમાં નાનાત્વ છેજ નહિં એવો બાધ કર્યો છે માટે નિશ્ચયને ધારણ કરવો કે જીવ તથા શિવ એ પ્રકારનો તે બન્ને વચ્ચે વાસ્તવ ભેદ છેજ નહિ. કેવલઅદ્વૈતજ છે. પ્રપંચ કે સંસાર એવી કાંઇજ વાસ્તવ વસ્તુ નથી. આકાશ સર્વત્ર વ્યાપિ રહેલું એકજ છે. તેમાં એક ઘટ સ્થાપ્યો છે. ઘટની અપેક્ષાથી આખા આકાશને મહદાકાશ કહીએ અને આકાશનો જે ભાગ તેમાં રહેલા ઘટ વડે મર્યાદાને પામેલો દેખાય છે તેને ઘટાકાશ કહીએ. આ પ્રમાણે ભેદને કલ્પીને મહદાકાશ અને ઘટાકાશ પરસ્પરથી ભિન્ન છે એવું કોઈ માને તો તેને ભ્રાન્તિ થઈ છે એમ કહેવાય છે. તેજ પ્રમાણે નિષ્કલ શિવમાં ઇશ્વર અને જીવ એ પ્રકારે બે સ્વરૂપો માત્ર માયાથી સિદ્ધવત પ્રતીત થાય છે. વાસ્તવે એ પરમ શિવમાં તે પ્રકારના ભેદ નથી. દેહ ઈન્દ્રિય મન પ્રાણ આદિ આત્મ તત્વના પ્રકાશ વડે પ્રતીત થાય છે ત્યારે ભ્રાન્તિથી તે દેહેન્દ્રિયાદિ રૂપ આત્માનું સ્વરૂપ છે એવી એકતાનો વિચાર સ્થિર થાય છે. એ ભ્રાન્તિ મય વિચાર દૂર કરવાને માટે તેથી વિરોધી પ્રકારના વિચારને કરવો અને તે દ્વારા વિવેક જ્ઞાનને પ્રાપ્ત કરવું. દેહ, પ્રાણ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પૃથ્વિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, શબ્દ, સ્પર્શ, રસ, ગંધ, રૂપ માયાને સંસાર આ સર્વને પ્રકાશ આપનાર હું છું. આ સર્વ મારા વડે મારામાં પ્રતીત થાય છે. હું એ સર્વથી જૂદો તે સર્વનો પ્રકાશક છું. મારૂં સ્વરૂપ એમાંથી કોઇજ નથી. દેહાદિતો પંચભૂતોનાં કાર્યરૂપ છે. તેનો હું સદા સાક્ષી છું. તથા તે દેહાદિના કારણરૂપ પંચ ભૂતમાત્રનો પણ હું સદા સાક્ષિ છું. તેથી કેવળ શિવ એજ મારૂં વાસ્તવ સ્વરૂપ છે. આ પ્રકારની સ્થિરતાવાળી બુદ્ધિ થવી તે સમાધિ છે. કારણ સહિત ભૂતભૌતિક પ્રપંચની ઉપાધિ વડે તે ઉપાધિમય આત્મા છે એ પ્રકારનું વિપરીત જ્ઞાન દૂર કરવા માટે તે ઉપાધિનો બાધ કરીને તેમાં રહેલા ચૈતન્ય પ્રકાશને નિરાળા સ્વચ્છ સ્વરૂપે સમજવારૂપ સમાધિનું સ્વરૂપ આ કહ્યું.

તે પ્રપંચનો બુદ્ધિવડેજ વિલય કરીને એટલે કાર્યકારણ પરંપરાથી એકને બીજામાં ઉત્તરોત્તર ઓગાળી નાંખતા હોઇએ તે પ્રકારની ભાવનાપૂર્વક અંતે તે લય ચિંતનદ્વારા જે અદ્વિતીય તત્વ શેષ રહે છે તે રૂપે પોતાના સ્વરૂપને સમજવારૂપ સમાધિ આ પ્રકારની છે. સમગ્ર બ્રહ્માંડ પંચીકૃતભૂતો નામના સ્થૂલભૂતથી બનેલું છે. તેથી તે સમસ્ત બ્રહ્માંડનો તે પંચીકૃત સ્થૂલ ભૂતોમાં વિલય કરવો એટલે સમસ્ત બ્રહ્માંડને પંચીકૃત સ્થૂલભૂત રૂપે વૃત્તિમાં જોવું.

તે પછી તે સ્થૂલ ભૂતોને અપંચીકૃત સૂક્ષ્મભૂતોનાં તે બનેલાં છે તેમાં વિલય કરવો. એટલે તેમાં સૂક્ષ્મભૂતોના સ્વરૂપ શિવાય અન્ય કાંઇજ નથી એ પ્રકારનું ચિંતન કરવું. પછી એ સૂક્ષ્મભૂતો જે કેવળ માયાવડેજ બનેલાં છે તે માયા શિવાય સૂક્ષ્મભૂતરૂપે ચિન્તનમાં આવતા તત્વમાં કાંઇજ અન્ય વસ્તુ નથી પણ કેવળમાયાજ છે એ પ્રકારના વિચાર કરવારૂપ તે સૂક્ષ્મતત્વોનો માયામાં વિલય કરવો. તે પછી માયાના આધારભૂત પ્રત્યક ચૈતન્ય આત્મતત્વના પ્રકાશ વિના અન્ય કાંઇજ નથી એ પ્રકારે માયાનો આત્મદેવમાં વિલય કરવો. આ પ્રકારના લય ચિંતનરૂપ વિવેક અગ્નિ વડે અનાત્મરૂપે પ્રતીત થતા સર્વને બાળીને ભસ્મ કરવું. કાર્યમાત્ર વાસ્તવે સર્વાંશે કેવળ કારણરૂપજ છે. કારણથી અન્ય કાંઇજ કાર્યના સ્વરૂપ ભૂત હોઇ શકતું નથી, એ પ્રકારના ચિંતનની દ્રઢતાથી આ પ્રકારનો વિલય કરવાનો છે. આ પ્રમાણે અનાત્મ માત્રનો વિલય થતાં છેવટે જે શેષ રહે છે તે અદ્વિતીય એકલું આત્મતત્વજ રહે છે. તે બ્રહ્મ છે. તેજ મારૂં વાસ્તવ હું છે. સંસારીરૂપે દેખાઉં છું તે મારૂં વાસ્તવ હું નથી. એતો દેખવામાત્ર ઉપાધિ છે. મારાથી અન્ય હોય એવું કાંઇજ નથી. એ પ્રમાણે પોતાના આત્મ સ્વરૂપનું યથાર્થ ભાન કરવું તે સમાધિ છે.

શબ્દ વડે જે અર્થનું ભાન થાય છે તે અર્થરૂપ વાચ્ય અને તે ભાન કરાવનાર શબ્દરૂપ વાચક એ પ્રકારનો પ્રપંચ બ્રહ્મમાં કલ્પેલો છે. પ્રણવ શબ્દનો વાચ્યાર્થ સ્થૂલ તથા સૂક્ષ્મભૂતરૂપ પ્રપંચ છે. એ પ્રપંચને તેના કારણસહ સંકેલતા હોઇએ અને તેના છેવટના કારણરૂપ નિષ્કલ બ્રહ્મ સ્વરૂપ કરી મૂકીએ તે પ્રકારનું ચિંતન કરવારૂપ આ ઉપરની સમાધિ છે

હવે તે વાચ્યાર્થનો પ્રબોધ કરનાર પ્રણવ નામનો જે વાચક શબ્દ તેના અવયવોને સંકેલીને તેનુ લય ચિંતન કરવારૂપ સમાધિ આ પ્રકારની છે. પ્રણવ શબ્દ ॥ अ ॥ उ ॥ અને म् ॥ નામના વર્ણત્રય મય છે. ત્રિગુણાત્મક માયાની ઉપાધિરૂપે પ્રતીત થતા ઇશ્વરનું તેમાં ચિંતન કરવું. આવર્ણત્રયમાં ॥ अ ॥ વર્ણને ઋગ્વેદ સમજવો, ॥उ॥ વર્ણને યજુર્વેદ સમજવો. ॥ म् ॥ વર્ણને સામવેદ જાણવો અને નાદને અથર્વણરૂપ લેવો. ॥ अ ॥ ને બ્રહ્મારૂપે ॥ उ ॥ ને હરિરૂપે ॥ म् ॥ ને રૂદ્ર રૂપે અને તે ત્રણેના કારણરૂપ નાદને ઇશ્વરરૂપે લેવા. તેજ ક્રમે ॥ अ ॥ ને ગાર્હપત્ય અગ્નિ ॥ उ ॥ ને દક્ષિણાગ્નિ ॥ म् ॥ ને આહવનીય અગ્નિ અને નાદને સંવર્તક

અગ્નિ ધારવો. વળી ॥ अ ॥ માં પૃથ્વિની ॥ उ ॥ માં અંતરિક્ષની ॥ म् ॥ માં દ્યુલોકની, અને નાદમાં સોમલોકની ભાવના કરવી. વળી ધારવું કે ॥ अ ॥ જાગ્રત અવસ્થા છે. ॥ उ ॥ સ્વપ્નાવસ્થા છે. ॥ म् ॥ સુષુપ્તિ છે અને નાદ તુરીય છે. ॥ अ ॥ નું સ્થાન નાભિ છે. ॥ उ ॥ નું હૃદય. ॥ म ॥ નું કંઠ. ને નાદનું મૂર્ધા છે. એ સ્થાનોને આવસથા કહે છે. ॥ अ ॥ ઉદાત્ત છે, ॥ उ ॥ અનુદાત્ત છે. ॥ म् ॥ સ્વરિત છે અને નાદ ઐક્ય શ્રુત્ય છે. એ પ્રકારે તે સ્વરરૂપ છે. કાલરૂપે ॥ अ ॥ ભૂતકાલ છે, ॥ उ ॥ ભવિષ્ય કાલ છે. ॥ म् ॥ વર્તમાન કાલ છે અને નાદ કાલનું સામાન્ય સ્વરૂપ છે. એજ પ્રમાણે ૮ વસુ, રૂદ્ર, આદિત્ય, મરૂત્, અગ્નિ, વિરાટ, એકર્ષિનાં સ્વરૂપોના વિભાગ પણ ॥ अ । उ । म् ॥ અને નાદમાં કરાયલાં છે. ગાયત્રી, ત્રિષ્ટુપ્, અનુષ્ટુપ્ અને જગતી એ પ્રકારના છંદોને પણ એ પ્રકારે સમજવાના છે. આ રીતે વિશ્વમાત્રને ॥ अ । उ । म् ॥ અને નાદ એ સ્વરૂપમાં સંકેલીને સમજવું. પછી તેમાંથી એકલા ॥ अ ॥ કારને તેના કારણ રૂપ ॥ उ ॥ કારમાં વિલાવવો. તે પછી ॥ उ ॥ કારને ॥ म ॥ કારમાં સંકેલી દેવો. ॥ म ॥ કારને મહા નાદમાં અને તે નાદને માયામાં ને માયાને જીવાત્મામાં વિલાવતાં છેવટે તે સર્વ જેમાં વિલાઇ ગયું છે એવા જીવરૂપ જે હું તેને ઇશ્વિરમાં વિલાવવો. એટલે તે ઇશ્વિરમય હું છું. એ પ્રમાણે ચિંતન કરવા રૂપ સમાધિ કરવી, એને બુદ્ધિની સમાધિ કહી છે. તાત્પર્ય કે મારાથી પૃથકરૂપે જગત્ કે માયા કાંઇજ કદીજ નથી, એ પ્રકારના ભાનને બુદ્ધિ જે ચિન્તનમાં કરાવી રહે છે, તેજ બુદ્ધિ સમાધિ છે.

મન આત્મ ચૈતન્યના પ્રકાશથી ઉભરાઈ રહેલું છે. તેના આંતર પ્રદેશમાં સર્વત્ર આત્મ ચૈતન્ય છે. તે ચૈતન્યવડે ચેતીને જીવનમય બનેલું મન બે પ્રકારની પ્રવૃત્તિ કરી શકે છે. તેમાંથી ઉઠતા સ્ફુરણ પ્રવાહો જેને વૃત્તિ કહે છે તે જ્યારે અંતર્મુખ થઇને આત્મચૈતન્યપ્રતિ વહે છે, ત્યારે તે પ્રત્યગ ભૂત થએલું કહેવાય છે. આત્મતત્વથી પર એવા જે વિષયો તેમના પ્રતિ જ્યારે બહિર્મુખ થઇને તે વહે છે ત્યારે તેને પરાગ ભૂત કહે છે. આખા જગત્‌ને ચૈતન્યમય કરનાર પરમાત્મતત્વ આત્મતત્વ સાથે એકતાને પામીને પ્રત્યગ ભૂતરૂપે જ્યારે પ્રકાશતા અનુભવાય છે ત્યારે તે મહાત્મા ઉત્કૃષ્ટ સ્વરૂપે પ્રકટ થાય છે. સાક્ષાત્ પરમાત્મરૂપ તે બને છે. સર્વ વ્યાપી તે ચૈતન્યની સાથે જ્યારે માયા નામનો પડદો તે યોગી મહાત્માનો અંતરમાંથી વિલાઈ જાય છે ત્યારે આત્મસ્વરૂપની વાસ્તવ પ્રાપ્તિ થાય છે. એવા યોગીશ્વરના સંબંધમાં શ્રી ઇશોપનિષદ્‌માં કહ્યું છે કે–

॥ यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानु पश्यति ॥
॥ सर्वभूतषुेचात्मानं ततो न विजु गुप्स्य ते ॥

આ પ્રકારનું વર્ણન સમાધિથી ઉત્થાનના સમયે જ્યારે જગત્, જગતરૂપે પ્રતીતિ કરાવે છે તે સમયનું છે. એ મંત્રનો અર્થ આ પ્રમાણે છે. જે ભૂતમાત્ર સામાન્ય મનુષ્યને પ્રતીતિમાં આવે છે તે રૂપે સર્વ જગત્ પોતાના આત્મતત્ત્વમયી પ્રતીતિમાંજ લીલા કરતું દેખાય છે જ્યારે તે સમાધિની અવસ્થાને ધારણ કરે છે ત્યારે તો પરબ્રહ્મ વિના કાંઇજ અન્ય તેને ભાસતું નથી. સમાધિથી પૂર્વે પોતાના આત્મચૈતન્યરૂપ સમુદ્રમાં જગત્ જગત્ રૂપે રમતું દેખાતું હતું, તે જગતરૂપ સર્વ ભૂતોને સ્થાને પણ હવે સમાધિ સમયે તો પોતાના આત્મતત્વનેજ દેખે છે. એમ થાય છે ત્યારેજ બ્રહ્મની પ્રાપ્તિ થઈ કહેવાય છે. પોતાનાથી અન્યરૂપે ભૂત માત્રનો અનુભવ થતો એ પ્રમાણે અટકે છે. તેવા યોગી મહાત્માને માટે એજ શ્રુતિ આગળ કહે છે કેઃ—

॥ यस्मिन्सर्वाणि भूतान्यान्यात्मैवा भूद्विजानतः ॥
॥ तत्रको मोहः कः शोक एकत्वमनु पश्यतः ॥

એ પ્રમાણે ભૂતમાત્ર સમાધિમાં પોતાના આત્મરૂપેજ દેખાયછે. અન્ય રૂપે દેખાતા નથી. જગત્ જગતરૂપે દેખાતું નથી પણ આત્મરૂપેજ દેખાયછે. એજ પરબ્રહ્મ સાથેની તેની એકતા છે. તે સમયે તે મહાયોગી કેવળરૂપ મુક્તિને પામે છે. શોક, મોહ, ભયના કારણરૂપ જે જગત્નો પોતાના આત્મતત્વથી અન્ય રૂપનો આભાસ થતો હતો તે દૂર થાય છે. એ પ્રમાણે થતાં તેના હૃદયમાં રહેલા કર્મકાશ નામની કામનાઓની ગાંસડી છિન્ન ભિન્ન થઈ જાય છે. કહ્યું છે કે **छिद्यत्ते हृदय ग्रन्थिः ०** ॥ (હૃદયની ગાંઠ છેદાઈ જાય છે.) એ પ્રમાણે નિષ્કામ અવસ્થાને જ્યારે હૃદય ધારણ કરે છે ત્યારે તે મહાત્મા અમૃત થાય છે. અને ક્ષેમને પામે છે, કારણકે બ્રહ્માનંદમય જ્ઞાન થતાંજ અજ્ઞાન નિવૃત્ત થાય છે. કામના માત્ર, બ્રહ્મતત્વથી પ્રપંચ નામની પ્રતીત થતી અન્ય વસ્તુઓનું વાસ્તવ સ્વતંત્ર અસ્તિત્વ અજ્ઞાનવડે સ્વિકારાયાથીજ ઉત્પન્ન થાયછે. માટે તે કામનાઓને ઉત્પન્ન કરનાર અજ્ઞાનની નિવૃત્તિ થતાં કામનાઓ પોતાની મેળેજ શમાઈ જાયછે. તે મહાપુરૂષ અકામ થાયછે, એટલે પોતાનાથી બહારનો ભિન્ન ઇચ્છા કરવાનો કોઇ પણ વિષય તેને માટે અસ્તિત્વને ધરાવતો નથી. એ પ્રમાણે કામનાના વિષયના અભાવથી તે નિષ્કામ થાય છે. એટલે

કામનાના વિષયને માટે ઇચ્છા કરવારૂપ સ્ફુરણથી રહિત એટલે ક્ષોભ રહિત શાન્ત થાય છે. અકામ થવાથી કામનાના અસ્તિત્વને માનવા રૂપ તમોગુણનું આવરણ દૂર થાય છે. નિષ્કામ થતાં રજોગુણનું કાર્ય જે ક્ષોભ રૂપ વિક્ષેપ તે દૂર થાય છે. એ પ્રમાણે નિષ્કામ થતાં તે મહાત્મા આપ્તકામ થાય છે. કારણ કે તમોગુણ તથા રજોગુણ દબાઇ જતાં સત્વ ગુણ ઉપર તરી આવે છે. તેથી કેવલ પ્રસન્નતાજ અનુભવ ગોચર થાય છે. સામાન્ય મનુષ્યોને કામનાના વિષયો પ્રાપ્ત થતાં તે ક્ષણે ક્ષણિક નિષ્કામાવસ્થા થતાં તૃપ્તિ થાયછે. કામનાના વિષય માત્ર આત્મતત્વનાજ રૂપાન્તરોછે અને જેનાં તે રૂપાંતરોછે તે આત્મતત્વ બધુંજ સર્વાંશે પ્રાપ્ત છે એવો આ યોગી પ્રત્યક્ષ અનુભવ કરે છે. તેથી જે જે આત્મતત્વના રૂપાંતરો વિષય રૂપે પ્રાપ્ત થઇને પૂર્વે ક્ષણિક તૃપ્તિને આપતાં હતાં તે સર્વેનો એકી વખતે જેમાં અંતર્ભાવ થયોછે તેવા આત્મતત્વ સાથેજ તે સર્વેની નૈસર્ગિક પ્રાપ્તિ થાયછે. તેથી કામનાનો એવો એક પણ વિષય બાકી રહેતો નથી કે જેની પ્રાપ્તિની તૃપ્તિ તે મહાત્માને થઈ ન હોય. તેથી તેને શ્રુતિ ભગવતી આપ્ત કામ કહે છે. આ પ્રમાણે આપ્તકામ થએલા મહાત્માને પોતાના આત્મ સ્વરૂપના અનુભવથી અપૂર્વપણે પૂર્ણ તૃપ્તિ થાય છે. છતાં અનાત્મ વિષયની પ્રાપ્તિ દ્વારા પૂર્વે થતી તૃપ્તિમાં અને આ તૃપ્તિમાં મહાન ભેદ છે. અન્ય અનાત્મ પદાર્થ અતિશય થતાં તેના પ્રતિ પૂર્વે જેવી કામના હોયછે તેવીજ તેથી વિરોધી દિશામાં વૃત્તિને વહેવારૂપ તેના પ્રતિ દ્વેષ એટલે અણગમાનું ભાન થાય છે. અમુક મિષ્ટાન્નની ઇચ્છા પ્રથમ થાય છે. તેને જમતાં જમતાં એક એવી અતિ શયતાની કક્ષા આવે છે કે જેમાં તે પદાર્થ બીલકુલ ગમતો નથી. એથી ઉલટુંજ આત્મતત્વના ભોગરૂપ અનુભવમાં બને છે. આપ્તકામ અનાત્મ તત્વની અપેક્ષાથી થયા છતાં આત્મતત્વની અપેક્ષા બીલકુલ બંધ થતી નથી. તેના અનુભવ રૂપ આનંદની કામના નિરંતર તે અનુભવને સંપૂર્ણ રીતે ભોગવતાં ભોગવતાં તૃપ્ત થયા છતાં પણ તેજ અનુવભને કાયમ રાખવાની કામના સતત વિકાસને પામતી રહે છે. તેથી તે મહાત્માને આત્મકામ કહ્યો છે. એ મહાત્માના પ્રાણ અન્ય સામાન્ય મનુષ્યની માફક પોતાનાથી બહાર એ પ્રકારે કહેવાતા પોતાનાથી અન્ય પ્રદેશમાં જતા નથી. પણ જ્યાં છે ત્યાંજ રૂડી રીતે સ્થિર થઇને બ્રહ્મસ્વરૂપજ પોતે હોવાથી બ્રહ્મત્વનેજ પામી રહે છે. પંચભૂતોમાં પણ પરસ્પરાદિનો જે ભેદ સૃષ્ટિની સ્થિતિના સમયમાં દેખાય છે તે ભેદ પણ પ્રલય દશામાં બ્રહ્મથી અનન્યરૂપે બનીને એક બ્રહ્મમાંજ આશ્રય લઇને રહે છે. ફરીથી નવીન સૃષ્ટિ થાય છે તે સમયે તેજ બ્રહ્મમાંથી પુનઃ વિસ્તૃત દશાને પામે છે. અને તે પંચભૂતો પરસ્પરાદિના ભેદને પ્રતીત કરાવે છે. પણ

આ પ્રકારનું અનુભવાત્મક જ્ઞાન જ્યારે થાય છે ત્યારે તે બ્રહ્મની પ્રાપ્તિ કાયમની થઈ કહેવાય છે. પરમાર્થતઃ એટલે વાસ્તવ દૃષ્ટિથી એ મહાત્મા વિચાર કરે છે ત્યારે સર્વત્ર પોતાના આત્મતત્વ વિના અન્ય કાંઈજ તેને દેખાતું નથી. આખા જગત્નું ભાન થવા સમયે તે કેવલ માયારૂપજ છે એમ દેખે છે. વાસ્તવરૂપે તે જગત્ નથી. એ પ્રમાણે થતાં આત્મતત્વના દર્શનની આડે આવનાર જગત્ના જગત્રૂપે ભાન નામનો પડદો છુટી જાય છે એજ આવરણ ભંગની સ્થિતિ છે. જન્મ, જરા, દુઃખ. વ્યાધિ, આદિ સર્વે અશુભરૂપે પ્રતીત થતું જે એકજ ઉપાયવડે બંધ થાય છે તે ઉપાય કેવળ બ્રહ્મ વિજ્ઞાન છે. તેનો ઉદય થતાં તે મહાત્માને સાક્ષાત શિવરૂપજ સમજવા. તે એકલા જ્ઞાન વડેજ મુક્તિ મળે છે. અન્ય રીતે કરોડો, પ્રકારનાં કર્મો કરીએ છતાં તેથી કદીજ મુક્તિ મળતી નથી. જે કાંઈ કર્મવડે સાધ્ય હોય છે, તેનું અસ્તિત્વ તેની સિદ્ધિ પૂર્વે હોતું નથી. તેથી તે નિત્ય હોઇ શકતું નથી. અને જેનું સ્વરૂપ નિત્ય નથી પણ અનિત્ય છે તેને મોક્ષ કહેતાં વદતો વ્યાઘાત થાય છે. માટે કર્મથી મુક્તિ નથી. વેદાંતના તાત્પર્યનો અનુભવ તેજ આ અજ્ઞાનને ટાળનાર જ્ઞાન છે. ઇતર સર્વ જે જગતમાં જ્ઞાનરૂપે ભ્રાન્તિથી ગ્રહણ થાય છે તે સર્વે અનાત્મ તત્વની અનિત્ય સિદ્ધિ કરનાર હોવાથી, અજ્ઞાનજ છે. જ્ઞાનનું માહાત્મ્ય કેટલું છે તે કહેવાનું મારૂં પણ સામર્થ્ય નથી.

અગ્નિ અત્યંત અલ્પપ્રમાણમાં દેખાય છે છતાં તેની અપેક્ષાથી પ્રમાણમાં અત્યંત ઘણા મોટા અંધારાનો તે જે પ્રમાણે નાશ કરે છે તેજ પ્રમાણે જ્ઞાનનો અલ્પ અભ્યાસ પણ મહાન પાપોના સંઘને બાળી મુકે છે. અગ્નિ અત્યંત પ્રજ્વળી ઉઠતાં જે પ્રમાણે સુકું તથા લીલું સઘળુંજ કાષ્ઠ સરખુંજ તેમાં બળી જાય છે, એજ રીતે જ્ઞાનાગ્નિ પ્રદીપ્ત થતાં પાપપુણ્ય બંને પરસ્પરની અપેક્ષાથી વિરોધિ છે છતાં એકસરખાંજ બળી જાય છે. કમલપત્રની ઉત્પત્તિ તથા નિવાસ સરોવરગત જલમાં છે. છતાં તે પદ્મપત્રને જલ ચોપડાતું નથી તે પ્રમાણેજ શબ્દાદિ વિષયના સમુદ્રરૂપ પ્રપંચમાં રહ્યા છતાં તે વિષયો જ્ઞાનીને લેપન કરી શકતા નથી. કેટલાક વિષમય પદાર્થો હોય છે તે પણ જાણે અજાણે ખવાયા હોય તો તેને પણ પચાવીને તેનું ઝેર વિધિવત્ કરાયલા મંત્રના અનુષ્ઠાનથી ઉતરે છે. કુશળ વૈદ્યો પણ ઔષધિદ્વારા એવા ઝેરને ઉતારે છે અને તે વિષને પચાવી દે છે. એ પ્રમાણેજ જ્ઞાનનો ઉદય થતાં એક ક્ષણમાંજ પાપમાત્ર જીર્ણ થઇને પચી જાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં આવા મહાત્માનું સ્વરૂપ કર્મ સંન્યાસ યોગ નામના પાંચમા અધ્યાયમાં નીચે પ્રમાણે આપેલું છે.

॥ नैव किंचित्करो मीति युक्तो मन्येत तत्ववित् ॥
॥ पश्य न्शृण्वन्स्पृशञ्जि घ्रन्नश्नन्गच्छन्स्वपंश्च सन् ॥ ८ ॥
॥ प्रलपान्वै सृजन्गृह्णनु न्मिषन्निमिषन्नपि ।
॥ इंद्रियाणीं द्रियार्थेषु वर्तंत इति धारयन् ॥ ९ ॥
॥ ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोतियः ।
॥ लिप्यते न स पापेन पद्मपत्र मिवांभसा ॥ १० ॥

જ્ઞાની સામાન્ય મનુષ્યની માફકજ ઇન્દ્રિયવડે રૂપ તથા રંગને જુવે છે. કર્ણેન્દ્રિયવડે શબ્દનું શ્રવણ કરે છે. સ્પર્શેન્દ્રિય વડે શીતોષ્ણાદિનો સ્પર્શ કરે છે. ઘ્રાણેન્દ્રિયવડે ગંધ લે છે. સ્વાદેન્દ્રિયવડે રસોને ચાખે છે. પાદરૂપ કર્મેન્દ્રિયવડે ગતિને કરે છે. નિદ્રાને લે છે અને એ રીતે જાગૃદ વસ્થામાં થતા વિષયાનુભવનો તે સમયે ત્યાગ કરે છે. એટલે વિષયોના અભાવનો અનુભવ કરે છે. સામાન્ય મનુષ્યોની માફકજ તે શ્વાસ પ્રશ્વાસાદિને લેતો પ્રાણના ધર્મોનો અનુભવ કરતો પ્રતીત થાય છે વાગિન્દ્રિયવડે તે પ્રલાપ કરે છે. પાયુ ઇન્દ્રિયવડે તે મળનો ત્યાગ કરે છે. હસ્તવડે તે પદાર્થોને પકડે છે. આંખોને મીંચે છે તથા ઉઘાડે છે. એ પ્રમાણે સર્વ ક્રિયાને તે તત્વ વિદ્દ પુરૂષ કરતો જણાય છે. છતાં તેજ સમયે આ વિવિધ કર્મોને કરનારો હું નથી, આ વિવિધ ભોગોનો ભોગવનારો હું નથી, એ પ્રમાણે તેનું મન માની રહેલું છે. તે સર્વ ક્રિયાઓ તથા ભોગો ઇન્દ્રિયો દ્વારા થાય છે તે વખતે તે સર્વનો દ્રષ્ટારૂપે રહીને એ વિચારે છે કે આ ઇન્દ્રિય સમૂહ મારી પાસે પોતપોતાના વિષયરૂપ સ્થાનોમાં નાટકવત ચેષ્ટાને કરી રહ્યો છે. ચેષ્ટાઓ પરબ્રહ્મ રૂપ મારૂં આત્મતત્વ છે તેમાંજ તે બ્રહ્મતત્વની પ્રીત્યર્થ ચાલી રહી છે. તેની સાથે મારે કિંચિત પણ સંબંધ નથી. એ પ્રમાણે અકર્તા તથા અભોક્તા રૂપે અસંગ પરમેશ્વર રૂપ પોતાના નિજત્વનું એ ભાન કરે છે. એ રીતે જ્ઞાન યુક્ત રહીને વિષયના સંગને છોડતો જલમાં પદ્મપત્ર રહ્યા છતાં જલમાં ન લેપાય તેમ તે પણ કર્મ તથા ભોગની મધ્યમાં પ્રવૃત્ત થયા છતાં પણ પાપથી લેપાતો નથી. આવા જ્ઞાની મહાત્માઓ સંગ પૂર્વક એટલે અભિમાન પૂર્વક કર્મ કે ભોગમાં પ્રવૃત્ત થતા નથી તેથી કર્મ તથા ભોગનાં અવશ્ય થતાં પાપ પુણ્ય રૂપ પરિણામો તે મહાત્માના પ્રતિ ધસારો કરી શકતાં નથી. પરન્તુ તેમનાથી તો ધાવન કરીને દૂર જાય છે. એવા મહાત્માઓ પ્રતિ પ્રેમ

દ્રષ્ટિથી જેમનાં અંતઃકરણો વળી રહેલાં છે તેમની તે પ્રકારે તે મહાત્માના શરીરાદિમાં, એક પ્રકારની અભિમાન વૃત્તિ બંધાય છે. તેથી તે તે કર્મોમાં રહેલા પુણ્યાંશો તેવા જનો પ્રતિ વળીને તેમને સુખાનંદનો અનુભવ કરાવે છે. એથી ઉલટું જે જે મનુષ્યો તે મહાત્માનો દ્વેષ કરી રહ્યા છે તેમના પ્રતિ તે તે પાપઅંશો અત્યંત બલવાન બનીને ધાવન કરે છે, અને તે દૂષીયોનો દ્રઢ આશ્રય લે છે. તેથી તેઓ નિરંતર કલ્પ વહી જાય ત્યાં સુધી રૈરવ નરકમાંજ રંધાયા કરે છે.

જે મનુષ્યને જ્ઞાનના અભ્યાસમાં પ્રેમ બંધાયો છે તે દુરાચારી હોય કે સદાચારી હોય, મૂર્ખ હોય કે પંડિત હોય, ગમે તેવો હોય છતાં તે પૂજવા યોગ્ય છે. જ્ઞાનના સાધનોમાં વિવેક વૈરાગ્ય, ષટસંપત્તિ અને મુમુક્ષા, એ પ્રમાણે સાધન ચતુષ્ટયનું વિધાન જ્ઞાન માર્ગમાં કહ્યું છે. તેમાંનું જે આ સત્ અને આ અસત્ એ પ્રકારનો ભેદ સમજવારૂપ જે વિવેકનું સ્વરૂપ તેના જ્ઞાનની સિદ્ધિ આ મહાત્માને થએલી હોય છે તેથી યોગ્યાયોગ્યરૂપે ભેદ કરનારી મર્યાદારૂપ હોવાથી તેનું તેમણે ઉલ્લંઘન કરેલું હોય છે. એ વિવેકરૂપ લક્ષણ સાધકાવસ્થામાં માત્ર સાધનરૂપે હોય છે. એ સાધન પૂર્ણ કરીને સાધકાવસ્થાને ઓળંગીને સિદ્ધાવસ્થા તેણે પ્રાપ્ત કરેલી હોય છે. તેને કશાનીજ અપેક્ષા રહેલી હોતી નથી. એવા સાક્ષાત્ શાન્ત નિર્વૈર, સમદર્શિ મુનિને નિત્ય હું અનુસરૂં છું. એના ચરણ સરોરૂહની એકરેણુ માત્રથી હું પવિત્ર થાઉં છું. જે પ્રકારે સર્વ પ્રજા રાજાને આરાધે છે, તેજ પ્રમાણે દેવ તથા મુનિયો બધાજ જ્ઞાનીને પૂજે છે. જેના ઘર પ્રતિ આવો જ્ઞાની મહાત્મા જાય છે, તેના પિતૃઓ પણ અત્યંત હર્ષથી આનંદાવેશમાં આવીને નૃત્ય કરી રહે છે, અને ધારે છે કે હવે અમે સત્વર મુક્ત થઇશું એમા સંશય નથી. જે મહાત્માઓની બુદ્ધિદષ્ટિ તત્વમાં અનુભવ પર્યન્ત રમી રહી છે તેમની દષ્ટિ મર્યાદામાં આવતું સઘળુંજ વાતાવરણ પરમ પુણ્યમય થઈ જાય છે. તેથી તે મર્યાદામાં જેજે પ્રેમપૂર્વક આવે છે તેમનાં પાપો સત્વર છુટી જાય છે. તે મહાત્માનું કુલ પવિત્ર થાય છે. તે મહાત્માને જન્મ આપવામાં તેની જનનીએ લીધેલો પરિશ્રમ સફલ થાય છે. એ મહાત્માના મનની ક્રિયા સર્વદા અપાર સત્ ચિત્ સુખ સાગરમાં વિલાઇ રહેલી હોય છે. તેના સ્પર્શમાત્રથી પૃથ્વિ પુણ્યવાળી થાય છે. એ જ્ઞાની મહાત્માનાં દર્શન માત્રથી દેવના દેવરૂપ શિવસ્વરૂપ થવાય છે. તેમના સંગરૂપ ઉત્તમ સાધનનો ત્યાગ કરીને સંસાર સાગરરૂપ દુઃખમાં ભ્રમણ કરવારૂપ રમતને જે મનુષ્યો રમે છે, તેઓ પાપના

બળથી ઘેરાયલા છે. જે પ્રમાણે એક મૂર્ખ બાલક મહામૂલ્યવાન નિધિને સમજતો નથી ને તેથી તેનો ત્યાગ કરીને મોહના બળથી વૃથા હાનિકર પદાર્થોમાં રમણ કરી રહે છે, તે પ્રમાણેજ ઇશ્વરના ઇશ્વરરૂપ જ્ઞાની મહાત્માના સંગની પ્રાપ્તિ થયા છતાં તેમનો અવગણનાપૂર્વક ત્યાગ કરીને મોહમાં ભ્રમણ કરીને અજ્ઞાની મનુષ્ય દુઃખમાં કુટાયા કરે છે. પરમાર્થદર્શિ જ્ઞાની મહાત્માના સંગમાંથી મને કલ્યાણની પ્રાપ્તિ નહિ થાય એ પ્રકારના વિપરીત જ્ઞાનથી અથવા તો તે સંગથી વખતે મારૂં કલ્યાણ થશે કે નહિ થાય એવા સંશયમાં પડીને તેમનો ત્યાગ કરે છે, અને મોહથી માને છે કે મારા કલ્યાણને સાધનાર કાંઇક અન્યજ છે એ પ્રકારે માયાના બળથી માનીને નિરર્થક અથડાય છે, તે મહામૂલ્યવાન અમૃતનો ત્યાગ કરીને જીવવા અર્થે વિષને પીનાર મૂઢના જેવો છે.

શ્રી મુંડકોપનિષદ્‌ના ત્રીજા મુંડકના પ્રથમ ખંડમાં આવા મહાત્માઓના સંગના ફલનું સ્વરૂપ નીચે પ્રમાણે આલેખેલું છે.

॥ यंयंलोकं मनसा संविभाति विशुद्ध सत्वः कामयतेयांश्च कामान् ॥
॥ तंतंलोकं जायते तांश्च कामांस्त स्माद्वेनंब्रर्चयेद्भूति कामः ॥

એ મહાત્માના રજોગુણ તથા તમોગુણ નહિવત્ થઇ ગએલા હોવાથી સત્વબળ અત્યંત વિશુદ્ધિને પામેલું હોય છે, અને સાક્ષાત્ ઇશ્વર સ્વરૂપ તે બની રહે છે. જે વિશુદ્ધ સત્વના બળવડે સંકલ્પ માત્રથી આ સૃષ્ટિરૂપ લીલાને પરમેશ્વર કરી રહ્યા છે તેજ વિશુદ્ધ સત્વવડે તે મહાત્માની આશપાશનું વાતાવરણ ઉભરાઇ રહેલું હોય છે. તેથી તે મહાત્માના માનસ પ્રદેશમાં જેજે કાંઇ વિશેષરૂપે ચિત્ર ભાવનારૂપે ખડું થાય છે તે ભાવનાવાળો પદાર્થ સ્થૂલ સ્વરૂપને ધારણ કરીને સૃષ્ટિમાં પ્રત્યક્ષ પ્રતીત થાય છે. માટે વૈભવની કામનાવાળા મનુષ્યોએ તેવા આત્મજ્ઞ મહાપુરૂષની નિરંતર ભક્તિ કરવી.

એક આમાંથી બીજો સાર એ નિકળે છે કે એવા મહાત્માના વાતા-વરણમાં જઇને અશુભ ભાવના કે વિચારને પણ કરવો નહિ. અશુભનું ચિત્ર મનમાં તેને દૂર કરવાના મિષવડે પણ રચવું નહિ અને પુછવું પણ નહિ, કારણકે અશુભના માનસ ચિત્રના દર્શન પૂર્વક તે વાતાવરણમાં આચરણ, ઉચ્ચારણ કે વિચારને પણ કરવાથી તે અશુભનું ચિત્ર તે મહાત્માના મનમાં કે વાતાવરણમાં બળાત્કારથી ઉભું થાય છે તો તેજ

સ્થાનનું બળ ભાવનાના પ્રદેશમાં થતા ચિત્રને સ્થૂલરૂપે પ્રતીત કરાવનારૂં હોવાથી છે અશુભપણુ સત્વર પોતાને અશુભ રૂપે પ્રકટ થઇને તે પ્રકારના વર્તન કરનારના પ્રતિ ધાવન કરે છે.

દેવને વિષે જેટલી પરાભક્તિ છે તેટલીજ ભક્તિ જેમને પોતાના ગુરૂ વિષે સિદ્ધ થએલી હોય છે તેમનેજ આ વેદોમાં જે અર્થો કહેલા છે તેનાં તાત્પર્ય સચોટ સમજાય છે. એ પ્રમાણે હોવાથી સમજવું કે આવા જ્ઞાની મહાત્માનો આશ્રય ન લેવાય તો અથવા તેવા મહાત્માની પ્રાપ્તિ થયા છતાં પણ તેમના સંગનો લાભ ન લેવાય તો તેના કારણરૂપે પૂર્વનાં પાપ કર્મોનો સંચય પ્રતિબંધ કરીને નડે છે. એટલું કહીને શ્રી મહાદેવ નિવૃત્ત થયા.

શ્રી બૃહસ્પતિને ભાન થયું કે મારે બોલવાનું કાંઇજ બાકી રહ્યું નથી. વેદાન્તના આ શ્રવણથી તેઓ અત્યંત હર્ષમાં ડુબી ગયા, અને રોમેરોમ હર્ષ વ્યાપિ ગયો અને આત્માનંદમાંજ પરવશ થઇ ગયા.

શ્રી સૂત ભગવાને એ પ્રમાણે મુનિયોને કહીને વિશેષમાં કહ્યું છે કે તમે પણ નિઃશંક થઇને એજ માર્ગે કૃતકૃત્ય થજો. આ વૈદિક માર્ગનું સ્થાપન કરજો. અને હરેક પ્રયત્નવડે સઘળું સુવ્યવસ્થિત બનશે. વેદમાર્ગને સ્થિર કરવાની જેનામાં શકિત છે તે મોહથી તેમ કરવામાં પ્રમાદ કરે છે તો તે જીવતો છતાં મૃતવત્ છે. પોતે કૃતકૃત્ય થયા છતાં અન્યસંસાર સમુદ્રમાં દુઃખથી પીડાતા દેખાય અને તેમના ઉપર દયાની વૃત્તિ જેના અંતઃકરણમાં ન ઉઠે તે સાચો જ્ઞાની હોઇ શકતોજ નથી. એને માત્ર મિથ્યા જ્ઞાનથી દંભનોજ ઉદય થએલો હોય છે. જ્ઞાની તો પરમ દયાળુ હોય છે. તેથી શત્રુનું પણ અનિષ્ટ કિંચિત સરખું પણ થતું હોય તો તે જ્ઞાનીથી સહન થઇ શકતું નથી. વૈદિક જ્ઞાનના સંપ્રદાયની પ્રાપ્તિ એજ જગતમાં સાચી હિતકર છે. તેના ઉચ્છેદના કરતાં અધિક ભારે અનિષ્ટ જગતમાં કાંઇજ નથી. તેથી તે અનિષ્ટને અટકાવીને વેદ વિદ્યાના સ્થાપન રૂપ ઇષ્ટની પ્રતીતિ કરાવવાના સામર્થ્યનો મિથ્યા વ્યય કરનાર મહા પાપી છે. એથી ઉલટું એ પ્રકારની વેદ વિદ્યાનું સ્થાપન કરવાની જેનામાં શક્તિ નથી તેવો પુરૂષ પણ શ્રદ્ધા પૂર્વક પોતાની શક્તિ પ્રમાણે બની શકે છે તેટલો પુરતો ઉદ્યોગ તેમ કરવાને માટે કરે છે તો તેનાં સર્વ પાપ બળે છે અને અંતે સાક્ષાત જ્ઞાની તે થાય છે.

પોતાની વિદ્યાના જ્ઞાનના અભિમાનથી અલ્પ બળી પણ વેદ માર્ગનો પ્રવર્તક કોઇ હોય તેને છળથી હલકો પાડે છે, અથવા તો એ વેદવિદ્યાનો પ્રવર્તક હલકી જાતિનો છે વગેરે આક્ષેપો મૂકે છે, અને એમ કરીને તે વૃત્તિ કરનારને વેદવિદ્યાની પ્રવૃત્તિ એટલે પ્રસાદ કરવામાં વિઘ્ન નાંખી તેને હઠાવે છે તો તેમ કરનારો મહા પાતકી બને છે.

શુભ મુહૂર્તોમાં શ્રદ્ધાપૂર્વક આ જ્ઞાનયોગ ખંડનો પાઠ કરવો. તેમ કરવાથી જન્મ નામનો પાશ છૂટે છે. જેને જ્ઞાનપ્રાપ્તિની અપેક્ષા હોય તે એના પઠન વડે જ્ઞાનની પ્રાપ્તિ કરે છે. આ જ્ઞાનયોગ ખંડનો સાચા વિશ્વાસથી અભ્યાસ કરનારને સુખની અપેક્ષા હોય છે તો તેને સુખ મળે છે. વેદની ઇચ્છા હોય તો વેદજ્ઞાનની સિદ્ધિ થાય છે. વિજયાર્થીને વિજયની અને રાજ્યકામીને રાજ્યની પ્રાપ્તિ થાય છે. જેને ક્રોધ દ્વેશ કે ઈર્ષ્યાના સ્ફુરણો થઈ આવતાં હોય છતાં દ્રષ્ટારૂપે એ સ્ફુરણોને જોતો ક્ષોભને પામી રહેલો હોય છે ને તે સ્ફુરણાઓને અટકાવવારૂપ જે ક્ષમા તેની ઇચ્છા કરે છે તો તેવાઓને ક્ષમા નામનો અત્યંત બળવાન ગુણ પ્રાપ્ત થાય છે. માટે જીવનમાં જ્યારે જ્યારે બની આવે ત્યારે ત્યારે જેમ બને તેમ વારંવાર આ ખંડને પુનઃ પુનઃ અવલોકવો. તથા તેનું મનન કરવું.

એ રીતે ૨ જ્ઞાનયોગ ખંડનો સમાધિ નામનો ૨૦ મો અધ્યાય સંપૂર્ણ થયો.

એ પ્રમાણે ૨. જ્ઞાનયોગખંડ સંપૂર્ણ થયો.





॥ ૐ શ્રી ॥

શ્રી સૂત સંહિતા.

(સવિસ્તર રહસ્ય અને વિસ્તીર્ણ ટીકા સાથે)

અર્થાત્

સમગ્ર ધર્મશાસ્ત્રાર્થનો સંગ્રહ.

શ્રી મુક્તિ ખંડ.

૩.

॥ ॐ શ્રી ॥

૩. શ્રી મુક્તિ ખંડ.

અધ્યાય ૧.

મુકિત, મુકિતનો ઉપાય, મોચક (મુકિતને આપનાર શિવ.) તથા (મોચકનો મેળાપ કરાવી આપનાર મોચકપ્રદ ગુરૂ) એ પ્રકારના ચાર સ્વરૂપ વિષયક પ્રશ્નો.

આપણે પહેલા શિવ માહાત્મ્ય ખંડમાં પરમાત્મ રૂપ શિવતત્વ અને આપણા આત્મતત્વની છેવટની એકતાના ભાન રૂપ અનુભવ જ્ઞાન જ્ઞાતવ્ય રૂપે કેવે પ્રકારે છે તે સમજ્યા. તે પછીના જ્ઞાનયોગખંડ નામના બીજા ખંડમાં તે જ્ઞાનની પ્રાપ્તિના ઉપાયોનું રૂડી રીતે મનન કર્યું. તેમાંથી આપણે સમજ્યા કે આરંભક અધિકારીએ વિવિધ કર્મો વડે પ્રતિબંધક પાપોનો ક્ષય કરવાનો છે. તમો ગુણના કાર્ય રૂપ પાપરૂપ પ્રતિબંધ દૂર થાય છતાં પણ રજસનાબળથી ચિત્ત વિક્ષેપ રહે છે તે દૂર કરવા માટે મથનાર મધ્યમ અધિકારીને માટે આઠે અંગવાળા યોગનું વિધાન સમજ્યા. આ પ્રમાણે યોગના વિધાનથી રજોગુણ પણ દબાઇ જતાં ચિત્ત નિર્મલ તથા એકાગ્ર થઈને વિશુદ્ધ સત્વના પ્રકાશને ઉગ્ર જાગ્રતિ આપે છે. તેવા મહાત્માનું સ્વરૂપ પણ સમજ્યા. એ પ્રકારે જ્ઞાતવ્ય તથા જ્ઞાનના ઉપાય બન્ને ખંડોમાં થઇને નિશ્ચિત કર્યા. હવે તે અર્થે તે જ્ઞાનના ઉપાયોની યોજના કરવામાં સાધકના ઉપર ઉપકાર કરે એવું શું શું છે, તે ઉપકરણ સહિત તે જ્ઞાનનો ઉદય થતાં તેના ફલરૂપ મુક્તિની પ્રાપ્તિ થાય છે તેનું સ્વરૂપ આ ખંડમાં વર્ણવ્યું છે. આ ખંડના નવ અધ્યાય છે, તેની સંકલના નીચે પ્રમાણે છે.

૧ અધ્યાય, મુક્ત, મુક્તિનો ઉપાય, મોચક (મુક્તિને આપનાર શિવ, તથા મોચક પ્રદ (મોચકનો મેળાપ કરાવી આપનાર-ગુરૂ) એ પ્રકારનાં ચાર સ્વરૂપ વિષયક પ્રશ્નો.

આ અધ્યાયમાં મુનિયો ચાર પ્રકારના પ્રશ્નોથી જ્ઞાનની પ્રાપ્તિના ઉપાયોનું અનુષ્ટાન કરવાથી જ્ઞાતવ્યનું જ્ઞાન થાય છે ત્યારેજ ફળ મળે છે તેનું સ્વરૂપ સમજાવે છે. મુક્તિ તેના ફલ રૂપે છે. માટે તે શી વસ્તુ છે. એમ પૂછે છે. આ મુક્તિનું ભાન કરાવનાર તથા તે ભાન કરવા અર્થે કરાતા અનુષ્ટાન સમયે અદૃષ્ટ રૂપે હાજર રહીને સહાય્ય કરનાર પરમેશ્વર છે. તેમને મોચક કહ્યા છે. તે કેવી રીતે આ કાર્યમાં સહાય્ય કરે છે તે વિગેરેના સંબંધમાં બીજો પ્રશ્ન છે. પરમેશ્વર સત્તા અદૃષ્ટ રૂપ છે તેમની સહાય્ય મેળવવી સામાન્ય મનુષ્યને કઠીન છે. દૃષ્ટ રૂપે આપણી પાસે હાજર રહીને એ સત્તા સાથે સંબંધ કરાવી આપી તથા તે સંબંધને કાયમ ટકાવી રખાવી ઠેઠ સુધી લઈ જનાર ગુરૂ છે. તેમને મોચકપ્રદ કહ્યા છે. તેમના સ્વરૂપ વિષે ચોથો પ્રશ્ન છે. આ પ્રકારની પરમેશ્વરની તથા ગુરૂની સહાય્યથી જે જ્ઞાન રૂપ મુક્તિના ઉપાયને ઉપકારક રીતે યોજવાનું છે, તેની બાબતમાં બીજો પ્રશ્ન કરેલો છે.

૨. અધ્યાય. મુક્તિના પ્રકાર.

આ અધ્યાયમાં ગયા અધ્યાયમાં કરાયલા ચાર પ્રશ્નોમાંથી પહેલાનું ઉત્તર આપ્યું છે. મુક્તિ શબ્દનો અર્થ છુટવું એવો થાય છે. અને તે અર્થને તો સર્વ જાણે છે. તે પ્રાપ્ત થયા પૂર્વની બંધનની સ્થિતિને તે સૂચવે છે. જૂદા જૂદા અંતઃકરણની સામગ્રીને અનુસરીને જૂદિ જૂદિ સ્થિતિઓને પ્રતિકૂલરૂપે ભિન્નભિન્ન વ્યક્તિયો માની રહી છે. તેમાંથી વ્યાવહારિક દશામાં પણ છુટવું એ મુક્તિના સ્વરૂપને સમજવાની આરંભક સ્થિતિ છે. તે પછી મુક્તિના સાલોક્ય, સામીપ્ય, સારૂપ્યને સાયુજ્ય એ પ્રકારના મુક્તિનાં સ્વરૂપોને સમજાવ્યાં છે, અને છેવટે પરશિવ સાથે અભિન્નતારૂપ તાદાત્મ્ય કેવલ મુક્તિનું સ્વરૂપ આપ્યું છે. આ પ્રમાણે આ અધ્યાયમાં પ્રાપ્તવ્યરૂપ જે મુક્તિ તેનો વિસ્તાર કર્યો છે.

૩ અધ્યાય. મુક્તિના ઉપાય.

આ અધ્યાયમાં જ્ઞાનરૂપ મુક્તિના ઉપાયને વર્ણવેલો છે. પ્રાપ્તવ્યરૂપ જે મુક્તિ મેળવવાનું સાધન જ્ઞાન છે. તેનું સ્વરૂપ સમજાવ્યું છે. વિવિધ

પ્રકારની યુક્તિપ્રયુક્તિયોને કેવી રીતે યોજવી અને જ્ઞાનરૂપ સાધન કેવી રીતે મુક્તિને સિદ્ધ કરી આપે છે, તેનો સંપૂર્ણ વિસ્તાર વેદશાસ્ત્રની વિધિ પ્રમાણે આ અધ્યાયમાં કહિ બતાવ્યો છે.

૪. અધ્યાય. મોચક સ્વરૂપ.

આ અધ્યાયમાં જ્ઞાન નામના સાધનવડે મુક્તિને પરમેશ્વર કેવી રીતે આપે છે તેનું વર્ણન છે. તે સરળતાથી સમજાય માટે વિદ્યાની અધિષ્ઠાત્રી દેવતા જગદંબા સરસ્વતી અને શ્રી મહાદેવજીના સંવાદરૂપે આખ્યાયિકા આપેલી છે. બંધનરૂપ પાશનો અનુભવ કરતા પશુરૂપ જીવોનો ઉદ્ધાર પશુપતિ ભગવાન મહાદેવ કરે છે તે એ સંવાદરૂપે સમજાવ્યું છે.

૫. અધ્યાય. મોચકપ્રદ સ્વરૂપ.

આ અધ્યાયમાં કહ્યું છે. કે સાક્ષાત મોચક ઇશ્વિર છે. એ વાર્તા સત્ય છે. પરંતુ ઇશ્વરનું સામાન્ય સ્વરૂપ અદ્રષ્ટ છે. તેમનું દ્રષ્ટસ્વરૂપ ગુરૂ છે. એ ગુરૂજ ઉપદેશદ્વારા મોચકનો મેળાપ કરી આપે છે. વ્યાવહારિક સામાન્ય કાર્યોમાં પણ નેતા વિના યોગ્ય સિદ્ધિ પ્રાપ્ત થતી નથી એમ કહીને સમજાવ્યું છે કે કાર્યના મહત્વના પ્રમાણમાં યોગ્ય ગુરૂની અપેક્ષા વિશેષ રહે છે. આ ગુરૂ કોણ કોણ કેવા કેવા પ્રકારના હોય છે તે સર્વેનું સંક્ષેપમાં વિવેચન આ અધ્યાયમાં આપેલું છે.

૬. અધ્યાય. જ્ઞાનોત્પત્તિ.

આ અધ્યાયમાં કહ્યું છે કે મુક્તિનું સ્વરૂપ, તેની પ્રાપ્તિના ઉપાયરૂપ જ્ઞાનનું સ્વરૂપ અનેકવાર કહી બતાવીએ, તેમજ તે મુક્તિને આપનાર પરમેશ્વર તથા તેમનો મેળાપ કરાવી આપનાર ગુરૂ બન્ને હાજર છતાં પણ જ્યાં સુધી પ્રતિબંધોને સાધક દૂર કરતો નથી ત્યાં સુધી જ્ઞાનનો ઉદયજ થઇ શકતો નથી. તે પ્રતિબંધોને દૂર કરવા અર્થે તેમના સ્વરૂપોને જાણવાની પણ જરૂર રહે છે. તેથી તે પ્રતિબંધોના કારણો સાથે તેમનું વિસ્તારથી વર્ણન આ અધ્યાયમાં આપેલું છે, અને કહ્યું છે કે તે પ્રતિબંધોનો ત્યાગ કરવો. તેમ થાય તે પછીજ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

૭. અધ્યાય. ગુરૂને ઘેર રહીને સેવા કરવાનો મહિમા

છઠ્ઠા અધ્યાયમાં જ્ઞાનની ઉત્પત્તિમાં રોધ કરનાર પ્રતિબંધોનું સ્વરૂપ આપ્યું. તેમનો ત્યાગ કરીને પછી તે જ્ઞાનની ઉત્પત્તિ સરળ રીતે થાય

તે પ્રકારની પ્રવૃત્તિનું સ્વરૂપ આ અધ્યાયમાં આપેલું છે. આમાં કહ્યું છે કે આચાર્યને ઘેર રહેવાથી સરળતા વિશેષ થાય છે. આચાર્યની સેવા કરવાથી તેમની પ્રસન્નતામાં વૃદ્ધિ થાય છે. અને આચાર્યની અનુકૂલતાએ એવા પ્રકારની જ્ઞાનની કુંચી પ્રાપ્ત થાય છે કે તેથી સત્વર જ્ઞાનનો ઉદય થાય છે. એ આખ્યાયિકાથી આ પ્રવૃત્તિ કરવામાં શ્રદ્ધાને ઉત્પન્ન કરી છે.

૮ અધ્યાય—વ્યાઘ્રપુરમાં દેવોને આપેલો ઉપદેશ.

સાતમા અધ્યાયમાં ગુરૂના ઘરથી નિવાસ કરીને ઉપદેશ મેળવવાથી સરળતા થાય છે એમ જે કહ્યું છે તેમાં વિશેષ બળવતી શ્રદ્ધાને ઉત્પન્ન કરનાર આખ્યાયિકા આ અધ્યાયમાં આપી છે. શ્રી વિષ્ણુ ભગવાન સહિત સર્વ દેવો સાધકરૂપે બને છે. અને શ્રી મહેશ્વર ગુરૂરૂપ પોતેજ બને છે. તેમના વ્યાઘ્રપુર નામના સ્થાનમાં દેવો જાય છે અને કેવી રીતે શ્રી મહાદેવજી પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ કરે છે તે અત્યંત રસપૂર્વક આ અધ્યાયમાં સમજાવ્યું છે.

૯. અધ્યાય-ઇશ્વરના નૃત્યનું દર્શન.

આચાર્યને ઘેર નિવાસ કરીને તેમની સેવા કરતાં જ્ઞાનની ઉત્પત્તિ કેવી સરળતાથી થાય છે તેનું અધિક વિશેષ નિદર્શન આ અધ્યાયમાં કરાવ્યું છે. ગુરૂરૂપને ધારણ કરનાર શ્રી મહાદેવજી શ્રી વિષ્ણુ ભગવાન આદિ દેવો ઉપર એટલા બધા પ્રસન્ન થઈ જાય છે કે શંકર અત્યંત હર્ષના આવેશમાં આવી જાય છે. અને આનંદમય નૃત્યને કરી રહે છે. આ નૃત્યનાં દર્શનથીજ સતચિત્ આનંદનો સાક્ષાત અનુભવ થતાં જ્ઞાનનો ઉદય કેવો સત્વર થાય છે અને મુકિત કેવી રીતે ફલરૂપે પ્રાપ્ત થાય છે તે આ અધ્યાયથી સમજાય છે.

એ પ્રમાણે નવે અધ્યાયની સંકલના છે. અને એ પ્રમાણે મુકિત ખંડને પૂર્ણ કર્યો છે. હવે આ મુક્તિખંડના ઉપર વર્ણવેલા પહેલા અધ્યાયનો આ પ્રમાણે વિસ્તાર છે.

પ્રથમ કહ્યું છે તે પ્રમાણે અનાદિકાલથી એવો અભ્યાસ પડી ગયો છે કે અપાર દુઃખનો અનુભવ થવા છતાં તે દુઃખને આપનાર અજ્ઞાનમાંથી તેનો ત્યાગ કરીને ન ખસવાની હઠ પ્રબળ જોસથી અંતઃકરણ કરી રહેલું પ્રતીત થાય છે. પરમશિવ તત્વ અને આત્મતત્વના અભેદના ભાનપૂર્વકનું જ્ઞાન એ કહેવામાં તો ટુંકીજ વાર્તા છે. પરંતુ તેમાં દૃઢ થવાને માટે

અનેક મહાત્માઓ તથા શાસ્ત્રો મથન કરી રહ્યા છે, તો પણ સંસારી જીવોનાં આચારમાં અંતઃકરણમાં તે ભાન ઉતરતું નથી, તેથી અનેકશઃ એજ વાર્તાને પુનઃ પુનઃ સિદ્ધ કરવાની વિવિધ યુક્તિયો શાસ્ત્રે બતાવેલી છે. આ ગ્રંથના દરેક ખંડમાં સ્થાને સ્થાને એ યુક્તિયોને યોજેલી છે. એક ખંડમાં એ યુક્તિના એક અંગને વિસ્તારથી કહ્યું છે તો બીજા ખંડમાં તેનાં અન્ય અંગનો ચિતાર આપ્યો છે. તે છતાં દરેક ખંડમાં પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય અને કર્તવ્યને પૂર્ણપણે અનેકવાર કહેલું છે. એવા ઉદ્દેશથી આ કર્યું છે કે તે તે સ્થાનેથી તે તે પ્રકારના અધિકારીનું કાર્ય સત્વર પૂર્ણ થાય છે.

આ ખંડમાં પણ તેજ પ્રકારની પૂર્ણતા છે. તેમજ પોતાની વિશેષતા છે. વિશેષતારૂપે દરેક ખંડ આખા ગ્રંથના અંગરૂપ છે છતાં પોતાને સ્વરૂપે એક પૂર્ણ ગ્રંથજ આ મહાન કાર્યની સિદ્ધિ કરવા અર્થે પોતેજ બને છે. એ પ્રકારની અપેક્ષાથી આ ખંડના આરંભમાં પણ વિઘ્નને દૂર કરવા અર્થે આ અધ્યાયમાં પ્રથમ મંગલાચરણ કર્યું છે.

પરમ હર્ષથી સૌમ્ય મહેશ્વરને હું વંદન કરૂં છું. સંસાર રોગમાં ઔષધિરૂપ આપ છો. હે મહેશ્વર ! આપ સાક્ષાત સત્ય, વિજ્ઞાન અદ્વય છો. આપને વંદન કરૂં છું. આપની શક્તિ જગદંબા ઉમાદેવી છે. ત્રણે વેદમય એમનું સ્વરૂપ છે. મહામાયાની નિવૃત્તિ અર્થે એ જગદંબા સહિત હે શંકર આપને વંદુ છું. શ્રીમાન વિઘ્નેશ્વર તથા વીર્યવાન સ્કંદ આપના પુત્રો છે. દેવ માત્ર આપને નમે છે. એવા મહાદેવ ! આપને હું વંદું છું. આપના અનુગ્રહના લેશનાલેશનાલેશની કણિકાનો અંશ પ્રાપ્ત થતાં જંતુ મુક્ત થાય છે. એવા હે પરમેશ્વર ! આપને હું નમું છું. હે મહેશાન, દયાના સાગર લિંગાર્ચન વડે આપની ઉપાસના કરીનેજ મારા સદ્ગુરૂ શ્રી વ્યાસભગવાન અર્થ માત્રને જાણનારમાં શ્રેષ્ઠ થયા છે તેવા શંકર આપને પ્રણામ છે. આપના ઈક્ષિણપૂર્વક આ આખું માયામય જગત્ થયું છે. એવા તેજના ભંડાર, ઉમાપતિ, શિવ, ઈશાન આપને હું વંદું છું. સર્વે ચરાચર લોકના સાક્ષિ સર્વની અંદર નિવાસ કરી રહેલા શંભુ, સાંબ, ઈશાન આપને વદું છું. મહાત્માઓ વેદાંત શ્રવણ આદિ સાધનોદ્વારા શાન્તિથી આપને પોતાના આત્મરૂપે અનુભવે છે, એવા સચ્ચિદાનંદ મહેશ્વર આપને હું પ્રણમું છું. એ પ્રમાણે મંગલાચરણ પૂર્ણ થયું. શ્રુતિ ભગવતી કહે છે ।। **तंयथायथो पासते तदैव भवति** ।। જે જે ભાવના રૂપે તેની ઉપાસના થાય છે તે તે રૂપ ઉપાસક પોતેજ બને છે.

પૂર્વ ખંડમાં જ્ઞાનના ઉપાયો કહ્યા છે. તે દ્વારા જ્ઞાન મળતાં તે જ્ઞાન તેના ફલરૂપ મુક્તિના ઉપાયરૂપે છે. આ મુક્તિ મેળવવી એ જંતુ માત્રનું અંતિમ પ્રયોજન છે. એ પરમ પુરૂષાર્થરૂપ હોવાથી તેના ઉપકરણ સહિત મુક્તિના સ્વરૂપનું વર્ણન કરવા માંડતાં પહેલાં પરિવારસહ શિવમહેશ્વરના પ્રતિ પ્રણામ પરંપરા કરવારૂપ શ્રેયસ્કર આચરણ કરીને નિર્વિઘ્નતાની સિદ્ધિ કરી. મુક્તિમાં ઉપાધિમાત્રથી નિવૃત્ત થવાનું હોય છે. છતાં તે મુક્તિપ્રદાનના સમયે પણ કલ્યાણ માત્રના ગુણના સમૂહોના ભંડારરૂપ શ્રી મહેશ્વર-ભગવાનની તે તે ઉપાધિઓ સહિતજ ભાવના કરવી યોગ્ય ધારી છે. તેથી સગુણરૂપેજ તેમનું પ્રણિધાન કરી બતાવ્યું છે. ઉપરના મંગલાચરણમાં સૌમ્ય, સત્ય, જ્ઞાન, સંસારના ઔષધિ વિગેરે રૂપ, એ પ્રમાણેના શ્રી મહાદેવમાં પ્રતીત થતા ગુણોનું અનુસંધાન કર્યું છે.

શ્રી મેરૂ પર્વતની પાસે સત્ર યજ્ઞને પૂર્ણ કરીને ઘણા મુનિયો ભેગા મળ્યા. તેમાં આ પ્રમાણે મુનિયો હતા. હરભક્ત, હિરણ્યાક્ષ, શૈવપૂજાપરાયણ, અંબિકાચરણરત, ઈશ્વરાંઘ્રિપરાયણ, કલાંત, કલેશહર, કલીબ, ઈશપૂજાપરા-યણ, ૐકાર વલ્લભ, લુબ્ધ, લોલુપ, લોલલોચન, મહાપ્રાજ્ઞ, મહાધિમાન, મહાબાહુ, મહોદર, શક્તિમાન્, શક્તિદ, શંકુ, શંકુકર્ણ, શનૈશ્ચર, ભગવાન્, ભગ્નપાપ, ભવ, ભવભયાપવહ, ભગ્નદર્પ, ભવપ્રીત, ભાગજ્ઞ, ભંગુરાશુભ, અગ્નિવર્ણ, જપાવર્ણ, બંધુક, કુસુમચ્છવિ, વિરક્ત, વિરજ, વિદ્વાન્, વેદપારાયણરત, સમચિત્ત, સમગ્રીવ, સમલોષ્ટાશ્મકાંચન, શાકાશી, ફલમૂલાશી, શત્રુમિત્ર રહિત, કાલરૂપ, કલામાલી, કાલતત્વવિશારદ, માંડ, મુનિ શ્રેષ્ઠ, સોમનાથ, પ્રિય, સુધિ, વેદવેદિ, વિદ્વત્પાદપરા, વિશાલહૃદય, વિશ્વ, વિશ્વવાન, વિશ્વદંડધૃત, પવિત્ર, પરમ, પંગુ, પંકજારૂણ-લોચન, લંબકર્ણ, મહાતેજા, લંબપિંડ, જટાધર, આશ્વાયણસુત, ગ્રીષ્મ, આહુપંગપરાયણ, લોકાક્ષિ, લોકાક્ષિતનય, અદ્ભુત, લોકયાત્રાપરાયણ, જૈગિષવ્ય, પુત્ર, પ્રાતઃસ્નાયી, જીતેન્દ્રિય, વત્સપુત્ર, મુનિશ્રેષ્ઠ, વંશકાંડપ્રભ, મુનિ, ઉર્ધ્વરેતા, ઉમાભક્ત, રૂદ્રભક્ત, વલ્કલી, આશ્વલાયન સૂનુ, બ્રહ્મ, વિદ્યારામ, મુનિમુકુટ, મુકુન્દ, મોચક, મુખ્ય, મુસલી, મૂલકારણ, સર્વજ્ઞ, સર્વવિત્, સર્વપ્રાણિ હિતેરત, અત્યુગ્ર, અતિપ્રસન્ન, પ્રમાણજ્ઞાનવર્ધક, આરૂણેય, મહાવીર, આરણ્યુપનિષન્પર, આત્મવિદ્યારત, શ્રીમાન, શ્વેતાશ્વતર પુત્રક, શ્વેતા શ્વતરનો શ્રદ્ધાર્થી શાખા પ્રવર્તક, શતરૂદ્રસમાખ્ય, શતરૂદ્રિય ભક્તિમાન, પંચપ્રસ્થાનહેતુજ્ઞ, શ્રીમત્ પંચાક્ષર પ્રિય, શિવસંકલ્પ ભક્ત, શિવસૂક્ત પ્રવર્તક, મૈત્રાયણ, શ્રુતિ સ્નેહિ, મહા મૈત્રાયણ મુનિ, બાષ્કલ, અધ્યયન

પ્રીત, શાકલ, અધ્યયન રત, સર્વ શાખારત, શ્રીમાન્, સંગમ, વિગેરે ઘણા મહર્ષિયો ભેગા થયા હતા. એક તરફ ૭૨૦૦૦ ની સંખ્યા હતી. તે ઉપરાંત બીજા ૧૨૦૦૦ હતા. તે બધાજ શમ એટલે મન આદિ અંતઃકરણને વશ કરવા રૂપ સાધનવાળા હતા. તેથી શાન્ત હતા. ઈન્દ્રિયોને વિષયો પ્રતિ જતી રોકવાના સામર્થ્ય રૂપ દમ સાધન સંપન્ન હતા. તે બધાજ શિવ ભક્તિ પરાયણ હતા ॥ ॐ अग्निरिति० ॥ મંત્રોને ભણીને સર્વાંગે આદર પૂર્વક તેઓ ભસ્મ લગાવતા હતા. રૂદ્રાક્ષની માળાઓને અલંકાર અર્થે પહેરતા હતા. ત્રિપુંડ્રોને નિત્ય કરતા હતા. મહેશ્વર શંભુના લિંગનું નિત્ય અર્ચન કરતા હતા. આ બધા મુનિયો યજ્ઞ પૂર્ણ થયા પછી ભેગા મળી દીર્ઘ સમય સુધી અત્યંત શ્રદ્ધાપુરઃ સર પરસ્પરમાં વિચાર કરવા મંડયા તે નીચે પ્રમાણે.

મુક્તિ એ શી વસ્તુ છે ! કયા કયા ઉપાયોનું અનુષ્ટાન કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે ! આ બંધનમાંથી કોણ તે બંધનને તોડીને મોચક રૂપે આપણને છૂટા કરે છે ? એ મોચકની પ્રાપ્તિ આપણને કોણ કરાવી આપે છે ? આ પ્રમાણે વિચારો પરસ્પરમાં થવા લાગ્યા. છતાં અંતઃકરણમાં શાન્તિ મળે એવા નિર્ણય ઉપર આવી શકયા નહિ. તેથી અત્યંત આદર સહ શંકરને પ્રસન્ન કરવા માટે તપશ્ચર્યા કરી. તેથી પરાત્મા રૂદ્ર સદાશિવ પ્રસન્ન થયા. શિવનો અનુગ્રહ થયો. તેથી શ્રી વ્યાસ ભગવાનના શિષ્ય મહાધિમાન ઉત્તમ, મહાત્મા શ્રી સૂત મુનિ ત્યાં પ્રકટ થયા. આ સૂત મહાત્મા સર્વજ્ઞ છે. એવા મહાત્માને મુનિયોએ પોતાની મધ્યમાં અણુ ચિંતવ્યા ખરા કાર્યને સમયે આવેલા જોઇને અત્યંત હર્ષથી તેમનાં રોમેરોમ ખડાં થઈ ગયાં. અને સર્વ રઘવાયા રઘવાયા થઇને નમ્રતાથી ઉભા થઈ ગયા. અત્યંત સંતુષ્ટ થઈ ગયા. અત્યંત શ્રદ્ધા પૂર્વક જમીન ઉપર પુનઃ પુનઃ લાંબા થઈ થઇને તેમને દંડવત્ પ્રણામો બહુ કર્યા, તથા ગદ્દગદિત સ્વરથી તેમની સ્તુતિ કરી. પછી અત્યંત ત્વરાથી તેમનું પાદ પ્રક્ષાલન કર્યું, અને સંપૂર્ણ વિધિ પૂર્વક તેમનું પૂજન કર્યું. તે પછી દીર્ઘ સમય સુધી આશ્વાસન તેમનું કર્યું. દયાનિધિ, પ્રસન્ન, દયાળુ, સર્વજ્ઞ, જંતુ માત્રને નિશ્ચિત કરેલા અર્થને આપનારા, એવા તે મહા મુનિ સૂત ભગવાન સ્વસ્થ થઇને બેઠા પછી તેમને મુનિયોએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો. હે ભગવાન ? પરમ મુક્તિશી વસ્તુ છે તે અમને સમજાવો. મુક્તિના ઉપાય રૂપ જે જ્ઞાન તેનું સ્વરૂપ પણ વિસ્તારથી કહો. શિવનું જ્ઞાન આપનાર મોચક રૂપ શિવ છે તેમના સ્વરૂપનો વિસ્તાર કરો. તે શિવનું જ્ઞાન આપનાર આચાર્યના સંબંધમાં

પણ અમને સજ્ઞાત કરો અને તે શિવાય જે કાંઈ અન્ય અમારા અધિકારને યોગ્ય હોય તે પણ અમને કહો. ઉપર પ્રમાણેનાં અત્યંત હિત રૂપ વાક્યો શ્રવણ કરીને શ્રીમાન સૂત મહાત્મા અત્યંત પ્રસન્ન થયા. તેમણે સાંબ ત્ર્યંબકનું ધ્યાન ધર્યું. તે પછી વેદાન્ત જ્ઞાનીઓમાં ઉત્તમ પોતાના સદ્‌ગુરૂ શ્રી વેદ વ્યાસનું ધ્યાન ધર્યું. ભક્તિના આવેશથી તે મહાત્મા પરવશ થઈ ગયા અને અનેક દંડવત પ્રણામ કર્યાં. તે પછી સર્વ ભૂતના હિતની સિદ્ધિ કરવામાં જેમનો અત્યંત પ્રેમ છે એવા તે મુનિયે ઉપરના પ્રશ્નોના ઉત્તર રૂપ વચનો કહેવાનો આરંભ કર્યો.

એ રીતે શ્રી મુકિત ખંડનો મુકિત, મુક્તિનો ઉપાય, મોચક (મુકિતને આપનાર) તથા મોચકપ્રદ (મોચકનો મેળાપ કરાવી આપનાર–ગુરૂ) એ પ્રકારના ચાર સ્વરૂપ વિષયક પ્રશ્નો નામનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુકિત ખંડ.

અધ્યાય ૨.

મુક્તિના પ્રકાર.

આ જ્ઞાન દુર્લભ છે, તેથી એકતો તેમાં શ્રદ્ધાને ઉત્પન્ન કરવાની જરૂર છે. કેવલ શુષ્ક ઉપદેશમાત્રથી જેટલી શ્રદ્ધા ઉત્પન્ન કરી શકાય છે તેના કરતાં અધિકગુણુ શ્રદ્ધા આખ્યાયિકાના રૂપમાં તેજ વિષયને શ્રવણુ કરવાથી થાય છે. વળી પોતાને ગર્વ ન ચઢી જાય કે હું આ ઉપદેશ મારી બુદ્ધિથી કરૂં છું પણ આખ્યાયિકામાં જે ઉપદેશ અન્ય મહાત્માએ કરેલો છે તેનુંજ માત્ર કહેલું તેના શિષ્યવત્ હું કહી બતાવું છું એ પ્રકારે અંતઃકરણ વિનીતતાને ધારણ કરે છે. આવા ઉદ્દેશથી પૂર્વે થએલા પ્રશ્નનું ઉત્તર આખ્યાયિકાથી આરંભે છે.

પૂર્વે શ્રીમત્ નારાયણુ વિષ્ણુભગવાન શ્રીમત્ ઉત્તર કૈલાસમાં પધાર્યા. તેઓ શ્રી લક્ષ્મિના પતિ છે. ભૂતમાત્રનું કલ્યાણુ કરવામાંજ તેમને અત્યંત પ્રેમ છે. કાને સુંદર કુંડલ દોલાયમાન થઈ રહ્યાં છે. મસ્તકે મનોહારિ મુકુટ શોભી રહ્યા છે. કુંડલમાં સ્થિર થઈને રહેલાં રત્નોમાંથી ઝળુકી નીકળતાં રંગરંગનાં કિરણોથી તેમની આશપાશનું સ્થાન શોભી રહ્યું છે. પીળા પીતાંબરને ધારણુ કર્યું છે. લાંબા વિશાલ નેત્રો હૃદયને આકર્ષે છે. શંખ, ચક્ર, ગદા તથા પદ્મ નામના આયુધો આખા જગત્નું રક્ષણુ કરવાને માટે નિત્ય ધારણુ કરીને રહેલા છે. મોગરાના પુષ્પના ઢગલા ઉપર પૂર્ણ ચંદ્રનાં કિરણો પડતાં હોય તે સમયે જે પ્રકારની સુવાસ તથા શીતલતાનું ભાન થાયછે, જે શુભ્ર રંગ પ્રતીત થાયછે અને તેથી હૃદયમાં જે પ્રકારની આનંદ ઉર્મિયો ઉઠે છે તે પ્રકારની તેમના દર્શન કરનારના અંતઃકરણની સ્થિતિ ને કરી આપનારા સર્વ પ્રકારના આભરણોથી શણુગારાયલા તે શ્રી વિષ્ણુ-ભગવાન છે. સર્વ મુનિયો, ગંધર્વો તથા રાક્ષસો પણુ તેમનું પૂજન કરી રહ્યા છે. વેદ પણુ તેમના માહાત્મ્યનાં ગાન ગાઈ રહ્યા છે. એવા શ્રી વિષ્ણુ ભગવાન ઉત્તર કૈલાસમાં પધાર્યા.

આ ઉત્તર કૈલાસ પર્વત અત્યંત ઉત્તમ છે. ઘણોજ ઉંચો છે. તે સ્થાનના સ્મરણુમાત્રથીજ પાપમાત્ર નાશ થાય છે. જે સાધકોએ અનેક જન્મ સુધી શ્રદ્ધાપૂર્વક શ્રૌત તથા સ્માર્ત કર્મોનાં અનુષ્ટાનો કર્યાં હોય છે, તેમનેજ શિવ ઉપર પ્રીતિ ઉદ્‌ભવે છે. એવા શિવ ભકતો મહાજ્ઞાની હોય છે. આ સ્થાન તેવાઓનેજ પ્રાપ્ત થાય તેવું છે. જેમને વેદ ઉપર શ્રદ્ધા નથી, એટલે અવૈદિક છે, જે પાપીષ્ઠ છે, જેઓ વેદની નિંદા કરે છે, તથા જે અન્ય દેવતાઓના પણુ નિંદકો છે તેવાઓને તે સ્થાન કદીજ પ્રાપ્ત થતું નથી. તે અત્યંત સુંદર સ્થાન છે. અનેક કોટી કલ્પોમાં પણુ હું મારા ગુરૂ શ્રી વ્યાસ ભગવાન કે સાક્ષાત્ બ્રહ્મા કે પરમપુરૂષ નારાયણુ પણુ એ સ્થાનનું વર્ણુન કરવા બેસીએ તો કરોડો કલ્પ વહી જાય તોપણુ તે વર્ણુન પુરૂં થઇ રહ્યું એમ થઈ શકવાનું નથી. સર્વ લોકોના ઈશ્વિર હરિ શ્રી મહા વિષ્ણુ તે સ્થાનમાં પધાર્યા. ત્રણુવર્ષ પર્યંત એમણે ત્યાં પરમઘોર તપ કર્યું. તેથી ભગવાન ભવ, ભક્તના હિતમાં પ્રેમી, સર્વ લોકરૂપ જગતની સૃષ્ટિ, સ્થિતિ તથા નાશના કારણુરૂપ, સર્વજ્ઞ, સર્વવિત્, સર્વ જગતના સદા સાક્ષિ, નિર્વિષય આનંદરૂપ શ્રી મહાદેવ છે. વિષયાનંદની સિદ્ધિ તો વિષયમાં અભિમાન માત્રને ધારણુ કરવાથી થાય છે. તે અભિમાન ખસી જતાં તુરતજ તે વિષયાનંદ જતો રહે છે. તે પ્રકારનું આ આનંદસ્વરૂપ

નથી. આ નિર્વિષય આનંદરૂપ તો પરમાર્થપર છે. એટલે કદિજ ઝાંખો ન પડે એવો તે છે. જ્ઞાન માત્રમાં છેવટની કક્ષારૂપ તે છે. તે જ્ઞાન ધન છે. અદ્વિતીય, શિવ, શંભુ, મહાદેવ, રૂદ્ર, બ્રહ્મા, મહેશ્વર, સ્થાણુ, પશુપતિ, વિષ્ણુ, ઈશ, ઈશાન, ઈશ્વિર, પરમાત્મા, પર, પાર, પુરૂષ, પરમેશ્વર, પુરાણ, પરમ, પૂર્ણ, તત્વ, કાષ્ટા, પરાગતિ, પતિ, દેવ, હર, ભર્તા, સ્રષ્ટા, પુરાતન, મહાગ્રીવ, અનવચ્છિન્ન આધારરૂપ એટલે માયા તથા તેનાં કાર્યોના આધારરૂપ શ્રી મહેશ્વર છે. કાઠક શ્રુતિ કહે છે કે ॥ पुरुषान्न परं किंचित्सा काष्टा सा परागतिः ॥ પુરૂષથી અન્ય કાંઇજ નથી. એજ છેવટના આધાર રૂપ તથા છેવટના પ્રાપ્તવ્ય રૂપ છે. જે પ્રમાણે રજ્જુ સત્યરૂપ છે અને ભ્રાન્તિથી મિથ્યારૂપ સર્પની જે પ્રતીતિ થાય છે તે વાસ્તવરૂપે અજ્ઞાત રજ્જુના ઉપર થાય છે તેથી એ સમયે પણ તે ભ્રાન્તિમય સર્પના આધારરૂપ તે રજ્જુ છે, તેજ પ્રમાણે માયા તથા એનાં કાર્યો જેમના સ્વરૂપને આધારરૂપે લઇને પ્રતીત થાય છે છતાં જેમની મર્યાદા કરતાં નથી એવા આ શંકર છે. વેદમાં એમને અત્તા કહ્યા છે. શ્રુતિ ભગવતીમાં કહ્યું છે ॥ यस्य ब्रह्म च क्षत्रंच उभे भवत ओदनः । मृत्यु र्यस्यो पएचनंक इत्था वेद यत्रसः બ્રહ્મ કે તથા ક્ષત્ર એટલે બ્રાહ્મણો તથા ક્ષત્રીઓ એમના ભોજનાર્થે ભાતરૂપ છે. તે ભાતમાં ભેળવીને તેને સ્વાદિષ્ટ કરનાર શાકરૂપે બનેલા યમદેવ છે. તે સહિત બધુંજ જે ગટક કરી જાય છે એવા પરમ અત્તા શ્રી મહાદેવજી છે. વિશ્વાધિક પ્રભુ, મહર્ષિ, ભૂતપાલ, આ લોકને વિશેષરૂપમાં ટકાવી રાખનાર આધારરૂપ સેતુ, તેજસરૂપ, અગ્નિ, આકાશ એટલે છેવટના અયનરૂપ જે સર્વથી મોટું હોવાથી સર્વથી છેલ્લું પ્રાપ્ત થઈ શકે છે એવા સ્વરૂપવાળા, પ્રાણ એટલે પ્રજ્ઞ આત્મા, આયુષ્ય, અમૃતરૂપ, જ્યોતિ એટલે સર્વ જ્યોતિયોમાં જેના વડે પ્રકાશકપણું છે તે પુરૂષ, ભીમ, અંતર્યામિ, સર્વના મૂલ કારણરૂપ હોવાથી સર્વ યોનિ, સનાતન, અક્ષર, દહર એટલે અંદરનું આકાશ, સાક્ષાત, અપરોક્ષ, સ્વયંપ્રભુ, અસંગ, આત્મા, નિર્દ્વંદ્વ, પ્રત્યગાત્મન્ વિગેરે નામવાળા, ઉમાની સહાય્યથી પ્રભુત્વની પ્રતીતિ કરનારા, ભગવાન નીલકંઠ, ત્રિલોચન, બ્રહ્મા વિષ્ણુ તથા રૂદ્ર પણ જેમની હૃદયમાં ઉપાસના સદા કરી રહ્યા છે તેવા, સર્વાત્મા, સર્વ વસ્તુથી રહિત, વિશ્વમૂર્તિ, વૃષભધ્વજ. કાણ્વ શ્રુતિ કહે છે एष भूत पाल एष सेतु र्विधरण एषां लोकानाम संभेदाय ॥ એજ ભૂત માત્રનું પાલન કરે છે. આ લોકો સેળભેળ થઈ જઇ તેમાં અવ્યવસ્થા ન થઈ જાય તેવી રીતે તેમને

પોતપોતાના વિવિધરૂપોમાં ટકાવવા અર્થે તેમના આધાર રૂપે તે થઈ રહેલા છે. વળી ॥ **तेजो रसो निरवर्तताग्निः** ॥ અગ્નિ રૂપ તેજ અને રસની પ્રતીતિ કરાવે છે. છાંદોગ્યોપનિષત્ કહે છે કે ॥ **आकाशो ह्येवैभ्योज्यायाना काशः परायणः** ॥ એમની અપેક્ષાથી આ આકાશ છેકજ નહાનું છે ને તેનું છેવટનું પ્રાભવ્ય સ્વરૂપ એજ મહેશ્વર છે. વળી કૌષીતકી શ્રુતિમાં કહેલું છે કે ॥ **प्राणोस्मि प्रज्ञात्मा तंमा मायु मृत मुपास्स्व** ॥ હું પ્રાણ રૂપ પ્રજ્ઞઆત્મા છું, તે આયુષ્ય અમૃત રૂપ જે હું તે રૂપે મારી ઉપાસના કર. માધ્યં દિન શ્રુતિ કહે છે કે ॥ **तद्देवा ज्योतिषां ज्योति रायुर्होपास तेऽमृतम्** ॥ જ્યોતિયોમાં જે જ્યોતિપણુ રૂપ તેમનો આત્મા અમૃત આયુષ્ય રૂપ છે તેની ઉપાસના દેવો કરે છે. માંડુકયો ઉપનિષદ કહે છે કે ॥ **एषोऽन्तर्याम्येषयो निःसर्वस्य** ॥ એજ અંતર્યામી છે. એજ સર્વના મૂળ કારણ રૂપ તેમનું પ્રભવસ્થાન છે. વાજસનેય શ્રુતિ કહે છે ॥ **एतद्वैतदक्ष रंगार्गि ब्राह्मणा अभिवदंति** ॥ હે ગાર્ગી, જેનો બ્રાહ્મણ સર્વ ચિત્તસહ અભ્યાસ કરી રહેલા તેજ એ અક્ષર બ્રહ્મ છે. છાંદોગ્યપનિષદ કહે છે કે ॥ **दहरोऽस्मिन्नंतरकाक्षः** ॥ એના અંદરના ભાગમાં દહર આકાશ છે. એમ અનેક અનેક વાર શ્રુતિ ભગવતી જેનું ગાન કરી રહી છે તેવા શ્રી મહાદેવજી શ્રી વિષ્ણુભગવાન ઉપર અત્યંત પ્રસન્ન થયા. અને કેવલ કૃપાના આવેશથીજ શ્રી વિષ્ણુભગવાનના ઉપર તેમણે અનુગ્રહ કર્યો. અને મધુરવાણીથી પુછયું કે આટલા દીર્ઘ સમયથી શા માટે તમે આ તપ કરો છો. હું અત્યંત પ્રસન્ન થયો છું. જે કાંઈ ઈચ્છા હોય તે કહો.

વિશ્વરૂપ જગન્મય વિષ્ણુભગવાને શ્રી મહેશ્વરની ત્રણ પ્રદક્ષિણાઓ કરી અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અનેકવાર પ્રણામો કરીને પુરૂષોત્તમ હરિભક્તિથી પરવશ બની ગયા. કેટલાક સમય સુધી સાંબ સદાશિવરૂપ પરમાનંદ સમુદ્ર પ્રતિ નેત્રોને સ્થિર કરી રહ્યા છે. એ દર્શનામૃતના પાનથી તેમને અત્યંત કેફ ચડી ગઈ, અને એટલા બધા એકચિત્ત થઈ ગયા કે સર્વત્ર શંકર વિના અન્ય કોઈજ પ્રકારનું ભાન રહ્યું નહિ. શ્રી વિષ્ણુભગવાન કેટલોક સમય એ પ્રમાણે રહ્યા પછી શ્રી મહાદેવે તેમને જાગૃત કર્યા. ને પછી કમલનયન, પ્રસન્ન થએલા વિષ્ણુભગવાને જગતના પતિ કૃપામૂર્તિ ઈશાન મહાદેવ પ્રતિ આ પ્રમાણે કહેવા માંડયું.

હે ભગવન! ભવાની સખા, ભૂત તથા ભવિષ્યના જાણનારા શંકર, મને કૃપા કરીને કહો કે મુક્તિ શી વસ્તુ છે? તે મુક્તિનો ઉપાય કયો છે? તે મુક્તિને આપનાર મોચક કોણ છે? તે મોચકની પ્રાપ્તિ કોણ કરાવી આપે છે, તથા તે ઉપરાંત જે કાંઈ હિતપ્રદ હોય તે બધું મને કહો. એ પ્રકારે વિશ્વયોનિ વિષ્ણુભગવાને શ્રદ્ધાપૂર્વક પ્રશ્ન કર્યાથી તે શ્રવણ કરીને સર્વ જગતની ઈશ્વરી દેવી જગદંબા ઉમા પ્રતિ શ્રી મહાદેવે હર્ષપૂર્વક ઈક્ષિણ કર્યું, અને ભવાનીસહ મહાદેવ કાંઈક હસી પડયા. તે પછી દેવ માત્રના ઈશાનરૂપ શંકર વિષ્ણુભગવાન પ્રતિ આ પ્રકારનાં વચનો બોલ્યા.

ભલે! ભલે! મહાવિષ્ણુ આપે લોક હિતને સાધવા અર્થે આ પ્રશ્નો કર્યા છે, તેના ઉત્તરમાં હું તમને સંક્ષેપથી કહું છું તેમાં શ્રદ્ધા રાખીને શ્રવણ કરો. વેદાન્તોમાં અનેક પ્રકારની સ્થિતિયોને મુક્તિ નામ આપ્યું છે, તેમાં આ પાંચ ઉત્તમ પ્રકારની કહી છે. ૧ સાલોક્યા, ૨ સામીપ્યા, ૩ સારૂપ્યા, ૪ સાયુજ્યા અને ૫ સ્વરૂપાવસ્થા.

વિષ્ણુ આદિની પ્રતિમા ઉપાસ્યરૂપે અધિકારી લેછે, અને એમની ઉપાસના કરે છે. એ સગુણસાકાર ઉપાસના કરવાથી જે જે દેવતાની ઉપાસના થાય છે તે તે દેવતાના સત્ય આદિ લોકો છે તે લોકોની પ્રાપ્તિ સાધકને થાય છે. એને સાલોક્ય મુક્તિ કહે છે. ઉપાસનાના આધારઅર્થે પ્રતિમાને ગ્રહણ કરવી પડે તે સાધકની આરંભક અવસ્થા છે.

તેથી ઉચ્ચ ક્રમે ચઢતાં પ્રતિમારૂપસાકાર આધારની જરૂર રહેતી નથી. તે સમયે તેતે દેવતાઓના વિવિધ ઐશ્વર્યરૂપ ગુણ વિશેષનીજ ભાવનાપૂર્વક ઉપાસના થાય છે. એ સગુણ નિરાકાર ઉપાસના કહી છે. ધ્યાતા ધ્યેયરૂપ બને છે એ શાસ્ત્રોક્તિ પ્રમાણે તે ઉપાસ્ય દેવતાના સમાન-રૂપની પ્રાપ્તિ સાધકને થાય છે. તેને સારૂપ્ય મુક્તિ કહી છે.

તે પ્રકારની સગુણ દેવતાની ઉપાસના કરવામાં અહંગ્રહ ચિંતન-પૂર્વક ક્રિયા થાય છે. એટલે તે ઉપાસ્ય દેવતા હુંજ છું એ પ્રકારે ઉપાસક ઉપાસ્ય દેવતા સાથે પોતાની એકતાની ભાવના કરે છે. એ પ્રકારે ઉપાસ્ય દેવતાના સ્વરૂપમાં સાધકનું સર્વાંશે શમી જવું તે સાયુજ્યા મુક્તિ છે.

જેઓ ઉર્ધ્વરેતસ સ્થિતિને પ્રાપ્ત કરે છે, તથા જે પોતપોતાના વર્ણાશ્રમ માટે કહેલા ધર્મોનું યથાર્થ પાલન કરે છે તેને સામીપ્યા મુક્તિ પ્રાપ્ત થાય છે.

આ ચારે પ્રકારની મુક્તિયો કર્મના ફલરૂપે હોય છે, તેથી જેમ કર્મ અનિત્ય તથા સાતિશય છે તેજ પ્રમાણે તે કર્મના ફલરૂપ મુક્તિ છે. પણ પાંચમી જે મુક્તિ છે તેતો કર્મના ફલરૂપ નથી પણ માત્ર જ્ઞાનના ફલરૂપ છે. તે જે આનંદની અભિવ્યક્તિ કરી આપે છે તે આનંદ નિત્ય નિરતિશય હોય છે. કહ્યું છે કે કેવલ કર્મ કરનારને ચંદ્રલોકની પ્રાપ્તિ થાય છે, અને તે સામીપ્યા મુક્તિનો અધિકારી થાય છે. જેઓ પ્રતીક આદિ ઉપર કહેલી ત્રણ પ્રકારની ઉપાસના કરે છે તેમનો મહિમા દેવના જેવોજ છે. અને તેથી સાલોક્ય, સારૂપ્ય, તથા સાયુજ્ય મુક્તિના તે અધિકારી છે. એ પ્રમાણે કર્મ તથા ઉપાસના વડે મળતી ચારપ્રકારની મુક્તિયો છે. તે મુક્તિયોમાં જે આનંદ મળે છે તે નિત્ય ટકતો નથી. તેમજ તેના કરતાં વિશેષ આનંદના સ્વરૂપનું દર્શન થાય છે તે સમયે તે વિશેષ આનંદની અપેક્ષાથી એ આનંદ આનંદરૂપે રહેતો નથી. એ બન્ને દોષોને અનિત્યત્વ તથા સાતિશયત્વ નામથી શાસ્ત્રે ઓળખાવ્યા છે. શ્રુતિ ભગવતી કહે છે કે ॥ द्वितीयाद्वै भयंभवति ॥ અન્ય વસ્તુ પોતાનાથી ભિન્નરૂપે છે એ પ્રકારનું માનવાનું રહે છે ત્યાં સુધી ભય ઉત્પન્ન થાય છે. તાત્પર્ય એ છે કે દ્વૈત ભાવનાપૂર્વક મળતી મુક્તિદ્વારા અનુભવાતા આનંદમાં ભયનું કારણ અવશિષ્ટ રહે છે. અને તેથી તે આનંદ નષ્ટ થાય છે. તેથી તે અનિત્ય છે. વળી શ્રી તૈત્તિરીયોપનિષદ્‌માં આઠમા અનુવાકમાં આનંદમિમાંસા આપી છે. તેમાં આનંદ, ॥ **सएकोमानुष आनंदः** ॥ તે એક મનુષ્યનો આનંદ છે. એ શબ્દોથી આરંભીને–ઉત્તરોત્તર ચઢતા ક્રમે આનંદનું સ્વરૂપ કહ્યું છે. માનુષ આનંદ, મનુષ્ય ગંધર્વાનંદ, ચિરલોક નામનો પિતૃલોકનો આનંદ,આજાનજ દેવાનંદ, કર્મ દેવાનંદ, ઇદ્રાનંદ, બૃહસ્પત્યાનંદ, પ્રજાપત્યાનંદ, બ્રહ્માનંદ, એ પ્રમાણે કહીને બ્રહ્માનંદ શિવાયના બાકીના સર્વ આનંદોને ઉત્તર ઉત્તરની અપેક્ષાથી પૂર્વપૂર્વના અલ્પ કહ્યાછે. તે પ્રકારનો સાતિશયત્વ દોષ છે. શ્રુતિ ભગવતીના શબ્દો પ્રતિ લક્ષ કરીએ. મુંડક શ્રુતિ કહે છે કે

तपः श्रद्धेये ह्युपवसं त्यरण्ये शांताविद्वासा भैक्ष्यचर्या चरंतः ॥

सूर्यद्वारेण तेविरजाः प्रयांति यत्रामृतः सपुरुषोह्यव्ययात्मा ॥ १ ॥

જે વિદ્વાન અરણ્યમાં વસતા તપ તથા શ્રદ્ધાને ગ્રહણ કરે છે ને જીવન ભીક્ષાવડે પ્રશાંત રહીને ચલાવે છે તેવા નિર્મળ નિર્વિક્ષિપ્ત મહાત્માઓ સૂર્યદ્વારથી એવા પદને પામે છે કે જ્યાં આ અવ્યય અમૃત રૂપ પુરૂષ આત્મા-વિરાજે છે. તૈત્તિરીયક શ્રુતિ કહે છે કે

॥ एतासामेवदेवतानां सायुज्य ँ सार्ष्टिता ँ समान लोकतामाप्नोति ॥ એજ દેવતાઓની સાથે સાયુજ્યને, સારૂપ્યને, અને સાલોક્યને પ્રાપ્ત કરે છે.

એજ શ્રુતિ વળી કહે છે કે **॥ य एवं विद्वानुदगयने प्रमीयते देवानामिव महि मानंगत्वाऽऽदित्यस्य सायुज्यं गच्छ त्यथयोदक्षिणे प्रमीयते पितृणामेव महिमा नंगत्वाऽऽचंद्रमसः सायुज्य ँ सलोकता माप्नोत्ये तौवै सूर्याचंद्र मसोर्महिमानो ब्राह्मणो विद्वान भिजयति तस्माद्ब्रह्मणो महिमानमाप्नोति ॥** એ પ્રમાણે જે વિદ્વાન્ ઉત્તરાયનમાં પ્રમાણને પામે છે તેને દેવોના જેવો મહિમા પ્રાપ્ત થાય છે અને તેમને આદિત્ય સાથે સાયુજ્ય પ્રાપ્ત થાય છે. જે દક્ષિણાયનમાં પ્રમાણને પામે છે તેમને પિતૃ લોકનો મહિમા મળે છે ને ચંદ્રમાની સાથે સાયુજ્ય તથા સાલોકયની પ્રાપ્તિ થાય છે. આ સૂર્ય તથા ચંદ્રમાએ બંનેના મહિમાઓનો બ્રહ્મજ્ઞાની વિદ્વાન સંપૂર્ણ રીતે વિજય કરે છે તેથી તેને બ્રહ્મ મહિમા પ્રાપ્ત થાય છે.

॥ तद्यथेह कर्मजितोलोकः क्षीयते ॥ જેમ આલોકમાં કર્મવડે મળેલાં લોકરૂપ ફળનાશને પામે છે તે પ્રમાણેનો એછે. **॥ प्लवाह्येते अदृढायज्ञ रूपाः ॥** આ યજ્ઞરૂપ હોડીયો ખરેખર ખોખરી છે. **॥ अतोऽन्यदार्तम् ॥** એનાથી અન્ય માત્ર દુઃખમય તુચ્છ છે. **॥ वाचारं भणं विकारः ॥** વિશેષ એટલે પ્રાતિભાસિકરૂપે જે કૃતિ વિકાર નામવાળી છે તે કેવળ વાણીમય છે. **॥ तंतं भुक्त्वा स्वर्ग लोकम् ॥** તે તે સ્વર્ગ લોકનો ભોગ કરીને વિગેરે. **॥ कामात्मानः स्वर्गपराः ॥** સકામ વૃત્તિવાળા સ્વર્ગની કામના કરનારા વિગેરે. **॥ क्षरंति स्वर्गं वैदिक्यो जुह्वोतिय**

जतिक्रिया: ।। होम तथा यजनरूप वैदिक क्रियाओना फळरूप स्वर्ग नाशने पामे छे. ।। **आब्रह्म भुवनाल्लोका:** ।। ब्रह्मलोक पर्यंतना लोको. **स्वर्गोऽपियच्चिंतने विघ्नोयत्र निवेशितान्मनसो ब्राह्मोऽपिलोको-ऽल्पक:** ।। जेना चिंतनमां स्वर्ग पण विघ्नरूप छे. जेने विषे महात्माए मनने शांतिथी स्थिर बेसाड्युं छे तेने तो ब्रह्म लोक पण तुच्छ लागे छे. **यावद्विकारंतु विभागो लोकवत्** ।। ज्यां सुधी विकार छे त्यां सुधी विविधतानी प्रतीति करावनार विभागो छे. आ वार्ता लोकमात्र रूप जे अनुभव प्रदेश त्यां नित्य देखाय छे. ।। **एतस्यै वाऽनंदस्या न्यानिभूतानि मात्रा मुप जीवंति** ।। ए आनंदनी मात्रारूप तुच्छ अंशवडे अन्य भूतो पोतानी उपजीविका लइने पोषणने पामे छे. ।। **सोश्नुते सर्वान्कामान्सह** ।। ते बधाज इच्छानाविषयोने एकज समये साथे भोगवे छे.

ए विगेरेथी विद्वान ब्राह्मणो समजे छे के प्रकृति तथा तेनां कार्यो मलरूप छे. परब्रह्म तेनावडे लेपायला नथी. तेज परब्रह्म तेना आत्मा रूप छे ए प्रकारे अनुभव करतां ब्रह्मभावने पामी ते संसार समुद्रथी पार उतरे छे. सूर्यचंद्रने पण ते महात्मा पोताना आत्मरूपे अनुभवे छे. तेथी तेमना ऐश्वर्यो तो पोतानी मेळेज पोताना आत्म रूपनां होवाथी नित्य प्राप्तज रहे छे. तेथी पूर्वे कहेली चारे मुक्तिओना आनंदो निसर्गथीज तेमने प्राप्त होय छे. पूर्वे कह्या प्रमाणे सर्वथी अतिशय रूप ब्रह्मज्ञानानंद रूप छे. पोतानाथी विशेष अतिशय होय एवुं कांइ बीजुं छेज नहि. ए ब्रह्मने पोताना आत्मस्वरूपे अनुभवतां ते ब्रह्मनी अतिशयतानो अनुभव पोताना आत्मस्वरूपमां थाय छे तेथी ते निजानंद महासागरना अंशरूपेज अन्य मुक्तियोना आनंदना महिमा ओने पोताना आत्मामांज पोताना आत्मरूपे अनुभवे छे.

।। **तमेवभात मनुभातिसर्वम्** ।। ते प्रकाशता तत्वनी पाछळ पाछळ तेने आधारे तेना प्रकाश वडे बधुंज प्रतीति करावी रहेलुं छे. ।। **एष उ एव वामनी:** ।। ए खचीतज अल्प प्रमाणु रूप राक्षसीना देखाव मात्रने करी रहेनारुं छे. **एष उ एव भामनी:** ।।

એ ખચિતજ તેજસ્વી શ્રી રૂપે પ્રકાશમાત્રને કરી રહેનારૂં છે. ॥

यद्यद्विभूतिमत्सत्वम् ॥ જે જે કાંઈ વિભૂતિવાળું સત્વ છે તે મારૂં સ્વરૂપ છે.

॥ **ब्रह्मैवसन्ब्रह्माप्नोति** ॥ પોતે બ્રહ્મ રૂપ છે તેજ બ્રહ્મની પ્રાપ્તિ કરે છે.

॥ **यावानर्थ उदपाने सर्वतो संप्लुतोदके** ॥ જ્યાં સુધી જલ પીવા માટે તૈયાર નથી હોતું છતાં તેની જરૂર છે ત્યાં સુધી તેનો અર્થ છે. પરંતુ ગળા સુધી ચારે બાજુએ પાણી ઉભરાઈ જતું હોય તે વખતે કૂવામાંથી પાણી કાઢીને પીવારૂપ ક્રિયા કરવાની હોતી નથી. તે પ્રમાણે જેમાં સર્વ આનંદો ઉભરાઇ રહ્યા છે તેમાં નિમગ્ન થયેલો મહાત્મા સ્વર્ગાદિ વિષયાનંદને શોધતો નથી.

આ પ્રમાણે યથાયોગ્ય જ્ઞાન થતાં વિશ્વ આદિ ઉપાધિ માત્ર જે સામાન્ય મનુષ્યને મર્યાદિત કરી મૂકે છે તેને જ્ઞાની મહાત્મા કેવલ આત્મ તત્વરૂપે સમજીને તેનો વિલય કરે છે. તેને ઉપાધિવાળાં સર્વ જ્ઞાન તથા સર્વ આનંદો માત્ર પોતાના આત્મ સ્વરૂપેજ અનુભવમાં આવે છે. બ્રહ્મ તત્વમાં સમસ્ત વિકાર માત્ર શાન્ત થઇ ગયા છે. તે પરમાત્મતત્વ, સત્ય, પરમાનંદ, બોધ, એકતાનરૂપ છે. તે અને પોતાના આત્મતત્વની એકતા કદીજ છુટી પડે એવી નથી. એ પ્રકારના જ્ઞાનથી મહિમા રૂપ મોટાઈનું એટલું બધું ભાન થાય છે કે તેની અપેક્ષાથી અન્ય પ્રકારની સમસ્ત અતિશયતા જતી રહે છે એ પ્રકારે અંતિમ પરમ આનંદ. એકતાનતા રૂપ પોતાના આત્મ સ્વરૂપને કરી મુકે છે. બ્રહ્મતત્વ તથા આત્મતત્વની વચ્ચે એકતાનું જ્ઞાન થવાથી અજ્ઞાનરૂપ અવિદ્યા જે પડદા રૂપે આવીને વ્યવધાન કરતી હતી તે તો સહજ નિવૃત્ત થઈ જાય છે. આ પ્રકારની પરમ મુક્તિ છે. સારાંશ એ પ્રાપ્ત થાય છે કે વિષયથી એટલે વિષયનો સાધનરૂપે ઉપયોગ કરીને તે વિષયરૂપ અનાત્મ તત્વના બંધનમાં દુઃખની નિવૃત્તિ અર્થે અને સુખની પ્રાપ્તિ અર્થે અજ્ઞાન ફસાય છે. કારણ કે ૧ જનન. ૨ અસ્તિત્વ, ૩ વિપરિણામ, ૪ વિવૃદ્ધિ, ૫ અપક્ષય, અને ૬ વિનાશ, એ પ્રકારના ૭ વિકારો હમેશાં અનાત્મ માત્રમાં હોય છે. અનાત્મ પદાર્થ માત્રને વધે છે ને ઘટે છે. એ પ્રકારના ધર્મો ઉપર કહેલા ૭ વિકારરૂપે પ્રતીત થાય છે. એ ષડ વિકારરૂપ ધર્મો અવિદ્યાના છે. અને અવિદ્યાદ્વારા એ ધર્મો ધર્મિરૂપે મનાઈ રહેલા આત્મતત્વને પ્રતીત કરાવે છે. આત્મ તત્વમાં

અનુભવ માત્ર અવિદ્યાદ્વારાજ જીવત્વની સ્થિતિમાં થતો હોવાથી આત્માને જે એ ષડ્ વિકાર ધર્મવાળો હોય એવો દેખે છે. કારણ કે જે કાંઇ દેખાય છે તેમાં સતરૂપનો આત્માએ એકજ વસ્તુ છે. પ્રથમની ચારે મુક્તિઓમાં એ પ્રકારની શિવ તથા જીવની એકતાના ભાનરૂપ જ્ઞાનનો અભાવ હોવાથી એ પ્રકારના ધર્મોને પ્રતીત કરાવનારી અવિદ્યા કાયમ રહેલી હોય છે, તેથી તે મુક્તિયો બધીજ વિકારી છે, અને તેથી તેમાં અનુભવાતો આનંદ પણ વિકારી છે. જે મુક્તિની સ્થિતિમાં નિત્ય નિરતિશય આનંદરૂપ બ્રહ્મ તત્વ સાથેની આત્મતત્વના અભેદની અભિવ્યક્તિરૂપ અનુભવ થાય છે તે મુક્તિમાંજ તે વિકારોનો સંભવ નથી. કારણ કે તે વિકારોનું દર્શન કરાવનાર વિકારમયી અવિદ્યાનો પટ દૂર ખસી ગયેલો હોય છે. એ સ્થિતિમાં યાગાદિ વિહિત જે શુભ કર્મો તેમાંથી અભિમાન ગળી ગએલું હોય છે. તેમજ હિંસાદિક નિષિદ્ધ કર્મરૂપ અશુભ ક્રિયાઓમાં પણ હું કરૂં છું એ પ્રકારની અહંવૃત્તિ હોતી નથી. એ પ્રમાણે હોવાથી શુભ કર્મના અભિમાનથી સુખની પ્રતીતિ કરાવનાર અને અશુભ કર્મ પ્રતિના અભિમાનથી પ્રતિકૂલતારૂપ દુ:ખની પ્રતીતિ કરાવનાર ધર્મો તે યોગિના સંબધમાં વિષય માત્રમાંથી જતા રહે છે. તેથી વિશેષ રૂપે અંતઃકરણને બાંધવારૂપ ધર્મને પ્રતીત કરાવવાનું સામર્થ્ય વિષય સમૂહરૂપ પ્રપંચમાંથી અસ્ત પામી જાય છે. તેથી અન્ય સામાન્ય મનુષ્યોના સંબંધમાં જે વિશ્વ પ્રપંચનો વિષય રૂપે અનુભવ થાય છે, તે વિષય માત્ર તેના પ્રતિ વિષયત્વનો ત્યાગ કરે છે. તેથી વિષયત્વરૂપ ભાનના પરિણામરૂપ જે દ્વંદ્વત્વ તેનો એ સ્થિતિમાં અભાવ થાય છે. સારાંશ કે રાગ દ્વેષ, માન અપમાન, શીતત્વ ઉષ્ણત્વ વિગેરે સુખદુ:ખનું બંધારણ કરનાર વ્યતિકર તે સ્થિતિમાં તે મહાત્માનો સ્પર્શ સરખો પણ કરતો નથી. એજ મુક્તિનું સ્વરૂપ સત્યમય તથા જ્ઞાનમય છે. તેમાંજ આત્માનું સ્વ એટલે આત્મા પણું કેવળ છે. અને તે સ્વ એટલાનુંજ દીપી નીકળવું એટલે ' રૂપ ' બનવું તેજ આત્મ 'સ્વરૂપ' છે. એ રૂપ નાશ કરવાનું અશકય છે. એપ્રકારની મુક્તિ સર્વદા ટકનારી હોય છે. તેવા મહાત્માને માટે શ્રુતિ ભગવતી કહે છે કે **॥ ब्रह्मैवसन्ब्रह्माप्नोति ॥** પોતે કેવલ બ્રહ્મ હોઇનેજ બ્રહ્મ બને છે. કેવલ એટલે અમિશ્રિત હોય છે. બ્રહ્મરૂપા એટલે અત્યંત અતિશયતાવાળી વિશાલ હોય છે ને કેવલ સુખમયી હોય છે. તેમાં કાંઇજ વધારવાનું બાકી રહેલું નથી તેમજ તેમાંથી કશાનો ત્યાગ કરવાનો હોતો નથી. તેથી ગ્રહણ

ત્યાગરૂપ કોઇ પણ પ્રકારનો પોતાનાથી અન્ય સાથેના સંબંધરૂપ સંગ તેમાં હોતો નથી. માટે તે અસંગ છે. આ સ્થિતિને કોઇએ જોએલી પૂર્વે હોતી નથી. તેમજ પૂર્વે શ્રવણ કરેલી પણ હોતી નથી. તેનો અનુભવતો પૂર્વે કોઇએ કરેલો હોયજ ક્યાંથી, અને પૂર્વે અનુભવ કરેલો નહિ હોવાથી તે અમુક પ્રકારની છે એ પ્રકારે તર્ક પણ તેના સંબંધમાં થએલો હોતો નથી. તેથી મન વાણી કે ઇન્દ્રિયના વિષયરૂપ તે નથી. આત્મતત્વના અભાનરૂપ અવિદ્યા આવરણરૂપ અંતરાય કરનાર પડદો હોવાથી આત્મતત્વનો અનુભવ થતો નથી. તે અંતરાયને દૂર કરવા અર્થે શ્રુતિ વાક્યનું શ્રવણ કરીને તે દ્વારા લક્ષણા કરીને તે પડદાને ખસેડવાના સામર્થ્યવાળું જ્ઞાન ઉત્પન્ન કરાય છે. શ્રુતિ ભગવતી એને આ પ્રમાણે વર્ણવે છે. **॥ नैनंकृताकृते तपतः ॥** એને અધર્મનો આચાર કરવારૂપ તથા ધર્મનો આચાર ન કરવારૂપ પાપ દુઃખ આપી તપાવતું નથી. **॥ अदृष्टोदृष्टाऽश्रुतः श्रोताऽमतो मंताऽ विज्ञातो विज्ञाता एष त आत्माऽ न्तर्याम्य मृतः॥** જેને કોઈ દેખતું નથી તેવો એ દ્રષ્ટાછે, જેનું કોઇજ શ્રવણ કરી શકતું નથી તેવો તે શ્રોતા છે, જેનું કોઈનાથીજ મનન થઇ શકતું નથી તેવો તે મનન કરતા છે, જેનું વિશેષરૂપે જ્ઞાન થઇ શકતું નથી તેવા વિશેષ જ્ઞાનરૂપ જેછે તેજ તારા તુંની અંદર રહીને અંતર્યામી રૂપે સર્વેનું નિયમન કરતો અમૃત એટલે મૃત્યુના ધર્મથી રહિત એવો તારો કેવળજીવનરૂપ આત્માછે. **॥ यद्वाचाऽनम्युदितम् ॥** જેને વાણીવડે પૂર્ણ સ્વરૂપે કહી શકાતું નથી. આ મુક્તિમાં એવી સ્થિતિ પ્રાપ્ત થતી હોવાથી તેટલીપ્રાપ્તિનીજ અપેક્ષાથી તેને વિષયરૂપ કહી છે. વાસ્તવેતો સમસ્ત ઉપાધિ માત્ર આત્મતત્વના સ્વરૂપમાં અસ્ત થએલી હોય છે. એ આત્મતત્વને તેના ઉપર દેખાતા અંતરાયરૂપ આવરણ પટનો કોઇજ પ્રકારનો વાસ્તવ સંબંધ નથી. લક્ષણાના વિષયરૂપ થવા સાથે પણ તેનો વાસ્તવ સંબંધ નથી. તેમજ શ્રુતિથી થતા જ્ઞાન સાથે પણ તેને કાંઇજ વાસ્તવ સંબંધ નથી. દૃષ્ટાંતરૂપે આકાશમાં સૂર્યનારાયણ પ્રકાશી રહ્યા હોય તેની અને આપણી વચ્ચે અંતરાય કરનાર બંધ કરેલી બારીનું બારણું હોય છે છતાં સૂર્યનારાયણને તે બારણા સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ વાસ્તવે નથી. તે તો સ્વપ્રકાશ સ્વતંત્તાથી પ્રકાશી રહેલોજ છે. બારણું તેના પ્રકાશમાં કાંઈ વધઘટ કરવાના સામર્થ્યવાળું નથી. શ્રુતિ ભગવતી લક્ષણા કરવાનું શિખવે છે તેજ પ્રમાણે સૂર્યના પ્રકાશની અપેક્ષાવાળા આપણે હોઇએ તે વખતે આપણાથી

વિશેષ જ્ઞાનવાળા એ બારણું અમુક રીતે કળ ફેરવીને ઉઘાડો વિગેરે આપણને કહીને શીખવે છે. છતાં સૂર્યનારાયણનો કોઈ પણ પ્રકારનો સંબંધ વાસ્તવેતે શિક્ષણ સાથે નથી. તેજ પ્રમાણે શ્રુતિથી થતા જ્ઞાનની સાથે આત્મતત્વને કાંઈજ સંબંધ નથી. આપણે બારી કેવી રીતે ઉઘાડવી તે શીખ્યા અને તેના પરિણામ રૂપે આપણી ચક્ષુ ઇન્દ્રિયનો બારણું ઉઘાડીને તે સૂર્યનારાયણના બિંબ સાથે સંબંધ કર્યો તેથી સૂર્યનારાયણને આપણે આપણા દર્શનના વિષયરૂપે અનુભવ્યા છતાં તે દર્શનના આપણા અનુભવ સાથે સૂર્યનારાયણને કાંઈજ સંબંધ નથી. તેજ પ્રમાણે વેદવાક્યથી લક્ષણા રૂપ દષ્ટિ કરવાથી આત્મદર્શન થાય છે છતાં આત્મતત્વનો વાસ્તવ સંબંધ તે લક્ષણા દષ્ટિ સાથે કોઈ પણ પ્રકારનો છે નહિ. આત્મતત્વ વસ્તુ તો જ્ઞાનના વિષય રૂપ નથી, પણ કેવલ અવિષય છે, તેથીજ કહ્યું છે કે **॥यतो वाचो निवर्तंते अप्राप्य मनसा सह॥** મનસહિત વાણી તેને પામ્યા વિના નિવૃત થઈ રહે છે.

આત્મતત્વનું ઉપર પ્રમાણે વાસ્તવ સ્વરૂપ હોવાથી ઉપનિષદ્ વાક્યોનો કાંઇજ ઉપયોગ રહેતો નથી એ પ્રકારનું સમજવું નહિ. ઉપનિષદ્નાં વાક્યોથી અંતઃકરણની અમુક પ્રકારની વૃત્તિ સિદ્ધ થાય છે, એટલું બને છે. તે વૃત્તિ આત્માને વિષય કરતી નથી. તે વૃત્તિવડે અમર્યાદિત આત્મા બંધાઇને મર્યાદાવાળો થતો નથી. તે વૃત્તિવડે અસંગ આત્માનો સ્પર્શ તે વૃતિ કરતી નથી. પણ તે વૃત્તિ વિશુદ્ધ હોવાથી તથા વિક્ષેપના અભાવથી સ્થિર હોવાથી આત્મવસ્તુ નામનું તત્વમાત્ર એકલુંજ જેમાં છે તેવી તદાકાર તે પોતે બની રહે છે. અજ્ઞાનની નિવૃત્તિ કરવામાંજ તે પોત્તે પોતાની પ્રતીતિ પૂર્ણ કરીને કૃતકૃત્ય રૂપે અળપાઈ જાય છે. તે અળપાત્તાં આત્મ વસ્તુનું અવભાસન સ્વરૂપ ભૂત સ્ફુરણથીજ થાય છે. બારી ઉઘાડવાની ક્રિયા માત્ર બારીને દૂર કરીનેજ બંધ થાય છે. એ ક્રિયાની કૃતકૃત્યતા બારીને દૂર કરવામાં પૂર્ણ થઇ રહે છે. બારી કેમ ઉઘાડવી એ વાર્તાના જ્ઞાનનો સૂર્યના દર્શનમાં તે પછી ઉપયોગ રહેતો નથી. સૂર્યનો પ્રકાશતો બારી ઉઘડતા પૂર્વે જે હતો તેજ પ્રકાશ બારી ઉઘડતાંજ અવભાસી રહે છે. તેજપ્રમાણે લક્ષણાવૃત્તિથી પટ ખસતાં તે વૃત્તિ બંધ થઈ જાય છે, અને આત્મ ચૈતન્ય ઝળકી રહે છે. એ પ્રકારનું એ મુકિતનું સ્વરૂપ છે. તેથી એ મુકિતને અવિજ્ઞેયા એટલે વૃત્તિના વિષયરૂપેકલ્પાય તેવી નથી એમ કહી છે. તેને એટલા કારણથી નિરાશ્રયા પણ કહી છે, તથા સ્વયંપ્રભા કહી છે. વાચ્યવાચક ભાવ તેની અપેક્ષામાં નથી. લક્ષ્ય

લક્ષણથી પણ વાસ્તવે તે રહિત છે. પ્રાણીમાત્રની તે સાક્ષાત આત્મભૂત છે. સ્વયંપ્રભા છે છતાં તેનો પ્રકાશ કેવલ અજ્ઞાનવડેજ અનુભવની બહાર રહી ગયો છે.

જો વાસ્તવે આત્મતત્વથી ભિન્ન હોય એવા કશાનું અસ્તિત્વ હોય તોજ તે અન્યરૂપ અનાત્મતત્વ પ્રતિબંધકરૂપે વાસ્તવે હોઈશકે. એ પ્રકારનું વાસ્તવ પ્રતિબંધક કાંઈ હોય તોજ તેને દૂર કરવાની વાસ્તવ અપેક્ષા હોઈ શકે. તેવી અપેક્ષા અસ્તિત્વમાં હોય તો ગ્રાહ્યત્યાજ્ય રૂપ વાસ્તવદ્વૈતની પ્રાપ્તિ થાય. એ પ્રકારના દ્વૈતની પ્રાપ્તિ થાય તો ગ્રહણ તથા ત્યાગને માટે વાસ્તવ કર્મની અપેક્ષા રહે. પણ તેવું આ આત્મતત્વના સંબંધમાં કાંઈજ નથી. આ આત્મતત્વના ભાનની આડે આવનાર પ્રતિબંધક અનાત્મરૂપ આત્માથી અન્ય વસ્તુ પ્રતીત થાય છે તે કેવળ અજ્ઞાનજ છે. અજ્ઞાનનો નાશ પુરેપુરો જ્ઞાન વડે થઈ શકે છે. જ્ઞાનને પોતાના જ્ઞાનસ્વરૂપ શિવાય અજ્ઞાનની નિવૃત્તિ અર્થે અન્ય કશાનીજ લેશપણ અપેક્ષા નથી. એ પ્રમાણે અજ્ઞાનની નિવૃત્તિ અર્થે અન્ય કશાનીજ લેશપણ અપેક્ષા નથી. એ પ્રમાણે અજ્ઞાન નિવૃત્ત થતાં કોઈ પણ પ્રતિબંધ રહેતો નથી માટે વાસ્તવે આત્મતત્વ સર્વદા પ્રતિબંધ રહિત છે અને એજ મુક્તિની પરમ અવસ્થા છે. કેવલ અવિચાર દશામાંજ પોતાની માયાવડે તે નિત્ય પ્રાપ્ત મુક્તિ અપ્રાપ્તવત્ પ્રતિબંધવાળી દેખાય છે. એને પરમ મુક્તિ સમજવી.

મુક્તિના અન્ય સ્વરૂપોમાં ન્યૂનાધિક અંશે દુઃખના ભાનનું અસ્તિત્વ હોય છે, છતાં કેટલેક અંશે દુઃખનું ભાન તે સ્થિતિમાં નિવૃત્ત થાય છે. આ દુઃખાંશની નિવૃત્તિના હેતુથીજ માત્ર તેમને ઉપચારવડે મુક્તિ એવું નામ આપેલું છે. તેમાં જે દુઃખનો સંસ્પર્શ છે, તથા જે અવિશુદ્ધિ છે, તથા ક્ષય પામવાનો સ્વભાવ છે, તથા સાતિશયતા રૂપ અલ્પત્વ છે તે સર્વની અપેક્ષાથી તે મુક્તિયો મુખ્ય મુક્તિરૂપ ગણાયલી નથી. એ અન્ય મુક્તિયો વિકારવાળી છે. તેમનું અસ્તિત્વ તેમની પ્રતીતિની પૂર્વે હોતું નથી. ઉત્પત્તિ તથા વિનાશ તથા વધવા ઘટવા રૂપ તારતમ્ય તેમાં દેખાય છે. સ્પર્ધાનો તેમાં સદ્ભાવ છે. તેની પ્રાપ્તિમાટે કર્મ તથા ઉપાસનાનું અનુષ્ઠાન કરવાનું હોય છે. તેથી પૂજાપા આદિ ઉપકરણ સામગ્રીની પરતંત્રતા તેમાં હોય છે. અંતે તે સુખ આપે છે, છતાં સર્વથા તે સુખ દુઃખથી મિશ્રિત હોય છે. સાક્ષાત મુકિત માટે સર્વનો અધિકાર એક સરખો હોતો નથી. પોતાના અધિકારને અનુ-

સાર ક્રમમાં વિશ્રાન્તિ ભૂમિરૂપે પગથીયાં એટલે વિસામાની જરૂર હોય છે. તે પ્રકારના વિસામારૂપ તે અન્ય મુક્તિયો છે. તેથી ઉપચાર વડે મુંક્તિ એવું નામ તેમણે ધારણ કર્યું છે. જેમનું મન આ પ્રકારનો વિવેક કરી શકે એવું સૂક્ષ્મ હોય છે, તેવા અધિકારીઓને માટેશ્રુતિ ભગવતી કહે છે કે—

॥ तंत्वौ पनिषदं पुरुषं पृच्छामि તે ઉપનિષદ મય પુરૂષ છે તેના વિષે પૂછુંછું. તેઓજ આ વાર્તાને સમજે છે. જે તે પ્રકારનો વિવેક કરીશકતા નથી તેમનાં અંતઃકરણતો સ્વર્ગપ્રાપ્તિરૂપ પ્રથમની ચાર મુક્તિનેજ અંતિમ મુક્તિ રૂપે માનીને અટકે છે. અન્ય કેટલાક તેથી પણ સ્થૂલ બુદ્ધિના હોય છે એતો આ મૃત્યુ લોકને પણ મુક્તિરૂપે માને છે. એ બંનેમાં વાસ્તવ્ ભેદ નહિ જેવોજ છે. કર્મિષ્ઠો સ્વર્ગને અંતિમ મુક્તિ રૂપે માનીને અટકી પડયા છે તેમના સંબંધમાં શ્રી શ્રુતિભગવતી કહે છે કે.

अपाम सोमम मृता अभूमाग न्गज्योतिर विदामदेवान् ॥ સોમ પાન અમે કર્યું અમે અમૃત થયા. દૈવીજ્યોતિયો અમને મળી. **॥ अवि-द्यायां बहुधा वर्तमाना व यंकृतार्था इत्य भिमन्यंति बालाः ॥ यत्क-र्मिणा न प्रवेदयंति रागा त्तेनाऽऽ तुराक्षीण लोकाश्च्यवंते ॥** ઘણે ખરે ભાગે અજ્ઞાનમાં ભરાઇ રહેલાં છતાં અમે કૃતાર્થ થઇ ચુકયા છીએ એમ ગર્વથી ફૂલાઇ ગએલા તે બાળકો છે. રાગને લીધે તેમને પ્રકૃષ્ટ ગતિ આવતી નથી માટેજ તેઓ આતુર અધીરા બનીને ક્ષીણ લોકરૂપ વિનાશીફળનો સંગ્રહ કરવા રૂપ પુણ્યકર્મનો સંચય કરે છે.

આ પ્રમાણે શ્રુતિ ભગવતી તેમને બાલકવત્ ગણે છે, એટલે બુદ્ધિનો વિકાસ તેમને થયો નથી એમ કહે છે. વળી એજ ખંડમાં તેમને **अंधे नवैनीयमाना यथान्धा ॥** આંધળાના નેતા આંધળાને હાથ ઝાલીને દોરી જાય તેવી પ્રતીતિ કરાવનારા કહે છે. વળી ॥ **मूढा** ॥ એ શબ્દનો પણ તેમને માટે પ્રયોગ કર્યો છે. સાર એ છે કે એ કર્મિષ્ટનો ગુરૂ અને કર્મને કરનારા બંનેમાંથી કોઇનાં પણ જ્ઞાન ચક્ષુ ઉપરથી અજ્ઞાનનાં પડળ રૂપ અંધતા દૂર થઇ નથી અને મોહાન્ધકારમાં બંને અથડાયાં કરે છે. છતાં

શ્રુતિમાં તે મુક્તિનાં સ્વરૂપોને આપ્યાં છે તે એટલાજ આશયથી કે જેમનાં ચિત્ત અત્યંત શુદ્ધ તે તે કર્મદ્વારા થયાં હોય તેમને તે તે વિમુક્તિ રૂપ ભોગરૂપે ઉપયોગમાં આવે છે. તે બધાજ સ્વર્ગવત્ નાશવાન છે. એ ચાર પ્રકારની મુક્તિઓના પણ અનેક ભેદો છે. સાલોક્ય મુક્તિમાં શિવ સાલોક્યા, વિષ્ણુ સાલોક્યા, બ્રહ્મ સાલોક્યા, એ રીતે ઇશિત્રયના લોકના ભેદથી ત્રણ વિભાગ પડે છે. રૂદ્ર, વિષ્ણુ તથા બ્રહ્માના અવતાર આદિ વિભૂતિના સંબંધવાળા અનેક લોકો છે. તેની પ્રાપ્તિ રૂપ તે તે સાલોક્યા મુક્તિ છે. તેજ પ્રમાણે બ્રહ્મ સારૂપ્યા, મુકુન્દ સારૂપ્યા, શંકર સારૂપ્યાના ભેદો છે. તથા તેમના અવતારોના ભેદો છે. બ્રહ્મ સામીપ્યા, વિષ્ણુ સામીપ્યા, રૂદ્ર સામીપ્યા નામે સામીપ્ય મુક્તિયો છે ને પ્રત્યેક ઇશિના અવતારાદિ વિભૂતિની અપેક્ષાથી અનેક પ્રકારની સારૂપ્યા તથા સામીપ્યા મુક્તિયો છે. આ બધીજ ભ્રમ મુક્તિયો છે. છેવટે વિવેકીએ તેનો ત્યાગ કરવાનો છે. જેમનાં ચિત્ત અશુદ્ધ છે એવા અધમ અધિકારીઓનેજ ઉચ્ચ ગમન થવા અર્થેજ તે તેની ઇચ્છા થાય છે. તે ઇચ્છાથી પ્રેરાઇને બ્રહ્મ લોકમાં મળતાં સુખોને ભોગવવા અર્થે પ્રથમ બ્રહ્માના અવતારોના લોકની પ્રાપ્તિ કરે છે. તે પછી તે ઉપાસ્ય દેવતાના જેવા રૂપવાળા સિધ્ધો જ્યાં વસે છે તેવા સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તે પછી તે અવતાર રૂપ વિભૂતિ રૂપ સમીપતા થાય છે. તે પછી તે વિભૂતિ સાથે જોડાય છે. એ પ્રકારે વિભૂતિ સાથે સાલોક્ય, સારૂપ્ય, સામીપ્ય, અને સાયુજ્યને મેળવીને તેના કરતાં ઉચ્ચ પ્રકારની બ્રહ્મા ભગવાનની અન્ય વિભૂતિની ઉપાસના કરે છે. અંતે બ્રહ્મા ભગવાનની સાથે સાલોક્યથી આરંભીને અંતે સાયુજ્યને સિદ્ધ કરે છે. તે પછી એજ પ્રમાણે વિષ્ણુ ભગવાનની વિભૂતિયોની ઉપાસના દ્વારા તે તે વિભૂતિયોની સાથે સાલોક્યાદિ સંબંધ સિદ્ધ થાય છે, તે પછી વિષ્ણુ ભગવાનની સાથે તે પ્રકારનો સંબંધ થાય છે, તે પછી શિવ ભગવાનની વિભૂતિયો સાથે તે પ્રકારનો સંબંધ થાય છે. અને અંતે રૂદ્ર સાલોક્ય, રૂદ્ર સારૂપ્ય, રૂદ્ર સામીપ્ય અને રૂદ્ર સાયુજ્ય થાય છે. આ પ્રકારે ક્રમથી અંતિમ સુધી પહોંચવાની ઇચ્છા વિશુદ્ધ ચિત્તવાળા મધ્યમ અધિકારીઓને થાય છે. અધમ અધિકારીઓ તો એમાંના એકાદને પ્રાપ્ત કરીને ત્યાંજ ઠરી રહેવાની ઇચ્છા કરે છે. આગળ વિકાસ થતો પોતાની મેળે મૂઢતાથી અટકાવે છે. મધ્યમ અધિકારીઓનાં ચિત્ત શુદ્ધ હોવાથી મુક્તિમાં ચઢવાને માટે ક્રમની તેમને ઇચ્છા થાય છે. હું સદ્‌ગુરૂ રૂપે તે ક્રમ તેમને આપું છું. અને છેવટે મારા પ્રસાદથીજ તેમનું અત્યંત શુદ્ધ ચિત્ત થતાં તેઓ ઉત્તમ અધિકારી

બને છે. અંતે તે અધિકારને પ્રાપ્ત થતાં તેમની એવા પ્રકારની ભાવના થાય છે કે તેનું આત્મતત્વ અને નિર્ગુણ બ્રહ્મનો અભેદ છે. એ પ્રકારનું મારી સાથે એ ભાવપૂર્વકનું જે સાયુજ્યછે તેની પ્રાપ્તિની ઇચ્છા થાય છે. સાયુજ્ય મુક્તિનો સામાન્ય અર્થ તે દેવતાની સાથે જોડાઇ રહેવું એટલોજ છે. તેમાં જોડાઇ રહેનાર ઉપાસક અને તેની સાથે જે ઉપાસક જોડાયલો રહે છે તે ઉપાસ્ય એ પ્રકારનો દ્વૈતભાવ કાયમ રહે છે. જ્યારે તે દ્વૈતભાવ દૂર થાય છે ત્યારેજ તાદાત્મ્ય મુક્તિ નામની પરાગતિ થાય છે. જેમણે સાક્ષાત્ મારા પ્રસાદનો અનુભવ નથી કર્યો તેમને એ પ્રકારની મુક્તિની ઇચ્છાજ થતી નથી. જે એકલા વેદ માર્ગમાંજ નિષ્ઠાને દૃઢ કરી રહ્યા છે, જે મારા સાચા ભક્ત છે, તેવા મહાત્માઓજ માત્ર આ અંતિમ સાક્ષાત્ મુકિત મળશે એવી શ્રધ્ધાને ધારણ કરી શકે છે. તેઓજ એકલા તે માટે પ્રયત્ન નિર્ભયપણે કર્યે જાય છે, અને અંતે મુક્તિને પ્રાપ્ત કરે છે ત્યાં સુધી શ્રદધાનાબળને વધારતા ટકી રહે છે. સાયુજ્ય રૂપા મુકિતના પરમ ફળરૂપ આ તાદાત્મ્યરૂપ પરમ મુકિત છે. જીવ અને પરમાત્માની પારમાર્થીક તાદાત્મ્યરૂપતા છે છતાં તે અભિવ્યક્ત થતી નહોતી તે અજ્ઞાનના નાશથી મુમુક્ષુને રૂડી રીતે હવે અભિવ્યક્ત થાય છે. આ સાક્ષાત્ મુકિત પ્રથમથીજ સ્વભાવ ભૂત હોવાથી નિત્ય પ્રાપ્ત છે. છતાં તે અપ્રાપ્ત હોય તે પ્રમાણે તેની અપ્રાપ્તિનું ભાન અજ્ઞાન માત્રથી સ્ફુરતું હતું તે સ્ફુરાવનાર અજ્ઞાન દૂર થતાં તેની અપ્રાપ્તિનુંભાન પોતાની મેળે દૂર થાય છે. એ અપ્રાપ્તિના જ્ઞાનનું દૂર થવારૂપ પરિણામ તેને એ પરા મુકિતની પ્રાપ્તિ કહે છે. વાસ્તવે અન્ય મુકિતની પ્રાપ્તિ હોય છે, કારણકે તે મુકિતયો પ્રાપ્તિની પૂર્વે અપ્રાપ્ત હોય છે. આ તો મુકિતનું ભાન થતા પૂર્વે પણ પ્રાપ્ત હતી અને તેજ પ્રમાણે પછી પણ પ્રાપ્ત રહે છે. તેથી આ મુકિતની પ્રતીતિ થતાં તે પ્રાપ્ત થઇ એમ કહેવાતું નથી. શાસ્ત્રમાં પણ તેની અભિવ્યકિત થઇ એમ કહે છે.

આ પ્રકારની પરા મુક્તિ સર્વના સ્વભાવ ભૂત છે. અજ્ઞાન દશામાં તેની અભિવ્યક્તિ ન હોતી તે અભિવ્યકિત જ્ઞાન દશામાં આવતાં થાય છે. જે મહાત્માને આ પ્રમાણેની સિદ્ધિ થએલી હોય છે તે મારા સ્વરૂપેજ છે, અને હું તેના સ્વરૂપે છું. તેજ મહાદેવ છે એમ હું શંકર નિશ્ચયથી માનું છું.

અવિદ્યાનો વ્યાપાર બે પ્રકારનો છે. ૧ વિશ્વ પ્રપંચ રૂપ દૃશ્ય તેની પ્રતીતિ કરાવવી, અને ૨. જે એ રીતે પ્રતીત થાય છે તેમાં વાસ્તવ

સત્યતા છે તે પ્રકારનું અભિમાન કરવું. તેમાં જે મહાત્માને તેના શરીરમાં નિવાસ કરતાં વિદ્યા રૂપ જ્ઞાનનો ઉદય થાય છે તે મહાત્માને તેના જે પ્રારબ્ધ કર્મ વડે આ દેહનો આરંભ થયો છે તે પ્રારબ્ધ કર્મનો ભોગ દ્વારા અંત આવે ત્યાં સુધી તે દેહમાં રહેવાનું થાય છે. તે સમયે એટલે દેહનો અંત આવે તે વખતે તે પ્રમાણે ઉદય થએલા જ્ઞાનદ્વારા દેહનો આભાસ તથા જગતનો આભાસ એ પ્રમાણે બંને આભાસોની નિવૃત્તિ કરે છે. જો પ્રારબ્ધ કર્મ ભોગવી રહ્યા પછી દેહનો અંત આવવાની અણીએ એ પ્રમાણેનું જ્ઞાન થયું હોય તોજ જગત તથા દેહ બંનેનો આભાસ સાથેજ નિવૃત્ત થાય છે. પણ જો તે જ્ઞાનનો ઉદય થાય તે સમયે કર્મ કોષમાં પ્રારબ્ધ કર્મ શેષ રહ્યાં હોય છે તો તે જ્ઞાન એ પ્રમાણે પરિણામને લાવતું નથી. શેષ કર્મરૂપ પ્રતિબંધને તે જ્ઞાનમાંથી દૂર કરાતો નથી તેથી તે વખતે તો માત્ર આ દશ્ય જગત્‌ની વાસ્તવ સત્યતાને માનવારૂપ અભિમાન એકલુંજ છેદાઇ જાય છે. દશ્ય સ્વરૂપના દશ્ય રૂપે થતા અવભાસને તે જ્ઞાન તોડી નાખતું નથી. એ પ્રકારે જે દશામાં જગત્ જગત રૂપે પ્રતીત થાય છે તેટલે અંશે જીવદશાનું અને જગત્‌ની વાસ્તવ સત્યતાના અભિમાનનો ઉચ્છેદ થાય છે તે અંશે મુકત એમ જીવન મુક્તિની તે દશા હોય છે. પોતાના આત્મતત્વમાંજ સર્વ આરોપેલું છે અને તે સર્વને પોતાના આત્મસ્વરૂપના પ્રકાશવડેજ તે દેખે છે એ પ્રમાણે તેનું જ્ઞાન હોય છે. આ તેની મુક્તિ પોતાના સ્વરૂપભૂતજ છે.

માયા ત્રણ પ્રકારે પોતાના વિલાસને કરી રહી છે. તેમાં તેનો પહેલો વિલાસ દશ્ય માત્ર વાસ્તવ છે એ પ્રકારના અભિમાનને ખડું કરે છે. યુક્તિથી તથા શાસ્ત્રનામાનનીય વચનથી જ્યારે વિવેક જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે માયાનો આ પહેલો વિલાસ નિવૃત્ત થાય છે. તે છતાં પણ અનંત સમય સુધી અનાદિકાલથી એક અભ્યાસ પડી ગએલો છે. એ અભ્યાસ રૂપ અભિનિવેશ વ્યવહારના હેતુ રૂપ થઇ પડે છે. તત્વ સાક્ષાતકાર જ્યારે જ્ઞાનોદય પછી થાય છે ત્યારે દશ્યની વાસ્તવતાનું અભિમાન ટાળ્યા છતાં પણ જડયંત્રવત લોકેપણા આદિથી ધકંકલાતો વ્યવહારને કર્યો જાય છે તે કરાવનાર તેનો બીજો વિલાસ છે, તેને નિવૃત કરી નાંખે છે. આ બન્ને પ્રકારના માયાના વિલાસો નિવૃત્ત થાય છે છતાં દેહનો આભાસ તથા જગત્‌નો અવભાસ કરાવનાર હેતુરૂપ જે માયાનો ત્રીજો વિલાસ છે તે નિવૃત્ત થતો નથી. તેની નિવૃત્તિતો પ્રારબ્ધ કર્મનો તેના ભોગવડે અંત આવેથીજ થાય છે. શ્રી શંકર ભગવાને અપરોક્ષાનુભૂતિમાં કહ્યું છે કે ॥ પ્રારબ્ધ

मखिलं भूंजन्नोद्वेगं कर्तुमर्हसि ॥ આખા પ્રારબ્ધને ઉદ્વેગ કર્યા વિના ભોગવવું, એટલે ભોગથી અન્ય રીતે પ્રારબ્ધ કર્મ નિવૃત્ત થતું નથી.

પ્રારબ્ધ કર્મ નિવૃત્ત થતું નથી તેથી તે જીવનમુક્ત પુરૂષના સંબંધમાં કોઈ ન્યૂનતા છે એવું કાંઇજ નથી. અજ્ઞાનના નાશથીજ પરમ મુક્તિ સ્વતઃ સિદ્ધરૂપે પોતાના આત્મભૂત છે એવી અભિવ્યક્તિ તો તેમને સિદ્ધજ છે. તેથી એક બળી ગએલું વસ્ત્ર ઓઢવા પાથરવા વિગેરે વસ્ત્રરૂપ કાર્યમાં આવી શકતું નથી એજ પ્રમાણે સમસ્ત જગત્ માત્ર જગત્‌ના આકારે વાસ્તવ રૂપે પ્રતીત થવાનુ બંધ થઈ જાય છે. માત્ર આભાસ રૂપજ બળી ગએલું વસ્ત્ર છે તેમ જ્ઞાનાગ્નિથી પ્રપંચની સત્યતાનું અભિમાન બળી જતાં તે અભિમાનથી પૂર્વવત પ્રવૃત્તિમાં ધાવન કરાવનાર તત્વ ઉત્પન્ન થઈ શકતું નથી. રાગદ્વેષથી કાંઈ પણ ક્રિયા કરાવનાર હેતુ રહેતો નથી. છતાં અવભાસ માત્રથી તેને વ્યવહારના બંધન હોય એવું દેખાય છે. આ પ્રપંચની પ્રતીતિ કરતો તે મહાત્મા **॥ जीवन ॥** છે. પ્રારબ્ધ કર્મના ફલના ઉપભોગથી કર્મનો કોપ સંપૂર્ણ રીતે ક્ષીણ થાય છે. તેથી પ્રપંચનો પ્રતિભાસ નિશ્ચય નિવૃત્ત થાય છે. અભિનિવેશના અભાવથી દૃશ્ય પ્રપંચ બળી ગએલા કપડા જેવો દેખાય છે. તેનો આત્મા મુક્ત છે તેવો પણ અનુભવ તેને સાથે હોય છે. તે વાસ્તવ મુક્તજ છે. જે મહાત્માનો દૃશ્ય પ્રપંચનો પ્રતિભાસ પણ નિવૃત્ત થયો છે તે તો ખરેખર સ્વપ્નવત્ જગત્‌નો અનુભવ કરે છે અને મુક્તજ છે. એટલે જગત્‌ને જગત્‌રૂપે જોવાના સમયને તે સ્વપ્નવત્ અનુભવે છે, અને તેમાંથી જાગે છે ત્યારે એટલે સંસારને દેખતો નથી ત્યારે પણ પોતાના આત્મતત્વ પ્રતિજ અભિમુખ થઇ રહ્યો છે. તે વખતે તે મુક્તજ છે.

વસ્તુતઃ બંધ એ નામનો કાંઈજ વ્યતિકર નથી. તેમ છતાં તેનું અસ્તિત્વ માત્ર અવિદ્યાથીજ કલ્પાયલું છે. તે પ્રમાણે અવિદ્યાથી બંધનું અસ્તિત્વ મિથ્યા કલ્પાયું છે તેજ પ્રમાણે તે અવિદ્યા રૂપ સાધનવડેજ વાસ્તવે તો તેની નિવૃત્તિ પણ કલ્પી છે. વાસ્તવ ભાવરૂપ ન છતાં મિથ્યા ભાવવડે જે કાંઈ બનેલું હોય છે, તેનો નાશ પણ વાસ્તવ નાશરૂપ નથી પણ મિથ્યા સ્વરૂપજ છે. તો મિથ્યા ભૂત જે બંધ છે એવું પૂર્વે દેખાતુંહતું તેનો મિથ્યાભૂત નાશ છે એ પ્રકારે અનુસંધાનને કરવાથી તે મહાત્માને મુક્ત કહ્યો છે. વસ્તુતઃ તો તે મહાત્મા મુક્ત નથી કે બદ્ધ નથી. તેમજ

મુમુક્ષુ પણ નથી, કે કોઈ પ્રકારે પણ પોતાના સ્વરૂપથી બીજારૂપવાળો પણ નથી. જે પોતાને આ પ્રમાણે સુદૃઢ રીતે માણુતો આનંદ મસ્ત છે તેજ ખરો જ્ઞાની છે. માયા વાસ્તવ ન હોવાથી વાસ્તવરૂપે તેની નિત્ય નિવૃત્તિ પ્રાપ્તજ છે. પોતાના આત્મચૈતન્યની સ્વભાવ ભૂતજ તે માયાની નિવૃત્તિ છે. એ પ્રમાણે પોતાના સ્વરૂપ પ્રકાશન વડે તે જ્ઞાની મહાત્મા સમજી રહેલો છે. જેઓ એ જ્ઞાનના ભાગ્યશાળી થયા નથી તે તો માયાના ઉંડા સમુદ્રમાં ડુબેલા રહે છે. અવિષય રૂપ જે પોતાનો આત્મા તેને જ્ઞાનના વિષયરૂપ માનનાર તે બધા ખરેખર મૂઢજ છે. એમને આત્મતત્વનું કિંચિત સરખું પણ ભાન નથી. છતાં એવા લોકો અત્યંત દૃઢપણે માને છે કે તત્વ માત્રનું જ્ઞાન અમને થઈ ગયું છે, અને તે માનવાને અનુસરીને તેઓ વ્યવહાર કરે છે. આ પ્રકારના વર્તનમાં તેઓ જાતે ઠગાય છે, અને અન્યને તેઓ ઠગે છે.

કહ્યું છે કે—

॥ यदि मन्यसे सुवेदेति दभ्रमेवापि नूनं त्वं वेत्थ ब्रह्मणोरुपं ।
॥ यदस्यत्वं यदस्य च देवेष्वथ नु मीमांस्यमेवँ ते मन्ये विदितम् ॥९॥
॥ नाँहं मन्ये सुवेदेति नोन वेदेति वेद च ।
॥ यो नस्त द्वेद तद्वेद नोन वेदेति वेद च ॥ १० ॥ २ ॥
॥ यस्या मतं तस्य मतं मतं यस्य न वेद सः ।
॥ अविज्ञातं विजानतां विज्ञातम विजानताम् ॥ ११ ॥ ३ ॥

શ્રી કેનોપનિષત્‌નો બીજો ખંડ.

જેઓ પોતાના આત્મ તત્વરૂપ બ્રહ્મને અમે બરોબર સમજ્યાં છીએ એવી રીતે પોતાની જ્ઞાન વૃત્તિના વિષયરૂપે માને છે તેઓ ખરેખર ! તેના સ્વરૂપમાંથી તુચ્છ અંશનેજ ગ્રહણ કરે છે. આ દશ્ય પ્રપંચમાં, દેવોમાં એ બ્રહ્મતત્વનું કાંઈ પણ હોય તો તેનું એક ચિત્તથી ચિંતન કર્યા કરવાનું છે, એવું જો કોઇ કહે. તો તે કાંઈક જાણે છે. તે બ્રહ્મ તત્વને સારી રીતે હું સમજ્યો એવું મનાતું નથી. તેમજ તેને હું નથી સમજ્યો એવું પણ માની શકાતું નથી. તે જ્ઞાન તેમજ અજ્ઞાનનો વિષય થાય તેવા

સ્વરૂપનું નથી. જે એને વિષયરૂપે નથી એવું સમજ્યો તેજ સમજ્યો છે. જે એ પ્રમાણે સમજ્યો નથી તે સમજ્યો નથી. મનન નામની બુદ્ધિ વૃત્તિના વિષયરૂપ તે નથી એ પ્રકારે જે તે તત્ત્વનું મનન કરે છે તેજ ખરો જ્ઞાની છે. જે તેને મનન કરવાના વિષયોમાંના એકરૂપે ગણીને તે રૂપે તેનું મનન કરે છે તે અજ્ઞાની છે. જે તેનું અમુક સ્વરૂપ છે એ પ્રકારે નિશ્ચયાત્મક બુદ્ધિ વૃત્તિના વિષયરૂપે નિર્ણીત કરે છે તેમની બુદ્ધિ વૃત્તિમાં બ્રહ્મતત્વનો ખરો નિર્ણય થવા રૂપ નિદિધ્યાસન સિદ્ધ થયું નથી. જેઓ એ પ્રકારની બુદ્ધિ વૃત્તિના વિષયરૂપે બ્રહ્મતત્વનો નિર્ણય નથી એવું સમજ્યાં છે તેજ ખરૂં નિદિધ્યાસન છે.

મુકિત આત્મસ્વરૂપ હોવાથી તથા તે વાસ્તવે વાણીનો વિષય નથી તેમજ મનની કોઈ પણ વત્તિનો વિષય નથી તેથી વેદાન્ત કે હું મહાદેવ પોતે પણ તે મુક્તિને વિષે કાંઈજ કહી શકતા નથી. તે વિષયે તો પોતાના 'સ્વ' એટલે નિજત્વના અનુભવરૂપે મૌનજ એકલું યોગ્ય ઠરે છે. આ પ્રકારનું મુકિતનું સ્વરૂપ તમને કહ્યું તેમાં અત્યંત ભારે શ્રદ્ધાને ટકાવજો અને છેવટના સાચા કલ્યાણ અર્થે તેનો અનુભવ નિત્ય કરજો.

શ્રી વિષ્ણુ ભગવાને આ પ્રમાણે શ્રી મહાદેવજીના વચનોનું શ્રવણ કર્યું. પછી અત્યંત સંતુષ્ટ થઇને તે સર્વજ્ઞ સર્વ ભૂતેશ, સર્વ ભૂતહિતરત, ભવાનીસહાય્ય ભવ, ભય હર, હર, શિવ, પરમેશ્વરની ત્રણ પ્રદક્ષિણાઓ તેમણે કરીને અત્યંત ભકિત પુરઃસર સાષ્ટાંગ દંડવત્ પ્રણામો કર્યા અને સ્તોત્રો વડે શ્રી મહાદેવજીની સ્તુતિયો કરી.

એ રીતે શ્રી મુકિતખંડમાં મુકિતના પ્રકાર નામનો બીજો અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુક્તિ ખંડ.

અધ્યાય. ૩.

મુક્તિના ઉપાય.

પૂર્વે બીજા અધ્યાયમાં પ્રામવ્ય રૂપે મુક્તિ છે એ પ્રમાણે કહીને હવે એ પ્રામવ્યની સિદ્ધિને અર્થે કર્તવ્યરૂપ જે ઉપાય છે તેના સ્વરૂપનું વિવેચન આ અધ્યાયમાં કર્યું છે. એ ઉપાયરૂપ સાધન જ્ઞાનને કહ્યું છે. એ જ્ઞાનનું સ્વરૂપ પણ સમજાવ્યું છે, તથા તે જ્ઞાન જે પ્રકારે સાધનરૂપ થાય છે તે પ્રકારની મુક્તિ પણ સમજાવી છે માટે તે આ અધ્યાયમાં સ્થિરતાથી શ્રવણ કરીએ.

॥ **तत्वमसि** ॥ તેતું છે એ વેદનું મહાવાક્ય છે તેમાં । **तत्** । અને । **त्वम्** । એ બને શબ્દોના ભિન્નિભિન્ન રૂપે રહેલા અર્થોમાં એકમેકના સ્વરૂપની એકતારૂપ જે તાત્પર્ય છે તે મુખ્ય તાત્પર્ય છે.

॥ सत्यं ज्ञान मनंतं ब्रह्म ।

॥ तस्मा देवा एतस्मान्मनो मयात् ॥

॥ अन्योऽन्तर आत्मा विज्ञानमयः ।

॥ ते नैष पूर्णः ॥ सवाऐष पुरुष विध एव ॥ ० ॥

તૈત્તિરીયોપનિષત્ ચોથો અનુવાક.

સત્ય જ્ઞાન અનંત બ્રહ્મ છે. જે આ હૃદયની અંદર મનોમય કોષથી આંતર ભાગમાં જ્યોતિ પુરૂષરૂપ પ્રાણોમાં વિજ્ઞાનમય આત્મારૂપે સભર બનીને રહ્યો છે વિગેરે—

આવાં અવાંતર વાક્યોના તાત્પર્યોને અવાંતર તાત્પર્ય કહે છે.

મહાવાક્યના બંને પદોના અર્થોનું શોધન કરીને તેમનું તાદાત્મ્ય કરવાનું છે. ॥ तत्वमसि ॥ આદિ વાક્યોમાં જે બે અર્થોનું અખંડ એકરસ રૂપ તાત્પર્ય છે તેજ મહા તાત્પર્ય છે. વેદાંત મીમાંસામાં ન્યાય પ્રક્રિયાઓના ભારે ઉપયોગ થયો છે. તે વડે વેદાન્તનાં વાક્યોમાંથી આ મહા તાત્પર્ય-રૂપ નવનીત નીકળી આવે છે. એ તાત્પર્યાર્થના નિર્ણય વડે જે અખંડ એકરસતા નામની તે બન્ને અર્થના સંબંધમાં જે વિશાલ બુદ્ધિ થવી તેજ પરમ પુરૂષાર્થ છે. તેને વિષય કરનાર હોવાથી તે મનોવૃત્તિને મોટી કહેલી છે. તેવી વિશાલ મનોવૃત્તિમાંજ જ્ઞાનની અભિવ્યક્તિ થાય છે. અને તે વડેજ આત્માની મુક્તિ છે. કર્મ વડે નથી. બ્રહ્મ એજ આત્મા છે, એ વિચાર વડે આ પ્રકારની મનોવૃત્તિ ઉદયને પામે છે. બ્રહ્મમય પોતાના આત્મામાં માયા તથા તેના કાર્યરૂપ સમસ્ત વિશ્વપ્રપંચ આરોપાયલો છે. આત્મતત્વના સ્વરૂપભૂત સ્ફુરણ પ્રકાશ વડેજ તે માયા તથા તેનાં કાર્યો ઉપર પ્રકાશ આવે છે. એટલે તેમની પ્રતીતિ થાય છે. માટેજ કહ્યું છે કે જે આખા વિશ્વને સામાન્ય રીતે જાણે છે તેજ તે વિશ્વને વિશેષરૂપે સમજે છે. આમ છે છતાં ઉપર કહી તે પ્રકારની વિકાસ પામીને મનોવૃત્તિ બ્રહ્મમયી એટલે અત્યંત વિશાલ થાય છે, ત્યારે તેજ બ્રહ્મતત્વ તેમાં પ્રતિબિંબને પામતાં તેજ માયા તથા તેના કાર્યોના નાશ કરે છે. કહ્યું છે કે સૂર્યનો તડકો સામાન્ય રીતે તૂલ-તૃણ આદિ ઉપર પ્રકાશને નાંખીને તેમની પ્રતીતિ કરાવે છે. તેજ પ્રમાણે બ્રહ્માત્મતત્વ દૃશ્ય પ્રપંચની તે રૂપે પ્રતીતિ કરાવી રહ્યું છે. એજ સૂર્યનો તડકો જ્યારે સૂર્યકાન્ત મણિમાંથઇને તે તૂલ-તૃણ આદિ ઉપર પડે છે ત્યારે તેમને બાળીને ભસ્મ કરી મુકે છે. તેવીજ રીતે તેજ બ્રહ્માત્મ પ્રકાશ ઉપર કહ્યા પ્રમાણેની વિશાલ બ્રહ્મ-મયી વૃત્તિદ્વારા માયા તથા તેનાં કાર્યો ઉપર પ્રકાશ નાંખે છે ત્યારે તેમની પ્રતીતિ કરાવતાં નથી પણ તેમની નિવૃત્તિ કરાવી રહે છે. સૂર્યની માફક બ્રહ્માત્મ પ્રકાશમાં પણ આ પ્રમાણે પ્રકાશક તથા નિવર્તક ધર્મોની પ્રતીતિ થાય છે. એ પ્રતીતિ વિરોધી ધર્મોની છે. છતાં તેમાં વિરોધ લેવા જેવો નથી. પરિણામોના ભેદ કરનાર જેવી રીતે સૂર્યના સંબંધમાં સૂર્યકાન્ત મણિ છે તેવી રીતે આ સંબંધમાં વૃત્તિની બ્રહ્મમયી સ્થિતિ છે. એ વૃત્તિ-દ્વારા થએલા જ્ઞાનથી આત્મા વિષેના અજ્ઞાનનો આત્મામાંજ વિલય થઇ જાય છે, અને આત્માના સ્વરૂપ વિપક અજ્ઞાન વિલાયાથી દ્વૈતનો નાશ થાય છે. તેનો નાશ થતાં કર્મમાત્રનું ઉપાદાન કારણજ, દ્વૈતભાવ છે તે દૂર

થાય છે એટલે ઉપાદાન અળપાઈ જવાથી સંચિત પાપપુણ્યાદિ કર્મરૂપ તેનાં કાર્યોનો સત્વર નાશ થાય છે. ઉપાદાનરૂપ અજ્ઞાન તે સમયે અસ્તિત્વમાં નહિ હોવાથી નવીન કર્મો તો બંધન કરવાનું કરી શકતાંજ નથી. સારાંશકે દ્વૈત ભાવનાનો નાશ થવાથી આ સારૂં અને આ નઠારૂં એ પ્રકારે માનવારૂપ ભેદમતિ દૂર રઈ જાય છે. ભેદમતિના અભાવે સારૂં મનાયલા ઉપર રાગરૂપ આકર્ષણ અને નઠારૂં મનાયલા પ્રતિ દ્વેષરૂપ અપકર્ષણનો પ્રસંગ રહેતો નથી. રાગદ્વેષ ટળવાથી તેના પરિણામરૂપ ધર્મ અધર્મનું અસ્તિત્વ રહેતું નથી ધર્મ તથા અધર્મ રૂપ પુણ્ય પાપ કર્મોને અભાવે તેના ફલરૂપ ભોગ ભોગવવા અર્થે દેહ તથા ભોગ રૂપ વિષયો તથા તે વિષયોને દેહ વડે ભોગવવાના સાધન રૂપ ઇન્દ્રિયો એ બધુંજ સાથે વિલાઈ જાય છે. કહ્યું છે કે દેવનું જ્ઞાન થતાં સર્વ પાપો નાશ પામે છે.

જે પ્રમાણે વ્યવહારમાં ઘટ શી વસ્તુ છે તે વિષેનું આપણને અજ્ઞાન હોય તો જ્યારે તે ઘટ સંબંધી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે તે અજ્ઞાન નાશ પામે છે એ અનુભવ સિદ્ધ છે, તેજ પ્રમાણે આત્મ સ્વરૂપ વિષેનું અજ્ઞાન તે આત્માના સ્વરૂપના જ્ઞાન માત્રથી નાશ પામે છે. વળી જ્યાં દોરડી અંધારામાં લટકતી હોય છે ત્યાં ભ્રમથી કોઇને કલ્પના ઉભી થતાં સર્પનું ભાન થાય છે. જ્યારે તે દોરડીના સ્વરૂપનું અજ્ઞાન અસ્તિત્વમાં હોય છે ત્યારેજ આ સર્પની પ્રતીતિ થાય છે. એ પ્રમાણે સર્પની પ્રતીતિ કરાવનાર કારણ રૂપ દોરડીના સ્વરૂપનું અજ્ઞાન છે તે જે ક્ષણે તે દોરડીના ખરા સ્વરૂપનું જ્ઞાન થાય છે તેજ ક્ષણે તેના સ્વરૂપનું અજ્ઞાન નિવૃત્ત થાય છે. ને તે અજ્ઞાનની નિવૃત્તિ થતાં તેના કાર્ય રૂપ સર્પનો વિનાશ થાય છે. તેજ પ્રમાણે આ આત્મતત્વના સ્વરૂપ વિષેના અજ્ઞાનનો નાશ થતાં આત્મામાં માયા વડે કલ્પાયલો સંસાર સર્પ વિનાશને પામે છે. માટે જેના મૂલ કારણ રૂપ અજ્ઞાન છે, એવા સંસારનો ક્ષય આત્મ તત્વના સ્વરૂપનું જ્ઞાન વિશેષ ઉદય થવાથીજ થાય છે. તે આત્મતત્વ કેવલ બ્રહ્મ છે. અન્ય કાંઇજ નથી.

સંસાર દશામાં હું કર્તા છું, હું ભોક્તા છું એ રીતે કર્મ તથા ભોગો સાથે શોભન અશોભન બુદ્ધિ પૂર્વક અભિમાન રહે છે. આત્માને વિષે આ પ્રકારનું કર્તા ભોક્તાપણાનું અભિમાન જ્યારે આરોપાયલું હોય છે ત્યારેજ તે આત્મામાં આરોપાયલા સંસારનો અવભાસ થાય છે. આત્મામાં અવયવો રૂપ અંશ ભાવ વાસ્તવે નથી. એ અંશઅંશીભાવ તેના સ્વરૂપમાં

અજ્ઞાન વડે કલ્પાયલો છે. તે અંશઅંશીભાવની પ્રતીતિ તેમાં થાય છે. તે પ્રકારની પ્રતીતિ તેમાં થયા પછી તેજ અજ્ઞાન વડે એક અંશ ઢંકાઈ જાય છે, અને બીજો અંશ તેનો વિશેષ રૂપે ઉઘડીને પ્રતીત થાય છે. જે અંશ આ પ્રમાણે તે અજ્ઞાન વડે ઢંકાતો નથી પણ ઉઘાડો રહે છે તે અંશ ॥ **अहम्** ॥ (હું) એ પ્રકારના સ્ફુરણ રૂપે અવભાસ કરે છે. એ અવભાસની દશાને વિભ્રમ દશા કહી છે. તે ભ્રમ તથા તે ભ્રમના કારણ રૂપ અજ્ઞાનને બંનેના અધિષ્ટાનરૂપ તે ન ઢંકાયલો—ઉઘાડો રહેલો હું નામનો અંશ બને છે. માટે હું એટલાજ અંશનો અવભાસ થવો તે તો એ પ્રકારના ભ્રમના હેતુ રૂપ છે. જે ભ્રમનો હેતુ રૂપ હોઇને તે ભ્રમની ઉત્પત્તિ કરનાર છે તે વડે તે ભ્રમની નિવૃત્તિ થાય એવું કદીજ બને નહિ. અને બનતું પણ નથી. હવે આત્મામાં કલ્પેલા તેના જે અંશને અજ્ઞાને કલ્પીને ઢાંકી રાખ્યો છે તેજ અંશ નિરતિશય આનંદરૂપ અદ્વિતીય છે. આત્મતત્વ વાસ્તવે બ્રહ્મજ છે એ પ્રકારના ભાન રૂપ જ્ઞાન વડેજ તે ઢાંકી રાખનાર અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. આથી સમજાય છે કે અજ્ઞાનના અધિષ્ઠાન ભૂત અંશ કર્તા ભોક્તા રૂપે મનાતો હું એ નામનો સર્વને જ્ઞાત ઉઘાડો રખાયલો અંશ છે તે એકલાનાજ જ્ઞાનથી તે અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી.

આ અર્થને દૃષ્ટાંતોથી અધિક સ્પષ્ટ કરીએ. ધારો કે એક દંડ પોતાના વાસ્તવ દંડ સ્વરૂપે પડયો છે. તેમાં આ સર્પ છે એ પ્રકારની ભ્રમથી પ્રતીતિ થાય છે. એ પ્રમાણે પ્રતીત થતા સર્પનું સર્પ સ્વરૂપે જ્ઞાન ભ્રમ જ્ઞાન કહેવાય છે. એ ભ્રમ જ્ઞાનના અધિષ્ઠાન રૂપે તે દંડમાં જે તે દંડના શરીરની લંબાઈ વિગેરે આકાર રૂપતાનો અંશ સર્પ સાથેનો સામાન્ય છે, અને જે અંશ ખુલ્લો—ઉઘાડી રીતે સમજાયલો છે તેજ અંશ બને છે. તે ઉઘાડા અંશથીજ ભ્રમ જ્ઞાન રૂપે પ્રકાશે છે. તેથી આપણા અનુભવથી સિદ્ધ થાય છે કે તેટલાજ અંશના જ્ઞાનવડેજ એ ભ્રમજ્ઞાન બની રહ્યું છે તેનો વિનાશ કદીજ થઈ શકતો નથી. પણ ઉલટું ભ્રમજ્ઞાન રૂપેજ તે ટકી રહે છે. હવે તે દંડમાં દંડત્વ આદિ તે દંડનાજ અસાધારણ ધર્મોછે તે આભ્રમના સમયે તે ભ્રમ રૂપ નિશ્ચયવડે ઢંકાઇ રહેલા હોય છે તેને તે દંડના વિશેષ આકારરૂપ અંશ કહીએ છીએ. એ અંશને તે દંડનું ઢંકાઇ રહેલું પારમાર્થિક સ્વરૂપએ નામ આપ્યુંછે. તે દંડના પારમાર્થિક અંશનું જ્યારે જ્ઞાન થાય છે ત્યારેજ ભ્રમ નિવૃત્ત થાય છે. તત્વ વિજ્ઞાનથી જેનારને આત્માનું તત્વ કેવલ બ્રહ્મજ

છે એમ દેખાય છે. દંડમાં સર્પની ભ્રાંતિ હોય છે તે સમયે "આ સર્પ" એ પ્રમાણે તે ભ્રાન્તિ સર્પનો વ્યવહાર થાય છે. તે વ્યવહારના સમયે પણ "સર્પ" શબ્દ સાથે યોજાયલો આ શબ્દ જે છે તે અંશના તત્વનો વિચાર કરતાં સમજાય છે કે "આ" એક પ્રકારનો અંશ કેવલ દંડતત્વજ છે. એમાં સર્પત્વનો ગંધ પણ નથી. તેજ પ્રમાણે આ સંસારી "હું" નું તત્વ પણ કેવલ બ્રહ્મજ છે.

કર્મ માત્રનું મૂલ કારણ અજ્ઞાનજ છે. તેથી એ "હું" માં અજ્ઞાન વડે પ્રતીત કરાતા કર્તૃત્વના અભિમાન પૂર્વક કરાતું કોઈ પણ કર્મ તે અજ્ઞાનને કોઇ પણ રીતે નિવૃત કરી શકે તેમ નથી. કર્મ માત્રની રચના પ્રતિ દૃષ્ટિ કરતાં સહજ સમજાય છે કે, કર્તા આદિ કારકવર્ગના ઉપકારની તેમાં અનિવાર્ય આવસ્યકતા છે. તેથી તે કારકવર્ગના જ્ઞાનની અપેક્ષા છે. અને કારકવર્ગના જ્ઞાનથીજ તે કર્મ થઇ શકે છે. આ પ્રમાણે કારકવર્ગના કારકરૂપક જ્ઞાનનેજ અજ્ઞાન કહ્યું છે. તેથી તે અજ્ઞાનરૂપ જ્ઞાન અજ્ઞાનનો બાધ કરી શકે તેમ નથી.

આવી સ્થિતિ છતાં કર્મિષ્ઠો માને છે તે પ્રમાણે ધારો કે કર્મને કરવા વડે પરમ મુકિતરૂપ પરિણામ પ્રાપ્ત થાય છે. આ વાર્તા સત્ય માનીએ તો તે પ્રમાણે પ્રાપ્ત થએલી મુકિત કર્મના પરિણામરૂપ હોવાથી કર્મજન્ય છે. સ્વર્ગ લોક આદિની પ્રાપ્તિ પણ કર્મજન્ય છે. સ્વર્ગ લોકનાં સુખને માટે શાસ્ત્ર કહે છે કે તે તો નાશ પામે છે. તો તેના જેવી આ મુકિત પણ કર્મ જન્ય હોવાથી નાશ પામવાની. તેથી તે મુકિત અનિત્ય છે એમ સિદ્ધ થાય છે. જે કર્મના ફલરૂપ તે મુકિત છે તે કર્મનું ફળ ભોગવી રહ્યા પછી તો તે કર્મ નિવૃત થાય છે, અને તેજ ક્ષણે તેના કાર્યરૂપ તે મુકિત પણ નિવૃત્ત થાય છે. એટલે તે મુકિતની પ્રાપ્તિની પૂર્વ ક્ષણે જે અજ્ઞાન હતું તે પુનઃપ્રવૃત્ત થાય છે. એટલે અજ્ઞાનની નિવૃત્તિ હમેંશને માટે આ મુકિતથી થતી નથી. તેથી એટલુંજ વાસ્તવે ફલિત થાય છે કે પાપ નામના પ્રતિબંધક કારણને નિવૃત્ત કરવાનો કેવલ સાધનરૂપેજ કર્મનો ઉપયોગ છે. પાપની નિવૃત્તિ થવા પૂર્વે પરમમુકિતનો અધિકારજ પ્રાપ્ત થતો નથી. તે અધિકારની પ્રાપ્તિ કરાવનાર રૂપે કર્મ ઉપકારક છે. બાકી કરોડો કલ્પો સુધી કર્મનું અનુષ્ટાન કર્યા કરીએ છતાં તે વડે કદીજ પ્રત્યક્ષ મુકિત થવાની નથી. પરમમુકિતને સાક્ષાતરૂપે સાધી આપનાર સાધન કર્મ નથી પણ એકલું જ્ઞાનજ છે.

આ જ્ઞાનમાં કચાશ હોય છે તો તેની સાથે કર્મોને કરવાનાં હોય છે. તેથી જે કાંઇક અંશે દુઃખમાંથી છુટાય છે તેટલે અંશે પ્રાપ્ત થતી સ્થિતિને અપર મુક્તિ કહી છે. તે હલકા અધિકારીઓ માટે છે. માટે કોઈ સાધક એક બાજુથી કર્મોનું અનુષ્ઠાન કરતો જાય અને બીજી બાજુથી જ્ઞાનના ઉપાયોમાં યોજાતો જાય તો બન્નેનાં ફલ સાથે પ્રાપ્ત થાય. અથવા અપક્વ જ્ઞાનરૂપ ઉપાસના કરતો જાય અને તેની સાથેજ કર્મોનાં અનુષ્ઠાન કરે તો પણ બનેનાં ફલ ભોગ આપવા સાથેજ તત્પર થાય છે. એવી સ્થિતિમાં રહીને માત્ર એકલા જ્ઞાનનો લાભ લેવા પ્રેરાય છે અને કર્મનો ત્યાગ કરે છે તો એવું કરનારને કર્મ ન કરવાથી પ્રત્યવાયો નડે છે. અને તે પ્રત્યવાયોને દૂર કરવા માટે ઉપાયોને યોજવાની જરૂર પડે છે. તેવા અધિકારીઓએ કર્મનો ત્યાગ કરવાનો નથી પણ તે કર્મોવડે પ્રતિબંધક પ્રત્યવાયોનોજ પ્રથમ નાશ કરવો જોઈએ. એ પ્રતિબંધોનો નાશ થાય ત્યારેજ જ્ઞાનની પરિપકવાવસ્થા થાય છે. જ્ઞાનની પરિપકવતા થતાં અનાદિ ભવ પરંપરા જે સંચિત કર્મોની ગાંસડી ભેગી થએલી હોય છે તે બળી જાય છે. તે સમયે નડવાને માટે પ્રતિબંધો ટકી શકતા નથી, અને નવીન પ્રતિબંધો રચાતા નથી.

કર્મ બે પ્રકારનાં છે. ૧. આંતર અને ૨. બાહ્ય. બાહ્ય કર્મો ૧. વાચિક અને ૨. કાયિક એમ વળી બે પ્રકારના ભેદને પામે છે. આંતર કર્મ માનસ છે.

જે અધિકારી સર્વ દૃશ્ય માત્ર પરબ્રહ્મરૂપ છે અને તેનાથી અન્ય હોય એવું કાંઇજ નથી એ પ્રકારે શ્રદ્ધાપૂર્વક માનીને તેનું નિત્ય ચિંતન કરે છે તેની તે પ્રકારની ઉપાસના વડે તેને સત્ય જ્ઞાન થાય છે.

દેવ દેવેશ, ત્રિનેત્ર, ચંદ્રશેખર, ઉમાર્ધ શરીરવાળા, શુદ્ધ, નીલગ્રીવ, મહેશ્વર, રજોમયી મૂર્તિરૂપ બ્રહ્મા, તમોમયી મૂર્તિરૂપ વિષ્ણુ, તથા સત્વ મૂર્તિમય મહાદેવ એ પ્રકારે ઈશત્રય જેમની ઉપાસના કરી રહ્યા છે એવા પરમ શિવનું શ્રદ્ધાપૂર્વક ચિંતન કરવારૂપ ઉપાસના જે કરે છે તેને તે પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય છે. કારણ એ છે કે તેમને પ્રથમ સકલ શિવના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, અને તે સાક્ષાત્કારના ક્રમવડે તેમના નિષ્કલ સ્વરૂપનું જ્ઞાન થાયછે. આ જ્ઞાન થવાનું કારણ એવું છે કે તેમના ચિત્તમાં રાગ આદિ ઉપાધિ હોતી નથી. તેથી તેને પરમ જ્ઞાન થાય છે. પણ જે

અધિકારીઓના ચિત્તમાંથી રાગાદિ મળોનો ત્યાગ થએલો હોતો નથી તેમને પ્રથમ શિવસારૂપ્ય નામની મુક્તિ પ્રાપ્ત થાય છે. તે સ્વરૂપે રહીને મોટા મોટા વૈભવો રૂપ ભોગોને તે ભોગવે છે. તે પછી અંતે ઇશ્વરના વિશેષ સ્વરૂપ સંબંધી જ્ઞાન તેને સ્ફુરે છે. તે સ્ફુરતાં તે પરાગતિ રૂપ પરમ ગતિને પામે છે. આ પ્રકારનો ક્રમ પરમેશ્વરના જે સ્વરૂપમાં ત્રિગુણામાયા રજસ્, તમસ્ અને સત્વ એવા ભેદને પામ્યા વિના ઉપાધિ રૂપે રહેલી છે એવા શંકરની ઉપાસનાનું પરિણામ છે. હવે એ શંકરની જે મૂર્તિયો ગુણમયી છે એટલે જેમાં તે ત્રણે ગુણો વિભાગને પામ્યા છે તેમની ઉપાસનાનો ક્રમ આ પ્રમાણે છે.

એ ત્રિગુણ મૂર્તિયોમાંથી જે રૂદ્ર ભગવાનની ઉપાસના કરે છે તેમને પ્રથમ, રૂદ્ર સારૂપ્ય મુક્તિ મળે છે. ક્રમે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને અંતે પરામુક્તિને તે મેળવે છે. જેઓ રૂદ્રના અવતારરૂપ અન્ય મૂર્તિયોની ઉપાસના કરે છે તેમને પ્રથમ રૂદ્રસારૂપ્ય નામની મુક્તિની પ્રાપ્તિ થાય છે. અંતે અત્યંત પ્રિય મહાન સુખનો અનુભવ કરાવનાર ભોગોને ભોગવે છે. અત્યંત પ્રસન્નતારૂપ ચિત્તની પરિપક્વ દૃઢ સ્થિતિ તે પછી થાય છે. એટલે શિવસારૂપ્ય નામની મુક્તિને પ્રાપ્ત કરે છે. તે પછી તે શિવના સ્વરૂપનું જ્ઞાન થાય છે, અને શિવ સાયુજ્યની પ્રાપ્તિ કરે છે.

ઇશ્વરની અત્યંત અપરમ ભાવવાળી પ્રતીક મૂર્તિયો હોય છે. કારણકે તેવી મૂર્તિયો કામનારૂપ ફલની સિદ્ધિની પ્રાપ્તિ માટે સ્થપાયલી હોય છે. તે પ્રતીકરૂપ અપર મૂર્તિયોની ઉપાસના કરવાથી રૂદ્ર સાલોક્ય નામની મુક્તિ મળે છે. તે લોકના ભોગોને તે સાધક ભોગવે છે. તે પછી ક્રમેક્રમે રૂદ્રસારૂપ્ય મુક્તિને તે મેળવે છે. અથવા તો રૂદ્રસામીપ્ય મુક્તિની પ્રાપ્તિ કરે છે. તે પછી જ્ઞાનનો ઉદય થાય છે. તે જ્ઞાનદ્વારા રૂદ્ર સાયુજ્ય મુક્તિને પ્રાપ્ત કરે છે અથવા વિષ્ણુલોક આદિ વિવિધ લોકોની ક્રમેક્રમે પ્રાપ્તિ કરે છે. તેતે સ્થાનોને માટે નિર્ણીત થએલા ત્યાંના સર્વોત્તમ ભોગોને ભોગવે છે. તે પછી પૃથ્વિ ઉપર બ્રાહ્મણના શુદ્ધ કુલમાં તેનો જન્મ થાય છે. તે પછી તે વિષ્ણુભગવાનની નિત્ય ઉપાસના કરે છે. તે શુદ્ધ ચિત્તવાળો મહાત્મા વિષ્ણુ સાયુજ્યની પ્રાપ્તિ અંતે કરે છે. તે પછી કેટલોક સમય જતાં તે મહાપદને પણ પામે છે. તેને અનેક પ્રકારના ભોગો આ પ્રકારે પ્રાપ્ત થાય છે અને તેથી પરમ તૃપ્તિને પામીને અંતે પરમજ્ઞાનને મેળવે છે, અને એ પ્રમાણે તે મુક્ત થાય છે. અથવા ચિત્તમાં રાગાદિદોષો હોય છે

તો તેને પ્રથમ વિષ્ણુસારૂપ્ય કે વિષ્ણુ સામીપ્ય કે વિષ્ણુ સાલોક્ય એમાંથી કોઈ પ્રકારની મુક્તિ પ્રથમ મળે છે અને તે પછી અનેક ભોગોને ભોગવી ને તેમનાં ચિત્ત જ્યારે શુદ્ધ થાય છે ત્યારેજ વિષ્ણુ સાયુજ્યને પામે છે. વળી વિષ્ણુભગવાનના અવતારરૂપ તેમની અન્ય મૂર્તિયોની ઉપાસના ઘણા કરે છે. તેના ફલરૂપે વિષ્ણુ સામીપ્યની પ્રાપ્તિ થાય છે. અને ક્રમેક્રમે વૃદ્ધિને પામતાં વિષ્ણુસાયુજ્ય મુક્તિને મેળવે છે. વિષ્ણુના અવતાર શિવાય વિષ્ણુ ભગવાનની પ્રતીક નામની અત્યંત અપર મૂર્તિયો છે. આ મૂર્તિયોનું સંસ્થાપન કરવામાં કામનાઓને તૃપ્ત કરવાના હેતુઓ હોય છે, તેથી તે પ્રકારની પ્રતીકોપાસના સકામ કરાય છે. તે ઉપાસનાના ફલરૂપે વિષ્ણુલોકના વિવિધ ભોગો જેમાં ભરેલા છે તે લોકની પ્રાપ્તિ થાય છે. તે પછી ક્રમે-ક્રમે વિષ્ણુ સામીપ્ય, તથા વિષ્ણુ સારૂપ્યની પ્રાપ્તિ થાય છે. તેમાં પણ વિવિધ ભોગરૂપ વૈભવોના અનુભવ કર્યા પછી ચિત્ત પરિપકવ થાય છે. તેથી અંતે શિવની ઉપાસનાનો અધિકાર થાય છે. અને શિવ પદને પ્રાપ્ત કરીને જ્ઞાનને મેળવે છે. અને અંતે એ રીતે પરમ મુક્તિને પામે છે.

જેમનાં ચિત્તના મલ પરિપકવ થયા ન હોય તે બ્રહ્મા આદિ અન્ય દેવોના લોકને પામે છે. ત્યાં મહાભોગોને ક્રમેક્રમે ભોગવે છે, અને છેવટે ભૂલોકમાં જન્મે છે.

કેટલાક પુરૂષો નિત્ય બ્રહ્માની ઉપાસના કરે છે. જેમણે રૂદ્રાક્ષની માળાને ધારણ કરી છે, જે ગૌર વર્ણવાળા છે, જેમના એક હસ્તમાં કમં-ડલુ શોભી રહ્યું છે, જેમણે પોતાના હસ્તને પ્રસારી રાખ્યા છે, અને તે દ્વારા નિરંતર લોકમાત્રને વરદાનો તથા અભય દાનોને આપી રહ્યા છે, એ પ્રકારના બ્રહ્મા ભગવાનના સ્વરૂપનું પોતાના હૃદયમાં તે પુરૂષો ચિંતન કરી રહ્યા છે. એ બ્રહ્માની ઉપાસનાથી બ્રહ્મસારૂપ્ય પ્રાપ્ત થાય છે. અને ચિત્ત વિશુદ્ધ હોય તો બ્રહ્મસાયુજ્યની પ્રાપ્તિ થાય છે. તે પછી અદ્વય સ્વરૂપ હું શિવ તેની પ્રાપ્તિ તેને થાય છે. મારા સ્વરૂપ વિષે તેને જ્ઞાનનો ઉદય થાય છે. અને એ રીતે તે મુક્ત થાય છે.

ચિત્ત પરિપકવ થએલું નહિ હોય તો બ્રહ્મ લોકની પ્રાપ્તિરૂપ સાલોક્ય તેને મળે છે. ત્યાં મહાસુખોને તે ભોગવે છે. અને પૃથ્વિ ઉપર સદાચારીના કુળમાં તે જન્મ લે છે. પૂર્વની ભાવનાના યોગથી ત્યાં બ્રહ્મ ભાવનાના પ્રેમ નો તેના હૃદયમાં ઉદય થાય છે વળી આ બ્રહ્મા ભગવાનની પરમ મૂર્ત્તિ

યોનો જે ઉપાસક છે તેને બ્રહ્મ સામીપ્ય મળે છે. તેમનાં હૃદય વિશુદ્ધ થએલાં હોય છે તો તેઓ ક્રમથી મને પ્રાપ્ત કરે છે. જેમના ચિત્તોમાં મલિનતા હોય છે, તેઓ ક્રમે વિવિધ ભોગોને ભોગવીને અંતે ભૂલોકમાં જન્મે છે. પરમેષ્ટિ બ્રહ્માની અત્યંત અપરમ મૂર્તિરૂપ તેમના પ્રતીકો છે. તે પ્રતીકોના ઉપાસકો સાલોક્યને પામે છે. જે ઉપાસકો શુદ્ધ હોય છે તે ક્રમે મુક્ત થાય છે. તેમના ચિત્તો મલિન હોય છે તો તેઓ મહાભોગોને ભોગવીને પાછા ભૂલોકમાં જન્મે છે.

જે ઉપાસકો એજ પ્રમાણે શ્રદ્ધા રાખીને નિત્ય કોઈ અન્ય દેવતાઓની ઉપાસના કરે છે તેમના ફલની સિદ્ધિ એક તો તેમના ચિત્તની પરિપકવા અવસ્થા જેટલે અંશે સિદ્ધ થએલી હોય છે તે પ્રમાણમાં તેમને ફળ મળે છે. વળી તે જે દેવતાની ઉપાસના કરે છે, તે દેવના ઉત્કર્ષના પ્રમાણથી પણ તે ફળના પ્રકારમાં ભેદ પડે છે. આ પ્રમાણે બન્ને હેતુઓને અનુસરીને સાલોક્યાદિ મુક્તિનાં પદોને તે મેળવે છે અને અંતે બ્રહ્માને પામે છે. તે પછી બ્રહ્માની ઉપર કહ્યા પ્રમાણેની ઉપાસના કરીને વિષ્ણુ ભગવાનને પામે છે તે પછી તેમની ઉપાસનાદ્વારા તેને મારી પ્રાપ્તિ થાય છે. મારી પ્રાપ્તિ થયા પછી મારા સ્વરૂપ સંબંધી જ્ઞાનને તે મેળવે છે. અને એ રીતે સંસાર બંધનથી છેવટે છુટીને પરમમુક્તિનો લાભ લે છે. જેમના અંતઃકરણમાં મલિનતા હોય છે તેઓ તો અનેક પ્રકારના ભોગોને ભોગવીને ભૂલોકમાંજ જન્મે છે.

કેટલાક ઉપાસકો એ પ્રકારે જાણે છે કે મૂર્તિ માત્રમાં મારો સદ્‌ભાવ છે. એ પ્રકારના જ્ઞાનપૂર્વક મહાન શ્રદ્ધાથી ગમે તે મૂર્ત્તિમાં મારી ઉપાસના કરે છે, તેવા ઉપાસકો ઉપાસ્ય મૂર્તિના ઉત્કર્ષના ક્રમથી તથા તેના પોતાના ચિત્તની પરિપકવતાના ક્રમથી ઉત્તરોત્તર ઉચ્ચ પદને પામતાં મારી જે સર્વોત્તમ પરમ મૂર્તિ છે તેની પ્રાપ્તિ કરે છે. તે પછી મારાથી શિવજ્ઞાનને મેળવે છે, અને તે દ્વારા પરમ ગતિને પામે છે. આ પ્રકારની આંતર કર્મરૂપ ઉપાસના નામના માનસ્ કર્મો તથા તેના ફળોની યોજના છે.

બાહ્ય કર્મો કરવામાં પણ એજ પ્રકારે વૃદ્ધિને પામતાં ક્રમેક્રમે મારા પદની પ્રાપ્તિ થાય છે. તે છતાં મારા સ્વરૂપ વિષયક જ્ઞાન તેને મળે છે. તે જ્ઞાનથી તે પરમ મુક્ત થઈ જાય છે. એવા ઉપાસકના અંતઃકરણમાં મલિનતા હોય છે તોપણુ તે તે લોકના સાલોક્યાદિ

પદરૂપ ફળને તે મેળવે છે. તે ફળના ભોગથી પુણ્ય કર્મનો ક્ષય થાય છે, એટલે પાછા આ ભૂલોકમાં તેઓ આવે છે. વળી પૂર્વવત્ પુનઃ કર્મોને કરે છે. આ બાહ્યકર્મોને કરવાથી અનેક જન્મોએ ઘણે કાળે ક્રમ વડે મુક્તિને મેળવે છે. તેની અપેક્ષાથી આંતર કર્મરૂપ માનસ કર્મથી ઉપાસના થતાં ટુંકાજ સમયમાં તે સિદ્ધિ થાય છે. જે સ્ત્રીયો પુરૂષોને વહાલી છે તેમાં તે વહાલના હેતુરૂપે તે સ્ત્રીયોનો તે નરો પ્રતિ જે પોતાના આંતરમાં પ્રેમ છે તે હોય છે, તેજ પ્રમાણે જંતુ માત્રના અંતરમાં જે મારે વિષે વહાલ છે, એટલે જે પ્રેમપૂર્વક મારૂં ધ્યાન જંતુઓ ધરે છે તે તેમની અભિમુખતાના પ્રમાણમાં તે જંતુઓ ઉપરનો મારો વહાલ છે. એમની અંતરની મારા પ્રતિની અભિમુખતા એજ તેમના પ્રતિ મારા પ્રેમને આકર્ષનાર હેતુ છે. શ્રુતિ ભગવતી શ્રી કઠોપનિષત્માં પહેલા અધ્યાયની બીજી વલ્લીમાં કહે છે કે

॥ नायमात्मा प्रवचनने लभ्यो न मेधया न बहुना श्रुतेन॥
॥ यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम्॥२१॥

આ આત્મરૂપ પરમેશ્વરની પ્રાપ્તિ વ્યાખ્યાનાદિ વાક્યચાતુર્યથી થતી નથી, બુદ્ધિથી થતી નથી, ઘણાં શાસ્ત્રો વાંચ્યાં હોય તેથી થતી નથી પણ જે એકલાનેજ સાધક વરે છે, તે તેનેજ પોતાનું સ્વરૂપ તે તેવા વરનાર અભિમુખ સાધકને તેની પ્રાપ્તિ થાય છે. આત્મદેવ વિશેષરૂપે ખુલ્લું કરીને આત્મદર્શન તેનેજ કરાવે છે.

બાહ્યકર્મ જ્ઞાનની ઇચ્છાને ઉત્પન્ન કરવાના સાધનરૂપ થાય છે. બાહ્ય કર્મદ્વારા કર્મના ત્યાગરૂપ વૈરાગ્યની ઉત્પત્તિ પણ થાય છે. તથા શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધાને સમાધાન એ પ્રકારની ષટ્સંપત્તિરૂપ જે જ્ઞાનનું સાધન તે પણ તેના વડેજ ઉત્પન્ન થાય છે. શ્રુતિ ભગવતી એ સાધનોને આ જન્મમાંજ સમ્યક જ્ઞાનની પ્રાપ્તિના અંગરૂપે ગણે છે.

પરમેશ્વરનાં કાશીપુરી આદિ જે ખાસ વિશેષ ફલપ્રદ સ્થાનો છે તેમાં માત્ર નિવાસ કરવાથીજ ત્યાં મરણ થયા પછી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

જે પ્રતિ દિવસ પ્રણવ મંત્રનો ૧૨૦૦૦ જપ કરે છે તેને મરણ પછી મારા પ્રસાદનો અનુભવ થાય છે અને તેથી તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વળી જે દરરોજ **॥ ॐ नमःशिवाय ॥** એ પ્રમાણે પ્રણવ સહ

પંચાક્ષર મંત્રનો ૧૨૦૦૦ જપ કરે છે તેને પણ મરણ પછી મારા સ્વરૂપ સંબંધી મહા જ્ઞાન થાય છે, અને તે પછી હું તેને પરાગતિની પ્રાપ્તિ કરાવું છું. વળી જે નિત્ય શતરૂદ્રીયના જપ કરે છે તેને પણ મરણ પછી જ્ઞાન મળે છે, અને તે પછી મારા સ્વરૂપનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરીને તે પરાગતિને પામે છે.

ઉપર જેજે બાહ્યકર્મોના સંબંધમાં મેં એવું કહ્યું છે કે તે વડે મરણ પછી મારા સ્વરૂપનું જ્ઞાન તેમને પ્રાપ્ત થાય છે તે સંબંધમાં એવું સમજવાનું છે કે સાધક સદાચારી હોય તોજ તે પ્રકારનાં ફળ તેને મળે છે. પણ તે સદાચારી ન હોય પણ મલિન આચારવાળો હોય તો તેવાને તો તે ફળ કદીજ મળતું નથી. જેમનાં ચિત્તોનો મળ એટલો બધો ધાડો હોય છે કે તેઓ પાપીષ્ઠ અને અશ્રદ્ધાળુ રહે છે તેમને માટે તે નથી. તેમને મુક્તિ આપવાને માટે તો જે મારાં શિવનાં સ્થાનોરૂપ પવિત્ર ક્ષેત્રો છે ત્યાં જઇને તેમણે વસવું એટલો એકજ ઉપાય તેમને મુક્તિ અપાવવાને માટે છે.

પૂર્વે કોલાહલ નામનો એક વૃશલ હતો. તે વિધેય કર્મોને કરતો હતો. એટલે શાસ્ત્રમાં જે કર્મ કરવાની આજ્ઞા છે તેનું પાલન કરતો હતો. છતાં તે કામની પીડાથી પરવશ બની ગયો. તેને પોતાની માના ઉપરજ મોહ કામવાસનાનો થયો તેથી તેણે પોતાના પિતાને મારી નાંખ્યો અને મોહાંધ થઇને પોતાની માને હરી ગયો. આ પાપીષ્ટ આવું કર્મ કર્યા પછી દીર્ઘસમય સુધી વેદારણ્ય નામના મારા વિશેષ સ્થાનમાં નિત્ય ભ્રમણ કરવા લાગ્યો. અને ત્યાંજ અંતે મરણને પામ્યો. આ વૃશલે મારા વેદારણ્ય સ્થાનમાં માત્ર નિવાસ કર્યો હતો. તેથી તે સ્થાનના માહાત્મ્યથી તેનાં આવાં ભારે પાપો પણ બળી ગયાં, અને તેના ચિત્તની શુદ્ધિ થઈ. વેદારણ્યમાં મારો નિવાસ છે તેથી મારા પ્રસાદનો અનુભવ તેને થયો તેથી તેને વેદાંત જ્ઞાન થયું. અને છેવટે તે અમૃત થયો, અને પરમ મુક્તિ મેળવી. માટે મુક્તિની ઇચ્છાવાળા જે હોય તેમણે તો જે મારાં મહિમાનાં ક્ષેત્રો છે ત્યાં જઇનેજ નિવાસ કરવો. એ પરમ મુક્તિના ઉત્તમ સરળ સાધન રૂપ છે. એ પ્રકારે શ્રી મહેશ્વરે મુક્તિના સાધનોને વર્ણવ્યાં.

એનું શ્રવણ કરીને શ્રી વિષ્ણુ ભગવાને પરમ ભક્તિથી શંકરને પ્રણામ કર્યા અને વિશેષ પ્રશ્ન કર્યો કે વેદારણ્યનું માહાત્મ્ય આટલું બધું છે, માટે તે

સ્થાન વિષે જે કહેવા જેવું હોય તે વિસ્તારથી કહો. તે ઉપરથી સદાશિવે નીચે પ્રમાણે વિવેચન કરવા માંડયું.

શ્રી વાલ્મીક નામનું મારૂં એક પુણ્ય ક્ષેત્ર છે, તે સ્થાનથી દક્ષિણ દિશાએ સમુદ્રનો તટ છે. ત્યાં મારૂં મહાસ્થાન છે. મારા બધા ભકતો તે સ્થાનમાં ભરાય છે. પૂર્વે એક સમયે જગતનો પ્રલય થતાં જગત્ આખું વિલયને પામ્યું હતું તે વખતે સનાતન વેદો સંસ્કાર રૂપે મારા સ્વરૂપમાં નિદ્રાને પામીને રહેલા હતા. તે પછી વર્તમાન કલ્પના આરંભમાં તે વેદો પૂર્વમાં જે નિર્મળ સ્વરૂપે હતા તે પ્રમાણેજ પ્રવૃત્ત થયા. તે મારા સ્વરૂપમાંથીજ ઉઠીનેજ થયા હતા. એ વેદોએ વિચાર્યું કે સમસ્ત લોકનું રક્ષણ હમારે કરવું જોઇએ. પછી વિચાર કરીને તેમણે શરીરને ધારણ કર્યાં અને અત્યંત શ્રદ્ધાપૂર્વક શ્રી વેદારણ્ય તીર્થમાં આવ્યા. એ સમુદ્રને કીનારે વેદ તીર્થ નામનું તીર્થ છે. ત્યાં તેઓ આવ્યા. એ તીર્થનો વિસ્તાર અર્ધ યોજન છે. તેની પહોળાઇ પા યોજન છે. ત્યાં તેમણે દર રવીવારે સ્નાન કર્યું. તે શિવાય પર્વના દિવસોમાં પણ તે તીર્થમાં નાહ્યા. તે પછી વેદારણ્ય નાયક શ્રી ઇશાન રૂપે જગદંબા દેવી સહિત હું ત્યાં વિરાજતો હતો તે મારી પૂજા તેમણે કરી તેથી તે સ્વરૂપે હું મહાદેવ ઉમાદેવી સહ તેમના ઉપર પ્રસન્ન થયો. અંબિકાપતિ મહાદેવ હું વેદોના ઉપર પ્રસન્ન થયો. તેથી તેમના ઉપર અનુગ્રહ કરીને મેં તેમને કૃતકૃત્ય કર્યા.

મારો વીર્યવાન પુત્ર સ્કંદ છે. તે પણ આ તીર્થમાં આવ્યા હતા. તેણે તેમાં સ્નાન કરીને મારૂં ભક્તિપૂર્વક પૂજન કર્યું હતું. તેમણે મને પ્રસન્ન કરીને મારા અનુગ્રહને પ્રાપ્ત કર્યો હતો, તેથી તેને મહા વીર્ય તથા પરાક્રમની પ્રાપ્તિ થઇ હતી. તારકાસુર નામનો દૈત્ય લોકોને ત્રાસ આપી રહ્યો હતો. તે અસુરમાં વીર્ય તથા પરાક્રમની અતિસીમા હતી. તેવા તારકાસુરને પણ તે સ્કંદે હણ્યો, અને એ પ્રકારે સર્વ લોકને પરમ સુખ કરી આપ્યું હતું.

શ્રી નારદ મુનિ પણ એજ વિદ્યારણ્યમાં પધાર્યા હતા અને પ્રાતઃકાળમાં ભક્તિપૂર્વક એજ તીર્થમાં સ્નાન કરીને પર્વના દિવસોએ શંકરની આરાધના કરી હતી. શંકરના કેવળ અનુગ્રહથી સંસારને છેદન કરનાર આત્મજ્ઞાનને તે પામ્યા હતા. સર્વજ્ઞ સનત્કુમાર દ્વારા તે જ્ઞાનની તેમને પ્રાપ્તિ થઇ હતી. યાજ્ઞવલ્ક્ય મુનિ પણ એજ તીર્થમાં નિવાસ કરીને પ્રાતઃકાલે

પૂર્ણ શ્રદ્ધા ભક્તિ સહિત તેમાં સ્નાન કરતા તથા પર્વના દિવસોએ શંકરની આરાધના કરતા હતા. શંકર રૂપ હું તેના કેવલ અનુગ્રહથી તે અત્યંત બુદ્ધિમાન યોગીશ્વર બન્યા- એજ પ્રમાણે ગાર્ગી તથા મૈત્રેયી એ બંને જણીયોએ તેજ મહા તીર્થમાં જઇને સ્નાન કર્યા હતાં. અને શંકરના લિંગ સ્વરૂપ મહાદેવની પર્વના દિવસોએ ત્રણ ત્રણ પ્રદક્ષિણાઓ કરીને સાષ્ટાંગ પ્રણામ કર્યા હતા. અને શંકરના અનુગ્રહથી તેમણે યાજ્ઞવલ્ક્ય મુનિ દ્વારા સત્ત્વર મુક્તિ આપનાર જે જ્ઞાન યોગ તેને પ્રાપ્ત કર્યો હતો.

તેજ પરમક્ષેત્રમાં શ્વેતકેતુ મુનિયે પણ સ્નાન કર્યું હતું. તે પછી તેમણે પરમ ભકિતથી શ્રી મહાદેવની ત્રણ પ્રદક્ષિણાઓ કરી, અને તે કરતે કરતે પોતાના બાપ શ્રી ઉદ્દાલક મુનિ પાસેથી તે આત્મજ્ઞાનને પામ્યા હતા. તે આત્મજ્ઞાનથી સંસારના કારણરૂપ અજ્ઞાનનો નાશ થયો હતો. પર્વના દિવસોએ સાક્ષાત્ વરૂણ દેવે પણ તે તીર્થમાં સ્નાન કરીને શ્રી મહાદેવજીનું આરાધન કર્યું હતું. મહાદેવનો પ્રસાદ થતાં આત્મ દર્શન તેમને થયું હતું. તેમના પુત્ર શ્રી ભૃગુઋષિ પણ તેમાં નાહ્યા હતા. તેમણે પણ શ્રી મહાદેવનાં દર્શન કરીને પ્રદક્ષિણાઓ કરી હતી તથા મહાદેવનું શિવાર્ચન કર્યું હતું, અને તેમને પ્રસન્ન કર્યા હતા. તેના ફલરૂપે બ્રહ્મતત્વ અને આત્મતત્વ એ બન્નેની અભેદરૂપે એકતાનું જ્ઞાન તે પામ્યા હતા. તેમણે વરૂણ પિતા પાસેથી અપરોક્ષ જ્ઞાનને મેળવ્યું હતું.

ત્રિશંકુ પણ એ સ્થાનમાં શ્રદ્ધાપૂર્વક રહ્યો હતો. પર્વના દિવસોએ સ્નાન કરીને મહાદેવની ત્રણ પ્રદક્ષિણાઓ કરતો. અને પ્રણામ કરતો. તેથી તેને સુદૃઢ અને દુઃખ માત્રને કાપી નાંખે તેવું પરમ વિજ્ઞાન પ્રાપ્ત થયું હતું. આ વેદારણ્ય ક્ષેત્ર અત્યંત સુંદર છે. મનુષ્યોએ શ્રદ્ધાપૂર્વક તેમાં સ્નાન કરીને શ્રી અંબિકાનાથનાં દર્શન કર્યાં છે તથા તેમની પ્રદક્ષિણાઓ કરી છે તેથી શ્રી મહાદેવજી તેમના ઉપર પ્રસન્ન થયા છે. તે શંકરના પ્રસાદ વડેજ તેમને વૈદિક બ્રહ્મ વિજ્ઞાન મળ્યું છે, અને તે પ્રમાણે તેઓએ પરમ મુક્તિનો લાભ લીધો છે.

આ શ્રી વેદારણ્ય તીર્થમાં જો કોઈ મનુષ્ય ભૂમિનું દાન કરે છે તો તેને રુદ્રલોકની પ્રાપ્તિ નામનું સાલોક્ય પદ મળે છે. તે ભૂમિના ઉપર સુંદર આશ્રમ બાંધીને તે સહિત દાનમાં ત્યાં આપે છે તો રૂદ્રના સાયુજ્ય પદને પ્રાપ્ત કરે છે. તે તીર્થમાં ધનનું દાન કરે છે કે ધાન્યનું દાન કરે

છે તો દાતા કુબેરના જેવો શ્રીમાન થાય છે. ત્યાં અન્નનું દાન આપનારો પુષ્કળ લક્ષ્મીને મેળવે છે અને આરોગ્ય સંપન્ન થાય છે. જો ત્યાં તલનું દાન કરે છે તો તે દાન વડે મહા પાપમાંથી છુટે છે. ત્યાં કન્યાનું દાન આપનારો પાર્વતી લોકને પામીને તે પ્રકારના સાલોક્ય પદને મેળવે છે. ત્યાં વસ્ત્રનું દાન કરનાર દેવેન્દ્ર થાય છે.

આ પુણ્ય તીર્થમાં કેટલાક દિવસો ખાસ પર્વરૂપે ગણાયા છે. એકતો જ્યારે સૂર્ય વિષુવમાં પ્રવેશ કરે છે તે સમય, સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ, વ્યતિપાત યોગ, જે દિવસે ચંદ્ર આર્દ્રા નક્ષત્રમાં હોય તે દિવસ, દરેક સોમવાર તથા તે શિવાય પર્વના ગણાતા હોય તે સર્વ દિવસો, એ પ્રમાણેના દિવસોમાં સંપૂર્ણ શ્રદ્ધાથી આ તીર્થમાં સ્નાન કરવું. શ્રી મહાદેવજીની ત્રણ પ્રદક્ષણાઓ કરવી. તે પછી તેમને દંડવત્ પ્રણામ કરવા. વળી દીપદાન કરવું. એક નિષ્ક જેટલા ધનનું દાન શિવયોગિને શ્રદ્ધાપૂર્વક આપવું, અને ઉપવાસ કરવા. એ પ્રમાણે જે કરે તે મુક્તજ છે તેમાં કાંઇજિ સંશય નથી.

વળી ગમે તે દિવસે સુમુહૂર્તમાં તે તીર્થમાં સ્નાન કરવું. મહેશ્વરનાં દર્શન કરવાં અને એક પણ જેટલા ધનનું શિવયોગિના કરમાં આનંદપૂર્વક દાન આપવું. તે પ્રમાણે કરનારો બ્રહ્મહત્યાદિ પાપોનો નાશ કરે છે. તેજ સ્થાનમાં તે મૃત્યુને પામે છે તો તેને મુક્તિ મળે છેજ તેમાં સંશય નથી.

આ સ્થાન મારા ભક્ત માત્રના સર્વ રોગને હરવા માટે નિર્મિત થએલું છે. મારી દેવી શ્રી અંબિકા તથા મારા મહાત્મા ભક્તો આ સ્થાનમાં નિવાસ કરી રહેલા છે. તેમના દ્વારા આ સ્થાનના માહાત્મ્યમાં વૃદ્ધિ થઇ છે. પુણ્ય ફલપ્રદ આ સ્થાનને તે સર્વ સેવે છે. ભોગ તથા મોક્ષ નામની બંને સિદ્ધિયોને તે પૂર્ણ કરે છે. આપે કરેલા પ્રશ્નમાં આ પ્રમાણે સંક્ષેપમાં મુક્તિના ઉપાય મેં તમને કહી સંભળાવ્યા છે. જે શ્રદ્ધા હીન હોય તેવાઓને આ મુક્તિયોના ઉપાયોનું શ્રવણ કરાવવાનું નથી. કેવલ શ્રદ્ધાવાળાનેજ તેમના હિતને અર્થે આ ઉપાયોનું જ્ઞાન આપવાનું છે. એ પ્રમાણે શ્રવણ કરીને શ્રી હરિ સંતોષને પામ્યા.

એ રીતે શ્રી મુક્તિ ખંડમાં મુક્તિના ઉપાય નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુક્તિ ખંડ.

અધ્યાય. ૪.

મોચક સ્વરૂપ.

મુક્તિનું સ્વરૂપ તથા તેના ઉપાયો કહ્યા. હવે એ મુક્તિને આપનાર મોચકનું સ્વરૂપ આ અધ્યાયમાં આંતર આખ્યાયિકારૂપે શ્રી મહાદેવજી કહે છે.

પૂર્વે એક સમયે શ્રી સરસ્વતી દેવી મારી પાસે આવ્યાં હતાં. તે સર્વ વિદ્યાની ખાંણરૂપ છે. સર્વનું કલ્યાણ કરવામાંજ એ રમણ કરી રહ્યાં છે. ॥ अ ॥ કારથી ॥ क्ष ॥ કાર સુધીના નિર્મલ વર્ણોની પ્રતીતિરૂપે એમનું સ્વરૂપ પ્રકટ થયું છે. હસ્ત વડે જ્ઞાનમુદ્રાને બતાવી રહ્યાં છે. રૂદ્રાક્ષની માળાઓ વડે સર્વાંગે અલંકૃત થયાં છે. હસ્તમાં સુવર્ણનું કમંડલુ ઝળકી રહ્યું છે. જ્ઞાન માત્રના મહારત્નકોશરૂપ પુસ્તક તેમના હાથમાં પકડી રાખ્યું છે. મોગરાના ઢગલા ઉપર ચંદ્રનો પ્રકાશ પડવાથી જે પ્રકારના સૌંદર્યાદિનું ભાન થાય છે, તે પ્રકારનું ભાન કરાવતાં જેમના કાને એ કુંડલ લળકી રહ્યાં છે. પ્રસન્ન મુખમુદ્રા જેની છે, દિવ્ય તથા વિચિત્ર કડકીયાં જેના અંગ ઉપર શોભી રહ્યાં છે, ને સુંદર કેશનો મોટો અંબોડો જેમના મસ્તકને શોભાવે છે. શુદ્ધ અર્ધચંદ્રવડે જેનું ભાલ શોભી રહ્યું છે, પદ્માસન ઉપર બેઠાં છે, નીલગ્રીવા ત્રિલોચના, સર્વ લક્ષણથી સંપૂર્ણ, સર્વ આભરણોથી શોભતી, મુની દેવ ગંધર્વ તથા રાક્ષસો જેમની ઉપાસના કરી રહ્યા છે એવાં સરસ્વતી દેવી મારી પાસે આવ્યાં. તેમણે ભક્તિથી મને દંડવત્ પ્રણામ કર્યાં. તેમણે મને આજ પ્રશ્ન પુછ્યો હતો અને મને બહુજ દયા આવ્યાથી સર્વનું હિત થવા અર્થે નીચે પ્રમાણે મેં તેમને ઉત્તર આપ્યો હતો. તે હું તમને પુનઃ કહી સંભળાવું છું.

જગતમાં બ્રહ્માથી સ્થાવર સુધીના જીવજંતુઓ નિવસે છે. તે સર્વને પોતપોતાનાં કર્મો વળગેલાં હોય છે. એ કર્મોનો પરિપાક થયો હોતો નથી, ત્યાં સુધી હું તેમને તે કર્મના ફલ રૂપ ભોગોને આપું છું. જ્યારે તે કર્મ માત્ર પરિપકવાવસ્થામાં આવે છે ત્યાર પછી હું તેમને મોક્ષ આપું છું. આ પ્રકારે એ સર્વને હું પાળું છું, બાંધું છું, તથા છોડું છું તેથી એ પશુઓ છે. અને તેમનો પાલક તથા મોચક હું પશુપતિ છું. જે પાશ વડે હું તેમને બાંધું છું તે ત્રિગુણમયી માયા છે, અને તે માયામાંથી તેમને છોડનાર મોચક હુંજ છું. ભલી શ્રુતિ પણ મનેજ મોચકરૂપે ગણે છે.

પ્રમાણોમાં વિશેષ બળને ધારણ કરનારી સનાતની હોવાથી શ્રુતિ ગણાય છે. આપ્ત પુરૂષનું વચન પ્રમાણ રૂપ કહેવાય છે. તેના કરતાં પણ શ્રુતિ ભગવતીનું બળ વિશેષ છે. શાસ્ત્રમાં જે કર્મો કરવાની સાક્ષાત આજ્ઞા છે તે કરવાં. જે કર્મોના સંબંધમાં એવી આજ્ઞા છે કે તે નહિ કરવાં એવાં તે નિષિદ્ધ કર્મોથી દૂર દહેવું. એ પ્રકારની શાસ્ત્રાજ્ઞાનું પાલન કરવામાં સ્ખલન કરવું નહીં. એમ થવાથી તે સ્ખલન રૂપ અકરણ નિમિત્તથી પાપનો ઉદય થતો નથી. તેથી તે પ્રકારના પાપોના નિમિત્તને દૂર કરવાના ઉદ્દેશથી નૈમિત્તિક કર્મો કરવાનાં રહેતાં નથી. અમુક અમુક વિષયોની કામનાથી પ્રેરાઇને કામ્ય કર્મો પણ તે પ્રકારની કામના નિવૃત્ત થએલી હોવાથી રહેતાં નથી. એમ થવાથી ભોગના હેતુ રૂપ પુણ્યનો પણ ઉદય થતો નથી એટલે એવો મહાત્મા નવીન પુણ્ય પાપને ઉમેરતો નથી. માત્ર પૂર્વ કૃત પુણ્ય પાપ શેષ રહેલાં છે. તે પુણ્ય પાપ પણ તેના ફલના ભોગદ્વારા ક્ષય થતાં જાય છે. આ પ્રમાણે નિરંતર ચાલુ રાખતાં કેવલ નિત્ય કર્મ વડેજ અંતે કાંઈજ વિશેષ યત્ન કર્યા શિવાય પુણ્ય પાપ રૂપ કર્મ માત્રમાંથી છુટવા રૂપ મુક્તિ સિદ્ધ શા માટે થઇ શકે નહિં ? આ પ્રકારની શંકા સહજ અશ્રદ્ધાલુને થાય છે. વળી બીજી શંકા એવી થાય છે કે ઉપર પહેલી શંકામાં કહ્યું તે પ્રમાણે મુક્તિ અનાયાસ વગર મોચકે સિદ્ધ થાય છે એ વાત ન માનીએ અને ધારો કે મોચકની જરૂર છે એવું કબુલ કરીએ તો પણ શિવજ એ મોચક છે એમ શા માટે માનવું ? જેવી રીતે મહાદેવ કહે છે કે હું મોચક છું તેજ પ્રમાણે અન્ય કોઈ કહે કે હુંજ મોચક છું, તો તે અન્યને મોચક રૂપે શા માટે નહીં ગણવો ?

ઉપર પ્રમાણેની શંકાઓ કરવી અયોગ્ય કુતર્કરૂપ છે. શ્રી ગર્ભોપનિષદ્‌માં શ્રુતિ ભગવતી સમાધાન આપે છે કે

॥ अहो दुःखो दधौ मग्नो न पश्यामि प्रति क्रियाम् ॥
॥ यदि योन्याः प्रमुच्येऽहंतत्प्रपद्ये महेश्वरम् ॥
॥ अशुभ क्षयकर्तारं फल मुक्ति प्रदायकम् ॥

"અહો! આ દુઃખના સમુદ્રમાં હું ડુબી રહ્યો છું. આ દુઃખમાંથી નિકળવાના માર્ગને હું દેખતો નથી. પાપ માત્રનો ક્ષય કરનાર શ્રી મહેશ્વર છે. ફલને તથા મુક્તિને સારી રીતે મહેશ્વરજ આપે છે. માટે આ યોનિ યંત્રમાંથી છુટું કે તરતજ હું મહેશ્વરને શરણે જઈશ." એ પ્રમાણે મહેશ્વરને શ્રુતિ ભગવતી મોચક કહે છે.

જ્ઞાન એ વસ્તુ સ્વતઃજ પ્રમાણરૂપ છે. સૂર્યને તે ઉદય થએલો છે કે નથી, એનો નિર્ણય કરવા સારૂ દીપવડે તેને જોવો પડતો નથી. તેનો ઉદય તેના તેજ વડેજ અનુભવાય છે. તેજ પ્રમાણે જ્ઞાનોદયના સંબંધમાં પણ છે.

જે વસ્તુનો અમુક સમય સુધી અભાવ છે અને તે પછી તેને ઉત્પન્ન કરેલી હોય છે તે વસ્તુને પોતાની ઉત્પત્તિની પૂર્વે કારણ નામના અન્ય દ્રવ્યની અપેક્ષા હોય છે. અને તે કારણ નામના દ્રવ્યમાં જે જે કાંઈ દોષો હોય છે તે સર્વ દોષો પણ તે કાર્યરૂપ વસ્તુમાં આવી પડે છે. તે કારણરૂપ દ્રવ્યના સ્વરૂપમાંથી આવી પડતા દોષોની પ્રાપ્તિ શ્રુતિભગવતીમાં નથી. કારણ કે શ્રુતિભગવતીનું સ્વરૂપ અનાદિ છે. તેને કોઈએ બનાવી નથી, તેથી બનાવનારરૂપ કારણનો તેના સંબંધમાં સદ્ભાવ નથી. તેથી કારણગત દોષોથી શ્રુતિભગવતી અન્ય પ્રમાણોની માફક અપ્રમાણ નથી. શ્રુતિમાં જેવી રીતે ઉપર પ્રમાણે કારણના અભાવને લીધે કારણગત દોષો નથી તેજ પ્રમાણે તેના પોતાના સ્વરૂપમાં પણ સ્વગત દોષો નથી. તેથી શ્રુતિ વચનો અપ્રમાણ નથી.

શ્રુતિ શિવાયનાં પ્રત્યક્ષાદિને પ્રમાણરૂપે વ્યવહારમાં ગણાયલાં છે. આ સર્વની ઉત્પત્તિ હોય છે. એ તેમાં પહેલો દોષ છે. વળી તે કાર્યરૂપ હોવાથી વિનાશી છે. એ સ્વગત દોષ ઉપરાંત અવિદ્યા તેના કારણરૂપ છે. એ અવિદ્યાજ દોષમયી છે. તેથી તે સર્વ પ્રમાણોમાં કારણગત દોષોનો પણ સદ્ભાવ છે. આ પ્રમાણે અન્ય પ્રમાણો દોષવાળાં હોવાથી વેદવાક્યથી જ્યાં જ્યાં વિરોધિ સ્વરૂપે પ્રતીત થાય ત્યાં ત્યાં તેમને કુતર્કરૂપે

ગણીને તેમનો સત્વર નિર્ભયપણે ત્યાગ કરવો. તેમને પ્રમાણરૂપ ગણવાની શંકા સરખી પણ કરવી નહિ.

સ્મૃતિ, પુરાણ, ભારત આદિ મૂલ વેદવાક્યો ઉપરથી રચાયલાં છે. તેથી તેમાં કાંઈ પણ વેદ વિરૂદ્ધ હોઈ શકે નહિ, તેથીજ તેમને પણ પ્રમાણરૂપે ગણેલાં છે. છતાં તેમાં કોઈ કોઈ ઠગારાઓએ વેદ વિરૂદ્ધ વચનોને પાછળથી ગોઠવી દીધાં છે. તેવાં વાક્યોને દૂર કરવાનું કામ કઠીણ નથી. સાક્ષાત્ વેદ ઉપરથીજ રચાયલાં આ શાસ્ત્રો હોવાથી તે પ્રમાણરૂપ ગણાયાં છે. માટે જે જે અંશમાં તે શ્રુતિના વાક્યોથી વિરોધિ હોય તેટલો અંશ વેદના આધારે રચાયલો નથી એ ઉઘાડું છે. તેથી તેટલો અંશ અપ્રમાણરૂપ છે. જે અંશ શ્રુતિના વાક્યોથી પ્રત્યક્ષ રીતે વિરોધિ ન જણાય તેટલા અંશને શ્રુતિ સંમતરૂપે ગણીને તેમને પ્રમાણરૂપે સ્વિકારવાં.

પણ પાંચ રાત્રિ આદિ આગમ શાસ્ત્રોમાં તો પ્રત્યક્ષ લખેલું છે કે વેદને આધારરૂપે તેઓ ગણતા નથી. એટલુંજ નહિ પણ તે વેદથી વિરોધિજ છે. તેટલા માટે તે શાસ્ત્રો સર્વદા અપ્રમાણ છે. સ્મૃતિ, પુરાણ, મહાભારત આદિ સ્વતઃ વેદ મૂલક છે. છતાં પણ જે કારણથી તેમાં પ્રતીત થતાં વાક્યો શ્રુતિથી સાક્ષાત્ વિરોધી હોય તે અપ્રમાણ રૂપ છે. તેજ કારણથી આ શાસ્ત્રો પણ અપ્રમાણ છે. એકલા વેદોજ અનાદિ છે. ને તે શાસ્ત્રો નથી તેથી કારણ કાર્ય ભાવ નામનો વિકાર એ શાસ્ત્રોમાં છે. તેથી અનિત્યતા નામનો તેમાં સ્વગત દોષ છે. પોતાની ઉત્પત્તિ પૂર્વે તેવા શાસ્ત્રોનો સદ્‌ભાવ નથી. તેમજ અનિત્ય હોવાથી વિનાશ પછી પણ તેમનો સદ્‌ભાવ નથી. માત્ર વચલા વખતમાં ભ્રમથીજ મલિન ચિત્તવાળાઓ તેમને પ્રમાણ રૂપ ગણી બેઠા છે. વળી આ શાસ્ત્રોને રચનાર મનુષ્યો જે તેમના કારણ રૂપ છે તેઓ પણ દોષ રહિત નથી. વેદ ઉપર સાક્ષાત્ અશ્રદ્ધાનો ઉદય તેમના અંતઃકરણની મલિનતા વિના સંભવતો નથી. એ મલિનતા દૂર થાય છે ત્યારેજ શ્રુતિ વાક્યો ઉપર શ્રદ્ધા ચોટે છે. તેથી તે શાસ્ત્રોના રચનારના અંતઃકરણોમાં રહેલા એ દોષોના કાર્ય રૂપ આ વિભ્રમ એ શાસ્ત્રોમાં રહેલા હોય છે તેથી તે શાસ્ત્રો સાક્ષાત તે બંને દોષોના કારણથી અપ્રમાણ છે. અરે! એજ પ્રમાણે સ્મૃતિ પુરાણ તથા મહાભારત આદિમાં સાક્ષાત શ્રુતિના વચનોનાં વિરોધી વાક્યોની સ્થિતિ છે. પણ જે વાક્યો તેમાં શ્રુતિથી વિરોધી નથી તેની બાબતમાં

વ્યવસ્થા જુદિ છે. શ્રુતિ, સ્મૃતિ તથા મહાભારતના પ્રયોજકો શ્રુતિ ભગવાતીના વાક્યોને આધાર રૂપે લે છે. શ્રુતિ ભગવતીના વાક્યોઉપર તેમની પૂર્ણ શ્રદ્ધાને તે સૂચવે છે. તેથી સિદ્ધ થાય છે કે તેમનાં અંતઃકરણો કેવલ નિર્મલ છે. અને તેમણે પ્રયોજેલાં શાસ્ત્રો દ્વારા માત્ર શ્રુતિ વાક્યોનાં તાત્પર્યોજ લોક હિતાર્થે વહી આવેલાં છે. તેથી તેમાં સ્વગત તથા કારણગત દોષોનો સંભવ નથી. માટેજ તેટલે અંશે તે પ્રમાણરૂપ છે. આ પાંચરાત્ર આદિ આગમો વેદથી સ્વતંત્ર હોવાથી ભ્રાન્તિ મૂલકજ છે. ઉપર ઉપરથી જોનારને પ્રમાણવત્ દેખાય છે. પણ તેથી છેતરાવાનું નથી. આગમો આ પ્રમાણે અપ્રમાણ છે છતાં તેમાંના કેટલાક અંશો વેદથી વિરોધી નથી તે અંશો કેટલાક અધિકારીયોને માટેપ્રમાણભૂત છે. જે પ્રાણીયો વેદ માર્ગથી અત્યંત ખસી ગએલા છે, તેમના ઉપર પાંચરાત્ર આદિઆગમો કાળે કરીને ઉપકારક થાય છે. છતાં તે તાંત્રિકો મને પ્રત્યક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. તેમની અને મારી વચ્ચે વ્યવધાન રહેછે. એ પ્રકારના વ્યવધાન વિનાની મારા સ્વરૂપની પ્રાપ્તિ તો જે પ્રાણીયોની એકલા વેદમાંજ નિષ્ઠા હોય છે તેમનેજ થાય છે. તેમાં પણ જેમની નિષ્ઠાકર્મમાં હોય છે તેમને પ્રથમ જ્ઞાનનિષ્ઠાની પ્રાપ્તિ થાયછે, અને તે નિષ્ઠા દ્વારાજ તેને મારી પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે કર્મ નિષ્ઠામાં વૈદિક નિષ્ઠાવાળા તાંત્રિકોના કરતાં શ્રેષ્ટછે. એ જ્ઞાનનિષ્ઠાવાળા કર્મનિષ્ઠાવાળા કરતાં શ્રેષ્ઠછે. એ જ્ઞાનનિષ્ઠાવાળાઓને મુમુક્ષુ એટલે મુક્તિની ઇચ્છાવાળા કહ્યા છે. મુમુક્ષુ કરતાં જ્ઞાન જેમણે પ્રાપ્ત કર્યું છે, તેવો જ્ઞાની વિશેષ છે. કારણકે મુમુક્ષુ તો મને પ્રાપ્ત કરે છે ત્યારે હું એમને મળું છું. તેથી તે પ્રમાણે બન્નેમાં ભેદનું ભાન થાય છે. એટલોજ મુમુક્ષુ અને જ્ઞાની વચ્ચે તફાવત છે. પણ અજ્ઞાનીને તો હું મળતો નથી. તો હું તો તે જ્ઞાનીઓના સાક્ષાત કેવલ આત્માજ છું. તે જ્ઞાનીને આત્મરૂપેજ મારી પ્રાપ્તિ પૂર્વથીજ છે. હું તેને અપ્રાપ્ત નહિ હોવાથી તેને મળવાનું બાકી મારે રહેલું હોતુંજ નથી.

જ્ઞાનીની માફક અન્ય સર્વ એટલે અજ્ઞાનીમાં પણ હું તેમનો આત્મભૂત તો છું, તેથી એ વાર્તામાં જ્ઞાની અજ્ઞાની વચ્ચે ભેદ નથી. અંતઃકરણની વૃત્તિ અજ્ઞાનીની મારા સ્વરૂપને ઢાંકી દે છે તેથી મારા અસ્તિત્વના અભાનનો તેની વૃત્તિ અનુભવ કરે છે. તેથી હું તેમને અપ્રાપ્ત ભાસું છું. માટે તેમના સંબંધમાં મારી પ્રાપ્તિ થવાની બાકી રહેલી હોયછે, તેથી 'હું તેમને મળું છું' એમ કહેવાયછે. હુંજ સર્વનો આત્મભૂત છું. તેથી સર્વ પશુઓનો મોચક હુંજ છું.

મારાથી ભિન્ન હોય એવો કોઈ પણ અન્ય અજ્ઞ પુરૂષ પણ નથી એ પ્રમાણે શ્રુતિભગવતી કહે છે. તો સાંબ ઇશાનરૂપ જે હું તેનાથી અન્ય મોચક કયો હોઈ શકે?

સ્વભાવથીજ હું અસંસારી છું તથા સર્વજ્ઞ છું. મારાથી કાંઈ પણ અન્ય વસ્તુ હોય તો તે પ્રકૃતિ છે, અથવા તો સંસારી છે. તે બે શિવાય ત્રીજું કાંઈ નથી. તેમાં જે સંસારીયો છે તે તો વિજ્ઞાનથી રહિત છે, તેથી માયાવડે ઢંકાયલા છે. તે પ્રકારનું આવરણ પાશરૂપે તેમને સદા બાંધી રાખે છે. એ સંસારીઓ પોતેજ એ પ્રમાણે બંધાયલા છે તો તેમાંથી કોઈ પણ અન્યને તેમના બંધનમાંથી છોડાવે તેવો સંભવ હોઇ શકેજ નહિ. તેથી સંસારીયોમાંથી કોઈ પણ મોચક નથી. હવે પ્રકૃતિ તો કેવલ જડ છે. એ જડ પ્રકૃતિની વ્યવસ્થા અન્ય સચેતન પ્રાણિયોજ કરે છે. પોતાની વ્યવસ્થા કરવા માટે લેશ પણ ઉદ્યમ કરવાનું જેનામાં સામર્થ્ય નથી તે અન્યને છોડાવીને મોચક બને એવી નથીજ એમ કહેવાની પણ જરૂર રહેતી નથી. માટે સંસારી તથા પ્રકૃતિ એ બન્નેથી વિલક્ષણ લક્ષણવાળો, નિત્ય મુક્ત, જે હું શિવ છું તેજ ભોગ તથા મોક્ષરૂપ પુરૂષાર્થમાંથી જે જેની ઇચ્છા કરે છે તે તેની સિદ્ધિ સર્વ પશુઓ પાસે કરાવું છું. શ્રુતિ ભગવતી કઠોપનિષત્‌માં બીજી વલ્લીમાં કહે છે કે:—

॥ नित्योनित्यानां चेतन श्चेतना नामेको बहूनां यो विदधाति कामान् ॥
॥ तमात्मस्थंयेऽनुपश्यंति धीरास्तेषां शान्तिः शाश्वतीनेतरेषाम् ॥

આ નિત્યરૂપે પ્રતીત થતું આખું જે કાંઇ છે તેમાં તે એકલોજ નિત્ય છે. જે ચેતનવાળા દેખાય છે તેમાં તે એકલોજ ચૈતન્યમય છે. જે સર્વત્ર વ્યક્તિરૂપે બહુ છે એમ દેખાય છે તે સર્વમાં એકજ રૂપે તે છે. સંસારિયો જે જે કામનાઓ કરે છે તે સર્વને વિવિધરૂપે બધા વિષયોને આપનારો તે એકજ છે. સર્વના આત્મામાં આત્મરૂપે તે સ્થિર થઇને રહેલો છે. જે બુદ્ધિમાન પુરૂષો એવા મહેશ્વરને પોતાના આત્મામાં રહેલા મહેશ્વર વડે તેજ મહેશ્વરરૂપે અનુભવે છે તેમનેજ સર્વદા ટકે એ પ્રકારની શાન્તિ મળે છે, અન્યને મળતી નથી.

આ પ્રમાણે મારૂં વાક્ય સાંભળીને ત્રયીમયી જગદંબા સરસ્વતીએ ભક્તિ પુરઃસકર મારૂં પૂજન કર્યું. હે વિષ્ણુ ભગવાન આપ પણ અત્યંત પુણ્યવાન અને મારા ખાસ ભક્ત છો. તમારા જેવો અન્ય કોઇજ નથી. તેથી આ વાર્તાને મેં આપને કહી છે. જેની નિષ્ઠા વેદમાર્ગમાં છે અને તે નિષ્ઠાને અનુસરીને પ્રેમપૂર્વક ધર્મનું પાલન નિર્મળ બુદ્ધિવાળા બ્રાહ્મણો છે તે, આ વાર્તાને શ્રવણ કરવાનો અધિકાર મેળવવા સારૂં કરે છે, જે અમાની છે, જેઓ મહારા ભક્ત છે, તેજ ખરા અધિકારી છે. માટે આ જે અર્થ મેં આપને કહ્યો છે તે આપે તેવા મનુષ્યને કહેવો. ગમે તેવો અનધિકારી મનુષ્ય હોય તેવાને કહેવાનો નથી.

શ્રી પુરૂષોત્તમ વિષ્ણુભગવાને શ્રવણ કર્યું. આદિભૂત, અંબા સહાય્ય, નિર્મળ ચંદ્રની કળાથી શોભતા, સર્વ દેવો તથા યોગીયો જેમની પૂજા કરી રહ્યા છે એવા શ્રી મહાદેવજ સંસારથી છોડાવનાર મોચક છે. એ વાર્તાનું જ્ઞાન તેમને થયું. તેથી પરમભક્તિ પૂર્વક શંકર ભગવાનને શરણે તે થયા. પછી સર્વના નાથ, અમૃત, અદ્વય, સત્ય, જે જ્ઞાનમાં પર અને અપર એવા ભાગને અવકાશ નથી તેવા અંતિમ જ્ઞાનરૂપ, તે સદાશિવની વાણીથી સ્તુતિ કરી. એ રીતે જે કાંઇ કરવાનું તે પૂર્ણ થવાથી કૃતકૃત્યતાના અનુભવરૂપ તૃપ્તિ થઈ. એટલે આદર પૂર્વક શંકરના સ્વરૂપમાંજ પરવશ થઇને રહ્યા.

પ્રત્યક્ષ ઉપદેશથી જે કાંઈ સમજાય છે અને શ્રદ્ધા જેવી બેસે છે તેના કરતાં અધિક ગુણ કાર્ય આખ્યાયિકાથી થાય છે. તેથી મોચકના સ્વરૂપનું વિશેષ ભાન કરાવનાર બીજી આખ્યાયિકાનો આરંભ શ્રી સૂત ભગવાન કરે છે.

પૂર્વે એક બ્રાહ્મણ હતો. તે અત્યંત શ્રદ્ધાવાન હતો. તે વૈદિક કર્મોમાં પ્રતિવાળો હતો. શ્રદ્ધાપૂર્વક વૈદિક કર્મોનાં અનુષ્ઠાનોને કરીને તેણે પોતાના પાપ માત્રને બાળીને ભસ્મ કરી નાંખ્યાં હતાં. તેથી તેનું હૃદય અત્યંત વિશુદ્ધ થયું હતું. તેથી જન્મ મરણના દુઃખોનું તેને ભાન થયું હતું. તેથી જન્મ મરણનો તેના અંતઃકરણમાં અત્યંત ભય ઉત્પન્ન થયો હતો. તે ભયમાંથી છુટવાને માટે તેણે ઉદ્યમને આરંભ્યો. એક પછી એક ભિન્ન ભિન્ન દેવતાઓ મને જન્મમરણ રૂપ સંસારમાંથી છોડાવશે એ પ્રમાણે માનીને ક્રમે ક્રમે સઘળાજ દેવતાઓની તેણે આરાધના કરી. જે જે દેવતાની તે એક પછી એક આરાધના એ પ્રકારે કરતો ગયો તેમ તેમ તેને જણાયું કે તે તે દરેક દેવતા પોતેજ જન્મ તથા મરણને વશ હતા. જન્મમરણના જે પાશમાંથી ત્રાસીને છુટવા અર્થે તે બ્રાહ્મણ ઉપાસના કરતો હતો તેજ પાશથી

બંધાયલા એક દેવતાને જોતાં તેનો ત્યાગ કરીને અન્ય દેવતાને શરણે તે જતો ગયો, અને તેજ પ્રમાણે સર્વ દેવતાઓના સંબંધમાં એક પછી એક એ પ્રમાણેજ ક્રમે બન્યું. તેથી છેવટે તેણે સર્વ દેવતાઓનો ત્યાગ કર્યો. તે પછી તેણે વિચાર કરવા માંડયો. ભગવાન, ત્રિલોચન, જેણે પોતાની જટાનું જૂથ ખુબ લાંબુ બાંધી દીધું છે તેવા ચંદ્રની રેખાથી શોભતા, નીલગ્રીવ, શરદ ઋતુની રાત્રિયે પુર્ણ ચંદ્રની કુમુદિનીની માફક શોભતા, ગાયના દુધ જેવા ગૌર, જેમનું મુખ ચંદ્રના બિંબ જેવું સુંદર છે એવા, જેમના મુખ ઉપર સ્મિત ઝળકી રહ્યું છે એવા સુપ્રસન્ન, એકલા નિજાત્મ તત્વમાંજ રૂડી રીતે સ્થિર થએલા, ગંગાધર, શિવ, શાન્ત, જેના હાથ ઉપર કડું શોભા આપતું રમણ કરી રહ્યું છે તેવા, સર્વ પ્રકારના આભરણોથી અલંકૃત, સર્વ લક્ષણોવાળા, વીરાસનને વાળીને સ્થિર બેઠેલા, વેદવિધિયુક્ત યજ્ઞોપવીત જેમણે ધારણ કરેલું છે તેવા, સર્વાંગે ભસ્મનું ઉદાર લેપન હોવાથી સર્વતઃ પ્રકાશી રહેલા, સુંદર જણાતા, આભરણોને સ્થાને નાગના સમૂહો ધારણ કરી રહેલા, શુદ્ધ યોગપટ્ટને જેણે ઓઢી લીધું છે તેવા, શુભ, સર્વ પ્રાણીના આત્માભૂત એવા શ્રી શંકરમહાદેવ છે. પોતાનું આત્મતત્વ એ શી વસ્તુ છે તેના અભાનરૂપ જે અજ્ઞાન છે તેજ તત્વવિદ્યાના અનુભવમાં પ્રતિબંધરૂપે થઈ પડે છે. એ પ્રકારના આત્મતત્વના અનુભવમાં પ્રતિબંધ થવારૂપ અજ્ઞાન નામનો મહારોગ પક્ષાઘાત જેવો છે. તે પક્ષાઘાતરૂપ અજ્ઞાનની પીઠ ઉપર પોતાનો ડાબો પગ મુકી તેને ડબાવીને એ શંકરભગવાન રહેલા છે. રૂડી રીતે જ્ઞાનમુદ્રાને તેમણે ધારણ કરી છે. એવા તે હર મહાદેવ છે. સર્વ વિજ્ઞાન રત્નોના કોશરૂપ સુંદર પુસ્તક જેમણે ધારણ કર્યુંછે, સર્વ તત્વરૂપી જે અક્ષ છે તેની માળા જેણે ધારણ કરી છે, જેણે જલને માટે ઘટને પણ ધારણ કરી રાખ્યો છે તેવા, છેવટનો જે પરાનંદ તે જેના આત્મભૂત છે તેવા, જેનું અર્ધું અંગ પરા શક્તિમય છે તેવા, ધર્મરૂપ જે વૃષભ તે જેમનું વાહન છે એટલે ધર્મદ્વારા જેમની પ્રાપ્તિ થાય છે તેવા, જે મુનિયોએ વેદ માત્રને પારંગત કર્યો છે અને ધર્મપરાયણ છે તેવા મુનિગણસંઘથી વિંટાયલા, માયા નામનું જે વટવૃક્ષ છે તેના મૂલ આગળ આશ્રમ કરીને રહેલા એટલે માયાના કારણરૂપે તેના મૂલમાં રહીને મોટા વટની માફક તે માયાનો વિસ્તાર કરાવીને આ વિશ્વપ્રપંચરૂપે તેની વડવાઈયોને વધારી મુકનારા, શુભ વિદ્યા માત્રના ઈશાન, બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર નામના સગુણ ઈશ્વરત્રયના ઈશ્વર, જેમાંથી કદીજ કાંઈ

ન્યૂન થઈ શકતું નથી એવા અવ્યય સ્વરૂપ, ઉત્પત્તિ આદિ ષટ્ વિકારોથી રહિત, ॥ ૐ ॥ કારરૂપ કમલાસન કરીને બેઠેલા, પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન જંતુને આપીને સંસારના રોગમાંથી સદાને માટે મુક્ત કરનાર રૂદ્ર, સર્વ પ્રાણીના ઉપર પરમદયાનો આવેશ આવવાથી તેમના હિતના ઉદ્દેશથી લીલા કરી રહેલા, સર્વ ઉપાસકોને જે જે વસ્તુની કામના થાય છે તે બધીજ કામનાઓની સિદ્ધિ કરી આપનારા, જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લયના કારણ રૂપ મહાદેવ છે. એ પ્રકારનો તેણે દ્રઢતાથી વિચાર કર્યો તે મહાદેવના દક્ષિણામૂર્તિ સ્થાનમાં તે ગયો. ત્યાં મહા ભક્તિથી દંડવત પ્રણામો પુનઃ પુનઃ અનેકવાર કર્યાં. પોતાની શક્તિ અનુસાર તે મહાદેવની તેણે ત્યાં ઉપાસના કરી. પછી તે બોલ્યો કે જે આ તમારૂં જમણું મુખ છે તે વડે મારૂં રક્ષણ કરો. એ પ્રમાણે પ્રાર્થના કરતો કરતો પુનઃ પુનઃ ભક્તિથી તેણે શ્રી મહાદેવજીનું પૂજન કર્યું. તેથી તે દક્ષિણા મૂર્તિરૂપ ઇશ્વિર મહાદેવ પ્રસન થયા, અને તેના નિજાત્મ તત્વનું વિશેષ જ્ઞાન તેને પ્રાપ્ત કરાવ્યું. શ્રી અંબિકાપતિએ આ પરમ જ્ઞાન તેને આપીને સંસાર રૂપ જન્મ મરણ તેનાં ટાળયાં અને તે એ પ્રમાણે બ્રાહ્મણ હમેશને માટે મુક્ત થયો. એ દક્ષિણામૂર્તિની ઉપાસના કરીને ઘણા જંતુઓએ તેમને પ્રસન્ન કર્યા છે. અને તે તેમના પ્રસાદ વડેજ અનાયાસે તેમના સ્વરૂપનું જ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું છે અને સંસાર બંધનથી છુટયા છે,

એ પ્રમાણે વસ્તુ સ્થિતિ છે. અને સાક્ષાત મહેશ્વર એકલાજ મોચક છે. માટે એવા મહા આનંદ સ્વરૂપ મહાદેવને સંસારના મોચક રૂપે શ્રદ્ધાથી જાણજો. અત્યંત સંપૂર્ણ પ્રેમથી તેમનું ભજન કરજો. શ્રી મહાદેવના ભજનથી સર્વ પ્રકારની સિદ્ધિયોની પ્રાપ્તિ થાય છે તેમાં સંશય નથી. એ પ્રમાણેના સર્વજ્ઞ સૂત ભગવાનના વચનોનું શ્રવણ કરીને સર્વ મુનિયોએ તેમને પ્રણામ કર્યા તથા તેમનું પૂજન કર્યું.

એ રીતે શ્રી મુક્તિ ખંડનો મોચક સ્વરૂપ નામનો ચોથો અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુક્તિ ખંડ.

અધ્યાય. ૫

મોચકપ્રદ સ્વરૂપ.

મહેશ્વર મહાદેવ એ મોચક છે. એ પ્રમાણે આપણે ગયા અધ્યાયમાં સમજ્યા એટલે મુક્તિરૂપ પ્રાપ્તવ્ય, તે મેળવવાના ઉપાયોને યોજવારૂપ કર્તવ્ય તથા પ્રાપ્તવ્ય અને કર્તવ્યની સિદ્ધિ જેનાવડે થાય છે તેવા મોચક એટલાં તત્વો થયાં. હવે એ ઈશ્વિરરૂપ મોચકનો મેળાપ શી રીતે થાય કે આપણું કામ સિદ્ધ થાય એટલુંજ બાકી રહ્યું. આપણે વ્યવહારમાં પણ જો કાંઇ મેળવવા અર્થે કોઇની પાસે જઇને કાંઈ કરવાનું હોય છે તો તે સ્થાનના માહીતગાર સોબતીની સાથે જઇએ છીએ તો ત્યાં સત્વર પહોંચાય છે. આપણું પ્રાપ્તવ્ય છે તેજ આપણા સોબતીયે એજ સ્થાને જઇને ત્યાં જે કરવાનું હોય છે તે કરીને મેળવ્યું હોય છે તેવો જો આપણો સોબતી હોય તો તેને નેતા કહીયે છીએ. વ્યવહારનાં તુચ્છ સરખાં કાર્યોમાં પણ છેક બાલ્યાવસ્થાથી હીંડવા શીખવામાં, બોલતાં શીખવામાં વિગેરે અનેક કાર્યો કરવામાં જાણતાં અજાણતાં પણ આપણા એવા નેતાવડેજ સિદ્ધિ થયેલી સર્વેના અનુભવમાં છે. આ પ્રમાણેની આપણી સ્થિતિ છે. તો હવે જે આ મોચક પાસે અભિમુખ થવાને માટે યોગ્ય આચાર્યરૂપ નેતા પાસેથી ઉપદેશ લીધા વિના તો તે તે મોચકનો મેળાપ થવો દુર્લભ છે. એ નેતાને આચાર્ય કહેવામાં એ ઉદ્દેશ રહેલો છે કે તેણે પોતે જાતે જે જ્ઞાનનો ઉપદેશ કરવાનો છે તેને આચારમાં ઉતારીને અનુભવ કરેલો હોય છે. અને આપણી સાથે રહીને ઠેઠ સુધી આપણે તેજ જ્ઞાનને આચારમાં ઉતારીએ એવી સરળતા કરી આપે છે. માત્ર કાનમાં ફુંક મારીને અથવા યંત્રવત્ મંત્રનું ઉચ્ચારણ કરાવીને સંસાર સમુદ્રમાં છુટા ધકકેલી મુકતા હોય તેવા એ

નથી. માટે તેવા આચાર્યરૂપ શ્રી મહાદેવજી શ્રી વિષ્ણુભગવાનને કહે છે. તે વાર્તા આ અધ્યાયમાં છે. શ્રી મુણ્ડકોપનિષત્‌માં પ્રથમ મુંડકના દ્વિતીય ખંડમાં કહ્યું છે કેઃ—

॥ परीक्ष्य लोकान्कर्मचितान् ब्राह्मणो निर्वेदमायान्नास्त्य कृतः कृतेन ॥ तद्विज्ञानार्थंस गुरु मेवाभिगच्छे त्समित्पाणिः श्रोत्रियं ब्रह्म निष्ठम् ॥ तस्मैस विद्वानुपसंनायसम्यक्प्रशांतचित्ताय शमान्विताय ॥ येनाक्षरं पुरुषं वेदसत्यं प्रोवाच तं तत्त्वतो ब्रह्मविद्याम् ॥ १३ ॥

કર્મથી ફલરૂપે જે જે લોકરૂપ ભોગોની પ્રાપ્તિ થાય છે તેનું સર્વાંગે નિરીક્ષણ કરીને તેમાં વૈરાગ્યને પ્રાપ્ત કરવું અને નિશ્ચય કરવો કે કેવલ કર્મવડે સુખદુઃખ આત્મક ફલને મેળવ્યા કર્યાથી કૃતકૃત્યતાની સિદ્ધિ થતી નથી, માટે કૃતકૃત્યતાની પૂર્ણ સિદ્ધિ કરવા અર્થે કર્મ ઉપરાંત જે વિશેષ પ્રકારનું જ્ઞાન છે તે વિજ્ઞાનની પ્રાપ્તિ અર્થે ગુરૂપાસે મન, વાણી તથા શરીર આદિ સર્વસ્વ સહિત જવું. યજ્ઞના આવશ્યક ઉપકરણરૂપ સમિધ શબ્દથી એવું સૂચવાય છે કે જે જે પદાર્થો ઉત્તમ અને આવશ્યક પોતાને પ્રાપ્ત હોય તેને સાથે લઇને જવું. તે ગુરૂ બ્રહ્મનિષ્ઠ હોવો જોઈએ. એટલે કર્મનિષ્ઠ જે હોય છે તે પોતાની કામના વૃત્તિને તૃપ્ત કરી રહેલા હોતા નથી, અને તેથીજ કર્મોમાં પ્રેમને રાખીને અનુષ્ઠાનો તેતો કર્યા કરે છે. જેઓ કૃતકૃત્ય થયા છે તેમની નિષ્ઠાજ બ્રહ્મમાં સ્થિર થએલી હોય છે, માટે તેવા બ્રહ્મ નિષ્ટ ગુરૂ પાસેજ જવાનું હોય છે. આવી બ્રહ્મ નિષ્ઠા તેમણે શ્રુતિ વાક્યોથી પ્રાપ્ત કરેલી હોય તેવા ગુરૂ જોઇએ. શ્રુતિ શિવાય અન્ય સાધનોથી પ્રાપ્ત થયેલી બ્રહ્મ નિષ્ઠા વાસ્તવે નિષ્ઠા રૂપેજ હોતી નથી. તેમાં પ્રત્યવાયો તથા અપકવતા હોય છે. માટે તે ગુરૂ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હોવો જોઇએ. તેમણે અનુભવપર્યંત બ્રહ્મનિષ્ઠારૂપ મુમુક્ષાની સિદ્ધિ કરીને અંતે પરમ શિવતત્વરૂપ જ્ઞાનને રૂડી રીતે પ્રાપ્ત કરેલું હોવું જોઇએ. તેમનું ચિત્ત તથા ઇન્દ્રિયો અત્યંત શાન્ત અને પ્રસન્ન જોઈએ. એવા ગુરૂ પાસે વિદ્વાન સાધકે જવું. બ્રહ્મ વિદ્યાને તેણે તત્વ સહિત તેની પાસેથી ઉપદેશ રૂપે ગૃહણ કરવી. એ પ્રમાણે સત્ય અક્ષર રૂપ પુરૂષના જ્ઞાનને મેળવવું તેજ વાસ્તવ બ્રહ્મવિદ્યા છે.

શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, મહાભારત, આદિ પુસ્તકોમાં જે યથાર્થ જ્ઞાન તૈયાર છે તેમાંથી વાંચીને સંસાર રૂપ જન્મ મરણના પાશમાંથી છોડનાર

મોચક શિવ છે એવું આપણે જાણી શકીએ છીએ. છતાં તે જ્ઞાન સંસારની ધાણીમાંથી છુટવા પર્યન્તના ફલની સિદ્ધિ થતા સુધી ટકી શકતું નથી. માટે તેને ટકવાને માટે તો આચાર્ય પાસેથી ઉપદેશને મેળવીને વેદાંત વિચાર કરવાનો છે, તથા તે દ્વારાજ જ્ઞાનને પ્રાપ્ત કરવાનું છે. એ ગુરૂરૂપ આચાર્યમાં અનેક પ્રકારના ભેદ હોય છે તેમાં મુખ્ય ભેદ ત્રણ છે. તેમાં ૧, ઉત્તમ, ૨ મધ્યમ અને ૩ અધમ એમ છે. બ્રાહ્મણ ઉત્તમ આચાર્ય છે, ક્ષત્રિય મધ્યમ છે, વૈશ્ય અધમ છે. સામાન્ય નિયમ તો **॥ વર્ણાનાં બ્રાહ્મણો ગુરુઃ ॥** એમાં કહ્યા પ્રમાણે વર્ણ માત્રનો ગુરૂ બ્રાહ્મણ છે. એ વૈદિક આચાર આપણા વ્યવહારમાં અત્યાર સુધી ચાલી આવ્યો છે. હિંદુઓમાં વર્ણ તથા તેના પેટા ભાગ રૂપે જ્ઞાતિયોની અનેક સંસ્થાઓ પ્રચલિત થઈ છે. તે દરેકમાં 'ગોર' શબ્દથી અપભ્રંશને પામેલો આપણો ગુરૂ બ્રાહ્મણજ રહ્યો છે. લગ્ન મરણ આદિ ક્રિયાઓમાં થોડે ઘણે અંશે હજી બ્રાહ્મણજ વર્ણ માત્રમાં નાટકવત નેતા રૂપે સ્વિકારાઈ રહેલો છે. અમુક જ્ઞાતિ હિંદુની છે કે અન્ય છે તેનું નિર્ણય કરવાનું હાલ સુધી એજ સાધન જીવતું રહેલું છે. જે જ્ઞાતિમાં ગોર બ્રાહ્મણ નથી તે જ્ઞાતિ હિંદુની નથી એમ કહીએ તો અસત્ય ગણાય એવું બનેલું હજી જણાતું નથી. એ પ્રમાણે બ્રાહ્મણ વર્ણ માત્રનો ગુરૂ છે. આ પ્રકારનો સામાન્ય નિયમ છે. છતાં હવે પછી કહેવાશે તેવા પ્રસંગોમાં અન્ય વર્ણના મનુષ્યો પણ ગુરૂ રૂપે હોઈ શકે છે. પણ તેની મર્યાદા બાંધી છે, તેટલે અંશેજ તેમ બની શકે છે. તેમાં બતાવેલી મર્યાદાનું ઉલ્લંઘન સ્વચ્છંદથી કરવાનું નથી.

વૈશ્ય વર્ણનો મનુષ્ય વૈશ્ય તથા શૂદ્ર વર્ણોના ગુરૂ રૂપે થઈ શકે છે. એ અધમ ગુરૂ છે, છતાં પણ તે ગુરૂ છે. મધ્યમ ક્ષત્રિય, તથા ઉત્તમ બ્રાહ્મણ છે તેમનો તે ગુરૂ થઈ શકતો નથી.

મધ્યમ ગુરૂ રૂપ ક્ષત્રિય છે તે ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એ ત્રણનો ગુરૂ થઈ શકે છે. ઉત્તમ જે બ્રાહ્મણ તેનો તે ગુરૂ થઈ શકતો નથી. બ્રાહ્મણ ચારે વર્ણનો ગુરૂ છે.

ઉપર પ્રમાણે જે ગુરૂનાં સ્વરૂપો કહ્યાં છે તેમણે ઘેર ઘેર જઈને ગમે તેના ગુરૂ બનવાનું નથી. ભાષણો આદિ કરવા માટે લોકોને આમંત્રણ કરીને બોલાવીને ભેગા કરીને ઉપદેશ આપવા રૂપ ગુરૂ પદને ધારણ કરવાનું નથી, જેઓ શ્રદ્ધાપૂર્વક તેમની પાસે આવે છે, અને પાસે નિવાસ કરીને

સેવા કરવામાં યોજાય છે, એવા ભાવિક સેવકોનાજ ગુરૂ થવાનું છે. દ્રવ્યાદિની લાલસાથી ભિક્ષાને ગ્રહણ કરવા માટે ગુરૂ થવાનું નથી. પણ ભાવિક સેવકોના હિતની સિદ્ધિ કરવા અર્થેજ ગુરૂ થવાનું છે. શૂદ્ર તથા સ્ત્રી કદીજ કોઈની પણ ગુરૂ રૂપ થઈ શકે તેમ નથી. તેમણે કદીજ ગુરૂ રૂપને ધારણ કરવાનું નથી. વૈશ્ય તથા ક્ષત્રિયમાં પણ પોતાના સેવકોની અપેક્ષાથી અધિક જ્ઞાનનું ઉત્કર્ષ બળ હોય તોજ તે પોતાનાથી ચઢતા વર્ણના ન હોય તેવા મનુષ્યોના ગુરૂ થઈ શકે છે.

ઉપર પ્રમાણેનો શાસ્ત્રોક્ત સામાન્ય નિયમ છે, છતાં શ્રુતિયોમાં કેટલી આખ્યાયિકા ઉપરથી કેટલાક કહે છે કે જ્ઞાનનું ઉત્કૃષ્ટ બળ ક્ષત્રિય કે વૈશ્યમાં હોય તો તે ક્ષત્રિય કે વૈશ્ય તે ઉત્કર્ષના હેતુથી પોતાનાથી ચઢી આતા વર્ણના ગુરૂ થઇ શકે છે. બૃહદારણ્યક ઉપાનષદમાં દ્દપ્ત બાલાકિ નામના બ્રાહ્મણને અજાતશત્રુએ બોધ આપ્યાની આખ્યાયિકા છે. વળી કેકેય નામના ક્ષત્રિયની પાસે પ્રાચીનશાલ વિગેરે છ મુનિયો વૈશ્વાનર વિદ્યા લેવા ગયા છે એવી પણ આખ્યાયિકા છે. આવી આખ્યાયિકાઓને વાંચી એવો નિર્ણય તે લોકો કરે છે કે બ્રાહ્મણથી ઉતરતી વર્ણના તે પુરૂષો હતા. છતાં તેમનામાં જ્ઞાનનો ઉત્કર્ષ હતો. ને તે ઉત્કર્ષથી ઉચ્ચ વર્ણ જે બ્રાહ્મણ તેમના તેઓ ગુરૂ થયાછે. માટે જ્ઞાનના ઉત્કર્ષ વડે પોતાનાથી ઉંચી વર્ણના મનુષ્યોના ગુરૂ હલકી વર્ણના મનુષ્યો થઇ શકે છે. પણ આ તેમનો કુતર્ક છે. કેવલ ભ્રાન્તિ છે. શાસ્ત્ર પ્રત્યક્ષ રૂપે કહેતું નથી કે અધમ વર્ણનો મનુષ્ય ઉત્તમ વર્ણનો ગુરૂ થાય, પણ એથી ઉલટુંજ કહે છે. માટે શાસ્ત્ર જે કહેછે તેથી વિરોધી તર્કને બંધ બેસાડવાના હેતુથી એ શ્રુતિને વાંચવી એ કુતર્ક છે. એવા કુતર્ક કરવાનો શ્રુતિ ભગવતી નિષેધ કરે છે માટે એ શ્રુતિયોને શ્રુતિની આજ્ઞાનુસાર સમજવાની છે, અને એજ સુતર્ક રૂપ મનન કહેવાય છે. તો હવે એજ શ્રુતિમાં જે શબ્દોનો ઉપયોગ થયો છે તેનું સુતર્કથી મનન કરીએ.

શ્રી બૃહદારણ્યક ઉપનિષદમાં બીજા અધ્યાયમાં પ્રથમ બ્રાહ્મણમાં દ્દપ્ત બાલાકિ અને અજાતશત્રુના સંવાદરૂપે આખ્યાયિકા આપી છે. એજ આખ્યાયિકા કૌશીતકી બ્રાહ્મણોપનિષત્‌ના ચોથા અધ્યાયમાં આપી છે. બ્રહ્મ વિદ્યાનું મને પૂર્ણ જ્ઞાન થયું છે, એ પ્રકારનો ગર્વ દ્દપ્તબાલાકિને થયો હતો તેથી તે બ્રાહ્મણ અજાતશત્રુરાજા પાસે ગયો, અને વગર માગ્યે તે રાજાને બ્રહ્મોપદેશ કરવા શે ઉભો થયો. રાજાએ તેનો સ્વિકાર કરવા કબુલ કર્યું તેથી તે

બ્રાહ્મણે એક પછી એક બ્રહ્મનાંસ્વરૂપોનો ઉપદેશ કરવા માંડયો. તે દરેક ઉપદેશમાં જે કહ્યું તે સઘળુંજ તે રાજા જાણતો હતો એવું જણાયું એટલુંજ નહિ પણ જે જે કહ્યું તે બધુંજ બ્રહ્મતત્વના જ્ઞાનનું અંતિમ સ્વરૂપ નહોતું એવી તે રાજાના વાકયોથી એક પછી એક એ બ્રાહ્મણની ખાત્રી થઈ. આ અર્થનો સંવાદ પહેલા બાર મંત્રોમાં બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યો છે. અને તેરમાં મંત્રમાં તે બ્રાહ્મણને પોતાને બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન પૂર્ણ નહોતું એ પ્રમાણે ખાત્રી થએથી ॥ सहतूष्णीमास गार्ग्यः ॥ તે ગાર્ગ્ય માનને સેવતો ઉભો રહ્યો, એ પ્રમાણે કહ્યું છે. આ આખ્યાયિકામાં બ્રાહ્મણનું ક્ષત્રિય પાસે શિષ્યરૂપે જ્ઞાનને લેવા માટે જવાનું બન્યું હોય તેવી આખ્યાયિકા નથી. પણ તે જ્ઞાનને આપવા માટેજ ત્યાં ગયો છે એ પ્રમાણે પહેલા મંત્રમાં ચોખ્ખું કહેલું છે. આ આખ્યાયિકામાં તે રાજા ગુરૂરૂપે અને બ્રાહ્મણ શિષ્યરૂપે હોય તે પ્રમાણે પરસ્પરનું વર્તન તથા વાણીનો પ્રયોગ થયો નથી. પણ એથીજ બીજી રીતે થએલો દેખાય છે. પછી એ બ્રાહ્મણને પોતાની ખરી સ્થિતિનું ભાન થતાં પોતાના ગર્વનો ત્યાગ કરીને તે રાજાપ્રતિ કહે છે તે શબ્દો ૧૪મા મંત્રમાં આ પ્રમાણે છે. ॥ सहोवाच गार्ग्यउपत्वायान् ॥ તે ગાર્ગ્યે કહ્યું કે હું આપને શરણે આપના શિષ્યરૂપે ઉપદેશ લેવા અર્થે આવું છું. આ વાક્યનું ઉચ્ચારણ તે બ્રાહ્મણે કર્યું તે સમયે તેના અંતઃકરણમાં તે રાજા ઉત્કર્ષ જ્ઞાન બળવાળો છે અને તેના દ્વારા તેને ગુરૂરૂપે સ્થાપવાથી જ્ઞાનની પ્રાપ્તિ થશે એ પ્રકારનો કુતર્ક ઉઠયો હતો. પોતે બ્રાહ્મણ ઉચ્ચ વર્ણનો છે તેથી પોતાથી ઉતરતી જાતિના તે રાજાને ગુરૂરૂપે જ્ઞાનના ઉત્કર્ષના હેતુથી પણ સ્થાપવો એ શ્રુતિની આજ્ઞાનું ઉલ્લંઘન છે, એ વાર્તાનું ભાન તે સમયે તે બ્રાહ્મણને નહોતું આ સ્વરૂપને સ્પષ્ટ રીતે ૧૫માં મંત્રમાં કહી બતાવ્યું છે તે આ પ્રમાણે છે.

॥ सहोवाचाजातशत्रुः प्रतिलोमं चैतद्यद्ब्राह्मणः क्षत्रिय मुपेयाद्ब्रह्ममे वक्ष्यतीति व्येव त्वाज्ञपयिष्या मीति ।

તે રાજા અજાતશત્રુ ઉપર પ્રમાણે બ્રાહ્મણનું વચન સાંભળીને બોલ્યા કે બ્રાહ્મણે ક્ષત્રિય પાસે શિષ્યભાવે જ્ઞાનાર્થે જવારૂપ ઉપનયન ક્રિયાને કરવી અને બ્રહ્મનો મને ઉપદેશ કરો એ પ્રમાણે કહેવું અને ક્ષત્રિયે ગુરૂરૂપે પોતાને સ્થાપીને બ્રાહ્મણને તે ઉપદેશરૂપ આજ્ઞાને કરવી તે ઉંધોક્રમ છે. તેથી ઉચ્ચપદની પ્રાપ્તિ થવાના બદલામાં નીચત્વની પ્રાપ્તિ થાય છે. માટે આપની આજ્ઞા થઈ છે તો હું વિજ્ઞપ્તિરૂપે આપને કહીને આપની આજ્ઞાનું પાલન કરીશ.

આ મંત્રમાં ॥ व्यव ॥ એટલે ॥ विएव ॥ અને ॥ ज्ञपयिष्यामि ॥ શબ્દોથી સ્પષ્ટ કહ્યું છે કે હવે પછીના મંત્રોમાં તે રાજા જે બ્રહ્મ સ્વરૂપનું કથન કરે છે તેમાં ઉપદેશ એટલે આજ્ઞાનું સ્વરૂપ નથી પણ કેવલ વિજ્ઞપ્તિરૂપ છે. એજ અર્થને વધારે વિસ્તારથી કૌષીતકી બ્રાહ્મણોપનિષતના ૧૮મા મંત્રમાં કહી બતાવ્યો છે:—

॥ तत उह बालाकि स्तूष्णी मास ॥ ० ॥ तत उह बालाकिः सामित्पाणिः प्रतिचक्रम उपायानीति तं होवाचाजातशत्रुः प्रतिलोम रूप मेवास्याद्यत्क्षात्रियो ब्राह्मणमुपनयी तैहि व्येव त्वाज्ञपयिष्या मीति तं ह पाणावभि पद्य प्रवव्राज ॥ ० ॥

એ પ્રમાણે બ્રહ્મત્વના જ્ઞાનની પોતાને સંપૂર્ણ પ્રાપ્તિ થઈ છે, એ પ્રકારનો ગર્વ ઉતરી ગયાથી તે બાલાકિ બ્રાહ્મણે બોલવાનું બંધ કર્યું....તે બાલાકિ પછી અજાતશત્રુરાજા પ્રતિ બોલ્યો કે હું હાથમાં સમિધ આદિ 'ગુરૂ પાસે જવાના ઉપચારોને ગ્રહણ કરીને તમારી પાસે શિષ્યરૂપે આવું છું આપ મને ઉપનયન કરો અને ઉપદેશને આપો. રાજા અજાતશત્રુએ ઉત્તર આપ્યું કે બ્રાહ્મણને ક્ષત્રિયે ઉપનયન સંસ્કાર આપવો એ ઉંધોક્રમ છે, અને અધોગતિયેજ જવાનું તેમ કરતાં થાય છે. પણ આપની આજ્ઞાનું પાલન કરવા અર્થે હું માત્ર આપને કેવલ વિજ્ઞપ્તિ રૂપે કહીશ. એમ કહીને ઉભા થઇને સંમાન પૂર્વક તે બ્રાહ્મણ પ્રતિ જઇને તેમના બન્ને હાથને પકડયા વિગેરે—

એ પ્રમાણે તેમાં પણ ક્ષત્રિય અને બ્રાહ્મણની વચ્ચે ગુરૂ શિષ્ય ભાવને કહ્યો નથી. ગુરૂએ શિષ્યને ઉપનયન સંસ્કાર કરવાનો તે તથા આજ્ઞારૂપ જે ઉપદેશ કરવાનો તે એ બન્નેનો સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કરીને માત્ર વિજ્ઞપ્તિ રૂપેજ વાર્તાને કરાવી છે. ગુરૂ સેવ્ય, શિષ્ય સેવક એ પ્રકારે હોવાથી ગુરૂ શુશ્રૂષા જે અનિવાર્ય છે તેનો ગંધ સરખો પણ આ આખ્યાયિકાઓમાં નથી. એજ પ્રમાણે કૈકેય અને પ્રાચીન શાલ આદી છ મુનિઓના સંબંધમાં છે. એ પ્રમાણે વાસ્તવ અર્થ છે. તેથી ઉતરતી વર્ણના મનુષ્યે પોતાનાથી ઉચ્ચ વર્ણના મનુષ્યના ગુરૂ કદી બનવારૂપ મોહને ધરવાનો નથી.

ગુરૂઓમાં ઉત્તમ રૂપ જે બ્રાહ્મણ છે તેમાં પણ પાંચ પ્રકારના ભેદો છે, ૧. બ્રહ્મચારી, ૨, ગૃહસ્થ, ૩. વની, ૪. ભિક્ષુક અને ૫. અતિવર્ણા-

શ્રમિ. એ પાંચમાં પણ અનુક્રમે પૂર્વ પૂર્વથી ઉત્તરઉત્તરનો શ્રેષ્ઠ છે. બ્રહ્મચારી અન્ય વર્ણનો તથા બ્રહ્મચારી બ્રાહ્મણનો ગુરૂ થાય. ગૃહસ્થ વની ભિક્ષુક તથા અતિવર્ણાશ્રમિનો તે ગુરૂ થઇ શકતો નથી. તેજ પ્રમાણે ગૃહસ્થ પણ વનિ ભિક્ષુક તથા અતિ વર્ણાશ્રમિ શિવાયના સર્વ મનુષ્યોનો ગુરૂ થઈ શકે છે. વનિ એ પ્રમાણે ભિક્ષુક તથા અતિ વર્ણાશ્રમિ શિવાયના મનુષ્યોનો અને ભિક્ષુક માત્ર અતિ વર્ણાશ્રમિ શિવાયના મનુષ્યોનો ગુરૂ થઈ શકે છે. અતિ વર્ણાશ્રમિ તો સર્વનાજ ગુરૂ રૂપ છે. તે છતાં બ્રહ્મચારી ગૃહી વનિ તથા યતિમાં વિદ્યાનું ઉત્તમ બળ હોય તો તે પણ સર્વના ગુરૂ થઈ શકે છે. વિદ્યાના ઉત્કર્ષના બળથી ગૃહસ્થ, વનિ, તથા યતિનો ગુરૂ થઈ શકે છે. વનિ સન્યાસિનો એજ હેતુથી ગુરૂ થઈ શકે છે. અન્ય રીતે કદીજ થઇ શકતો નથી. વર્ણાશ્રમનો આ પ્રકારનો અતિક્રમ ન ચાલેજ કરવો પડે છે. આ જ્ઞાનનો અતિશય ઉત્કર્ષ જેનામાં સિદ્ધ થયો છે તેજ ખરો જ્ઞાની છે. એવા જ્ઞાનિની અપેક્ષાથી કોઇ અન્યનો અધિક ઉત્કર્ષ હોઇ શકતો નથી. એવા અત્યંત ઉત્કર્ષવાળોજ મનુષ્ય અતિવર્ણાશ્રમિ થઈ શકે છે. માટે તે અતિવર્ણાશ્રમિ પુરૂષ સર્વ આશ્રમી અધિકારીઓનો ગુરૂજ છે. હું સાક્ષાત્ મહાદેવ કોઇનોજ શિષ્ય નથી. તે પ્રમાણે તે અતિવર્ણાશ્રમિ મહાત્મા મારા પોતાના આત્મસ્વરૂપજ હોવાથી તે કદીજ કોઇનો પણ શિષ્ય હોઈ શકતો નથી. એ ગુરૂઓનો સાક્ષાત્ ગુરૂ છે. તેના જેવો કે તેનાથી અધિક ઉત્કર્ષવાળો આ લોકમાં કોઇજ નથી. એમાં કાંઈજ સંશય ધરવો નહિ. વર્ણ તથા આશ્રમના ધર્મો જ્ઞાનની પ્રાપ્તિના સાધકને માટે માત્ર સાધન કહેલાં છે. સાધક અવસ્થામાં રહીને જ્ઞાનની પ્રાપ્તિ જેણે સિદ્ધ કરી છે તેવો મહાત્મા સાધક અવસ્થાનું ઉલ્લંઘન કરી રહેલો હોવાથી વર્ણાશ્રમના ધર્મથી તે અતીત છે તેથી તેને અતિવર્ણાશ્રમી કહેલો છે. એ પ્રમાણે સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કર્યા વિના વર્ણાશ્રમ ધર્મને છોડીને અતીત થઈ બેસે તે ગુરૂરૂપ થઈ શકતો નથી. આને માટે એક જન કથનરૂપ આખ્યાયિકા છે.

એક સમયે એક ધર્માત્મા રાજાના નગરમાં સર્વત્ર ધર્મ વ્યાપી રહેલો હતો. સર્વ પ્રજાઓ પોતપોતાના ધર્મને અનુસરીનેજ આચરણો કરતી હતી તેથી તે નગરમા અકાળમૃત્યુ આદી અશુભનું દર્શન થતું નહોતું. તેવામાં એક સ્થાને રાજમાર્ગમાં એક શ્વાન પડેલું હતું. તેના અંગો કોહી ગયાં હતાં, ને તેમાં અનેક જંતુઓ ખદબદી રહ્યાં હતાં. તે બીચારૂં શ્વાન તે જંતુઓની લીલાથી ત્રાસ પામી રહ્યું હતું. તે સ્થાને આવા ધર્મરાજ્યમાં

આવું દુઃખ શા માટે હોય તે વિષે તપાસ થતાં એક મહાત્માથી જણાયું કે તે શ્વાન પૂર્વ જન્મમાં સાચા જ્ઞાનની પ્રાપ્તિ કર્યા વિના કેવલ મોહથીજ ગુરૂ બન્યો હતો. તે શ્વાનના શરીરમાં ત્રાસ આપી રહેલાં જંતુઓ બધાંજ પૂર્વ જન્મમાં તેના શિષ્યો હતા. એ રીતે ગુરૂ શિષ્યભાવ અયોગ્ય સ્થાને સ્થપાયાથી તેટલે અંશે ધર્મનો લોપ થયો હતો. જેથી એ પરિણામ આવ્યું હતું. એ દંતકથા પણ આ ભાવનેજ સૂચવે છે. સાચા અતિવર્ણાશ્રમિ મહાત્માનું સ્વરૂપ કેવું હોય છે તેનું વર્ણન આ પ્રમાણે આપ્યું છે.

પંચભૂતાત્મક સ્થૂલ શરીર છે. જન્મ મરણાદિ વિકારોવાળું તે છે. તે વિકારોથી તેને વધતું તથા ઘટતું હું જોઉં છું. તે જોનારો હું શરીરથી ભિન્નછું. બ્રાહ્મણ આદિ માતપિતાના શરીરદ્વારા આ શરીરની ઉત્પત્તિ થઇ છે. તેથી બ્રાહ્મણ આદિ વર્ણ પણ તે શરીરના છે અને તેવર્ણને આધારે રહેલા આશ્રમો પણ તે શરીરના છે. તેથી ભિન્ન અને સર્વનો સાક્ષિ હું છું. એજ પ્રમાણે ઇન્દ્રિયો વિગેરે સર્વ ભોગની સામગ્રી તથા સાધનોનો પણ હુંજ દ્રષ્ટા છું. તે સર્વની લીલા હું જોયાં કરૂં છું. સર્વ પ્રવૃત્તિ મારાથી કરી રહેલાં છે. મારા વડેજ તે સર્વ પ્રતીત થાય છે. હું તો મારી મેળેજ માર પોતાના સ્વરૂપે પ્રકાશી રહ્યો છું. જગત્માં ઉપાધિના ભેદો સત્ય મનાયછે. તેથી તે વ્યાવહારીક સત્યથી ભ્રમમાં પડીને જે ભિન્નભિન્ન વ્યક્તિયોના ભેદોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને વિજ્ઞાન કહે છે. પણ એવી રીતે કહેવાતા વિજ્ઞાનમય ભેદોમાં આધારભૂત અને જેનાવડે તે ભેદો ભેદરૂપે કલ્પાઈ રહ્યા છે એવું સર્વનું આત્મભૂત તત્વ હું પોતે છું એમ સમજવું એ પરમાર્થિક વિજ્ઞાન છે. તેજ પ્રમાણે પુણ્ય કર્મના પરિણામભૂત અનુકૂળ વિષયોનો ઇન્દ્રિય સાથે સંબંધ થતાં વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ થાય છે તે સર્વ વ્યાવહારિક સુખોની સુખ રૂપતા જેવડે ઝળકી રહી છે તે પારમાર્થિક સુખ છે. એ પ્રકારનાં પારમાર્થિક વિજ્ઞાન તથા સુખરૂપજ હું આત્મા છું. એ પ્રમાણે પરતત્વને વિશેષરૂપે જાણીને તેનો સાક્ષાત્કાર જેણે કર્યો છે તેજ અતિવર્ણાશ્રમિ છે. એવો મહાત્મા વર્ણાશ્રમ ધર્મોનું આચારમાં પાલન કરે કે ન કરે તોપણ તે સર્વોત્તમ છે. એવા અતિવર્ણાશ્રમિયો પણ આશ્રમ ધર્મોનું તથા વર્ણધર્મોનું પાલન કરે છે ત્યારે પણ તેમાં ભેદ હોય છે. અવિદ્વાન મનુષ્યો માત્ર આસક્તિથી પ્રેરાઇને તે ધર્મોનું આચરણ કરે છે. ત્યારે આવા પુરૂષોને માટે શ્રી ભગવતગીતાના અધ્યાય ૩માં કહે છે કેઃ-

॥ कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
॥ लोक संग्रह मेवापि संपश्यन्कर्तु मर्हसि ॥२०॥
॥ यद्यदा चरित श्रेष्टस्तत्त देवे तरोजन : ।
॥ सयत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥२१॥

જનકાદિ સિધ્ધોપણ કર્મને આચારતા હતા, તે લોકમાં દષ્ટાંતના સંગ્રહ રૂપ બનવાને માટેજ કરતા. કારણ કે જે જે આચરણો ઉત્તમ પુરૂષો સેવે છે તેજ આચરણોને અન્ય મનુષ્યો પણ પકડે છે. જે જે વસ્તુઓને શ્રેષ્ટ પુરૂષો પ્રમાણ રૂપ માને તેનેજ અન્ય મનુષ્યો સપ્રમાણ ગણે છે. તેથી આવા જ્ઞાની મનુષ્યો પણ વર્ણાશ્રમ ધર્મોનું પાલન કરીને એવું દષ્ટાંત બેસાડી આપે છે કે અધિકાર પ્રાપ્ત થયા વિના અધુરા લોકો તેનો ત્યાગ કરે નહિ.

પોતાના આત્મા રૂપ જે ' હું ' જેને સામાન્ય રીતે જીવ એવા નામથી ઓળખીએ છીએ તે અને આખા જગતના નિયંતા પરમેશ્વર એ બેનો તાદાત્મ્ય રૂપ અભેદ છે. એ પ્રમાણે વેદાન્તનાં વાકયોથી ॥तत्त्वमसि॥ (તે તું છે) એ રીતે શ્રવણ કરીને તેનો અનુભવ જે કરે છે તે ખરો અતિવર્ણાશ્રમિ છે. પરતત્વ જે બ્રહ્મ તેના સાક્ષાત્ રૂપ અનુભવ જ્ઞાન છે તેની પ્રાપ્તિ થવા માટે મનન તથા નિદિધ્યાસન અંગ રૂપે કરવાનું હોય છે. જેમને વેદનો અધિકાર નથી તેમણે ઉપર કહ્યું છે તેવું જ્ઞાન ભાષાન્તરાદિ દ્વારા મેળવવાનું હોય છે. ભાષાન્તરાદિ દ્વારા મળેલા જ્ઞાનથી એક એવે ક્રમે તેઓ ચઢે છે કે છેવટે તેમને વેદનો અધિકાર પ્રાપ્ત થાય છે. એટલે ભાષાંતર આદિ દ્વારા મળેલું જ્ઞાન પ્રત્યક્ષ મુકિત આપનારૂં નથી પણ તે પ્રકારના અધિકારની પ્રાપ્તિ કરાવવા રૂપે ઉપકારક છે. એ પ્રકારે વિચારતાં જ્ઞાનના અભ્યાસનો અધિકાર સર્વને છે.

સર્વને પોતે અસ્તિત્વમાં છે, એ પ્રકારનું ભાન કરાવનાર ત્રણ અવસ્થાઓ છે. ૧ જાગ્રત, ૨ સ્વપ્ન અને ૩ સુષુપ્તિ. એ ત્રણે અવસ્થાનો દષ્ટા તેમનાથી નીરાળો હું છું. જાગૃત વખતે હું જાગૃત અવસ્થાનો સાક્ષિ છું. જાગૃત અવસ્થા એ મારૂં સ્વરૂપ નથી. સ્વપ્ન તથા સુષુપ્તિમાં એ અવસ્થાનો લોપ થાય છે. છતાં હું નીરાળો હોવાથી મારો લોપ થતો નથી. હું તો જેવો છું તેવોજ સ્વપ્ન કે સુષુપ્તિ અવસ્થામાં ચાલ્યો આવું છું. વળી જાગૃતની પુનઃ પ્રતીતિ થતાં હું તેમાં પાછો આવું છું એ પ્રમાણે સ્વપ્ન તથા

સુષુપ્તિની અવસ્થાથી પણ હું એજ પ્રમાણે નિરાળોછું, છતાં તે ત્રણે અવસ્થાઓનો હું સાક્ષી છું. એવો હું તેજ સાક્ષાત મહેશ્વર મહાદેવ છે અને મહેશ્વર મહાદેવ તેજ સાક્ષાત હુંછું એ પ્રમાણે પરસ્પરની એકતાનું ભાન જે મહાત્માના અનુભવમાં આવ્યું છે તેજ ખરો અતિવર્ણાશ્રમિ છે.

માયાએ આખું જગત આત્મતત્વમાં કલ્પેલું છે. તેમાં વિવિધ પ્રકારના દેહોને કલ્પ્યા છે, તથા માત પિતા આદિ સંબંધોને પણ તે દેહની અપેક્ષાથી કલ્પેલા છે. એ દેહના સંબંધરૂપ ઉપાધિને હેતુરૂપે લઇને તેતે દેહને વિષે વર્ણ તથા આશ્રમો આદિની વિવિધ કલ્પનાઓ કરી છે. એ સર્વ બ્રહ્મ તથા આત્માના તાદાત્મ્ય જ્ઞાન પૂર્વે વ્યવહારિક સત્યરૂપે હતાં. પણ આત્મામાં માત્ર કલ્પિત હોવાથી તે વખતે પણ વાસ્તવ સત્યરૂપે તે કદીજ હતાં નહિ. જ્ઞાન થયા પછી તો ભેદમાત્રનો વિલય થાય છે તો તે સમયે તો વર્ણ તથા આશ્રમોના અનુભવરૂપ આભાસ પણ હોતો નથી. એ પ્રકારે વર્ણ તથા આશ્રમ વાસ્તવે છેજ નહિ અને તેથી વર્ણાશ્રમની અપેક્ષાથી કહેલા ધર્મો પણ છેજ નહિ એ પ્રકારનો વેદાન્ત વાકય દ્વારા જે અનુભવ કરે છે તેજ ખરો અતિવર્ણાશ્રમિ છે.

આખા જગત્‌ને ઇશ્વરે સર્જેલું છે તેથી વ્યાવહારિક દૃષ્ટિથી જગતના કર્તા ઇશ્વર છે એવો પ્રતિભાસ થાય છે. ઈશ્વર રૂપ અધિષ્ઠાનમાં વ્યાપાર રૂપ પ્રવૃત્તિને કરી રહેલું આખું જગત્ કેવલ કલ્પનામયજ છે. છતાં અધિષ્ઠાનરૂપ ઇશ્વર હોવાથી ઈશ્વર જગત્‌ના કર્તા છે એવો વ્યવહાર પ્રચલિત થયો છે. વાસ્તવે તો જગત પોતેજ નથી તો ઈશ્વર તેનો કર્તા શી રીતે હોય ! રાત્રિયે સૂર્ય નથી હોતો તે સમયે લોકો વિશેષ કરીને નિવૃત્તિરૂપ નિદ્રાનો અનુભવ કરે છે. સૂર્યનો ઉદય થતાંજ જ્યાં સુધી તે પછી સૂર્ય રહે છે ત્યાં સુધીનો બધોજ સમય લોકો પ્રવૃત્તમય ચેષ્ટાઓને કરે છે. તેથી પ્રવૃત્તિના પ્રવર્તકરૂપ આદિત્યને કહ્યો છે. વાસ્તવે તો લોકોથી કરાતી પ્રવૃત્તિમાં આદિત્ય કોઇપણ પ્રકારે યોજાતો નથી, તેમ કોઇને તે યોજતો પણ નથી. આદિત્ય તો કેવલ અસંગજ છે. તે પ્રમાણે ઈશ્વર જગત્‌નો કર્તા વાસ્તવે નથી. જે રીતે લોકો જે ચેષ્ટાઓ કરે છે તેને કરાવનાર આદિત્ય નથી પણ લોકો તો પોતાના સ્વભાવથીજ પોતાની મેળે આદિત્યની અપેક્ષા વિના ચેષ્ટાઓ કરે છે, તેજ પ્રમાણે દેહઇન્દ્રિય પ્રાણ આદિ સર્વ જગત્ મારી સંનિધિમાં ચેષ્ટા કરી રહ્યું છે. તેમાં મારે કોઈ પ્રકારનો સંબંધ

નથી. હું તો તે સર્વથી નિરાળોજ છું. એ પ્રકારે અકર્તારૂપે ઇશ્વર તથા પોતાના આત્માના તાદાત્મ્યનો અનુભવ વેદાન્ત વાકયોથી કરનાર મહાત્મા ખરો અતિવર્ણાશ્રમિ છે. ચિદ્રૂપ જે પરમતત્વ છે તે પદાર્થ માત્રમાં અભિવ્યક્તિ પૂર્વક અથવા ગુપ્તરૂપે અનુવૃત્ત થએલું છે. ચેતનરૂપે દેખાતા સર્વ પદાર્થોમાં તે અભિવ્યકત છે.

એ સર્વ પદાર્થો પરસ્પરથી ભિન્ન છે એ પ્રકારનો અન્યોન્યગત ભેદ માયાએ તે ચિદ્રૂપ આધારમાં કલ્પેલો છે. સુવર્ણરૂપ એક વસ્તુ છે. તેમાં સુવર્ણકારદ્વારા હાર, કડુ, કડકીયાં, મંગલસૂત્ર આદિ પ્રાચીન તથા આધુનીક ચેન, એરીંગ વીગેરે પ્રચલિત નામના વિશેષ વિશેષ વિકારને પામતા ભેદો કલ્પાયલા હોય છે. તેજ પ્રમાણે ચિદ્રૂપ જે હું છું, તેમાંજ માયાએ આખું જગત્ કલ્પેલું છે. તે સર્વથી નીરાળો હું અને બ્રહ્મતત્વ એ બેનું તાદાત્મ્ય છે. એ પ્રકારે સમજનારો મહાપુરૂષ ખરો અતિવર્ણાશ્રમી છે.

છીપ દૂરથી અમુક પ્રકાશમાં દૃષ્ટિગોચર થતાં તે રૂપું છે એ પ્રકારની. તેમાં ભ્રાન્તિ થાય છે. તે સમયે એટલે જ્યાં સુધી તે ભ્રાન્તિનું અસ્તિત્વ મતિમાં સ્થિર હોય છે ત્યાં સુધી તે દેખાતું રૂપું સત્ય છે. એ સત્યતા કેવલ પ્રાતિભાસિક છે. વાસ્તવ નથી. વાસ્તવેતો તે છીપજ છે. તે પ્રમાણે મહદ્રૂપ અહંકારથી આરંભીને આખું જગત્ માયાએ માયામયજં મારા સ્વરૂપમાં કલ્પેલું છે. હું તેનાથી નીરાળો છું. પ્રથમના દૃષ્ટાંતમાં સુવર્ણ હાર રૂપે દેખાતું હતું, તે સમયે હારરૂપ વૃત્તિની સાથે સુવર્ણરૂપ વૃત્તિ પણ ચાલી આવતી હતી એટલે સુવર્ણરૂપે પણ તે જણાતું હતું. આ રૂપાના દૃષ્ટાંતમાં તો જે સમયે વૃત્તિ રૂપાને દેખેછે, તે સમયે છીપને છીપ રૂપે દેખતી નથી. છીપના રૂપનો કેવલ બાધ થાય છે. હારમાં સુવર્ણની માફક છીપરૂપ ભાન તે ભ્રાંતરૂપામાં અનુસ્યૂત રહેતું નથી. અને છીપનું ભાન થતાં રૂપાના ભાનનો બાધ થાય છે. એ પ્રકારનો બે દૃષ્ટાંતોમાં ભેદ છે. તેજ પ્રમાણે શ્રી મહાદેવજી ચૈતન્ય રૂપે ચંડાળના દેહમાં, પશુ આદી શરીરોમાં, બ્રાહ્મણના શરીરમાં, તથા અન્ય ચઢતા ઉતરતી પંક્તિ વાળાં ગણાતાં શરીરોમાં જે પ્રમાણે આકાશ સર્વત્ર વ્યાપી રહ્યું છે તે પ્રમાણે વ્યાપી રહેલા છે. છતાં જે પ્રમાણે તે આકાશ સર્વ સંબંધથી રહીત પોતાના એકજ રસરૂપે નીરાળું રહે છે, તે પ્રમાણે તે પણ અસંગ રહેલા છે. સુવર્ણના હારના દૃષ્ટાંતની માફક આ સર્વમાં જે જ્ઞાની મહાત્માઓ છે, તેમને તેજ પરમ અમૃત રૂપ પોતાના સ્વસ્વરૂપે સાક્ષાત્

કાર નીરંતર કરાવી રહે છે, અને જે અન્ય અજ્ઞાનીના શરીરો માં તેજ ચૈતન્ય રૂપ મહેશ્વર છીપમાં ભ્રાંતિથી દેખાતા રૂપાના સમયે છીપનો સ્વભાવ સંપૂર્ણ રીતે ઢંકાઇ જાય છે અને છીપ રૂપે સંપૂર્ણ બીલકુલ પ્રતીતિ થતી નથી તે પ્રમાણે ગુપ્ત રહીને અદૃષ્યવત્ રહે છે. એવા શ્રી મહાદેવજી તેજ મારી સાથે તાદાત્મ્ય એકતાને ધરાવે છે એ પ્રકારનો જેને અનુભવ છે તેજ સાચો અતિવર્ણાશ્રમિ છે.

અજ્ઞાન ત્રણ અવસ્થામાં પ્રતીત થાય છે. સર્વ દશ્ય જગત્ જે પ્રકારે પ્રતીત થાય છે તે પ્રકારનુંજ તેનું સત્ય સ્વરૂપ છે એ પ્રકારના અભિમાનના હેતુરૂપ તે બને છે. સુતર્કરૂપ સદ્યુક્તિયો તથા વેદાન્ત શાસ્ત્રના શ્રવણદ્વારા પ્રાપ્ત થએલા વિવેક જ્ઞાનવડે અજ્ઞાનની આ દશા નિવૃત્ત થાય છે એટલે આ દૃષ્ય જગત્ સત્ય છે એ પ્રકારનું અભિમાન સ્ફુરતું બંધ થાય છે. એ પ્રમાણે થયા પછી પણ અભિનિવેશના કારણથી પૂર્વવત્ વ્યવહાર કરવાના હેતુભૂત બનવું એ તે અજ્ઞાનની બીજી દશા છે. તત્વ સાક્ષાત્કાર જ્યારે થાય છે ત્યારે તે દશાની નિવૃત્તિ થઇ જાય છે. તે પછી પણ દેહાભાસ તથા જગદાભાસ સંસ્કાર માત્રથી થાય છે. તે પ્રમાણે આભાસ કરવાના હેતુરૂપ અજ્ઞાનની ત્રીજી દશા રહેલી હોય છે. આ દશાને બાધિતાનુવૃત્તિ કહી છે, એટલે પ્રથમના બન્ને સાધનોથી જગત્નો જગત્રૂપે બાધ થએલો હોય છે છતાં પૂર્વે જે સમયે તે પ્રકારનો બાધ થએલો નહોતો તે સમયના અનુભવનું સ્મરણ થાય છે. તે પ્રમાણે વૃત્તિ તન્મય બને છે. અંતિમ પરમ સાક્ષાત્કાર જ્યારે થાય છે ત્યારે તે અજ્ઞાનની ત્રીજી દશા છુટે છે. શ્રુતિ ભગવતી કહે છે કે:—

तस्या भिध्याना द्यो जनात्तत्वभावा ।
द्भूयश्चांते विश्वमाया निवृत्तिः ॥

પરમ તત્વના અભિધ્યાનથી યોજનાથી તત્વભાવથી ને પછી અંતિમ તાદાત્મ્ય અનુભવથી વિશ્વમાયાની નિવૃત્તિ થાય છે. આમાં અજ્ઞાનની જે ત્રીજી દશા કહેલી છે તેમાં અતિવર્ણાશ્રમી મહાત્મા હોય છે. એટલો અંશ અવિદ્યાનો રહેલો હોવાથીજ તે વિદ્વાન શિષ્યાદિના દર્શન કરી શકે છે. તે અંશથીજ તે મહાત્મા ઉપદેશ કરવારૂપ ઉપકાર કરે છે. તે અંશ શેષ ન રહ્યો હોય તો તે પ્રકારે બનવું સંભવતું નથી. કોઇ મનુષ્ય પ્રવાસમાં ગ્રહ,નક્ષત્રની ગતિ આદિ ભૂલી ગયો હોય અને તેથી દિશાનું તેને વિસ્મરણ

થઇ જાય છે. તેથી દિશા હોય છે કાંઇક અને તે કહે છે કાંઇક. એ પ્રમાણે દિશાને નિર્ણય કરવામાં જે મોહ તેને ભૂલ કરાવતો હતો તે નિવૃત થયા પછી તેને દિશાનું યથાર્થ ભાન થાય છે. છતાં ભાન થયા પછી પણ વિસ્મૃતિ થએલી ભ્રાન્ત દશામાં જે દિશાને વિભ્રમ થયો હતો તેને સંસ્કાર માત્રથી યાદ લાવે છે અને સ્મૃતિપટમાં તે વિભ્રમને પ્રતીતવત્ દેખે છે. તેજ પ્રમાણે એ મહાત્માના અંતઃકરણમાં શિષ્યાદિભાવ રહે છે તથા તેનાથી તેને ઉપદેશ કરાય છે. તેની સાથેજ યુક્તિરૂપ સુતર્ક તથા શાસ્ત્ર તથા અનુભવદ્વારા દ્વૈતના અભાવને પણ દઢતાથી અંતઃકરણમાં સ્થિરરૂપે ધારણ કરેલો હોવાથી તેની વિદ્વત્તા પણ રહે છે. એ પ્રમાણે દિશાનો ભ્રમ છુટી ગયા છતાં સ્મરણપટમાં પૂર્વવત્ દિશાઓને જોતો હોઉં તે પ્રમાણે આ સમગ્ર વિશ્વના વિશેષ જ્ઞાનને પ્રાપ્ત કર્યું છે તેથી મારા સ્વરૂપની અપેક્ષાથી (લોકો નાશને માને છે તેમ નહિ પણ) વિશેષ રીતે નાશને પામેલુંજ છે, છતાં પૂર્વના સંસ્કારોથીજ તે મારા આત્મતત્વમાં જગતરૂપે દેખાય છે. એ દેખાવ તેનો મિથ્યા છે અને તે વાસ્તવ મારા આત્મ તત્વરૂપજ છે. એ પ્રમાણે અનુભવ કરનાર અતિવર્ણાશ્રમી છે.

આ જગતમાં અમુક વસ્તુ છે એ રીતે પોતાના સ્વરૂપનું છે રૂપે ભાન જ્યારે કોઈ ચીજ કરાવે છે ત્યારે તેને ભાવરૂપ કહીએ છીએ. જ્યારે નથી એ રીતે પોતાનું ભાન તે કરાવે છે ત્યારે તેને અભાવ રૂપ કહીએ છીએ. એ પ્રકારનો વ્યવહાર જગતમાં ચાલે છે. જેને સ્વભાવથીજ અભાવ રૂપે ગણીએ છીએ તે વસ્તુને છે એરૂપે આપણે જો માનીએ એટલે ભાવરૂપે જો માનીએ તો વદતોવ્યાઘાત દોષ પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં જગતરૂપ પ્રપંચ અમુક પ્રકારનો પ્રતીત થાય છે તે સમયે તે પ્રપંચ ભાવરૂપે છે એવો અનુભવ થાય છે. જ્યારે આપણે જાગીએ છીએ ત્યારે એ ભાવરૂપ દેખાતા પ્રપંચની કારણ ભૂત સ્વપ્નાવસ્થારૂપ માયાનો લય થએલો હોય છે. અને કારણભૂત સ્વપ્નની સાથેજ તેના કાર્ય ભૂત સ્વપ્ન પ્રપંચનો પણ બાધ થઈ જાય છે. એટલે જાગ્રત અવસ્થામાં સ્વપ્ન પ્રપંચ અભાવરૂપ છે એ પ્રમાણે જણાય છે. જાગૃત અવસ્થામાં સ્વપ્ન પ્રપંચના સંબંધમાં તેનું સ્મરણ કરીને વિશેષ વિચાર કરી શકીએ છીએ. એમ કરતાં આપણને જણાય છે કે જાગ્યા પૂર્વે પણ તે દેખાતો સ્વપ્ન પ્રપંચ વાસ્તવ સતરૂપ નહોતો. અસત્ અને બાધિતજ હતો. જાગૃદવસ્થામાં વિચારથી આ પ્રકારની ખાત્રી થયા છતાં પણ પૂર્વના સ્વપ્ન સમય સાથે સ્મૃતિ વૃત્તિનો સંબંધ કરાવતાં તે સ્વપ્ન-

પ્રપંચ વૃત્તિના વિષયરૂપે જણાય છે. સંસ્કાર માત્રથી તે પાછળ પાછળ ચાલ્યો આવીને અનુવર્તન કરે છે. એજ પ્રમાણે આ અજ્ઞાનરૂપ સ્વપ્નાવસ્થામાં જાગૃત નામથી વ્યવહરાતો પ્રપંચ વાસ્તવ જ્ઞાન થતાં મહાત્માને અસત્ મિથ્યારૂપે અનુભવાય છે. છતાં અજ્ઞાનરૂપ વાસ્તવ જાગૃતિની પૂર્વે અજ્ઞાનાવસ્થામાંજ જે જે સંસ્કારો પડેલા હોય છે તેના બળથી અનુસ્મૃતિ રૂપે એમ બને છે. વૃત્તિ જ્ઞાનના વર્તમાન સમયમાં પણ પૂર્વના અજ્ઞાનના અનુભવવાળા સમય સાથે સ્મૃતિપટ ઉપર સંબંધ કરે છે, અને તે સંબંધના હેતુને લઇને આ પ્રપંચ તે મહાત્માને ભાસે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. એ પ્રકારે સમજીને મનમાં દૃઢ નિશ્ચય રાખે કે સ્વપ્ન પ્રપંચ જે રીતે મિથ્યા છતાં મારે વિષે સ્વપ્નરૂપ માયાવડે સત્યવત્ પ્રતીત થાય છે, તેજ રીતે આ જાગૃત પ્રપંચ પણ પરમેશ્વરની મહામાયાના બળથી મિથ્યા છતાં મારામાં દેખાય છે. એ મહામાયાના બળરૂપ અજ્ઞાન સ્વપ્નમાંથી મહેશ્વર સાથે તાદાત્મ્યવાળી એકતા રૂપ મારાઆત્મતત્વના સ્વરૂપના સાક્ષાતકારરૂપ જાગૃદવસ્થા પ્રાપ્ત થતાં દેખાતો નથી. એ પ્રકારનો જે અનુભવ કરે છે તેજ સાચો અતિવર્ણાશ્રમી છે.

જેને આત્મ દર્શન થયું છે તે વર્ણ તથા આશ્રમના આચારની મર્યાદાને ઓળંગી રહેલો છે, તેથી તે આચારો તેના ગલિત થયેલા હોય છે. અને તે મહાત્મા નિરંતર પોતાના આત્મતત્વશિવાય અન્ય કશાનોજ વિચાર કરતો નથી. એ પ્રકારે જે આત્મતત્વમાં સ્થિર થયો છે, તેજ ખરો અતિવર્ણાશ્રમી છે.

બ્રહ્મ તત્વનો જેને અનુભવાત્મક સાક્ષાતકાર થયો છે તેનો દેહાદિ માંથી આત્મભાવ ગળી ગયેલો હોય છે. તેથી હું અમુક વર્ણનો છું કે અમુક આશ્રમમાં છું તેનુ ભાન પણ તેને વિલાઇ ગએલું હોય છે. તેથી દેહ તથા દેહના વર્ણાશ્રમ ધર્મોનું તેણે અતિક્રમણ કરેલું હોય છે. એવો મહાત્માજ ખરો અતિવર્ણાશ્રમી છે.

આ પ્રમાણે અતિવર્ણાશ્રમી મહાત્માનું સ્વરૂપ છે. એવી પરમ સ્થિતિને પોતે પ્રાપ્ત કરેલી છે કે નહિ તેની અત્યંત પાકી ખાત્રી કર્યા વિના વર્ણાશ્રમના ધર્મોનો ત્યાગ કોઇ કરેતો તે કર્મોને કરવાની શ્રુતિભગવતીની આજ્ઞાનો ભંગ થાય છે. તેથી તેને પ્રત્યવાયો ભેગા થાય છે, અને તે પતિત થાય છે. આવા મૂઢ મનુષ્યો ખરૂં જોતાં નાસ્તિક હોય છે. શાસ્ત્રો ઉપર તેમને પ્રેમ હોતો નથી. તેથી કર્મો કરવાથી હિત સધાય છે 'એ વાર્તાનું પણ

તેમને ભાન હોતું નથી. પરમ ચૈતન્ય સત્ ચિત્ આનંદરૂપ તત્વ એવી કાંઇજ વસ્તુઓ નથી એવા દુષ્ટ નિશ્ચયને તે બાંધે છે. એટલે તેની પ્રાપ્તિ અર્થે કર્મોના અનુષ્ટાનથી અંતઃકરણને નિર્મલ કરવાની તેને ગરજ હોતી નથી. વખતે દેખા દેખી ધર્માચરણ થાય તો ઠીક એવું મનમાં આવે છે. તો તે સમયે વ્યવહારનાં કે વિષયનીલીલાનાં કારણો તે સમયનો ઉપયોગ કરવાને માટે ઉભાં થાય છે. તેથી વૈદિક કર્મો કરવામાં પ્રમાદ થઇ જાય છે. કાંઇ કાર્ય કરવાનું ન હોય તો પણ શરીર તથા મનની શિથિલતા અત્યાચારથી થઇ આવે છે. તેથી આળસ્યને સ્વાધીન થઇને કર્તવ્ય કર્મોનો ત્યાગ કરે છે. એવો મનુષ્ય પતિત થાય છે ને છેવટે મહા કષ્ટને ભોગવે છે.

આત્મતત્વ દેહ રૂપ નથી. ઇન્દ્રિય રૂપ નથી. મન રૂપ નથી. બુદ્ધિ રૂપ નથી. અહંકાર રૂપ નથી. ચિત્ત રૂપ નથી. માયા રૂપ નથી. આકાશ રૂપ નથી. વાયુ રૂપ નથી. તેજ રૂપ નથી. જલ રૂપ નથી. પૃથ્વિ રૂપ નથી. તે પાંચે ભૂતોનું બનેલું આખું જગત છે તે રૂપ નથી, તેમજ જગત્ માંનું કાંઇજિ તેના સ્વરૂપ ભૂત નથી. એ આત્મા કર્તા નથી. ભોકતા નથી. ભોગ પ્રદ નથી. આ સર્વમાંથી કાંઇજિ તેના સ્વરૂપ ભૂત નથી. તે સર્વનો તે કેવલ દ્રષ્ટા છે. આત્મતત્વનું યથાર્થ રૂપ કેવલ અનન્ય રૂપે નિજત્વજ છે. સત્ છે. ચિત્ છે. આનંદ છે. બ્રહ્મ છે. પાણીના પ્રવાહમાં સૂર્યનું પ્રતિબિંબ પડેલું હોય તેને જોવું. એ પ્રવાહ સ્થિર હોય છે ત્યારે તે પ્રતિબિંબ સ્થિર દેખાય છે. પવનના ઝપાટાથી જ્યારે તે પાણી હલમલી જાય છે, ત્યારે તે પ્રતિબિંબ પણ ચંચલતાને ધારણ કરતું દેખાય છે. એ દેખાતી ચંચલતા પ્રતિબિંબના સ્વભાવભૂત નથી, પણ જળના ધર્મ રૂપ છે. તેજ પ્રમાણે રાગદ્વેષથી પ્રેરાઇને સંસારમાં સંબંધ કરાવી આપનાર- મહામાયાના કાર્ય રૂપ અહંકાર નામનું મહતતત્વ છે. અભિમાન પૂર્વક કરાયલાં કર્મો સુખ દુઃખ રૂપ ફલને આપે છે. તે ફલ ભોગવવા અર્થે સંસારનું અસ્તિત્વ અનુભવમાં આવે છે. એ રીતે સંસાર રૂપ ચંચલતા અહંકાર રૂપ જળનો ધર્મ છે. અહંકાર સાથે આત્મસૂર્યનો સંબંધ માયા વડે કલ્પાયલો છે. તેથી તે સંબંધના પરિણામ રૂપે સંસાર આત્મામાં પણ પ્રતીત થાય છે. આત્મતત્વમાં કલ્પાયલો આખો સંસાર એ પ્રકારનો છે. તેજ રીતે એજ સસારના અંગરૂપ દેખાતું આ સ્થૂલ શરીર છે તે હું છું એ પ્રકારનો આત્મામાં આરોપ થાય છે. તેના પરિણામે પણ તથા આશ્રમો જે શરીર રૂપ આત્માથી અન્ય પદાર્થના છે તેનો પણ આરોપ

આત્મામાં થાય છે. એ રીતે વર્ણાશ્રમ ધર્મો વાસ્તવે આત્માના નથી, પણ ભ્રાન્તિથી આત્મામાં માયા વડે આરોપાયલા છે. આ પ્રમાણે હોવાથી, કર્તા તથા ભોક્તા રૂપે અભિમાન આત્મામાં થતું દેખાય છે. છતાં શરીરાદિ ઉપાધિને હું રૂપે ભ્રમથી મનાયાથીજ તે તે જ્યારે કર્તા ભોક્તા પણાને પોતાના આત્મ સ્વરૂપમાં દેખે છે. ને એ પ્રકારના ભ્રમના સ્વરૂપને તે સારી રીતે સમજે છે ત્યારે જે આ પ્રકારની તેને પ્રતીતિ થાય છે તે અસત્ મિથ્યા છે એવું તેને ભાન થાય છે. જે આત્માને જીવ રૂપે કે શરીરાદિ ઉપાધિ રૂપે અજ્ઞાન દશામા દેખે છે, એ તેમનો અનુભવ આત્માના સામાન્ય જ્ઞાનમય કહેવાય છે. આત્માનું સાચું સ્વરૂપ જે એ પ્રકારની ઉપાધિ માત્રથી રહિત છે એવો જે અનુભવ તેને વિશેષ જ્ઞાન કહે છે. એ પ્રકારે આત્મતત્વનું જેને વિશેષ જ્ઞાન છે તેને માટે વર્ણાશ્રમના ધર્મો નથી. તેથી શાસ્ત્રે વિધિરૂપે જે કર્મોને કરવાની આજ્ઞા વર્ણાશ્રમીયોને માટે કરી છે તે આજ્ઞાનું બંધન તે અતિવર્ણાશ્રમીને નથી. વળી એવા વર્ણાશ્રમીયોને માટે જેનો જેનો શાસ્ત્રે નિષેધ કર્યો છે તે નિષેધ પણ તેમને લાગુ નથી. અમુક વર્જ્ય છે અને અમુક અવર્જ્ય છે એ પ્રકારના નિયમ રૂપ કલ્પના પણ અન્ય સામાન્ય મનુષ્યોને માટે છે. અતિવર્ણાશ્રમી મહાત્માને માટે તે નથી. કોઈ પણ પ્રકારનો અન્ય લોકવ્યવહાર પણ તે મહાત્માને હોતો નથી. કારણ કે તે મહાત્મા તો આ વિગેરે સર્વને કલ્પિત રૂપે માનીને સ્થિર થએલા છે.

આવા આત્મ વિજ્ઞાની મહાત્માઓની મસ્ત સ્થિતિ હોય છે, તેનું કારણ એટલુંજ હોય છે કે તેઓ કેવલ આત્મનિષ્ઠ હોય છે. તેમની વૃત્તિઓ સર્વાંશે આત્મ ચૈતન્યમાંજ અનન્ય પ્રેમથી રમણ કરી રહી છે. માયાથી જેમની બુદ્ધિ સંકુચિત અને બુઠી થએલી હોય છે એવા મૂઢ જીવો આ સ્થિતિને સમજી શકતા નથી. કારણ કે માયાથી મોહ પામેલાને તો માત્ર માંસમયીજ ચક્ષુ છે. તે વડે અંતઃકરણની નિષ્ઠા જોઈ શકાતી નથી. એ નિષ્ઠાને જોવાના સાધન રૂપ તો વિદ્વાનોએ પોતાની જાતે કરેલા આત્મા નુભાવ રૂપ ચક્ષુ એકજ છે. અન્ય ચક્ષુનો તેમાં ઉપયોગ થઈ શકે તેમ નથી. આવા મહા પુરૂષનું સ્વરૂપ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં બહુ સ્પષ્ટ રીતે આપેલું છે. ત્યાં બીજા અધ્યાયમાં યોગીશ્વર શ્રી કૃષ્ણ અને અર્જુનની વચ્ચે સંવાદ રૂપે આ વર્ણન છે. તેમાં આ પુરૂષને સ્થિતપ્રજ્ઞ એ નામ આપેલું છે. આ સ્થિતપ્રજ્ઞનું સ્વરૂપ કેવું છે એવો અર્જુન પ્રશ્ન કરે છે અને તેના ઉત્તરમાં શ્રી ભગવાન ૫૫મા શ્લોકથી આરંભ કરે છે.

ઉપરથી જોનારને આ મહાત્માનું ચિત્ત પોતાના આત્મતત્વ પ્રતિ અત્યંત પ્રેમથી એટલું બધું વળેલું હોય છે કે તે બહારના પદાર્થોમાં રસવૃત્તિથી તે ધાવન કરતું નથી, તેથી તે મહાત્મા મૂઢ જડવત્ દેખાય છે. સર્વલોક પ્રતિ સ્વાર્થવૃત્તિથી સામાન્ય મનુષ્ય જુએ છે, અને સ્વાર્થની સિદ્ધિના પ્રમાણમાં તે વસ્તુ પ્રતિલોભ વૃત્તિને ધારણ કરે છે અને ભ્રમથી ધારે છે કે એ લોભવૃત્તિ પ્રેમવૃત્તિ છે. એ વૃત્તિવાસ્તવ પ્રેમસ્વરૂપા નહીં હોવાથી વિષમતાને ધારણ કરે છે. આ મહાત્મામાં તે પ્રકારની લોભવૃત્તિ નહિ હોવાથી એ પ્રકારની વિકારી વિષમતા તેનામાં દેખાતી નથી. પ્રેમવૃત્તિ કેવલ નિર્મલ સ્વરૂપે તેના રોમેરોમ વ્યાપિ રહેલી છે. છતાં કેવલ વિષમતા વિના અન્ય ભેદક સ્વરૂપનું ભાન જેને નથી તેવા જીવો આ મહાત્માની આત્માનિષ્ઠાને સમજી શકે તેમ નથી. આ પ્રકારના અર્થને સૂચવતાં ૬૯મા શ્લોકમાં શ્રી ભગવાન કહે છે કેઃ—

॥ या निशासर्वे भूतानां तस्यां जागर्ति संयमी ।

॥ यस्यां जाग्रति भूतानि सानिशा पश्यतो मूनेः ॥

ભૂતમાત્રની જે રાત્રિ છે તેમાં સંયમિ જાગૃત રહે છે. જે સ્થિતિમાં ભૂત માત્ર જાગૃત રહે છે તે સ્થિતિમાં જ્ઞાન ચક્ષુ જેનાં ઉઘડયાં છે તેવા મુનિની રાત્રિ છે.

ભાનપૂર્વક જગતને સત્ય રૂપે માનીને પ્રવૃત્તિ કરવી એ જાગૃત સ્થિતિ છે. એ પ્રમાણેની પ્રવૃત્તિ જેમાં અટકાવાય છે તે રાત્રિછે. સમગ્ર પ્રપચને પ્રપંચરૂપે જોવો, તે સ્થિતિમાં તેને સત્યરૂપે માનવો, અને તે પ્રમાણે માનીને તેમાં પ્રવૃત્તિ કરતાં ધુમી રહેવું, એ વિગેરે અજ્ઞાન નામની એક સ્થિતિ છે. તે સ્થિતિને ધારણ કરવી, એ અજ્ઞાની મનુષ્યોની જાગૃત સ્થિતિ છે. આ સ્થિતિનુ અભાન કરવું અને કેવલ આત્મ ચૈતન્યનેજ આંતર તથા બાહ્ય અનુભવવું એ અજ્ઞાનીની રાત્રિ છે. એવી જે અજ્ઞાનીની રાત્રિ છે તેમાં ભાન નામક ભાનુનો પ્રકાશ અસ્ત થએલો પ્રતીત હોવાથી તે આત્મનિષ્ઠામાં ભૂતમાત્ર ઉંઘે છે. એટલે આત્મનિષ્ઠાનું ભાન તેમને નથી. તે આત્મ નિષ્ઠારૂપ અજ્ઞાનીની રાત્રિ તેમાં સંયમ કરનાર યોગિ પોતાનુ ચિત્ત નિર્મલ તથા નિર્વિક્ષિપ્ત હોવાથી ઉત્સાહપૂર્વક જાગૃત રહે છે. ઉપર કહી તે પ્રકારની અજ્ઞાનીની જાગૃત અવસ્થારૂપ જે પ્રપંચ નિષ્ઠા તેનું ભાન એવા મુનિને થતું નથી. એ પ્રપંચ અજ્ઞાનમય હોવાથી અંધારારૂપ છે. જે અંધ હોય તે વાસ્તવે પ્રકાશ સર્વત્ર બહાર વ્યાપી રહેલો હોવા છતાં પણ પોતે પોતાના

નેત્રના દોષના કારણથી તે પ્રકાશને અંધારારૂપેજ દેખે છે. તે પ્રમાણે આ અજ્ઞાનીઓ આ પ્રપંચ પ્રપંચરૂપે વાસ્તવ દૃષ્ટિથી નથી છતાં તેને યથાર્થ પ્રપંચરૂપે દેખે છે. પણ સંયમિની આંતર દૃષ્ટિ ઉઘડેલી હોવાથી તે અજ્ઞના જેવો અંધ નથી પણ દેખતો છે. તેથી પ્રપંચરૂપ નિશાને અજ્ઞાની અનુભવે છે. તેનેજ મુનિ પ્રકાશરૂપ જાગૃદવસ્થા એટલે આત્મવિલાસમાત્ર રૂપે દેખે છે.

આ પ્રમાણે પોતાના આત્માને જ્ઞાની વિકલ્પરૂપ વિક્ષેપથી રહિત એટલે નિર્વિકલ્પ દેખે છે. નિરંજન એટલે પ્રપંચની પ્રતીતિરૂપ અંધારાથી રહિત નિરાવરણ દેખે છે. તેમનો અનુભવ એવો થાય છે કે, પોતાનું આત્મતત્વ નિત્ય, શુદ્ધ, નિરાભાસ, કેવલ સંવિદ્રૂપ તથા પરામૃત છે. એ પ્રમાણે બીજાના કહેવાથી નહિ પણ પોતાના જાતના અનુભવથી સમજે છે તેજ ખરો અતિવર્ણાશ્રમી છે. તેજ ગુરૂઓમાં ઉત્તમ ગુરૂ છે.

જેણે વેદના કર્મકાન્ડનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે, ને તેથી કર્મમાત્રનો વિધિ સારી રીતે સમજે છે તેવા પુરૂષને શાસ્ત્રમાં વેદવિદ્ કહ્યો છે. જે મનુષ્ય તેવો વેદવિદ્ થયા પછી ઉપનિષદ્‌નો અભ્યાસ કરીને તેના તાત્પર્ય રૂપ તત્વજ્ઞાનને અનુભવ પર્યન્ત મેળવે છે તે વેદવિત્તમ કહેવાય છે. આવો વેદવિત્તમ પુરૂષજ મોચકપ્રદ છે. જગતના મૂલ કારણરૂપ માયા એ શી વસ્તુ છે તથા તે દ્વારા પ્રતીત થતો સંસાર શી વસ્તુ છે તેનું જ્ઞાન તત્વદૃષ્ટિદ્વારા તે મહાત્મા આપે છે. એ પ્રમાણે સમજાયા પછી તેમાંથી છોડાવનાર ઇશ્વરના સ્વરૂપનું ભાન તે કરાવે છે અને તેમની સાથે સંબંધ કરાવી આપે છે. આ પ્રમાણે મુક્તિની ઇચ્છાપૂર્વક આચાર્યની શુશ્રૂષા કરીને પ્રાપ્તવ્યની સિદ્ધિના સાધકરૂપ મુમુક્ષુ શિષ્ય તથા મુક્તિ આપનાર ઇશ્વર અને એ બંનેનો યોગ કરાવી આપનાર આચાર્ય એ રીતે ત્રણ પ્રકારનો ભેદ પણ સાધક અવસ્થામાંજ હોય છે. સાધક અવસ્થામાં અજ્ઞાનનો અંશ જે રહેલો હોય છે તે વડેજ તે ભેદ પ્રતીત થાય છે. સાધક અવસ્થા પૂર્ણ થતાં સર્વત્ર ચિદાનંદનું ભાન ઉદય થાય છે. તે સમયે તે ભેદ પણ અજ્ઞાનની સાથે નિવૃત્ત થાય છે. એ ભેદ પણ માયામય કલ્પિત છે ને વાસ્તવ નથી એ પ્રકારે આશ્ચર્યવત્ ભાન થાય છે.

સર્વનો મોચક તથા સર્વના કારણરૂપ ઇશ્વરથી અભેદરૂપે પોતાના આત્મતત્વને અનુભવતો તે મહાત્મા છે. એ મહાત્મા પોતે, સત્ય, ચિદ્દ્ઘન છે. છેવટની ઉત્તમ પ્રકારની મુક્તિ એજ એનું સ્વરૂપ છે. ઇશ્વર સાથે

તાદાત્મ્ય હોવાથી તેજ સર્વનો મુક્તિપ્રદ છે. તેજ સર્વરૂપ છે. કહ્યું છે કે અજ્ઞાનની હાનિરૂપ જે મુક્તિ તે પોતાના આત્મતત્વવિના કાંઇજ નથી.

એ પ્રમાણે સર્વ વિશ્વના કલ્યાણને અર્થે આખા વેદાંત શાસ્ત્રનો સિદ્ધાંત છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થોમાં સાક્ષાત્ મોક્ષ નામનો ચોથો પરમ પુરૂષાર્થ કહેવાય છે. એ પુરૂષાર્થની સિદ્ધિ કરવી એજ સમગ્ર વેદાન્ત માત્રનો સિદ્ધાંત છે. એ સિદ્ધિ કરાવી આપનાર ગુરૂ કોણ છે તેનું સ્વરૂપ મેં આપને કહ્યું. એ પ્રમાણે શ્રીવિષ્ણુભગવાને શ્રવણ કરીને અત્યંત પ્રસન્નતાથી સદાશિવના ચરણોમાં પોતાનું શીર્ષ મુકયું. આ પ્રકારની પરમ ભક્તિથી ભગવાન પરવશ થઇ ગયા. કંઠ ગદ્દગદિત સ્વરવાળો થઈ ગયો ને નેત્રમાં હર્ષાશ્રુ ભરાઇ આવ્યાં. તે સ્થિતિમાં દંડવત્ પ્રણામ કર્યો. શ્રી ઈશાનના સાક્ષાત પ્રસાદથીજ તે કૃતાર્થ થયા.

શ્રી સૂતભગવાન એ પ્રમાણે મુનિયોપ્રતિ કહીને છેવટે તેમના પ્રતિ બોલ્યા કે તમે પણ એ પ્રમાણે ગુરૂના સ્વરૂપને યથાર્થ સમજીને તેમની સેવા કરજો. જેમની દેવપ્રતિ ભક્તિ છે અને જેટલી દેવપ્રતિ છે તેટલીજ તે દેવ સાથે સંબંધ કરાવી આપનાર ગુરૂ ઉપર ભક્તિ છે એવા સાધકોનેજ આ શાસ્ત્રમાં કહેલા અર્થ પોતાનો પ્રકાશ આપે છે.

એ રીતે શ્રી મુક્તિખંડનો મોચકપ્રદ સ્વરૂપ નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુક્તિખંડ.

અધ્યાય ૬.

જ્ઞાનોત્પત્તિ.

મુક્તિ વિગેરે પ્રાપ્તવ્ય વસ્તુનાં સ્વરૂપ આ પ્રમાણે કહ્યાં. પણ સાધનોને આચારમાં મુકવા સમયે તેમાં અનેક પ્રકારના પ્રતિબંધો આવી નડે છે. એ પ્રતિબંધો કયા કયા છે તે સમજવાની પણ જરૂર છે. કારણ કે તેના જ્ઞાન વિના તે તે પ્રતિબંધોને દૂર કરવાનું સરલ બને તેમ નથી. માટે સરળ થાય તેવા હેતુથી જ્ઞાનની પ્રાપ્તિ થવામાં જે જે પ્રતિબંધ રૂપે કારણો આવે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧. શિવદ્રોહ એટલે શિવના ઉપર અશ્રદ્ધા.

આપણું આત્મ ચૈતન્ય શિવ છે. મૃતક હોય છે તેને વ્યવહારમાં પણ અશિવ એટલે અશુભ કહ્યું છે. આપણે જીવનમય છીએ એજ આપણામાં શિવનો વ્યાપી રહેલો પ્રભાવ છે. એ પ્રકારને ન સમજી શિવ પ્રતિ જે અવગણના રહેવી એ શિવદ્રોહ છે. એ પ્રકારની વૃત્તિથી જ્ઞાનની પ્રાપ્તિમાં પ્રતિબંધક થઈ પડે છે.

૨. શિવ ભક્તોનો અપરાધ કરવો.

આપણે પોતે શિવતત્વનું યથાર્થ સ્વરૂપ સમજી શકીએ એવા નથી. તે સમયે જેમણે તે તત્વનો જ્ઞાન પૂર્વક અનુભવ કર્યો છે તેવા શિવભક્તો નેતારૂપ થઈને યથાર્થ માર્ગે આપણને ચડાવવા રૂપ ઉપકાર કરે છે. તેમના પ્રતિ દ્વેષને ધરીને તેમને હાનિ કરવા પ્રવૃત્ત થવું એ જ્ઞાન થવામાં બીજું પ્રતિબંધક કારણ છે.

૩. શિવ જ્ઞાનમાં દોષ દૃષ્ટિ કરવી. એટલે લોભ રાગ દ્વેષ આદિ અજ્ઞાનથી ઉઠતી સ્વાર્થાદિરૂપ દૂષિત વૃત્તિયોને લીધે અંધ બનીને શિવના જ્ઞાનથી જે જે હિત થાય છે તે પ્રતિ વૃત્તિને ન રાખતાં કુતર્કાદિ કરીને તેમાં મિથ્યા દોષનું આરોપણ કરવું. એમ થવાથી જ્ઞાનનો ઉદય થતો અટકે છે.

૪. ત્રિપુંડ્ર તથા ભસ્મ ધારણ કરવા પ્રતિ દ્વેષ કરવો અને પોતે એનું અનુષ્ઠાન ન કરવું એ ચોથો પ્રતિબંધ છે.

૫. રૂદ્રાક્ષને ધારણ ન કરવી તથા તેને ધારણ કરવાપ્રતિ દ્વેષ કરવો.

૬. વિષ્ણુ ભગવાન પ્રતિ તેમના ઉપકારનું વિસ્મરણ કરીને તેમનો દ્રોહ કરવો.

૭. વિષ્ણુ ભગવાનના ભક્તોનો દ્વેષ કરવો તથા તેવા ભક્તોના ધનની વાંચ્છા કરવી.

૮. બ્રહ્મા ભગવાનનો દ્રોહ કરવો. તેમના ભક્તોનો દ્વેષ કરવો તથા તેમના ધનની ઇચ્છા કરવી.

૯. કામ, ક્રોધ, લોભ, મોહ, દંભ, આલસ્ય તથા માત્સર્યને અધીન થઈ અંધ બનવું અને પરવશ થઇને રહેવું.

૧૦. ધર્મ, અધર્મ, તથા ઇશ્વર હશે કે નહિ હોય એ પ્રકારે વિપર્યય રૂપ અસંભાવના વૃત્તિને ધારણ કરવી અથવા ધર્મ અધર્મ અને ઈશ્વર છેજ નહિ એવી વિપરીત ભાવનાને વશ થવું.

૧૧. માતાનું રક્ષણ ન કરવું, માતૃદ્રોહ કરવો, તથા માતાને સંતાપ કરવો.

૧૨. વેદ તથા વેદાંતના વચનો પ્રતિ દ્વેષ કરવો અને તેના અભ્યાસનો ત્યાગ કરવો.

૧૩. વેદના અભ્યાસક રૂપ શ્રોત્રીયને હાનિ કરવી.

૧૪. વેદાંગો, સ્મૃતિયો, પુરાણો તથા મહાભારતનો દ્વેષ કરવો. તેના અભ્યાસંકાનો દ્વેષ કરવો, અથવા તેમનો વિનાશ કરવો કે અન્ય રીતે તેમનો બાધ કરવો. તેમના ધનાદિ અર્થને તેમની પાસેથી ખુચ્ચી લેવો.

૧૫. શ્રુતિથી વિરોધી માર્ગો જેવા કે વામમાર્ગ, પાશુપત માર્ગ, પાંચ રાત્ર માર્ગ આદિને સ્વિકારવા.

૧૬. શિષ્ટ જનો ઉપર દુષ્ટ આરોપો મુકવા, અને તેમનો સંગ છોડવો.

૧૭. શિવ ભક્તિ અશિષ્ટ છે એટલે હિતકારક નથી માટે તેને માનવી નહિં એ પ્રકારે મતિને ધારણ કરવી.

૧૮. દુરાચારીનો સંસર્ગ કરવો, તેમનું પોષણ કરવું તથા પોતે દુરાચારી બનવું.

૧૯. પિતાનો દ્રોહ કરવો. પિતાની સેવાનો ત્યાગ કરવો અને તેમને સંતાપ કરવો.

૨૦. ગાયનું રક્ષણ ન કરવું, ગાયોની હિંસાકરવી, તથા ગાયોને સ્વતંત્રતાથી ચરવાનાં સ્થાનોને બંધ કરવાં.

૨૧. પ્રાણીઓનો સ્વતંત્રતાથી હરવા ફરવાના રાજ માર્ગોનો નિરોધ કરવો. તેમને બંધ કરવા, તથા ત્યાં કાંટા વિગેરે નાંખીને તેમને અડચણ થાય તેવું કાંઈ કરવું.

૨૨. વૃષ્ટિ, પવન તથા સૂર્યના તાપથી દુઃખી થતો પ્રવાસી આપણા ઘર આગળ આશ્રય લેવા આવે તેને તિરસ્કારપૂર્વક તરછોડવો, તથા તેનું રક્ષણ ના કરવું.

૨૩. વાવ, કુવા, તળાવ આદિ જળાશયો પ્રાણીના ઉપયોગમાં આવતાં હોય તેને બંધ કરવાં, તેમાંનાજળને બીગાડવું, તથા તેમાંથી પાણીની ચોરી કરવી.

૨૪. વાઘ ચોર અદિથી ભય પામીને આશ્રય માટે આપણી નિકટ આવનારનું રક્ષણ કરવું નહિ.

૨૫. સાધુ પુરૂષોને ભય ઉત્પન્ન કરવો.

૨૬. કોઈ અન્ય મનુષ્ય યથાર્થ રીતે વર્તન કરવાથી પોતાની ઇચ્છા પ્રમાણે કાંઈ ન કરતો હોય, તેની પાસે તે પ્રમાણે કરાવવા અર્થે તેના મન ઉપર એવા પ્રકારની અસર થાય કે, તેથી તે પોતાની સ્વતંત્રતાનો ત્યાગ કરે અને તે પ્રયોગ કરનારની ઇચ્છા પ્રમાણેજ બધું વર્તન કરે. એ પ્રકારે વશીકરણ ક્રિયા કરવી. અથવા તો અન્ય મનુષ્યે મને હાનિ કરી છે એ પ્રકારે સાચી રીતે અથવા તો કોઇ વહેમથી માનીને તેને હાનિ કરવા રૂપ વૈર લેવું, અથવા તો તેને તેના સ્થાનથી અન્ય સ્થાને ઉચકી લઇ જઇને

અદ્રશ્ય કરવો. અથવા તો તેને મુઠ મારવી. અથવા કોઇ અન્ય મનુષ્યની સાથે દ્યૂત આદિ રમત રમે એવો વિનોદ કરવો. અથવા કોઈને નાચગાનમાં મોહ પમાડવો. અથવા કોઈને સ્તબ્ધ કરીને બેભાન કરવો. અથવા તો કોઈને ગાળ આદિ અપશબ્દો કહેવા.

૨૭. વર્ણ તથા આશ્રમના ધર્મોનું અનુષ્ઠાન કરનારા મૂર્ખ વહેમી છે. તેઓ બુદ્ધિવાળા નથી વિગેરે શબ્દોથી તેમનું અપમાન કરવું અને તેમની સેવા ન કરવી.

૨૮. પુત્ર, મિત્ર, પોતાનું ઘર, પોતાની જમીન, પોતાના ભાંડુઓ તથા બંધુઓની સાથે સ્વાર્થ વૃત્તિના લોભથી સંબંધ અન્ય મનુષ્યોની અપેક્ષાથી વિશેષ હોય છે. માટે એકલા એ પ્રકારના સ્વાર્થસિદ્ધિના વર્ગમાંજ રમણ કરવું ને ગુરૂના ઘરપ્રતિ તેની અપેક્ષાથી અપ્રેમ કરવો.

૨૯. ન ખાવા યોગ્ય નિષિદ્ધ પદાર્થોને ખાવાથી લાભ છે એ પ્રકારે માનવું, તથા નિષિદ્ધ પદાર્થોનો આહાર કરવો, તથા નિષિદ્ધ પદાર્થના આહાર કરનારનો સ્પર્શ કરવો.

૩૦. પોતાની પરણેલી નહોય એવી પારકી સ્ત્રીનું દર્શન કરવાથી મારૂં હિત થશે એ પ્રકારે સ્વાર્થવૃત્તિથી માનવું. તેવી સ્ત્રી સાથે ગમન કરવાની ઇચ્છા કરવી તથા તેવી સ્ત્રી સાથે ગમન કરવું. પોતાની પત્નીના દર્શનમાં અપ્રેમ ધરવો અને તેના પ્રતિદ્વેષ રાખવો. પોતાની સ્ત્રીના દર્શનનો ત્યાગ કરવો તથા તેને પોતાના આશ્રયમાંથી કહાડી મુકવી.

૩૧. પોતાના ગુરૂનું જે પ્રકારે અનિષ્ટ થાય તેવું આચરણ કરવું. જે જે આચરણ દ્વારા ગુરૂનું ઇષ્ટ થવાનો સંભવ હોય તેમનો ત્યાગ કરવો. ગુરૂની સેવા ન કરવી.

૩૨. પોતાના દેહ સહિત સર્વસ્વનું મહા ભક્તિપૂર્વક પોતાના આચાર્યને સમર્પણ કરવામાં પાછા હઠીને તે પ્રમાણે ન કરવું, અને તેજ દેહને કોઇ અન્ય અધમ મનુષ્યના ઉપયોગને માટે હાજર કરી દેવો.

૩૩. ઇશ્વર ઉપર, ગુરૂ ઉપર, વેદ ઉપર તથા જ્ઞાન ઉપર પ્રેમ ન રાખતાં તેમનાથી દૂર ખસવું, આચાર્યની નિંદા કોઇ કરતું હોય તો તેનો બાધ ન કરતાં તે નિંદાને સાંભળ્યા કરવી, તેવા નિંદકોની સાથે વાદવિવાદ

કરવો. આચાર્ય એ કાંઈ પરમેશ્વર નથી એ પ્રકારે માનવું. આચાર્યની બે દરકારી કરવી, આચાર્યે આજ્ઞા કરી હોય અથવા ઉપદેશ કર્યો હોય તો તેનું પાલન પ્રેમપૂર્વક કરવાને બદલે વિસ્મરણ કરવું, આચાર્ય મારા જેવો વયોવૃદ્ધ નથી પણ એક બાલક છે, તે ઇશ્વિર કે દેવ નથી પણ માત્ર સામાન્ય મનુષ્ય છે, જેના વચન પ્રમાણરૂપ માનનીય હોય તેવો તે શિષ્ટ પુરૂષ નથી, શાસ્ત્ર આદિ વિદ્યા તેને પ્રાપ્ત નથી. એ વિગેરે વિચારથી ગુરૂને હલકો માનવો, અને તેનું જાણે આપણે પાલન કરતા હોઇએ એવા ગર્વને ધરવો અથવા તો તિરસ્કારથી તેનો ત્યાગ કરવો.

૩૪. જે મનુષ્યો અશક્ત હોય અને જેમના રક્ષણની જરૂર હોય તેમનું રક્ષણ ન કરતાં તેમનો ત્યાગ કરવો, અથવા તો તેમને હાનિ કરવારૂપ અપરાધ કરવો, અથવા તેમની નિંદા કરવી.

૩૫. જે મનુષ્ય નિર્ધન હોય તેની નિંદા કરવી, તેને તિરસ્કારથી હાનિ કરવી, તેની દરીદ્રતાવાળી સંકુચિત અવસ્થાને જોઇને ગર્વથી સંતોષને ધરવો.

૩૬. કોઈ અપંગ હોય અથવા બીજી રીતે શરીરની ખોડવાળું હોય તેને જોઇને તેની હાંસી કરવી અથવા નિંદા કરવી અથવા તિરસ્કાર આદિ કરીને તેનો અપરાધ કરવો અથવા તેની વિરૂપતાથી સંતોષ માનવો.

એ પ્રકારના બધાં કારણો જ્ઞાનનો ઉદય થવામાં પ્રતિબંધ કરી મુકે છે. માટે તેમનો સાવધાનતા પૂર્વક સત્વર ત્યાગ કરવો. આ બધામાં અપશબ્દોનું ઉચ્ચારણ તો કેવલ મ્લેચ્છજ કરે છે. જે ઉત્તમ બ્રાહ્મણ છે તેને તો શુભનાજ વિચારોનો અભ્યાસ હોવાથી તે તો શુભનુંજ રટણ કરતો હોય છે. એમ હોવાથી તેના મુખમાંથી અપશબ્દો કદીજ નીકળતા નથી. છતાં બ્રાહ્મણકુલમાં જન્મ થએલો હોય તો પણ તેના મુખમાંથી જો અપશબ્દો નીકળતા હોય તો તે મ્લેચ્છ છે એમાં શંકા નથી એવું શ્રુતિ કહે છે. માટે જ્ઞાનની પ્રાપ્તિમાં મોટામાં મોટો પ્રતિબંધ કરનાર તે છે.

શ્રી વિષ્ણુ ભગવાને એ પ્રમાણે શ્રવણ કરીને પરમ ભક્તિથી મહેશ્વરને પ્રણામ કર્યા. આ પ્રમાણેના જે પ્રતિબંધો કહ્યા છે તે સર્વનો અશેષ રૂપે ત્યાગ કરજો. તમારા વર્તનમાં વિચારમાં કે વાણીમાં એ દોષોનો લેશ સરખો પણ સંસ્કાર રહે નહિ એવી સાવધાનતા રાખજો. જ્યારે આપણો અધિકાર થાય છે અને જ્ઞાનની ઉત્કટ ઇચ્છા ઉદયને પામે છે ત્યારે શિવ

પોતેજ આચાર્યરૂપને ધારણ કરીને આપણી પાસે આવે છે. એમની પાસે જવા જેટલી અભિમુખતારૂપ સામર્થ્ય આપણામાં હોતું નથી, તેથીકેવલ દયા કરીનેજ તે ગુરૂરૂપે આવે છે. એ પ્રમાણે આવીને આપણા ઉપર તે અપૂર્વ અનુગ્રહ કરે છે. માટે આપણા ગુરૂને આપણે તે શિવ રૂપેજ છે એમ દૃઢ શ્રદ્ધાથી માની ચાલવું. એ ગુરૂ આપણા જેવા એક મનુષ્ય છે એ પ્રકારે માનવાનીમનની સ્થિતિ કરવાની નથી. વ્યાવહારિક દૃષ્ટિથી જોતાં તે અલ્પવયના બાલકવત્ દેખાય છતાં તે વયોવૃદ્ધ મુરબ્બી હોય તે પ્રમાણે તેમના પ્રતિ વર્તન રાખવું. એઓ પોતે કર્માદિ કરીને છેવટે શિવસાક્ષાત્કાર રૂપ તાદાત્મ્ય જ્ઞાનની પ્રાપ્તિ કરી ચુકયા છે. એમને કાંઇ પણ કર્મ કરવું પડે તેવું થવાને માટે હેતુ રહેલો નથી. તેથી જે સમયે વિહિત કર્મોને તે નથી આચરતા એવું દેખાય તે સમયે પણ તે કર્મથી પરવારી રહેલા છે એવો વિચાર એમને માટે કરવો. અજ્ઞાની મનુષ્ય કર્મ ન કરવાથી પાપી થાય છે. અને તેવા પાપીનું વચન પ્રમાણ રૂપ હોતું નથી. તે પ્રકારના પાપીના જેવો તે મહાત્માને અશિષ્ટરૂપે માનવાનો નથી. આવા કૃતકૃત્ય મહાપુરૂષોને નિત્ય નૈમિત્તિકાદિક કર્મોને ન કરતો જોઇને તે ભ્રષ્ટ છે, અભડાયલો છે, વટલાયલો છે વિગેરે રૂપે તેના સંબંધમાં વિચાર સરખો પણ કોઈ કરે તો તે પાપ છે. અને જ્ઞાનની સિદ્ધિને કરી આપવામાં મોટા વિઘ્ન રૂપ થઈ પડે છે.

એ રીતે શ્રી મુક્તિ ખંડનો જ્ઞાનોત્પત્તિ નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુક્તિખંડ.

અધ્યાય. ૭

ગુરૂનેઘેર રહીને સેવા કરવાનો મહિમા.

ઉપલા અધ્યાયમાં જ્ઞાનની ઉત્પત્તિ થતી અટકાવનાર પ્રતિબંધકોનાં સ્વરૂપો કહ્યાં. તેમનો ત્યાગ કરવાથી એ કાર્યમાં આવનાર વિઘ્નોથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે. હવે એજ જ્ઞાનની ઉત્પતિ કરી આપનાર સહાય્યક રૂપે જે પ્રવૃત્તિયો છે તેમનાં સ્વરૂપો જાણવાથી આપણું કાર્ય વિશેષ સરળ બને છે. આ અધ્યાયમાં તે ઉપાયને વિદ્વાનની સેવા રૂપે કહ્યો છે. એ સેવાનું ફળ કેવા પ્રકારનું છે તે સમજવા માટે નીચે પ્રમાણેની આખ્યાયિકા કહી છે.

પૂર્વે એક ઉત્તમ બ્રાહ્મણ હતો. તેનું નામ શશિવર્ણ હતું. તેને પાક યજ્ઞ નામનો એક પુત્ર હતો. તે મહાપાપી હતો. તેનું ચિત્ત તમોગુણના ભારથી ચગદાઈને દબાઈ ગયું હતું. તે બ્રહ્મજ્ઞાનનો ખાસ દ્વેષી હતો. જ્યાં જ્યાં તે જતો ત્યાં ત્યાં વેદની નિંદા કરતો, અધમ આચરણોને આચરતો, ને સર્વ પ્રાણીઓની હિંસા કરતો હતો. શિવની પણ તે નિંદા કરતો હતો. અન્ય સર્વ દેવોને તેમના દેવસ્થાનોમાં જઈને તે અડકતો અને દેવોને અભડાવતો. ધર્મ માત્રની તે નિંદા કરતો. ધર્મને પાળનાર સજ્જનોને તે હરેક પ્રકારે હેરાન કરતો. વર્ણના ધર્મમાત્રનો તેણે ત્યાગ કર્યો હતો. આશ્રમોને પણ તેણે છોડી દીધા હતા. પોતાની માતાને તથા પિતાને તેણે મારી કહાડી મુક્યાં. જેટલો બની શકયો એટલો પોતાના ભાઈનો દ્રોહ કર્યો. ગૌહત્યાઓ પુષ્કળ કરી. જે જે કોઈ તેના ઉપર ઉપકાર કરતા તે સર્વને હાનિ વડેજ બદલો આપીને પુરો તે કૃતઘ્નિ બનતો. ધર્મ, ઈશ્વર કે મહાત્મા કોઈનેજ ન માનનાર તે નાસ્તિક નિરંતર ગર્વમાંજ રહેતો. પારકી જમીનો

દબાવી પડતો. પારકી સ્ત્રીઓના હરણ કરી જતો. જ્યાં ત્યાં અગ્નિ મુકીને આગવડે ભારે નુકશાન કરી મુકતો. વિષ આપીને તે ઘણાના પ્રાણ લેતો. એ પાપીને એક ચાંડાલ સ્ત્રી ઉપર મોહ થયો. તે સ્ત્રીને તેણે પોતાની પાસે રાખી તેનો પતિ બનીને તેનું રક્ષણ કરવા લાગ્યો. દારૂ પીને મસ્ત બની જેને તેને ભય ઉત્પન્ન કરતો. માંસ આદિ ન ભક્ષણ કરવા યોગ્ય પદાર્થોનો તે આહાર કરતો. આ પ્રકારનાં અનેક પાપો નિર્ભયપણે જરા પણ સંકોચાયા વિના ધમધોકાર રીતે કરતો આખી પૃથ્વિ ઉપર રખડવા મંડયો.

આ મૂર્ખના પિતૃઓ પોતે કરેલાં સત્કર્મોને લીધે બ્રહ્મ લોકમાં હતા. પોતાના વંશજો શ્રાદ્ધાદિના દિવસોએ પિંડ દાન ન આપે, ઉદક ક્રિયા રૂપ પિતૃ તર્પણ ન કરે, વિહિત કર્મો ન આચરે, તો તે કુલમાં અધર્મનો પ્રવેશ થાય છે. તે પ્રમાણે જે કુલમાં અધર્મ પેસે છે તે કુલના પિતૃઓ પણ તે અધર્મના બળથી અધઃપતનને પ્રાપ્ત કરે છે. એ નિયમને અનુસરીને પાપી પાકયજ્ઞના પિતૃઓને પણ બળાત્કારથી બ્રહ્મ લોકમાંથી હાંકી કાઢયા. તે બીચારા નરક લોકમાં આવી પડયા.

પાકયજ્ઞ આવાં ઘોર પાપો કરતો હતો છતાં પૂર્વકૃતપુણ્યના યોગથી અનુકૂલતાનું ભાન તેને થતું હતું. તે પુણ્યો પૂર્ણ થવાથી સુખ માત્ર તેનું વિલાઇ ગયું. અને પાપ કર્મો ભોગ આપવાને માટે અત્યંત જોસભેર તત્પર થયાં. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ વિવિધ પ્રકારના વ્યાધિયોથી તે અધિક અને અધિક ઘેરાવા લાગ્યો. એક બાજુએથી પક્ષાઘાતરૂપી મઘર તેને વળગ્યો. બીજી બાજુએથી પિશાચ આદિએ તેને ઘેર્યો. બ્રહ્મ રાક્ષસ તેના ઉપર ચઢી આવ્યો.

મારો ભક્ત શશિવર્ણ પોતાના પાકયજ્ઞનું આ દુઃખ શ્રવણ કરીને પોતાના પ્રાણ નીકળી જતા હોય તે પ્રમાણે મહા ત્રાસને પામ્યો. એ ભલો માણસ મૂર્છા ખાઇને જમીન ઉપર પડયો. અત્યંત દુઃખથી રૂદન કરતો હતો. એક દેવભક્ત નામનો સર્વ અર્થને સમજવામાં કુશળ એવા મુનિને તેને આ સ્થિતિમાં જોઇને દયા આવી. તેથી તેણે નીચે પ્રમાણે તેને ઉત્તમ વાકય કહ્યું:—

ભાઈ! ઉઠ, ઉઠ, શિવ ભક્ત ઉઠ. ભય ધરીશ નહિ. આ જગતમાં ઉત્કટ ઇચ્છા હોય છે તેને કાંઇજ અસાધ્ય નથી. તારા પુત્રનું કલ્યાણ પણ

કરી શકાય એવા ઉપાય હું તને કહું છું. શ્રી મહાદેવજીની ભક્તિ કરીને તેમને પ્રસન્ન કરીને તેમના શરણને પ્રાપ્ત કરવાથી તારો પુત્ર દુઃખમાંથી મુક્ત થશે. એ શિવના શરણની પ્રાપ્તિ કરવાના એકજ સાચા સાધન રૂપ ગોપર્વત નામનું તીર્થ છે. એ તીર્થ ઘણુંજ રમણીય છે. લંબાઇ તથા પહોળાઈમાં તેનો વિસ્તાર ૧૬ ગાઉનો છે. એક સમયે પરમેશ્વરી ઉમા દેવીએ તે સ્થાને પોતાના પતિ શંકર ભગવાન પ્રીત્યર્થ તે સ્થાનમાં અનુષ્ઠાન કર્યું હતું. જગદંબાએ ત્યાં ગોપર્વતેશ્વર મહાદેવનું અત્યંત શ્રદ્ધા પૂર્વક સ્થાપન કર્યું હતું અને ત્યાં શંકરનું આરાધન જગદંબાએ કર્યું છે. તે પ્રમાણે કરીને શિવશક્તિ એવું નામ પોતે મેળવ્યું છે. અને તે નામને જગદંબા હાલ સુધી ધારણ કરે છે. મહાદેવનું પોતાનું નામ ભવ છે તેથી જગદંબાએ ભવાની નામને ધારણ કર્યું છે. સંસારને પણ ભવ કહે છે. તે સંસાર રૂપ ભવને નાશ કરનારી શક્ત તેજ જગદંબા ઉમા છે. સંસાર રૂપ ભવનો નાશ કરવો એજ ખરૂં સામર્થ્ય છે. તેજ સ્વરૂપ જગદંબાનું છે. જગદંબાએ પોતાના એ નામ ઉપરથી શ્રી ગોપર્વતેશ્વર મહાદેવનું નામ શક્તીશ્વર પાડયું છે. શ્રી બ્રહ્મા ભગવાને પણ એ સ્થાનનો આશ્રય લીધો હતો. અને પોતાના સર્વ સામર્થ્યપૂર્વક શ્રી શક્તીશ્વર મહાદેવની ઉપાસના કરી હતી. એ ઉપાસનાના ફલરૂપે શ્રી મહાદેવજી અત્યંત પ્રસન્ન થયા, અને શ્રી બ્રહ્માના ઉપર અનુગ્રહ કરીને જગતને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તેમને આપ્યું. તારકાસુર નામનો એક દૈત્ય હતો. તેણે ઘણું ઉગ્ર તપ એ સ્થાનમાં કર્યું હતું. શ્રી મહાદેવજીને વિવિધ ઉપાસનાથી તેણે પ્રસન્ન કર્યા હતા. અને શ્રી શક્તીશ્વરે તેને અત્યંત બળવાન બનાવ્યો હતો. વળી ઉર્વશી નામની અપ્સરા પણ આ સ્થાનમાં આવી હતી. શ્રી શક્તીશ્વરની આરાધના તેણે કરી હતી. પરિણામે શ્રી મહાદેવજી પાસેથી વરદાન મેળવીને દેવોના અધિપતિ ઇન્દ્રની તે પ્રીતિપાત્ર એ રીતે થઈ હતી. વળી શ્રી બૃહસ્પતિ પણ આ સ્થાનને સેવીને શ્રીશક્તિપતિના અનુગ્રહથી દેવોના પુરોહિતપદને પામ્યા હતા. એજ પ્રમાણે શ્રી શુક્રાચાર્ય પણ તેજ સ્થાનમાં રહીને શ્રી મહાદેવજીનું આરાધન કરતાં પૂજ્ય પદને પામ્યા હતા. નૈઋતમાં આદ્રા નક્ષત્રમાં તેણે મહાદેવનાં દર્શન કર્યાં. અને તે પુણ્યવડે તે દૈત્યનો પુરોહિત બન્યો. એ ગોપર્વતેશ્વરમાં રહીને પર્વના દિવસે શ્રી મહાદેવનાં દર્શન કરી દંડવત્ પ્રણામ કરવા. જે ઉત્તમ પ્રકારનું ધન પોતાને પ્રાપ્ત હોય તે ધનનું દાન શિવભકતોને કરવું. એ વિધિથી શ્રી શક્તીશ્વર મહાદેવનો અનુગ્રહ થાય છે અને મુક્તિ મળે છે, એમાં કાંઇજ સંશય

નથી. જેને ભોગોની ઈચ્છા હોય છે તેને તૃપ્તિ થવા પર્યંત વિવિધ પ્રકારના ભોગોની પ્રાપ્તિ થાય છે. વિજયાકાંક્ષીને વિજય મળે છે તે સ્થાનમાં સંકલ્પ પૂર્વક શ્રી મહાદેવનાં દર્શન કરવાં એટલે દર્શન કરવાને સમયે અંતઃકરણમાં શ્રધ્ધાપૂર્વક ભાવના કરવી કે મને ફલાણી ફલાણી કામના સ્ફુરે છે તે કામનાને આનંદપૂર્વક આ શક્તિશ્વર મહાદેવ પૂર્ણ કરે છે. એ પ્રકારના સંકલ્પ પૂર્વક મહાદેવનાં દર્શન કરવાં, અને એક મુષ્ઠીમાત્ર અથવાતો એક પ્રસ્થ કે સીકથ માપ જેટલા ચોખા અથવા અન્ય કોઇપણ અન્નના તાંદૂલ, કોઇ બ્રહ્મજ્ઞાનીના હાથમાં આપવા. એ પ્રમાણે જે કરે છે તે નક્કી મુક્ત થાય છે. જેણે ઘણાં ઘણાં મહાપાપો કર્યાં હોય છે તેવો પણ મનુષ્ય મરણ પામે છે તો તે સ્થાનના પ્રભાવ માત્રથી તે મુક્ત થાય છે.

આવા પ્રભાવવાળા સ્થાનમાં એક મહાનંદ નામના મહાત્મા વસે છે. તે સાક્ષાત્ મહાયોગી છે. વેદાન્ત માત્રનો સંપૂર્ણ અભ્યાસ કરીને તેના તાત્પર્યને સારી રીતે સંપૂર્ણ સમજ્યા છે, અને તે પ્રમાણે તે વેદપારંગત છે. એ મહા દયાળુ છે, વેદનું સંપૂર્ણ જ્ઞાન એમને છે. એવા શ્રેષ્ઠ મહાત્મા શ્રીમહાનંદની પાસે તમે તમારા પુત્રને લઇને જાઓ. એ મહાત્માનાં ભક્તિપૂર્વક દર્શન કરજો. એટલે એ મહાત્મા આ દુઃખમાંથી તમારો ઉદ્ધાર કરશે. આ પ્રકારે શ્રી દેવભક્ત મુનિએ પ્રિય તથા હિતકર વચનો કહ્યાં. તેનું શ્રવણ કરીને તે હર્ષને પામ્યો. પછી પોતાના પુત્રની પાસે જઇને પુત્રસહ અત્યંત આનંદથી શ્રી ગોપર્વત તીર્થમાં બંને જણા આવ્યા. તે સ્થાનમાં આવ્યા પછી, પર્વને દિવસે બંને જણાએ શ્રી શક્તિશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. તે પછી ૧૦૮ પ્રદક્ષિણાઓ ફર્યા. શ્રી મહાદેવજીની પરમ કૃપાથી તે સ્થાનમાં વસનારા સર્વજ્ઞ, જીવનમુક્ત, જગતના ગુરૂ, અતિવર્ણાશ્રમિ, ધીર, મહાનંદપરાયણ એવા શ્રીમહાનંદને દૂરથી દીઠા. તેમને જોઈને પિતા પુત્રને બહુજ આનંદ થયો. તેમણે પુનઃ પુનઃ ભક્તિથી બંને હાથ જોડીને અનેકવાર દંડવત્ પ્રણામો કર્યા. તે પછી જે જે પૂર્વે બન્યું હતું તે બધુંજ વિસ્તારથી તે મહાત્માને કહી સંભળાવ્યું. મહાદયાલુ, સાક્ષાત્ મહાયોગી, મહાત્માએ અત્યંત દયાર્દ્ર હૃદયે સર્વ વૃત્તાંતનું શાન્તિથી શ્રવણ કર્યું. તે પૂર્ણ થયા પછી પોતાનું આત્મતત્વ જે કેવલ આનંદ મય છે. તેનું સ્થિરતાથી અનુસંધાન કર્યું. એ પ્રકારે વૃત્તિને અખુટ આનંદ ભંડારમાં નિમજ્જન કરાવીને અત્યંત હર્ષપૂર્વક તે પાપી પુત્રપ્રતિ દૃષ્ટિદ્વારા ઓજસનો અત્યંત બલવાન પ્રવાહ વહેવરાવી દીધો. એ પ્રકારની ચાક્ષુષી દીક્ષા આપીને તેનો અધિકાર એકદમ ઉચ્ચ કરી દીધો. પોતાની

બ્રહ્મવિદ્યાના તેજના બળથી તેનો શિષ્યભાવે અંગીકાર કરી લીધો. મહાત્માના દૃષ્ટિપાતથીજ તે પુત્રનાં કેટલાંક પાપો તો બળીને ભસ્મ થઈ ગયાં. તે પછી શિષ્યભાવે પરિગ્રહ મહાત્માએ કર્યો તે કારણથી તે મહાત્માના સંકલ્પ બળવડે કેટલાંક પાપો બળી ગયાં. એ પ્રકારે દુઃખના કારણભૂત પાપ બળી જવાથી તે રોગરહિત થયો. તેણે તે મહાત્માને ઘેર રહીને તેમની શુશ્રૂષા પ્રેમપૂર્વક કરવા માંડી. અત્યંત આનંદ અને ઉત્સાહથી તે દરરોજ યજ્ઞાદિ કાર્યોને અર્થે સમિધ કાપીને લાવતો. ગાયો વિગેરે પશુઓને માટે ઘાસ કાપી લાવતો. પાણી ભરી લાવતો. શાક, કંદ, ફલ વિગેરે પદાર્થોને પણ વીણી ભેગા કરીને ગુરૂ પાસે રજુ કરતો. એકચિત્તથી ગુરૂની ગાયોનું પણ તે રક્ષણ કરતો. આ પ્રકારે રાત્ર દિવસ બધોજ સમય ગુરૂની શુશ્રૂષામાં તે કહાડતો. એ સેવાના પ્રભાવથી તેનાં ઘણાં પાપો નાશ પામ્યાં. વળી તે ગુરૂની ઘરમાં પણ સેવા કરતો. તેમના પગની ચંપી નિત્ય કરતો. સ્નાનને સમયે નિત્ય તેલને લાવીને તેમના અંગે મર્દન કરતો. વસ્ત્રાદિ નિત્ય ધોઇને અત્યંત સ્વચ્છ રાખતો. આમ કરવાથી મોટાં ઘણાં-ઘણાં પાપો તેનાં બળી ગયાં. તે પછી તેની આવી પ્રેમપૂર્વક કરાતી શુશ્રૂષાથી તે સર્વજ્ઞ, મહાયોગી ઇશ્વરના પણ ઇશ્વરરૂપ મહાત્મા અત્યંત પ્રસન્ન થયા. તેમને આ શિષ્ય ઉપર પરમદયાનો ભાવ ઉત્પન્ન થયો. તેથી એક દિવસ પોતે ભોજન જમતા હતા તેમાંથી શેષરૂપ પ્રસાદી તેને આપી. તે પ્રસાદીને પ્રેમપૂર્વક તે ખાઇ ગયો. અમૃતપાન જેવું તેનું પરિણામ થયું. તેનાં પાપમાત્ર નાશ પામ્યાં. તેના તાપમાત્ર શમી ગયા. અત્યંત હર્ષને અનુભવતો તે શિષ્ય ગુરૂને અનેકશઃ પ્રણામ કરતો તેમના ચરણમાં પડયો. અને સપ્રેમ તેમની સેવા કરી. તે પછી તે ગુરૂએ પ્રસન્ન થઇને તે શિષ્યના ઉપર વિશેષ અનુગ્રહ કર્યો. તેનાં પાપ માત્ર તો બળી ગયાં હતાં તેથી તેનું ચિત્ત શુદ્ધ દર્પણ જેવું નિર્મળ થયું હતું. તેથી તેને અધિકાર વિશેષ પ્રાપ્ત થયો હતો. તેથી તે પ્રસન્ન ગુરૂએ તેને પકડીને સફેત ભસ્મ તેના સર્વાંગે લગાવી. તેને પુષ્કળ ભસ્મનું લેપન કર્યું. તે પછી આ પ્રમાણે તેની પાસે પાશુપતવ્રત કરાવીને તે પછી તેને પરમબોધ કર્યો. વેદાંતમાં જે મારા સ્વરૂપસંબંધી પરમતાત્પર્યાર્થ છે તેનું તેને બોધદ્વારા શ્રવણ કરાવ્યું. મારો તેના ઉપર અત્યંત અનુગ્રહ થયો તેથી તેના આત્મરૂપે હું છું એ વાર્તાનું ગુરૂએ તેને જે બોધરૂપે પરોક્ષજ્ઞાન આપ્યું હતું તે જ્ઞાનનો અપરોક્ષ અનુભવ થયો, તેથી તે મુક્ત થયો.

આ પ્રમાણે ગુરૂને ઘેર રહીને તન મન તથા ધન રૂપ સર્વસ્વ ગુરૂના ચરણમાં સમર્પણ કરીને ગુરૂની શુશ્રૂષા કરવાથી આવો ભારે પાપી પણ પોતાનાં પાપ માત્રમાંથી છુટીને મુક્ત થયો. તેનો પિતા પણ વગર આયાસે મુક્ત થયો. આત્મતત્વનું મારા સ્વરૂપ સાથે તાદાત્મ્ય છે એ પ્રકારના અનુભવરૂપ પરમાત્મવિદ્યાના પ્રભાવથી તેના પિતૃઓ જે બ્રહ્મલોકમાંથી નરકલોકમાં અધઃપતનને પામેલા હતા તેમનો પણ ઉદ્ધાર થયો ને તે બધા મુક્તિને પામ્યા. તેનું કુલ પણ પવિત્ર થયું. જે પૃથ્વિને તેનો સ્પર્શ થયો હતો તે પણ પુણ્યવાળી થઇ. જે ચાંડાલ કન્યા સાથે પૂર્વે તેણે સંબંધ બાંધીને ભોગવેલી હતી તે કન્યા પણ સ્વર્ગને પામીને ત્યાંનાં તેણે પણ સુખોને ભોગવ્યાં. જે કોઈ આ ગોપર્વત તીર્થમાં મૃત્યુને પામે છે તે બધાનેજ આ મારા સ્વરૂપના જ્ઞાનરૂપ વિદ્યાનું ફલ પ્રાપ્ત થાય છે. અને તેથી તે સુખી થાય છે.

ગુરૂઓમાં પણ જે આત્મજ્ઞાની ગુરૂ છે તે વિલક્ષણ પ્રભાવવાળો છે. તેજ સદ્‌ગુરૂ છે તેજ મહાત્મા છે. એવા સદ્‌ગુરૂના શરીરની સેવા કરવાનો જે મહાભાગ્યશાળીને પ્રસંગ મળે છે તે મારા અનુગ્રહનુંજ ફલ છે. તે સેવાનું ફલ એટલું મોટું છે કે તેથી પરમ મુક્તિ મળે છે. એ સંબંધમાં જેટલું કહું તે ઓછું છે. આ નિશ્ચયમાત્ર કલ્પના રૂપ નથી. તેમજ કોઈ સામાન્ય મનુષ્યોએ કરેલો નથી. હું જાતે તે નિર્ણય સ્થાપું છું, અને હું જાતેજ તમને તે કહી સંભળાવું છું. માટે તે નિર્ણયને સામાન્ય રૂપે ગણતા નહિ. આ વાર્તા અત્યંત દૃઢપણે સર્વના અંતઃકરણમાં સ્થપાય તે હેતુથી હું અન્ય આખ્યાયિકા તમને કહી સંભળાવું છું તેનું સાવધાનતા પૂર્વક શ્રવણ કરજો.

પૂર્વે એક સુભગાનામની વેશ્યા હતી. મહાપાપના બળથી તેનું અંતઃકરણ અત્યંત દુષ્ટ તથા ક્રૂર બની રહ્યું હતું. ધનનો લોભ તેને બહુજ વળગ્યો હતો. તેથી એક પછી એક તેણે ઘણા મનુષ્યોને પતિ રૂપે રાખ્યા. એક પતિનું સર્વસ્વ ધન હરી રહી એટલે તે પતિને મારી નાંખ્યો. એ એક પતિને હણ્યો કે તુરતજ તેના રૂપથી મોહપામીને બીજો મળ્યો. તેની પણ તેણે એજ પ્રમાણે વ્યવસ્થા કરી. એ પ્રમાણે અનેક પતિયોનાં ધનને હરી લઈને તે સર્વનો તેણે સંહાર કર્યો. આ પ્રકારે દુષ્ટતાથી પ્રાપ્ત કરેલા ધન વડે તેણે બહુજ મોજ શોખ કર્યા. પોતાના સુહૃદો, નોકરો,

છોકરાં તથા માતાને પણ બહુજ તે ધન વડે તેણે મોજ કરાવી, અને તેમની સાથે રહીને પણ પોતે ખૂબમોજ કરી. જે કાંઇ પૂર્વના પુણ્યના અંશો હશે તેના પરિણામ રૂપ અનુકૂલતાના અનુભવ કરતાં કરતાં પુણ્ય માત્ર પૂર્ણ થઈ ગયાં અને સુખ માત્ર અળપાઈ ગયું. એટલે પછી અનેક ડાકણો વળગી. તેની સાથે તેને ભારે વ્યાધિયોએ સપડાવી. આમ થવાથી અત્યંત અસહ્ય દુઃખને તે પામવા લાગી. પીડાનાત્રાસથી તેની નિદ્રા પણ નાશી ગઈ. જે સુહૃદો, નોકરો, બાલકો, તથા તેની મા તેની સંગતિમાં રહીને તેના દુષ્ટ દ્રવ્ય વડે મોજ માંણતાં હતાં તે બધાંનેજ સામટું બહુ કષ્ટ પ્રાપ્ત થયું.

એ વેશ્યાને ઘેર કેટલો સમય ગયા પછી ચક્રધર નામનો એક યોગી આવી પહોંચ્યો. એ યોગીને કેટલાક દિવસથી અન્ન પ્રાપ્ત થયું નહોતું. તેથી ક્ષુધાની પીડાથી તે પરવશ થએલો હતો. અનેક જન્મો પૂર્વે કરેલા કોઇ મહાન્ પુણ્ય કર્મને લીધે આ વિલક્ષણ પુરૂષનું તે વેશ્યાને ઘેર આવવું થયું. એ યોગી અત્યંત વિદ્વાન્ તથા બ્રહ્મજ્ઞાની હતો. આવા વિલક્ષણ પુરૂષને વગર તેડે પોતાની મેળે પોતાને ઘેર આવેલો જોઇને તેના વિલક્ષણ ઓજસથી તે વેશ્યાના અંતઃકરણમાં કાંઈ નવીન પ્રકાર નોજ ફેરફાર થયો. તે વેશ્યાએ એક ચિત્તથી સાચા પ્રેમની ઉર્મીપૂર્વક તે મહાત્માના દર્શન કર્યાં, પછી જમીન ઉપર લાંબી પડીને તે મહાત્માને-અનેક પ્રણામો કર્યા. તે પછી શીતલ તથા સુગંધવાળું જળ તે લાવી. તે મહાત્માને પોતાના ઘરમાં પધરાવીને તે સુંદર જલવડે તે મહાત્માના ચરણકમલનું પ્રક્ષાલન કર્યું. તે પછી અત્યંત આદરપૂર્વક તે ચરણોદક ને લઇને તે વેશ્યા પી ગઈ, આ મહાત્માના ચરણોદકના પ્રભાવથી તે સુભગા વેશ્યાના તમામ રોગો નાશ પામ્યા. જે અનેક ડાકણો તેને વળગેલી હતી તે સર્વના ગ્રાહમાંથી તે વેશ્યા એક ક્ષણમાંજ મુક્ત થઇ ગઈ. તે ડાકણો પણ ઉચ્ચ ગતિને પામી ગઈ. પાદોદકનું આ પરિણામ આટલી ત્વરાથી અનુભવ ગમ્ય થતાં તે સુભગા અત્યંત વિસ્મિત થઇને સ્તબ્ધ બની ગઈ. તે પ્રશાન્ત મહાત્માનું ઓજસ અત્યંત બળથી પ્રકાશતું હતું. મારા સ્વરૂપનો આત્મતત્વ સાથે તાદાત્મ્ય ભાવ છે એ પ્રકારનો વેદાંતનો જે પરમઅર્થ તેનું તે મહાત્મા સતત મનન કરતા હતા. તે વેશ્યાએ પુરીઓ, શાળીનોભાત, વિગેરે વિવિધ પ્રકારનાં ભોજનોને તૈયાર કરીને તે મહાત્માને જમાડયા. ચંદન, કુંકુમ આદિ પૂજાની સંપૂર્ણ સાંમગ્રી વડે તેમનું પૂજન કર્યું. અત્યંત સુક્ષ્મસુંદર વસ્ત્રો લાવીને તે

મહાત્માને પહેરાવ્યાં. ગંધમાં ચંદન, કસ્તૂરિકા આદિ વિવિધ પરિમલ દ્રવ્યોને ભેગાં કરીને તે મહાત્માને અનુલેપન કર્યું, વિવિધ પ્રકારની શોભાવાળાં તથા ગંધવાળાં પુષ્પો વડે તે મહાત્માને અલંકૃત કર્યા. તે પછી તાંબૂલનું મશાલા સાથે સુંદર બીડું બનાવીને અત્યંત પ્રસન્નતા પૂર્વક ભક્તિપુર:સર તે મહાત્માને ખવરાવ્યું. એ પ્રકારે તે મહાત્માનું યથાર્થ સંપૂર્ણ શક્તિઅનુસાર પૂજન કર્યું. તે પછી તે મહાત્મા શાંત થઇને બેઠા. એટલે તે સુભગા વેશ્યાએ હાથ જોડીને અત્યંત નમ્રતાથી આ પ્રમાણે પ્રાર્થના કરી.

હે પ્રભો ! આપનાં દર્શન માત્રથીજ જે રોગોની પીડાથી હું ત્રાસી ગઇ હતી તે બધાજ મારા નિવૃત્ત થઇ ગયા છે. તેથી મારાં પાપ માત્ર ધોવાઇ ગયાં છે. અને હું અત્યંત નિર્મલ થઇ છું. એ પ્રકારે મને મારા અંત:કરણનો અનુભવ થાય છે. હું આપને શરણે આવી છું. જે અનુગ્રહ કરીને આપે મને શરણ આપ્યું છે તેથી મરણ સુધી હવે હું આપની થઇ છું. માટે આ મારા શરીરનો રૂડી રીતે જે ઉપયોગ આપને યોગ્ય લાગે તે કરો. હું મરતા સુધી આપની દાસી છું. તેથી હું આપની સેવા કરીશ. આ વિગેરે નમ્ર વચનોને શ્રવણ કરીને તે મહાત્મા પ્રસન્ન થયા. એ સુભગા વેશ્યાના પૂર્વના કોઇ જન્મના શુભ કર્મથી પ્રેરાઇને તે મહાત્માએ તે બાઇની ઇચ્છાનો સ્વીકાર કર્યો. અને તેને પત્નીરૂપે રાખી. તે સુભગાએ પણ તે મહાત્માની પોતાના શરીર વડે તથા ધન વડે પરમ શ્રદ્ધાથી નિત્ય સેવા કરી તથા સંપૂર્ણ વૈભવપૂર્વક તેમનું પૂજન કર્યું. એ પ્રમાણે ત્રણ વર્ષ સુધી દરરોજએ મહાત્માની શુશ્રૂષાથી અને તે મહાત્માના સહવાસથી તેને જ્ઞાન થયું. અંતે આવાં ઘોર કર્મ કરનારી વેશ્યા પણ તે મહાત્માની સાથે ઘરમાં સહવાસ કરીને નિત્ય શુશ્રૂષા કરવાથી મુક્ત થઇ. તે સુભગાના પુત્રો, પૌત્રો, સુહૃદો બંધુઓ, બાંધવો, નોકરો, તથા તેની માતા પણ પાપ માત્રમાંથી મુક્ત થઇને સ્વર્ગને પામ્યાં.

બ્રહ્મજ્ઞાની મહાત્માની યથાશકિત સેવા કરવાથી ઘણા મનુષ્યો પાપ માત્રમાંથી છુટયાં છે. એટલુંજ નહિ પણ તેમના સહવાસથી તેમને વેદાન્તના તાત્પર્યાર્થના જ્ઞાનનો અનાયાસે ઉદય થયો છે અને એ પ્રમાણે તેઓ સંસારના બંધનથી મુક્ત થયાછે. જેજે સ્થાનોમાં આવા અતિ વર્ણાશ્રમી જ્ઞાનીઓ નિત્ય વસે છે તેજ સ્થાનો મારા નિત્ય નિવાસરૂપ છે. જેજે સ્થાનોમાં મારા ભકતો વસતા હોય તે સ્થાનો ઘણાં દૂર હોય તોપણ પ્રમાદને વશ ન થતાં

તે સ્થાનોમાં ઉત્સાહ પૂર્વક જવું. ત્યાં જવા માટે અત્યંત પરિશ્રમ કરવો પડે તો પણ પાછા ન હઠતાં હરેક પ્રયત્ને ત્યાં જવું. ને તે મહાત્માનાં દર્શન કરવાં. યાદ રાખવું કે હું પોતે તે સ્થાનોમાં નિરંતર રહુંજ છું. જે સ્થાનમાં જ્ઞાની મહાત્મા એક નિમેષ કે અર્ધ નિમેષ જેટલો સમય પણ ગાળે છે તે સ્થાનોમાં સર્વ તીર્થો એકત્ર થઇને જગતનું હિત કરવા માટે ઉભાં રહે છે. કોઇ મનુષ્ય સાવધાનતા ન રાખે અને અજાણતાં પણ બ્રહ્મનિષ્ટ પુરૂષોનું કાંઈ અનિષ્ટ કરે છે તે મૂઢ મારૂંજ અનિષ્ટ કરે છે. તે મારોજ અપરાધી છે. જ્ઞાની મહાત્મા હમેશાં જગદંબા ઉમાદેવી જે મારી શક્તિ છે તેને અત્યંત પ્રિય છે. એ જ્ઞાનીજ સદા મારો આત્મા છે. મારૂં જે ખરે ખરૂં 'સ્વ' એટલે નિજત્વ આંતરભૂત છે તે એ જ્ઞાનીજ છે. અન્ય સર્વ મારા સ્વરૂપથી બહાર રહે છે હું સર્વના આત્મામાં રહેલો છું છતાં જે મૂઢ લોકો તે પ્રમાણેનો મારો અનુભવ કરી શકતા નથી તેઓ મને તેમનાથી અત્યંત ભિન્નરૂપે પોતાથી બહારના કોઇ પ્રદેશમાં રહેલો માનીને કાંઇ બહારજ શોધે છે. એવા મનુષ્યો મૂઢજ છે તેમાં કાંઇજ શંકા નથી. માટે જે આત્મજ્ઞાનીઓ મને સદા પોતાના અંતસ્તમ પ્રદેશમાં પોતાથી અભિન્નરૂપે અનુભવે છે તે એકલાજ પૂજવા યોગ્ય છે. એ પ્રકારે સર્વ વેદ તથા વેદાંતના વાક્યોનો તાત્પર્યાર્થ મે આપને સંક્ષેપમાં કહ્યો. શાસ્ત્રોમાં જે કાંઈ આ મેં કહ્યું તે શિવાયનું છે તે તો માત્ર ગ્રંથના વિસ્તાર રૂપે છે. પણ ખરો સાર તો આ મેં જે કહ્યો તેજ છે.

જેમની બુદ્ધિ સૂક્ષ્મ તથા સ્થિર છે તેમણે આ શાસ્ત્રોનો અભ્યાસ યથાવિધિ કરવો. તેમાં ખાસ એ અભ્યાસ અનુભવી ગુરૂપાસેથી તેમની સેવા કરીને કરવાનો છે. તે પ્રમાણે પૂર્ણ થયા પછી માત્ર સારનેજ ગ્રહણ કરવાનો છે. મૃત્યુને પ્રાપ્ત કરતા સુધી એનાએ ગ્રંથો બધા વાંચ વાંચ કરવાના નથી. એક સામાન્ય કૃષિકાર શું કરે છે તે ઉપર લક્ષ્ય પહોંચાડો. એ જે કૃષિ કરે છે તેનો હેતુ ધાન્યની પ્રાપ્તિ કરવી એ છે. ધાન્ય પાકીને તૈયાર થાય ત્યાં સુધી પરાળ ઉભા પાકને માટે ઉપકારક છે. માટે તેની પણ ખેડુત સંભાળ લે છે. તે પ્રમાણે ધાન્યરૂપ તાત્પર્યાર્થ જે મેં કહ્યો તે છે. એ તાત્પર્યાર્થ બુદ્ધિમાં ન ઉતરે ત્યાં સુધી શાસ્ત્રાર્થના પઠનની અપેક્ષા છે. બુદ્ધિ પરિપક્વ થતાં એ વેદાંતના વચનોદ્વારા એ સાર યથાર્થ રીતે દ્રઢતાથી સમજાયો, એટલે પછી તે શાસ્ત્રોનો ઉપયોગ નથી. ધાન્ય પાક્યું એટલે ખેડુત પરાળને વેગળુંજ કહાડે છે. અંને આખા ક્ષેત્રના સારરૂપ

ધાન્યને વીણી કહાડીને લઈ જાય છે. તે પ્રમાણે તાત્પર્યાર્થનો અનુભવ થતાં છેવટે શાસ્ત્ર માત્રના ગ્રંથોનો ત્યાગ કરવાનો છે. શ્રી ભગવદ્ગીતાના બીજા અધ્યાયના ૪૬ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—

॥ यावानर्थ उदपाने सर्वतःसंप्लुतोदके ।

॥ तावा न्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥

જે સમયે મનુષ્યને તૃષા લાગે છે, તે સમયે તૈયાર જલ પાસે હોતું નથી તેથીજ માત્ર પરિશ્રમ કરીને કુવામાંથી પાણી કહાડીને તે પીએ છે. પણ જે સમયે સર્વત્ર પૃથ્વિ પાણીથી પુષ્કળ રેલાઇ રહી છે તે વખતે કુવામાંથી તે પાણીને કહાડવાનો પરિશ્રમ તે લેતો નથી. તેજ પ્રમાણે જે બ્રાહ્મણોને જીવ તથા બ્રહ્મના તાદાત્મ્યરૂપ તત્વજ્ઞાન સર્વત્ર ઉભરાઇ રહેલું હોય છે તે સર્વત્ર પોતાના આત્મભૂત પરબ્રહ્મને ઉભરાઈ રહેલા અનુભવે છે. તેવા જ્ઞાની મહાત્માને વેદાદિ સર્વ શાસ્ત્રોના પઠનો પ્રયાસ અધિક કરવાનું કાંઇજ પ્રયોજન રહેતું નથી. તેવા મહાપુરૂષ આત્મકામ, આપ્તકામ, અને નિષ્કામ હોવાથી કેવલ અકામ છે. તેથી તેમને માટે કોઈ પણ પ્રકારનાં કર્મોનું અનુષ્ટાન કરવાનું પ્રયોજન રહેલું હોતું નથી. એતો કોઈ અરણ્યમાં રહેનાર કોઇ જંગલી પુરૂષે કોઇ પણ દિવસ સાચા તેજને આપનાર ઘૃતનો અનુભવ કરેલો હોતો નથી તેવાની પાસે કોઇ તલના તેલને રજુ કરે છે તો તે જંગલીનેજ તે તેલ મીઠું લાગે છે. તે પ્રમાણે જે મનુષ્યોનો આ જ્ઞાનને જીરવવા જેટલો અધિકાર પ્રાપ્ત થએલો નથી હોતો તેવા ઉતરતી પંક્તિના અધિકારીઓનાં દુઃખને તાત્કાલિક રીતે નિવૃત્તિ કરવા માટે તથા જે સંસારના સુખની તેમને લાલસા હોય છે, તેની પ્રાપ્તિ કરાવી આપવા અર્થે શાસ્ત્રે કર્મોનું વિધાન કર્યું છે. જે સમયે ઉચ્ચ અધિકાર પ્રાપ્ત થાય છે તે સમયે પૂર્વની માફક તે અધિકાર પ્રાપ્ત ન થયો હોય તે પ્રમાણેની પ્રવૃત્તિ કર્યા કરવાની નથીજ. આયુષ્યના એ સમયનું મૂલ્ય ખાસ વિશેષ હોય છે. પૂર્વે એ પ્રકારનો અધિકાર હોય એવો સમય મળ્યો નથી અને તેથી એ અધિકાર સાથે જે કરવાનું તે થયું નથી. જે સમયે એ અધિકાર પ્રાપ્ત થયો છે તે સમયે પણ નહિ કરૂં તો અધિકાર મળ્યો અને ન મળ્યો બંને સરખાંજ થશે. અને આયુષ્ય પૂર્ણ થતાં કરવાનું રહી જશે. એ પ્રકારે વિચાર કરીને અધિકારી સાધકે અત્યંત સાવધાનતાને સેવવાની છે. યાદ રાખવાનું છે કે ચારે પુરૂષાર્થોમાં છેવટનો મુકિત નામનો

જે પરમ પુરૂષાર્થ છે તેને અધિકાર મળતાં આ દેહમાંજ સિદ્ધ કરવાનો છે. વિહિત કર્મો વડે ધર્મ અર્થ અને કામ નામના પહેલા ત્રણ પુરૂષાર્થોને સિદ્ધ કરીને સ્તબ્ધ થઈને બેસી રહેવાનું નથી. ચોથા પરમપુરૂષાર્થને માટે સાધનમાં સાવધાનતાથી ફેરફાર કરવાનો છે. પૂર્વના કર્મરૂપ સાધનથી એ સાધન વિરોધી છે. એ પ્રકારનું જે જ્ઞાનરૂપ સાધન તેજ ખરૂં કલ્યાણુ કારક છે. માટે હરેક પ્રયત્ને તેને સિદ્ધ કરી લેવું ઘટે છે. જો મૃત્યુ આવ્યું તો પછી યાદ રાખવું કે ફરી ફરીને આ મનુષ્યદેહ મળવો દુર્લભ છે. એમ કરતાં મનુષ્યદેહ જો મળ્યો તો પણ તેમાં જે બ્રાહ્મણ શરીરને વેદનો અધિકાર છે અને તેથી વેદાંત શાસ્ત્રદ્વારા જ્ઞાનની યોગ્યતા વાળું શરીર પ્રાપ્ત થવું અધિક દુર્લભ છે. એવા ઉત્તમ બ્રાહ્મણ શરીરની પ્રાપ્તિ થયા છતાં પણ જે અનાડી મૂર્ખ રહે છે, જે વેદાંત શાસ્ત્રનું શ્રવણ કરીને મનન તથા નિદિધ્યાસન કરીને અતિવર્ણાશ્રમરૂપ સચ્ચિદાનંદ અદ્વય શિવતત્વના અનુભવને પ્રાપ્ત કરતો નથી તે કયારે છુટવાનો ?

વળી કહ્યું છે કે ભૂતમાત્રમાં શ્રેષ્ઠ જીવનની પ્રતીતિ કરાવનારાં પ્રાણી છે. પ્રાણીયોમાં પણ જેમનામાં બુદ્ધિનો વિકાસ પ્રતીત થાય છે તે શ્રેષ્ઠ છે, તે બુદ્ધિવાળાં પ્રાણીયોમાં પણ જેમને નરદેહ પ્રાપ્ત છે તે ઉત્તમ છે. તેવા ઓમાં પણ બ્રાહ્મણાદિ વર્ણત્રયનું શરીર પ્રાપ્ત થયું તો તે ઉત્તમ છે. તેમાં પણ બ્રહ્મ એટલે વેદ તેને યોગ્ય જે શરીર છે બ્રાહ્મણનું, તેવું શરીર શ્રેષ્ઠ છે. જેની બ્રહ્મમાં નિષ્ઠા સ્થિર થઇ છે એટલે જેનો સાચો પ્રેમ જે પોતાના આત્મતત્વ ઉપર છે તેજ બ્રહ્મતત્વ છે એ પ્રકારે અનુભવ કરીને જેનો પ્રેમ બ્રહ્મતત્વમાં સ્થિર થયો છે તેજ ખરો બ્રહ્મનિષ્ઠ એટલે બ્રાહ્મણ છે.

શિવજ્ઞાનની કાંઈજ અપેક્ષા નથી, ને સંસાર ભ્રમણનાં દુઃખો અમે વિજ્ઞાન શાસ્ત્રાદિ પ્રયોગોદ્વારા અથવા અન્ય રીતે અમારી મેળે દૂર કરી શકીશું, એ પ્રકારે માનનારા ખરેખરા મગજના ચસ્કેલા ગાંડા છે એમાં શંકા નથી. યાદ રાખવું કે આખા જગતમાંનાં ચામડાં જ્યાં ત્યાંથી અનંત કાલ સુધી ભેગાં કરીને તે વડે આકાશને મઢી લેવાનું કામ આવાં મનુષ્યો હાથમાં લે તો વખતે એ કામ વહેલું કરી શકશે. પણ શિવજ્ઞાન વિના દુઃખનો અંત લાવવાનું કામ તો કદીજ પુરૂં થઈ શકે તેમ નથી. સારાંશ કે આકાશને ચામડાથી મઢી લેવાનું કામ કેવલ અસંભવિત અને મૂર્ખાઈ ભરેલું છે એમાં કાંઇ શંકા નથી તો તેના કરતા અત્યંત ગુણ અસંભવિત અને મૂર્ખાઈ ભરેલું કામ શિવજ્ઞાન શિવાય દુઃખનો અંત

લાવવાનો પરિશ્રમ કરવો એ છે. ઘણા જન્મો સુધી અનેક પુણ્ય કર્મોને સતત કર્યાં હોય છે તો મારા અનુગ્રહદ્વારાજ ગુરૂરૂપે હું વેદાંત શાસ્ત્રોના વાકયોદ્વારા જંતુને રૂડું જ્ઞાન આપું છું. જે દેહને સાક્ષાત્કાર રૂપ અપરોક્ષ જ્ઞાન થાય છે તે દેહને રચનાર પ્રારબ્ધ કર્મોના ભોગરૂપે આભાસનો અંત આવતા સુધીજ સંસારની પ્રતીતિ થાય છે. એ પ્રકારની પ્રતીતિ થાય છે તે જગતના હિત અર્થેજ થાય છે. અતિવર્ણાશ્રમી મહાત્મા મુક્ત થયા છતાં પણ તે કારણથી સંસારની પ્રતીતિ કરે છે. અને એ પ્રતીતિ કરે છે તેથીજ વિદ્યાનો સંપ્રદાય પરંપરાથી પ્રવર્તતો રહ્યો છે. પરમાર્થ દૃષ્ટિથી જોતાં તો જ્ઞાનની પૂર્વે પણ સંસાર દર્શન વાસ્તવરૂપે નથી, પણ માત્ર પ્રાતિભાસિકજ છે. જ્ઞાનીનો દેહ પ્રતીત થાય છે છતાં અંતઃકરણવૃત્તિથી તે સંસારને તેના મિથ્યારૂપે અનુભવપૂર્વક દેખે છે. મૃત્યુપૂર્વેજ તેને એ પ્રકારે સંસાર નથી તો પ્રારબ્ધનો પૂર્ણ ક્ષય થતાં તેના દેહનો વિલય થાય છે ત્યાર પછી તો સંસારનું દર્શન વાસ્તવ સંસારરૂપે તેને હોયજ શીરીતે ? અને ન હોય તો તે પછી તેને માટે દેહને ધારણ કરવારૂપ જન્મ પણ હોયજ કયાંથી ? માટે મારા અનુગ્રહથીજ જે દેહમાં બ્રહ્માત્મજ્ઞાનની દૃઢતા થાય છે તે દેહ એ મહાત્માનો છેલ્લોજ દેહ છે. તે પછી જન્મ નથી. એ જન્મ નથી એટલે મૃત્યુપર્યન્તના અન્ય વિકારો નથી. એ પ્રકારે શુદ્ધ પરમ મુક્તિ મળે છે.

એ રીતે હર, પરમેશ્વર, ત્રયીમય, ઇષ્ટફલપ્રદ, ત્રિલોચન, અંબા સહાય, દયાલુ શ્રી મહાદેવજીએ કહ્યું અને પછી મૌનને ગ્રહણ કર્યું. આ સઘળું શ્રવણ કરીને શ્રી વિષ્ણુ ભગવાને શશી શેખર, હર, શંભુને પ્રણામ કર્યાં. તથા તેમના ચરણને પોતાના બન્ને હસ્તે ગ્રહણ કરીને પોતાને મસ્તકે મુકયા. શિવના અત્યંત પ્રસાદને લીધે સમસ્ત સંસારજાળમાંથી શ્રી હરિ વિમુક્ત થયા. એવા શ્રી હરિની પાસે અત્યંત ઉગ્ર આનંદથી શ્રી મહાદેવે નૃત્ય કર્યું. તે પછી સર્વ દેવો સહિત શ્રી વિષ્ણુ ભગવાન પુંડરીકપુરમાં આવ્યા. ત્યાં સર્વ ગણના નાયકોએ અત્યંત ઉગ્ર આનંદથી રાત્રિ દિવસ ભગવાન સભાપતિ મહાદેવના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને મહાદેવની પૂજા કરી. તે સાંભળીને સર્વજ્ઞ દયાલુ સૂત ભગવાનને સર્વ મુનિયોએ પ્રણામ કર્યાં. બધા મુનિયોએ સંકલ્પ કર્યો કે અમારા સર્વજ્ઞ દયાળુ સૂત ગુરૂની સેવા અમે નિત્ય કરીશું.

એ રીતે શ્રીમુક્તિખંડનો ગુરૂને ઘેર રહીને સેવા કરવાનો મહિમા નામનો ૭ મો અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુકિત ખંડ.

અધ્યાય ૮.

વ્યાઘ્રપુરમાં દેવોને આપેલો ઉપદેશ.

ઉપર પ્રમાણે શ્રી વિષ્ણુ ભગવાનનો અને મહાદેવજીનો સંવાદ શ્રવણ કરીને મુનિયો તૃપ્ત થયા. તે પછી શ્રી સૂત ભગવાનને મુનિયોએ વિશેષ પ્રશ્ન કર્યો કે શ્રી મહેશ્વર પાસેથી જે આ જ્ઞાન વિષ્ણુભગવાને મેળવ્યું તે મેળવ્યા પછી તેમણે શું કર્યું? તેમાંથી જે જે અમારૂં હિત સાધે એવું હોય તે કહો. શ્રી સૂત ભગવાને એ પ્રશ્નનું શ્રવણ કરીને નીચે પ્રમાણે ઉત્તર આપ્યું.

શ્રી મહાદેવજીના મુખથી ઉપર પ્રમાણે શાસ્ત્ર માત્રનો સાર શ્રવણ કરીને શ્રી વિષ્ણુ ભગવાને શ્રી મહાદેવજીને પ્રણામ કર્યા. પછી પોતે શ્રી વ્યાઘ્રપુર પધાર્યા. ત્યાં લૌકિક તથા વૈદિક સ્તોત્રોથી શ્રી મહાદેવજીની અનેક પ્રકારે સ્તુતિ કરી. પછી તેમની અનુજ્ઞા મેળવીને ગરૂડે ચઢીને સર્વ દેવો સહિત પોતે શ્રી વૈકુંઠમાં પધાર્યા. ત્યાં બ્રહ્માદિ દેવો શ્રી વિષ્ણુ ભગવાનની પાસે ભેગા મળ્યા અને તેમની સ્તુતિ કરી. હે સર્વ લોકના નાથ, શંખ, ચક્ર, ગદા તથા પદ્મને ધારણ કરનારા, શ્રીપતિ, ભૂપતિ, અમે આપને પ્રણામ કરીએ છીએ. એ પ્રમાણે કહીને બંને હાથ જોડીને પરમ ભક્તિપુરઃસર આ પ્રમાણે પ્રશ્ન કર્યો.

હે ભગવાન! આપે તો જે જે જાણવાની જરૂર છે તે બધુંજ સાક્ષાત્ મહેશ્વર પાસેથી શ્રવણ કર્યું છે. તે અમને સંક્ષેપમાં કૃપા કરીને સમજાવો. જ્ઞાનનો ઉપદેશ સફલ થવાને માટે યોગ્ય ગુરૂની તથા યોગ્ય સ્થાનની અપેક્ષા છે. ગુરૂ તથા સ્થાનના માહાત્મ્યથી સિદ્ધિ વિશેષ સરળ-

તાથી થાય છે એ પ્રકારનો ભાવ દર્શાવીને શ્રી વિષ્ણુ ભગવાન નીચે પ્રમાણે ઉત્તર આપે છે.

મેં જે સાંભળ્યું છે તે બધુંજ લોક માત્રનું કલ્યાણ કરનાર છે. તેથી તેજ હિતપ્રદ વાર્તા ફરીથી કહેવાને માટે મને ઉત્સાહ થાય એ સ્વાભાવિક છે. શ્રી મહાદેવજીએ જે જે આપણને કહ્યું છે તેજ ફરીથી સાંભળવાની અને સમજવાની આપની ઈચ્છા થાય છે એ પણ સ્વાભાવિકજ છે. છતાં આવા મહત્ કાર્યમાં અધૈર્ય કરવાનું પ્રયોજન નથી. તેથી હું તમને એ વાર્તા કહેતો નથી. લોકના તથા તમારા હિતને અર્થે એતો સાક્ષાત્ શિવજ આપને કહેશે. આ રહસ્ય યથાર્થ રીતે શિવજ દર્સાવી શકશે, માટે તમે પૂર્ણ શ્રદ્ધાને સેવીને શ્રી પુંડરીકપુર જાઓ. એ સ્થાનનું માહાત્મ્ય પણ તમને સરલતા કરી આપશે. સ્વરાટ્ નામના દેવના હૃદય કમલની મધ્યમાં એ પુન્ડરીકપુર તીર્થ આવ્યું છે. જે કોઈ દરરોજ તે સ્થાનમાં જાય છે અને શ્રદ્ધાથી શંકરનાં દર્શન કરે છે તેનાં સર્વ પાપો શંકર હરે છે. જેનાથી દરરોજ ત્યાં ન જવાય તેણે દર પખવાડીએ ત્યાં જઇને દર્શન કરવાં. પખવાડીએ ન બને તો દર માસે, ને તે ન બને તો છ મહિને, ને તે પણ ન બને તો દર વર્ષે શ્રદ્ધા રાખીને તે સ્થાનમાં જઇને શ્રી મહાદેવનાં દર્શન કરવાથી સર્વ પાપ છુટે છે. ભોગોની ઈચ્છાવાળાને ભોગની પ્રાપ્તિ થાય છે, એવું એ મહાતીર્થ છે. માટે તમે બધા તે તીર્થમાં જાઓ અને ત્યાં જઇને ભારે તપને આદરો. સર્વ મંત્રમાં શ્રેષ્ઠ સપ્રણવપંચાક્ષર મંત્ર છે. એ મંત્ર શતરૂદ્રીયની મધ્યમાં આવેલો છે. તેનો એક લક્ષ જપ કરવો. વળી શ્રીમાન દભ્રસભાપતિ મહાદેવનાં દર્શન નિત્ય કરજો. પ્રણવસહપંચાક્ષર મંત્રવડે તે દયાળુ મહાદેવની સંપૂર્ણ વિધિપૂર્વક પૂજા કરજો.

એ અંબિકાપતિ પૂર્ણ આનંદમય છે. તેથી તેમને મહાતાંડવનો શોખ છે. જેમાંથી આખું વિશ્વ ડાળીઓની માફક વિકાસી રહ્યું છે તેવા માયા નામના વટની છાયા નીચે તે બેઠા છે. તે છાયા એટલી ઘટ્ટ છે કે તેદ્વારા દૂરથી જેનારને તેમનું સ્વરૂપ ભાસતું નથી. વિભૂતિથી તે શોભી રહ્યા છે. લલાટે અર્ધચંદ્ર પ્રકાશી રહ્યો છે. સોમરૂપ છે. ચંદ્ર, સૂર્ય તથા અગ્નિરૂપ નેત્રોવાળા છે. કપર્દી, કાલકંઠ શ્રી, વેદયજ્ઞોપવીતવાળા, ગંગાધર, સુપ્રસન્ન, સુસ્મિત, નાગભૂષણ, દીર્ઘબાહુ, વિશાલાક્ષ, મોટી દુંદવાળા, હાર કુંડલ તથા કડાં અને નૂપુર આદિ આભરણોથી શોભતા, એક હાથમાં

ભસ્મનું પાત્ર નિરંતર જેમણે પકડી રાખ્યું છે તેવા, શ્રીમાન, અનેક કુંડલોથી શોભતા, ભગવાન, પવિત્ર હસ્તવાળા, વ્યાઘ્રચર્માંબર, ખડખડ અવાજ કરતી ઘુઘરીઓવાળા સુંદર કંદોરાથી તથા અન્ય સર્વ પ્રકારનાં આભરણોથી અલંકૃત, સર્વ લક્ષણવાળા, ગાયના દુધ જેવા ગોરા, મોગરાની ઢગલી ઉપર પૂર્ણ ચંદ્રના કિરણો પડયાં હોય તેજે આનંદ આપે તેવા, શીતલ, શુભ્ર તેજસ્વાળા, સંસારના ભયથી ત્રાસેલાં જંતુઓને અભય આપવા અર્થે એક હાથ વડે અભય મુદ્રાને પ્રતીત કરાવનારા, બીજા હસ્ત વડે સર્વ ભકતો તથા અન્ય પ્રાણીઓના ઉપર અનુગ્રહ કરીને તેમની ભાવનારૂપ ઇચ્છાનુસાર ફલને આપતા, એક હાથમાં ડમરૂ આવી રહ્યું છે અને રૂડા પ્રકારનો ધ્વનિ કરે જાય છે. ડાબી બાજુએ જે ઉપરનો હાથ છે તેમાં અત્યંત પ્રજવલિત થએલો હુતાશન છે. પોતાની માયામાંથી ઘોર પક્ષાઘાતરૂપ જડત્વ નીકળી આવ્યું છે તેના ઉપર પોતાનો પગ મુકીને તેને દબાવી રાખ્યું છે. એટલે તે પદની પ્રાપ્તિકરનારપ્રતિનું તેનું બળ જંતુ માત્રના ઉપર અનુગ્રહ કરવા માટે હણી લીધું છે. પોતાનું જે સ્વ એટલે નિજત્વ તે નિજત્વમય મહા આનંદના પ્રકાશમાંથી જે લેશ પણ ચસકતા નથી એવા નિત્ય પ્રસન્ન શંકર, હરમહાદેવ ત્યાં વિરાજી રહેલા છે. તમારા તપશ્ચરણથી પ્રસન્ન થઇને જેજે કાંઈ વિશેષ તમારા હિતને માટે કરવાનું હશે તે સઘળાનો તે પોતે તમને ઉપદેશ કરશે.

સર્વના નિયંતા, ચંદ્રમૌલિ, શ્રી અંબિકાપતિ પુંડરીકપુરમાં સ્વાત્માનંદમાં નિત્ય નિમગ્ન રહીને નૃત્ય કરી રહ્યા છે. તે સ્થાનમાં પૂર્ણ હર્ષ તથા શ્રદ્ધા સહિત સર્વ દેવતાઓ ગયા. તે દેવતાઓ પોતાના વિશેષ ઓજસ્થી શોભતા હતા. તે શોભામાં વિભૂતિયે પૂર્ણતા કરી આપી. અત્યંત પ્રેમપૂર્વક તે દેવોએ ત્યાં વિવિધ પ્રકારનાં વ્રતોનાં અનુષ્ઠાનો કર્યાં. શાસ્ત્ર વિધિપુરઃસર ભાતભાતનાં દાનો આપ્યાં. અત્યંત ઉગ્ર તપશ્ચરણ પણ તેમણે તે સ્થાનમાં કર્યું. પોતાની વૃત્તિયોને જગત્‌નું હિત કયે પ્રકારે સાધીએ એ પ્રકારના વિચારમાં નિરંતર રમણ કરતી રાખતા હતા. સપ્રણવ પંચાક્ષર મંત્ર અતિ સુંદર છે. મંત્ર માત્રમાં તે શ્રેષ્ઠ છે. સર્વ વેદાંતના સારરૂપ તે છે. એ મંત્રનો તેમણે જપ કર્યો. અંબિકાપતિ સર્વના ગુરૂ શ્રી સભાપતિ મહાદેવનાં નિત્ય દર્શન કર્યાં, તથા સાષ્ટાંગ દંડવત્ પ્રણામો કર્યા. અતિ પ્રસન્ન મુખવાળા ભુક્તિ તથા મુક્તિ એ બંનેને આપનારા નિર્મળ મહેશ્વર તથા તેમનાં શક્તિ ઉમાનું પૂજન કર્યું.

આત્મતત્વના સ્વભાવભૂતજ આનંદ છે. ને તે શિવ કેવલ આનંદમયજ છે. એ આનંદની પ્રતીતિ બે પ્રકારે થાય છે. ૧ નિત્ય. અનિત્ય અને ૨.

૧. નિત્યાનંદ. પરશિવ જે પરમાત્મતત્વ તેમના સ્વભાવભૂત આનંદ તે નિત્યાનંદ છે. તે નિરતિશય છે. તે આનંદના કરતાં વધી જાય એવો કોઇજ આનંદ નથી. માયા પરમશિવને વશ વર્તાવી શકતી નથી. પણ તેમના આધારેજ તેમને વશ રહીને તેમના આનંદ અર્થેજ પ્રવૃત્તિ કરી રહેલી પ્રતીત થાય છે. તેથી તે માયા વડે તે આનંદ કદીજ ઢંકાતો નથી. નિરંતર તે આનંદની પ્રતીતિ જેવી છે તેવીજ થયાં કરે છે. એ પરશિવના સ્વરૂપ સાથે જેનું વાસ્તવ તાદાત્મ્ય છે એવો જીવમાત્રનો આત્મા છે. તે આત્મામાં સ્વભાવભૂત એજ આનંદ નિત્ય પ્રકાશી રહ્યો છે. છતાં જીવ માયાને વશ વર્તતો હોવાથી તે માયા વડે તે આનંદ આચ્છાદિત થઈ ગએલો હોય છે. શુભકર્મરૂપ પુણ્યના પ્રભાવ વડે જે વિષયોની પ્રાપ્તિ થાય છે, તે વિષયો સાથે તે પુણ્યનો ક્ષય કરવા અર્થે ભોગરૂપ ઇન્દ્રિઓનો સંબંધ થાય છે. તે સમયે અનુકૂલતારૂપ વૃત્તિનો ઉદય થતો અંતરમાં ભાસે છે, તે ક્ષણે ઇચ્છિત અનુકૂલતાનો અનુભવ કરાવનાર પ્રસંગ પ્રાપ્ત થવાથી વૃત્તિ આપ્તકામત્વનો અનુભવ કરે છે. તેથી તે નિષ્કામ થઇ રહે છે, અન્ય કામનાની વૃત્તિ ઉઠે તેની પૂર્વના સમય સુધી તે વૃત્તિ અકામ રહે છે. એ સમય અંતઃકરણની નિર્મલ તથા નિર્વિક્ષિપ્ત સ્થિતિનો છે. તેથી શુદ્ધ સત્વ તેટલો સમય ઉપર તરી આવે છે. તેથી તે દ્વારાઆત્મ તત્વના સ્વભાવભૂત આનંદ ઉપરથી માયાનું આચ્છાદન ખસી ગયેલું હોવાથી તે આનંદની અભિવ્યકિત થાય છે. પુનઃ જ્યારે અન્ય કામનાના સ્ફુરણથી વૃતિ ઘેરાય છે ત્યારે તે આનંદ ઉપર માયાનું ઢાંકણ પૂર્વવત્ આવી રહે છે. તે સમયે આત્માના સ્વરૂપભૂત આનંદની અભિવ્યક્તિ બંધ થાય છે. એ પ્રકારે માયાનું આવરણ ક્ષણભર ખસી જવાથી આત્માનંદની અભિવ્યક્તિ સ્ફુરવી અને તેના ઉપર પડ આવી જતાં તે અભિવ્યકિતનું ગુપ્ત થઈ જવું એ પ્રકારની આત્માનંદની સ્થિતિને અનિત્યાનંદ કહે છે. તેનેજ વિષયાનંદ પણ કહે છે. કારણ કે તે અનિત્યાનંદના સ્ફુરણની પૂર્વે હંમેશાં વિષયની પ્રાપ્તિ થએલી પ્રતીત થાય છે. વાસ્તવે જોતાં તો એ અનિત્યાનંદનો વિષય સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ નથી. તે અનિત્યાનંદ પણ કેવલ નિત્યાનંદનુંજ અભિવ્યકત થતું સ્વરૂપ છે.

એજ પ્રમાણે ચિત્ એટલે જ્ઞાન પણ બે પ્રકારે પ્રતીત થાય છે. ૧. નિત્ય અને ૨ અનિત્ય. પરશિવના સ્વરૂપભૂત જ્ઞાન વાસ્તવે છે. તે જ્ઞાન માયારૂપ કાજળથી કદીજ ઢંકાતું નથી. તે ભાન કદીજ મરતું નથી, તેથી તે અમૃત છે. પરશિવતત્વથી તાદાત્મ્ય અભેદ રૂપે જીવનો આત્મા છે. તેથી પરશિવના સ્વભાવભૂત જે જ્ઞાન તેજ જ્ઞાન જીવાત્માના સ્વભાવભૂત છે. છતાં જીવત્વના અનુભવપર્યંત માયા વડે તે ઢંકાયલું રહે છે. વૃત્તિના સ્ફુરણ રૂપ અભિવ્યક્તિ થતાં તે જ્ઞાનઉપરથી જડતારૂપ ઢાંકણ ખસી જવાથી તેની અભિવ્યક્તિ થાય છે. એ વૃત્તિનો નાશ થતાં તે દ્વારા પ્રતીત થતું તે જ્ઞાનસ્વરૂપ પાછું ગુપ્ત થઈ જાય છે. આ વૃત્તિજ્ઞાન ક્ષણિકજ હોય છે. એ જ્ઞાનને અનિત્ય જ્ઞાન કહ્યું છે.

જ્યાં જ્યાં સંકુચિતપણું હોય છે ત્યાં ત્યાં તેટલે અંશે માયાના આવરણથી પ્રતીત થતો અપકર્ષ પોતાનું ભાન કરાવી રહે છે. અલ્પત્વનું અભાન થતાં નિરતિશયત્વ નામનો ઉત્કર્ષ દેખાય છે. ।।सत्यं ज्ञान मनंतं ब्रह्म।। એ પ્રમાણે શ્રુતિ ભગવતી આ સ્વરૂપના ઉત્કર્ષને સત્યરૂપે, એટલે માત્ર પ્રાતિભાસિકજ નહિ પણ વાસ્તવ ભાવ રૂપે, તથા જ્ઞાનરૂપે, એટલે ક્ષણિક વિજ્ઞાનરૂપ નહિ પણ નિત્ય સંવિદ્‌રૂપે અને મર્યાદાવાળું નહિ પણ અનંત રૂપે, નિત્ય વિકાસને પામવા રૂપ બ્રહ્મ નામનો પરમ ઉત્કર્ષ છે. એજ પરમ શિવ સ્વરૂપ સર્વનું અંતિમ આનંદ સ્થાન છે. તેના વડેજ પોતાના સર્વ વ્યવહાર પ્રતીતિમાં આવે છે, તેમજ આપણાથી ઇતરરૂપે મનાઈ રહેલા બાકીના સમગ્ર વિશ્વના વ્યવહારો ચાલે છે. તથા તે પ્રમાણે છે એવું ભાન થઈ રહ્યું છે. એ પ્રમાણે વ્યવહાર માત્રના કારણરૂપ તથા પ્રકાશક હોવાથી તે ચિદાનંદ તત્વને જ્ઞાન એવું નામ આપેલું છે. તેમાં પણ સ્વપ્રકાશના સ્વભાવભૂત આનંદનો અનુભવ તેજ શ્રી મહાદેવના નૃત્યનું કારણ થઇ પડયો છે. એ મહાતાંડવ એ પ્રકારના પરાનંદને સૂચવે છે. શ્રી મહાદેવ નિત્ય આનંદમય, નિરંજન, અમૃતરૂપ, પરમજ્ઞાનનો અનુભવ કરતા નૃત્ય કરી રહ્યા છે. એ પશુપતિ પરમેશ્વરની પ્રાપ્તિ કેવલ ભક્તિથીજ મળે છે. એવા શ્રી મહાદેવજીની લૌકિક તથા વૈદિક વાણી વડે પુષ્કળ સ્તુતિ કરી. તેથી પાર્વતીપતિ મહેશ્વર પ્રસન્ન થયા. સમસ્ત વેદના પરમ સારભૂત ઉત્તમોત્તમ મહાન મુક્તિ છે. એ મુક્તિને આપનાર ઉપર કહ્યું તે પ્રકારનો નિત્યાનંદનો અનુભવ અને તે અનુભવના જ્ઞાનરૂપ નિત્ય જ્ઞાન છે. નાટકો વિગેરેમાં વિષયદ્વારા અનિત્યાનંદનો આનંદ હોય છે. તેના ભાનરૂપ અનિત્યજ્ઞાન થાય છે. તેવા આનંદ તથા જ્ઞાનને આપવા

અર્થે નૃત્યાદિ કરી બતાવનારા જીવ નટ કહેવાય છે. આ પરમજ્ઞાન તથા આનંદનો અનુભવ કરાવનારા નટેશ્વર શ્રી મહાદેવ છે. તેમણે દેવતાઓને તે તાંડવ કરી બતાવી પોતાના સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન આપ્યું. શ્રી સભાપતિ મહાદેવ નિરંતર આ નૃત્ય કરી રહ્યા છે. તેના સંસ્કારમાત્રથી આ સમસ્ત લોક ટકી રહ્યા છે. એ નૃત્ય સાચા મહાત્માઓના હૃદયોમાં રમણ કરી રહ્યું છે. જગતમાં કાંઇપણ દર્શન કરવા યોગ્ય છે તો તે કેવલ આ શિવતાંડવ એકલુજ છે. સર્વ દેવતાઓને પશુપતિના અપૂર્વ નૃત્યનાં દર્શન થવાથી તેમને હર્ષનો પાર રહ્યો નહિ. હર્ષનો ઉભરો એટલો બધો ચઢી આવ્યો કે તે બધાજ તેથી પરવશ થઇને સ્તબ્ધ બની ગયા. કેટલોક સમય ગયા પછી શ્રી મહેશ્વરને અત્યંત વિનયપૂર્વક પ્રણામ કર્યા. પછી પરમેશ્વર પશુપતિ, સર્વજ્ઞ, સકલેશ્વર, શશિધર, ગંગાધર, સૌમ્ય, એવા શ્રી મહાદેવની પાસે જગદંબા ઉમા વિરાજી રહેલાં છે. તેમના પ્રતિ દૃષ્ટિ કરીને પ્રાર્થના કરી, કે સંસારના દુઃખ માત્રનો નાશ કરે એવું શ્રુતિ ભગવતીમાં કહેલું હોય તે વિજ્ઞાનનું અમને શ્રવણ કરાવો. નિર્દ્વંદ્વ શિવ સર્વ ગુરૂઓના ગુરૂ છે. તેમને અત્યંત કરૂણા ઉત્પન્ન થઇ અને બોલ્યા કે તમે મારા સાચા ભક્ત છો. અત્યંત શ્રદ્ધાવાળા છો. તેથી આ જ્ઞાનનું સ્વરૂપ હું તમને સમજાવું છું. એ વિજ્ઞાન અત્યંત ગુહ્ય છે. સાચા અધિકારી નથી હોતા તે તો એને સમજી શકતાજ નથી. કેટલાક બીચારા એવા હોય છે કે તે એ વિચારનું સાચું તાત્પર્ય સમજતા નથી. છતાં તેમની કુમતિ જે વિપરીત અર્થ તેમાંથી તેમને સૂચવે છે તેને ભ્રમથી સત્ય માની ને અત્યંત હાનિમાત્રનેજ પ્રાપ્ત કરે છે. તેથી એ વિજ્ઞાનને પરમ ગુહ્ય રાખેલું છે. તમારા જેવા અધિકારી પ્રાપ્ત થતાં જ્ઞાની ગુરૂ પરમ હર્ષથીજ વિજ્ઞાનનું દાન કરવા તત્પર રહેલા હોય છે. માટે ભક્તિથી તમે શ્રવણ કરો.

ઘણાની બુદ્ધિ બહુજ સ્થૂલ હોય છે તેથી દેહ તથા ઇન્દ્રિયોનેજ પોતાના સ્વરૂપે તેઓ માની બેઠા છે. તેમને જીવનમયરૂપે પ્રતીત કરાવનાર અને તે પ્રતીતિનો અનુભવ કરનાર દેહેન્દ્રિયથી વ્યતિરિક્ત આત્મતત્વનો સદ્ભાવ છે, એ વાર્તામાંજ તેમને શંકા હોય છે શ્રી કઠોપનિષદ્માં નચિકેતા અને યમનો સંવાદ આપેલો છે. તેમાં નચિકેતાને યમે ત્રણ વરદાન માગવા કહ્યું છે. તેમાં ત્રીજા વરદાનમાં જે પ્રશ્ન પહેલો નચિકેતાએ કર્યો છે તેનું મનન કરવા જેવું છે. શરીરથી ભિન્નરૂપે આત્માના સદ્ભાવના સંબંધમાં જે સંશયો ઉત્પન્ન થાય છે તેની નિવૃત્તિઅર્થે આ પહેલો

પ્રશ્ન છે. પહેલા અધ્યાયની પ્રથમ વલ્લીના ઓગણીસમા મંત્રના અંતમાં ॥ तृतीयं वरं नचिकेतो वृणीष्व ॥ હે નચિકેતા! તું ત્રીજું વરદાન માગ" એ યમના મુખમાંથી નીકળતાં નચિકેતા નીચે પ્રમાણે તે વરદાનની યોજના કરે છે.

॥ येयंप्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नाय मस्तीति चैके ॥
॥ एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणा मेष वर स्तृतीयः ॥ २० ॥

મનુષ્યના શરીરમાં કાંઈક એવું હોય છે કે જે વિશેષ વિશેષ સચેત થવાની ઈચ્છા કરી રહ્યું છે. એવું કંઈક મૃત્યુ નામના વ્યતિકરને સમયે તેમાંથી જતું રહે છે. તે તત્વ અસ્તિત્વમાં છે એવું કેટલાક માને છે, તો કેટલાક એવું માને છે કે દેહ અને ઈન્દ્રિયથી પર હોય એવા કોઈ તત્વનું અસ્તિત્વજ નથી. આ તત્વના સંબંધનું વાસ્તવ જ્ઞાન મારા ગુરૂ રૂપે આપ તમારા શિષ્યને કૃપા કરીને આપો એ હું ત્રીજું વર આપની પાસેથી યાચું છું. તેનું ઉત્તર યમ આપે છે તેમાં કહે છે કે એ જ્ઞાન સમજવું કઠીન છે, તે વાર્તા નીચેના મંત્રમાં કહી છે.

॥ देवैरत्रापि विचिकित्सितं पुरा नहि सुविज्ञेयमणुरेष धर्मः ॥
॥ अन्यं वरं नचिकेतो वृणीष्वमा मोपरोत्सीरति मासृजैनम् ॥२१॥

હે નચિકેતા! પૂર્વે દેવોએ પણ આ વિષયને સમજવાને માટે ઘણી મહેનત કરી હતી. એ એક એવો ધર્મ છે કે સહેલાઇથી તેનો અનુભવ થઈ શકતો નથી. છતાં અત્યંત પ્રયાસવડે દેવતાઓને પણ જે જ્ઞાન થયું છે તેપણ અત્યંત સ્વલ્પ થયું હતું. માટે ભાઈ! બીજું વરદાન માગ. આ વરદાનને છોડી દે. હઠ કરીને મારા ઉપર દબાણ ન કરતો. આ વાકયને શ્રવણ કરીને નીચે પ્રમાણે નચિકેતાએ પ્રત્યુત્તર આપ્યો છે.

॥ देवैरत्रापि विचिकित्सितं किलत्वं च मृत्योयन्न सुविज्ञेयमात्थ ॥
॥ वक्ताचास्यत्वादृगन्यो न लभ्योनान्यो वरस्तुल्य एतस्य कश्चित्॥२२॥

આ પ્રશ્નને વિષે દેવોને પણ ખરેખર સ્વલ્પજ ભાન અત્યંત પરિશ્રમ કર્યા. છતાં થઈ શકયું. વળી આપ યમ મને સાક્ષાત્ કહો છો કે આ જ્ઞાન સહેલાઇથી અનુભવગોચર થઈ શકે તેમ નથી. વળી એ જ્ઞાનનો ઉપદેશ

કરનાર તમારા જેવો કોઈ અન્ય મને પ્રાપ્ત થાય એવો સંભવ મને દેખાતો નથી. તેથી સિદ્ધ થાય છે કે એનાથી ઉત્તમ પ્રકારનું વરદાન હું માગું તેવું અન્ય કોઇજ નથી. વળી બીજા અધ્યાયની છઠ્ઠી વલ્લીમાં નીચે પ્રમાણે કહ્યું છે.

॥ नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा ॥
॥ अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते ॥ १२ ॥
॥ अस्तीत्ये वोपलब्ध व्यस्तत्त्व भावे न चोभयोः ॥
॥ अस्तीत्ये वोपलब्धस्य तत्त्वभावः प्रसीदति ॥ १३ ॥

એ આત્મતત્વ વાણી વડે પ્રાપ્ત થઇ શકે તેમ નથી, એટલે આ પ્રકારનું છે એવું કોઈ કહે ને તે વડે સમજાય તેવું નથી. મન વડે તર્ક કરવાથી પણ સમજાય તેવું નથી. ચક્ષુ વડે પણ તે દેખાય એવું નથી. છે એ પ્રમાણે અન્ય સ્થાને કોઈ કહે તેથી તેની અંતઃકરણમાં અનુભવ રૂપે પ્રાપ્તિ શી રીતે થઈ શકે ? ૧૨.

તે છેજ એ પ્રકારે અંદર તથા બહાર બંને સ્થાને સર્વના સારરૂપ ભાવના કરવી. તેનું અસ્તિત્વ છેજ એ પ્રકારની તેને વિષે તત્વભાવના દૃઢ થતાં પ્રસન્નતાની પ્રતીતિ થાય છે. એજ આત્મપ્રસાદ છે. તેથીજ આત્મજ્ઞાનનો અનુભવ થાય છે. ૧૩.

વળી તૈત્તિરીયોપનિષતમાં બ્રહ્માનંદ વલ્લીના છઠ્ઠા અનુવાકમાં કહ્યું છે કે

॥ अस्ति ब्रह्मेति चेद्वेद संतमेनं ततो विदुः ॥

બ્રહ્મ છે એટલુંજ દૃઢતાથી માનતાં શીખ્યા એટલે પછી તેનું જે જે સ્વરૂપ છે તેનું જ્ઞાન પોતાની મેળેજ અનુભવ પ્રદેશમાં પ્રતીત થાય છે. આ પ્રમાણે હોવાથી શ્રી મહાદેવજીએ પ્રથમ દેવતાઓને કહ્યું કે આત્મતત્વ ભાવ રૂપ છે એમ તેના સદ્‌ભાવ વિષે તમે અંતઃકરણમાં દૃઢતા કરો. એ આત્મતત્વ કોઇ પણ અન્ય સાધન વડે સમજાય એવો અન્યસાધ્ય વિષય એ નથી. પણ કેવલ સ્વસંવેદ્ય છે. તેથી અન્યની અપેક્ષા માત્ર દૂર કરીને તમારા પોતામાંજ તમારા પોતારૂપે તમારી પોતાની મેળેજ એ તત્વને સમજવાનું છે. માયા તથા તેનાં સર્વ કાર્યોની કલ્પના તે આત્મતત્વરૂપ આધાર ઉપર થએલી છે. તેથી તે સર્વનું આધાર સ્થાન આત્મા છે. તૈત્તિરીયોપનિષતમાં

પ્રતીત થતા વિશ્વની એક પછી એક પ્રતિષ્ઠારૂપ સ્થાપના કહીને તેના આધાર રૂપ છેવટે આત્મતત્વને કહ્યું છે. અંતે નીચે પ્રમાણે કહે છે.

॥ एतमानंद मयमात्मा नमुप संक्रम्य ॥

॥ इमाँल्लोकान्कामान्नी कामरूप्यनु संचरत ॥

॥ एतत्साम गायन्नास्ते ॥

॥ हा ३ वुहा ३ वुहा ३ वु ॥ १

॥ अहमन्न महमन्न महमन्नम् ॥

॥ अहमन्नादो २ ऽहमन्नदो २ ऽहमन्नादः ॥

॥ अह ५ श्लोक कृदह ५ श्लोक कृदह ५ श्लोककृत् ॥

॥ अहमस्मि प्रथम जाऋता ३ स्य ॥

॥ पूर्वं देवेभ्योऽमृतस्यना ३ भायि ॥

यो माददाति स इदेवमा ३ वाः ॥

॥ अहमन्न मन्न मदन्तमा ३ द्मि ॥

अहं विश्वं भुवन मभ्य भवां ३ ॥ सुवर्ण ज्योतिः ॥

પ્રથમ ચાર કોશની અંદર નિત્યાનંદરૂપ આત્મતત્વને શોધતા પાંચમા આનંદમય કોશને પેલે કિનારે વૃત્તિ પહોંચીને સ્થિર થાય છે. તે સમયે વિષયરૂપે મનાતા હોવાથી જેની કામના થાય છે એવા ભોગરૂપ દૃષ્ય માત્રને બહાર મુકી દેવાય છે. એટલે વિક્ષેપના કારણભુત કામનો અભાવ થઈ રહે છે. એ નિત્યાનંદના અનુભવને સૂચવનાર, અને કાંઈજ કરવાનું રહ્યું નથી એ પ્રકારની પૂર્ણ તૃપ્તિની પ્રતીતિ કરાવનાર સામગાનનો શ્રુતિ આરંભ કરે છે. એ સામગાનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે. તેમાં તાત્પર્યાર્થનું ત્રણત્રણ વખત સૂચન કર્યું છે. તેમાં પણ રહસ્ય રહેલું છે. દૃષ્યરૂપની પ્રતીતિ ત્રણ પ્રકારની છે. ૧ સ્થૂલ અથવા જાગૃત, ૨ સૂક્ષ્મ અથવા સ્વપ્ન અને ૩ કારણ અથવા સુષુપ્ત એ ત્રણ સ્થિતિયોની શાંતિને અનુક્રમે સૂચવેલી છે.

ખરેખર ! સંપૂર્ણ રીતે જંપ વળ્યો. ખરેખર ! સંપૂર્ણ જંપ વળ્યો. ખરેખર ! સંપૂર્ણ જંપ વળ્યો. સ્થૂલરૂપે પોષણને આપનાર જે અન્ન તે હું છું. સૂક્ષ્મરૂપે પોષણને આપનાર જે અન્ન તે હું છું. કારણરૂપે પોષણને આપનાર જે અન્ન તે હું છું. એ રીતે ત્રણે પ્રકારના વિષયરૂપ ભોગ જે મારાથી અન્યરૂપે હતા તે અન્યની પરતંત્રતાની સીમા ઓળંગી છે. અને જે મધ્યમાં મારૂં સ્વ તેનોજ આધાર રહ્યો છે. ભોગની એ વિધિથી વ્યવસ્થા થઇ. એ ભોગની પરતંત્રતાનો અનુભવ કરનાર હું ભોકતા સ્થૂલરૂપે વિશ્વ હતો, સૂક્ષ્મરૂપે તૈજસ્ હતો, અને કારણ ઉપાધિ વડે પ્રાજ્ઞ હતો. એ ત્રણે ઉપાધિની સીમા ઓળંગ્યાથી હું ભોકતા હતો તે પણ સ્વતંત્ર બન્યો અને આત્મસ્વરૂપે થઇ રહ્યો. ભોગની તૃપ્તિરૂપ શુભ કરનાર સત્તા મારાથી અન્યરૂપે જે મનાઇ રહી હતી તેની સીમા આવી રહી. તેથી તે પણ મારા આત્મતત્વરૂપે અનુભવાય છે. " આ " રૂપે જે પ્રતીતિ કરાવતું કરાવતું આવીને વહી જાય છે, તેથી ઉત્પત્તિવાળું દેખાય છે, તેમાં જેની પ્રથમ ઉત્પત્તિ દેખાઇ એવા સ્ફુરણરૂપ તત્વની સીમા આવતાં તે પણ આત્મરૂપ થઇ રહે છે. પંચ કોશાત્મક સર્વ સ્થાનોને પોતપોતાની પ્રવૃત્તિમાં યોજનાર દેવતાઓની સત્તા જે વડે સ્ફુરી છે તે પ્રકારની તેમની સત્તાની પૂર્વે તે સર્વને સત્તા આપનાર પરમ ॥ સત્ ॥ મારો આત્મા છે. એ સત્તાઓ વડે બધું જીવનમય પ્રતીત થાય છે. એ જીવનને પ્રદીપ્ત કરનાર પ્રકાશ તે મારો આત્મા છે. જે મને ભોગની પ્રાપ્તિ કરાવી આપનાર દેવ તે મારો આત્મા છે. એ પ્રમાણે ત્રણે સ્થિતિમાં ભોગ્ય, ભોક્તા, તે બંનેનાં સામર્થ્યો તથા ભોગ અને તે સામર્થ્યોના આપનાર ભોગપ્રદ શિવ એ સઘળુંજ એક મારા આત્મતત્વની લીલારૂપ છે. એ પ્રકારના અન્નરૂપ ભોગ તથા તે ભોગને આપનાર એ બન્નેનો અનુભવ કરનાર મારૂં આત્મતત્વ છે. એટલે એ બંનેનો ભક્ષક હું છું. વિશ્વ તથા તેમાંનાં ભુવનો પણ હું પોતેજ બનેલો છું, એટલે તે પણ મારૂં આત્મસ્વરૂપ છે. એ પ્રમાણે સુવર્ણ જ્યોતિ રૂપ અવિનાશી તથા મનોહર પ્રકાશને હું કરી રહ્યો છું. સારાંશ કે જે જે મને પરતંત્ર કરીને મારા આધારરૂપે રહેતું હતું તે સર્વની અપેક્ષા દૂર થઈ છે. અને કેવલ સ્વપ્રતિષ્ઠિત નિત્યાનંદ મારૂં આત્મસ્વરૂપ છે એ પ્રમાણે આત્મા કેવલ પોતાના મહિમામાંજ સ્થિત છે. અન્ય સ્થાન તેને આધારરૂપ નથી. એજ આત્મતત્વનું અસાધારણ લક્ષણ છે. કહ્યું છે કે

॥ यतोवाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ॥

અનાત્મતત્વ વાણીમાં તથા વિચારમાં પકડાયને વિષય રૂપે સ્થિર થાય છે તેથી વાણી તથા મન દ્વારા તેનું સ્વરૂપ મર્યાદિત કરીને કહેવાય એવું છે. આ આત્મતત્વની સીમા આવતાં વાણી તથા મન બંને તે તત્વમાંજ નિવૃત્તિને પામી જાય છે. તેથી એ તત્વ મન તથા વાણીનો વિષય ન થતાં તે બન્નેની હદને ઓળંગી જાય છે. તેથી પોતાના ઉપાધિરૂપે કાંઈજ નહિ એવું જે પોતાનું 'સ્વ' એટલે નિજત્વરૂપ ભાવ છે તે કેવલ સ્વભાવ રૂપજ પ્રકાશ તેને જાણવાનું મુખ્ય સાધન છે.

જે જે તત્વ જ્ઞાનથી રહિત હોયછે, તે સર્વ જડ છે. જ્ઞાન એકલુંજ તે તે જડમાં સચેતનપણાને દેખાડે છે. જ્ઞાનથી અન્ય હોય તે સર્વ અજ્ઞાન છે, તેથી જડ છે. માટે કેવલ જ્ઞાનજ પ્રકાશરૂપ છે. જે અપ્રકાશ રૂપ હોય તે પોતાની તેમજ પોતાથી અન્ય કોઇ પણ વસ્તુની પ્રતીતિ કરાવી શકે તેમ નથી. તેથી જ્ઞાનથી અન્ય સમસ્ત જડ હોવાથી તેમાંનું કોઈ પણ તત્વજ્ઞાનની પ્રતિતી કરાવતું નથી. જ્ઞાન એકલુંજ પ્રકાશરૂપ હોવાથી તથા તેની પ્રતીતિ થાય છે તેથી તે પોતેજ પોતાના પ્રકાશ વડે પોતાની પ્રતીતિ કરાવે છે. તેથી તે સ્વયંપ્રકાશરૂપ છે. એજ આત્મતત્વનું સ્વરૂપ છે. એ પ્રકાશ વડે વૃત્તિ-સચેતનતાને ધારણ કરે છે. તેથી એ પ્રકાશની ઉપાધિરૂપ વૃત્તિ થાય છે. એ વૃત્તિ રૂપ ઉપાધિથી વીંટાયલો એ જ્ઞાનપ્રકાશ જેટલે અંશે અભિવ્યક્ત થાય છે, તેટલા ચૈતન્યનેજ ક્ષણિક જ્ઞાન એવું નામ આપ્યું છે. એ પ્રકાશદ્વારા જડવૃત્તિ મર્યાદાવાળી હોવાથી તે વૃત્તિની મર્યાદા પ્રતીત થાય છે. ભ્રમથી તે મર્યાદાને જ્ઞાનની મર્યાદારૂપે સમજીને જ્ઞાનને ક્ષણિક એવું સમયની મર્યાદા બતાવનારૂં નામ અપાયું છે. પણ વાસ્તવે તો તે વૃત્તિની મર્યાદામાં જે જ્ઞાનપ્રકાશ દેખાય છે તેજ પ્રકાશ તે મર્યાદાની બહાર પણ અમર્યાદિત પૂર્ણ ચૈતન્યરૂપે અસ્તિત્વમાં છે. તેથી તે જ્ઞાન નિત્ય છે. આ પ્રકારનું આત્મતત્વ હોવાથી તેનો તે પ્રમાણે અનુભવ કરવો અત્યંત કઠિન છે. તે છતાં પણ તેનો અનુભવ કરવામાં અવગણના કરીએ અથવા તો પ્રમાદ સેવીએ, તો પરવડે તેમ નથી. કારણકે આનંદ માત્રનું પ્રભવસ્થાન તે એકજ છે. અને તે એકનાજ જ્ઞાનવડે સંપૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય એમ છે. એ પ્રાપ્તિ અન્ય કશાથીજ થાય એમ નથી. માટે હરેક પ્રયત્ને અન્ય સર્વને મુકીને તેના અનુભવની પ્રાપ્તિ માટેજ કેડકસીને મચી પડવાનું છે. આવું જે આત્મતત્વ તે સદા હું એકલોજ છું. તેમાં સંશય નથી. મારા સ્વરૂપ શિવાય કાંઇ અન્ય છે એવું કોઈ કહે તો માનતા નહિ.

મારા સ્વરૂપના જ્ઞાનથી જે નહિ મળે એવું કાંઈ છે એમ કોઈ કહે તો માનતા નહિ. મારા સ્વરૂપથી તેની પ્રાપ્તિ થશે કે નહિ થાય એ પ્રકારનો સંશય કોઈ બતાવે તો માનતા નહિ. જીવના સ્વરૂપમાં સેવકભાવ અને હું શિવના સ્વરૂપમાં સેવ્યભાવ ભેદરૂપ છે એ ભેદ પણ બંધક છે, અને પરતંત્રતા રૂપ મર્યાદા તથા દુઃખાંશનો સૂચક છે. એ ભેદની પ્રતીતિ પણ અન્ય વિશેષ દુઃખોની નિવૃત્તિ અર્થેજ સાધક અવસ્થામાં રહે છે. એ દુઃખમાત્રની નિવૃત્તિ સિદ્ધ થાય છે તે ક્ષણેજ એ ભેદ પણ નિવૃત્ત થઈ જાય છે. દુઃખમાત્રમાંથી મુક્તિ થયા પછી એ ભેદની પ્રતીતિ કરાવનાર હેતુનો અભાવ થાય છે તેથી એ ભેદ ગળી જાય છે. માટે જ્ઞાતવ્યરૂપ જે શિવતત્વ તે જ્ઞાનીના આત્માથી ભિન્ન નથી.

શ્રુતિ ભગવતી આત્મતત્વનું મનન કરાવતાં તેની જૂદી જૂદી રીતે લક્ષણા કરાવે છે. તેને ॥ सत् ॥ अस्ति ॥ શબ્દોવડે "છે" એમ કહીને તેના સત્યસ્વરૂપની લક્ષણા કરાવે છે. તેને સ્વસંવેદ્ય કહેવાને માટે ॥ चित् ॥ भाति ॥ શબ્દોના પ્રયોગ કરીને તેને જ્ઞાનરૂપે પ્રકટ કરે છે. તેને પૂર્ણ કહીને તેના અનંત સ્વરૂપને સૂચવે છે. તેને ॥प्रिय॥आनंद॥ શબ્દથી કહીને તેના સુખ સ્વરૂપને સૂચવે છે. તેને ॥ सोहम् ॥ એટલે "તે હું છું" એ પ્રકારે કહીને હુંથી બહારનો હું શિવાયનો જે પ્રપંચ છે તેમાં શોધવાને માટે વૃત્તિનો વેગ કરવા રૂપ જે પરાક્ પ્રવાહ તે કરવાનો નથી. પણ ક્રમે ક્રમે બહારથી વૃત્તિને ખેંચીને ઠેઠ તેના પ્રવાહને અંદર વિશેષ વિશેષ લઈ જઈને પાંચે કોષોને ભેદીને તેની પણ પાર-અંદર જવારૂપ પ્રત્યક્ પ્રવાહથી તેની પ્રાપ્તિ થાય તેવો તેને કહ્યો છે. મનન કરવા અર્થે એ પાંચ લક્ષણોનો પુનઃ પુનઃ અભ્યાસ કરવાનો છે. આ પાંચ લક્ષણો આ પ્રમાણે છે. ૧. સત્ય, ૨. જ્ઞાન, ૩. અનંત, ૪. સુખ, અને ૫. આત્મત્વ એ મનન વડે અભ્યાસથી તે લક્ષણમય આપણા સ્વરૂપની સ્થિરતાને અનુભવવાની છે. અનાદિ કાલથી ભ્રમાત્મક મારી માયાવડે એ પાંચ લક્ષણોથી વિરોધી લક્ષણોનો અભ્યાસ પડયો છે. એ વિરોધી લક્ષણો ૧. અનૃત, ૨. જડ, ૩. સાંત, ૪. દુઃખ અને ૫. અનાત્મરૂપ પરકિયત્વ એ પાંચ લક્ષણોના અભ્યાસનો બાધ કરવાનો છે. કહ્યું છે કે

॥ मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ॥

બંધ તથા મોક્ષ એ બંન્નેનો અનુભવ કરાવનાર કારણરૂપ કેવલ મન છે. આ વાકયમાં પ્રથમ મનને બંધના કારણરૂપ કહ્યું છે. તે પ્રમાણે અનૃતઆદિ ઉપર કહેલાં પાંચ વિરોધી લક્ષણોનો અભ્યાસ પાડીને તેના સંસ્કારોની દૃઢતારૂપ બંધન કરી મુકયું છે. આ પાંચ લક્ષણો વાસ્તવ નથી પણ કેવલ કલ્પિત છે. છતાં આ પ્રકારનું બંધન તે કલ્પિત પાશવડે થયું છે તેજ મારી માયાનો ચમત્કાર છે. જે અનૃત હોય તેને 'છે' કહેવાય નહિ.. છતાં કહે તો વદતોવ્યાઘાત થાય છે. માટે 'છે' એવા સ્વભાવવાળું તત્વ અનૃત નથી પણ " સત્ય " એકલુંજ તત્વ એવા સ્વભાવવાળું છે. એ પ્રકારે દૃઢતા કરવી, અને અનૃત નામના પહેલા વિરોધને શમાવવો. જે વસ્તુ અસ્તિત્વમાંજ ન હોય તેનો પ્રકાશ પડે નહિ, તેમજ તે દેખાય નહિ. જે " સત્ય " એકલુંજ છે તેજ જ્ઞાનરૂપ હોઇ શકે. માટે એ " સત્ય " જેને "હુ" નામથી વ્યવહરું છું તે " હું " અનૃત નથી. તેથી જ્ઞાનના અભાવરૂપ જે જડત્વની પ્રતીતિ તે પણ મારામાં હોઇ શકતી નથી. તેથી હું કેવલ જ્ઞાન રૂપજ છું. એ પ્રકારે જડત્વ વિરોધનો બાધ કરવો. જે ચીજને મર્યાદા છે, તે ચીજનો અંત તે મર્યાદાને સ્થાને આવે છે. તે કારણથી તે મર્યાદાની બહાર તે ચીજનો અભાવ છે. પણ હું અનૃત તો નથી. "હુ"નો સ્વભાવ બહાર કે અંદર કયાંહી પણ "નથી" એ રૂપે અનુભવાયલો નથી. માટે મારે મર્યાદા નથી. હું બહાર તથા અંદર નામવડે કહેવાતા સઘળામાં સભરરૂપે ઉભરાઇ રહ્યો છું. અને તે સર્વને હું પ્રકાશ આપું છું તેથી હું પૂર્ણ છું. એ પ્રમાણે સાંતત્વ નામની મર્યાદાવાળો હું છું એવા નિશ્ચયને તિલાંજલી આપવી. કોઇ પણ પ્રકારના સંકોચનો અનુભવ થવો તેજ દુઃખનું સ્વરૂપછે. હું અનંત પૂર્ણ છું. એટલે મારા સ્વરૂપમાં કોઇ પણ પ્રકારની મર્યાદા નથી. તેથી હું કેવલ આનંદસુખસ્વરૂપ છું. એ વિચારથી દુઃખ નામના લક્ષણનો બાધ કરવો. સત્ય, જ્ઞાન, પૂર્ણ અને સુખ એ લક્ષણવાળો પરમેશ્વર જે હું પરમશિવ તે સેવ્યરૂપે અન્ય છું અને તમે સેવકરૂપે અન્ય છો, ને તમારા આત્મતત્વરૂપે એક અન્ય વસ્તુ છે, અને ભોકતારૂપે તમે એક અન્ય વસ્તુ છો, એ પ્રકારે તમારા આત્મતત્વને તમારાથી પર એટલે જૂદી વસ્તુરૂપે જે માની રહ્યા છો તેવું નથી. કારણ કે તેમ હોય તો તેવી જૂદી વસ્તુ મર્યાદાવાળી હોવાથી દુઃખરૂપ હોય. માટે એ આત્મતત્વ તમારાથી અન્યરૂપે નથી પણ તમારા સ્વસ્વરૂપ છે. એ પ્રકારે એ ભ્રમપ્રપંચનો આ પ્રમાણે મનન યુક્તિ વડે નાશ કરીને અખંડ એકરસ તમારું આત્મતત્વ છે એવો શ્રી મહાદેવજીએ દેવતાઓને ઉપદેશ કર્યો.

આ પ્રકારનાં પાંચ લક્ષણોથી જે આત્મતત્વની લક્ષણા થાય છે તેની એક માયા નામધારી શક્તિ છે. અખંડ એકરસ અભેદરૂપ અદ્વૈત આત્મતત્વમાં વિશેષતારૂપ ભેદોની પ્રતીતિ કરાવવારૂપ મોહની પ્રાપ્તિ તે કરાવી રહી છે. એ શક્તિ તે આત્મતત્વના આશ્રયે રહીનેજ તેમ કરે છે. એ પ્રમાણે આ દેહરૂપે આભાસ થાય છે. તથા જેમાં દેહરૂપે આભાસ થાય છે તેવા આભાસના સ્થાનરૂપ જગતનો અવભાસ તે કરાવી રહી છે. આ પ્રમાણે દેહ તથા જગતની પ્રતીતિ કરવારૂપ વિલાસ માત્રને તે માયા નર્તકી આત્મદેવ માટે કરે છે. જે સમયે યથાર્થ વિચાર પ્રાપ્ત છે, તે સમયે તો આ માયા માયા સ્વરૂપે દેખાતી નથી, પણ કેવલ આત્મ રૂપેજ તે હોય છે. વિચારના સમય શિવાયના અવિચારરૂપ અજ્ઞાનના અવકાશમાં તે ઉપર પ્રમાણે વિલાસ કરી રહે છે.

જગતના પ્રલય સમયે સમસ્ત પ્રપંચને તે માયા ગળી જાય છે. તે સમયે તે આત્મતત્વમાંજ તે પ્રતિષ્ઠિત થઇને રહે છે. તે વિકલ્પના કારણભૂત પ્રપંચનો અભાવ હોવાથી તે પ્રપંચરૂપ સાધન વડે આત્મતત્વમાંથી ભિન્નરૂપે માયાનું સ્વરૂપ અમુક છે એમ કહેવાય તેવું રહેતું નથી. છતાં નિર્વિકલ્પ એ નામ વડે કેવળ ચૈતન્યથી તેનો વિવેક થાય છે. એ પ્રકારનું તેનું સ્વરૂપ હોયછે છતાં પણ આત્મતત્વ સાથે તેની એકતાનો અધ્યાસ થએલો હોય છે તેથી આત્મપ્રકાશનોજ માયાના પ્રકાશરૂપે ભાસ થાયછે. તે પ્રકારના પ્રકાશરૂપેજ માયા પ્રકાશતી રહે છે. કહ્યું છે કે નિષ્કલ બ્રહ્મરૂપ પુરૂષમાંજ અવ્યક્ત પ્રલીન થાય છે. એટલે તે સમયે તે માયાથી અભેદરૂપેજ તે આત્મા છે. એ પ્રમાણે જગતના પ્રલય સમયે આત્મતત્વ અને માયા રહે છે. પ્રલીન થએલી સૃષ્ટિનાં આરંભક પરિપક્વ થએલાં જે કર્મો હોય છે તે બધાંજ ભોગ આપીને ક્ષીણ થએલાં તે સમયે હોય છે. બાકીનાં કર્મો અપરિપકવ દશામાં હોય છે. તેથી ભોગને ફલરૂપે આપી શકે એવી દશામાં કોઇપણ કર્મ તે વખતે રહેલાં હોતાં નથી. તેથી ભોગ્યરૂપ પ્રપંચની સ્થિતિનો હેતુ તે સમયે હોતો નથી. તેથી તે બધો પ્રપંચ માયામાં શમાઇ જાયછે. આત્મચૈતન્ય નિર્વિકલ્પરૂપે માયાથી શબલિત કેવળ શેષ હોય છે. તેમાં તે બધો પ્રપંચ લીન થઇને સંસ્કારરૂપે રહે છે. તેજ નવીન ભાવિસૃષ્ટિનું બીજ બને છે. વાસનાના બળથી સમય જતાં સંચિતકર્મો પરિપકવ થાય છે. તે તે કર્મના સંસ્કારો ક્ષોભને પામે છે. એ ક્ષોભ ભાવિસૃષ્ટિરૂપ કાર્ય કરવા પ્રતિ અભિમુખ થાય છે. કર્મના પરિપાકનો સ્વભાવજ છે કે તેમાં રહેલી વાસનાનો ક્ષોભ કરવો. જે ચૈતન્યરૂપ આત્મતત્વના ઉપર આશ્રય લઇને

ભાવિસૃષ્ટિની ઘટના રચાય છે, તેને તેથી સુવર્ણકારના દાગીના ઘડવાની એરણ-રૂપ કૂટસ્થ એવું નામ આપ્યું છે. જેમ દાગીના એક પછી એક અનેક તેના ઉપર ઘડાય છે, છતાં કૂટસ્થ–એરણમાં વિકાર થતો નથી તે પ્રમાણે કૂટસ્થ આત્મા નિત્ય નિર્વિકારી રહે છે. વાસ્તવ સ્થિતિ એ પ્રકારની છે છતાં વિકારને પામેલી વાસનાના સંયોગને લીધે તે વાસનાનો ક્ષોભ એવી પ્રતીતિ કરાવે છે કે તે આત્મા ક્ષોભને પામ્યો છે એવો અનુભવ કરાવાય છે. તે આત્મા વિકારી થયો હોય તેવી રીતે તે ક્ષોભને કાર્યાભિમુખ કરી આપે છે. અને તેથી કાલ તત્વમાં ક્ષોભને કરે છે. માયા તથા આત્માનો જે પ્રાતિભાસિક સંબંધ તેનેજ કાલ કહ્યો છે. તે કાલ સાથે કર્મ જોડાયછે, અને તે બન્નેની સાથે જોડાયલો હોય એવી પ્રતીતિ તે આત્મતત્વ કરાવે છે.

શ્રુતિભગવતી કહે છે કે ॥ सऐक्षत ॥ लोकान्नुसृजा ॥ ઐતરેયોપનિષત્ ખંડ ૨ મંત્ર, ૧. વળી તૈત્તિરીયોપનિષત્માં બ્રહ્માનંદવલ્લીના છઠ્ઠા અનુવાકમાં પણ એજ કહ્યું છે કે ॥ सोऽकामयत ॥ बहुस्यांप्रजायेय ॥ તેણે ઈક્ષણ કર્યું "હું લોકોને ઉત્પન્ન કરૂં" તેણે કામના કરી "હું બહુ થાઉં" "પ્રજાઓને ઉત્પન્ન કરૂં" એ પ્રકારે શ્રુતિમાં કહ્યા પ્રમાણેનો ક્ષોભ થયો. આ ઈક્ષણ પૂર્વપરંપરાવત્ કર્યું છે. કહ્યું છે કે ॥ सूर्या चंद्रम सौ धाता यथा पूर्व मकल्पयत् ॥ સૂર્ય તથા ચંદ્રની ધાતાએ પૂર્વ પ્રમાણેજ કલ્પના કરી. બ્રહ્માએ એ પ્રમાણે પુનઃ સૃષ્ટિનો આરંભ કર્યો અને તેને બનાવી. પરમાત્મા તો માયાની મર્યાદામાં નથી, તેથી માયાતીત છે. પ્રાણીનાં કર્મના પરિપાકરૂપ પ્રેરણાથી તેમની લીલારૂપ આ સર્ગમાં તે પ્રવૃત્ત થએલો દેખાય છે. વિશુદ્ધ સત્વ જે માયાની ઉપાધિમાં પ્રધાનતા ભોગવે છે, તે ઉપાધિ વડે તેજ પરમાત્મા સૃષ્ટા બન્યા. એજ ચૈતન્ય જે માયાની ઉપાધિમાં રાજસતત્વ પ્રધાન છે તે વડે ભોકતારૂપ થયા. તથા તામસ ઉપાધિરૂપ માયા વડે ભોગ્યરૂપ સર્વ પ્રપંચ બન્યા. આ પ્રમાણે ભોગ્ય, ભોકતા તથા ભોગપ્રદની સામગ્રી રચાઈ. એ સામગ્રીમાં તાદાત્મ્યાભિમાનને ધારણ કર્યું. એટલે હું આત્મતત્વ તે એ સામગ્રીરૂપ છું એ પ્રકારે અભિમાન કરવારૂપે તેમાં અનુપ્રવેશ કર્યો, અને એ પ્રકારે સુખ દુઃખરૂપે સંસારનો અનુભવ કર્યો. તૈત્તિરીયોપનિષત્માં તેજ અનુવાકમાં કહ્યું છે કે ॥ तत् सृष्ट्वा ॥ तदेवानु प्राविशत् ॥ तदनु प्रविश्य ॥ सच्चत्यच्चाभवत् ॥ તે સૃષ્ટિને ઉત્પન્ન કરીને તેમાં પાછળ પાછળ એક પછી એક ક્રમે જૂદા જૂદા દેવતાઓના સ્વરૂપે તેમણે પ્રવેશ કર્યો. તે પ્રમાણે પ્રવેશ કરીને સત્ એટલે

સ્થૂલ અને ત્યત્ એટલે સૂક્ષ્મ એ બે રીતે જે પ્રતીત થાય છે એવું સત્ય એટલે ભાવરૂપ જે અનુભવાય છે તે બન્યા. ઐત્તરેયોપનિષમાં પણ આ પ્રવેશને વિસ્તારથી બીજા તથા ત્રીજા ખંડમાં વર્ણવ્યો છે. છેવટે કહ્યું છે કે ॥ सएतमेवसीमानंविदार्यैतयाद्वाराप्रापद्यत ॥ सैषाविद्वतिर्नामद्वास्तदेतन्नान्दनम् ॥०॥ તેણે તેની અંદર સીમાને તોડીને તે દ્વારા પ્રવેશ કર્યો. આ સીમા તોડવારૂપ વિદૃતિદ્વાર ખરેખરા આનંદને આપનાર છે. એજ બ્રહ્મરંધ્ર છે. માટે કહ્યું છે કે અનુપ્રવેશ કર્યો. આ સંસાર મંડળમાં જ્ઞેય તથા જ્ઞાત વિગેરે ભેદવાળું કાંઇક છે. રાગદ્વેષરૂપ મળથી તે અશુદ્ધ છે. સ્વપ્ન તુલ્ય દેખાઇને ફરી હાથમાં આવે નહિ તેવું એ છે. આપણું ભ્રમથી માની લીધેલું અલ્પત્વ પોતાની અપેક્ષાથી તેને ઘણું મોટું દેખાડે છે. આપણે તો કાલ અવતર્યા છીએ તેવું માની લીધેલાની અપેક્ષાથી તેને અનાદિરૂપે દેખે છે. મારો તો આ અંત આવ્યો એમ ભ્રમથી નિરંતર ભડકી રહીને એ ભયરૂપ ત્રાસની અપેક્ષાથી તેને અનંતરૂપે દેખે છે. એ પ્રકારના સંસાર મંડળમાં પરતંત્રરૂપે બંધાઈ રહ્યો છે. કર્મના સંસ્કારોને અનુસરીને વિચિત્રયોનિયોમાં જન્મ લઇને સુખ દુઃખથી અત્યંત પીડિત બને છે. પૂર્વ જન્મનાં સંચિત કરેલા પૂણ્ય કર્મથી મારી કૃપાની મર્યાદામાં તે આવે છે. પછી ભૂલોકમાં નર શરીરને તે ધારણ કરે છે. તે શરીરમાં રહીને વેદોક્ત કર્મોને કરે છે. તેથી બુદ્ધિ નિર્મલ થાય છે. તેથી દુઃખઆદિરૂપ સંસારમંડળ અનિત્ય છે ને તેમાં કાંઇજ સાર નથી તે પ્રકારનું તેને ભાન થાય છે. નિત્યાનિત્ય સમજવારૂપ વિવેક અને અનિત્યથી છુટવારૂપ વિરાગ એ મોટાં સાધનો પ્રાપ્ત થાય છે. તેથી મોક્ષની ઇચ્છારૂપ મુમુક્ષા સાધન પ્રકટે છે. મોક્ષનો મોટો ઉપાય જે વેદે બતાવ્યો છે તે ઉપાયરૂપ જ્ઞાનને મારા પ્રસાદથી રૂડી રીતે તે પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે આત્મા પોતે ઉપાધિ માત્રમાંથી મુક્ત થઇને કેવળ આત્મ માત્રરૂપ થઈ રહે છે. એજ પરામુક્તિ છે.

આત્માના સ્વરૂપના વિશેષ જ્ઞાનથીજ મુક્તિ મળે છે. અન્ય રીતે તે મળતી નથી. જ્ઞાનથી અન્ય જે કર્માદિ છે તે મુક્તિનું સાધન નથી પણ મુક્તિના સાધનરૂપ જે વિજ્ઞાન તેની પ્રાપ્તિમાં સરળતા કરી આપનાર સાધન એ છે. શાન્તિ આદિ સર્વ સાધનો આ દેહવડેજ થઇ શકે છે. અને આ જન્મમાંજ તે જ્ઞાનનાં સાધનરૂપે ઉપયોગમાં આવે છે. અન્ય જન્મોમાં તેમને ફરીથી કરવાની જરૂર પડે છે, અને માત્ર અધિકારીનેજ તે ઉપયોગમાં આવે છે. મારાં કાશીઆદિ જે પવિત્ર સ્થાનો છે તે યોગ્ય તથા અયોગ્ય

સર્વ મનુષ્યોને ઉપકાર કરે છે. તે સ્થાનોના લાભ લેનારને મરણ પછી વિશુદ્ધ બ્રહ્મજ્ઞાન આપનારૂં તે સાધન છે. મંત્રો પણ સાધનરૂપ છે ને તેમાં સર્વોત્તમપદે પંચાક્ષરમંત્ર વિરાજે છે. હિતની સિધ્ધિને માટે અનેક માર્ગો છે તેમાં શ્રેષ્ટ માર્ગરૂપ વેદમાર્ગ છે. જગત્માં પ્રાપ્તવ્યરૂપે મનાયલા અનેક પદાર્થો છે તેમાં સર્વથી શ્રેષ્ટ પરમ પ્રાપ્તવ્યરૂપ મુક્તિ છે. ઇષ્ટરૂપે સેવ્ય દેવતાઓ અનેક છે, તેમાં પરમ સેવ્ય રૂપ હું છું. કર્તવ્યની સિદ્ધિ કરાવનાર અનુકૂલ સ્થાનો અનેક છે, તેમાં મ્હારાં સ્થાન મુખ્ય છે, તે મારાં સ્થાનોમાં પણ વારાણસી, શ્રીકાલહસ્તિશૈલ, વૃધ્ધાચલ, પુંડરીકપુર, વાલ્મીક, અને વેદારણ્ય એ મારાં ખાસ છે. તે સર્વમાં, પણ અત્યંત વિશેષ પ્રભાવવાળું સ્થાન કાશીપુરી છે. પુંડરીકપુર પણ મને અત્યંત પ્રિય છે. તેને સેવવાથી દેહીઓ ભોગ તથા મોક્ષ બંનેને સત્વર પ્રાપ્ત કરે છે. જેમના હૃદયમાં ભક્તિરસ ઉભરાઈ રહે છે તેમનેજ આ રમણીય સ્થાનો પ્રાપ્ત થાય છે. એ પ્રકારનું વિજ્ઞાનનું સ્વરૂપ છે. તે હે દેવો! મેં તમને કહી સંભળાવ્યું. મારા ભકતોએ એ વિજ્ઞાનનું નિત્ય અત્યંત શ્રદ્ધાપૂર્વક સેવન કરવું. શ્રુતિભગવતી પણ એ પ્રમાણેજ કરવાની આજ્ઞા કરે છે.

એ પ્રમાણે સાક્ષાત્ દભ્રસભાપતિ, દેવનાદેવ, જગન્નાથ, પશુ માત્રના પાશને તોડી નાખનાર, કેવલ વેદાંત વચન વડેજ પોતાના સ્વરૂપનું ભાન કરાવનાર, સર્વના સર્વદા સાક્ષી, દુર્ગેશ્વર, અંબિકાદુર્ગા સહિત પૂર્ણ ઐશ્વર્યવાળા, શ્રી મહાદેવે ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ કર્યો છે. તેનું શ્રવણ કરીને સર્વ દેવોએ શ્રી મહાદેવને પ્રણામ કર્યા. અત્યંત ભક્તિપૂર્વક લૌકિક તથા વૈદિક સ્તોત્રોથી શ્રી સભાપતિનીસ્તુતિ કરી, તથા પંચાક્ષર મંત્રવડે તેમનું પૂજન કરીને કૃતકૃત્ય થયા.

એ રીતે શ્રી મુક્તિખંડનો વ્યાઘ્રપુરમાં દેવોને આપેલો ઉપદેશ નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ થયો.

૩. શ્રી મુક્તિખંડ.

અધ્યાય. ૯.

ઈશ્વરના નૃત્યનું દર્શન.

મુક્તિના ઉપાયોનું જ્ઞાન સાક્ષાત્ ભગવાન્ મહાદેવના મુખથી શ્રવણ કર્યું. તે બધાને સરખાવી જોતાં જે એક ઉપાયનું અનુષ્ઠાન કરવું અત્યંત સહેલું છે, તથા જેની પ્રાપ્તિ અત્યંત સરલતાથી વગર આયાસે થાય છે તથા ફલની અપેક્ષાથી જેના જેવો અત્યંત મહાન પ્રભાવ અન્ય કોઈ પણ ઉપાયમાં નથી એવા ઉપાયરૂપે શ્રી મહાદેવના નિત્યાનંદમય તાંડવનૃત્યનું દર્શન છે. એ પ્રકારનો અત્યંત દૃઢ અને પ્રસન્નતાની વૃદ્ધિનેજ કરી આપનારો નિશ્ચય મુનિયોને થયો. તેથી શ્રી સૂત ભગવાનને તે ઉપાયના સંબંધમાં તેઓ નીચે પ્રમાણે પ્રશ્ન કરે છે.

હે ભગવાન ! જે જે અમારા હિતને અર્થે કહેવા જેવું છે, તે બધુંજ આપે સંક્ષેપમાં તેમજ વિસ્તાર કરીને અમને સંભળાવ્યું. તેમાં દેવનાદેવ વિશ્વથી અધિક, પરમાત્મરૂપ શિવ, રુદ્ર, બ્રહ્મ, સર્વસાક્ષી, અંબિકાપતિ, શ્રી મહાદેવનું નૃત્ય વર્ણવ્યું. એ નૃત્યનાં દર્શન કરવાથીજ અમારી ઈચ્છા માત્ર અનાયાસ તૃપ્ત થાય એમ છે. માટે એ નૃત્યનાં દર્શન કરવાની અમને અત્યંત આતુર ઈચ્છા થઈ છે. તેથી સંસારરૂપ દુ:ખમાંથી છુટવા તથા સંસારરૂપ દુ:ખમિશ્રિત સુખમાંથી છુટીને નિત્યાનંદમય સુખની પ્રાપ્તિ કરવા અર્થે અદ્ભુત ઉપાયરૂપ શિવતાંડવજ છે, માટે તે તાંડવનું દર્શન થાય એવો જે કાંઇ ઉપાય હોય તે ઉપાય અમારા ઉપર કરૂણા કરીને અમને કહો. એ ઉપરથી શ્રીસૂતભગવાન નીચે પ્રમાણેની આખ્યાયિકા મુનિયોને કહી સંભળાવે છે.

પૂર્વે શૌનકમુનિને આ પ્રશ્ન ઉઠયો હતો. શ્રીમાન નંદીશ્વર વેદના ઉત્તમ જ્ઞાનને ધરાવતા હતા. તેમની પાસે જઇને શૌનક મુનિયે આ પ્રશ્ન

કર્યો હતો. કરૂણાસાગર મહાદેવજીને પ્રણામ કરીને શ્રી નંદીશ્વરે પરમ કૃપાથી નીચે પ્રમાણે શૌનક મુનિને ઉત્તર આપ્યું હતું.

અહોરાત્રિના સમયમાં સંધ્યાના સમયો કાર્યસિદ્ધિને માટે સર્વોત્તમ છે, તેનું કારણ એ છે કે શ્રીકૈલાસમાં તે સમયે શંભુ મહાદેવ નિત્યાનંદમય નૃત્ય કરે છે. અને તેથી આખા વિશ્વમાં આનંદની ભરતી થાય છે. એ નૃત્યનાં દર્શન તો એકલાં જગદંબા ઉમાનેજ થાય છે. અન્ય કોઈજ એ નૃત્યને દેખી શકે તેમ નથી.

વળી શ્રી પુંડરીકપુરમાં દભ્રસભા નામનું પુણ્ય સ્થાન છે. ત્યાં શ્રી રૂદ્ર ભગવાન સદા નૃત્ય કરે છે. શ્રી અંબિકા, સ્કંધ તથા વિઘ્નેશ્વર, ક્ષેત્ર પાલ અને હું નદીશ્વર એટલાંજ એ નૃત્યનાં દર્શન કરી શકીએ છીએ. અન્ય કોઈને તે દર્શન થતાં નથી. છતાં જો કોઈ મહાભક્તના ઉપર એ પરમ શિવ ભગવાનનો ખાસ મહાન અનુગ્રહ થાય છે તો તેને પણ શ્રી ઈશ્વરના તે મહા નૃત્યનાં દર્શન એજ સ્થાનમાં થાય છે. માટે શ્રી મહેશ્વરને પ્રસન્ન કરવારૂપ તેમના પ્રસાદની સિદ્ધિ કરવા અર્થે શ્રદ્ધાપૂર્વક તમે પુંડરીકપુર જાઓ.

ત્યાં જઈને જયારે ધનરાશિમાં સૂર્ય હોય ત્યારે જે દિવસે આર્દ્રા નક્ષત્ર હોય તે દિવસે પ્રાતઃકાલમાં શૌચ કરી પરવારીને પવિત્ર થવું. તે પછી ચિત્તને પરમશિવના સ્વરૂપમાં પ્રેમથી જોડીને શિવગંગા તીર્થમાં સ્નાન કરવું. ત્યાં અદેખો ન હોય એવા સુપાત્ર બ્રાહ્મણને શોધીને તેને ધન, ધાન્ય કે બીજું કાંઈ પોતાની સંપૂર્ણ શક્તિના પ્રમાણમાં દાનમાં આપવું. એક દિવસ ઉપવાસ કરવો. તે પછી તે મૂલસ્થાનના નાયક શ્રી દભ્રસભાપતિ મહાદેવની ભક્તિથી પ્રદક્ષિણા કરીને દંડવત્ પ્રણામ કરવા. આદર પૂર્વક શ્રી પંચાક્ષર મંત્રનો નિત્ય દશ હજાર જપ કરવો, એટલે ૧૦૦ માળાઓ જપવી. એ પ્રમાણે એક વર્ષ સુધી અનુષ્ઠાન કરવું. વર્ષ પૂર્ણ થતાં પૂર્વવત્ સ્નાન કરીને ઈશાનદભ્રસભાપતિ મહાદેવને પ્રણામ કરવા. પ્રદક્ષિણા તથા દંડવત્પ્રણામ તથા પંચાક્ષર જપ આખા વર્ષમાં નિત્ય કરવાના છે. તે પણ તે દિવસે કર્યા પછી યથાશક્તિ ધનનું દાન આપવું. શ્રી દભ્રસભાપતિનું પૂજન પણ પંચાક્ષર મંત્રવડેજ કરવું. તે પ્રમાણે કરવાથી તેમનો અનુગ્રહ થશેજ. ઘણા ભકતોએ એ પ્રમાણે શ્રી મહાદેવના પ્રસાદને પ્રાપ્ત કરીને શિવતાંડવનાં દર્શન કર્યાં છે- અને તે રીતે ઈચ્છિત કામનાઓની સંપૂર્ણ સિદ્ધિ કરી છે.

શ્રી નંદીશ્વરનું એ પ્રકારનું વચન સાંભળીને શૌનકમુનિયે બધુંજ કહેલા ક્રમ પ્રમાણે અનુષ્ઠાન કર્યું અને મહેશ્વરના પ્રસાદથી અત્યંત શ્રદ્ધા સહ સર્વ સિદ્ધિને આપનારૂં નર્તન જોયું. દભ્રસભામાં વિરાજતાં જગદંબા ભવાની તથા શૌનક અત્યંત પ્રસન્ન થઈ ગયાં. અને તેથી યથાશક્તિ સ્તોત્રો ભણીને શ્રી મહાદેવજીની સ્તુતિ કરી. ભક્તિના આવેશમાં કેટલોક સમય આવી જઇને શૌનિકમુનિ પરવશ થઈ ગયા. પુનઃ સાવધાન થતાં દેવનાયકને નાચતા દીઠા તેથી પોતે અત્યંત હર્ષમાં આવી ગયા. અને પુનઃપુનઃ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા કરતા હર્ષોત્કર્ષનિમિત્ત આવતા ઉછાળાના બળથી નૃત્ય કરવા પોતે પણ મંડી પડયા. શ્રી મહાદેવજી અત્યંત સંતુષ્ટ થઈ ગયા, અને પછી ગંભીર વાણીથી તેમણે શૌનકને નીચે પ્રમાણે કહ્યું

વેદોમાં પ્રથમ વેદ ઋગવેદ છે. મારી આજ્ઞાથી તમે તે વેદના નિર્વાહક વિશ્વમાં થજો. તેમાં શાકલ્ય વચન પ્રમાણે ખાસ અનુસરજો. એ પ્રમાણે શ્રી મહાદેવજીની આજ્ઞાથી શૌનકે હોતૃપ્રયોગ નામનું મહાવ્રતોમાંનું જે ઉત્તમવ્રત છે તેનો નિર્વાહ કર્યો છે. શાકલ્યે પદવિભાગ વેદના કર્યા છે. શૌનક તેનેજ અનુસર્યા છે. ઋગ્વિધાન, બ્રહદ્દૈવતા મહાવ્રતપ્રયોગ આદિગ્રંથો તેને અનુસરીનેજ શૌનકે કર્યા છે.

શૌનકના શિષ્ય અશ્વલાયન થયા. તેમણે પણ ઉપર પ્રમાણેજ ઉપાયનું અનુષ્ઠાન કર્યું. શ્રી દભ્રસભામાં ભગવાનત્ર્યંબકના પુણ્યપ્રદ નૃત્યનાં દર્શન તેમણે કર્યાં. શ્રી મહાદેવને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. શ્રી મહાદેવજીએ પ્રસન્ન થઇને તેમને આજ્ઞા કરી તે આજ્ઞાના પ્રભાવથી તે અશ્વલાયને શાકલ્યનાં સૂત્રો રચ્યાં. એજ રીતે એવીજ શ્રદ્ધાથી દભ્રસભામાં શંકરના નૃત્યના દર્શનની પ્રાપ્તિ ઘણાએ કરી છે. તેથી તેઓ સત્વર કૃતાર્થ થયા છે. એ શિવના નૃત્યને શિવા અત્યંત પ્રેમથી નિરખી રહ્યાં છે. હે મુનિયો ! તમે પણ એજ રીતે શૂલી, મહેશનાં નૃત્યનાં દર્શનની સિદ્ધિ કરો. તેમના પ્રસાદ માત્રથીજ તમને મુક્તિ પ્રાપ્ત થશે. પરમતત્વની પ્રાપ્તિનો એ ઉપાય છે તે મેં આપને કહ્યો.

જગતમાં સર્વોત્તમ જે ગુરૂઓ છે. તેમાં શ્રેષ્ઠપદે શ્રી વ્યાસભગવાન વિરાજે છે. આ અત્યંત રહસ્યમય જ્ઞાન તેમણે મને શ્રદ્ધાથી આપ્યું હતું. અત્યંત ઉચ્ચ ગુણના સાગરરૂપ તેઓ છે. શ્રી વિષ્ણુભગવાનના અંશમય અવતારી પુરૂષ તે છે. એ પ્રમાણે કહીને શ્રી સૂતભગવાને

અત્યંત શ્રદ્ધાપૂર્વક શ્રી કૃષ્ણદ્વૈપાયન વ્યાસભગવાનનું સ્મરણ કર્યું. સ્મરણ થતાંજ મહાત્માશ્રી વ્યાસ ભગવાન તત્ક્ષણજ ત્યાં હાજર થયા. પોતે મહા દયાલું છે. કાળા મૃગનું ચર્મ તેમણે ઓઢી લીધેલું છે. ઉપવસ્ત્ર તથા દંડને તેમણે ધારણ કર્યાં છે. સર્વાંગે ભસ્મને લગાવી દીધી છે. શુદ્ધ, તિર્યક,ત્રિપુંડ્રો કરી લીધાં છે. રૂદ્રાક્ષની માળાઓથી અલંકૃત થઇ રહ્યા છે. આનંદપૂર્વક પંચાક્ષરનો જપ ચાલી રહયો છે. પોતાના જેવાજ વેષને ધારણ કરેલા જેમણે છે એવા ઘણા શિષ્યોથી તે વીંટાયલા છે. એવા વ્યાસ ભગવાનનાં પોતાના શિષ્યો સહિત દર્શન થયાં. તેથી સૂત ભગવાન તથા સર્વ મુનિયો આશ્ચર્ય સહ અત્યંત પ્રસન્ન થઇ ગયા. બધાએજ ક્રમેક્રમે તે સત્યવતીના પુત્ર વ્યાસ ભગવાનને પ્રણામ કર્યાં. એક પછી એક તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં તેમના ચરણકમલને પોતાને મસ્તકે આંખે તથા હૃદયે ધારણ કરીને સ્પર્શ કર્યો. અત્યંત સંતોષથી ગદ્ગદિત સ્વરે સ્તુતિ કરતા તેમનાં ચરણોને ધોઇને તે પવિત્ર ચરણોદક બધાએ પીધું. યથા યોગ્ય વિધિપૂર્વક શિષ્ય મંડલસહ શ્રી વ્યાસ ભગવાનનું પૂજન કર્યું. વ્યાસ ભગવાનનું વચન વેદવત્ સત્ય છે. શિવ તાંડવના ઉપાયરૂપ વિધિ એજ વ્યાસના વચનમય છે. તેનું શ્રી સૂત ભગવાને મુનીઓને શ્રવણ કરાવ્યું હતું. તે વાકયની દઢતા સાક્ષાત્ શ્રી વ્યાસ ભગવાનના મુખથીજ મુનિયોને થઇ. તે પછી સર્વ શિષ્યો સહ શ્રી વ્યાસ ભગવાન સહિત સૂત ભગવાન તથા મુનીયો શ્રી વ્યાઘ્રપુરમાં આવ્યા. એ સ્થાન અત્યંત દિવ્ય તથા ચારે પુરૂષાર્થની સિદ્ધિ કરી આપનારૂં છે.

જે સમયે સૂર્ય ધનસંક્રાન્તિમાં આવ્યો તે માસમાં આર્દ્રા નક્ષત્ર જે દિવસે હતું તે દિવસે અનુષ્ઠાનનો આરંભ કર્યો. શિવગંગા તીર્થમાં તે બધાએ પ્રાતઃકાળમાં સ્નાન કરતા. વિદ્વાન બ્રાહ્મણોને યથાશક્તિ ધનનું દાન આપતા. એક દિવસ બધાએ ઉપવાસ કર્યો. પછી નિત્ય શ્રી મહાદેવનાં દર્શન કરતા. ત્રણ પ્રદક્ષિણાઓ ફરતા, અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા. તે પછી ષડક્ષર મંત્રવડે શ્રી મહાદેવનું પૂજન કરીને પ્રતિદિવસ દસહજાર મંત્રનો જપ કર્યો. એક વર્ષ પૂર્ણ થતાં એ તીર્થમાં સ્નાન કરીને વિશેષ દાન કર્યું, તથા અત્યંત શ્રદ્ધાથી સપ્રણવ પંચાક્ષર મંત્ર સહિત સભાપતિ મહેશ્વરનું પૂજન કર્યું. તેથી મહેશ્વર ભગવાન પ્રસન્ન થયા, અને મુનિયોને પ્રત્યક્ષ થયા. શ્રી વ્યાસ વિગેરે સર્વ વેદ જ્ઞાનીયોમાં શ્રેષ્ઠ પુરૂષો ત્યાં હતા. શ્રી મહાદેવજી સેંકડો કોટી સૂર્યના જેવા તેજ વાળા, અત્યંત નિર્મલ,

વિશાલ હૃદયવાળા, દુઃખહર છે. મહાન અનુગ્રહ તેમનો થવાથી તે સર્વને તેમણે દર્શન આપ્યાં. બધાએ દંડવત્ પ્રણામ કર્યાં. બધાજ ભક્તિથી પરવશ થઇ ગયા. અને પ્રેમના અતિઆવેશમાં શું બોલ્યા, તેનું પણ તેમને ભાન રહ્યું નહિ. બધાજ સ્તબ્ધ બની ગયા. શ્રી મહેશ્વરના પ્રસાદના માહાત્મ્યથી તે સર્વનાં બંધન માત્ર નિવૃત્ત થઈ ગયાં અત્યંત મહાન પ્રથમ કદીજ થએલી નહિ એવી પુષ્પવૃષ્ટિ થઇ. સ્વસ્તિવાચન મંગલ ગાયન આદિના પવિત્ર સૂર ગાજી રહ્યા. નોબતના નગારાંની ગર્જનાથી આખું જગત્ ધમધમી ગયું. દેવ દાનવ મનુષ્ય, આદિ બધાંજ કોઈ પ્રકારના અપૂર્વ સંતોષનો અનુભવ કરવા લાગ્યાં. અત્યંત ઉત્તમ પ્રકારના દેવો, દાનવો, મનુષ્યો તથા અપ્સરાઓ તે સ્થાનમાં આવી પહોચ્યાં. શંકર ભગવાન શ્રી અંબિકાસહિત ત્યાં વિરાજતા હતા. સર્વ લોક માત્રનું હિત કેવી રીતે સિદ્ધ કરવું, એજ કામના શ્રી શંકરભગવાનના અંતઃકરણમાં રમી રહેલી હતી. તેમણે વેદમંત્રના ઉચ્ચારણપૂર્વક પોતાની કટી કસીને બાંધી. સર્વ ભુવનના નાથ, નીલકંઠ, ત્રિનેત્ર, સર્વ લોકથી સેવ્ય, એવા ભગવાન પરમેશ્વરની સાથે તે સમયે પોતાના ભકતો તથા સ્કંદ તથા વિઘ્નેશ નામના બે પુત્રો જગદંબા ઉમા સહિત હાજર હતા. અત્યંત આનંદથી જેમનું હૃદય ભરાઇ રહ્યું છે એવા શ્રી નંદીશ્વર પણ સાથે હતા. પરમેશ્વર સહિત તે બધાજ મહોત્સવનો અત્યંત વિનોદ કરતા હતા. વિનોદપૂર્વક સર્વને લઇને શ્રી મહાદેવજીએ તે દિવ્ય પુંડરીકપુરની પ્રદક્ષિણા કરી. તાંડવ કરતાં કરતાં અત્યંત શોભાને શંભુ તે સમયે આપી રહ્યા હતા. તે પછી બધા સહિત શિવગંગામાં સાથે સ્નાન કર્યું, અને સર્વ પ્રાણીઓને તે તીર્થનું ચરણોદક આપ્યું. શ્રી મહાદેવજી સાથે શ્રદ્ધાપૂર્વક એ પ્રમાણે સ્નાન કરીને ધન, ધાન્ય, વસ્ત્ર, તલ, ગાય, તથા ઉત્તમ ભૂમિનાં દાન શિવ ભકતોને શક્તિ પ્રમાણે આપ્યાં. શંકર, શશિભૂષણ, નીલકંઠ, વિરૂપાક્ષ, મહાદેવની તે બધાએ સ્તુતિ કરી. તે નીચે પ્રમાણે.

હે રૂદ્ર ! હે બાણ ! હે ધનુષ ! આ સર્વ તમારાં રૂપ છે તેવા તમને નમીએ છીએ. હે રૂદ્ર ! જે તમારાં કલ્યાણ કરનારાં શાંત સ્વરૂપો છે, તેને અમે નમીએ છીએ. હે નીલગ્રીવ, સહસ્રાક્ષ, સહસ્રપાણી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ, કપર્દિ, કાલરૂપ, આત્તશસ્ત્ર, શૂલપાણી, હિરણ્યપાણી, હિરણ્યપતિ, હરિતકેશ, વૃક્ષરૂપ, પશુપતિ, પ્રવાસીનાપતિ, વાક્પુષ્ટિ, જ્ઞાનપુષ્ટિ વિગેરે દસપુષ્ટિનાપતિ, ક્ષેત્રોનાપતિ, જગત્નું રક્ષણ કરવા સારૂ ધનુષને ચડાવીને હમેશાં તત્પર રહેલા, રક્તવર્ણવાળા, સ્થાવરનાપતિ, વૃક્ષોનાપતિ,

મંત્રી, દેશગહના ભાષાગહના ધર્માધર્મ આદિ ગહનાં નામના શબ્દજંગલો છે તેમાં સાક્ષાત્ તેની વિકટતા નામની જે કક્ષા છે તે રૂપ ગિરિ નદી ગુફાઓ ઝાડીઓ વિગેરે વિકટ સ્થાનોમાં સર્વનું પાલન કરનારા, ઔષધિના પતિ, પરમાત્મન્, જેનાં સ્તોત્રોના ઘોષ ઉંચે સ્વરે ગવાઈ રહ્યા છે તેવા, એક હાથી એક રથ અને ત્રણ ઘોડા તેને એક જે પત્તિ કહે છે એવી અનેક પત્તિયોનાપતિ, સત્વનાપતિ, ધનના પતિ, શાંત, શંકર, આત્મતત્વની સાથેજ જ્ઞાન આપતું થાય છે એવા, આધિનાપતિ, વ્યાધિનાપતિ, દિગ્રૂપ, અસંગ, ચોરનાપતિ, તસ્કરનાપતિ, પાપહર, ગતિકરનારા, સર્વત્ર વ્યાપી રહેલા, છળ કરીને સાધુ વેષને ધારણ કરીને કપટથી લોકોનાં વસ્ત્રાદિને લૂંટી લેનારા જેસ્તાયુ કહેવાય છે તેમના પણ પતિ, અત્યંત વેગપૂર્વક ઘણુંજ ચાલનારા, અરણ્યના પતિ, સૂર્યરૂપ ઉષ્ણ કિરણવાળા, અમાપ વિસ્તારવાળા, નિરંતર બેઠેલા, નિરંતર સૂતેલા, નિરંતર ઉંઘતા તથા નિરંતર જાગતા, સ્થિર, પરમાત્મન્, સભા રૂપ, સભાનાપતિ, શિવ, સાંબ, બ્રહ્મ, સર્વના સાક્ષી, આપને પુનઃપુનઃ દંડવત્ પ્રણામ કરીએ છીએ.

એ પ્રમાણે બધાએ શંકરની સ્તુતિ કરી તેથી સર્વેના ઉપર શંકર પ્રસન્ન થયા, અને મહાતાંડવ નૃત્યનાં દર્શન સર્વેને કરાવ્યાં. સર્વના મનોરથ યથાર્થ રીતે સિદ્ધ થયા એટલે શંકર ભગવાન અંતરધાન થયા.

સભાપતિના આ સ્થાનરૂપ તીર્થનું માહાત્મ્ય ઘણુંજ ભારે છે. જે મહાત્માના ઉપર શંકર ભગવાનનો ખરો અનુગ્રહ હોય તેનેજ એનું શ્રવણ કરવાનો અવસર મળે છે. શ્રદ્ધાથી શ્રવણ કરતાં મુકિતતો સિદ્ધજ છે. આ મુકિતખંડનું જે નિત્ય શ્રવણ કરે અથવા પઠન કરે તેના ઉપર સાક્ષાત્ સભાપતિ પ્રસન્ન થાય છે અને તેને મુક્તિ મળે છે. તેમાં કાંઈજ સંશય નથી. સદ્ગુરૂ પરમાત્મા શ્રી વ્યાસ ભગવાન જેમણે મને આ વિજ્ઞાનનું દાન આપ્યું તેમને તથા ઉમાસહ શિવ જે સાક્ષીરૂપે પ્રત્યગાત્મતત્વ થઈને મારામાં નિરંતર વસી રહ્યાં છે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરૂં છું. એ પ્રમાણે શ્રી સૂત ભગવાને મુનિયોને તેમણે કરેલા પ્રશ્નોનું ઉત્તર પૂર્ણ કર્યું.

એ રીતે શ્રી મુકિતખંડનો ઇશ્વરના નૃત્યનું દર્શન એ નામનો નવમો અધ્યાય સંપૂર્ણ થયો.

એ પ્રમાણે મુક્તિખંડ સંપૂર્ણ થયો.

સમાપ્ત.

શ્રી સૂત સંહિતા.

પૂર્વાધ

સમાપ્ત.